૧૫૧

# ચૌદ ગુણસ્થાન

પં. ચન્દ્રશેખર વિજયજી

# ચૌદ ગુણસ્થાન

પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજ

કમલ પ્રકાશન ટ્રસ્ટ

૧૫૧

પ્રકાશક :—
કમલ પ્રકાશન ટ્રસ્ટ
જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિભવન,
૨૭૭૭, નિશા પોળ, ઝવેરીવાડ;
રિલીફરોડ, અમદાવાદ-૩૮૦૦૦૧

ફોન : ૩૩૫૭૨૩ - ૩૮૦૧૪૩

લેખક-પરિચય :

સિદ્ધાન્તમહોદધિ સચ્ચારિત્રચૂડામણિ
સ્વ. પૂજ્યપાદ્ આ. ભગવંત શ્રીમદ્વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય
પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી

પ્રથમ સંસ્કરણ : નકલ ૧૨૫૦
દ્વિતીય સંસ્કરણ નકલ ૨૦૦૦
તા. ૧-૬-૧૯૮૯

મૂલ્ય રૂ. ૨૦-૦૦

મુદ્રક :
ક્લીમેક પ્રિન્ટર્સ
સામુનાયકની પોળ ગાંધી રોડ, અમદાવાદ.

# પ્રકાશકીય

પૂજ્યપાદ, પં શ્રી ચન્દ્રશેખરવિજયજીએ અનેક શાસ્ત્રગ્રન્થોનું અવગાહન કરીને લખેલું પુસ્તક 'ચૌદ ગુણસ્થાન' વિ. સં. ૨૦૨૯ની સાલમાં લેખકશ્રીએ તૈયાર કરેલી અધ્યાત્મસાર ગ્રન્થના સમ્યક્ત્વ અધિકારના માત્ર પહેલા શ્લોકની વિવેચના છે.

કમલ પ્રકાશન ટ્રસ્ટ: તેનું પ્રકાશન કરતાં ખૂબ આનંદ અનુભવે છે.

આ ગ્રન્થમાં ચૌદ ગુણસ્થાન ઉપર વિસ્તારથી વિચાર કરવામાં આવ્યો છે. દરેક ગુણસ્થાનની જે જે વિશેષતાઓ, માહિતીઓ વગેરે છે તેનો તે તે ગુણસ્થાનની વિચારણા વખતે સંગ્રહ કરી લેવામાં આવ્યો છે.

જૈન શાસ્ત્રોના અઘરા પદાર્થોને અહીં સરળ ભાષામાં સમજાવવામાં આવ્યા છે.

આ ગ્રન્થનું મનન કરવાથી સુંદર કક્ષાનો શાસ્ત્રબોધ થશે

સહુ કોઈ આ ગ્રન્થનું મનન કરે એ જ અમારી ભાવના છે.

લિ.
ટ્રસ્ટી મંડળ,
કમલ પ્રકાશન ટ્રસ્ટ

# અનુક્રમણિકા


[૧] અચરમાવર્તકાળ ... ... ૧ થી ૭

- ભવ્ય, અભવ્ય, જાતિભવ્ય.
- પુદ્ગલપરાવર્તકાળ.
- સહજભાવમળ

[૨] ચરમાવર્તકાળ ... .. ૮ થી ૧૬

- તીવ્રમિથ્યાત્વ, દ્વિર્બન્ધક, સકૃદ્બંધક.
- અપુનર્બન્ધક
- અપુનર્બન્ધક અવસ્થામાં ધર્મની સિદ્ધિ.
- આદિ ધાર્મિક.
- માર્ગાભિમુખ; માર્ગાનુસારી માર્ગપતિત.

[૩] યોગની પૂર્વસેવા ... ... ૧૭ થી ૧૯

- ગુરુ-પૂજન.
- દેવપૂજન
- સદાચાર
- તપ
- મુક્તિ-અદ્વેષ

[૪] યોગ-બીજ ... ... ૨૦ થી ૨૬

- જિનેષુ કુશલં ચિત્તં
- ઉપાદેય બુદ્ધિ.
- સંજ્ઞાનિરોધ.
- નિષ્કામભાવ.
- આચાર્યાદિષ્વપિ એતદ્.
- સહજ ભવોદ્વેગ.
- દ્રવ્ય અભિગ્રહપાલન.
- વિધિ સિદ્ધાન્ત લેખન.
- ઉદ્ગ્રહ
- સ્વાધ્યાય. (વાચના-પૃચ્છનાદિ)
- બીજકથાનો પ્રેમ-શુદ્ધભાવ.

[૫] યોગદૃષ્ટિ ... ... ૨૭ થી ૩૪

- આઠેય દૃષ્ટિમાં બોધના પ્રકાશનું તારતમ્ય.
- મિત્રાદિદૃષ્ટિઓનું સંક્ષેપથી કથન.
- આઠ યોગાંગ (યમ-નિયમાદિ)
- આઠ દોષ (ખેદ-ઉદ્વેગાદિ)
- આઠ ગુણો.

[૬] આઠ યોગદૃષ્ટિઓ [વિસ્તારથી] ... ... ... ૩૫ થી ૫૨

[૧] મિત્રા દૃષ્ટિ
[૨] તારા દૃષ્ટિ
[૩] બલા દૃષ્ટિ
[૪] દીપ્રા દૃષ્ટિ
[૫] સ્થિરા દૃષ્ટિ
[૬] કાન્તા દૃષ્ટિ
[૭] પ્રભા દૃષ્ટિ
[૮] પરા દૃષ્ટિ
○ માર્ગાનુસારીના ૩૫ ગુણ (સંક્ષેપથી)
○ ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ સામર્થ્યયોગ

[૭] સમ્યક્ત્વપ્રાપ્તિ ... ... ૫૩ થી ૭૭

○ પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ.
○ આઠ કર્મ
○ અપૂર્વકરણ
[૧] અપૂર્વ સ્થિતિઘાત
[૨] અપૂર્વ રસ ઘાત
[૩] અપૂર્વ ગુણશ્રેણી
[૪] અપૂર્વ ગુણ સંક્રમ
[૫] અપૂર્વ સ્થિતિ બંધ
○ અનિવૃત્તિકરણ.
○ મતાંતરો

[૮] સમ્યક્ત્વના પ્રકારો ... ... ૭૮ થી ૯૬

○ એક પ્રકારે.
○ દ્વિવિધ સમ્યક્ત્વ.
○ દ્રવ્ય સમ્યક્ત્વ અને ભાવસમ્યક્ત્વ
○ નિશ્ચય સમ્યક્ત્વ અને વ્યવહારસમ્યક્ત્વ.
○ પૌદ્‌ગલિક–અપૌદ્‌ગલિક સમ્યક્ત્વ
○ ત્રિધા સમ્યક્ત્વ.
(કારક–રોચક–દીપક)
○ ચતુર્ભેદે સમ્યક્ત્વ (ક્ષાયકાદિ)
○ પંચવિધ સમ્યક્ત્વ
[૧] ક્ષાયિક સમ્યક્ત્વ
[૨] ક્ષાયોપશમિક સમ્યક્ત્વ
[૩] ઔપશમિક સમ્યક્ત્વ
[૪] વેદક સમ્યક્ત્વ
[૫] સાસ્વાદન સમ્યક્ત્વ.
○ કાળ.
○ દશધા સમ્યક્ત્વ (નિસર્ગરુચિ આદિ)

[૯] મિથ્યાત્વના પ્રકારો ... ... ૯૭ થી ૧૦૦

[૧] લૌકિક દેવગત મિથ્યાત્વ
[૨] લૌકિક ગુરુગત મિથ્યાત્વ
○ મિથ્યાત્વના પાંચ પ્રકાર
[૧] આભિગ્રહિક. મિથ્યાત્વ
[૨] અનાભિગ્રહિક. મિથ્યાત્વ
[૩] આભિનિવેશિક. ,,
[૪] સાંશયિક ,,
[૫] અનાભોગક ,,

[૧૦] સડસઠ ભેદ ... ... ૧૦૧ થી ૧૧૯

○ ચાર સદ્દહણા (પરમાર્થ સંસ્તવાદિ)
○ ત્રણ લિંગ (શુશ્રૂષાદિ)
○ દશ વિનય. (અરિહંતાદિ ભક્તિ વગેરે)
○ ત્રણ શુદ્ધિ. (જિન–જિનમતાદિ)

- પાંચ દૂષણ (શંકા–કાંક્ષાદિ)
- આઠ પ્રભાવક (પ્રાવચની આદિ)
- પાંચ ભૂષણ (જૈનશાસન કૌશલ્યાદિ)
- પાંચ લક્ષણ (શમ–સંવેગાદિ)
- ૬ જયણા (વંદન–નમનાદિ)
- ૬ આગાર (રાજાભિયોગાદિ)
- ૬ ભાવના (મૂલ–દ્વારાદિ)
- ૬ સ્થાન (આત્મા છે ઇત્યાદિ)

[૧૧] ચૌદ ગુણસ્થાન ... ... ૧૨૦ થી ૧૫૩

- ચૌદ ગુણ સ્થાનના નામો
- [૧] મિથ્યા દૃષ્ટિ ગુણસ્થાન.
- [૨] સાસ્વાદન ગુણસ્થાન.
- [૩] મિશ્ર દૃષ્ટિ ગુણસ્થાન
- [૪] અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન.
- [૫] દેશવિરતિ ગુણસ્થાન.
- [૬] પ્રમત્ત સંયત ગુણસ્થાન.
- [૭] અપ્રમત્ત સંયત ગુણસ્થાન.
- [૮] અપૂર્વકરણ ગુણસ્થાન
- [૯] અનિવૃત્તિબાદર સંપરાયગુણસ્થાન
- [૧૦] સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાન
- [૧૧] ઉપશાન્ત કષાય [વીતરાગ છદ્મસ્થ] ગુણસ્થાન
- ઉપશમ શ્રેણિ.
- અપૂર્વકરણાદ્ધા, કીટ્ટિકરણાદ્ધા, કીટ્ટિવેદનાદ્ધા.
- [૧૨] ક્ષીણકષાય (વીતરાગ છદ્મસ્થ) ગુણસ્થાન.
- ક્ષપક શ્રેણિ
- [૧૩] સયોગી કેવલિ ગુણસ્થાન
- સમુદ્ઘાત
- યોગ નિરોધ
- [૧૪] અયોગી કેવલિ ગુણસ્થાન

[૧૨] વિરતિ–ધર્મ ... ... ૧૫૪ થી ૧૮૭

- શ્રાવકના ૨૧ ગુણો (અક્ષુદ્રાદિ)
- અવિરત શ્રાવકધર્મનો અધિકારી કોણ ?
- વિરત શ્રાવકધર્મની યોગ્યતા
- ભાવશ્રાવકના લક્ષણો
- ક્રિયાગત ૬ લક્ષણ (કૃત વ્રત કર્મા આદિ)
- ભાવગત ૧૭ લક્ષણો (સ્ત્રી પરાધીનતા મુક્ત આદિ)
- શ્રાવક અને મહાશ્રાવકનો ભેદ
- ૬ ભંગ

[૧૩] ૧૨ વ્રત સ્વરૂપ અને અતિચારો–વ્રતપાલનનું ફળ ૧૮૮ થી ૨૮૧

- પાંચ અણુવ્રત
- (૧) સ્થૂલહિંસા વિરમણ વ્રત
- પહેલા વ્રતના પાંચ અતિચાર (વધ–બંધાદિ)
- વ્રતપાલનથી લાભ:અપાલનથી ગેરલાભ
- વ્રત–ભાવના
- વ્રત–કરણી
- (૨) સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત

• વ્રતસ્વરૂપ-પાંચ પ્રકાર
(કન્યા લીકાદિ)
• સ્થૂલ અસત્યના ચાર પ્રકાર
(ભૂતનિહ્નવાદિ)
• ૨જા વ્રતના પાંચ અતિચાર
(સાહસકથન ઈત્યાદિ)
• વ્રતથી લાભ: અવ્રતથી ગેરલાભ
બીજા વ્રતની ભાવના
• બીજા વ્રતની કરણી

(૩) સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત
• વ્રત-સ્વરૂપ-ચાર પ્રકાર
(સ્વામી અદત્તાદિ)
• ૩જા વ્રતના અતિચારો
(સ્તેનાહૃતગ્રહાદિ)
• વ્રતના પાલન-અ/પાલનથી ગુણ-દોષ
• ૩જા વ્રતની ભાવના
• ૩જા વ્રતની ભાવના

(૪) સ્થૂલ અબ્રહ્મ વિરમણ વ્રત
• વ્રત સ્વરૂપ-બે પ્રકાર
(સ્વસ્ત્રી સંતોષાદિ)
• અતિચારો-(પરવિવાહકરણાદિ)
• વ્રતપાલન-અપાલનથી હિતાહિત
• વ્રત-ભાવના
• વ્રત-સાવધાની

(૫) સ્થૂલ પરિગ્રહ પરિમાણ વ્રત
• વ્રત-સ્વરૂપ (ધન-ધાન્યાદિત્યાગરૂપ
• વ્રત-અતિચાર
• વ્રતપાલન-અપાલનથી હિતાહિત
• વ્રત-ભાવના
• વ્રત-કરણી

(૬) સ્થૂલ દિક્પરિમાણ વ્રત
• વ્રત-સ્વરૂપ
• વ્રત અતિચાર
• વ્રતપાલન-અપાલનથી હિતાહિત
• વ્રતભાવના
• વ્રતકરણી

(૭) સ્થૂલ ભોગોપભોગવિરમણ વ્રત
• વ્રત-સ્વરૂપ
• બાવીશ અભક્ષ્ય
• વ્રતાતિચાર (સચિત્તાદિ)
• પંદર કર્માદાન
• પાંચ સામાન્ય કર્માદાન અતિચાર
• વ્રતપાલન-અપાલનથી હિતાહિત
• વ્રત-ભાવના
• વ્રત-કરણી

(૮) સ્થૂલ અનર્થદંડવિરમણ વ્રત
• વ્રત સ્વરૂપ ચાર પ્રકાર
(દુષ્ટ ધ્યાનાદિ)
• વ્રતાતિચાર-પાંચ પ્રકાર (કન્દર્પાદિ)
• વ્રતપાલના પાલનથી હિતાહિત
• વ્રત-ભાવના
• વ્રત-કરણી

(૯) સામાયિક-વ્રત (૧લું શિક્ષાવ્રત)
• વ્રત-સ્વરૂપ
• વ્રતાતિચાર (યોગદુષ્પ્રણિધાનાદિ)
• વ્રત-પાલનાપાલનથી હિતાહિત
• વ્રત-ભાવના
• વ્રત-કરણી

(૧૦) દેશાવગાસિક વ્રત
(૨જું શિક્ષાવ્રત)

- વ્રત-સ્વરૂપ
- વ્રતાતિચાર (પ્રેષણાદિ)
- વ્રતપાલનાદિથી લાભાદિ
- વ્રત-ભાવના
- વ્રત-કરણી

(૧૧) પૌષધોપવાસ વ્રત

(૩જું શિક્ષાવ્રત)
- વ્રત-સ્વરૂપ
- વ્રતાતિચાર (સંસ્તારક અપ્રત્યુપેક્ષણ-અપ્રમાર્જન આદિ
- વ્રત-પાલનથી લાભ
- વ્રત-ભાવના
  વ્રત-કરણી

(૧૨) અતિથિ-સંવિભાગ વ્રત

(૪થું શિક્ષાવ્રત)
- વ્રત-સ્વરૂપ
- વ્રતાતિચાર (સચિત-સ્થાપનાદિ
- વ્રતપાલનાથી હિતાહિત
- વ્રત ભાવના
- વ્રત કરણી

[૧૪] શ્રાવકની દિનચર્યા (ગૃહસ્થનો વિશેષધર્મ) ......૨૪૨ થી ૨૪૬
- પ્રાતઃકાળે
- મધ્યાહ્ને
- સાંજે-રાત્રે
- સંવેગવર્ધક દસ વિચારણાઓ (સૂક્ષ્મપદાર્થ આદિ)

[૧૫] યતિધર્મ ... ...૨૪૭ થી ૨૮૭
- યતિ
- યતિ ધર્મયોગ્ય કોણ ? (૧૬ ગુણ) (આર્યદેશ સમુત્પન્ન આદિ)
- દીક્ષાની અયોગ્યતા કોનામાં (૪૮ પ્રકાર) (બાલ વૃદ્ધાદિ)
- દીક્ષા શબ્દના ૮ પર્યાયવાચક નામો (પ્રવ્રજ્યાદિ)
- ગુરુ તરીકેની યોગ્યતા
- દીક્ષા વિધિ
- ગુરુપરીક્ષા-પૃચ્છા વગેરે વિધિ
- યતિધર્મ પ્રકાર દ્વિધા
- સાપેક્ષ યતિધર્મ
- ભાવસાધુના લિંગો
- સાપેક્ષ યતિધર્મમાં ૩ પ્રકારની સમાચારી
- દશધા સમાચારી (ઇચ્છાકાર આદિ)
- ઇચ્છાકારાદિ ઉપર સમાચારી વિશેષ-વિચારણા

(૧) ઇચ્છાકાર
(૨) મિથ્યાકાર
(૩) તથાકાર
(૪) (૫) આવશ્યકી-નૈષેધિકી
(૬) આપૃચ્છા
(૭) પ્રતિપૃચ્છા
(૮) છન્દના

(૯) નિમન્ત્રણા

(૧૦) ઉપસંપદા

- ૦ અભાવ્ય પ્રકરણ
- ૦ ઉપસંપદા

(i) ચારિત્ર ઉપસમ્પદા

(ii) ગૃહસ્થોપસમ્પદા

- ૦ ૩૭ પદ વિભાગ સમાચારી
- ૦ ભૂમિકા–પ્રાપ્ત–અપ્રાપ્ત, પિતા–પુત્રાદિની ઉપસ્થાપનાનો ક્રમ

[૧૬] મહાવ્રત-સ્વરૂપ (વિસ્તારથી) ... ... ૨૮૮ થી ૨૯૩

- ૦ (૧લું) સર્વથા હિંસા-વિરમણ મહાવ્રત
- ૦ (૨જું) સર્વથા મૃષાવાદ-વિરમણ મહાવ્રત
- ૦ (૩જું સર્વથા સ્તેય-વિરમણ મહાવ્રત
- ૦ (૪થું) સર્વથા મૈથુન વિરમણ મહાવ્રત
- ૦ (૫મું) સર્વથા પરિગ્રહ વિરમણ મહાવ્રત

[૧૭] પાંચ મહાવ્રતની ૨૫ ભાવનાઓ ... ... ૨૯૪ થી ૨૯૯

- ૦ ૧ લા મહાવ્રતની પાંચ ભાવના (મનોગુપ્તિ આદિ)
- ૦ ૨ જા મહાવ્રતની પાંચ ભાવના (હાસ્ય ત્યાગાદિ)
- ૦ ૩ જા મહાવ્રતની પાંચ ભાવના (મનથી વિચારીને આગ્રહ યાચવો ઈત્યાદિ)
- ૦ ૪ થા મહાવ્રતની પાંચ ભાવના (સ્ત્રી આદિવાળા સ્થાનનો ત્યાગ આદિ)
- ૦ ૫ મા મહાવ્રતની પાંચ ભાવના (સ્પર્શ ત્યાગ આદિ)

[૧૮] ચરણસિત્તરી-કરણસિત્તરી ... ... ૩૦૦ થી ૩૧૪

૦ ચરણસિત્તરી

(૧) ૫ વ્રત

(૨) ૧૦ પ્રકારનો યતિધર્મ

(૩) ૧૭ પ્રકારે સંયમ

(૪) ૧૦ પ્રકારે વૈયાવચ્ચ

(૫) ૯ પ્રકારે બ્રહ્મચર્યની ગુપ્તિ (વાડ)

(૬) ૩ પ્રકારે જ્ઞાનાદિ ગુણો

(૭) ૧૨ પ્રકારે તપ

(૮) ૪ પ્રકારે ક્રોધાદિ કષાયનિગ્રહ

(૦) કરણસિત્તરી

(૧) ૪ પિંડવિશુદ્ધિ

(૨) ૫ સમિતિ

(૩) ૧૨ ભાવના

(૪) ૧૨ પ્રતિમા

(૫) ઇન્દ્રિયનિરોધ

(૬) ૩ ગુપ્તિ

(૭) ૪ અભિગ્રહ

• વ્રતોમાં અતિચારો
(૧) અહિંસા વ્રતાતિચાર
(૨) સત્ય વ્રતાતિચાર
(૩) અસ્તેય વ્રતાતિચાર
(૪) બ્રહ્મચર્ય વ્રતાતિચાર
(૫) અપરિગ્રહ વ્રતાતિચાર
(૬) રાત્રિભોજન વિરમણ વ્રતાતિચાર
◦ અતિક્રમાદિ ચારની ઘટના

[૧૯] પંચાચાર-પાલન ... ... ૩૧૫ થી ૩૧૮
(૧) જ્ઞાનાચાર
(૨) દર્શનાચાર
(૩) ચારિત્રાચાર
(૪) તપાચાર
◦ બાહ્યતપ
(૧) અનશન
(૨) ઉનોદરતા
(૩) વૃત્તિસંક્ષેપ
(૪) રસત્યાગ
(૫) કાયક્લેશ
(૬) સંલીનતા
• અભ્યન્તર તપ
(૧) પ્રાયશ્ચિત
(૨) વિનય (જ્ઞાનવિનયાદિ ભેદથી ૭ પ્રકારે)
(૫) વીર્યાચાર

[૨૦] સાપેક્ષયતિધર્મના કેટલાક આવશ્યક કર્તવ્યો ... ૩૧૯ થી ૩૪૨
(૧) યતિધર્મનું ૧લું કર્તવ્ય : ગચ્છવાસ
(૨) યતિધર્મનું ૨જું કર્તવ્ય કુસંસર્ગત્યાગ
(૩) યતિધર્મનું ૩જું કર્તવ્ય : અર્થપદ ચિન્તન
(૪) યતિધર્મનું ચોથું કર્તવ્ય ; વિહાર
(૫) યતિધર્મનું ૫મું કર્તવ્ય : મહામુનિઓના ચરિત્રોનું શ્રવણ
(૬) યતિધર્મનું ૬ઠું કર્તવ્ય : અતિચારાલોચના
◦ ૫ નિર્ગ્રન્થ
(૧) પુલાક
(૨) બકુશ
(૩) કુશીલ
(૪) નિર્ગ્રન્થ
(૫) સ્નાતક
(૭) યતિધર્મનું ૭મું કર્તવ્ય : ગુરુદત્ત પ્રાયશ્ચિત્તો-વહન કરવું
◦ દશ પ્રકારના પ્રાયશ્ચિતોનું સ્વરૂપ (આલોચના આદિ)
(૮) યતિધર્મનું ૮મું કર્તવ્ય : ઉપસર્ગો સહવા
(૯) સાપેક્ષ યતિધર્મનું ૯ મું વિશિષ્ટ કર્તવ્ય : પરિષહજય
◦ ૨૨ પરિષહ (ક્ષુધા-તૃષા આદિ)
(૧૦) સાપેક્ષ યતિધર્મનું ૧૦મું (અંતિમ) વિશિષ્ટ કર્તવ્ય : સંલેખના

○ સંલેખના ૩ પ્રકારની
(i) ઉત્કૃષ્ટ સંલેખના
(ii) મધ્યમ સંલેખના
(iii) જઘન્ય સંલેખના
○ મરણના પ્રકાર
(i) પાદપોપગમન
(ii) ઇંગિની મરણ
(iii) ભક્તપરિજ્ઞા
○ અનશનમાં અવશ્યવર્જ્ય દુષ્ટ ભાવનાઓ (કાન્દર્પી આદિ)

[૨૧] નિરપેક્ષયતિ ધર્મ ... ... ૩૪૩ થી ૩૪૮

(૧) જિનકલ્પિક
૫ તુલના (તપથી, સત્ત્વથી, આદિ)
(૨) પરિહાર વિશુદ્ધિ (નિરપેક્ષ યતિધર્મ)
(૩) યથાલન્દિક (નિરપેક્ષ યતિધર્મ)



**મહત્ત્વની ત્રણ વાતો**

[૧] કમલ પ્રકાશનના પુસ્તકોમાં હવે નવા ફોટા લેવાનું બંધ કરવામાં આવ્યું છે.

[૨] દાતાઓની નામાવલિ તથા ફોટાઓ દરેક પુસ્તકની પ્રથમ આવૃત્તિમાં જ લેવાનું રાખેલ છે.

[૩] મુક્તિદૂતનું ત્રિવાર્ષિક લવાજમ હવેથી ચાલિસ રૂપિયા રાખ્યું છે. આજીવન સભ્ય બસો રૂપિયા છે.

–ટ્રસ્ટી મંડળ

# ચૌદ ગુણસ્થાન

પં. શ્રી ચન્દ્રશેખર વિજયજી મહારાજ

# અચરમાવર્તકાળ

## [૧]

**ભવ્ય–અભવ્ય–જાતિભવ્ય :** સમગ્ર જીવસૃષ્ટિ આ ત્રણ પ્રકારમાં વહેંચાઈ જાય છે. જે જીવો મુક્તિપદ પામવાની યોગ્યતાવાળા છે અર્થાત્ સિદ્ધપદના પર્યાયમાં જેમનો આત્મા પરિણમી જવાની યોગ્યતા ધરાવે છે તે જીવો ભવ્ય કહેવાય. અહીં યોગ્યતા એટલે સ્વરૂપ-યોગ્યતા સમજવી. અર્થાત્ જો આ જીવોને સાધનસામગ્રી મળી જાય તો તેઓની યોગ્યતા વિકાસ પામી જાય અને ફલતઃ સિદ્ધિ-પર્યાયમાં પોતાના આત્મા ફેરવાઈ જાય. જ્યાં સુધી આ સ્થિતિ જીવનમાં ન આવે ત્યાં સુધી તે જીવ તેવી યોગ્યતાવાળો ભવ્ય કહેવાય. દરેક જીવ આવી યોગ્યતા ધરાવે જ છે એવું નથી.

રેતી પણ એક જાતની માટી જ છે છતાં તેનામાં ઘડા રૂપે બનવાની યોગ્યતા નથી. ઊંટડીનું દૂધ પણ એક જાતનું દૂધ જ છે, છતાં તેનામાં–ગાયના દૂધમાં દહીં બનવાની યોગ્યતા જેવી યોગ્યતા નથી. તેમ અનેક એવા જીવો છે, જેમનામાં જીવત્વ સમાન હોવા છતાં સિદ્ધિ-પર્યાયમાં ફેરવાઇ જવાની યોગ્યતા જ નથી. આવા જીવોને અભવ્ય કહેવાય છે. આ જીવો કદાપિ મુક્તિમાં જવાના નથી. અનાદિકાળથી સંસાર-ભાવથી બદ્ધ છે અને અનંતકાળ સુધી સંસારભાવમાં જ રહેવાના છે.

હવે જે જીવો–સિદ્ધિ પર્યાયમાં ફેરવાઈ જવાની યોગ્યતા ધરાવે છે તે બધાય જીવો ભવ્ય જરૂર કહેવાય છે છતાં તે બધા ય ભવ્ય

જીવો ગમે ત્યારે પણ સિદ્ધિપર્યાયને પામશે જ અર્થાત્ મોક્ષે જશે જ તેવું નહિ સમજવું. મોક્ષે જવાની યોગ્યતા હોવા છતાં તેમને મોક્ષે લઈ જનારી સામગ્રી જ કયારે પણ ન મળે એટલે એમની એ યોગ્યતા એકલી બિચારી શું કરે? ઘડો બનાવવાનું કાર્ય તો કુંભાર ત્યારે જ કરી શકે જ્યારે તેની પાસે માટી છે, તેમ ચક્ર-દંડ વગેરે પણ હોય.

એકલી માટી હોવા માત્રથી કાંઈ ઘડો થોડો જ બની જાય? આમ સિદ્ધિપદની યોગ્યતા હોવા માત્રથી જેમને સિદ્ધિપદ માટે જરૂરી બીજી સામગ્રી ન મળે તો તેઓ કદાપિ સિદ્ધિપદ પામી શકે નહિ. આવા જીવોને કે જેઓને કદાપિ સામગ્રી મળવાની જ નથી તે જાતિ-ભવ્ય કહેવાય છે. તેઓ જાતિથી ભવ્ય છે એટલું જ; એથી વિશેષ મુક્તિપદનો અધિકાર તેમને મળતો નથી.

એટલે હવે એવો નિયમ નહીં કરવો કે જેટલા ભવ્ય હોય તે બધા જ મોક્ષે જાય.

કેમ કે જાતિ-ભવ્યો કદાપિ મોક્ષે જવાના નથી.

આમાં કારણ છે; બીજી સામગ્રીનો અભાવ.

શાસ્ત્રકાર ભગવંતોએ કહ્યું કે જાતિ-ભવ્ય જીવો હંમેશા સાધારણપણામાં જ રહે અર્થાત્ તેઓ કદાપિ પ્રત્યેકપણું પામી શકતા નથી.

જે એક જીવને એક શરીરની પ્રાપ્તિ થાય તો તે જીવ પ્રત્યેક શરીરી કહેવાય અને અનંતજીવોને એક જ શરીર મળે તો તે અનંતજીવો સાધારણ (com.) શરીરી કહેવાય. લીલ-ફૂગ-કંદમૂળ વગેરે અનંતજીવોના એકેકા શરીર રૂપ હોવાથી તે જીવોને સાધારણ શરીરી જીવો કહેવાય, જ્યારે માટી-પાણી-અગ્નિ-વાયુ-ચંપક-આંબો -કૂતરો-સિંહ-દેવ-મનુષ્ય-નારકી વગેરે પ્રત્યેક શરીરી કહેવાય. જાતિ-ભવ્યજીવો માટી કે પાણીના સ્વરૂપે પણ પ્રત્યેક શરીરી બની શકતા નથી તેઓ સદૈવ એથી પણ નીચલી કોટિનાં સાધારણ શરી-

રોમાં જ હંમેશને માટે રહે છે. હવે આ જીવોને મનુષ્ય-ભવ અને ધર્મ-સામગ્રીની પ્રાપ્તિની તો વાત જ ક્યાં રહી? માટે જ આવા જીવોને જાતિ-ભવ્ય કહેવાય.

એટલે હવે એ જ સિદ્ધાન્ત નક્કી થાય છે કે જે જીવો મોક્ષ-પદ પામે છે તે અવશ્ય ભવ્ય હોય છે. જેઓ કદાપિ મોક્ષ પામતા નથી તેઓ ભવ્ય પણ હોય અને અભવ્ય પણ હોય.

શાસ્ત્રગ્રન્થમાં આ ત્રણેય પ્રકારના જીવોના 3 દૃષ્ટાન્ત આપ્યાં છે. જે સ્ત્રીમાં ગર્ભાધાન કરવાની યોગ્યતા છે અને તેનો પતિ પણ જીવતો છે. તે સ્ત્રી રતિ-સુખ મેળવીને સંતાન પ્રાપ્ત કરે છે. આ સ્ત્રી જેવા મુક્તિપદને અવશ્ય પામનારા ભવ્ય જીવો છે

જે સ્ત્રીમાં ગર્ભાધાનની યોગ્યતા છે પણ તેનો પતિ લગ્ન થતાં ચોરીમાં જ મરી ગયો છે અને સતી સીતા જેવી તે સતી છે. આ સ્ત્રીને કદાપિ સંતતિપ્રાપ્તિ શક્ય નથી. કેમ કે તેને ગર્ભાધાનની-યોગ્યતાનો વિકાસ કરવામાં જરૂરી પતિ-સંબંધરૂપ સામગ્રી કદાપિ પ્રાપ્ત થવાની નથી. આ સ્ત્રી જેવા જાતિ-ભવ્ય જીવો છે.

અને જે વાંઝણી સ્ત્રી છે, જેને પતિ-સંબંધની સામગ્રી મળે તો ય ગર્ભાધાનની યોગ્યતા જ ન હોવાથી તે બધી સામગ્રી નિષ્ફળ જ જાય છે. આ સ્ત્રી જેવા અભવ્ય-જીવો છે.

હવે જે ભવ્ય જીવો અવશ્ય મુક્તિપદને પામવાના છે તેઓને તે મુક્તિપદ-પ્રાપ્તિ માટે હવે એક પુદ્ગલપરાવર્ત જેટલો કાળ બાકી રહ્યો હોય ત્યારે તેઓ પુદ્ગલપરાવર્તકાળમાં પ્રવેશ્યા કહેવાય છે.

અહીં આપણે પુદ્ગલપરાવર્તનું સ્વરૂપ સમજી લઈએ, જેથી ચરમ અને અચરમ પુદ્ગલપરાવર્ત શું છે? તે સમજવાનું સહેલું થઈ પડે.

**પુદ્ગલપરાવર્તકાળ :** પુદ્ગલપરાવર્તકાળ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી મપાય છે. અહીં તો આપણે ક્ષેત્ર પુદ્ગલપરાવર્તકાળનો ઉપયોગ કરવાનો છે માટે તેનો જ વિચાર કરશું.

કોઈ એક જીવ ચૌદ રાજલોકમાં રહેલા અસંખ્ય આકાશ-પ્રદેશને મરણ પામવા દ્વારા ક્રમથી સ્પર્શે-અર્થાત્ જે આકાશપ્રદેશમાં આજે મર્યો તે પહેલો આકાશપ્રદેશ ગણતરીમાં લેવાનો; પછી તે આકાશપ્રદેશની બાજુના જ આકાશપ્રદેશમાં જ્યારે મરે ત્યારે તે બીજો આકાશપ્રદેશ ગણતરીમાં લેવાનો. ત્યાં સુધીમાં અન્ય આકાશ-પ્રદેશોમાં અનંતાં મરણો થઇ ચૂક્યાં હોય અને તે દરમિયાન અનંતો કાળ ગયો તો તે બધો ય બે જ આકાશપ્રદેશની મરણ દ્વારા સ્પર્શનામાં ગણાઇ જાય. આમ વળી જ્યારે બીજા આકાશપ્રદેશની તદ્દન બાજુમાં જ રહેલા ૩ જા આકાશપ્રદેશને સ્પર્શે ત્યારે તે ત્રીજા આકાશપ્રદેશની મરણસ્પર્શના ગણવાની. તે દરમિયાનના કાળમાં અન્ય આકાશપ્રદેશોમાં મૃત્યુ પામે છતાં તે આકાશપ્રદેશને મરણ દ્વારા થયેલી સ્પર્શનાની ગણતરીમાં લેવાના નહિ, પણ એ દરમિયાન વ્યતીત થયેલો કાળ ગણી લેવાનો. આ રીતે ક્રમશઃ સર્વ આકાશ-પ્રદેશને સ્પર્શે એમાં જેટલો કાળ પસાર થાય તે બધો એક ક્ષેત્ર પુદ્ગલપરાવર્તનો કાળ ગણાય. આવા ૧ પુદ્ગલપરાવર્તમાં અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણીઓ (પરાર્ધોના ફરાર્ધો=અસંખ્ય વર્ષો = ૧ પલ્યોપમકાળ એવા ૧૦ કોટાકોટિ પલ્યોપમનો ૧ સાગરોપમકાળ— એવા ૧૦ કોટાકોટિ સાગરોપમની એક ઉત્સર્પિણી કે ૧ અવસર્પિણી) પસાર થઇ જાય.

આ ઉપરથી સમજી શકાશે કે ૧ પુદ્ગલપરાવર્તના કાળમાં તો જીવ અનંતાનંત ભવો કરી નાંખે છે. આજ સુધીના જીવના સંસાર-કાળમાં ૧ નહિ, ૧૦ નહિ, લાખ, કરોડ, અબજ કે પરાર્ધ નહિ, અસંખ્ય નહિ પણ અનંતા પુદ્ગલપરાવર્તકાળ પસાર થઈ ગયા છે.

કેવલી પરમાત્માની દૃષ્ટિએ અમુક ભવ્ય જીવ મુક્તિપદ ક્યારે પામશે તે તદ્દન નિશ્ચિત હોય છે.

હવે એમની દૃષ્ટિએ જે જે જીવોને મુક્તિપદ પામવા માટે એક જ પુદ્ગલપરાવર્તકાળ બાકી રહ્યો છે તે બધા ય ભવ્ય જીવો

છેલ્લા–ચરમ–પુદ્ગલપરાવર્તમાં પ્રવેશ્યા કહેવાય. અને જે જીવો હજી પણ છેલ્લા પુદ્ગલપરાવર્તના કાળમાં પ્રવેશી ગયા નથી તે બધા જીવો અચરમ–પુદ્ગલપરાવર્તમાં રહેલા કહેવાય.

**પ્રશ્ન :** જે જીવો કદી મોક્ષે જવાના જ નથી તેમને અભવ્ય કે જાતિભવ્ય કહ્યા છે. શું આ જીવો ક્યારે પણ ચરમ–પુદ્ગલપરાવર્તમાં પ્રવેશવાના ખરા ?

**ઉત્તર :** પૂર્વોક્ત વિચાર સારી રીતે સમજાયો ન હોય તો જ આ પ્રશ્ન થાય. આપણે કહી ગયા કે, "જેઓને મુક્તિપદ પામવા હજી એક પુદ્ગલપરાવર્તકાળ બાકી હોય તેમને જ ચરમપુદ્ગલ-પરાવર્તકાળમાં પ્રવેશ્યા કહેવાય. હવે અભવ્યો કે જાતિભવ્યો તો કદાપિ મુક્તિપદ પામવાના જ નથી તો તેની અપેક્ષાએ જ ગણાતો ૧ પુદ્ગલપરાવર્તકાળ તેમને ક્યાંથી ઘટે ? અર્થાત્ તેઓ તો હંમેશ અચરમપુદ્ગલ–પરાવર્તમાં જ હોય.

**પ્રશ્ન :** મુક્તિમાં અવશ્ય જનારા જીવો ચરમ–પુદ્ગલપરાવર્તના-કાળમાં શી રીતે પ્રવેશ કરતા હશે ? શું તેઓ અચરમ–પુદ્ગલપરાવર્તના-કાળમાં એવી કોઈ જબ્બર સાધના કરતા હશે કે જેથી તેમનો મુક્તિ ગમનકાળ ફક્ત એક જ પુદ્ગલપરાવર્ત જેટલો રહે ?

**ઉત્તર :** ના. ચરમ–પુદ્ગલપરાવર્તકાળમાં આવી જવા માટે તો જીવનો ભવ્યત્વ સ્વભાવ અને કાળ બે જ કારણ છે. ત્યાં કર્મ–ભાગ્ય કે ઉદ્યમ કશું જ કરી શકતા નથી.

અચરમ પુદ્ગલપરાવર્તના કાળમાં વર્તતા જીવોને મુક્તિનો આશય જ નથી હોતો એટલે મુક્તિની જબ્બર સાધનાની તો વાત જ ક્યાં રહી ? જેમ પેટમાં પુષ્કળ મળ–દોષ હોય ત્યારે સારામાં સારું પકવાન પણ અરુચિકર બને છે તેમ એ આત્મામાં સહજ ભાવ-મળનું એવું જોર હોય છે કે તેથી તેમને મુક્તિનો આશય જ જાગતો નથી.

**સહજ ભાવ-મળ :** સહજ ભાવ-મળ એટલે અનાદિ કાળનો નિબિડ રાગ-દ્વેષ પરિણામ.

આ પરિણામને લીધે જીવ પોતાના આત્માનો, મોક્ષ વગેરેનો વિચાર જ કરી શકતો નથી. ભાવ-મળ ટાળ્યો ટળતો નથી, એ આપો-આપ ટળે છે. ચરમાવર્તકાળમાં પ્રવેશવા જોગ જેનો ભાવ-મળ-હ્રાસ થાય છે તે આત્મા ચરમાવર્તકાળમાં પ્રવેશ્યો કહેવાય છે. આ વિવક્ષિત ભાવ-મળહ્રાસ થયા પછી જ મુક્તિનો આશય જાગે છે. તે પૂર્વે મહાવ્રતાદિ પાળવામાં આવે તો ય તેની પાછળ મુક્તિનો આશય હોતો નથી, કિન્તુ આ લોકના કે પરલોકના સુખ-સમૃદ્ધિનો જ આશય રહે છે. એ વખતે મુક્તિ-રાગ તો ન જ હોય પરન્તુ જો મુક્તિ પ્રત્યે અદ્વેષભાવ પણ હોય તો મહાવ્રતાદિનાકાયિક આચારના શુદ્ધ પાલનના બળે તે જીવો ૯ મા ગ્રૈવેયક સુધી પહોંચી જાય છે. એ જીવો શુદ્ધ-આચાર-ક્રિયા કરે તો ય તેમનામાં સહજ ભાવ-મળનો હ્રાસ નહિ થવાના કારણે તે બધી ક્રિયા નિષ્ફળ કે વિપરીત ફળાધાન કરે છે, જ્યારે ચરમાવર્તકાળમાં પ્રવેશેલા જીવોની અશુદ્ધ-ક્રિયા હોય તો પણ ત્યાં સહજ મળનો હ્રાસ હોય છે એટલે તે અશુદ્ધિ ટાળીને શુદ્ધ-ક્રિયા દ્વારા મુક્તિનાં ફળોને પ્રાપ્ત કરી જાય છે.

યોગદૃષ્ટિ સમુચ્ચયમાં ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજાએ સહજ ભાવ-મળહ્રાસના ૩ કાર્ય-લિંગો બતાવ્યાં છે.

(૧) એ જીવોને દુઃખી આત્મા ઉપર અત્યન્ત દયા પ્રગટે, (૨) ગુણિયલ આત્મા ઉપર દ્વેષભાવ ન હોય અને (૩) સર્વત્ર જે કાંઈ ઉચિત કર્તવ્ય હોય તેને તે કશાય ભેદભાવ વિના સેવતો હોય.

અચરમાવર્તના સહજ ભાવ-મળવાળા જીવો માખીના પગને પણ નંદવાઈ જવા ન દે એટલી અહિંસા પાળે પણ તેમના અંતરમાં દયાપાત્ર જીવો પ્રત્યે દયાનો છાંટોય ન હોય, તેમને ગુણિયલ પ્રત્યે અદ્વેષ-ભાવ ન હોય પરંતુ ઇર્ષ્યાદિ હોય અને ઔચિત્યપાલન પણ

ભૌતિક સુખની ક્ષુદ્ર લાલસાથી જ કરતા હોય. તદ્દન નિઃસ્પૃહભાવનું ઔચિત્ય-પાલન તેમનામાં ન હોય.

ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજા ચરમાવર્તવિંશિકામાં સહજ મળ અંગે જણાવે છે કે ફેરફુદડી ફરતો બાળક ફેરફુદડીની ક્રિયા કરતાં બધું વિપરીતપણે જુએ છે તેમ તે ક્રિયાથી નિવૃત્ત થયા પછી પણ, એ ક્રિયાથી ઉત્પન્ન થયેલી ભ્રમણશક્તિ રહે ત્યાં સુધી બધું વિપરીત-પણે જ જુએ છે, તેમ સહજ મળને લીધે ઉત્પન્ન થયેલી શક્તિને લીધે હેયમાં ઉપદેયતાની અને ઉપાદેયમાં હેયતાની વિપરીત બુદ્ધિ જીવને થયા જ કરે છે. ચરમાવર્તમાં પ્રવેશ્યા પછી જ એ શક્તિ નષ્ટ થતાં એ વિપરીત બુદ્ધિ નષ્ટ થાય છે. જે પછી હિંસાદિ હેય છે. તેને હેય તરીકે અને જે અહિંસા ક્ષમાદિ ઉપાદેય છે તેને ઉપાદેય તરીકે જ તે માને છે.

□

# ચરમાવર્તકાળ

## [૨]

**તીવ્ર મિથ્યાત્વ-દ્વિર્બન્ધક અને સકૃત્ બંધક** : આ કાળમાં જે જીવોનો પ્રવેશ થઈ ચૂક્યો તે બધા ય ભવ્યો અવશ્ય મુક્તિપદ પામવાના. હવે આ જીવો કઈ કઈ વિકાસકક્ષામાંથી કેવી કેવી રીતે પસાર થાય છે તે આપણે જોઈએ.

ચરમાવર્તકાળમાં પ્રવેશ્યા એટલે બધા જ જીવો ધર્મિષ્ઠ બની ગયા કે શુદ્ધિયલ બની ગયા તેવો એકાન્ત નહિ. એટલો જ નિયમ થાય કે આ બધા જીવોને નિબિડ-રાગ-દ્વેષના પરિણામોમાં જરૂર મંદતા (સહજ-મળહ્રાસ) પ્રાપ્ત થઈ ગયેલ હોય.

આ કાળમાં પ્રવેશ્યા પછી હજી પણ જે તીવ્ર મિથ્યાત્વભાવ છે (અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિ, તત્ત્વમાં અતત્ત્વબુદ્ધિરૂપ ભાવ) તેમાં શુભ અધ્યવસાયથી મંદતા આવતી જાય છે. જેમ જેમ મિથ્યાત્વ ભાવ મંદ થતો જાય તેમ તેમ જીવનો વિકાસ થયો કહેવાય. પરંતુ કેટલીક વાર એવું બને છે કે અમુક હદ સુધી એ મંદતા આવી જાય અને વળી પાછી અનેકાનેક વાર એમાં તીવ્રતા પણ આવી જાય. વળી પાછી મંદતા આવે. વળી અનેક વાર તીવ્રતા આવી જાય. જ્યારે જ્યારે મિથ્યાત્વભાવ તીવ્ર બની જાય ત્યારે ત્યારે જીવ એવું મોહનીય કર્મ બાંધે છે કે જેના પરમાણુ આત્મા ઉપર ૭૦ કો. કો. સાગરોપમ સુધી રહેવાની યોગ્યતા ધરાવતા હોય છે. આમ આવી ઉગ્ર સ્થિતિવાળા મોહનીય કર્મનો એ જીવ પુનઃ પુનઃ બંધ કરતો હોય છે. પણ જ્યારે કેવલી ભગવંતની દૃષ્ટિએ એવું બને છે કે મિથ્યાત્વભાવની મંદતાને

પામેલો જીવ પોતાના ભાવિના સમગ્ર સંસારકાળમાં બે જ વાર તીવ્ર મિથ્યાત્વ ભાવ પામવાનો હોય ત્યારે તે જીવ દ્વિબંધક (હવે ફક્ત બે વાર મોહનીય કર્મની ઉગ્ર સ્થિતિ બાંધનારો) કહેવાય છે. વળી એ જીવ એક વાર એ ઉગ્ર સ્થિતિ બાંધી લે ત્યારે તેને ફરી એક જ વાર એવી ઉગ્ર સ્થિતિનો બંધ થવાનો બાકી રહે એટલે તેને **સકૃત બંધક** કહેવાય છે. વળી એ એક વારની પણ મોહનીય કર્મની ઉગ્ર સ્થિતિ બંધાઇ જાય પછી તે સમગ્ર સંસારકાળમાં મોહિનીય કર્મ બાંધે તો પણ તે ૭૦ કો. કો. સાગરોપમની સ્થિતિવાળું તો નહિ જ બાંધે માટે તે જીવ **અપુનર્બન્ધક** કહેવાય છે.

**અપુનર્બન્ધક :** અપુનર્બન્ધક જીવનું લક્ષણ બતાવતાં કહ્યું છે કે (૧) આ જીવ તીવ્ર રાગ-દ્વેષથી પાપ ન કરે, (૨) પાપમય સંસારનું બહુમાન ન કરે અને (૩) ઉચિત સઘળું કરે.

આ અવસ્થાવર્તી આત્મા પાપ કરે તે બને પરંતુ જેમ તે પાપમાં રાગ-દ્વેષની તીવ્રતા ન હોય; સંસાર ભોગવે-કરે પણ એના ઉપર બહુ આદરભાવ ન હોય. અને કોઈ પણ અનુચિત-પ્રવૃત્તિને તે સેવે નહિ કિન્તુ કૌટુમ્બિક, ધાર્મિક, લૌકિક, ન્યાયયુક્ત મર્યાદાઓને પાળે.

અચરમાવર્તકાળવર્તી જીવો સંસારના ભાવોમાં ખૂબ આનંદ માણતા હોય છે માટે તેમને ભવાભિનંદી કહેવાય છે. ચરમાવર્તમાં પ્રવેશેલા અપુનર્બન્ધક વગેરે આત્માઓમાં ભવાભિનંદીપણું હોતું નથી. ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજાએ આ જીવોને ક્ષીણપ્રાયઃ કર્મવાળા, વિશુદ્ધ આશયવાળા, ભવાબહુમાનવાળા અને મહાપુરુષ કહ્યા છે. ભવાભિનન્દિતાના અભાવે તેમનામાં ક્ષુદ્રતા, લોભ, દીનતા, માત્સર્ય, ભય, શઠતા, અજ્ઞાન વગેરે હોતાં નથી. અને પ્રાયઃ ઔદાર્ય, દાક્ષિણ્ય, પાપ-જુગુપ્સા, નિર્મલ બોધ, જનપ્રિયતા વગેરે તેમનામાં હોય છે.

આથી જ ધર્મસંગ્રહ આદિ ગ્રંથોમાં શાસ્ત્રકાર ભગવંતોએ અપુનર્બન્ધક અવસ્થાવર્તી મંદ મિથ્યાત્વી જીવોને પણ ધર્મી કહ્યા છે. અર્થાત્ ૧ લા ગુણસ્થાને પણ અનુષ્ઠાનરૂપ ધર્મ કહ્યો છે. એટલે

અપુનર્બંધક અવસ્થા પછી પ્રાપ્ત થતી માર્ગાભિમુખ-માર્ગ પતીત-માર્ગાનુસારી રૂપ પ્રથમ ગુણસ્થાનની અવસ્થાઓમાં પણ ધર્મ કહ્યો છે.

## અપુનર્બન્ધક અવસ્થામાં ધર્મની સિદ્ધિ

**પ્રશ્ન :** સમ્યગ્દર્શનાદિ-૪ થા વગેરે ગુણસ્થાનના ભાવોની પુનઃ પુનઃ આરાધના રૂપ ભાવાભ્યાસ અનુષ્ઠાનને જ ધર્મ કહેવાય છે. તેથી નીચે પણ ધર્મ હોઈ શકે ખરો ? ઉપરોક્ત ભાવાભ્યાસ રૂપ-અનુષ્ઠાન રૂપ-ધર્મ તો ૭ મા અપ્રમત્તાદિ ગુણસ્થાન સિવાય ક્યાંય સંભવતો નથી. આમ નિશ્ચયનયથી ૭ મા ગુણસ્થાને ધર્મ છે એમ નક્કી વાત થાય છે. હવે ધર્મસંગ્રહણીમાં તો નિશ્ચયનયના મતે ૧૪ મા ગુણસ્થાનના અંતિમ સમયે જ ધર્મ કહ્યો છે. તેની નીચેનો બધો ધર્મ તે ધર્મના કારણ રૂપ કહ્યો છે. એટલે નિશ્ચયનયમતે પણ ધર્મ ક્યાં ? તે જ પહેલાં તો સમજાતું નથી.

**ઉત્તર :** ધર્મસંગ્રહણીમાં શુદ્ધ (નિરૂપચરિત) ધર્મની વ્યાખ્યા બાંધવાની દૃષ્ટિથી તે ગ્રન્થકાર પરમર્ષિએ એવંભૂત દૃષ્ટિથી તેમ કહ્યું છે. એ નયથી તો શૈલેશીના ચરમસમયની જે અવસ્થા તે જ ધર્મરૂપ બને છે. ગુણસ્થાને જ ઘટતાં ભાવાભ્યાસ રૂપ ધર્મ (અનુષ્ઠાન) કહેલ છે તો ઉપચરિત એવંભૂત નયથી કહ્યું છે. એટલે વિભિન્ન દૃષ્ટિથી વિભિન્ન સ્થાને ધર્મ કહેવામાં કશો બાધ નથી.

**પ્રશ્ન :** સારૂં, એ તો સમાધાન થઈ ગયું પરન્તુ હવે ૭ મા ગુણસ્થાનથી નીચે ધર્મ હોય ખરો ? કદાચ ઉપચારથી ૬ઠ્ઠા-૫ મા અને ૪ થા ગુણસ્થાને ધર્મ કહીએ પરન્તુ ૧ લા ગુણસ્થાનના મંદમિથ્યાત્વી જીવોની અપુનર્બન્ધકાદિ વિભિન્ન અવસ્થાઓમાં ધર્મ કહી શકાય ?

**ઉત્તર :** ધર્મસંગ્રહ ગ્રન્થમાં આ પ્રશ્નનો ઉત્તર આપતાં જણાવ્યું છે કે, "દ્રવ્યાર્થિક નય પર્યાયની અપેક્ષાને સ્વીકારતો નથી અને પરમાણુવાળા દ્રવ્યને સત્ માને છે, તેમ ઠેઠ પરમાણુની પણ સત્તા માને છે, તેમ વ્યવહારનય નિશ્ચયનયની અપેક્ષા સ્વીકારતો નથી; અને વ્યવહારથી સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોમાં ધર્મ માને છે, તેમ ઠેઠ અપુન-

બંધકમાં પણ ધર્મ માને છે, આ અભિપ્રાયથી અપુનર્બંધક અવસ્થામાં પણ ધર્મ ઘટી જાય છે. આથી જ શ્રી યોગબિન્દુગ્રન્થના ૩૬૯ શ્લોકમાં કહ્યું છે કે અધ્યાત્મ અને ભાવનારૂપ યોગો વ્યવહારનયથી અપુનર્બંધકને પણ હોઈ શકે, જ્યારે નિશ્ચયનયથી તો ચારિત્રીને જ હોય છે.

આ ઉપરથી સમજવું કે ગૃહિધર્મના ૩૫ ગુણો અપુનર્બંધક આત્મામાં પણ ઘટી શકે છે.

**આદિધાર્મિક** : ચરમાવર્તકાળમાં પ્રવેશેલા અપુનર્બંધક-આત્માનો જેમ જેમ વિકાસ થતો જાય છે તેમ તેમ તેને ઉત્તરોત્તર માર્ગાભિમુખ–માર્ગાનુસારી—માર્ગપતિત વગેરે પદોથી સંબોધવામાં આવે છે. આ બધી અપુનર્બંધક ભાવની જ અવસ્થાઓ છે. પૂર્વોક્ત કથન મુજબ સઘળી ગુણવૃદ્ધિ ચરમાવર્તકાળમાં જ થાય છે તે કાળને પામીને જ જીવ ધર્મનો આરંભ (ધર્મની આદિ) કરે છે માટે જૈન શાસ્ત્રોમાં અપુનર્બંધક જીવને આદિધાર્મિક કહેવામાં આવે છે.

આ આદિધાર્મિક જૈન દર્શનાનુયાયી જ હોય તેવો નિયમ નથી. મન્દમિથ્યાત્વને યોગે આદિધાર્મિક જીવો ભિન્ન ભિન્ન ધર્મોના આચારને સેવે એવું પણ બને છે. ગમે તે દર્શનની ક્રિયા કરવા છતાં તેમના અંતરના રાગ-દ્વેષની તીવ્રતા તૂટી જવાને લીધે એ જીવોને અપુનર્બંધક–આદિધાર્મિક કહેવામાં કશો વાંધો નથી. શ્રી યોગબિન્દુગ્રન્થના ૨૫૧ મા શ્લોકમાં જણાવ્યું છે કે અપુનર્બંધકની અનેક અવસ્થાઓ હોવાથી તેમની અંતઃશુદ્ધિ હોવાને લીધે જુદાં જુદાં દર્શનોની મોક્ષ-સાધક ક્રિયાઓ તેઓમાં હોઈ શકે છે.

આ તો સઘળા દર્શનોના અપુનર્બંધકની વાત થઈ.

જૈન–શાસ્ત્રોની અપેક્ષાએ આદિધાર્મિક અપુનર્બંધક અવસ્થાનાં લક્ષણો શ્રી લલિતવિસ્તરા ગ્રન્થમાં બતાવવામાં આવ્યાં છે. જેને બૌદ્ધો 'બોધિસત્ત્વ' કહે છે, અન્ય દર્શનવાળા 'શિષ્ટ' કહે છે. સાંખ્યો નિવૃત્ત-પ્રકૃત્યધિકાર કહે છે તેને જ જૈન-શાસ્ત્રો આદિધાર્મિક-અપુનર્બંધક કહે છે.

શ્રી લલિતવિસ્તરામાં કહ્યું છે કે અપુનર્બંન્ધક આત્મા (૧) પાપમિત્રોનો ત્યાગી હોય (૨) કલ્યાણમિત્રોનો સેવતી હોય (૩) ઔચિત્ય સેવતો હોય (૪) લોકમાર્ગને અનુસરતો હોય (૫) માતા-પિતા-કલાચાર્યનો બહુમાની હોય, તેમની આજ્ઞા માન્ય કરતો હોય (૬) દાનાદિમાં પ્રવૃત્તિ કરતો હોય (૭) પ્રભુની અષ્ટપ્રકારાદિ પૂજા કરતો હોય (૮) સાધુકુસાધુનો વિવેકી હોય (૯) વિધિપૂર્વક શાસ્ત્ર-શ્રવણ કરતો હોય (૧૦) પ્રયત્નપૂર્વક તે શાસ્ત્રોનું ચિન્તન વગેરે કરતો હોય (૧૧) યથાશક્તિ શાસ્ત્રાનુકૂલ વર્તન પણ કરતો હોય (૧૨) ધૈર્યવાળો હોય (૧૩) ભાવીના પરિણામનો વિચાર કરતો હોય (૧૪) મૃત્યુને આંખ સામે રાખીને પરલોકની સાધનાને મુખ્ય ગણતો હોય (૧૫) ગુરુવર્ગની સેવા કરતો હોય (૧૬) ઓમ્-હ્રી-કાર વગેરે પદોનું દર્શન-ધ્યાન વગેરે કરતો હોય (૧૭) યોગસાધનામાં વિક્ષેપ કરતાં કાર્યનો ત્યાગી હોય (૧૮) જ્ઞાનાદિયોગ સિદ્ધિમાં તત્પર હોય (૧૯) જિન-મૂર્ત્તિ ભરાવતો હોય (૨૦) જિનાગમ લખાવતો હોય (૨૧) નમસ્કાર મહામન્ત્રાદિનો માંગલિક જાપ કરતો હોય (૨૨) ચતુઃશરણનો અંગીકાર કરતો હોય (૨૩) દુષ્કૃત-ગર્હા, સુકૃત-અનુમોદના કરતો હોય (૨૪) પદોના, મન્ત્રોના અધિષ્ઠાયક દેવોની પૂજા કરતો હોય (૨૫) સદાચારનું શ્રવણ કરતો હોય (૨૬) ઉદાર હોય (૨૭) ઉત્તમ પુરુષોના આચારોને અનુસરતો હોય ઇત્યાદિ.

અપુનર્બંન્ધક આત્માની સઘળી પ્રવૃત્તિ ઉત્તમ હોય છે. નૈગમનયથી તો અપુનર્બંન્ધક ભાવની પ્રાપ્તિ માંડીને જ પ્રવૃત્તિમાં ઉત્તમતા હોય છે. ભલે પછી કેટલીક પ્રવૃત્તિ વિચિત્ર પણ જણાતી હોય.

ઊંઘતા માણસને કોઈ ચન્દનાદિનો લેપ કરે તો તેને તે વખતે તેનો ખ્યાલ ન હોય પરંતુ જાગ્યા પછી પોતાની તે અવસ્થાથી આશ્ચર્ય પામે; અથવા તો હોડકામાં ઊંઘી ગએલા માણસને હોડીની ગતિનો ખ્યાલ ન હોય પણ જાગ્યા પછી કિનારે પહોંચ્યાનું ભાન થતાં તે આશ્ચર્ય પામે એ જ રીતે અજ્ઞાનતા આદિના કારણે અપુનર્બંન્ધક અવસ્થામાં પોતાની પ્રવૃત્તિનું મહત્ત્વ તેને ન સમજાય, છતાં સમ્યક્ત્વાદિ

ધર્મની પ્રાપ્તિ થતાં તેને આશ્ચર્ય પમાડે તેવી સ્વરૂપ દશા જોવા મળે. માટે જ તેની પૂર્વની સઘળી પ્રવૃત્તિને પણ ઉત્તમ સમજવી.

સાંખ્યો કહે છે કે, "તામસી આદિ પ્રકૃતિનો અધિકાર આત્મા ઉપરથી દૂર ન થાય ત્યાં સુધી આવી (અપુનર્બન્ધક) અવસ્થા પ્રગટતી નથી," બૌદ્ધો કહે છે કે, "જ્યાં સુધી ભવનો પરિપાક થતો નથી ત્યાં સુધી આવી દશા પ્રાપ્ત થતી નથી."

જૈનદર્શન કહે છે કે જીવ હવે ક્યારે પણ મિથ્યાત્વની તીવ્ર સ્થિતિને બાંધવાનો નથી, તેનામાં આવી ઉત્તમતા પ્રગટે છે.

ચરમાવર્તમાં પ્રવેશેલા જીવોને શુક્લપાક્ષિક કહેવામાં આવ્યા છે. કેમ કે આ જીવો ઉપરથી મોહનીય કર્મની ગાઢતમ તીવ્રતારૂપ અંધકાર-પક્ષ દૂર થઈ ગયો હોય છે અને અનેક ગુણોના ઉદયરૂપ શુક્લપક્ષમાં પ્રવેશ થયો છે.

અપુનર્બન્ધક ભાવમાં પણ જેમ જેમ મનઃ સંક્લેશનો ભાવ ઘટતો જાય છે તેમ તેમ ઉચ્ચ-ઉચ્ચતર અવસ્થા ક્રમશઃ પ્રાપ્ત થતી જાય છે.

## માર્ગાભિમુખ : માર્ગાનુસારી : માર્ગપતિત

**માર્ગાભિમુખ** : 'માર્ગ' એટલે ચિત્તનું અવક્રગમન-સરળતા. જેમ સર્પની ચાલ સામાન્યતઃ વાંકીચૂંકી હોવા છતાં દરમાં પેસતી વખતે સીધો જ પેસે છે કેમ કે દર સીધું હોય છે, તેમ મનના ચંચળ આવેગોને લીધે જીવમાં જે વક્રતા હોય છે તે જ્યારે ટળી જાય અને જીવ માયાદિમુક્તિ બનીને સરળ બને અને પછી તેનામાં ઉત્તરોત્તર અનેક ગુણોનું આધાન થતું જાય. આ સરળતામાં કારણભૂત જે કર્મ ક્ષયોપશમ તેને માર્ગ કહેવાય.

આવા ક્ષયોપશમરૂપ માર્ગમાં પ્રવેશ કરવાની યોગ્યતાવાળો જીવ માર્ગાભિમુખ કહેવાય. એવા ક્ષયોપશમની જેને શરૂઆત થઈ છે એવો ઉત્તરોત્તર ગુણવૃદ્ધિવાળો જીવ માર્ગપતિત (માર્ગે ચાલનારો).

કહેવાય. અને એ રીતે ક્ષયોપશમ વધતાં વધતાં જે જીવને છેલ્લું યથાપ્રવૃત્તિકરણ પૂર્ણ થવાની તૈયારી હોય તેને **માર્ગાનુસારી** કહેવાય.

શ્રી લલિતવિસ્તરા ગ્રંથમાં અપુનર્બંધક આત્મ માર્ગાનુસારી જ હોય તેથી જ તેની સઘળી પ્રવૃત્તિ ઉત્તમ હોય તેમ કહ્યું છે. જ્યારે ધર્મસંગ્રહમાં અપુનર્બંધકને માર્ગાનુસારી ભાવની સન્મુખ કહ્યો છે. વળી ત્યાં અન્યત્ર ટીપ્પણીમાં છેલ્લા યથાપ્રવૃત્તિકરણને અંતે વર્તતા જીવને માર્ગાનુસારી કહ્યો છે. તે પહેલાં વિભિન્ન અવસ્થાઓમાં અપુનર્બંધક, માર્ગાભિમુખ-માર્ગપતિત વગેરે કહેવાય એમ કહીને અપુનર્બંધકને માર્ગાભિમુખ કે માર્ગપતિત અવસ્થામાં માર્ગાનુસારી ન કહ્યો.

આ બધી વાતનો સમન્વય આ રીતે કરી શકાય કે, વાસ્તવ માર્ગાનુસારીપણું તો છેલ્લા યથાપ્રવૃત્તકરણને અંતે રહેલા જીવમાં હોય. અને ભાવિમાં તે માર્ગાનુસારી ભાવની પ્રાપ્તિ અપુનર્બંધકને માર્ગાભિમુખ અને માર્ગપતિતને થવાની જ છે માટે તે બધાયને ઉપચારથી માર્ગાનુસારી કહી શકાય.

એટલે શ્રી ધર્મસંગ્રહ ગ્રન્થના આધારે ચરમાવર્તકાળવર્તી જીવના ૧લા ગુણસ્થાનની વિકાસયાત્રાને ક્રમશઃ આ રીતે નામ આપી શકાય :

૧. અપુનર્બંધકભાવ-ફરી ૭૦ કો. કો. સાગરોપમની મિથ્યાત્વની સ્થિતિ નહિ બાંધનારો જીવ.

૨. માર્ગાભિમુખભાવ-પૂર્વોક્ત ક્ષયોપશમરૂપ માર્ગની સન્મુખ જાય.

૩. માર્ગપતિતભાવ - પૂર્વોક્ત ક્ષયોપશમવાળો - ગુણબુદ્ધિવાળો જીવ.

૪. માર્ગાનુસારીભાવ-છેલ્લા યથાપ્રવૃત્તકરણના અંતે વર્તતો જીવ

આ બધાય આદિધાર્મિક જીવોમાં મિથ્યાત્વભાવ હોવા છતાં તેમનામાં 'માધ્યસ્થ્ય' ગુણ એવો સુન્દર પડ્યો છે કે જેને અંગે તેમને ધર્મદેશનાના અધિકારી કહ્યા છે. ધર્મદેશનાને અયોગ્ય તે જ મિથ્યાત્વી જીવો છે, જેઓ કદાગ્રહ-ગ્રસ્ત છે.

**પ્રશ્ન :** આવું માધ્યસ્થ્ય તો જૈનદર્શનના અનુયાયીરૂપ અપુનર્બંધકમાં જ ઘટે ને ? બીજાઓ તો પોતપોતાનાં દર્શનોમાં કહેલા આચારોવાળા એકસરખા ન હોવાથી તે અપુનર્બંધકોમાં માધ્યસ્થ્ય શી રીતે ઘટશે ?

**ઉત્તર :** મિથ્યાત્વ ગુણસ્થાને પણ યોગની દૃષ્ટિ પ્રગટે છે માટે તે દૃષ્ટિ તેમને પણ ગુણપ્રાપક બનતી હોવાથી તેમનામાં સત્યશોધકવૃત્તિ, નિષ્પક્ષપાત વલણ વગેરે હોઈ શકે છે.

તેમની માર્ગાભિમુખતાના બળે તેઓમાં શેરડી-શેરડીનો રસ-શેરડીનો અડધો ઉકાળેલો રસ અને ગોળની જેમ ઉત્તરોત્તર વધુ મીઠાશ હોય છે તેમ ઉત્તરોત્તર વધુ ગુણવાળી મિત્રા-તારા-બલા અને દીપ્રા એ ચાર પ્રકારની યોગદૃષ્ટિઓ ક્રમશઃ પ્રગટે છે. અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ પણ મિથ્યાત્વની મંદતા થતાં પ્રગટેલા માધ્યસ્થ; તત્ત્વજિજ્ઞાસા વગેરે ગુણોના યોગે માર્ગને જ અનુસરતો હોવાથી ધર્મશ્રવણ માટે યોગ્ય છે, તો પછી તેનાથી વિશેષ ગુણિયલ એવો દુરાગ્રહ વિનાનો આત્મા તો સુતરાં યોગ્ય છે.

ટૂંકમાં કહેવાનો આશય એટલો જ છે કે આદિધાર્મિક જીવો તેમના મંદમિથ્યાત્વથી પ્રગટેલા કેટલાક ગુણોને કારણે ધર્મદેશના સાંભળવાના અધિકારી બને છે.

માર્ગાભિમુખ અને માર્ગપતિત એ બેય વિશિષ્ટ અવસ્થાઓ અપુનર્બંધક ભાવ આવ્યા પછી જ આવે છે એવું આપણે નક્કી કર્યું છે. પરંતુ આ એક મત છે. બીજો પણ એક મત છે; જેનું કહેવું એમ છે કે માર્ગાભિમુખ અને માર્ગપતિત એ બે અવસ્થાઓ અપુનર્બંધક ભાવ પ્રાપ્ત થયા પહેલાં પ્રાપ્ત થાય છે.

આમાંનો પ્રથમ મત ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજાનો છે, જે તેઓશ્રીએ પંચસૂત્રગ્રન્થના પાંચમા સૂત્રની વ્યાખ્યાના પ્રાન્ત ભાગમાં સ્પષ્ટ કર્યો છે. જ્યારે બીજો મત યોગબિન્દુના ૧૭૯મા શ્લોકની અજ્ઞાતકર્તૃક ટીકામાં જણાવાયો છે. પરંતુ ટીકાકારે તેનો નિરાસ પણ કર્યો છે. શ્રી પંચાશક ગ્રન્થના ૩ જા પંચાશકના ૩ જા શ્લોકમાં પણ આ જ બીજો મત જણાવવામાં આવ્યો છે. ઉપદેશપદના ૨૫૩મા શ્લોકની ટીકામાં ભગવાન મુનિચન્દ્રસૂરિજી મહારાજાએ તો પ્રથમ મતનો જ નિર્દેશ કર્યો છે. આપણા ગ્રન્થકાર પરમર્ષિએ પોતાની દ્વા. દ્વા. ૧૪મીના ૨ થી ૪ શ્લોકમાં બેય મતનો સમન્વય કરતાં જણાવ્યું છે કે, "માર્ગાભિમુખ અને માર્ગપતિત એ બેય અવસ્થાઓ અપુનર્બન્ધક ભાવની જ ઉત્તરોત્તર ચઢિયાતી અવસ્થા છે. પણ જેઓ એ બેય અવસ્થાને અપુનર્બન્ધક ભાવની પ્રાપ્તિ થતાં પહેલાં પ્રાપ્ત થનારી માનીને અપુનર્બન્ધક ભાવથી પૃથગ્ માને છે. તેમના મતે પણ એટલું તો સમજવું જોઇએ કે એ અવસ્થાઓ પણ ધર્મના અધિકારની કોટિમાં જ છે કેમ કે એનાથી જ આગળ ઉપર અપુનર્બન્ધકભાવ પ્રાપ્ત થવાનો છે અસ્તુ.

આ અપુનર્બન્ધક (આદિધાર્મિક) અવસ્થાના કાળમાં જ્યાં સુધી આગળ કહેવામાં આવશે તો યોગના બીજ પ્રાપ્ત થયાં નથી ત્યાં સુધી ધર્મનો બાલ્યકાળ કહેવામાં આવે છે અને બીજપ્રાપ્તિ પછીના કાળને ધર્મનો યૌવનકાળ કહેવાય છે; યોગ-બીજ અને યોગની વિચારણા કરતાં પહેલાં આપણે યોગની પૂર્વસેવાનો વિચાર કરીએ.

□

## યોગની પૂર્વસેવા

[ ૩ ]

અપુનર્બંધક અને એની ઉપરના સમ્યગ્દૃષ્ટિ આત્માઓને આધ્યાત્માદિ યોગની પ્રાપ્તિ થઈ શકે છે પરન્તુ એ માટે જરૂરી એવી યોગની પૂર્વસેવાનો અભ્યાસ કરવાનો હોય છે. આ અભ્યાસમાંથી પસાર થયેલા આત્મા એ વ્રતસહિત તત્ત્વચિન્તનાદિ યોગના અધિકારી બની શકે છે.

પૂર્વસેવા તરીકે મુખ્ય ચાર વસ્તુ છે :

(૧) ગુરુ–દેવાદિપૂજન (૨) સદાચાર (૩) તપ (૪) મુક્તિઅદ્વેષ.

ગુરુ–પૂજન : માતાપિતા કલાચાર્યને ગુરુ કહેવાય. તેમના સગા–સંબંધી આદિ ગુરુવર્ગ કહેવાય. એમનું પૂજન કરવું એટલે (૧) ત્રિકાળ નમસ્કાર (૨) અભ્યુત્થાનાદિ વિનય (૩) લઘુતા (૪) અશુચિ–વિસર્જનાદિ અયોગ્ય સ્થાને એમનો નામોચ્ચાર ન કરવો. (૫) એમની નિંદા સાંભળવી નહિ. (૬) સારાં વસ્ત્રાદિ આપવાં (૭) હિતકર ક્રિયા કરાવવી (૮) એમને અનિષ્ટ વ્યવહાર–ત્યાગીને ઈષ્ટમાં પ્રવૃત્તિ કરવી. પરંતુ તેમ કરતાં ધર્માદિ પુરુષાર્થને બાધ ન આવે તે ખાસ જોવું. (૯) ગુરુવર્ગનાં આસનાદિ પોતે ન વાપરવાં (૧૦) મૃત્યુ બાદ એમની સંપત્તિને તીર્થ-સ્થાનોમાં યોજવી. જો પોતે લે તો તેમના મૃત્યુ આદિની અનુમતિ લાગે. (૧૧) એમના પ્રતિબિંબ સ્થાપી ધૂપાદિ પૂજા કરવી. કેટલાક તેમણે સ્થાપિત કરેલી દેવપ્રતિમાદિની પૂજા કરવાનું કહે છે. (૧૨) આદરપૂર્વક એમનું પૂજન વગેરે મરણોત્તર ક્રિયા કરવી.

**દેવપૂજન** : પુષ્પાદિપૂર્વક પ્રીતિ-ભક્તિભરી આરાધ્ય દેવની સ્તવનાઓ કરવી. જ્યાં સુધી સમજણના અભાવે વીતરાગસર્વજ્ઞ ભગવનની ઓળખ ન થાય ત્યાં સુધી મહાદેવાદિ સર્વ દેવોને સામાન્યથી અથવા અતિશય શ્રદ્ધાથી પરલોકદષ્ટિવાળા આત્માને તેઓ પણ ગૌરવ કરવા યોગ્ય છે.

અહીં આ પ્રવૃત્તિ 'ચારિસંજીવનીચાર' ન્યાયથી યોગ્ય જ સમજવી. સર્વ દેવોને સામાન્યથી પૂજતો આત્મા જ્યારે અરિહંત દેવમાં ગુણાધિકતા જુએ છે ત્યારે અન્ય દેવો ઉપર દ્વેષ કર્યા વિના એમને છોડી દઈને અરિહંતદેવનું પૂજન કરે છે.

'ગુરુદેવાદિ પૂજન કહ્યું' તેમાં આદિ પદથી પાત્ર એવા વ્રતધારી સાધુઓ અને સ્વયં રાંધવાના ત્યાગવાળા માત્ર ભિક્ષાજીવી સાધુઓને વિશેષ દાન દેવું. તે સિવાય અન્ધ, દીન, કૃપણ, કોઢિયા, રોગી વગેરે બધાને દાન દેવું. આ દાન પોતાના પોષ્ય વર્ગને બાધ ન કરે તે રીતે દેવું જોઈએ તથા સ્વ-પરને ધર્મબાધાકારી જાળ-છરા વગેરે વસ્તુનું ન હોય.

**સદાચાર** : લોકનિંદાભય, દીનહીન ઉપર ઉપકારયત્ન, કૃતજ્ઞતા, દાક્ષિણ્ય, સર્વનિંદાત્યાગ, સદાચારીપ્રશંસા, આપત્તિમાં અદીનતા, સંપત્તિમાં ઉચિત વર્તાવ અને નમ્રતા, અવસરોચિત હિત-મિતભાષિત, વચનપાલન, વ્રતચુસ્તતા, અવિરુદ્ધ કુલાચાર; અયોગ્ય ધન-વ્યયત્યાગ, સ્થાને ધનવ્યય, પ્રમાદત્યાગ, અવિરુદ્ધ લોકાચાર-પાલન, પ્રામાણિકતા-પૂર્વકનો ઉચિત વ્યવહાર નિન્દ્ય પ્રવૃત્તિનો સદૈવ ત્યાગ.

**તપ** : ચાન્દ્રાયણાદિ (શુક્લપક્ષમાં ૧-૧ કોળિયો વધારતો જવાનો અને કૃષ્ણપક્ષમાં ઘટાડતો જવાનો.) બીજા પણ કષાયનિરોધ, બ્રહ્મચર્યાદિ સહિતના મૃત્યુંજય, પાપસૂદન આદિ તપો.

ઐહિક સુખની આશંસા વિના 'ओम् ह्रीं असि आ उ सा नमः' આદિ મન્ત્રોની તપપૂર્વકની સાધના

**મુક્તિ-અદ્વેષ** : ભવાભિનંદિ જીવોને ભવની તીવ્ર આશંસા હોવાથી મુક્તિ પ્રત્યે દ્વેષ હોય છે. માટે જ એની તપ-જપની ક્રિયાઓ

સંસારની વૃદ્ધિ કરાવનારા બની જાય છે. મુક્તિનો રાગ તો દૂર રહ્યો, પણ મુક્તિનો અદ્વેષ પ્રાપ્ત થતાં તે તપ-જપાદિ ક્રિયા સફળ બનવા લાગે છે. એટલું જ કે તપાદિ સદનુષ્ઠાન ઉપર રાગ હોવો જરૂરી છે. આથી જ અભવ્યને મુક્તિ-અદ્વેષ હોવા છતાં સદનુષ્ઠાન ઉપર રાગ ન હોવાથી તેના તપાદિ અનુષ્ઠાનો મુક્તિસાધક બની શકતા નથી.

યોગની પૂર્વસેવાની જેમ સમ્યગ્દૃષ્ટિની પણ પૂર્વસેવા હોય છે, જેમાં અન્ય દર્શનોના આચારની આરાધના સાથેનો માધ્યસ્થ્ય ભાવ પ્રધાન બને છે. માધ્યસ્થપૂર્વકની તે આરાધનાઓ સમ્યક્ત્વની પ્રાપ્તિમાં અત્યન્ત સહાયભૂત બને છે માટે જ તેને સમ્યક્ત્વની પૂર્વસેવા કહેવાય છે.

આપણે પૂર્વે જોઈ ગયા કે આ અપુનર્બન્ધક ભાવમાં રહેલા આદિધાર્મિકને અધ્યાત્માદિ યોગનાં બીજોની પ્રાપ્તિ થાય છે. આ યોગબીજ, આઠ યોગદૃષ્ટિમાંની ૧ લી મિત્રાદૃષ્ટિમાં વર્તતા યોગીને પ્રાપ્ત થાય છે. યોગદૃષ્ટિની સજ્ઝાયના ૮ મા શ્લોકમાં આપણા ગ્રન્થકાર પરમર્ષિ જણાવે છે કે,

'યોગના બીજ ઇહાં ગ્રહે; જિનવર શુદ્ધ પ્રણમો રે,
ભાવાચાર જ સેવના; ભવ ઉદ્વેગ સુઠામો રે....'

યોગની આઠદૃષ્ટિનું સવિસ્તર વિવેચન કરવા પૂર્વે ૧ લા ગુણસ્થાને આદિધાર્મિકને પ્રાપ્ત ૧ લી ૪ દૃષ્ટિનું વર્ણન જરૂરી છે. એમાં ૧ લી મિત્રાદૃષ્ટિનો આરંભ કરતાં પહેલાં તેના જ એક અંગ રૂપ યોગ. બીજ શું છે ? વગેરે વિચાર કરીએ.

□

[૪]

ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજાએ 'जिनेषु कुशलं चित्तं' ઇત્યાદિ પદોથી, યોગના બીજોનો લલિતવિસ્તરા ગ્રન્થમાં સંગ્રહ કર્યો છે. તેમનો પ્રથમ નામ, નિર્દેશ કરીને વિસ્તારથી વિચાર કરશું.

(૧) જિનેશ્વરદેવોને વિશે નિરાશંસભાવપૂર્વકની શુદ્ધ માનસિકી પ્રીતિ. જેના બળે વાચિક સ્તવનાદિ રૂપ નમસ્કાર અને કાયિક પંચાંગ-પ્રણિપાત રૂપ કુશલ-મન-વચન-કાયાની શુદ્ધ પ્રવૃત્તિ થાય.

(૨) ભાવ-આચાર્યાદિને વિશે પણ ઉપર પ્રમાણેની માનસી પ્રીતિ તથા પ્રવૃત્તિ. તથા શાસ્ત્રોક્ત વિધિપૂર્વક શુદ્ધાશયપૂર્વકની તેમની વૈયાવચ્ચ.

(૩) આર્તધ્યાન રૂપ નિમિત્ત વિના જન્માદિ દુઃખોના ભાનથી સાહજિક ભવોદ્વેગ.

(૪) મુનિવર્ગને ઔષધાદિ દાન, વગેરે દ્રવ્ય-અભિગ્રહોનું રુચિ-પૂર્વક પૂર્ણ પાલન (સમ્યક્ત્વ પૂર્વની અવસ્થામાં આ યોગ-બીજ પડે છે માટે ત્યાં ભાવ-અભિગ્રહ હોઇ શકે નહિ.)

(૫) સિદ્ધાન્ત લખાવવા દ્વારા સિદ્ધાન્તભક્તિ

(૬) બીજ કથાની પ્રેમ-શુદ્ધ શ્રદ્ધા

(૭) બીજકથાથી બીજ ઉપર ઉપાદેય ભાવ.

અપુનર્બંધક અવસ્થાને પામેલા આત્માઓમાં ઉપરોક્ત બીજો સુખપૂર્વક વાવી શકાય છે. જેમ વિધિપૂર્વક સારી જમીનમાં વાવેલા અનાજનાં બીજો ઊગી નીકળે છે તેમ એ ધર્મનાં બીજો પ્રાયઃ તે

જીવોમાં ઊગી નીકળે છે. તેનું વાવેતર અંકુરા વગેરેનું સ્વરૂપ લલિત-વિસ્તરા ગ્રન્થના આધારે જાણી લઈએ.

ધર્મની નિર્મલ પ્રશંસા કરવી તે ધર્મબીજનું વાવેતર કરવા રૂપ છે, તે ધર્મ પ્રાપ્ત કરવાની ચિંતા કરવી એ બીજના અંકુરો છે, તે ધર્મકથા સાંભળવી તે તેનો કંદ કહેવાય છે. તે ધર્મનું આચરણ કરવું તે પુષ્પનો નાળ કહેવાય છે, તેનાથી દેવ-મનુષ્ય પ્રાયોગ્ય સંપદા મળે તે પુષ્પ કહેવાય છે અને પરિણામે સર્વકર્મ-નિવૃત્તિ તે ફળ કહેવાય છે.

ઉપરોક્ત બીજના વાવેતર વિના જીવનમાં કદી પણ યોગનો ઉદય થતો નથી. ઉપદેશ પદની ૨૨૪ મી ગાથામાં કહ્યું છે કે, "સારો વરસાદ થવા છતાં પણ જેમ બીજ વાવ્યા વિના ધાન્ય થતું નથી તેમ ઉપર જણાવેલા ધર્મબીજના વાવેતર વિના શ્રીતીર્થંકર ભગવંતની હાજરીમાં પણ આત્મામાં ધર્મવૃક્ષ ઊગી શકતું નથી.

યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રન્થમાં કહ્યું છે કે યોગબીજને પ્રાપ્ત કર્યા પછી મુક્તિપદની અવશ્યમેવ સિદ્ધ થાય છે કેમ કે આ બીજ વાંઝિયા નથી.

યોગ-બીજ પ્રાપ્ત થયા પછી આત્માના બાધક ભાવો દૂર થઈ જાય છે અને સાધક ભાવોનો જ પ્રસાર થવા લાગે છે. શ્રીદેવચન્દ્રજી મહારાજે કહ્યું છે કે, "બાધક પરિણતિ સવિ ટળે, સાધક સિદ્ધિ કહાય રે... જગતારક પ્રભુ વિનવું."

**जिनेषु कुशलं चित्त** : વીતરાગ સર્વજ્ઞ ભગવંતોને વિષે (૧) પ્રીતિ-ભક્તિ ભાવભર્યું ચિત્ત રાખવું. તેમને તેવા મનપૂર્વક, (૨) વાચિક નમસ્કાર કરવો અને (૩) કાયાથી પંચાગ પ્રણિપાતાદિ કરવાં. આ પ્રણામાદિ સંશુદ્ધ હોવા જોઈએ. કેમ કે અસંશુદ્ધને અહીં સ્થાન જ નથી. કેમ કે તેવા પ્રણામાદિ તો યથાપ્રવૃત્તિકરણના ભેદરૂપ હોઈ તેમનામાં યોગબીજપણું ઘટે નહિ. કેમ કે તેવા પ્રણામ મુક્તિ-ફળના દાતા બની શકતા નથી. જ્યારે યોગબીજ તો અવન્ધ્ય છે, અવશ્ય મુક્તિફળની ભેટ ધરનારું છે.

યોગ-બીજમાં સર્વ પ્રથમ બીજ તરીકે વીતરાગ ભક્તિ જણાવીને તેની સર્વોત્કૃષ્ટ વિશેષતા સૂચવી છે. શ્રી રૂપવિજયજી મહારાજ જણાવે છે કે,

> "ભક્તિ વિના નવિ મુક્તિ હુવે કો ભક્તને,
> રૂપી વિના તો તે ન હુવે કોઇ વ્યક્તિને."

આ પ્રથમ દૃષ્ટિમાં ભગવાનને વંદનાદિ રૂપ દ્રવ્યભક્તિ મુખ્યપણે અભિપ્રેત છે પરંતુ પ્રભુ સાથે અભેદ થવાની ઇચ્છા, નિષ્કામભાવાદિ રૂપ ભાવભક્તિની મુખ્યતા અભિપ્રેત નથી.

**પ્રશ્ન :** સંશુદ્ધ પ્રણામ એટલે કેવા પ્રણામ ?

**ઉત્તર :** તેનાં ત્રણ લક્ષણ જણાવ્યાં છે. ૧. અત્યન્ત ઉપાદેય બુદ્ધ ૨. સંજ્ઞાનિરોધ ૩. નિષ્કામપણું.

**ઉપાદેયબુદ્ધિ :** જિનેશ્વરદેવ અત્યન્ત આદરણીય છે એવી બુદ્ધિ. પ્રભુની ભક્તિમાં ગાંડો બનતો આ જીવ બધાં ય કામોને ગૌણ કરી દે છે, પડતાં મુકે છે.

**સંજ્ઞાનિરોધ :** અહીં 'સંજ્ઞા' પદથી ૧૦ સંજ્ઞા લેવાની છે. આહાર, ભય, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, ઓઘ અને લોકસંજ્ઞા-આમાંની એક પણ સંજ્ઞા ભક્તિકાર્યમાં લેશ પણ સ્ફુરાયમાન ન થાય. ભક્તિમાં રસતરબોળ ભક્ત ખાવા-પીવાનું પણ ભૂલી જાય. પ્રભુ પાસે વળી ભય કેવો? એ વાત તેના રૂવાંડે રૂવાંડે રમી જાય. રતિ તો આ જિનેશ્વરમાં જ ઓતપ્રોત બની હોય એટલે લૌકિક મૈથુનની ક્રિયા તો અતિનિન્દ્ય લાગે, મૂર્છાનો ભાવ તો કયાંય પલાયન થઇ ગયો હોય, ક્રોધાદિ કષાયો શાન્ત થઇ ગયા હોય.

જડતા અને લોકોની ખુશામતી મેળવવા વગેરેની મનોવૃત્તિ નષ્ટપ્રાયઃ થઇ ચૂકી હોય. શ્રી ચિદાનંદજી મહારાજાએ લોકસંજ્ઞાને અનુલક્ષીને કહ્યું છે કે, "જનમનરંજન ધર્મનું મૂલ ન એક બદામ."

**નિષ્કામભાવ :** ભક્તિની પાછળ કોઈ પણ પ્રકારની ઐહિક કામના ન હોવી જોઇએ.

આ ત્રણેય ભાવોવાળા પ્રશમાદિ જ સંશુદ્ધ ચિત્ત ગણાય છે.

आचार्यादिष्वपि एतद्(कुशलचित्त) : ભાવયોગી એવા ભાવાચાર્ય, ભાવ–ઉપાધ્યાય, ભાવ–સાધુ, ભાવ–તપસ્વી વગેરે પ્રત્યે પણ શુભભાવ-સંપન્ન ભક્તિ–ભાવભર્યું વિશુદ્ધ કુશળ ચિત્ત હોવું....તે બીજું યોગબીજ છે.

અહીં દ્રવ્યાચાર્યાદિનો નિષેધ કર્યો છે. કેમ કે તેઓ ખોટા રૂપિયા જેવા છે. જેમને વટાવવા જતાં કોડીની કિંમત તો ઊપજતી જ નથી પણ કેટલીક વાર તો ભારે મુશ્કેલીમાં મુકાઈ જવું પડે છે. ધાતુ ખોટી અને છાપ ખોટી, અથવા ધાતુ ખોટી અને છાપ સાચી. આ બે ય પ્રકાર બનાવટી રૂપિયાના છે. આ બે ય દ્રવ્યલિંગીઓની સેવા વગેરે નિષ્ફળ હોવાથી તેમની સેવામાં ઉદ્યત થવું ન જોઈએ. અન્યથા અધર્મની જ પુષ્ટિ થાય. યોગી આત્માઓ એવા દાંભિક દ્રવ્યલિંગી તરફ આદરભાવ બતાવતા નથી, કેમ કે તેઓ સ્વયં વિશુદ્ધભાવના પુજારી છે, કેવળ દ્રવ્યના નહિ. માટે જ દ્રવ્ય–ભાવ ઉભયથી સાધુને અથવા ભાવથી સાધુને તેઓ માન્ય કરે છે. આવા મુનિઓની તેઓ વિનમ્રભાવે સેવા કરે છે. તેમને આહાર–ઔષધાદિનું દાન કરે છે.

સહજ ભવોદ્વેગ : સંસારની અસારતાને જાણીને તેના તરફનો અરુચિભાવ હોવો. ઈષ્ટ વિયોગાદિ આર્તધ્યાનના નિમિત્તો પ્રાપ્ત થતાં સંસાર ઉપર ઘણાને નફરતભાવ જાગી જાય છે. પરંતુ તેવા નફરત–ભાવની અહીં વિવક્ષા નથી. પરંતુ અહીં તો સંસારનાં વિવિધ પાસાં-ઓનું અનિત્યાદિ ભાવના દ્વારા દર્શન કરીને સંસાર માત્ર ઉપર અરુચિભાવ વિવક્ષિત છે. ટૂંકમાં સાંસારિક સમગ્ર સુખો પ્રત્યે પણ સહજ બની ગએલો ઉદ્વેગ એ જ યોગ–બીજ છે. આવા સાહજિક ભવોદ્વેગ માટે ૧૨ ભાવનાનું પુનઃ પુનઃ ચિન્તન અત્યન્ત અનિવાર્ય છે, તેનાથી જ જગતનું વાસ્તવિક સ્વરૂપ નજરે ચડી જાય છે. અને સંસારની નરી નિર્ગુણતાનું દર્શન થતાં તેના તરફ જે સૂગ ઉત્પન્ન થાય છે તે સાહજિક બની જાય છે. દુઃખ પ્રત્યેનો જ ઉદ્વેગ–ભાવ સુખ પ્રાપ્ત થતા ટળી જાય છે. કેમ કે દુઃખથી ત્રાસેલો સંસારના સુખને તો સારું માની

રહ્યો છે એટલે સુખ પ્રાપ્ત થતાં જ તેને દુઃખ જેવું જ ધિક્કારવા લાયક માની લેવા તે લાચાર બનશે. પરિણામે તેનો ભવોદ્વેગ દૂધના ઊભરા જેવો બની રહે.

દ્રવ્ય-અભિગ્રહપાલન : વિશિષ્ટ કોટિના આધ્યાત્મિક જીવનમાં મસ્તાન રહેતા મહામુનિઓને આહારાદિના દાન વગેરે દ્રવ્યાભિગ્રહો કરવા એ યોગ-બીજ છે.

સમ્યક્ત્વ ભાવની પ્રાપ્તિની નજદીકમાં આવી ચૂકેલા આત્માઓનું માનસવલણ સ્વાભાવિક રીતે જ એવા મહામુનિઓ તરફ, સદાચારી જીવન તરફ ઢળી રહેતું હોય છે. આથી જ સાંસારિક પ્રવૃત્તિમાં ક્યારેક ઘસારો વેઠીને પણ તેઓ મહામુનિના દાનાદિ ધર્મોથી પાછા હટતા નથી. જેમ આ આત્માઓ પ્રભુ-ભક્તિમાં ઘેલા બને છે તેમ મુનિ-ભક્તિમાં પણ ગાંડા બને છે તેથી જ તેમના જીવનમાં તે સંબંધિત અનેક દ્રવ્યાભિગ્રહોનું પાલન થતું હોય છે. આવા આત્માઓમાં દીન-દુઃખિતો ઉપર અત્યંત દયાભાવ હોય છે. એટલે તેઓ સાર્વજનિક ઉપયોગમાં આવતી સંસ્થાઓમાં પણ દાનાદિ દેતા હોય છે. દીનોદ્ધાર માટે દાનશાળાદિ ખોલાવવા તરફ પણ તેમની સુરુચિ રહ્યા કરે છે. દ્વા. દ્વા. માં આપણા ગ્રંથકાર પરમર્ષિ જણાવે છે કે પુષ્ટાલંબનને આશ્રયીને વાવ-કૂવા-દાનશાળાદિ કરાવવા પડે તો પણ તેનાથી જિન-શાસનની ઉન્નતિ થાય અને અન્ય જીવોમાં ધર્મ-પ્રશંસા રૂપ બીજનું આધાન થાય અને અનેક માનવોનો ઉપકાર કરીને અનુકંપા-ધર્મ બજાવવાની તક પણ મળે છે, તેથી આવા દાનાદિમાં મુખ્ય હેતુ તો તે આત્માનો શુભાશય જ હોય છે.

વળી ભગવંતે પણ દાનને ધર્મનું મુખ્ય અંગ કહ્યું છે અને તે માટે તો ભગવંતે પણ ચારિત્રધર્મનો અંગીકાર કરતાં એક વર્ષ સુધી દાન દીધું હતું.

વિધિ-સિદ્ધાંત લેખન : જગતના વાસ્તવિક સ્વરૂપને જણાવતું અને હેય-ઉપાદેય તત્ત્વોનો વિવેક કરતું શાસ્ત્ર તે જ સિદ્ધાંત. એવા સિદ્ધાંતનું પ્રતિપાદન કરતાં શાસ્ત્રો લખાવવા, વંચાવવા, સાંભળવા વગેરે

ઉત્તમ કોટિનું યોગ-બીજ છે. સિદ્ધાંત-લેખન પણ વિધિપૂર્વક જોઈએ, અનીતિથી ઉપાર્જિત ધનથી સિદ્ધાંત લેખન કરાવવું તે ઉચિત નથી. તેમ સિદ્ધાંત લખાવતાં કોઈ પણ આશાતના વગેરે ન થાય તે પણ જાળવવું જોઈએ. સિદ્ધાંત-લેખકને પણ સંતોષ આપવો જોઈએ. સિદ્ધાંત-ગ્રંથ લખાઈ ગયા બાદ નગરમાં તેનો સત્કાર-બહુમાન થાય તે માટે ઠાઠથી મહોત્સવપૂર્વક વરઘોડો કાઢવો જોઈએ. સિદ્ધાંતનું સારી રીતે રક્ષણ થાય તે માટે પેટી વગેરે બનાવવાનો પ્રબંધ કરવો જોઈએ. શ્રી યોગદૃષ્ટિની સજ્ઝાયમાં કહ્યું છે,

"લેખન-પૂજન દાનને, શ્રુતિ વાચન ઉદ્‌ગ્રાહ,
પ્રકાશના સ્વાધ્યાયને, ચિંતન ભાવન ચાહ."

સિદ્ધાંતલેખનની જેમ સિદ્ધાંતનું ધૂપ-વાસક્ષેપાદિથી પૂજન પણ કરવું જોઈએ. વળી મુમુક્ષુને અથવા સત્પાત્રને એ સિદ્ધાંત-ગ્રંથનું દાન પણ કરવું જોઈએ.

જે ધર્મ-ગ્રંથ વાંચવાનો પોતાનો અધિકાર હોય તેનું વિનયાદિ-પૂર્વક વાચન પણ કરવું જોઈએ. સદ્‌ગુરુના વિરહે આવા ગ્રંથોનું વાચન ગુરુની ખોટ પૂરી પાડનારું બને છે.

**ઉદ્‌ગ્રાહ :** વિધિપૂર્વક સિદ્ધાંતનું ઉદ્‌ગ્રહણ કરવું જોઈએ. અર્થાત્ શાસ્ત્ર-વાંચનનો અધિકાર મેળવવા માટે શાસ્ત્રોક્ત ક્રિયા વહન કરવી જોઈએ.

**પ્રકાશન :** પોતાને જે બોધ થયો તેનું બીજા યોગ્ય આત્મા પાસે પ્રકાશન કરવું જોઈએ. કેમ કે શ્રોતાના અનુગ્રહની બુદ્ધિથી પ્રવર્તતા વક્તાને એકાંતે લાભ થાય છે તેમ જ પોતાને ચિંતન કરવાની તક પણ મળી જાય છે.

**સ્વાધ્યાય :** સિદ્ધાંતનો સ્વાધ્યાય કરવો એટલે વાચના-પૃચ્છના-પરાવર્તના કે ધર્મકથા કરવી.

(૧) વાચના—વિનયપૂર્વક ગુરુ સમીપે સૂત્રનું વાચન લેવું.

(૨) પૃચ્છના—વિનયપૂર્વક તત્ત્વપૃચ્છા કરવી. માધ્યસ્થભાવ જાળવીને પૂછવું. કદાગ્રહ રાખ્યા વિના પૂછવું.

(૩) પરાવર્તના—શીખેલા સિદ્ધાંતનો પુનઃ પુનઃ પાઠ વગેરે કરવા.

(૪) ધર્મકથા—શ્રોતાઓ સમક્ષ સિદ્ધાંતને વિધિપૂર્વક શાસ્ત્રયુક્ત રહીને સંભળાવવા તથા,

(૫) ચિંતન—મેળવેલા તત્ત્વની પુનઃ પુનઃ ચિંતા કરવી, સૂક્ષ્મ વિચારણા કરવી, ઊહાપોહ કરવો.

(૬) ભાવના—તે તે સિદ્ધાંતને આત્મામાં ભાવિત કરી દેવા ફરી ફરી તેનું રટણ કરવું. ભાવના એટલે પુટ. સુવર્ણને એકદમ ચોખ્ખું કરવા સંપુટમાં, કુલડીમાં મૂકી ફરી ફરી તપાસવારૂપ ભાવના-પુટ દેવાય છે ત્યારે તે શુદ્ધ થાય છે. તેમ જુદી જુદી રીતે તત્ત્વ-ચિંતા કરવાથી આત્માની-જ્ઞાનની નિર્મળતા પ્રાપ્ત થાય છે.

**બીજકથાનો પ્રેમ—શુદ્ધ શ્રદ્ધા :** યોગના બીજોની કથા સાંભળતાં અંત ઉલ્લાસ થાય. "એ એમ જ છે" એવી શ્રદ્ધા થાય. એ પણ યોગ-બીજ છે. આથી જ યોગ-બીજવાળા યોગીઓ જ્યારે જ્યારે તત્ત્વશ્રવણ કરે છે ત્યારે તેમનાં રૂંવે રૂંવાં ખડાં થઈ જાય છે. એમનું અંતર આનંદમય થઇ જાય છે. પુનઃ પુનઃ અંતરમાં પોકારી ઊઠે છે, "ગુરુદેવ જેવું કહે છે તેવું જ છે! કેવું અદ્ભુત તત્ત્વ! કેવા ભગવાન! કેટલા ઉપકારી!" યદ્યપિ અહીં સમ્યગ્દર્શનના ઘરની રુચિ નથી કિન્તુ એ રુચિને તાણી લાવે તેવી તત્ત્વ-રુચિ જરૂર છે.

**બીજકથામાં ઉપાદેયભાવ :** આ છેલ્લું યોગ-બીજ કહ્યું છે. બીજકથા સાંભળતાં તે બીજ અત્યંત ઉપાદેય લાગે, તેની ઉપર ભારે આદર જાગે.

□

## યોગદૃષ્ટિ:

## [૫]

હવે અપુનર્બંધક આત્મામાં સંભવતી ૪ યોગદૃષ્ટિનું સ્વરૂપ વિચારીએ. આ યોગદૃષ્ટિ જેમને પ્રાપ્ત થઈ નથી તે તીવ્ર મિથ્યાત્વી જીવોને ઓઘદૃષ્ટિ હોય છે.

ઓઘ એટલે સ્થૂલ-સામાન્ય-પ્રવાહ.

દૃષ્ટિ એટલે દર્શન-જ્ઞાન.

જે જીવો તીવ્ર-મિથ્યાત્વભાવમાં હોય છે તેમની દૃષ્ટિ (vision)માં ઘણી સ્થૂલતા વિપરીતતા વગેરે હોય છે. વસ્તુને તેના સ્વરૂપમાં તેઓ જોઈ શકતા નથી. અનાદિકાળના સંસાર-પ્રવાહમાં તણાતા એ જીવોની દૃષ્ટિમાં તત્ત્વાતત્ત્વનો કશો વિવેક હોતો નથી. આવા પ્રાકૃત જીવોનું જે લૌકિક દર્શન તે ઓઘ-દૃષ્ટિ છે. (layman's vision)

આ ઓઘદૃષ્ટિ પણ બધાની સરખી નથી હોતી કિન્તુ જ્ઞાનાવરણાદિ કર્મોની વિચિત્રતાને લીધે અનેક પ્રકારની હોય છે.

જેમ કે (૧) મેઘલી રાતે અત્યંત ઝાંખું કાંઈક દેખાય (૨) પણ મેઘ વિનાની રાતે તે જ કાંઈક વધારે સ્પષ્ટ દેખાય (૩) અને તેથી પણ સ્પષ્ટ મેઘલા દિવસે દેખાય (૪) તેથી પણ વધુ સ્પષ્ટ વાદળ વિનાના દિવસે દેખાય (૫) તેમાં પણ જો જોનારો ભૂતાદિનો વળગાડ વગેરેવાળો હોય તો દેખાવમાં જે આવે (૬) તેના કરતાં એ એવા વળગાડ વગેરે વિનાનાને ઘણું વધુ સ્પષ્ટ દેખાય (૭) એય જો બાળક હોય તો તેને જે દેખાય તેના કરતાં (૮) પુખ્ત ઉંમરનાને અતિ વધુ

સ્પષ્ટ દેખાય, તે પણ જો અલ્પ વિવેકવાળો હોય તો તેના કરતાં (૯) વધુ ને વધુ વિવેકીને ઉત્તરોત્તર વધુ ને વધુ સ્પષ્ટ દેખાય.

આ મોતીઆ વગેરેના પડળના આવરણથી જેવું દેખાય તેથી વધુ સ્પષ્ટ કોઈ પણ આવરણ વિના દેખાય.

આમ એક જ વસ્તુ વિચિત્ર કારણોને લીધે જુદી જુદી દેખાય છે તેમ ઓઘદૃષ્ટિવાળા જીવો લૌકિક પદાર્થોને અનેક પ્રકારની દૃષ્ટિથી જુએ છે. એ બધાયનાં લૌકિક-દર્શન તે બધી ઓઘદૃષ્ટિ કહેવાય છે.

જે રીતે કર્મ વિચિત્રતાને લીધે ઓઘદૃષ્ટિના અસંખ્ય ભેદ પડે છે તેમ કર્મના ક્ષયોપશમ (મિથ્યાત્વમંદતા)ની વિચિત્રતાને લીધે યોગદૃષ્ટિના પણ અસંખ્ય ભેદ પડે છે.

યોગમાર્ગને અનુસરતી યોગી પુરુષની દૃષ્ટિ તે યોગદૃષ્ટિ કહેવાય.

આ ઉપરથી એમ કહી શકાય કે ઓઘદૃષ્ટિ તીવ્ર મિથ્યાત્વીને હોય, જ્યારે યોગદૃષ્ટિ મંદ મિથ્યાત્વી અપુનર્બંધકાદિ જીવોને હોય. ઓઘદૃષ્ટિ આત્માદિને માનતો પણ ન હોય જ્યારે યોગદૃષ્ટા આત્મા-પરલોકાદિને માનતો હોય; ઓઘદૃષ્ટાનું પદાર્થદર્શન બિલકુલ ઢંગધડા વિનાનું હોય જ્યારે યોગદૃષ્ટા તત્ત્વગ્રાહી દૃષ્ટિથી જોતો-વિચારતો હોય; ઓઘદૃષ્ટા દર્શનોને (ધર્મોને) વિશે કદાગ્રહી હોય જ્યારે યોગદૃષ્ટા મધ્યસ્થ હોય.

૮ યોગદૃષ્ટિનાં નામો આ પ્રમાણે છે :

મિત્રા-તારા-બલા-દીપ્રા-સ્થિરા-કાન્તા-પ્રભા-પરા.

આ આઠમાંથી ૧ લી ૪ દૃષ્ટિ ૧ લા ગુણસ્થાનના જીવોમાં જ સમાઈ જાય છે.

**આઠેય દૃષ્ટિમાં બોધના પ્રકાશનું તારતમ્ય (સંક્ષેપથી)**

**૧. મિત્રાદૃષ્ટિ :** તૃણના અગ્નિકણ સરખો બોધ હોય છે. આ બોધપ્રકાશ ઇષ્ટ પદાર્થનું દર્શન કરાવવા સમર્થ થતો નથી. કેમ કે તૃણાગ્નિકણની જેમ આ બોધપદાર્થની બરોબર સૂઝ પડે ત્યાં સુધી ટકી રહેતો નથી.

**૨. તારાદૃષ્ટિ :** આ દૃષ્ટિનો બોધ છાણના અગ્નિકણ સમો હોય છે. મિત્રા કરતાં આ તારાદૃષ્ટિનો બોધ કાંઈક વધારે ખરો પરંતુ તે બેમાં વિશેષ તફાવત હોતો નથી. આથી મિત્રા-તારા દૃષ્ટિમાં દ્રવ્ય-વંદનાદિ હોય છે.

**૩. બલાદૃષ્ટિ :** કાષ્ટના અગ્નિકણ સમો અહીંનો બોધ હોય છે. અહીં પૂર્વોક્ત બે ય દૃષ્ટિ કરતાં અહીં વિશેષ બોધ હોય છે. અર્થાત્ બોધનું બળ, વીર્ય, સ્થિતિ વગેરે વધુ હોય છે. એટલે અહીં બોધના પ્રયોગ સમયે નિપુણ સ્મૃતિ હોય છે.

**૪. દીપ્રાદૃષ્ટિ :** દીપકપ્રભાની સદૃશ અહીંનો બોધ હોય છે. ઉપરોક્ત ત્રણેય દૃષ્ટિથી વિશિષ્ટ કોટિનો બોધ અહીં હોય છે. આ બોધ વધુ વીર્યવાળો અને વધુ ટકનારો હોય છે. છતાં અહીં પણ ભાવપૂર્વકની ક્રિયા હોતી નથી કિન્તુ દ્રવ્યક્રિયા હોય છે. આ દૃષ્ટિવાળા જીવો છેલ્લાં યથાપ્રવૃત્તિકરણના અંત ભાગમાં આવી ચૂક્યા હોય છે.

પૂર્વપૂર્વ દૃષ્ટિ કરતાં ઉત્તરોત્તર દૃષ્ટિમાં મિથ્યાત્વ-ભાવની વધુ ને વધુ મંદતા થતી જાય છે અને ગુણનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું જાય છે.

**૫. સ્થિરાદૃષ્ટિ :** અહીંથી ચારેય દૃષ્ટિ સમ્યક્ત્વભાવ સહિત જ હોય છે એટલે કે ૪ થા વગેરે ગુણસ્થાને હોય છે. આ દૃષ્ટિનો બોધ રત્નની પ્રભા સમો છે.

રત્નના પ્રકાશની જેમ અહીંનો બોધ સ્થિર હોય છે. તેને આપત્તિના વાયુ ઓલવી શકતા નથી. એથી જ આ દૃષ્ટિના બોધને ૧. અપ્રતિપાતી ૨. પ્રવર્ધમાન ૩. નિરપાય (તેલ ખૂટતાં દીવો ઓલવાય તે રૂપ અપાય વિનાનો.) ૪. અપરિતાપી (બીજાને ક્લેશાદિ ન પમાડનારી) ૫. પરિતોષ હેતુ (જેનાથી બીજાનો આત્મા શાન્ત થાય, તોષ પામે) ૬. પરિજ્ઞાનાદિનું જન્મસ્થાન (આત્માનું અને ચારે ય પદાર્થજ્ઞાન કરાવે છે) રૂપ કહ્યો છે.

૬. કાન્તાદૃષ્ટિ : અહીંનો બોધ તારાની પ્રભા જેવો હોય છે. આ દૃષ્ટિનો યોગી સાચે જ કાન્તા (પતિવ્રતા સ્ત્રી)ના જેવા સ્વભાવવાળો હોય છે. જેમ ગમે તે કામ કરતાં સ્ત્રીનું મન તેના પતિમાં જ રમતું હોય છે. તેમ આ યોગી સંસારની ગમે તે પ્રવૃત્તિ કરવા છતાં શ્રુતધર્મમાં જ લીન રહે છે. પૂર્વની દૃષ્ટિ કરતાં અહીંનો બોધ વિશેષ ઉજ્જવળ હોય છે, વધુ ગાઢ અને સ્થિર હોય છે. આથી જ અહીં ભાવઅનુષ્ઠાન–સત્ક્રિયા હોય છે. આ અનુષ્ઠાન પણ નિરતિચાર હોય છે. શુદ્ધોપયોગને અનુસરતું અને વિશિષ્ટ અપ્રમતભાવવાળું હોય છે તેમ જ અહીં રહેલા જીવો બીજાઓને પણ યોગ–માર્ગમાં જોડે છે.

૭. પ્રભાદૃષ્ટિ : આ દૃષ્ટિનો બોધ સૂર્યના પ્રકાશ સમો અત્યન્ત જાજવલ્યમાન હોય છે. માટે જ આ દૃષ્ટિને પ્રકૃષ્ટ પ્રકાશવાળી (પ્ર+ભા) કહી છે. અહીંનો બોધ (૧) સર્વદા ધ્યાનહેતુ બને છે. (૨) પ્રાયઃ નિર્વિકલ્પ હોય છે. (૩) પ્રશમસાર સુખનો અનુભવ કરાવનારો હોય છે. વળી અન્ય શાસ્ત્રાધ્યયનાદિનું અહીં મહત્ત્વ રહેતું નથી. સઘળાં અનુષ્ઠાનો સમાધિમય હોય છે. આ યોગીના સાન્નિધ્યમાં નિત્યવૈરી જીવો પણ પોતાના વૈરભાવને વિસરી જાય છે, એઓ પરાનુગ્રહ કરનાર હોય છે. શિષ્ય પ્રત્યે ઔચિત્ય રાખીને તેમના આત્મકલ્યાણમાં મદદગાર બને છે. અહીંની સઘળી સત્ક્રિયા અવશ્ય મોક્ષ–ફળ આપે છે.

૮. પરાદૃષ્ટિ : અહીં ચન્દ્રપ્રભા સરખો બોધ હોય છે. સૂર્યપ્રકાશ તો તાપ પમાડે જ્યારે ચન્દ્રપ્રકાશ સૌમ્ય હોઈને શીતલતા આપે, અપૂર્વ આહ્લાદક બને. બેય વિશ્વપ્રકાશક છતાં સૂર્યપ્રકાશ કરતાં ચન્દ્રપ્રકાશનું સ્થાન વિશિષ્ટ માનવામાં આવ્યું છે. આ બોધ આઠેય દૃષ્ટિના બોધમાં સર્વશ્રેષ્ઠ છે, પર છે માટે જ આ દૃષ્ટિને પરાદૃષ્ટિ કહેવામાં આવી છે.

આ દૃષ્ટિના યોગીને નિર્વિકલ્પ ધ્યાનસુખ પ્રવર્તે છે, તે પરમ-સુખનો અનુભવ કરે છે, યથાભવ્યત્વ પ્રમાણે પરોપકારનિરત હોય છે, આમની સત્ક્રિયા અવન્ધ્ય હોય છે.

આ આઠે ય દૃષ્ટિ સદ્દૃષ્ટિ કહી છે. યદ્યપિ સ્થિરાદિ છેલ્લી ચાર દૃષ્ટિને જ સદ્દૃષ્ટિ કહી શકાય કેમ કે ૧ થી ૪ દૃષ્ટિમાં સમ્યક્ત્વભાવ નથી તથાપિ સમ્યક્ત્વની કારણતા ૧લી ૪ દૃષ્ટિમાં હોવાથી તેને પણ સદ્દૃષ્ટિ કહેવાય.

ખડી-સાકર કાંઈ એમ ને એમ બની જતી નથી, પરંતુ તેની પૂર્વકની અનેક અવસ્થામાંથી પસાર થવું પડે છે. ૧. પ્રથમ તો શેરડી હોય ૨. પછી તેનો રસ થાય ૩. તેને ઊકાળીને કાવો બનાવાય ૪. પછી તેમાંથી ગોળ બને ૫. ત્યાર પછી તેને શુદ્ધ કરતાં તેમાંથી બારીક ખાંડ થાય ૬. પછી શર્કરા-ઝીણી સાકર બને ૭. અશુદ્ધ સાકરના ગઠ્ઠા થાય પછી છેવટે, ૮. શુદ્ધ સાકરના ચોસલા-ખડી સાકર થાય.

અહીં શેરડીથી ગોળ બનવા સુધીની ૪ અવસ્થાઓ એટલે મિત્રાદિ ચાર દૃષ્ટિઓ સમજવી. અને બાકીની ૪ અવસ્થા તે સ્થિરાદિ ૪ દૃષ્ટિ સમજવી.

આમ સ્થિરાદિ દૃષ્ટિની સિદ્ધિમાં મિત્રાદિ દૃષ્ટિની ઉપયોગિતા જરા ય ઓછી નથી. માટે મિથ્યાત્વ ગુણસ્થાને એ ૪ દૃષ્ટિ હોવા છતાં તેને પણ સદ્દૃષ્ટિ કહેવાય.

ઉપરોક્ત આઠ દૃષ્ટિઓમાં ક્રમશઃ યમ-નિયમાદિ ૮ યોગો હોય છે, ખેદાદિ ૮ દોષોનો ત્યાગ થતો જાય છે, અદ્વેષાદિ ગુણ પ્રાપ્ત થતા જાય છે.

**આઠ યોગાંગ :**

**યમ :** આનું બીજું નામ વ્રત પણ છે. તે પાંચ છે.

અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય-અપરિગ્રહ

પ્રત્યેક તારતમ્યને લીધે ૪ પ્રકારે છે. ઇચ્છાયમ-પ્રવૃત્તિયમ સ્થિરયમ-સિદ્ધિયમ.

**નિયમ :** પાંચ પ્રકારે છે.

શૌચ-સંતોષ-તપ-સ્વાધ્યાય અને ઈશ્વરધ્યાન.

આસન : દ્રવ્યથી કાયિક ચાપલ્ય રોકીને એક સ્થાને સ્થિરતા રૂપ પદ્માસનાદિ; ભાવથી પરભાવને ત્યાગી સ્વભાવમાં સ્થિરતા રૂપ આસન.

| | યોગાંગ | દોષત્યાગ | ગુણપ્રાપ્તિ | બોધની ઉપમા | વિશેષતા |
|---|---|---|---|---|---|
| મિત્રા | યમ | ખેદ | અદ્વેષ | તૃણ અગ્નિકણ | મિથ્યાત્વ |
| તારા | નિયમ | ઉદ્વેગ | જિજ્ઞાસા | ગોમય ,, | ,, |
| બલા | આસન | ક્ષેપ | શુશ્રૂષા | કાષ્ઠ ,, | ,, |
| દીપ્રા | પ્રાણાયામ | ઉત્થાન | શ્રવણ | દીપ પ્રભા | ,, |
| સ્થિરા | પ્રત્યાહાર | ભ્રાન્તિ | બોધ | રત્ન ,, | સમ્યક્ત્વ |
| કાન્તા | ધારણા | અન્યમુદ્ | મીમાંસા | તારા ,, | ,, |
| પ્રભા | ધ્યાન | રોગ | પ્રતિપત્તિ | સૂર્ય ,, | ,, |
| પરા | સમાધિ | આસંગ | પ્રવૃત્તિ | ચન્દ્ર ,, | ,, |

પ્રાણાયામ : અહીં હઠયોગની ક્રિયાએ ઇષ્ટ નથી. કેમ કે તેમાં શરીરને કષ્ટ થાય છે અને મનને ક્લેશ થાય છે. તેવી ક્રિયામાં વાયુ બહાર કાઢવાનું રેચન, વાયુ પુરવારૂપ પૂરણ અને પેટમાં રોકી રાખવાનું કુંભન કરવામાં આવે છે.

જ્યારે પ્રસ્તુત ઇષ્ટ પ્રાણાયામમાં બાહ્ય ભાવમાં જતા ભાવનું રેચન, અંતરાત્મભાવનું પૂરણ અને અંતરાત્માભાવની સ્થિરતા કરવાનું કુંભન કરવાનું છે.

પ્રત્યાહાર : વિષયો તરફ દોડતી ઇન્દ્રિયોને પાછી ખેંચવી તે.

ધારણા : ચિત્તનો દેશબંધ કરવો તે. અર્થાત્ ચિત્તને અમુક તત્ત્વચિન્તનાદિમાં બાંધી રાખવું તે.

ધ્યાન : તત્ત્વસ્વરૂપને એકાગ્રપણે ધ્યાવવું તે.

સમાધિ : આત્મસ્વરૂપમાં લીન થઈ જવું. જ્યાં ધ્યાન–ધ્યાતા અને ધ્યેયનો અભેદ થઈ જાય.

આઠ દોષ : એકેકા દોષોનો ત્યાગ થતાં મિત્રાદિ દૃષ્ટિ ક્રમશઃ પ્રાપ્ત થતી જાય છે. મનોજયમાં આઠ દોષો ભારે નડતરભૂત બને છે, માટે તેને દૂર કરવા જ જોઈએ.

ખેદ : શુભ પ્રવૃત્તિ કરતાં થાકી જવું. ખેદને લીધે મનની દૃઢતા રહેતી નથી અને ધર્મનો મુખ્ય હેતુ દૃઢતા છે જેમ ખેતીનો મુખ્ય હેતુ પાણી છે.

ઉદ્વેગ : શુભ ક્રિયામાં કંટાળો આવવો. આને લીધે તે ક્રિયામાં વેઠ ઉતારવાનું બને છે.

ક્ષેપ : ચિત્તની ડમાડોળ પ્રવૃત્તિ ક્રિયામાંથી વચ્ચે વચ્ચે ચિત્તનું અન્યત્ર ગમન. જેમ શાલિને વારંવાર ઊખેડીને વાવ્યા કરવામાં આવે તો ફલ ન થાય તેમ ક્ષેપવાળી ક્રિયાનું ફળ પણ ન આવે.

ઉત્થાન : શુભ ક્રિયામાંથી ચિત્તનું ઊઠી જવું, ચિત્તમાં ઠરેલ-પણાનો અભાવ. આવી યોગક્રિયા છોડી દેવા યોગ્ય છે. પરંતુ લોક-લજ્જાદિથી છોડી શકાતી નથી. આવી ક્રિયામાં શાન્તવાહિતા હોતી નથી.

ભ્રાન્તિ : શુભ ક્રિયાને છોડીને ચિત્તનું ચોમેર ભમણ અથવા છીપમાં રૂપાની જેમ તત્ત્વમાં અતત્ત્વનો ભ્રમ થવો, અથવા ક્રિયા કરી

કે ન કરી તેનો ભ્રમ થવો. આવા ભ્રમવાળી ક્રિયાથી ઇષ્ટ ફલની સિદ્ધિ થતી નથી.

**અન્યમુદ્** : જે ક્રિયા ચાલે છે તેમાં આનંદ પામવાને બદલે તેને અવગણીને અન્ય ક્રિયામાં આનંદ પામવો, આ અન્યમુદ્ દોષ ઇષ્ટ કાર્યમાં અંગારાના વરસાદ રૂપ છે.

**રોગ** (રુગ્) : રાગ–દ્વેષ–મોહ એ ત્રિદોષ રૂપ મહારોગ, ભાવરોગ, અથવા સાચી સમજ વિના ક્રિયા કરવામાં આવે તો શુદ્ધ ક્રિયાનો ઉચ્છેદ થાય એટલે શુદ્ધ ક્રિયાને પીડા કે ભંગરૂપ રોગ પ્રાપ્ત થતાં આવી રોગિષ્ટ ક્રિયા પણ નિષ્ફળ જાય છે.

**આસંગ** : શુભ ક્રિયા કરતાં પર ભાવમાં આસક્તિ થવી અથવા અમુક જ યોગમાં ખૂબ રાગ થઈ જવાથી અમુક એક શુભ–યોગમાં જ આસક્ત થઈ પડવું. અમુક યોગને જ ખૂબ સારો માની તેમાં જ એકતાન થઈ પડવું. આવી સ્થિતિને લીધે તે યોગી આત્મા જે ગુણસ્થાને હોય ત્યાં જ સ્થિર રહે પણ આગળ વધી શકે નહિ. તેથી મુક્તિનું ફળ પ્રાપ્ત ન થાય.

નીચેના દોષ હોય ત્યાં ઉપરના બધા દોષ હોય અને ઉપરના ગુણો હોય ત્યાં નીચેના ગુણો અવશ્ય હોય.

અને જ્યાં ઉપરના યોગાંગ હોય ત્યાં નીચેના યોગાંગ પણ અવશ્ય હોય :

**આઠ ગુણો :**

અદ્વેષ : તત્ત્વ પ્રત્યે દ્વેષભાવ–માત્સર્યભાવ ન હોવો તે.
જિજ્ઞાસા : તત્ત્વ જાણવાની તીવ્ર તાલાવેલી.
શ્રવણ : તત્ત્વ સાંભળવું.
બોધ : તત્ત્વ બોધ થવો–તત્ત્વનું જ્ઞાન થવું.
મીમાંસા : તત્ત્વબોધનું સુસૂક્ષ્મ ચિંતન.
પ્રતિપત્તિ : આદેય તત્ત્વનો અંતરથી સ્વીકાર.
પ્રવૃત્તિ : તત્ત્વનું આચરણ–આત્મસ્વભાવમાં રમણતા.

# આઠ યોગદૃષ્ટિઓ

[૬]

## (૧) મિત્રા-દૃષ્ટિ :

ચરમપુદ્ગલપરાવર્તમાં આવેલા જીવો દુઃખિતો પ્રત્યે અત્યન્ત દયાળુ, ગુણી પ્રત્યે અદ્વેષભાવવાળા અને સર્વત્ર ઔચિત્યસેવી હોય છે એ વાત પૂર્વે જણાવાઈ છે.

સહજમળની ઘણી અલ્પતા થવાથી જ આત્મા આવા ગુણો પ્રાપ્ત કરે છે. ત્યાર બાદ દેવ-ગુર્વાદિને વિશે કુશળ ચિત્ત વગેરે યોગ-બીજને પ્રાપ્ત કરે છે તેથી તેમને સત્પુરુષનો અવન્ધ્ય યોગ પ્રાપ્ત થવારૂપ યોગાવંચક પ્રાપ્ત થાય છે. ત્યારે સત્ક્રિયામાં અવન્ધ્ય પ્રવૃત્તિરૂપ ક્રિયાવંચક પ્રાપ્ત થાય છે અને તેના અવન્ધ્ય ફળની પ્રાપ્તિરૂપ ફલાવંચક પ્રાપ્ત થાય છે. ભાવમળની અલ્પતા થાય પછી સદ્ગુરુનો સંગ થાય છે અને તે અવંચકયોગ (અવન્ધ્યયોગ) કેટલો મહત્વનો છે તે ઉપરના અવંચકત્રયની ક્રમિક પ્રાપ્તિથી સમજાય તેવું છે.

પૂર્વે જણાવ્યા મુજબ મિત્રાદષ્ટિમાં વર્તતો યોગી સર્વદર્શનોને વિશે માધ્યસ્થ્ય ભાવવાળો હોય છે. એટલે બળદરૂપ બનેલા પતિને મનુષ્યરૂપે બનાવવાની ઔષધિ ખવડાવવા તેની સ્ત્રીએ જેમ બધો ચારો ચરાવી દીધો અને તેમાં તે ઔષધિ પણ આવી જતાં તેનો પતિ બળદ મટીને પુરુષ બની ગયો તેમ આ યોગીઓ પણ સર્વદર્શનના તત્ત્વનો ચારો ચરતાં શુદ્ધ તત્ત્વને પણ પામી જાય છે અને પોતાના આત્માની વિભાવ-દશામાંથી મુક્ત થઈને શુદ્ધ-સ્વભાવ દશા પ્રાપ્ત કરે છે.

યોગદૃષ્ટિ સજ્ઝાયની ૧ લી ઢાળમાં કહ્યું છે કે,

"દર્શન સકલના નય ગ્રહે, આપ રહે નિજ ભાવે રે,
હિતકરી જનને સંજીવની, ચારો તેહ ચરાવે રે !..."

શ્રી યોગદૃષ્ટિ ગ્રન્થમાં મિત્રાદિ ચાર દૃષ્ટિની સ્પર્શનાવાળા છેલ્લા યથાપ્રવૃત્તિકરણને અપૂર્વકરણરૂપ કહ્યું છે. કેમ કે અપૂર્વકરણની તદ્દન નિકટમાં હોવાથી અને હવે અપૂર્વકરણની પ્રાપ્તિમાં કોઈ જ વિક્ષેપ–વિલંબ થવાનો ન હોવાથી એ છેલ્લા યથાપ્રવૃત્તકરણને અપૂર્વ જ (પૂર્વે આવું યથાપ્રવૃત્તકરણ ક્યારે ય થયું ન હતું) કહેવાય. આથી જ યોગદૃષ્ટિ સજ્ઝાયમાં પ્રસ્તુત ગ્રન્થકાર પરમર્ષિ જણાવે છે કે આ છેલ્લા યથાપ્રવૃત્તકરણમાં જ અનેક ગુણોની પ્રાપ્તિ થાય છે. માટે મુખ્યત્વે તો આને ૧ લું ગુણસ્થાન કહેવું જોઈએ. અર્થાત્ ગુણ વિનાની નીચલી અવસ્થાને તો મુખ્યપણે 'ગુણસ્થાન' કેમ કહેવાય ?

## મિત્રાદૃષ્ટિ કોષ્ટક

| દર્શન | યોગાંગ | દોષ ત્યાગ | ગુણ પ્રાપ્તિ | યોગબીજ ગ્રહણ | પ્રાપ્તિક્રમ | સમય | ગુણ-સ્થાનક |
|---|---|---|---|---|---|---|---|
| તૃણ અગ્નિ જેવું મંદ. | યમ | અખેદ | અદ્વેષ | જિન ભક્તિ | ભાવમલ અલ્પતા ↓ | છેલ્લા પુદ્. ૫૦ માં | મુખ્ય |
| | | | | સદ્ગુરુ સેવા | સંતને પ્રણામાદિ ↓ | છેલ્લા | પહેલું ગુણ-સ્થાનક (ખરેખરું યથાર્થ ગુણ ઠાણું). |
| | | | | ભવ ઉદ્વેગ | અવંચક પ્રાપ્તિ ↓ | યથા. ક. ક. માં | |
| | | | | દ્રવ્યઅભિગ્રહ પાલન | શુભ નિમિત્ત ↓ | | |
| | | | | સિદ્ધાંતના લખનાદિ | યોગબીજ આદિ | નિકટ હોય ત્યારે ગ્રંથિભેદ | |
| | | | | બીજકથાનું માન્યપણું ઉપાદેય ભાવ | | | |

મિત્રાદિ આઠે ય દૃષ્ટિ અંગે વિશેષ બોધની ઇચ્છાવાળાએ યોગ-દૃષ્ટિ ગ્રન્થ તથા યોગદૃષ્ટિની સજ્ઝાય જોઈ લેવા ભલામણ છે.

(૨) તારાદૃષ્ટિ :

આ જીવોને ૧. યોગકથા પ્રત્યે અત્યન્ત પ્રીતિ હોય ૨. યોગીઓ પ્રત્યે બહુમાન હોય ૩. યોગીઓની યથાશક્તિ સેવા હોય કે જે સેવા ૪. બીજા અનેક ગુણોનો લાભ તેના આત્મામાં કરી આપે. વળી એ સેવા શ્રદ્ધાત્મક હિતના ઉદયને પણ કરનારી બને. ૫. એ સંત-સેવાને લીધે તેના ક્ષુદ્ર ઉપદ્રવોનો નાશ થઈ જાય. ૬. વળી આ યોગી શિષ્ટોને સંમત બને. ૭. આ યોગીને ભવ-જન્ય ભય અત્યન્ત ન હોય કેમ કે તેવાં અશુભ કાર્યોમાં તેની પ્રવૃત્તિ જ નથી હોતી ૮. વળી ઉચિત-કૃત્ય અવશ્ય કરતા રહે અર્થાત્ જે કાંઈ ઉચિત હોય તેમાં ખામી આવવા દેતો નથી. ૯. અને અનુચિતમાં પ્રવૃત્તિ કરતો નથી. કેમ કે તે સરળ પરિણામી આત્મા છે. ૧૦. ઉચ્ચ ક્રિયા-સાધકોને જોઈને તેને પણ તે ક્રિયાની તેવી સિદ્ધિ જોઈને તે સિદ્ધિ શી રીતે પ્રાપ્ત થતી હશે? તે જાણવાની તીવ્ર લાલસા થયા કરે. તેનું અંતર પોકારી ઊઠે છે, "અહો ! ધન્ય એ ક્રિયા ! પવિત્ર એ ક્રિયા ! અહો ! એ મહાત્માની ધર્મસાધના ! અહો ! એમનું ધન્યજીવન ! શી રીતે પામ્યા હશે આવી સાધના !

તે યોગીનું ચિત્ત આટલું જ વિચારીને શાન્ત થઈ જતું નથી. કિન્તુ તેવી જ ક્રિયા પોતે પણ કરતો હોય ત્યારે તેનામાં રહેલી વિકલતા જોઈને પોતાની તરફ નફરત જગવે છે. તે વિચારે છે, "ધિક્કાર હો આ જાતને.... જે આવી ઢંગધડા વિનાની ક્રિયા આરાધે છે! અહો મારી પામરતા! પતિતતા!

શ્રી યોગદષ્ટિ સજ્ઝાયમાં કહ્યું છે,

"વિનય અધિક ગુણીનો કરે મન;<br>દેખે નિજ ગુણ હાણ રે.... મન.

૧૧. વળી આ દૃષ્ટિવાળો યોગી સમસ્ત સંસારને દુઃખરૂપ માને છે. શી રીતે આ સંસાર-ભાવનો ઉચ્છેદ થાય તેની ચિન્તા

કરતો રહે છે. ૧૨. અને સંસારનો ઉચ્છેદ કરતી સંબંધી ચારિત્ર્ય-ક્રિયા જોઈને દંગ થઈ જાય છે. એ આતમરામી યોગીના સમગ્ર ચિત્ર-વિચિત્ર ચારિત્ર્યજીવનને જાણવાની તીવ્ર ઈચ્છાવાળો બને છે. ૧૩. પરંતુ વળી લઘુતાભાવે વિચારે છે કે ક્યાં એ અવધૂત આતમરામીની સદાચારની ઉત્કૃષ્ટ સાધના અને ક્યાં મારી મંદ મતિ ! હું તો શી રીતે એ સાધનાને સમજી શકું ? એટલે મારે તો એ ચારિત્ર્ય-ક્રિયાને જાણવા કરતાં એનો ખપ કરવો એ આતમરામી અવધૂતોની પાછળ ચાલવા લાગવું એ જ ઉચિત છે. ટૂંકમાં, આ દષ્ટિવાળા યોગીઓ અત્યન્ત વિનમ્ર હોય છે. એથી જ શિષ્ટની વિચારણા અને આચરણને પ્રમાણભૂત ગણીને જ પોતાના જીવન-વિકાસની યાત્રામાં આગળ વધવાની તમન્ના સેવતા હોય છે.

બીજી તારાદષ્ટિની સજ્ઝાયમાં પરમર્ષિએ યોગીના આ ભાવને વ્યક્ત કરતાં જણાવ્યું છે,

"શાસ્ત્ર ઘણાં મતિ થોડલી, શિષ્ટ કહે તે પ્રમાણ,
સુજસ લહે એ ભાવથી, ન કરે જૂઠ ડફાણ ....૫

## તારાદષ્ટિ કોષ્ટક

| દર્શન | યોગાંગ | દોષ-ત્યાગ | ગુણ-પ્રાપ્તિ | બીજું મુખ્ય લક્ષણ |
|---|---|---|---|---|
| છાણાના અગ્નિકણ જેવું | નિયમ | ઉદ્વેગત્યાગ (અનુદ્વેગ) | જિજ્ઞાસા | (યોગ, કથાપ્રીતિ, યોગી પ્રતિ બહુમાન ઉપચાર) (હિતોદય, ઉપદ્રવનાશ, શિષ્ટ સંમતતા, ભવભય) પલાયન (ઉચિત આચરણ, અનુચિત અનાચરણ) (ગુણવંત પ્રતિ જિજ્ઞાસા, નિજ ગુણહાનિથી ખેદ) ભવ વૈરાગ્ય, શિષ્ટ પ્રમાણતા |

(3) બલાદૃષ્ટિ :

પૂર્વે જણાવ્યું કે બલાદૃષ્ટિવાળાને યમ-નિયમરૂપ યોગાંગની પ્રાપ્તિ થઈ ચૂકી છે. એટલે હવે આસન રૂપ (સુખાસન રૂપ) યોગાંગ સિદ્ધ થાય છે. આ આસન સિદ્ધ થવામાં કારણભૂત બને છે.

૧. અસત્ તૃષ્ણાનો અભાવ.

અસત્ તૃષ્ણાઓ દૂર થવાથી સન્તોષભાવની પ્રાપ્તિ થાય છે. તેથી જ સર્વત્ર સુખાસનની સિદ્ધિ થાય છે. એટલે કે મનની બેઠક બાહ્ય વસ્તુમાં હતી તમાંથી નિવૃત્ત થઈને આત્મામાં બેઠક જમાવે છે. આથી જ આ યોગીની કોઈ પ્રવૃત્તિમાં ઉતાવળિયા-વૃત્તિ હોતી નથી. બધું જ શાન્તિ અને સ્વસ્થતાથી તે કરતો રહે છે.

૨. વળી અપાયનો પરિહાર થવાથી તેનું બધું કાર્ય ચિત્તની સાવધાનતા-યુક્ત થાય છે.

એને જે શુશ્રૂષા છે તે પણ તરુણ, સુખી, સ્ત્રીથી પરિવરેલો યુવાન દૈવી સંગીત સાંભળવામાં જેટલો લીન થઈ જાય તેવી તત્ત્વ-શુશ્રૂષા હોય છે. જ્ઞાનીભગવંતો કહે છે કે ચિત્તના આવા અધ્યવસાય-પૂર્વક સાંભળેલું તત્ત્વ જ સાર્થક બને છે. અન્યથા સરવાણી વિનાની ભૂમિમાં કૂવો ખોદવા જેવું વ્યર્થ બને છે. અર્થાત્ ઉક્ત શુશ્રૂષા વિનાનું તત્ત્વશ્રવણ નિષ્ફળ છે.

જેમ કોઈ રાજા સૂતી વેળાએ વાર્તા સાંભળતો હોય અને તન્દ્રામાં પડતો હુંકારો ભણે તેમાં તેનું શ્રવણ નિષ્ફળ જાય છે તેમ અહીં પણ શુશ્રૂષા વિનાનું શ્રવણ સમજવું. કહ્યું છે કે,

"મન રીઝે તન ઉલ્લસેજી, રીઝે બુઝે એક તાન,
એ ઇચ્છા વિણ ગુણકથાજી, બહેરા આગળ ગાન રે..."

૩. યોગદષ્ટિમાં ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજાએ જણાવ્યું છે કે ઉક્ત સુશ્રૂષા ભાવવાળા યોગી કદાચ તત્ત્વશ્રવણ પ્રાપ્ત ન પણ કરે તો ય શુભ ભાવની પ્રવૃત્તિને લીધે તેમને કર્મક્ષયનું તેવું ફળ પ્રાપ્ત થાય છે જે પરમબોધ પ્રાપ્તિનું કારણ બની જાય છે.

૪. આ દૃષ્ટિના યોગીને ધર્મના ઉપકરણોમાં (સાધનોમાં) વિશેષ રાગભાવ વિઘાતભાવને પ્રાયઃ પામતો નથી. અર્થાત્ ચિત્તના તેવા માલિન્યને થવા દેતો નથી. જેથી સાધન બંધનરૂપ બની જાય. વળી આ આત્માને નિષિદ્ધ સાવદ્ય પ્રવૃત્તિનો વિઘાત પણ હોતો નથી. આમ બે ય રીતે અવિઘાતભાવ પ્રાપ્ત છે જે તેના અભ્યુદય અને મુક્તિનું કારણ બની રહે છે.

શ્રી યોગદૃષ્ટિ સજ્ઝાયમાં કહ્યું છે,

"વિઘન ઈહાં પ્રાયે નહિ જી, ધર્મ હેતુમાં કોય;
અનાચાર પરિહારથીજી, સુયશ મહોદય હોય રે...જીનજી."

બલાદૃષ્ટિ કોષ્ટક

| દર્શન | યોગાંગ | દોષત્યાગ | ગુણપ્રાપ્તિ |
|---|---|---|---|
| દૃઢ-કાષ્ટ અગ્નિ-સમ | આસન<br>તૃષ્ણા અભાવે સર્વત્ર સુખાસન અત્વરા -પૂર્વક-સર્વગમન કૃત્ય | ક્ષય-દોષ ત્યાગ ઉપકરણ વિષયે અવિઘ્ન | શુશ્રૂષા બોધપ્રવાહ સરવાણી, સમી-તરુણ સુખી જેવી તીવ્ર યોગ ઉપાય કૌશમ |

## (૪) દીપ્રાદૃષ્ટિ :

આ દૃષ્ટિવાળો યોગી ૧. ધર્મને પ્રાણથી પણ અધિક માને છે. ધર્મ માટે પ્રાણ છોડે પણ સંકટ વખતે ય ધર્મને ન છોડે. કેમ કે આ યોગી સારી રીતે જાણે છે કે મરેલાની પાછળ પણ જનારી જો કોઈ સારી વસ્તુ હોય તો તે માત્ર ધર્મ-મિત્ર છે. બાકીનું બધું ય બાહ્ય-તત્ત્વ તો શરીરની સાથે જ નાશ પામી જાય છે. ૨. આથી જ આ યોગી તત્ત્વશ્રવણ દ્વારા ધર્મમૂર્તિ બની જાય છે. ૩. મિત્રા-દૃષ્ટિની યોગી અવસ્થામાં જે યોગબીજ વાવેલાં હતાં તેને તત્ત્વશ્રવણ રૂપ મીઠા જલના સિંચનથી અહીં અંકુર ફૂટે છે અને ઉત્તરોત્તર

નવા નવા વિકાસને પામતા જાય છે. ખારા પાણી સમો અતત્ત્વ શ્રવણાદિ સકળ સંસાર છે. તેમાં મીઠા પાણીની કોઈ નહેર હોય તો આ તત્ત્વ શ્રવણની જ છે. ૪. આ તત્ત્વશ્રવણથી આત્માનું કલ્યાણ અફર બની જાય છે. ગુરુભક્તિપૂર્વકનું આ તત્ત્વશ્રવણ ઊભયલોકમાં હિતકર બની રહે છે. ગુરુભક્તિના પ્રભાવથી સમાપત્તિ-આપત્તિ અને સંપત્તિ પ્રાપ્ત થાય છે. અંતરાત્મામાં પરમાત્મભાવનું, સ્ફટિકમાં લાલ રંગની જેમ પ્રતિબિંબ પડવા દ્વારા તીર્થંકરદર્શન થવું—ધ્યેય-ધ્યાતા-ધ્યાનની એકતા થવી—તેને સમાપત્તિ કહેવાય છે. એ ભાવ દ્વારા તીર્થંકર નામકર્મનો બંધ અને ઉદય થવો તેને આપત્તિ કહેવાય છે.

ગુરુભક્તિના પ્રભાવથી પ્રાપ્ત થતા આ સમાપત્તિ આદિ ત્રણે ય મુક્તિનું અવન્ધ્ય કારણ છે. સમાપત્તિ પ્રાપ્ત થવામાં ૩ શરતો છે.

સ્ફટિકના જેવી ચિત્તની નિર્મળતા, સ્ફટિક જેવી સ્થિરતા અને સ્ફટિકમાં લાલ ફૂલની છાયા પડે તેવી જાતની તન્મયતા. નિર્મળતા વિના સ્થિરતા (એકાગ્રતા) ન આવે, સ્થિરતા વિના તન્મયતા ન આવે.

આ દૃષ્ટિના યોગીને સૂક્ષ્મબોધ હોતો નથી કેમ કે સૂક્ષ્મબોધ વેદ્ય-સંવેદ્ય પદથી જ પ્રાપ્ત થાય છે. વેદ્ય-સંવેદ્ય એટલે જાણવા યોગ્ય સંવેદાય છે, સારી રીતે સમજાય છે.

સૂક્ષ્મબોધ ત્યારે જ થઈ શકે છે જ્યારે જીવ સંસારસાગરના કાંઠે આવીને ઊભો રહે છે, કર્મરૂપી વજ્રના ભેદ થાય છે અને એકાન્ત વાદથી વસ્તુનું સમગ્ર દર્શન થવા લાગે છે.

હવે પહેલી ચારે ય દૃષ્ટિમાં તો એ વેદ્ય-સંવેદ્ય પદ જ ઉગ્ર રૂપમાં હોય છે. અને વેદ્ય-સંવેદ્ય પદ તો પક્ષીની છાયા પ્રત્યે જલચર જીવની દોડધામ જેવી ખોટી પ્રવૃત્તિરૂપ હોઈને નિષ્ફળ છે. અર્થાત્ આ ચાર દૃષ્ટિનું વેદ્ય-સંવેદ્ય પદ માત્ર આભાસરૂપ હોય છે. જ્યાં સુધી અપાયની શક્તિની મલિનતા રહે ત્યાં સુધી વેદ્ય-સંવેદ્ય પદ કે સૂક્ષ્મબોધ થઈ શકતા નથી.

આથી જ અહીં જે સ્થૂલબોધ હોય છે તે સૂક્ષ્મબોધનું અવન્ધ્ય કારણ હોવા છતાં એવા સ્થૂલભેદ રૂપથી શ્રુતદીપક જગતના ક્લિષ્ટ-કર્મો નરકાદિ અપાયોનું જે દર્શન થાય છે તે પણ તાત્ત્વિક હોતું નથી કિન્તુ આભાસ રૂપ હોય છે. આથી જ અજાણતાં પણ આ યોગથી પાપમાં પ્રવૃત્તિ થઈ જાય છે. જો અપાયનું તાત્ત્વિક દર્શન થાય તો તે જીવ અજાણતાં પણ પાપમાં પ્રવૃત્તિ ન કરે.

વેદ્ય-સંવેદ્ય પદમાં કર્મના અપરાધથી (નિકાચિતપણાથી) કદાચ પાપમાં પ્રવૃત્તિ કરવી પડે તો પણ તે પ્રવૃત્તિ તપેલા લોઢા ઉપર પગ મૂકવા જેવી હોય છે. એટલે કે તપ્તલોહ ઉપર પદન્યાસ કરતાંની સાથે જ એકદમ આંચકો લાગે છે અને ત્યાં પગ રહી શકતો નથી તેમ આ પાપભીરૂ વેદ્ય-સંવેદ્ય પદવાળો આત્મા તત્ક્ષણ પાપથી પાછો વળી જાય છે. અર્થાત્ આવા આત્માનું તન સંસારભાવમાં પડે તે હજી બને પરંતુ મન તો કદી પણ સંસારભાવમાં પતન પામતું નથી. આથી જ એ આત્માઓને કાયપાતી કહ્યા છે, ચિત્તપાતી નહિ. આવા આત્મા સંસારની પ્રવૃત્તિ કરે ત્યારે પણ તેમનું ચિત્ત મોક્ષમાં જ રમતું હોય છે કેમ કે એ સંસારભાવ તરફ તેમને ભારે સૂગ ઉત્પન્ન થઈ હોય છે. આ જ કારણે વેદ્ય-સંવેદ્ય પદવાળા (સમ્યક્ત્વ) આત્માઓને સંસાર-પ્રવૃત્તિમાં પણ અત્યલ્પ કર્મનો બંધ કહ્યો છે. એમની એ પાપ-પ્રવૃત્તિ પણ છેલ્લી જ બની રહે છે કેમ કે તેમને સંવેગની (મોક્ષાભિલાષની) અતિશયતાને લીધે દુર્ગતિનો યોગ હોતો નથી.

(આ કથન ક્ષાયિક સમ્યક્ત્વની અપેક્ષાએ સમજવું.)

નિશ્ચયનયની દૃષ્ટિએ જે વ્યાવહારિક વેદ્ય-સંવેદ્ય પદ (ક્ષયોપશમ-સમ્યક્ત્વ) છે તેનાથી તો ભવભ્રમણ અટકતું નથી કેમ કે તે ભાવથી પુનઃ પુનઃ પતન થાય છે અને દુર્ગતિઓનો પુનઃ પુનઃ યોગ થયા કરે છે. માટે તે વેદ્ય-સંવેદ્ય પદ તો એકાન્તે અસુન્દર જ છે. આથી અવેદ્ય-સંવેદ્ય પદ તો વસ્તુતઃ પદ જ નથી, અપદ જ છે. એને વળી યોગીઓનું પદ કેમ કહેવાય?

**પ્રશ્ન :** વેદ્ય-સંવેદ્યાદિ પદનો સ્પષ્ટ અર્થ શું થાય?

**ઉત્તર :** નરકાદિ અપાયના કારણરૂપ સ્ત્રી વગેરે વેદ્ય છે. તેમને આગમથી **અપ્રવૃત્તિની** બુદ્ધિથી અનુભવવા તેનું નામ વેદ્ય-સંવેદ્ય પદ. અને તેમને આગમથી અપ્રવૃત્તિની બુદ્ધિથી ન અનુભવતાં સ્વમતિથી પ્રવૃત્તિરૂપે અનુભવવા તે અવેદ્ય-સંવેદ્ય પદ કહેવાય. આ અવેદ્ય-સંવેદ્ય પદ સમ્યક્ત્વાદિ લક્ષણવાળું અન્વર્થ નામવાળું છે. અહીં જ આત્માનું સાચું સંવેદન થાય છે માટે જ આ આત્મપદ વાસ્તવિક પદ છે. બીજા બધા અપદ છે. એ અપદ કે અવેદ્ય-સંવેદ્ય પદ ભવાભિનંદી જીવોને હોય છે. અહીં એક વસ્તુના સ્વરૂપનો બીજાના સ્વરૂપમાં ભાસ થઈ જાય છે. અર્થાત્ જે પર છે તેમાં સ્વત્વનું, જે સ્વ છે તેમાં પરત્વનું ભાન થાય છે. આ પદવાળા જીવનો બોધ વિષમિશ્ર અન્નની જેમ નિયમતઃ અસુન્દર છે, વિપરીત બોધવાળા આ જીવો વર્તમાનકાળને જ જોનારા હોય છે કેમ કે તેઓ હિતાહિતના વિવેકમાં અંધ બન્યા છે. એમની ભાવાન્ધતા અનિત્યાદિમય સંસારને તે સ્વરૂપમાં જોવા દેતી નથી. જે દુઃખનાં જ કારણો છે તેને સુખનાં સાધનો માને છે, જે કુકૃત્યો છે તેને જ સત્કૃત્ય માને છે.

ખુજલી ખણનાર માણસની જેમ આ જીવો ભોગોના ભોગમાં જ આનંદ માને છે. પરન્તુ ભોગ-નાશથી કોઈ આનંદ માનતા જ નથી. આ જડ જીવો તત્ત્વતઃ અકાર્ય શું છે? તેનો વિચાર કર્યા વિના ગમે તેવી અસત્ ચેષ્ટાઓ કરી દઈને પાપકર્મોથી પોતાના જ આત્માને બાંધી દે છે. કર્મભૂમિમાં ધર્મબીજ સમું માનવજીવન પામીને પણ આ અલ્પમતિ જીવો સતકર્મની ખેતી કરતા નથી!

વિપાકદારૂણ એવાં કુકાર્યોમાં રક્ત બનાવતા સચ્ચેષ્ટાને ત્યજાવતા એ અજ્ઞાન-તિમિરને ધિક્કાર હો! આ બધો ય પ્રતાપ અવેદ્ય સંવેદ્ય પદનો છે. કેમ કે એ જ જીવનો અંધાપો છે; દુર્ગતિમાં પતન પમાડનાર એ જ છે! એને જીતવા માટે સત્સંગ જ સમર્થ છે.

જ્યારે આ અવેદ્ય-સંવેદ્ય પદ જીતાય છે ત્યારે કદાગ્રહની નિવૃત્તિ થાય છે. જે કદાગ્રહ બોધને રોગરૂપ, શમને અપાયરૂપ, શ્રદ્ધાને ભંગરૂપ

અને અભિમાન કરાવનારો છે. આત્માનો ભાવશત્રુ છે. આથી જ મુમુક્ષુએ કદી કદાગ્રહ કરવો નહિ. કિન્તુ, શ્રુત–શીલ અને સમાધિમાં આગ્રહ રાખવો જોઈએ.

મિત્રાદિ ચારે ય દૃષ્ટિ અપુનર્બંન્ધક આત્માને છેલ્લા યથાપ્રવૃત્તિકરણની અવસ્થામાં પ્રાપ્ત થાય છે. તે વાત આપણે જોઈ ગયા. છેલ્લા યથાપ્રવૃત્તિકરણ વર્તતા જીવો 'માર્ગાનુસારી' કહેવાય છે. ધર્મસંગ્રહકારે અપુનર્બંન્ધક આત્માને સામાન્ય ગૃહસ્થ કહ્યો છે. અને તેના ૩૫ ગુણો જણાવ્યા છે. પૂર્વે આપણે જોયું કે માર્ગાનુસારી ભાવને પ્રાપ્ત કરી આપનાર અપુનર્બંન્ધક ભાવની બધી અવસ્થામાં પણ માર્ગાનુસારી અવસ્થા કહી શકાય છે. અર્થાત્ અપુનર્બંન્ધક માત્ર માર્ગાનુસારી કહેવાય છે. એ અપેક્ષાએ માર્ગાનુસારીના ૩૫ ગુણો છેલ્લા યથાપ્રવૃતિકરણમાં વર્તતા તાત્ત્વિક માર્ગાનુસારીને જ લાગુ ન પડતાં બધી અવસ્થાના અપુનર્બંન્ધક આત્માને લાગુ પડે.

અહીં ટૂંકમાં તે ૩૫ ગુણોનો શબ્દાર્થ માત્ર કરી લઈશું.

## માર્ગાનુસારીના ૩૫ ગુણ :

૧. **ન્યાયસંપન્નવિભવ :** સ્વામીદ્રોહ, વિશ્વાસઘાત, જુગારાદિ પાપકાર્યો વિના કુલાચારને અનુકૂળ સદાચારરૂપ ન્યાયથી જે મેળવ્યું હોય તે માર્ગાનુસારીનો ધર્મ કહેવાય છે.

૨. **કુલ–શીલસમ : અન્ય ગોત્રીય સાથે વિવાહકરણ :** ભિન્ન ગોત્રવાળા અને સમાન કુલચારવાળા સાથે વિવાહ કરવો તે. એક પુરુષથી ચાલેલો વંશ તે ગોત્ર કહેવાય અને પિતા–દાદા વગેરેની પરંપરા નિષ્કલંક હોય, દારૂ આદિનાં વ્યસન ન હોય અને સદાચારથી સમાન કક્ષાવાળા હોય તે કુલ–શીલસમ કહેવાય.

૩. **શિષ્ટાચાર પ્રશંસા :** શિષ્ટ પુરુષોના આચારની પ્રશંસા કરવી તે.

૪. **અરિષડ્વર્ગત્યાગ :** કામ, ક્રોધ, લોભ, માન, મદ અને હર્ષ એ છ અંતરંગ શત્રુનો ત્યાગ કરવો.

૫. ઇન્દ્રિયજય : પાંચે ય ઇન્દ્રિયોને કાબૂમાં રાખવી.

૬. ઉપપ્લુતસ્થાનવર્જન : લડાઈ, રોગચાળો આદિ કારણે વર્જ્ય બનતા સ્થાનનો ત્યાગ કરી દેવો.

૭. ગૃહવ્યવસ્થા : સારા પડોશમાં, રાજમાર્ગે નહિ તેમ ખાંચાખૂંચામાં નહિ તેવા સ્થાને, અનેક બારણાવાળા ઘરમાં રહેવું.

૮. પાપભીરુતા

૯. ખ્યાત દેશાચારપાલન : શિષ્ટ-સંમત ઘણા કાળથી રૂઢ થયેલા આચારનું પાલન.

૧૦. અનપવાદિત્વ : કોઈના પણ દોષો જાહેર ન કરવા. વિશેષત: રાજા વગેરે અધિકારી વર્ગના (દોષો જાહેર ન કરવા).

૧૧. અચોચિત વ્યય : આવક પ્રમાણે ખર્ચ કરવો.

૧૨. ઉચિત વેષ : વૈભવાદિ અનુસાર ઉચિત વેષ પહેરવો.

૧૩. માતા-પિતાની સેવા :

૧૪. સદાચારી પુરુષનો સંગ :

૧૫. કૃતજ્ઞતા

૧૬. અજીર્ણે ભોજનત્યાગ

૧૭. કાલે ભુક્તિ : યોગ્ય કાળે ભૂખ લાગતાં ખાવું, ખાતાં પ્રકૃતિને અનુકૂળ (સાત્મ્ય) માફક ખોરાક લેવો, લોલુપતા રાખવી નહિ.

૧૮. વૃત્તસ્થજ્ઞાનવૃદ્ધાર્ચા : વ્રતધારી જ્ઞાની પુરુષોની સેવા-ભક્તિ કરવી.

૧૯. લોકાદિમાં નિન્દ્ય કાર્યમાં અપ્રવૃત્તિ

૨૦. ભર્તવ્યભરણ : માતા-પિતા, નોકરાદિ પોષ્યવર્ગનું ભરણ-પોષણ કરવું.

૨૧. દીર્ઘદૃષ્ટિ

૨૨. ધર્મશ્રવણ

૨૩. દયા

૨૪. અષ્ટબુદ્ધિ ગુણયોગ : પૂર્વોક્ત શુશ્રૂષાદિ ૮ બુદ્ધિ-ગુણોનો યોગ કરવો.

૨૫. ગુણના પક્ષપાતી થવું

૨૬. હંમેશ અદુરાગ્રાહી બનવું

૨૭. નિત્ય વિશેષ જ્ઞાન : કાર્યાકાર્યાદિના વિભાગરૂપ વિશેષનું નિત્ય ચિન્તન.

૨૮. પર્વાપર્વતિથિ વિભાગ વિના સાધુ-દીનને સ્વીકારવા.

૨૯. ધર્મ, અર્થ, કામને પરસ્પર અબાધિત રીતે સાધવા. ત્રણેય ન સચવાય ત્યારે ઉત્તરઉત્તરને ત્યાગીને પૂર્વપૂર્વની સેવા કરવી.

૩૦. અદેશા-કાલાચરણ : નિષિદ્ધ સ્થાને અને અકાળના સમયે તે તે પ્રવૃત્તિ ન કરવી.

૩૧. બલાબલ-વિચારણા : બલાબલ-બે યનો વિચાર કરીને પ્રવૃત્તિ કરવી.

૩૨. યથાર્હ : લોકના ચિત્તને અનુસરીને વર્તવું.

૩૩. પરોપકારમાં ચતુર બનવું.

૩૪. લજ્જાળું બનવું.

૩૫. સૌમ્યતા.

પ્રશ્ન : માર્ગાનુસારી આ ૩૫ ધર્મો કહેવાય છે તો શું પૈસા કમાવા, વિવાહ કરવો, ઘર બાંધવું એ બધાનું ધર્મ તરીકે વિધાન છે?

ઉત્તર : ના, એ તો બધી પ્રાપ્ત વસ્તુ જ છે. વિધાન અપ્રાપ્તનું હોય. એટલે પૈસા કમાવવામાં નીતિ રાખવી, ઘર બાંધતાં "તેની યોગ્ય સ્થાનતા" એ વગેરે વિધાનો ધર્મરૂપ છે.

અહીં માર્ગાનુસારીના ૩૫ ગુણોનો સંક્ષિપ્ત નિર્દેશ પૂર્ણ થાય છે. હવે 'છેલ્લું યથાપ્રવૃતિકરણ' શું છે? એની પછી તરત જ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે તે સમ્યક્ત્વ શું? તેની પ્રાપ્તિ થવામાં કર્મોમાં કેવા

ફેરફાર થાય છે? ઇત્યાદિ વિચાર કરવાનો છે. પરન્તુ તે પહેલાં યોગ-દષ્ટિની જ દષ્ટિનું વિવેચન કર્યું છે તો સાથેસાથે પ્રસંગતઃ બાકીની ચાર દષ્ટિનો પણ વિચાર કરી લઈએ. ત્યાર પછી સમ્યક્ત્વપ્રાપ્તિનો ક્રમ વગેરેની વિચારણા કરશું.

(૫) સ્થિરાદષ્ટિ :

સ્થિરાદિ ચારેય દષ્ટિ સમ્યક્ત્વભાવપૂર્વક જ હોય છે. આ દષ્ટિ બે પ્રકારે છે : નિરતિચાર અને સાતિચાર.

જે રત્નપ્રભારૂપ બોધ ક્રમ વિનાના રત્નની જેમ અતિચાર વિનાનો છે તે નિરતિચાર સ્થિરાદષ્ટિ કહેવાય છે. અને જે બોધને પુનઃ પુનઃ અતિચારની ધૂળ લાગ્યા કરે છે અને ઝાંખો પડ્યા કરે છે તે સાતિચાર સ્થિરાદષ્ટિ છે.

ઝાંખો બોધ પણ મૂલતઃ તો સ્થિર જ છે એટલે તેને પણ સ્થિર કહી શકાય. અહીં રહેલા યોગીને ૧. સૂક્ષ્મબોધની પ્રાપ્તિ થાય છે. વેદ્ય-સંવેદ્ય પ્રાપ્ત થાય છે. ૨. સઘળી ભવચેષ્ટા બાળકની ધૂલિગૃહ-ક્રીડા સમી ભાસે છે. ૩. "હું એક જ છું, બાકી બધું અસત છે... ઉપાલવરૂપ છે," એવી વિચારણા જોર કરે છે.

ધર્મજનિત ભોગ પણ અહીં અનિષ્ટ ભાસે છે.

ચન્દન સ્વભાવથી જ શીતલ છે છતાં ચન્દનનો અગ્નિ વનને બાળે જ છે. કારણ કે તેનો તેવો સ્વભાવ જ છે. તેમ ધર્મજનિત ભોગ પણ આંતરદાહ ઉપજાવે છે. આ દષ્ટિવાળા જીવોને અલોલુપતા આદિ ગુણો પણ પ્રાપ્ત થાય છે.

## સ્થિરાદષ્ટિ કોષ્ટક

| દર્શન | યોગાંગ | દોષત્યાગ | ગુણપ્રાપ્તિ | ગુણસ્થાન |
|---|---|---|---|---|
| રત્નપ્રભાસમ નિત્ય | પ્રત્યાહાર | ભ્રાતિત્યાગ | સૂક્ષ્મબોધ — અલોલુપતાદિ | ૪-૫-૬ |

## (૬) કાન્તાદષ્ટિ :

આ અંગે વિશેષ વિચારણા વૈરાગ્ય-સંભવ નામના પાંચમા અધિકારમાં આપણે કરી છે. અને યોગાંગ ગુણ-દોષ-ત્યાગ વગેરેનું વર્ણન આપણે આઠે ય યોગદષ્ટિના સંક્ષિપ્ત વિચારમાં કરી ગયા છીએ.

આ દષ્ટિના મહાત્મા સમ્યક્ આચારની વિશુદ્ધિને લીધે, યોગી પ્રાણીઓને પ્રિય હોય છે તથા ધર્મમાં એકાગ્ર મનવાળા હોય છે.

### કાન્તાદષ્ટિ-કોષ્ટક

| બોધ-તારા પ્રભા સમાન | દોષ-અન્યમુદ્ ત્યાગ | ગુણસ્થાન |
|---|---|---|
| યોગાંગ<br>ધારણા | ગુણ-મીમાંસા<br>પ્રાપ્તિ | ૪ થી ૭ |

## (૭) પ્રભાદષ્ટિ :

આ અવસ્થાવર્તી મહાત્માને સદૈવ ધ્યાન હોય છે. ક્ષીણપ્રાયઃ મળવાળા સોનાની જેમ તેઓ સદા ય કલ્યાણભાગી હોય છે.

અહીં અસંગાનુષ્ઠાનરૂપ સત્ પ્રવૃત્તિપદ હોય છે. જે મહાપ્રયાણ રૂપ હોઈને મોક્ષપદ પમાડનારું છે. આ અસંગ અનુષ્ઠાનને પ્રશાન્ત-

### પ્રભાદષ્ટિ કોષ્ટક

| દર્શન | યોગાંગ | દોષત્યાગ | ગુણપ્રાપ્તિ | અન્ય વિશિષ્ટતા | ગુણ સ્થાન |
|---|---|---|---|---|---|
| સૂર્યપ્રભા સમ નિર્મળબોધ | ધ્યાન સદાય અનુપમ સુખ શ્રમસાર | રોગ-દોષ ત્યાગ | તત્ત્વપ્રતિપત્તિ | સત્પ્રવૃત્તિ પદાવહપણું સત્ પ્રવૃત્તિપદ = અસંગાનુષ્ઠાન | ૭-૮ |

વહિતા, વિસભાગપરિક્ષય, શિવવર્ત્મ, ધ્રુવમાર્ગ વગેરે સંજ્ઞાઓથી યોગીઓ સંબોધે છે.

સાંખ્ય-યોગદર્શન આને જ પ્રશાન્તવાહિતા કહે છે, બૌદ્ધો વિસભાગપરિક્ષય કહે છે, શૈવો શિવવર્ત્મ કહે છે, મહાવ્રતિકો ધ્રુવમાર્ગ કહે છે.

(૮) પરાદૃષ્ટિ :

આ દૃષ્ટિમાં યોગી નિરાચાર પદવાળો, અતિચાર-રહિત હોય છે. પર્વત ચડી ગએલાને ચડવાનું હોતું નથી તેમ આચારથી જીતવા યોગ્ય કર્મ ઉપર વિજય મેળવી લેવાથી આ યોગીને કોઈ આચાર પાળવાનો રહેતો નથી. માટે જ તેને 'નિરાચાર' પદવાળો કહેવાય છે.

પ્રશ્ન : આ યોગી ભિક્ષાટન વગેરે રૂપ આચારમાં પણ પ્રવૃત્ત ન થાય.

ઉત્તર : ભિક્ષાટનાદિ પ્રવૃત્તિ તો કરે પરંતુ તે પૂર્વે સાંપરાયિક કર્મ (કષાયનો વિપાક બનાવતું કર્મ) ખપાવવા માટે ભિક્ષાટનાદિ સર્વ આચાર-ક્રિયા હતી. હવે તે સાંપરાયિક કર્મનો નાશ થઈ જવાથી જે ભિક્ષાટનાદિ ક્રિયા કરાય છે તે ભવોપગ્રાહી (અઘાતી) કર્મનો નાશ કરવા માટે થાય છે. એટલે ફળના ભેદથી આચાર-ક્રિયા એક દેખાવા છતાં ભિન્ન બની જાય છે.

જેમ એક માણસ જ્યારે રત્નની પરીક્ષા રૂપે રત્નનું જ્ઞાન મેળવી રહ્યો છે ત્યારે તેની તે શિખાઉ દૃષ્ટિ છે. પરંતુ એ જ માણસ જ્યારે રત્નનો વેપારી બની જાય છે ત્યારે રત્નનો વેપાર કરતી વખતે રત્નો તરફ દૃષ્ટિ છે તે પેલી શિખાઉ દૃષ્ટિથી તદ્દન જુદી જ છે.

રત્નના વ્યાપારથી જ રત્નનો વેપારી કૃતકૃત્ય બને છે. તેમ આ મહાત્મા ધર્મસન્યાસના વેપારથી કૃતકૃત્ય બને છે. ધર્મ એટલે ક્ષયોપશમભાવ. તેના ત્યાગરૂપ તાત્ત્વિક સન્યાસ અહીં પ્રાપ્ત થાય છે. ઉપચરિત ધર્મસન્યાસ છઠ્ઠા ગુણસ્થાનથી હોય છે. આ યોગીને આ તાત્ત્વિક ધર્મસન્યાસ શ્રેણિગત બીજા અપૂર્વકરણમાં (જેનું વર્ણન આગળ આવશે) પ્રાપ્ત થાય છે.

અતાત્ત્વિક ધર્મસન્યાસમાં અતાત્ત્વિક પ્રવૃત્તિરૂપ સાંસારિક ધર્મનો સન્યાસ (ત્યાગ) હોય છે.

જ્યારે તાત્ત્વિક ધર્મસન્યાસમાં ક્ષયોપશમરૂપ ધર્મનો સન્યાસ પ્રાપ્ત થતાં જ અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે, અતાત્ત્વિક ધર્મસન્યાસ ૬ઠ્ઠા ગુણસ્થાને જ પ્રાપ્ત થાય છે. તાત્ત્વિક ધર્મસન્યાસને જ સામર્થ્યયોગ કહેવાય છે.

અહીં જીવ ચન્દ્રની જેમ ભાવશુદ્ધ પ્રકૃતિથી સ્થિત હોય છે. વાદળ જેવું ઘાતીકર્મ યોગરૂપ આઘાતથી દૂર થઈ જાય છે અને કૈવલ્ય પ્રાપ્ત થાય છે. પછી ક્ષીણ દોષવાળા સર્વજ્ઞ-સર્વલબ્ધિ ફળથી યુક્ત એવા તે પરમ-પરાર્થનું સંપાદન કરી યોગના અંતને પામે છે. ત્યાં તરત જ તે ભગવાન શ્રેષ્ઠ યોગરૂપ અયોગથી ભવવ્યાધિનો ક્ષય કરી પરમ નિર્વાણને પામે છે.

## પરાદૃષ્ટિ કોષ્ટક

| દર્શન | યોગાંગ | દોષત્યાગ | ગુણપ્રાપ્તિ | ગુણસ્થાન |
|---|---|---|---|---|
| ચંદ્રપ્રભા સમ સંપૂર્ણ કેવલ દર્શનજ્ઞાન | સમાધિ | આસંગત્યાગ | પ્રવૃત્તિ આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ | ૮-૯-૧૦-૧૨ -૧૩-૧૪ ધર્મસન્યાસ યોગ ↓ ક્ષપકશ્રેણી ↓ કેવલજ્ઞાન-નિર્વાણ |

### ૧૨. ઇચ્છાયોગ-શાસ્ત્રયોગ-સામર્થ્યયોગ :

પૂર્વોક્ત આઠેય યોગદૃષ્ટિઓ ૮ નદી જેવી ઇચ્છા-શાસ્ત્ર-સામર્થ્ય-યોગરૂપ પર્વતમાંથી નીકળે છે. એટલે આપણે અહીં તે ૩ યોગનું સ્વરૂપ સંક્ષેપમાં સમજી લઈએ.

**ઇચ્છાયોગ :** સદ્‌ધર્મને પરિપૂર્ણ રીતે સેવવાની સાચી ઇચ્છા-પૂર્વકનો જ્ઞાની પુરુષોનો વિકથાદિ પ્રમાદને લીધે ઓછાંખાંપણુવાળો જે ધર્મવ્યાપાર (યોગ) તે ઇચ્છાયોગ.

આ યોગીમાં (૧) ધર્મ કરવાની ઇચ્છા હોય (૨) શ્રુતજ્ઞાન હોય (૩) સમ્યક્‌ત્વભાવ હોય (૪) પ્રમાદ હોય.

**શાસ્ત્રયોગ :** શાસ્ત્રપ્રધાન યોગ તે શાસ્ત્રયોગ.

અપ્રમત્ત યોગીનો શકિત મુજબનો શ્રદ્ધાવંતનો આગમ વચના-નુસારી શુદ્ધ (અવિકલ) ધર્મવ્યાપાર તે શાસ્ત્રયોગ કહેવાય. અર્થાત્ આ યોગી (૧) શ્રદ્ધાવંત હોય (૨) અપ્રમત્ત હોય (૩) તીવ્ર શાસ્ત્રવેત્તા હોય (૪) યથાશકિત શુદ્ધ ક્રિયા કરતો હોય.

**સામર્થ્યયોગ :** શાસ્ત્રમાં જેનો ઉપાય દર્શાવ્યો અને તે શાસ્ત્ર કરતાં પણ જેનો વિષય શકિતના ઉદ્રેકને લીધે પર બની ગયો તે સામર્થ્યયોગ કહેવાય. અહીં શાસ્ત્રની પ્રધાનતા ન હોઇને આત્મ-સામર્થ્યની પ્રધાનતા હોય છે.શાસ્ત્રો સામાન્યતઃસામર્થ્યયોગનું દિશાસૂચન માત્ર કર્યું છે પણ શાસ્ત્ર કાંઈ તે સામર્થ્ય-યોગનો માર્ગ પ્રાપ્ત કરાવી આપવા સમર્થ નથી. જે એ ઉપાય પ્રમાણે પ્રયાણ આદરે છે તે ધીરે ધીરે ઉપર ઉપરના ગુણસ્થાનો વટાવતો આગળ વધતો જાય છે. છેવટે તો એ શાસ્ત્રોકત મર્યાદાને પણ વટાવી જઈને શાસ્ત્રને પણ અગોચર (પર) એવા વિષયને પામતો પામતો આગળ વધી જાય છે. પછી તો અહીં આત્મ-સામર્થ્યનું જ પ્રાધાન્ય હોય છે. આ સામર્થ્ય-યોગના બે પ્રકાર છે. ધર્મસન્યાસ અને યોગ સન્યાસ.

ધર્મ એટલે ક્ષાયોપશમિક ભાવો, યોગ એટલે મન-વચન-કાયાના યોગો તે તે કર્મના ક્ષયોપશમથી ઉપજતા ક્ષમા વગેરે ભાવોને ક્ષાયોપશમિક ભાવો કહેવાય છે. તે ક્ષમાદિરૂપ ધર્મોનો ત્યાગ કરવો તે ધર્મસન્યાસરૂપ સામર્થ્ય યોગ કહેવાય છે. ક્ષપકશ્રેણિ ઉપર ચડેલા યોગી કર્મોને ખપાવતાં ચારેય ઘાતીકર્મોનો સંપૂર્ણ ક્ષય કરે છે ત્યારે તેમને ક્ષાયિક ભાવના જ્ઞાનાદિ ગુણો ઉત્પન્ન થાય છે. આમ થતાં ક્ષયોપશમ ભાવના ક્ષમાદિ ગુણો નષ્ટ થઈ જાય છે. આને જ

ધર્મસંન્યાસ કહેવાય છે. પછી તે કેવલિ ભગવંત જ્યારે ૧૪ મા ગુણસ્થાને આવીને મનાદિ ત્રણે ય યોગનો રોધ કરે છે ત્યારે તેઓ યોગસંન્યાસને પ્રાપ્ત થાય છે. એટલે જ કહ્યું છે કે ક્ષપકશ્રેણિના અપૂર્વકરણમાં તાત્વિક ધર્મસંન્યાસ હોય અને આયોજ્યકરણ પછી (જેનું વર્ણન આગળ આવશે) તાત્વિક યોગ-સંન્યાસ હોય.

## ઇચ્છાયોગાદિ કોષ્ટક

| યોગનું નામ | કોનું મુખ્યપણું | મુખ્ય લક્ષણ | પાત્ર યોગી | ગુણસ્થાન |
|---|---|---|---|---|
| ઇચ્છાયોગ | ઇચ્છાપ્રધાન | સાચી ધર્મઇચ્છા શાસ્ત્રશ્રવણ, શ્રુતબોધ, સમ્યગ્દૃષ્ટિ, છતાં પ્રમાદજન્ય વિકલતા | આવો ધર્મ-ઇચ્છક, આગમ-શ્રોતા, સમ્યગ્જ્ઞાની પણ પ્રમાદયુક્ત | ૪-૫-૬ ઉપલક્ષણથી વ્યવહારથી |
| શાસ્ત્રયોગ | શાસ્ત્રપ્રધાન | શાસ્ત્રપટુતા, શ્રદ્ધા અપ્રમાદ | શાસ્ત્રપટુ, શ્રદ્ધાળુ, અપ્રમાદિ | ૬-૭ |
| ધર્મ-સંન્યાસ | સામર્થ્ય-પ્રધાન | શાસ્ત્રથી પર વિષય પ્રા સ્વસંવેદન અનુભવજ્ઞાન, ક્ષયોપશમ ધર્મોનો ત્યાગ | ક્ષપકશ્રેણિ ગત યોગી અને સંયોગી કેવલી | ૮-૯-૧૦ ૧૨-૧૩ |
| સામર્થ્યયોગ યોગ સંન્યાસ | સામર્થ્ય-પ્રધાન | મન-વચન-કાયાના યોગોનો ત્યાગ-અયોગ-પરમયોગ | અયોગી કેવલી | ૧૪ શૈલેશી અવસ્થામાં |

## [૭]

હવે આપણે જોઈએ કે સમ્યક્ત્વ-ધર્મની પ્રાપ્તિ શી રીતે થાય છે?

સંસારભાવમાં જીવને ફસાવનાર જીવના રાગ-દ્વેષાદિ ભાવો છે, જેને શાસ્ત્રકાર ભગવંતોએ 'ભાવકર્મ' તરીકે સંબોધ્યા છે. ચૌદ રાજલોકમાં એવા પ્રકારની રજકણો ઠાંસીને ભરેલી છે, જે રજકણોના સમૂહોને કાર્મણવર્ગણા કહેવાય છે. જ્યારે જ્યારે જીવ મન-વચન-કાયાનો કોઈ પણ વ્યાપાર કરે છે, શુભાશુભ વિચાર કરે છે કે સમૂર્ચ્છિમ જેવી અનુપયોગ દશામાં વર્તે છે ત્યારે આ કાર્મણવર્ગણાની રજકણો તેની ઉપર ચોંટી જાય છે. પ્રતિસમય અનંતી રજકણો જીવને ચોંટતી જ રહી છે. અનાદિકાળથી જીવ છે માટે અનાદિકાળથી આ કર્મણ-વર્ગણાની રજકણો જીવને અનાદિકાળથી ચોંટતી જ રહી છે. આ રજકણો જીવની સાથે સંબંધ પામ્યા પછી તેને કર્મ કહેવાય છે.

### પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ

કોઈ પણ કાર્મિક રજકણ ચોંટતાની સાથે જ એનો ચાર રીતે બંધ થાય છે: એક તો એ કર્મની પ્રકૃતિ બંધાય છે એટલે કે સ્વભાવ નક્કી થાય છે, બીજું એની આત્મા ઉપર રહેવાની સ્થિતિ નક્કી થાય છે, ૩જું એ કર્મનો રસ નક્કી થાય છે અને ૪થું એ કર્મનું દળ નક્કી થાય છે. આ ચારને અનુક્રમે પ્રકૃતિબંધ, સ્થિતિ-બંધ, રસબંધ અને પ્રદેશબંધ કહેવાય છે.

દા. ત., એક માણસે એક જીવની ખૂબ આનંદથી હિંસા કરી. એ વખતે માણસને જે રજકણો ચોંટી પડી એને તો વાચા

હોય અને આપણે ઉપલી ચાર વાત પૂછીએ તો તે જાણે કહે કે મારી પ્રકૃતિ (Nature) એવી છે કે હું જ્યારે ઉદયમાં આવીશ ત્યારે આ જીવને અશાતા આપીશ, હું બે હજાર વર્ષ સુધી રહીશ, અશાતા પણ સામાન્ય નહિ આપું પણ ભયંકર કોટિની આપીશ. અને હું એક જ રજકણ નથી પણ ૧ લાખ રજકણોના જથ્થામાં ચોંટી છું.

આ ચારેય વાતથી તેની પ્રકૃતિ (Nature), સ્થિતિ (Time-limit), રસ (Power), પ્રદેશ (Bulk) રૂપ ચાર બંધ નિશ્ચિત થાય છે.

કોઈ પણ પ્રકારનું કાર્મિક-રજકણ જીવને ચોંટે તે ચોંટ્યું ત્યારે જ કર્મ કહેવાય, જ્યાં સુધી આકાશમાં પડ્યું હોય ત્યાં સુધી કાર્મણ-વર્ગણાની રજકણો કહેવાય.

ગમે તે વિચારથી ગમે તે ભાષાપ્રયોગથી ગમે તેવા વર્તનથી વિશ્વના ૩ અબજ માનવો કે ૧૪ રાજલોકની તમામ જીવસૃષ્ટિ જે કાંઈ રજકણોને પોતાની ઉપર ચોંટાડે તે તમામ રજકણ ૮ જાતના સ્વભાવમાંથી ગમે તે એક સ્વભાવરૂપ હોય જ. ૮ ની ઉપર ૯ મો એવો કોઈ સ્વભાવ નથી, જે રૂપે અનાદિ અનંતકાળના જીવોએ બાંધેલી અનંતાનંત રજકણોમાંની એક પણ રજકણ જીવ ઉપર ચોંટીને રહી હોય.

આ ૮ સ્વભાવને લીધે કર્મના ૮ પ્રકાર છે.

**આઠ કર્મ :** જે કર્મ જીવનો અનંત જ્ઞાનપ્રકાશ ઢાંકી દેવાના સ્વભાવવાળું હોય છે તેને જ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે.

જે કર્મ જીવના અનંતદર્શન સ્વભાવને આવરી દેવાના સ્વભાવવાળું છે તે દર્શનાવરણીય કર્મ કહેવાય છે.

જે કર્મ જીવને સુખ કે દુઃખ આપવાના સ્વભાવવાળું છે તે વેદનીય કર્મ કહેવાય છે.

જે કર્મ જીવની રાગ-રોષ રહિત વીતરાગ અવસ્થાને અથવા તત્ત્વદર્શનને ઢાંકી દેવાના સ્વભાવવાળું છે તે મોહનીય કર્મ કહેવાય છે.

જે કર્મ જીવના અનંતવીર્ય, અનંતલાભ, અનંતભોગ વગેરેને આવરી દેવાના સ્વભાવવાળું છે તેને અંતરાય કર્મ કહેવાય છે.

જે કર્મ જીવનની અજરામર અવસ્થાને રોકવાના સ્વભાવવાળું છે તે આયુષ્ય કર્મ કહેવાય છે.

જે કર્મ જીવના અરૂપિ સ્વભાવને રોકવાના સ્વભાવવાળું છે તે નામ કર્મ કહેવાય છે.

જે કર્મ જીવના અગુરુલઘુ પર્યાયને રોકવાના સ્વભાવવાળું છે તે ગોત્ર કર્મ કહેવાય છે.

આ આઠે ય કર્મોના સ્વભાવ જીવના સ્વાભાવિક ગુણોને રોકવાનું જ કામ કરતા હોય છે. એટલું જ નહિ પરન્તુ જીવમાં નવી નવી પરિસ્થિતિનું નિર્માણ કરે છે.

આ તો એમના સ્વભાવની વાત થઈ. હવે એમની સ્થિતિનો વિચાર કરીએ. દરેક કર્મ બંધાતી વખતે પોતાની અમુક સ્થિતિને નક્કી કરે છે. તે વખતે ઓછામાં ઓછી સ્થિતિ કેટલી નક્કી થાય ? અને વધુમાં વધુ સ્થિતિ કેટલી નક્કી થાય ? તે આપણે જોઈએ.

જ્ઞાનાવરણ-દર્શનાવરણ-વેદનીય અને અંતરાય એ ચાર કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ કો. કો. સાગરોપમની હોય છે. મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કો. કો. સાગરોપમની બંધાય છે. નામ કર્મ અને ગોત્ર કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૦ કો. કો. સાગરોપમની હોય છે. આયુષ્ય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમની બંધાય છે.

હવે આઠે ય કર્મની જઘન્ય સ્થિતિ જોઈએ.

વેદનીય કર્મની જઘન્ય સ્થિતિ ઓછામાં ઓછી ૧૩ મુહૂર્તની સ્થિતિ હોય છે, નામ-ગોત્ર કર્મની ૮ મુહૂર્તની અને બાકીના પાંચે ય કર્મની ૧ અંતર્મુહૂર્તની જઘન્ય સ્થિતિ હોય છે.

અંતર્મુહૂર્તના અસંખ્ય પ્રકાર છે.

૯ સમયથી માંડીને ૪૮ મિનિટમાં ૧ સમય ઓછા સુધીનો બધો કાળ અન્તર્મુહૂર્તમાં ગણાય. આંખના ૧ પલકારામાં અસંખ્ય

સમય પસાર થઇ જાય છે તો ૧ મિનિટમાં કેટલા સમય પસાર થતા હશે? અને ઉપરોક્ત મોટામાં મોટા અન્તર્મુહૂર્તમાં કેટકેટલા અસંખ્ય સમય સમાતા હશે? આથી જ અન્તર્મુહૂર્તના અસંખ્ય પ્રકાર પડે.

ઉપરોક્ત આઠેય કર્મ જીવ ઉપર ચોંટી પડીને શું ભાવ ભજવે છે? તે જોઇએ.

જ્ઞાનાવરણીય કર્મ જીવને અજ્ઞાની બનાવે છે.

દર્શનાવરણીય કર્મ અંધાપો વગેરે કે અનેક પ્રકારની નિદ્રા લાવે છે.

મોહનીય કર્મ મિથ્યાત્વ–અવિરતિ–રાગ–દ્વેષ–કામ–ક્રોધાદિ લાવે છે.

વેદનીય કર્મ શાતા–અશાતા લાવે છે.

આયુષ્ય કર્મ જન્મ–જીવન–મૃત્યુ લાવે છે.

નામ કર્મ ગતિ–શરીર– ઇન્દ્રિયાદિ–યશ–અપયશ–સૌભાગ્ય—દૌર્ભાગ્યાદિ લાવે છે.

ગોત્રકર્મ ઉચ્ચ–નીચ કુળ આપે છે.

ઉપરોક્ત ૮ કર્મમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અન્તરાય એ ૪ કર્મને ઘાતી કર્મો કહ્યાં છે.

આ ચારે ય આવરણો જીવના જ્ઞાનાદિ ગુણોનો ઘાત કરી નાંખે છે. માટે તેમને ઘાતી કહેવાય છે. જ્યારે બાકીના ચારમાં ગુણોનો સીધો ઘાત કરવાની તાકાત ન હોવાથી તેમને અઘાતી કહેવાય છે.

૪ ઘાતી કર્મમાં પણ મોહનીય કર્મ સૌથી વધુ ઘાતક કર્મ કહેવાય છે કેમ કે એના તોફાન ઉપર જ બાકીના ૩ ઘાતી કર્મનું તોફાન હોય છે.

ઉપરોક્ત ૮ કર્મના પેટાભેદ ૧૫૮ પડે છે. એમાં મોહનીય કર્મના પેટાભેદરૂપે જે મિથ્યાત્વ મોહનીય કર્મ છે તેની ભયાનકતા તો બીજા પેટાભેદવાળા મોહનીય કર્મથી પણ અતિશય વધુ હોય છે. આથી

એમ કહી શકાય કે સર્વ કર્મમાં સૌથી વિઘાતક–સૌથી ભયંકર કર્મ હોય તો તે મિથ્યાત્વ મોહનીય કર્મ છે. આ મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયમાં ગુણો પણ દુર્ગુણનું કાર્ય કરે છે, અને એના હ્રાસ-કાળમાં દુર્ગુણો પણ ખાસ અસર બતાવી શકતા નથી. જ્યારે આ મિથ્યાત્વ મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ (૭૦ કો. કો. સાગરોપમની) એક પણ વખત જીવ બાંધવાનો નથી, ત્યારે જ તે જીવ અપુનર્બન્ધક કહેવાય છે, એ વાત આપણે પૂર્વે જોઈ ગયા છીએ.

જીવ અપુનર્બન્ધકતામાં જ્ઞાનાવરણીયાદિ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિના હ્રાસનો સંબંધ ન લગાડતા મિથ્યાત્વ મોહનીય કર્મના હ્રાસનો સંબંધ લીધો એ જ વાત બતાવી આપે છે કે ધર્મપ્રાપ્તિમાં મોટામાં મોટી દખલગીરીરૂપ કોઈ કર્મ હોય તો તે મિથ્યાત્વ મોહનીય કર્મ જ છે.

આ જ કર્મ સમ્યક્ત્વ ભાવની પ્રાપ્તિમાં પણ ભારે અટકાવ કરે છે. ૭૦ કો. કો. સાગરોપમની અંદરની સ્થિતિને જ બાંધતો જીવ અપુનર્બન્ધક થઈ શકે એ અવસ્થામાં ઊંચામાં ઊંચો ગણાતો વિકાસ પામી શકે પરન્તુ તે ઉચ્ચ વિકાસની તદ્દન નીકટમાં જ ઊભો રહેલો સમ્યક્ત્વ ભાવ પામી ન શકે. એ ભાવ પામવા માટે સાગરોપમની ઉ. સ્થિતિની અંદર આવી જવા જેટલી શરત નથી ચાલતી કિન્તુ એ મિથ્યાત્વ મોહનીય કર્મની સ્થિતિ ફક્ત એક કો. કો. સાગરોપમની પણ અંદર આવી જાય ત્યારે જ તે સમ્યક્ત્વ ભાવ પ્રાપ્ત થઈ શકે છે. અર્થાત્ ખૂબ માર ખાઈને તડકા, તાપ વેઠીને, નરકમાં જઈને ઘોર દુઃખો ભોગવીને, બાળતપ વગેરે કરીને ગમે તે રીતે— મિથ્યાત્વ મોહનીય કર્મની એક કો. કો. સાગરોપમ ઉપરની સ્થિતિ કપાઈ જાય અને પછી પણ હજી થોડી ઓછી થઈ જાય એટલે કે જીવ ઉપર ચોંટેલા મિથ્યાત્વ મોહનીય કર્મની સ્થિતિ અંતઃ કોટાકોટિ સાગરોપમની સ્થિતિ થાય ત્યારે જ સમ્યક્ત્વ ભાવ પ્રાપ્ત થાય છે. અહીં પણ વચ્ચે એક સાધના કરવાની તો રહી છે. એ છે રાગદ્વેષની ગાંઠનું ભેદન. અનાદિકાળના રાગદ્વેષના પરિણામની જીવ

ઉપર જે ગ્રન્થિ ગંઠાઈ છે તે એવી દુર્ભેદ છે કે તેને તોડવાનું કામ પર્વતને ચૂરી નાંખનાર ચક્રવર્તી માટે પણ મુશ્કેલ હોય છે.

જ્યાં સુધી આ ગ્રન્થિનું ભેદન ન થઈ જાય ત્યાં સુધી સમ્યક્ત્વ-ભાવ પ્રાપ્ત થતો નથી.

અભવ્ય વગેરે જીવો અનેકાનેક વખત આ ગ્રન્થિની નજદીક આવ્યા, ઘોર ચારિત્ર વગેરે પાળ્યા પણ ગ્રન્થિને ભેદ્યા વિના જ પાછા ફર્યા. આવું તો તેમને અનંતી વખત બની જાય અને તો ય એ અભવ્ય જીવો ગ્રન્થિભેદ કદાપિ કરી શકે નહિ. ગ્રન્થિપ્રદેશની નજદીક આવ્યા વિના દ્રવ્યથી પણ ધર્મસાધના પ્રાપ્ત થતી નથી. અર્થાત્ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો એવા કો. કો. સાગરોપમ જેટલી મિથ્યાત્વ મોહનીય કર્મની સ્થિતિ થઈ જાય, ત્યારે જ ગ્રન્થિની નજદીક પણ આવી શકાય અને ત્યારે જ દ્રવ્યાનુષ્ઠાનની પણ પ્રાપ્તિ થાય.

કેટલાકને ગ્રન્થિભેદન કરીને સમ્યક્ત્વ ભાવ નિસર્ગથી એટલે કે તે વખતે ગુર્વાદિના નિમિત્ત મેળવ્યા વિના પ્રાપ્ત થઈ જાય છે તો કેટલાક ગુર્વાદિનિમિત્ત પામીને અપૂર્વ વીર્યોલ્લાસ થતાં એ રાગદ્વેષની ગ્રન્થિનું ભેદન થઈ જાય છે અને તરત જ સમ્યક્ત્વ ભાવની પ્રાપ્તિ થાય છે.

આમ બે રીતે ગ્રન્થિભેદપૂર્વક સમ્યક્ત્વ ભાવ પ્રાપ્ત થાય છે, નિસર્ગથી અને અધિગમથી.

પર્વત પાસેની નદીમાં પાણીથી તણાતો-અથડાતો-કુટાતો પથ્થર અણઘડ્યો પણ ક્યારેક ગોળ સુંવાળો બની જાય છે તેમ જીવને પણ કોઈ તથાવિધ કર્મસ્થિતિ ઘટાડવાનો આશય ન હોય તો પણ ઘુણાક્ષર ન્યાયે કષ્ટો વેઠતાં કોઈ કર્મો ખપે છે તેમ નવું બંધાયા પણ કરે છે. આ પ્રવૃત્તિ સહજરૂપે થયા કરે છે માટે તેને યથાપ્રવૃત્તકરણ કહ્યું છે. એ યથાપ્રવૃત્તકરણ દ્વારા કર્મસ્થિતિની હાનિ અને વૃદ્ધિ બેય થયા કરે છે. કોઈ વાર હાનિનું પલ્લું નમી પડે છે પરંતુ આમ કરતાં કરતાં જ્યારે હાનિનું પલ્લું ખૂબ જ નમી જાય છે એટલે કે

કર્મસ્થિતિ અંત કો. કો. સાગરોપમની જ બાકી રહે છે ત્યારે ગ્રન્થિભેદ કરવાનો અવસર આવે છે.

| કર્મ | કયો ગુણ ઢાંકે? | શું આપે? | સ્થિતિ જઘન્ય | સ્થિતિ ઉત્કૃષ્ટ | ઘાતી? અઘાતી? |
|---|---|---|---|---|---|
| જ્ઞાનાવરણ | અનંતજ્ઞાન | અજ્ઞાન | અંત. મુ. | ૩૦ કો. કો. સાગરોપમ | ઘાતી |
| દર્શનાવરણ | અનંતદર્શન | અન્ધાપાદિ–નિદ્રા | ,, | ,, | ,, |
| મોહનીય | સમ્યક્ત્વ-વીતરાગતા | મિથ્યાત્વ-અવિરતિ રાગ–દ્વેષ–કામ ક્રોધાદિ | ,, | ,, | ,, |
| અંતરાય | અનંત-વીર્યાદિ | કૃપણતા-દરિદ્રતા પરાધીનતા-દુર્બલતાદિ | ,, | ૭૦ કો. કો સાગરોપમ | ,, |
| વેદનીય | અનંતસુખ | શાતા–અશાતા | ૧૨ મુહૂર્ત | ૩૦ કો. કો. સાગરોપમ | અઘાતી |
| આયુષ્ય | અક્ષય–સ્થિતિ | જન્મ-જીવન-મૃત્યુ | અંત. મુ. | ૩૩ સાગરોપમ | ,, |
| નામ | અરૂપિતા | ગતિ–શરીર–ઇન્દ્રિયાદિ યશ, સૌભાગ્ય દુર્ભાગ્યાદિ | ૮ મુહૂર્ત | ૨૦ કો. કો. સાગરોપમ | ,, |
| ગોત્ર | અગુરુલઘુતા | ઉચ્ચ–નીચ | ,, | ,, | ,, |

આયુષ્ય વિનાના સાતે ય કર્મની અંત કો. કો. સાગરોપમની સ્થિતિ થાય ત્યારે તે જીવ ગ્રન્થિદેશ પાસે આવ્યો કહેવાય છે. જ્યારે જે જીવનું ભાવિમાં કલ્યાણ થવાની સામગ્રી પ્રગટી હોય છે ત્યારે તે જીવને તેવો રાગ–દ્વેષનો તીવ્ર પરિણામ ઊભો રહેતો નથી. એ વખતે કોઈ એવો અનેરો ઉલ્લાસ પ્રગટે છે કે તેથી તે વખતે તે જીવ પાંચ વસ્તુઓ અપૂર્વ કરે છે. આને અપૂર્વકરણ કહેવાય છે.

આ વીર્યોલ્લાસના બળે રાગ-દ્વેષની ગાંઠનું ભેદન થાય છે. જ્યારે આ રીતે જીવ અપૂર્વકરણ કરે છે ત્યારે તે જીવનું તે અપૂર્વકરણ પૂર્વનું યથાપ્રવૃત્તકરણ તે છેલ્લું યથાપ્રવૃત્તકરણ કહેવાય છે.

**અપૂર્વકરણ :** અપૂર્વકરણમાં કઈ પાંચ બાબતો અપૂર્વ બને છે તે જોઇએ.

૧. અપૂર્વ સ્થિતિઘાત, ૨. અપૂર્વ રસઘાત. ૩. અપૂર્વ ગુણશ્રેણિ. ૪. અપૂર્વ ગુણસંક્રમ. ૫. અપૂર્વ સ્થિતિબંધ.

**(૧) અપૂર્વ સ્થિતિઘાત :** બાંધેલા કર્મની સ્થિતિ એટલે ટકવાનું કાળમાન.

આપણે જોઈ ગયા કે કોઈ પણ કાર્મિક રજકણ ચોંટતાની સાથે તેની સ્થિતિ (Time limit) નક્કી થયેલી જ હોય છે. આ અપૂર્વકરણના એક મુહૂર્તના વીર્યોલ્લાસથી તે સ્થિતિ ઉપરથી પ્રતિસમય તૂટતી જાય છે. અર્થાત્ એમાંની ઉપરની અંતિમ સ્થિતિના કર્મસ્કંધોને પ્રતિસમયે અસંખ્ય ગુણની વૃદ્ધિ સાથે ઉપાડે છે અને ઉપર નીચે સ્થિતિવાળા કર્મસ્કન્ધમાં ભેળવી દે છે. તેથી એ ભાગની સ્થિતિમાં કર્મ જ નહિ રહેવાથી તેટલી સ્થિતિનો ઘાત થયો કહેવાય. યથા-પ્રવૃત્તકરણની શરૂઆત વખતે કર્મોની સ્થિતિ ઠેઠ એક કોટાકોટિ સાગરોપમની અંદર આવેલી હતી. તેમાં એ કરણથી અંતઃ કો. કો.માં ય ઓછી કરી મૂકી હતી તે હવે અહીં અપૂર્વકરણમાં છેવટે જઇને એમાંથી સંખ્યાતા ભાગ ઓછો થઇ જવાથી, પ્રારંભ કરતા સંખ્યાતમા ભાગ જેટલી કાળસ્થિતિ બાકી રહે છે. આને અપૂર્વ સ્થિતિઘાત કહેવાય. અપૂર્વ એટલા માટે કે પૂર્વ આવો સ્થિતિઘાત કદી જીવે કર્યો ન હતો.

**(૨) અપૂર્વ રસઘાત :** અહીં અશુભ કર્મોમાં રહેલા ઉગ્રરસનો ઘાત થાય છે, અર્થાત અશુભ કર્મોમાં પડેલા રસને મંદ બનાવી દેવામાં આવે છે. જો આ રસઘાત ન થયો હોત તો તે કર્મોનો રસ કર્મના ઉદય વખતે ભારે તોફાન મચાવત, જે હવે નહિ મચાવી શકે.

**(૩) અપૂર્વ ગુણશ્રેણિ :** અહીં ગુણ એટલે 'અસંખ્યગુણાકારે અને શ્રેણિ એટલે કર્મના દળની રચના કરવી. પૂર્વે જે સ્થિતિઘાત જણાવ્યો ત્યાં પ્રતિસમય ઉપરની સ્થિતિમાંથી જે કર્મ-દળિયા નીચે

ઉતારે તેને ઉદય સમયથી માંડીને અંતર્મુહૂર્ત સુધીનાં સ્થિતસ્થાનોમાં અસંખ્ય ગુણુના ક્રમે ગોઠવે. અર્થાત્ ૧ લાખ દલિક ઉપાડયા હોય તેમાંથી પહેલા સમયે ઉદયમાં જે કર્મો છે તેના ભેગા ૧૦૦ દલિક ગોઠવે. બીજા સમય ઉદયમાં આવનાર જે કર્મો છે તેના ભેગા ૫૦૦ દલિક ગોઠવે. ત્રીજા સમયે ઉદયમાં આવનાર જે કર્મો છે તેના ભેગા ૨૫૦૦ દલિક ગોઠવે, આમ ઉદય સમયથી માંડી અંતર્મુહૂર્ત સુધીનાં સ્થિતિસ્થાનોમાં અસંખ્ય ગુણુના ક્રમથી થતા દલિક રચનાને ગુણશ્રેણિ કહે છે. આ રીતે, અપૂર્વકરણુના ચરમ સમય સુધી ગુણશ્રેણિની રચના ચાલુ રહે છે.

(૪) અપૂર્વ ગુણુસંક્રમ : અહીં અસંખ્યાત ગુણુ–અસંખ્યાત ગુણુ ચડતા ક્રમે અશુભ કર્મદલિકોનું નવાં બંધાઈ રહેલાં શુભ કર્મોમાં સંક્રમણુ કરે અર્થાત્ અશુભને શુભમાં પલટાવી નાંખે. સામાન્યતઃ તો નિયમ એવો છે કે બંધાતા શુભ કર્મમાં પૂર્વે બાંધેલા સજાતીય અશુભ કર્મના અમુક અંશોનું અને બંધાતા અશુભ કર્મમાં પૂર્વબદ્ધ સજાતીય શુભકર્મના અમુક અંશોનું સંક્રમણુ ચાલુ જ હોય છે. પરન્તુ સંક્રમ પામતો અંશ પ્રતિસમય અસંખ્ય ગુણુ બનતો જાય તેને ગુણુસંક્રમ કહે છે.

અહીં મુખ્યત્વે મિથ્યાત્વ કર્મનો વિચાર છે. આ કર્મમાં કોઈ કર્મનો સંક્રમ થવાનો પ્રસંગ નથી. તેથી આ મિથ્યાત્વ મોહનીય કર્મનો અપૂર્વ ગુણુસંક્રમ અહીં બનતો નતો. પણુ બાકીના આયુષ્ય સિવાય સાતે કર્મોમાં ગુણુસંક્રમ ચાલુ છે.

(૫) અપૂર્વ સ્થિતિબંધ : અહીં અંતર્મુહૂર્તે–અન્તર્મુહૂર્તે નવા નવા કર્મબંધમાં કાળસ્થિતિ, પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલી ઓછી ને ઓછી નક્કી થતી જાય છે. એવો નિયમ છે કે અધ્યવસાયનો સંક્લેશ જેમ વધારે તેમ સ્થિતિબંધ વધારે ને વધારે અને વિશુદ્ધિ વધારે તેમ સ્થિતિબંધ ઓછો ઓછો થાય. શુભ હોય કે અશુભ હોય બેય કર્મ માટે આ નિયમ છે. જ્યારે રસબંધમાં નિયમ એવો છે કે સંક્લેશમાં શુભ કર્મમાં મંદરસ અને અશુભનો

તીવ્રરસ થાય, જ્યારે વિશુદ્ધિમાં શુભનો તીવ્ર અને અશુભનો મંદરસ બંધાય.

સારાંશ એ છે કે અપૂર્વકરણ વખતે શુભ અધ્યવસાય પ્રતિ-સમય ચડતી માત્રામાં હોય છે. તેથી સમયે સમયે ઉપરોક્ત પાંચે ય કાર્ય ચડતા ચડતા થાય છે. આ રીતે સ્થિતિઘાતાદિ પાંચે ય કદાપિ થયા ન હતા. કેમ કે આવો ચડતો પરિણામ કદાપિ આવ્યો ન હતો. માટે જ આ પાંચેયને અપૂર્વ કહેવામાં આવે છે. આ વીર્યોલ્લાસવાળું અપૂર્વકરણ અન્તમુંહૂર્તકાળ સુધી જ ચાલે છે.

**અનિવૃત્તિકરણ :** છેલ્લા યથાપ્રવૃત્તકરણ વખતે આયુષ્ય સિવાયના સાતે ય કર્મની સ્થિતિ-તૂટી પડીને અંત : કો. કો. સાગરોપમની થઈ ગઈ હતી, હવે આ અપૂર્વકરણમાં તેથી પણ સંખ્યાતમાં ભાગની માત્ર સ્થિતિ રહી, સંખ્યાતા બહુ ભાગનો નાશ થયો તેમ જ એ કર્મોના રસો પણ તૂટ્યા. અર્થાત્ એ કર્મો કાંઈક નિર્બળ થયાં. માટે જ અપૂર્વકરણ દ્વારા આત્મા (મિથ્યા મોહનીય કર્મ) રાગ-દ્વેષના તીવ્ર રસરૂપ ગ્રન્થિને ભેદી નાંખે છે. એટલે કે મિથ્યાત્વ મોહનીય કર્મનો સત્તામાં રહેલાં તીવ્ર રસ તૂટી પડે છે, તે એકદમ મંદ પડી જાય છે. જેથી આગળનું કામ સરળ થાય છે.

આ અપૂર્વકરણનો એક અંતમુંહૂર્તનો કાળ પૂર્ણ થતાં આત્મા અનિવૃત્તિકરણના એક અન્તમુંહૂર્તના કાળમાં પ્રવેશે છે. અહીં પણ અપૂર્વ સ્થિતિઘાતાદિ ચાલુ તો રહે જ છે પણ આ કરણમાં એકસાથે તે તે સમયે પ્રવેશતા જીવોના અધ્યવસાય ઉત્તરોત્તર સમયે વધતા જાય છે અને તે તે સમયે એક સાથે તે અનિવૃત્તિકરણમાં ચડેલા તે જીવોના પરસ્પરના અધ્યવસાય ભાવમાં ફેરફાર હોતો નથી. અપૂર્વ-કરણમાં તો એક જ સમયે તેમાં પ્રવેશેલા જીવોના અધ્યવસાયમાં પરસ્પર ફેરફાર રહ્યા કરે છે.

જેમ કે ૧ લાખ જીવ એકસાથે અપૂર્વ સ્થિતિઘાતાદિ કરે છે. પરન્તુ જ્યાં સુધી તેના પરસ્પરના અધ્યવસાયમાં તારતમ્ય રહે છે

ત્યાં સુધીનો એક અન્તર્મુહૂર્તનો કાળ એ અપૂર્વકરણ કહેવાય છે. પણ આ કાળને તારતમ્યવાળું કરણ એટલે કે નિવૃત્તિવાળું (નિવૃત્તિ-તારતમ્ય) કરણ કહેવાય છે.

હવે અપૂર્વ સ્થિતિઘાતાદિ તો ચાલુ જ છે પણ જે સમયથી એક-સાથે તે જીવો પરસ્પરના તારતમ્ય વિનાના અધ્યવસાયવાળા–એટલે કે સરખા અધ્યવસાયવાળા બની જઈને આગળ આગળના સમયોમાં પસાર થતા જાય છે તે સમયથી તે જીવો અનિવૃત્તિકરણમાં (પરસ્પરના અધ્યવસાયના તારતમ્ય વિનાના) કરણમાં પ્રવેશ્યા એમ કહેવાય છે. અહીં પ્રવેશતા ૧ લા સમયે જે અધ્યવસાય વિશુદ્ધિ હોય છે તેના કરતાં અનંતગુણ વિશુદ્ધિ ઉત્તરોત્તર સમયે સાથે પ્રવેશેલા બધા જીવોની એકસરખી રીતે વધતી જ જાય છે. પણ એમાં પરસ્પરની વિશુદ્ધિમાં જરા ય ઓછાં–વત્તાપણું થતું નથી. માટે જ આ કરણને અનિવૃત્તિકરણ કહેવાય છે. આ અનિવૃત્તિકરણ પણ એક અન્તર્મુહૂર્તના સમય જેટલું જ હોય છે.

અનાદિ સંસારમાં સર્વ જીવે અનંતા યથાપ્રવૃત્તિકરણ કર્યા છે. પરંતુ તેમાં જે અપૂર્વકરણ કરે તેને તે અપૂર્વકરણની પૂર્વનું છેલ્લું યથાપ્રવૃત્તિકરણ એક અન્તર્મુહૂર્તનું થાય. પછી એક અન્તર્મુહૂર્તનું અપૂર્વકરણ થાય. અને પછી એક અન્તર્મુહૂર્તનું અનિવૃત્તિકરણ થાય.

| અનાદિની તીવ્ર મિથ્યાત્વ દશા | મંદ મિથ્યાત્વ દશા | છેલ્લું યથા–પ્રવૃત્તિકરણ | અપૂર્વકરણ | અનિવૃત્તિકરણ |
|---|---|---|---|---|
| અનંત | કાળ | ૧. અંત મું. કાળ | ૧. અંત મું. કાળ | ૧. અંત મું. |
| | | અપૂર્વકરણના ગ્રંથિનો ભેદ | છેડે રાગ-દ્વેષની ગ્રંથિનો ભેદ થયો. | |

અહીં ખ્યાલ રાખવો કે ઉપરોક્ત ત્રણે ય અન્તર્મુહૂર્તના કાળમાં જીવ મિથ્યાત્વ મોહનીય કર્મના દલિકોને ભોગવે છે. માટે તે જીવ ૧લા મિથ્યાત્વ ગુણસ્થાનકે જ છે. અપૂર્વકરણના છેડે રાગ-દ્વેષની ગ્રન્થિ ભેદાઈ ગઈ પછી પણ ૧ અન્તર્મુહૂર્તકાળના અનિવૃત્તિકરણને પસાર કર્યા પછી જ જીવ સમ્યક્ત્વ પામે છે. કેમ કે તે અનિવૃત્તિકરણમાં પણ મિથ્યાત્વ મોહના દલિકોનો જ ઉદય ચાલુ છે. અર્થાત્ તે દલિકોને ઉદયમાં લાવીને જીવ પોતાની ઉપરથી ખંખેરી નાંખવાનું કાર્ય ભયંકર વેગથી કરી રહ્યો છે.

એક અન્તર્મુહૂર્તના કાળનું અનિવૃત્તિકરણ પૂર્ણ થતાં પછીના એક અન્તર્મુહૂર્તકાળમાં મિથ્યાત્વ મોહનીયનું કર્મ ઉદયમાં આવી શકતું નથી.

કેમ કે અનિવૃત્તિકરણના કાળના પાછલા ભાગમાં જીવે તે ભાગની સાફસૂફી કરવાનું કામ શરૂ કરી દઈને તે કાળને મિથ્યાત્વ મોહના એક પણ દળિયા વિનાનો બનાવી રાખ્યો છે. શી રીતે અનિવૃત્તિકરણમાં જીવ આગળની સાફસૂફી કરે છે તે જોઈએ.

પાન ૬૩ના કોઠામાં આપણે અનિવૃત્તિકરણનું એક અન્તર્મુહૂર્ત-કાળનું ખાનું જોઈએ છીએ. ધારો કે આ અનિવૃત્તિકાળના ૧૦૦ સમય છે. (વસ્તુતઃ અસંખ્ય) તો જ્યારે તે જીવ ૬૦ સમયનો અનિવૃ-ત્તિકરણનો કાળ પસાર કરી દે છે એટલે બાકીના ૪૦ સમયમાં એવું કામ કરે છે કે ૪૦મા સમયે આવતાં આવતાં તો તે પછી આવનારા ૧૦૦ સમયના એક અન્તર્મુહૂર્તકાળમાં એક પણ મિથ્યાત્વ મોહનીય કર્મનું દળિયું રહેવા દેતો નથી.

અર્થાત્ અનિવૃત્તિકરણના ૬૧-૬૨-૬૩મા સમયમાં પસાર થતો જતો તે જીવ આખા અનિવૃત્તિકરણની પછી આવનારા નવા અન્તર્મુહૂર્ત કાળમાં (=૧૦૦ સમયમાં) આવી શકનારા મિથ્યાત્વ મોહનીય કર્મના દળિયાને ઉડાવીને દૂરના કાળમાં એટલે કે એ ૧૦૦ સમયના અંત-ર્મુહૂર્તની ઉપરની સ્થિતિમાં અને પોતાના ભોગવાતા ૬૧-૬૨-૬૩ વગેરે સો સુધીના સમયરૂપ નીચલી સ્થિતિમાં ફેંકતો જાય છે.

આ ક્રિયા અંતઃમુહૂર્તકાળ (એક સ્થિતિબંધ કે સ્થિતિઘાત જેટલા) સુધી ચાલે છે (૪ સમય સુધી) શેષ રહેલા અનિવૃત્તિકરણના સંખ્યાતમા ભાગ સુધી જ ચાલે છે તેટલા કાળમાં અનિવૃત્તિકરણના અંત પછીના અંતર્મુહૂર્તકાળને મિથ્યાત્વના દલિક વગરનો બનાવી દે છે. આ મિથ્યાત્વના દલિક વગરના કાળને અંતરકરણ કહે છે. અંતરકરણના નીચેના અનિવૃત્તિકરણના શેષ કાળને પ્રથમ સ્થિતિ તથા અંતરકરણની ઉપરના કાળને દ્વિતીય સ્થિતિ કહે છે. અનિવૃત્તિકરણના જે એક અંતર્મુહૂર્ત પ્રમાણ (૬૧ થી ૬૪ સમય) કાળમાં ઉપરની જગ્યાને ખાલી કરી તે કાળને અંતરકરણ-ક્રિયાકાળ કહેવાય છે. અંતરકરણ-ક્રિયાકાળ પછી બાકીની પ્રથમ સ્થિતિમાં (૬૫ થી ૧૦૦ સમયની) મિથ્યાત્વના દળને ભોગવતો જીવ આગળ વધે છે અને પ્રથમ સ્થિતિનો ભાગ પૂરો થતાં જ અંતરકરણમાં (મિથ્યાત્વના દળિયા વિનાનાં સ્થિતિ-સ્થાનોના ભોગવટામાં) પ્રવેશ કરતો જીવ સમ્યગ્દર્શનને પામે છે.

કેમ કે હવેના અંતર્મુ.માં તે મિ. મોહકર્મના દલિકોને ઉદયમાં ભોગવતો નથી. કેમ કે તેણે પહેલેથી તે સ્થાનેથી તે દલિકોને સાફ કરવાનું કામ કરી રાખ્યું છે તે જ કાળમાં જે મિ.ત્વ મોહના દલિકો ઉદયમાં આવવાના હતા, તેમાંના કેટલાકને તો તેણે ભોગવી નાંખેલા અને કેટલાકને એવા દાબી દીધા છે, ઉપશાન્ત કરી દીધા છે કે તે બિચારા એક અન્તર્મુ. સુધી ચૂં કે ચા કરી શકે તેમ નથી. આથી જ તે જીવ સમ્યક્ત્વભાવમાં રમે છે. આ સમ્યક્ત્વ ઉપશમ ભાવનું સમ્યક્ત્વ કહેવાય છે.

અનિવૃત્તિકરણનો અર્થ એ પણ થાય છે કે ઉપશમ સમ્યક્ત્વ પ્રગટ કર્યા વિના પાછા ન ફરવું-નિવૃત્તિ ન કરવી-જંપીને બેસવું નહિ-કેમ જાણે આવી પ્રતિજ્ઞા કરીને જ જીવ અનિવૃત્તિકરણનો સંખ્યાતમો ભાગ (૪૦ સમય) બાકી રહે ત્યારે આપણે જાણવું કે અંતરકરણ કરવાની ક્રિયા ચાલુ થાય છે. આ ક્રિયાને 'આગાલ' કહેવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| | વસ્તુતઃ સંખ્યાતા ભાગ | | એક બાજુએ મિ.ત્વના દલિકોને ફેંક્યા અને આ ફટકો તે દલિકો વિનાનો સાફ કર્યો |
| અપૂર્વકરણ | ૬૦ સમય | ૪૦ સમય અંતરકરણ કરવાની ક્રિયા | શુદ્ધ અંતઃકરણ ઉપશમ સ.ત્વ. કાળ |

અનિવૃત્તિકરણ ૧૦૦ સમયનું　　　　સ.ત્વની પ્રાપ્તિ

ગ્રન્થિભેદ　　એક અંતમું. = ૧૦૦ સમય　　　　આગાલક્રિયા

અનિવૃત્તિકરણ પૂર્ણ થતાં જ જીવ મિ–મોહ. ના ઉદય ભાવથી મુક્ત થઈ જાય છે અને સમ્યક્ત્વ ભાવની ખુશનુમા હવાને અનુભવે છે. હવે તેની અનંતકાળની મિ.ત્વની અંધકારમય ગુંગળામણ દૂર થાય છે. એ દૂર થતાં જ અનંતાનુબંધી ક્રોધ–માન–માયા–લોભનાં કર્મોનાં તોફાન પણ ઉપશાન્ત થઈ જાય છે. હવે એક અંતર્મુહૂર્ત સુધીના કાળમાં ગુંગળામણની શક્યતા નથી. કેમ કે ઉપશમ સમ્યક્ત્વનો કાળ પૂર્ણ થયે ક્ષયોપશમિક સમ્યક્ત્વ પામનારને ગુંગળામણ ભોગવવાની નથી.

આ અંતકરણમાં પ્રવેશતો જીવ ઉપશમ ભાવના સમ્યક્ત્વવાળો હોય છે. અહીં યદ્યપિ મિથ્યાત્વ મોહ. કર્મનું એક પણ દલિક નથી તથાપિ જ્ઞાનાવ. આદિ કર્મોના દલિકો તો ઢગલાબંધ ઉદયમાં આવ્યા જ કરે છે. કેમ કે તે બધાયની સાફસૂફીનું કાર્ય જીવે કર્યું જ નથી.

હવે ઉપશાંત ભાવમાં રહેલા જીવની વિશુદ્ધિ શું કરે છે? તે જોઈએ. અર્થાત્ અંતરકરણના કાળમાં પ્રવેશેલો ઉપશમ સમ્યક્ત્વી જીવ શું કરે છે? તે તપાસીએ.

તે આત્માનો ઉપશાંત ભાવ ભાવિમાં ઉદયમાં આવનારાં કર્મોને એવા સખત આંચકા–ઝાટકા (શૉક) મારે છે કે તે કર્મના તો છક્કા છૂટી જાય છે, તેમનો રસ એકદમ તૂટી પડવા લાગે છે.

૧. કેટલાક મિથ્યાત્વ મોહ-કર્મના દળિયાને એવો ઝાટકો લાગે છે કે તેનો રસ એટલો બધો ઘટી જાય કે પછી તેનામાં અત્યલ્પ પ્રમાણમાં નહિવત્ રસ જ રહે છે.

૨. બીજા કેટલાક મિ. મોહ-કર્મના દળિયાને ઝાટકો લાગતાં તેમનામાંથી અર્ધો રસ નીકળી જાય છે. એટલે કે તે દળિયા અડધા મિથ્યાત્વ ભાવ વિનાના અને અડધા મિથ્યાત્વ ભાવવાળા એવા મિશ્ર ભાવમાં રહે છે.

૩. કેટલાક મિ. મોહ.ના દળિયાને ઘાણી અસર ન થતાં તેમનો રસ ખાસ નીકળતો નથી એટલે મિથ્યાત્વની મેલી અવસ્થામાં જ લગભગ રહી જાય છે.

આમ થતાં મિ. મોહના દલિકો ઝાટકાની જુદી જુદી અસરોથી ૩ ભાગમાં વહેંચાઈ જાય છે. કેટલાક મિથ્યાત્વના મોહ.ના ભાવ વિનાના, કેટલાક મિશ્ર ભાવવાળા અને કેટલાક લગભગ મિ. મોહ. ભાવવાળા.

આમ એક જ ઢગલાના ૩ ઢગલા થાય છે. જેને ૩ પૂંજ કહેવામાં આવે છે. આ ત્રણેય ને ક્રમશઃ શુદ્ધપૂંજ (સમ્યક્ત્વપૂંજ) અર્ધશુદ્ધપૂંજ (મિશ્રપૂંજ) અશુદ્ધપૂંજ (મિથ્યાત્વપૂંજ) કહેવાય છે.

ખ્યાલમાં રાખવું કે અંતરકરણમાં પ્રવેશેલા જીવના ઉપશમ-ભાવની વિશુદ્ધિના ઝાટકાઓ સમયે સમયે મિ.કર્મના દળિયાને લાગવાથી આવા ત્રણ પૂંજ બન્યા છે.

ઉપશમ સત્વનો કાળ અધિક એક આવલિકા કાળ બાકી રહે ત્યારે બીજી સ્થિતિમાં રહેલ ત્રણ પૂંજોને લઈને જીવ છેલ્લી આવલિકાના સ્થિતિ સ્થાનોમાં ગોઠવે છે. જ્યારે તે આવલિકા ઉપરનો કાળ પૂર્ણ થાય છે અને છેલ્લી આવલિકામાં જીવ પ્રવેશ કરે છે ત્યારે અધ્યવસાય અનુસાર કોઈ પણ એક પૂંજને વિપાક ઉદય થાય છે. બાકીના બે પૂંજના દલિકો પ્રદેશોદયથી વિપાકોદયવાળા પ્રકૃતિમાં સંક્રમીને ભોગવાઈ જાય છે. પ્રદેશોદયવાળા કર્મનું ફળ ભોગવાતું નથી. આથી છેલ્લી આવલિકામાં પ્રવેશ કરતા જીવને જો સમ. મોહનીય કર્મોનો ઉદય થાય

તો ક્ષાયોપશમિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. અને જો મિશ્ર મોહનીયનો પુંજ ઉદય થાય તો મિશ્ર ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે. જ્યાંથી અંતમુહૂર્ત પછી જીવ અવશ્ય ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામે કે મિથ્યાત્વે જાય. મિથ્યાત્વનો પુંજ ઉદય આવે તો જીવ મિથ્યાત્વે જાય છે. અર્થાત્ ૧ લા ગુણસ્થાનકને પામે છે.

જેને પહેલા શુદ્ધ પુંજનો અમુક અંશ ઉદયમાં આવે છે તેને-તે પુંજમાં મિથ્યાત્વનો તીવ્રરસ ન હોવાથી-અલ્પરસ હોવાથી ભોગવતી વખતે તે જીવ સમ્યક્ત્વભાવમાં જ વર્તતો કહેવાય છે. યદ્યપિ મિ.ત્વ મોહનીયનો તે શુદ્ધ પુંજ ઉપશમભાવને-ઉપ.ભાવના સમ્યક્ત્વને દૂર કરે છે. તથાપિ જીવમાં ઉપશમભાવનું સમ્યક્ત્વ ન રહેવા છતાં ક્ષયોપશમભાવનું સમ્યક્ત્વ તો રહે જ છે. અર્થાત્ ઉપશમભાવના સમ્યક્ત્વને લીધે જીવ ૪ થા ગુણસ્થાને હતો તેમ ક્ષયોપશમભાવના સમ્યક્ત્વને પ્રાપ્ત કરીને પણ તે જીવ ૪ થા ગુણસ્થાને જ ટકી રહે છે. માત્ર નામ બદલાય છે. પહેલાં જીવ ઉપશમ સમ્યક્ત્વી કહેવાતો હતો હવે શુદ્ધ પુંજનો ઉદયભાવ થતાં ક્ષયોપશમ સમ્યક્ત્વી કહેવાય છે. આ ક્ષયોપશમ સમ્યક્ત્વ જ. થી ૧ અન્તર્મુહૂર્ત સુધી અને ઉ.થી (વધુમાં વધુ) ૬૬ સાગરોપમ સુધી ટકી રહે છે કેમ કે તેટલા કાળ સુધી શુદ્ધ થયેલા મિથ્યાત્વ પુંજના અંશો ક્રમશઃ ઉદયમાં આવીને ભોગવાઇ શકે છે.

જો કે આ વખતે જે સમ્યક્ત્વભાવ પ્રાપ્ત થયો છે તે મિથ્યાત્વ-મોહનીય કર્મના શુદ્ધ દલિકોના ઉદયથી પ્રાપ્ત થયો છે. પરંતુ છતાંય મિથ્યાત્વી છે માટે તે અતિચાર લગાડી શકે છે. કેટલીક વાર તત્ત્વ સંબંધી સૂક્ષ્મ સંશય પણ થવા દે છે.

હવે અંતરકરણની છેલ્લી આવલિકામાં આવેલા જીવને [લગભગ છેડે] મિ.મોહકર્મનો ૧ લો શુદ્ધ પુંજ ઉદયમાં ન આવે અને બીજો મિશ્ર પુંજ ઉદયમાં આવી જાય તો તે જીવ મિશ્રભાવ પામે એટલે કે તેનામાં અડધો સમ્યક્ત્વભાવ અને અડધો મિથ્યાત્વભાવ એક અન્તર્મુહૂર્ત સુધી રહે ત્યાર પછી તે અવસ્થામાં જ્યાં તે ફેરફાર થઇ

જ જાય. આ અવસ્થાવાળા જીવને અતત્ત્વ ઉપર રુચિભાવ ન હોય તેમ તત્ત્વ ઉપર અરુચિભાવ પણ ન હોય, બેયની મિશ્રતા હોય, આ સ્થિતિમાં જીવ ચોથા ગુણસ્થાને ટકી શકતો નથી. તે વખતે તે ૩ જા મિશ્રગુણસ્થાને ગણાય છે. એ અન્તમું. પછી જો ૧ લો શુદ્ધ પુંજ ઉદયમાં આવી જાય તો ક્ષયોપશમ સમ્યક્ત્વભાવ પ્રાપ્ત કરીને ૪ થા ગુણસ્થાને ચડી જાય અને જો અશુદ્ધ પુંજનો ઉદય થઈ જાય તો તે જીવ ૧ લા ગુણસ્થાને ધકેલાઈ જાય.

આપણે ઉપશમભાવના સમ્યક્ત્વ પછી શુદ્ધપૂંજ ઉદયમાં આવે તો શું થાય તે જોયું. હવે અશુદ્ધપૂંજ ઉદયમાં આવે તો શું થાય તે પણ જોઈ લઈએ.

જે જીવને અંતરકરણની છેલ્લી આવલિકામાં (ઉપ. સ. ત્વનો અન્તમું. કાળ પૂરો થતાં જ) સીધો અશુદ્ધપૂંજ ઉદયમાં આવી જાય તો તે એકદમ ઉદયમાં આવી જતો નથી કેમ કે તેના ઉદયમાં આવતાં વધુમાં વધુ છ આવલિકા જેટલો સમય લાગી જાય છે. જ્યાં સુધી આ છ આવલિકાનો સમય પૂરો થાય નહિ ત્યાં સુધી જીવ અશુદ્ધ પૂંજના ઉદયવાળો ૧ લા ગુણસ્થાને ધકેલાઈ ગયેલો ગણાય નહિ.

આ ૬ આવલિકા પછી આવનારા મિથ્યાત્વના મિત્ર સમા ૪ અનંતાનુબંધી કષાયમાંના ગમે તે એક મિત્ર ઉદયમાં ધસી આવે છે. એમ થતાં શુદ્ધ ઉપ. સમ્યક્ત્વ ન રહે અને ક્ષયોપશમ કે મિશ્રભાવનું સમ્યક્ત્વ પણ ન રહે, એટલું જ નહિ પણ હજી અશુદ્ધ પૂંજનો ઉદય થયો ન હોવાથી તે જીવ મિથ્યાત્વી પણ ન કહેવાય તો શું કહેવાય ? એ પ્રશ્ન સહેજે થાય.

તેનું સમાધાન એ છે કે આ સ્થિતિમાં અનંતાનુબન્ધી કષાય ઉદયમાં આવી ગયેલ છે એટલે એ સ્થિતિ ડહોળાએલી તો બની જ ગઈ છે અને વધુમાં વધુ ૬ આવલિકામાં અશુદ્ધ પૂંજ ઉદયમાં આવતાં જ જીવ ૧ લા ગુણસ્થાને ધકેલાઈ પણ જવાના છે. આ જઘન્ય ૧ સમય ઉત્કૃષ્ટથી ૬ આવલિકાના ડહોળાએલા ભાવને સાસ્વાદન ભાવ કહેવાય છે. આ ભાવનો જીવ બીજા ગુણસ્થાને રહેલો ગણાય છે.

અહીં મિથ્યાત્વનો ઉદય નથી અને સમ્યક્ત્વ ભાવની ઊલટી થવા લાગી છે એટલે એ ઊલટીમાં સ. ત્વનો સ્વાદ આવે જ છે માટે આ ભાવને (સ + આસ્વાદ) સ. ત્વનો આસ્વાદ સહિતનો આસ્વાદન ભાવ કહેવાય છે. આ ભાવ ઓછામાં ઓછો એક સમય અને વધુમાં વધુ ૬ આવલિકાઓ સુધી ટકી શકે છે. ત્યાર પછી તે ભાવવાળો જીવ અવશ્ય ૧ લા ગુણસ્થાને ધકેલાઇ જાય છે. કેમ કે મિથ્યાત્વ મોહ-કર્મના અશુદ્ધ પુંજનો ઉદય થઈ ગયા વિના રહેતો નથી.

આ ઉપરથી સમજી શકાશે કે બીજું ગુણસ્થાનક ચોથેથી પડીને ૧ લે જતા જીવને જ હોઇ શકે છે. પરંતુ ૧ લે થી ૩ જે, ૪ થે વગેરે ગુણસ્થાને ચડતા કે ૪ થે થી ૩ જે જતા કે ૩ જે થી ૧ લે જતા કે ૪ થે જતા આ બીજું ગુણસ્થાન પ્રાપ્ત થઇ શકતું નથી. ટૂંકમાં, ઉપશમ-ભાવ પ્રાપ્ત કર્યા પછી જ ચોથેથી-પડતાં અને ૧ લે જતાં આ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે.

ક્ષયોપશમભાવનું સમ્યક્ત્વ પણ ૪ થા જ ગુણસ્થાને છે છતાં તે ભાવથી પડનાર ૧ લે ગુણસ્થાને જાય તો પણ આ બીજું ગુણસ્થાન પ્રાપ્ત ન જ કરે.

ઉપશમભાવના સમ્યક્ત્વ ભાવવાળા ૪ થા ગુણસ્થાનેથી પડીને ૧ લે જતાં જીવને જ બીજું ગુણસ્થાન પ્રાપ્ત થાય.

અહીં ઉપલક્ષણથી સમજી લેવું કે ઉપશમભાવના સમ્યક્ત્વથી પડતાં જેમ બીજું ગુણસ્થાન આવે તેમ ઉપશમભાવના ચારિત્ર્યથી (૧૧ મા ગુણસ્થાનેથી) પડતાં પણ આ બીજું ગુણસ્થાન આવે.

ઉપશમભાવનું સમ્યક્ત્વ એક મતે જીવ અનંતી વાર પ્રાપ્ત કરી શકે છે તેથી ત્યાંથી દરેક વાર પડીને અનંતી વાર બીજું ગુણસ્થાન પણ પ્રાપ્ત થાય છે. અને ઉપશમભાવનું ચારિત્ર તો ભવચક્રમાં વધુમાં વધુ ચાર જ વાર પ્રાપ્ત થાય છે. (એક ભવમાં એકીસાથે બે વાર, તેમ બે ભવમાં ચાર વાર) છતાં શાસ્ત્રમાં કહ્યું છે કે જીવ ઉપશમભાવ પાંચ જ વાર પ્રાપ્ત કરે છે અને તેથી ત્યાંથી અવશ્ય પડવાનું હોવાથી

બીજું ગુણસ્થાન પણ પાંચ જ વાર પ્રાપ્ત કરે છે. અહીં ઉપશમ-ભાવનું સમ્યક્ત્વ અનંતી વાર પ્રાપ્ત થવા છતાં જાત તરીકે એકની જ વિવક્ષા કરીએ અને એ જ રીતે એ ઉપશમભાવના સમ્યક્ત્વથી પડતાં અનંતી વાર પ્રાપ્ત થતા બીજા ગુણસ્થાને પણ જાતિથી એક જ માનીએ તો (૪ + ૧) ભવચક્રમાં પાંચ વારની પ્રાપ્તિની હકીકત સંગત થઈ જાય છે.

પહેલાં તો ઉપશમ-સમ્યક્ત્વ દરેક જીવને અવશ્યમેવ પ્રાપ્ત થાય જ. ત્યાર પછી જો ૧ લો શુદ્ધ પુંજ ઉદયમાં આવે તો તે જીવ ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે, અને જો બીજો પુંજ ઉદયમાં આવે તો મિશ્ર-સમ્યક્ત્વ પ્રાપ્ત કરે, અને જો અનંતાનુબંધી કષાય ઉદયમાં આવ્યા હોય અને ૩ જો પુંજ ઉદયમાં આવવાની તૈયારી કરી ન આવ્યો હોય તે વખતે સાસ્વાદન સમ્યક્ત્વ પ્રાપ્ત કરે અને ૩ જો પુંજ ઉદયમાં આવે તો ૧ લું મિથ્યાત્વ ગુણસ્થાન પ્રાપ્ત થઈ જાય. વળી એ જ ગુંગળામણ એ જ અંધકારમાં અટવાઈ જવાનું છતાં પૂર્વની એ ગુંગળામણ અને અંધકાર કરતાં હવે તેમાં ઘણી જ ઓછાશ તો ખરી જ.

(૧) હવે જે આત્માને ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી જો ૧ લા શુદ્ધ પુંજનો કેટલોક પુંજ ઉદયમાં આવે તો ત્રીજા અશુદ્ધ પુંજ (મિથ્યાત્વ પૂંજ)માંથી બીજામાં કેટલોક અર્ધશુદ્ધ જથ્થો ઠલવાય છે. એને જ સંક્રમ કહેવાય છે. અને બીજા મિશ્ર પૂંજમાંથી ૧ લામાં તે જ વખતે શુદ્ધ થઈને સંક્રમે છે.

(૨) જો ઉપશમ સમ્યક્ત્વ પામ્યા પછી બીજો મિશ્ર પુંજ ઉદયમાં આવી જાય તો–૧લા શુદ્ધપુંજમાંથી અડધા મેલા થઈને અને ત્રીજા માંથી અર્ધા ચોખ્ખા થઈને કર્મપ્રદેશો બીજામાં સંક્રમે છે.

(૩) જો ઉપ. સ.ત્વ પામ્યા પછી ત્રીજા અશુદ્ધ પુંજ ઉદયમાં

આવી જાય તો ૧ લામાંથી અડધા મેલા થઈને બીજામાં સંક્રમે અને તેમાંથી પૂરા મેલા થઈને ત્રીજા પૂરા મેલા પુંજમાં સંક્રમે.

આપણે જોઈ ગયા કે ૧ લો શુદ્ધ પૂંજ ઉદયમાં આવતાં જ જીવ ક્ષયોપશમભાવનું સમ્યકત્વ પ્રાપ્ત કરે છે. તે વખતે મિશ્ર અને અશુદ્ધ પૂંજના કર્મપ્રદેશો સંક્રમતા સંક્રમતા શુદ્ધ પૂંજમાં એકઠા થતા અને તે એકઠો થયેલો જથ્થો ઉદયમાં આવીને ક્ષય પામતો જાય છે.

આમ કરતાં કરતાં અશુદ્ધ અને મિશ્રના બધા જ કર્મપ્રદેશ ૧ લા શુદ્ધ પૂંજમાં ફેરવાઈ ગયા એટલે એ બે પૂંજ નાશ પામ્યા એટલે ૧ લા પૂંજના કર્મપ્રદેશો પણ ઉદયમાં આવી આવીને ક્ષય પામતા હોવાથી તે ૧ લો પુંજ ખતમ થઇ જવાની અણી ઉપર આવી જાય ત્યારે ૧ લા પૂંજનો છેલ્લો જથ્થો ઉદયમાં વેદાતો હોય તે વખતે સત્તામાં ઉપશાન્ત ભાવે ૩ માંથી એકે ય પૂંજનું એક પણ દલિક રહ્યું નથી. અર્થાત્ આ વખતે શુદ્ધ પૂંજના છેલ્લા જથ્થાનો કેવળ ઉદય દ્વારા વેદવાનું (ક્ષય કરવાનું) જ કામ ચાલે છે.

એટલે અહીં એકે ય પૂંજનો ઉપશમ નથી. તેમ જ છેલ્લા જથ્થાને વેદવાનું કામ ચાલુ હોવાથી તેનો ક્ષય પણ નથી. માટે આ સ્થિતિનું સમ્યક્ત્વ તે ક્ષયોપશમ–સમ્યકત્વ તો ન કહેવાય કિન્તુ તેને વેદક સમ્યક્ત્વ કહેવાય છે. આ સમ્યક્ત્વ એક જ સમયનું હોય છે. આ સમ્યક્ત્વને ઉપશમભાવનું, ક્ષયોપશમ ભાવનું, સાસ્વાદન ભાવનું કે આગળ કહેવાતા ક્ષાયિક ભાવનું કહી શકાય નહિ.

જ્યારે શુદ્ધ પૂંજનો છેલ્લો જથ્થો ૧ જ સમયમાં સંપૂર્ણ ભોગવાઇ જાય છે. ત્યારે હવે આત્મા ઉપર ત્રણે ય પૂંજનું અસ્તિત્વ સર્વથા નષ્ટ થઇ ગયું હોય છે. આ વખતે આત્માનો સ્વાભાવિક સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થઈ જાય છે. અત્યાર સુધી આ ગુણને મિથ્યાત્વ મોહના કર્મદળિયાઓએ ઢાંકી રાખ્યો હતો. માત્ર શુદ્ધ એવા તે દળિયાના ઉદય વખતે મિથ્યાત્વનો રસ ન હોવાથી તે કર્મના ઉદયથી પ્રાપ્ત

થયેલું પૌદ્ગલિક સમ્યક્ત્વ પ્રાપ્ત થયું હતું પરન્તુ હવે તો આત્માનું સમ્યક્ત્વ પ્રાપ્ત થયું, જે અનંતકાળ સુધી એ જ સ્વરૂપમાં પ્રગટ રહેવાને સર્જાયેલું છે. આ જ રીતે જે ઉપશમભાવનું સમ્યક્ત્વ હતું તે પણ કર્મના ઘરનું ન હતું કેમ કે ત્યાં પણ મિ. મોહ. કર્મના પુદ્ગલનો સંપૂર્ણ ઉપશમ થઇ ગયો હતો. આમ ઉપશમ અને ક્ષાયિક ભાવના સમ્યક્ત્વ અપૌદ્ગલિક કહેવાય છે. જ્યારે ક્ષાયોપશમિક, મિશ્ર, સાસ્વાદન અને વેદક ભાવના સમ્યક્ત્વ પૌદ્ગલિક કહેવાય છે.

આ રીતે આપણે છ પ્રકારના સમ્યક્ત્વ અને મિથ્યાત્વનો વિચાર કર્યો.

| | | કાળ | પો. કે. અપો. | ગુણસ્થાન |
|---|---|---|---|---|
| ૧. | ઉપશમ સમ્યક્ત્વ | ૧ અંતમુહૂર્ત | અપૌદ્ગલિક | ૪ થે |
| ૨. | ક્ષાયિક | સાદિ અનંત | ,, | ૪ થે થી ૧૪મે |
| ૩. | ક્ષાયોપશમ | ૧ અંતમું થી ૬૬ સાગરોપમ | પૌદ્ગલિક | ૪ થે થી ૭મે |
| ૪. | વેદક | ૧. સમય | ,, | ૪ થે થી ૭મે |
| ૫. | મિશ્ર | ૧ અંતમું. | ,, | ૩ જે |
| ૬. | સાસ્વાદન | ૧ સમયથી ૬ આવલિકા | ,, | ૨ જે |
| ૭. | મિથ્યાત્વ (ભવ્યનું) | અનાદિ સાન્ત | ,, | ૧ લે |
| | ,, (અભવ્યનું) | અનાદિ અનંત | ,, | ૧ લે |

જીવ જ્યારે કર્મનો બંધ કરે છે ત્યારે માત્ર મિથ્યાત્વ મોહનીય કર્મનો જ બંધ કરે છે. કિન્તુ કદી પણ સમ્યક્ત્વ કે મિશ્ર-મોહનીય કર્મનો બંધ કરતો નથી.

**પ્રશ્ન :** આ બે કર્મના બંધ વિના તે બેનો ઉદય શી રીતે થાય?

**ઉત્તર :** મિથ્યાત્વ મોહના દલિકો જ ત્રણ પૂંજની સંક્રમણ ક્રિયા પ્રાપ્ત કરીને ૩ પૂંજમાં ફેરવાય છે. એટલે તેમાંનો જે શુદ્ધ પૂંજ છે તેને સમ્યક્ત્વ મોહ.કર્મ કહેવાય છે અને જે મિશ્ર પૂંજ છે તેને મિશ્ર મોહ. કર્મ કહેવાય છે. આથી જ બંધ પામતી કર્મપ્રકૃતિ ૧૨૦ કહી છે. જ્યારે ઉદયમાં આવતી કર્મપ્રકૃતિ ૧૨૨ કહી છે.

જે જીવો કદી પણ મોક્ષભાવ પ્રાપ્ત કરવાના નથી તે અભવ્યો અને જાતિ ભવ્યોને સદાય મિથ્યાત્વ મોહ.કર્મનો જ ઉદય રહે છે. છતાં અભવ્યો તે કર્મની કાંઇક લઘુતાથી ગ્રન્થિદેશ નજદીક આવે છે ત્યારે તે તીર્થંકર ભગવંતના સમવસરણ સુધી જઇ શકે છે અને મુક્તિ અદ્વેષપૂર્વક દેવલોકાદિનાં સાંસારિક સુખો માણવાની ઇચ્છાથી સદનુષ્ઠાનના રાગ વિના સાધુજીવનનો આચાર પાળી શકે છે. અને ૯ મા ગ્રૈવેયક સુધી પણ જઇ શકે છે. આ બધુ ય ગ્રન્થિદેશની નજદીક આવ્યા વિના બની શકતું નથી.

ક્ષયોપશમભાવનું સમ્યક્ત્વ ભવચક્રમાં અસંખ્ય વાર આવે છે અને ચાલી જાય છે. પરંતુ એકવાર પણ જે જીવ સમ્યક્ત્વ પામી જાય છે તેનો સંસાર અર્ધપુદ્ગલ પરાવર્તથી વધુ તો રહી શકતો જ નથી. એ જીવ સમ્યક્ત્વ ભાવથી પડીને મિથ્યાત્વ ભાવ પામે ત્યારે જગતના ભયંકરમાં ભયંકર પાપો કરે તો પણ તેનો સંસાર અર્ધપુદ્ગલ પરાવર્તથી વધી શકતો નથી. આવા પાપો ન કરનાર પતિત સમ્યક્ત્વી જીવ તો થોડા કાળમાં જ સંસારનો અન્ત આણી શકે છે.

**મતાંતરો :** સમ્યક્ત્વ ભાવ પ્રાપ્ત કરવા સંબંધમાં મતાંતર છે.

કર્મગ્રન્થનો અભિપ્રાય એવો છે કે ૧ લી ૪ વાર સમ્યક્ત્વ પતિત થઈને મિથ્યાત્વ ભાવ પામે પછી પણ ત્યાં રહીને મિથ્યાત્વની ૭૦ કો. કો. સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી શકે છે, પણ ઉત્કૃષ્ટ રસ બાંધતો નથી.

જ્યારે આ અંગે સિદ્ધાન્તનો અભિપ્રાય એવો છે કે સમ્યક્ત્વથી પડેલો જીવ મિથ્યાત્વ ભાવ પ્રાપ્ત કરે ત્યારે ત્યાં રહીને પણ તે ફરી કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ પણ બાંધતો નથી.

ગમે તેમ હોય પણ એક અન્તર્મુહૂર્ત માત્ર પણ જે સમ્યક્ત્વ-ભાવને સ્પર્શી જાય છે તેનો સંસાર વધુમાં વધુ અર્ધપુદ્ગલ પરાવર્તથી વધુ હોઈ શકતો નથી. વળી સમ્યક્ત્વ ભાવવાળો મનુષ્ય જો તે ભાવ-

પ્રાપ્ત કરવા પહેલાં કોઈ ગતિના આયુષ્યને નિશ્ચિત (નિકાચિત) ન કરી ચૂકયો હોય અને સમ્યક્ત્વ ભાવમાં જ આયુષ્યનો બંધ કરે તો નિયમતઃવૈમાનિક દેવલોકનું જ આયુષ્ય બાંધે, પરંતુ મનુષ્યાદિ ગતિ ન બાંધે. હા, સમ્યક્ત્વ ભાવવર્તી તેવો દેવ આયુષ્ય બાંધે તો તે મનુષ્યઆયુ જ બાંધે કેમ કે દેવ મરીને દેવ થઈ શકતો નથી.

આપણે સમ્યક્ત્વ પ્રાપ્તિનો જે ક્રમ કહ્યો છે તે કર્મગ્રન્થના અભિપ્રાયે છે. જ્યારે સિદ્ધાન્તમાં તો કહ્યું છે કે, કોઈ અનાદિ મિથ્યાત્વી જીવ તેવા પ્રકારના વિશિષ્ટ અધ્યવસાયાદિને પ્રાપ્ત કરીને પૂર્વે જણાવ્યા મુજબ (અનિવૃત્તિકરણ દ્વારા નથી કહ્યું) અપૂર્વ-કરણ દ્વારા જ ત્રણ પુંજ કરીને તેમનાં સર્વથા શુદ્ધ કરેલાં સત્વ-મોહનીય-કર્મના પુંજને ભોગવતો ઔપશમિક સત્વ પામ્યા વિના જ પ્રથમતઃ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામે તો કોઈ અન્ય જીવ યથાપ્રવૃત્તિ-કરણાદિ ૩ કરણના ક્રમે અંતરકરણમાં પ્રથમ સમયે જ ઔપશમિક સ. ત્વ પામે (આપણે સ્વીકારેલો મત) પણ ૩ પુંજ કરવાની ક્રિયા તે કરે નહિ. આથી તેને સ.ત્વ મોહનીય અને મિશ્ર મોહનીય રૂપ બે પુંજ ન હોવાથી ઔપશમિક સમ્યક્ત્વનો કાળ પુર્ણ થતાં નિયમતઃ મિથ્યાત્વ મોહનીય કર્મ જ ઉદયમાં આવે અર્થાત્ તે મિથ્યાત્વી જ બને.

બૃહત્કલ્પ ભાષ્યની ૧૨૦મી ગાથામાં કહ્યું છે કે, "જેમ ઇયળ પહેલાં પોતાના શરીરને લંબાવી આગળના સ્થાને સ્થિર થઈને પછી જ પાછલા સ્થાનને છોડે છે પણ આગળનું સ્થાન પકડી ન શકાય તો પાછળના સ્થાનને છોડતી નથી, અને પાછી વળે છે. તેમ ૩ પૂંજ વિનાનો ઉપશમ-સમકિતી જીવ આગળ શુદ્ધ કે અર્ધશુદ્ધ પૂંજના અભાવે તેના ઉદય રૂપ આલંબન ન મળતાં મિથ્યાત્વે જ પાછો આવે છે." તાત્પર્ય એ છે કે સૈદ્ધાન્તિક મતે કોઈ વિશિષ્ટ અધ્યવસાયી જીવ પ્રથમ જ ક્ષાયોપશમિક સ.ત્વ પામીને કાલાંતરે મિશ્ર કે મિથ્યાત્વના ઉદયવાળો બને છે.

અને કોઈ તેવા વિશિષ્ટ અધ્યવસાય વિનાનો જીવ ઉપ. સ.ત્વ પામીને પછી નિયમિતઃ મિથ્યાત્વી જ બને છે.

વળી પહેલી જ વાર સમ્યક્ત્વ પામતા જીવ પણ ઉપશમ—સમ્યક્ત્વ ભાવમાં જ રહીને દેશવિરતિ–સર્વવિરતિ ધર્મ પામી શકે છે. (જો સાસ્વાદન ભાવ પામવાનો ન હોય તો) એવું શતક બૃહચ્ચૂર્ણિમાં કહ્યું છે.

સમ્યક્ત્વથી પડેલો જીવ જ્યારે ફરી સમ્યક્ત્વ પામે છે ત્યારે પણ તે અપુર્વકરણથી ત્રણ પુંજ કરે છે અને અનિવૃત્તિકરણથી સમ્યક્ત્વના પુંજને ઉદયમાં લઈને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામે છે. અર્થાત્ હવે તે અંતકરણની ક્રિયાદિ કરતો નથી.

પ્ર. ૧ લી જ વાર સમ્યક્ત્વ પામતાં તેણે અપુર્વકરણ કર્યું છે, હવે ફરી સમ્યક્ત્વ પામતાં અપુર્વકરણ કેમ કહો છો? કેમ કે હવે તો તે પુર્વે થઈ ચુકયું છે?

ઉ. પુર્વે જે અપુર્વકરણ કર્યું હતું તેથી પણ વિશિષ્ટ આ અપૂર્વકરણ હોવાથી તેને પણ અપૂર્વકરણ જ કહેવાય.

સૈદ્ધાન્તિક મત એ પ્રમાણે છે કે "સમ્યક્ત્વની પ્રાપ્તિની જેમ દેશવિરતિ કે સર્વવિરતિની પ્રાપ્તિ વખતે પણ જીવને યથાપ્રવૃત્તિ અને અપૂર્વ–એ બે કારણો તો થાય છે પરંતુ અપુર્વકરણનો કાળ સમાપ્ત થતાં અનન્તર સમયે જ દેશ કે સર્વવિરતિ પ્રાપ્ત થતા હોવાથી અનિવૃત્તિકરણ થતું નથી. વળી દેશ–સર્વવિરતી પ્રાપ્તિ થયા પછી પણ એક અન્તર્મુ. સુધી તો જીવ અવશ્ય વધતા પરિણામવાળો જ હોય છે અને તે અન્તર્મુ. પસાર થઈ ગયા બાદ તે દેશ. સર્વ વિરત જીવ વિશુદ્ધ પરિણામી કે સંકલિષ્ટ પરિણામી બને છે.

કાર્મગ્રન્થિકો આ વિષયમાં કહે છે કે, "જીવ ઉપયોગ વિના જ કથંચિત્ સંકિલષ્ટ પરિણામી બનીને દેશ કે સર્વવિરતિથી પતિત થયો હોય છે તે જીવ યથાપ્રવૃત્તિ કે અપુર્વકરણ કર્યા વિના જ ફરીથી દેશ. સર્વ. વિરતિ પામી શકે છે. જે જીવ ઉપયોગપુર્વક પતિત થઈને

મિથ્યાત્વે ગયો હોય તે જીવ પતિત થઈ ગયા પછી જઘન્યથી અન્તર્મું. કાળે અને ઉત્કૃષ્ટથી ઘણા લાંબા કાળે પણ પૂર્વ કહેલા યથા પ્ર. આદિ કરણો કરીને જ દેશ કે સર્વવિરતિ પામી શકે છે.

વળી સૈદ્ધાન્તિક મતે સમ્યક્ત્વનો વિરાધક કોઈ જીવ સમ્યક્ત્વ સહિત પણ મરીને છઠ્ઠી નારકી સુધી ઉપજે છે અર્થાત્ ઔપશમિક સમ્યક્ત્વ પામે છે અથવા મનુષ્ય તિર્યંચગતિમાંથી ક્ષાયોપ. સ.ત્વી કોઈ જીવ નારકીમાં ઉત્પન્ન થાય છે તેને પરભવનું સ. ત્વ સાથે હોય છે. કારણ કે સ. ત્વની વિરાધના કરનારો કોઈ જીવ છઠ્ઠી નરક સુધી સ. ત્વ સાથે પણ જાય છે. ક્ષાયિક સ. ત્વી જો નરકમાં ઉપજે તો સ. ત્વ સાથે જ ત્રીજી નરક સુધી જાય છે. (પ્રવચન સારોદ્ધાર ગાથા ૯૬૧ ની ટીકા).

પ્ર. ક્ષયોપશમ અને ઉપશમ સમ્યક્ત્વમાં ફરક શું ? કેમ કે બેયમાં ઉદય પ્રાપ્તનો ક્ષય થયો છે અને અનુદય પ્રાપ્ત કર્મનો ઉપશમ થાય છે?

ઉ. ક્ષયોપશમ સમ્યક્ત્વી જીવ સત્તામાં રહેલા મિથ્યાત્વના અને અનંતાનુકષાયના પ્રદેશોને વિપાકથી ભોગવે છે પણ તેનો રસ ભોગવતો નથી. જ્યારે ઉપશમ સમ્યક્ત્વી તે સત્તાગત પ્રદેશોને પણ ભોગવતો નથી. અર્થાત્ એકને સત્તાગત તે દલિકોને પ્રદેશોદયથી તો ભોગવવાના હોય છે. જ્યારે બીજાને તે પ્રદેશોદય પણ હોતો નથી. (રસોદય વિના પ્રદેશોનો ભોગવટો તે પ્રદેશોદય).

## સમ્યકત્વના પ્રકારો

[૮]

એક પ્રકારે : તત્ત્વાર્થશ્રદ્ધાન.

બે પ્રકારે : (૧) નિસર્ગથી – અધિગમથી (૨) દ્રવ્યથી – ભાવથી
(૩) નિશ્ચયથી – વ્યવહારથી (૪) પૌદ્ગલિક – અપૌદ્ગલિક

ત્રણે પ્રકારે : (૧) કારક – રોચક – દીપક (૨) ઔપશમિક – ક્ષાયોપ. ક્ષાયિક.

ચાર પ્રકારે : ઔપશમિક – ક્ષાયિક – ક્ષાયોપ. – સાસ્વાદન

પાંચ પ્રકારે : " " " " —વેદક.

દસ પ્રકારે : નિસર્ગ – ઉપદેશ – આજ્ઞા – સૂત્ર – બીજ – અભિગમ – વિસ્તાર – ક્રિયા – સંક્ષેપ – ધર્મ – એ ૧૦ રુચિ રૂપ.

**એક પ્રકારે :** શ્રી જિનેશ્વરદેવોએ બતાવેલા જીવ–અજીવ, પુણ્ય–પાપ **આદિ ભાવોમાં** અજ્ઞાન–સંશય કે મિથ્યાજ્ઞાનાદિ રહિત **જે નિર્મળ રુચિ = શ્રદ્ધારૂપ આત્મપરિણામ** તેને સમ્યક્ત્વ કહેવાય છે.

**પ્ર.** તમે તો ઉપર્યુક્ત આત્મરુચિને સમ્યક્ત્વ કહો છો, અને તત્ત્વાર્થ સૂત્રકારે તત્ત્વાર્થના શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહે છે. અર્થાત્ તાત્ત્વિક પદાર્થની શ્રદ્ધાને સમ્યક્ત્વ કહે છે. કેમ કે આ વિશ્વાસ રૂપ અભિલાષ મનની અભિલાષ રૂપ ગણાય છે. તેવો અભિલાષ એક ખોળિયાને છોડીને બીજું ખોળિયું સ્વીકારતા જીવના અપાંતરાલ–ગતિકાળમાં કે અપર્યાપ્ત વગેરે અવસ્થામાં મનના અભાવે હોઈ શકે નહિ. સમ્યક્ત્વનો ઉત્કૃષ્ટ કાળ ૬૬ સાગરોપમ અને સાદિ અનંત એવો અખંડ કાળ કહ્યો છે. હવે અપર્યાપ્તાદિ અવસ્થા તો જીવને વચ્ચે અવશ્ય પ્રાપ્ત થાય જ તો તે કાળે મનોભિલાષ રૂપ સમ્યક્ત્વ તે મન વિનાના જીવને

કેમ ઘટશે ? જો નહિ ઘટે તો અખંડિત ૬૬ સાગરોપમ કાળની જે સ્થિતિ કહી છે તે પણ શી રીતે ઘટે ?

ઉ. તત્ત્વશ્રદ્ધા એટલે જિનપ્રણીત ભાવો ઉપરનો જે મનોવિશ્વાસ છે તે તો સમ્યક્ત્વનું કાર્ય છે. તેના કારણરૂપ મિ.ત્વમોહ. કર્મના ક્ષયોમ. આદિથી પ્રગટ થયેલો શુદ્ધ આત્મપરિણામ તે જ સમ્યક્ત્વ છે.

વિશુદ્ધ સમ્યક્ત્વ મોહનીય કર્મના પૂંજના વેદનથી (ક્ષયોપ.થી), ઉપશમથી કે ક્ષયથી પ્રગટ થએલો અને પ્રશમાદિ લિંગોથી ઓળખાતો જે આત્માનો શુદ્ધ પરિણામ તે જ સમ્યક્ત્વનું સ્વરૂપ છે. આવું સમ્યક્ત્વ મન વિનાના સિદ્ધ પરમાત્મામાં પણ ઘટી જાય છે. તેમ મન-વિનાના અપર્યાપ્તાદિ અવસ્થાવાળા જીવોમાં પણ ઘટી જાય છે.

આવા પ્રકારના ક્ષયોપશમાદિજન્ય આત્માની શુભ દશા રૂપ સમ્યક્ત્વથી જ તત્ત્વાર્થશ્રદ્ધા = માનસવિશ્વાસ પ્રગટ થાય છે માટે જ તેને સમ્યક્ત્વનું કાર્ય કહેવાય છે. વ્યવહાર–નયથી–કારણ કાર્યનો અભેદ કરવાથી તેવા મનોવિશ્વાસને પણ સમ્યક્ત્વ કહી શકાય છે.

જેનામાં તેવું માનસ–વિશ્વાસરૂપ સમ્યક્ત્વ છે તેનામાં આત્મ-રુચિરૂપ સમ્યક્ત્વ તો અવશ્ય હોય કેમ કે કાર્ય કોઈ દિવસ કારણ વિના રહી શકતું નથી. વળી કહ્યું પણ છે કે, "જીવાદિ નવ પદાર્થને જે યથાર્થરૂપે જાણે તેને સમ્યક્ત્વ હોય છે. અને મંદમતિથી અથવા છદ્મસ્થતાને લીધે જે જે ન સમજાય તે તે પણ જો 'જિનોક્ત છે માટે બધું ય સત્ય જ છે' તેમ શ્રદ્ધાથી માને તેને પણ સમ્યક્ત્વ હોય જ છે."

**પ્ર.** તમે જીવાદિ નવ તત્ત્વની શ્રદ્ધાને સમ્યક્ત્વ કહો છો જ્યારે અન્યત્ર અરિહંત જ દેવ, નિર્ગ્રંથ જ ગુરુ અને કૃપારૂપ જિનમત એ જ ધર્મ એવો પ્રામાણિકભાવ તેને સમ્યક્ત્વ કહ્યું છે. આમ માનસ-વિશ્વાસ રૂપ (કાર્યરૂપ) સમ્યક્ત્વની બે વ્યાખ્યાઓ પરસ્પર સંગત શે થશે ?

ઉ. જિનોક્ત તત્ત્વમાં રુચિરૂપ સમ્યક્ત્વનું લક્ષણ સાધુ-શ્રાવક ઉભય સંબંધી છે જ્યારે અરિહંત જ દેવ.... ઇત્યાદિ રૂપ લક્ષણ માત્ર ગૃહસ્થને આશ્રયીને છે. ગૃહસ્થમાં આવો ભાવ હોય તો તેનામાં સમ્યક્ત્વ કહેવાય.

વળી આમાં ય દેવ-ગુરુનો જીવતત્ત્વમાં અને ધર્મતત્ત્વનો શુભ-આશ્રય સંવરરૂપ તત્ત્વમાં અંતર્ભાવ થઈ જાય છે. એટલે એ ય લક્ષણમાં અસંગતિ નથી.

સમ્યક્ત્વી આત્મા શક્ય એટલું બધું કરે અને શક્ય ન હોય તેની શ્રદ્ધા તો અવશ્ય રાખે. યોગ્ય સમયે સામગ્રી મળતાં તે આચરણ પણ કર્યા વિના ન રહે.

**દ્વિવિધ સમ્યક્ત્વ :**

**નિસર્ગથી અને અધિગમથી.**

જીવને સ્વાભાવિક રીતે અથવા તો ગુરુ-ઉપદેશથી એમ બે રીતે મિથ્યાત્વનો ઉદય અટકાવવાથી સમ્યક્ત્વ પ્રકટે છે

નિસર્ગ : અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવને ખાસ એવું કોઈ બાહ્ય નિમિત્ત પામ્યા વિના જ અંદરના આત્માના બળ વગેરેથી જે સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે તે નિસર્ગ સમ્યક્ત્વ કહેવાય છે.

જ્યારે દેવ-ગુરુ-ધર્મોપદેશ-જિનપ્રતિમા-જિનાગમ કે બીજા પ્રકારનાં તેવાં નિમિત્તો પામવાથી જે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય તે અધિગમ સમ્યક્ત્વ કહેવાય.

પ્ર. પૂર્વે તો તમે જણાવ્યું કે મિથ્યાત્વ મોહ. કર્મના ક્ષયોપશમાદિથી સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. હવે તમે નિસર્ગથી કે અધિગમથી સમ્યક્ત્વ પ્રાપ્ત થવાનું કેમ જણાવો છો ?

ઉ. મિથ્યાત્વ મોહ. કર્મના ક્ષયોપશમાદિથી જ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે પરંતુ એ મિથ્યાત્વ મોહનીય ક્ષયોપશમાદિનું કાર્ય બે રીતે થાય છે—નિસર્ગથી અને અધિગમથી.

કહ્યું છે કે, 'જેમ વનમાં દાવાનળ સળગતો સળગતો ઊખર ભૂમિ સુધી પહોંચે અને ત્યાં સ્વયમેવ બુઝાઈ જાય તેમ જીવ સતત મિથ્યાત્વના પરિણામવાળો હોવા છતાં જ્યારે અંતરકરણને પામે ત્યારે ત્યાં ઉપશમ સમ્યક્ત્વ પામે તે નિસર્ગથી સમ્યક્ત્વપ્રાપ્તિ કહેવાય કેમ કે અહીં ગુરુ-ઉપદેશાદિ નિમિત્ત હોતુ નથી.

અને ગુર્વાદિ નિમિત્ત પામીને મિથ્યાત્વનો ક્ષયોપશમાદિ થતાં જે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય તે અધિગમ સમ્યક્ત્વ કહેવાય.

આ નિસર્ગ સમ્યક્ત્વને પ્રાપ્ત કરનારો જીવ પણ પૂર્વભવમાં ગુર્વાદિ યોગવાળો હોઈ શકે છે પરંતુ આ ભવમાં સમ્યક્ત્વભાવ પામતી વખતે ગુર્વાદિ યોગવાળો ન હોવાથી તેને નિસર્ગ સમ્યક્ત્વી કહેવાય છે.

**દ્રવ્ય-સમ્યક્ત્વ અને ભાવ-સમ્યક્ત્વ :**

જિનેશ્વરદેવકથિત તત્ત્વોમાં જીવની સામાન્ય રુચિ તે દ્રવ્ય. સ.ત્વ. અને વસ્તુતત્વને જાણવાના ઉપાયરૂપ નય-નિક્ષેપ-પ્રમાણ વગેરેથી જીવાદિ બધાં તત્ત્વોને વિશુદ્ધ રૂપે (યથાર્થરૂપે) જાણી શકે તેવું જ્ઞાન-તે ભાવસમ્યક્ત્વ.

સંમતિતર્કના બીજા કાણ્ડની ૩૨ મી ગાથામાં કહ્યું છે કે દર્શન શબ્દ, જિનકથિત ભાવોને ભાવથી સદ્દહતા પુરુષના મતિજ્ઞાનના ૩ જા ભેદ અપાયજ્ઞાન રૂપ છે. અર્થાત્ દર્શન શબ્દથી પુરુષનું તે તે મતિ-જ્ઞાન સમજવું.

શ્રી પંચવસ્તુક ગ્રન્થની ૧૦૬૩ મી ગાથામાં કહ્યું છે કે, "જિનેશ્વરનું વચન જ તત્ત્વરૂપ છે એવી જે સામાન્ય રુચિ તે દ્રવ્ય સ.ત્વ. અને યથાવસ્થિત વસ્તુને જણાવનાર ભાવજ્ઞાનપૂર્વકની શ્રદ્ધાથી પરિશુદ્ધ થયેલું ભાવસમ્યક્ત્વ છે.

ટૂંકમાં સામાન્ય રુચિ એ દ્રવ્ય સ.ત્વ. છે અને ઉક્ત સ્વરૂપ વિસ્તાર-રુચિ તે ભાવસમ્યક્ત્વ છે. અહીં દ્રવ્ય એટલે કારણ અને ભાવ એટલે કાર્ય સમજવું, એથી ભાવ સ.ત્વ. ના કારણરૂપ સામાન્ય રુચિ તે દ્રવ્ય સ.ત્વ. કહેવાય.

આ ઉપરથી એ નક્કી થાય છે કે જેઓની સામાન્યરુચિ પણ 'આ આમ જ છે' એવા એકાન્ત આગ્રહવાળી હોય અને તેથી–ઓઘથી પણ અનેકાન્તને–(અર્થાત્ કથંચિત્ અન્યથા પણ છે એમ) માને નહિ, તેઓની તે સામાન્યરુચિ ભાવ સ.ત્વનું કારણ નહિ બનવાથી અપ્રધાનદ્રવ્ય સમ્યક્ત્વ રૂપ કહેવાય પણ પ્રધાનદ્રવ્ય સ.ત્વ. રૂપ કહી શકાય નહિ. કેમ કે અહીં દ્રવ્ય શબ્દ ભાવનો કારણવાચી બની શકતો નથી. કિન્તુ કુત્સિત અર્થવાચી બને છે. કહેવાનો આશય એ છે કે તત્ત્વની સામાન્યરુચિ પણ એકાન્તના કુગ્રહથી મુક્ત હોવી જોઇએ. તેમ હોય તો જ તે ભાવ સ.ત્વનું કારણ બની શકે. કદાગ્રહયુક્ત સામાન્યરુચિ અશુદ્ધરુચિ રૂપ અસદાગ્રહ જ છે. એ આત્મા મિથ્યાત્વી જ કહેવાય. એ આત્મ ષટ્જીવનિકાયની એકાન્તશ્રદ્ધા કરે છે માટે કહે છે કે જીવ જ કાય છે. જીવ છ કાય જ છે ઇત્યાદિ. આ અંગે પ્રસ્તુત ગ્રન્થના ૧૬૦મા શ્લોકનું વિવેચન જોઈ લેવા ભલામણ છે.

પ્ર. સાચું પણ ગુર્વાદિના અનુપયોગાદિને કારણે તેમના નિમિત્તે ખોટું માની લે, અથવા ખોટું પણ ગીતાર્થ ગુર્વાદિના કહેવાથી સાચું માની લે તો તેનામાં સમ્યક્ત્વ રહે ખરું ?

ઉ. હા ઉત્તરાધ્યયન નિર્યુક્તિની ૧૬૩મી ગાથામાં કહ્યું છે કે, "જેને શ્રી જિનેશ્વરદેવ કથિત અનેકાન્ત તત્ત્વોનું યથાર્થ જ્ઞાન ન હોય તો પણ 'જિનોક્તં ઇતિ સદ્દહણત્યા' જિને કહ્યું છે માટે તે સાચું જ છે એવું માને અને જેની ભૂલ જ્ઞાની દ્વારા સુધરી જાય તેવી સરળતા જેનામાં હોય તેવા જીવને અજ્ઞાનના યોગે અથવા ગુરુવચનમાં શ્રદ્ધાના યોગે વિપરીત તત્ત્વબોધ થઈ જાય તો પણ તેનામાં અંતરશુદ્ધિ હોવાથી દ્રવ્યસમ્યક્ત્વ કહી શકાય." કહેવાનો આશય એ છે કે જિનોક્ત તત્ત્વમાં સાચાપણાની શ્રદ્ધા છતાં અજ્ઞાનથી કે છદ્મસ્થ ગુરુનાં વચનના–વિશ્વાસથી ખોટાને પણ સાચું માનવાનો સંભવ બની જાય તો ય તેના દ્રવ્ય સ.ત્વને બાધ પહોંચે નહિ.

અહીં સામાન્ય રુચિને દ્રવ્યથી સ.ત્વ કહ્યું છે તે વિસ્તારરુચિ ભાવ સમ્યક્ત્વની અપેક્ષાએ જ સમજવાનું છે. જે નય દ્રવ્ય અને

ભાવને પરસ્પર સંકલિત જ માને છે તેની અપેક્ષાએ તો દ્રવ્ય સ.ત્વમાં પણ ભાવ સ.ત્વ માનવું જોઈએ.

**નિશ્ચય સમ્યક્ત્વ અને વ્યવહાર સમ્યક્ત્વ :**

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ જે આત્મપરિણામ તે જ નિશ્ચયનયની દૃષ્ટિથી સમ્યક્ત્વ છે. આ સમ્યક્ત્વ ૭મા ગુણસ્થાન પૂર્વે ક્યાંય હોઈ શકતું નથી.

જ્યારે તે નિશ્ચય સમ્યક્ત્વના હેતુભૂત બનતું-સમ્યક્ત્વના ૬૭ ભેદોનું જ્ઞાન-શ્રદ્ધાન અને ક્રિયા રૂપે શક્તિ મુજબનું પાલન કરવું તે વ્યવહારનયની દૃષ્ટિનું સમ્યક્ત્વ છે.

નિશ્ચય સમ્યક્ત્વ ૭મા ગુણસ્થાને જ હોઈ શકે કેમ કે નિશ્ચયનય કાર્યોત્પાદક કારણને જ સ્વીકારે છે.

સમ્યક્ત્વનું કાર્ય ભાવચારિત્ર છે. માટે ભાવચારિત્ર રૂપ નિશ્ચય સ.ત્વ. છે. આ ભાવચારિત્ર ૭મા ગુણસ્થાન પૂર્વે હોઈ શકતું નથી. આ અંગે પ્રસ્તુત ગ્રંથના ૧૫૭મા શ્લોકનું વિવેચન જોઈ લેવું.

પ્ર. તો શું નિશ્ચયનયથી શ્રેણિક રાજા સમ્યક્ત્વી જ ન હતા? ૪થા ગુણસ્થાને તે સમ્યક્ત્વ માનતું નથી ને?

ઉ. હા. તેની દૃષ્ટિએ શ્રેણિકમાં પણ સમ્યક્ત્વ જ ન હતું તો પછી ક્ષયિક સ.ત્વની તો વાત જ ક્યાં રહી? નિશ્ચયનય સાતમા ગુણસ્થાનના ક્ષયોપ. સ.ત્વને માન્ય કરે છે પણ ૪થા ગુણસ્થાનના ક્ષાયિક સ.ત્વ.ને તો સ.ત્વ તરીકે જ માનતો નથી. કેમ કે ત્યાં શ્રદ્ધાને અનુકૂળ આચરણરૂપી કાર્ય નથી. એવી વાંઝણી શ્રદ્ધાને તે શ્રદ્ધારૂપે માનવા તૈયાર નથી.

વળી આગળ સ.ત્વના ૬૭ બોલમાં સમ્યક્ત્વના શમ-સંવેગાદિરૂપ જે ૫ લક્ષણો કહેવાનાં છે તે બધાં ય નિશ્ચય સમ્યક્ત્વમાં જ ઘટે છે. જો એમ માનવામાં ન આવે તો શ્રેણિકને પાંચ ય ગુણો હતા નહિ છતાં ત્યાં ક્ષાયિક સ.ત્વ કહ્યું છે. એટલે પછી સ.ત્વનાં તે લક્ષણો જ અસત્ય થઈ જાય.

ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજાએ વિંશિકા-પ્રકરણમાં ૬ઠ્ઠી વિંશિકાના ૧૭મા શ્લોકમાં જણાવ્યું છે કે, "નિશ્ચયનયની દૃષ્ટિ સ.ત્વમાં શમ-સંવેગાદિ લક્ષણો ઘટે છે."

આ ઉપરથી દરેકે ખ્યાલ રાખવો જોઈએ કે ૪થા ગુણસ્થાનના કોઈ પણ પ્રકારના વ્યવહાર સમ્યક્ત્વીને અનુકંપાદિ ભાવો અવશ્ય હોય એવો એકાન્ત નથી.

આસ્તિક્ય અવશ્ય હોય તે સિવાયના અનુકંપાદિની તો ભજના જ સમજવી.

વ્યવહાર-સમ્યક્ત્વ વિશે આપણે તેના ૬૭ બોલ લઈને આગળ ઉપર વિચાર કરવાના છીએ. એટલે અહીં તે અંગે વિવેચન મોકૂફ રાખીને આગળ વધીએ.

## પૌદ્‌ગલિક અપૌદ્‌ગલિક સમ્યક્ત્વ :

આ અંગે આપણે પૂર્વે જોઈ ગયા છીએ કે ક્ષયોપશમ-વેદક-સાસ્વાદન-મિશ્ર ભાવના સમ્યક્ત્વ પૌદ્‌ગલિક છે કેમ કે તે બધા ભાવ મિથ્યાત્વ મોહ. કર્મ (પુદ્‌ગલ)ના ક્ષયોપશમાદિથી ઉત્પન્ન થયા છે, જ્યારે ક્ષાયિક અને ઔપશમિક સમ્યક્ત્વ ભાવ આત્માના ઘરના હોવાથી અપૌદ્‌ગલિક છે.

## ત્રિધા સમ્યક્ત્વ :

### કારક-રોચક-દીપક :

**(૧) કારક સમ્યક્ત્વ :** સૂત્રાનુસારિણી શુદ્ધ ક્રિયા એ જ કારક સમ્યક્ત્વ છે. આવી ક્રિયાથી સ્વને અને ક્રિયા જોનારા પરને પણ સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે માટે આ ક્રિયા સમ્યક્ત્વનું કારણ બનવાથી વ્યવહારનયથી-કાર્ય-કારણનો અભેદ છે. એટલે-સમ્યકત્વ રૂપ કહેવાય.

અથવા તો એમ પણ કહેવાય કે ઉક્ત શુદ્ધ ક્રિયાથી વ્યાપ્ત જે સમ્યક્ત્વ તે કારક સમ્યક્ત્વ.

આવું સમ્યક્ત્વ વિશુદ્ધ ચારિત્રીને જ હોય.

(૨) **રોચક સમ્યક્ત્વ :** સમ્યક્ ક્રિયામાં રુચિ કરાવે પણ સમ્યક્ક્રિયામાં પ્રવૃત્તિ ન કરાવે તે રોચક સમ્યક્ત્વ. અવિરત સમ્યગ્દષ્ટિ શ્રેણિકાદિને આ રોચક સમ્યક્ત્વ હતું.

(૩) **દીપક સમ્યક્ત્વ :** પોતે મિથ્યાત્વી-અભવ્ય સુદ્ધાં હોય પણ ઉપદેશ-લબ્ધિ આદિથી અભવ્ય અંગારમર્દક આચાર્યની જેમ બીજા જીવોમાં સમ્યક્ત્વભાવ ઉત્પન્ન કરાવી આપે છે માટે તે અભવ્યાદિ જીવો દીપક સમ્યક્ત્વવાળા કહેવાય. અહીં તેમનો ઉપદેશ જ સમ્યક્ત્વ રૂપ કહેવાય અભવ્યાદિનો ઉપદેશ પર જીવોનો સમ્યક્ત્વમાં કારણ બને છે માટે વ્યવહારનય કાર્યકારણનો અભેદ માની અભવ્યાદિના ઉપદેશને સમ્યક્ત્વ રૂપ કહે છે.

વસ્તુતઃ એ અભવ્યાદિ ઉપદેશકો મિથ્યાત્વી જ હોય છે.

**ક્ષાયિક-ક્ષાયોપશમિક-ઔપશમિક :**

આપણે આ ૩ સાથે સાસ્વાદન અને વેદક એમ કુલ પાંચ સમ્યક્ત્વનું સ્વરૂપ સમ્યક્ત્વ-પ્રાપ્તિના વિવેચનમાં જોઇ ગયા છીએ. જ્યારે સાસ્વાદનને સમ્યક્ત્વ તરીકે ગણવામાં ન આવે અને વેદકને ક્ષાયોપ.સ.ત્વમાં જ અંતર્ગત ગણી લેવામાં આવે ત્યારે ઉપર્યુક્ત ૩ પ્રકારનું સમ્યક્ત્વ બની જાય.

**ચતુર્ભેદે સમ્યક્ત્વ :**

**ક્ષાયિક-ક્ષાયોપ.-ઔપશ.-સાસ્વાદન**

પૂર્વોક્ત ૩ ની સાથે સાસ્વાદનની પણ સમ્યક્ત્વરૂપે વિવક્ષા કરતાં સમ્યક્ત્વના ચાર પ્રકાર થાય.

**પંચવિધ સમ્યક્ત્વ :** પૂર્વોક્ત ૪ સાથે વેદક સમ્યક્ત્વને ક્ષાયોપ.સ.ત્વમાંથી જુદું પાડીને ગણવામાં આવે તો સમ્યક્ત્વના પાંચ પ્રકાર થાય. આ પાંચેય પ્રકારના સમ્યક્ત્વનું વિવેચન થઈ ગયું છે છતાં વિશેષ હકીકત અહીં જાણી લઇએ.

(૧) **ક્ષાયિક સમ્યક્ત્વ :** મિથ્યાત્વ મોહનીયના ત્રણેય પુંજ અર્થાત્ મિથ્યાત્વમોહનીય, મિશ્ર મોહનિય અને સમ્યક્ત્વ મોહકર્મના

સઘળા ય દલિકો અને અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ કષાયના સઘળા ય દલિકોનો જ્યારે આત્મા ઉપરથી સર્વથા અભાવ થઈ જાય ત્યારે તે ૭ કર્મના (દર્શન સપ્તકના) ક્ષયથી પ્રાપ્ત થતો સ્વાભાવિક તત્વ-રુચિરૂપ આત્મપરિણામ તેને ક્ષાયિક સમ્યક્ત્વ (૭ કર્મનાં સંપૂર્ણ ક્ષયથી ઉત્પન્ન થતું સમ્યક્ત્વ) કહેવાય છે. આ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે માટે તેની આદિ થવાથી 'સાદિ' કહેવાય છે. પ્રાપ્ત થયા પછી કદી જવાનું નથી માટે અનંત કહેવાય છે. અર્થાત્ તે સાદિ-અનંત ભાગે રહે છે.

**(૨) ક્ષાયોપશમિક સમ્યક્ત્વ :** પૂર્વે જણાવ્યું તેમ ઉદયમાં આવેલા-મિથ્યાત્વ મોહ.ના દલિકોનો ક્ષય કરી નાંખવો અને ઉદયમાં ન આવેલા મિ.મોહ.કર્મના દલિકોને દાબી દેવારૂપ ઉપશમ કરી રાખવો. આવા ક્ષય-ઉપશમ ભાવથી જે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય તેને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કહેવાય છે.

પ્ર. અહીં તમે કહ્યું કે ઉદયમાં ન આવેલા મિથ્યાત્વ મોહ.ના દલિકોનો 'ઉપશમ' કરવો તો મિથ્યાત્વ મોહ.ના દલિકો તો ૩ પુંજ રૂપ છે શુદ્ધ-અશુદ્ધ અને મિશ્ર-તો શું ત્રણે ય પુંજનો ઉપશમ કરી દેવો ? જો 'હા', કહેશો તો અમારો વાંધો છે. કેમ કે ઉપશમ એટલે દલિકોને ઉદયમાં આવતા અટકાવવા તે. હવે મિશ્ર અને મિથ્યાત્વરૂપ ઉપશમ તો બરોબર છે કેમ કે ક્ષાયોપ. સમ્યક્ત્વી તે બે પુંજને ઉદયમાં લાવીને ભોગવે જ નહિ પરંતુ ૩ જો જે શુદ્ધ પુંજ છે તેને ઉદયમાં આવતા અટકાવવારૂપ ઉપશમ કહેશો તો ક્ષાયોપ. સમ્યક્ત્વ જ શી રીતે રહેશે ? કેમ કે મિથ્યાત્વ મોહ.કર્મના તે શુદ્ધ પુંજને ઉદયમાં લાવીને ભોગવટો કરવાથી જ ક્ષાયોપ.સ.ત્વ ભાવ રહે છે.

ઉ. તમારો પ્રશ્ન બહુ સુંદર છે. અહીં 'ઉપશમ' શબ્દથી બે અર્થ કરવા. (૧) ઉદયમાં આવતા અટકાવવા અને (૨) મિથ્યા સ્વભાવ દૂર કરવો. તમારા કહ્યા મુજબ મિશ્ર-મિથ્યાત્વ પુંજનો ઉપશમ ૧લા અર્થ સાથે ઘટાવવો અને મિ.ત્વ.મોહ. કર્મના શુદ્ધ પુંજનો ઉપશમ એટલે માત્ર એનો મિથ્યા સ્વભાવ દૂર કરવો.

અર્થાત્ તે પૂંજના પ્રદેશોને ઉદયમાં લાવીને ભોગવવા તો ખરા જ પરંતુ તેના મિથ્યા સ્વભાવ દૂર કરવારૂપ ઉપશમ કરીને જ.

આથી જ પૂર્વે જણાવ્યું છે કે ક્ષાયોપ. સમ્યક્ત્વમાં મિ.ત્વ. મોહના દલિકો (શુદ્ધ પૂંજ)નો પ્રદેશોદય રહે છે જ્યારે ઓપ. સમ્યક્ત્વમાં તે શુદ્ધ દલિકોના પૂંજની જેમ બિલકુલ ઉદયમાં આવતો અટકાવવા-રૂપ ઉપશમ હોય છે. અર્થાત્ ત્યાં શુદ્ધ-દલિકોનો પ્રદેશોદય પણ હોતો નથી.

આ જ કારણે ક્ષાયોપ. સમ્યક્ત્વને સત્કર્મવેદક સ.ત્વ કહેવામાં આવ્યું છે. એટલે સત્તામાં રહેલાં મિથ્યાત્વના પ્રદેશોને ભોગવવાવાળું સમ્યક્ત્વ કહેવાય છે.

(૩) **ઔપશમિક સમ્યક્ત્વ :** આ અંગે હવે વિશેષ જણાવવાનું રહેતું નથી.

(૪) **વેદક સમ્યક્ત્વ :** ક્ષાયિક સમ્યક્ત્વી બનનાર જીવનો પૂર્વના છેલ્લા સમયે શુદ્ધ પૂંજનો જે છેલ્લો જથ્થો ભોગવતો હોય તેને વેદક સમ્યક્ત્વ કહેવાય છે. આ સમય પછીના સમયે જીવ ક્ષાયિક સ.ત્વી થઈ જાય છે.

(૫) **સાસ્વાદન સમ્યક્ત્વ :** ઉપશમ સ.ત્વી જીવ પતિત પરિણામી બનતાં અંતકરણમાંથી પડે છે, અર્થાત્ જઘન્યથી અંતર-કરણનો એક સમય બાકી રહે અથવા ઉત્કૃષ્ટથી ૬ આવલિકા બાકી રહે ત્યારે અનંતાનુબંધી કષાયનો ઉદય થઈ જાય અને તે જીવ ૧ સમય કે ૬ આવલિકા જેટલો તે કાળ ભોગવે તે સાસ્વાદન સમ્યક્ત્વનો કાળ કહેવાય. આ વખતે સમ્યક્ત્વનું વમન થાય છે છતાં તે વખતે પણ તેનો આસ્વાદ છે માટે આ કાળને સાસ્વાદન સમ્યક્ત્વનો કાળ કહેવાય છે.

આ સાસ્વાદન સ.ત્વ ૪થા કે ૧૧મા ગુણસ્થાનના ઉપશમ ભાવથી પડતા જીવને જ પ્રાપ્ત થાય.

જ્યારથી જીવને અનંતાનું કષાયનો ઉદય થઈ જાય ત્યારથી તે જીવ બીજા ગુણસ્થાને ગણાય છે એટલે તે જીવનું ૪થા ગુણસ્થાનનો ઉપ. સ.ત્વ કાળ તેટલો ઓછો સમજવો.

કાળ :

ઓપ.સ.અન્તમું.

સાસ્વાદન જ. થી ૧ સમય-ઉ. થી ૬ આવલિકા

વેદક-૧ સમય-

ક્ષાયિક-સાધિક ૩૩ સાગરોપમ

ક્ષાયોપ.-,, ૬૬ ,,

પ્ર. ક્ષાયિક ક્ષાયોપ. સમ્યકત્વનો આટલો બધો કાળ ક્યાં પસાર થાય?

પ્ર. કોઈ એક ક્ષાયોપ. સ.ત્વી જીવ જો બે વાર વિજયાદિ અનુત્તરમાં જાય (જ્યાં એક વારનું આયુ ૩૩ સાગરોપમનું છે.) અથવા ૩ વાર અચ્યુત દેવલોકમાં (જ્યાં એક વારનું આયુ ૨૨ સાગરોપમનું છે.) ઉત્પન્ન થાય તો તે રીતે ૬૬ સાગરોપમ થઈ જાય. આ બે કે ત્રણ ભવની વચ્ચે વચ્ચે મનુષ્યના ભવો કરે તેનું આયુષ્ય અધિક થાય એટલે સાધિક ૬૬ સાગરો. થઈ જાય.

કોઈ જીવે ક્ષાયિક સ.ત્વ. પામ્યા પહેલાં પરભવના આયુ. નો બંધ કરી દીધો હોય અને તે પછી ક્ષા. સમ્યકત્વ પામે (શ્રેણિકની જેમ) તો તે મરીને દેવ કે નારકમાં જાય. અને ત્યાંથી મનુષ્ય થઈ ને મોક્ષે જાય. એ રીતે તેનો ૩ જા ભવે મોક્ષ થાય. કોઈ જીવ અસંખ્ય વર્ષનું તિર્યંચનું કે મનુષ્યનું આયુ બાંધીને ક્ષા. સત્વ પામે તો તે મરીને યુગલિક તિર્યંચનું કે મનુષ્ય થાય ત્યાંથી અવશ્ય દેવ મનુષ્ય થઈને મોક્ષે જાય. આમ થતાં તે ૪ થા ભવે મોક્ષે જાય (સંખ્યાતા વર્ષનું તિર્યંચનું કે મનુષ્યનું આયુષ્ય બાંધનાર જીવ પછી તે ભવે ક્ષા.સ.ત્વ પામી શકતો નથી.) અને જેણે પૂર્વે આયુષ્ય બાંધ્યું ન

હોય તે જો ક્ષાયિક સમ્યક્ત્વ પામે તો અવશ્ય ક્ષપક શ્રેણિએ ચડીને મોક્ષે જ જાય.

આ રીતે ક્ષા. સ. ત્વી વધુમાં વધુ ૩ કે ૪ ભવે મોક્ષે જાય છે. પરંતુ અન્યત્ર દુપ્પસહસૂરિજી કે કૃષ્ણ મહારાજા જેવા ક્ષા. સ. ત્વી જીવો ૫ ભવે પણ મોક્ષે જવાનું કહ્યું છે. દુપ્પસહસૂરિજી પોતાના પૂર્વભવમાં ક્ષા. સ. ત્વ પામ્યા, પછી દેવલોકમાં ગયા, પછી દુપ્પસૂરિજી રૂપે મનુષ્ય થશે, પરંતુ તે વખતે મોક્ષે જવા યોગ્ય સંઘયણાદિ નહિ હોવાથી દેવલોકમાં જશે. પછી મનુષ્ય થઈને મોક્ષે જશે. શ્રી કૃષ્ણજી ક્ષાયિક સ.ત્વી આત્માનો ઉત્કૃષ્ટ કાળ ઉક્ત બધા ભવ મળીને પણ સાધિક ૩૩ સાગરોપમથી વધુ ન થાય. જે ક્ષાયિક જે સ.ત્વી મરીને ૩૩ સાગરોપમવાળા અનુત્તર વિમાનમાં જાય તેને મનુષ્યભવનો કાળ અધિક સમજવાથી સાધિક ૩૩ સાગરોપમ થાય. ક્ષાયિક સ.ત્વી મરીને નરકે જાય તો પણ ૩ જી નારકથી આગળ ન જાય.

જીવને આખા સંસારચક્રમાં ઔપ. સાસ્વા. સ.ત્વ પૂર્વોક્ત રીતે ઉ. થી ૫ વાર, વેદક અને ક્ષાયિક સ.ત્વ એક જ વાર અને ક્ષાયોપ. સ.ત્વ અસંખ્ય વાર પ્રાપ્ત થાય છે.

સામાયિક ૪ પ્રકારના છે. શ્રુત સામાયિક, સમ્યક્ત્વ સામાયિક, દેશવિરતિસામાયિક અને સર્વવિરતિ સામાયિક.

આમાંથી ૧ લા ૩ સામાયિકરૂપ ગુણો એક જીવને એક જ ભવમાં બે હજારથી ૯ હજાર (સહસ્રપૃથકત્વ વાર) જાય છે અને આવે છે. જ્યારે સર્વવિરતિ સામાયિકરૂપ ગુણ એક જ ભવમાં બસોથી નવસો વાર (શતપૃથક વાર) જાય છે અને આવે છે. કહેવાનો આશય એ છે કે તે ગુણ આવ્યા પછી જો ચાલી જાય તો વધુમાં વધુ તેવી આવ-જા એક-ભવમાં ઉપર કહી તેટલી વાર થઈ શકે છે. જઘન્યથી તો એ ગુણો એક ભવમાં એક જ વખત જીવને પ્રાપ્ત થઈ શકે છે.

હવે આખા સંસારકાળમાં ઉપરોક્ત ગુણોની આવ-જા જોઈએ. ઉપરોક્ત પ્રથમ ૩ ગુણો ઉત્કૃષ્ટથી અસંખ્યાત હજાર વાર જાય છે

અને આવે છે. જ્યારે સર્વવિરતિ-ગુણ બે હજારથી ૯ હજાર વાર જાય છે અને આવે છે. જઘન્યથી અહીં પણ બધું એક વાર સમજવું. શાસ્ત્ર-પરિભાષામાં આ આવ-જાને આકર્ષ કહેવામાં આવે છે.

ગુણસ્થાનો : સાસ્વાદન-૨ જે
ઔપશમિક - ૪ થી ૧૧ સુધી
ક્ષાયિક - ૪ થી ૧૪ સુધી.
વેદક - ૪ થી ૭ „
ક્ષાયોપ. - ૪ થી ૭ „

**દશધા સમ્યક્ત્વ :**

૧. નિસર્ગરુચિ ૨. ઉપદેશરુચિ ૩. આજ્ઞારુચિ ૪. સૂત્રરુચિ ૫. બીજરુચિ ૬. અભિગમરુચિ ૭. વિસ્તારરુચિ ૮. ક્રિયારુચિ ૯. સંક્ષેપરુચિ. ૧૦. ધર્મરુચિ.

**૧. નિસર્ગરૂચિ :** નિસર્ગ એટલે પૂર્વે કહ્યા મુજબ ઉપદેશ વિના જ આત્માને દર્શનમોહનીયનો ક્ષયોપશમ થવાથી માત્ર વ્યવહાર રૂપે નહિ પણ યથાર્થ, સત્ વસ્તુને જ વસ્તુરૂપે માનનારો જે શુદ્ધ નય તેના અભિપ્રાયે (સદ્ભૂત પદાર્થરૂપે) જીવ-અજીવ આદિ નવતત્ત્વ વિશે આત્માની યથાર્થ સત્ તત્ત્વપણાની શ્રદ્ધા-રૂચિ તે નિસર્ગરૂચિ સમ્યક્ત્વ કહેવાય છે.

**૨. ઉપદેશરૂચિ :** છદ્મસ્થ ગુરુના ઉપદેશ દ્વારા જીવાજીવાદિ તત્ત્વોમાં સદ્ભુતાર્થરૂપે યથાર્થપણાની રૂચિ (બુદ્ધિ) તે ઉપદેશ-રૂચિ સમ્યક્ત્વ સમજવું. તાત્પર્ય કેવળ કથન કરાએલાં શ્રી જિનેશ્વર-દેવના વચનામૃતનું પાન કરવાની (ઉપદેશ સાંભળવાની) રૂચિ કે તેવા ઉપદેશને સાંભળવાથી થતા બોધની રૂચિ તેને ઉપદેશરૂચિ સ.ત્વ કહ્યું છે. કેવળજ્ઞાન વિના સત્ય ઉપદેશ હોઇ શકતો નથી, માટે કેવળજ્ઞાનને ઉપદેશનું મૂળ કહ્યું છે.

શ્રી સૂયડાંગસૂત્રમાં કહ્યું છે કે, "જેઓ કૈવલ્ય પ્રાપ્ત કર્યા વિના જ અજ્ઞાન દશામાં ધર્મને કહે છે તેઓ સંસારસાગરમાં ડુબેલા

છે અને અનેકને ડુબાડનારા છે. કેવલી ભગવાન જ સ્વ-પરને તારી શકે છે.''

ઉપદેશ શ્રવણ કરવામાં કે બોધ કરવામાં રૂચિ એટલે વસ્તુતઃ સંશય ટાળવાની ઇચ્છારૂપ આત્મધર્મ વિશેષ તે જ ઉપદેશરૂચિ સમ્યક્ત્વ કહ્યું છે.

**૩. આજ્ઞારૂચિ :** વીતરાગીદેવથી કે દેશથી પણ રાગ-મુક્ત આચાર્યાદિ ભગવંતની આજ્ઞામાત્રથી અનુષ્ઠાન-ધર્મ કરવાની જે રૂચિ તે આજ્ઞારૂચિ સમ્યક્ત્વ કહેવાય છે. માષતુષમુનિએ ગુર્વાજ્ઞાથી ધર્મ કરવાની રૂચિ જેવી આ રૂચિ સમ્યક્ત્વને પ્રાપ્ત કરી આપે છે. આથી ગુરુપારતન્ત્ર્યવાળા જીવોમાં જ્ઞાન અને શ્રદ્ધા કહ્યા છે. ભલે પછી તેમની પાસે વિશિષ્ટ શ્રુત ન પણ હોય. ગુર્વાજ્ઞાપાલકને ગુરુના જ્ઞાન-દર્શનનો અતિશય પ્રાપ્ત થાય જ છે. માટે કેવળ આજ્ઞારૂચિ અજ્ઞાનીને પણ અનુષ્ઠાન-ધર્મ-જ્ઞાન-અને દર્શનનો અતિશય પ્રાપ્ત થાય જ છે. માટે કેવળ આજ્ઞારૂચિ અજ્ઞાનીને પણ અનુષ્ઠાન-ધર્મ-જ્ઞાન-અને દર્શન પ્રગટ કરી આપનારા બને છે. માટે જ આને આજ્ઞારૂચિ સમ્યક્ત્વ કહ્યું છે.

**૪. સૂત્રરૂચિ સમ્યક્ત્વ :** સૂત્રનું પુનઃ પુનઃ પુનરાવર્તન કરવાથી પ્રાપ્ત થતા જ્ઞાન દ્વારા જીવાદિ તત્ત્વોમાં યથાર્થપણાની શ્રદ્ધા પ્રગટે તે સૂત્રરૂચિ સમ્યક્ત્વ. આ અંગે ગોવિંદાચાર્યનું દ્દષ્ટાંત આવે છે.

**૫. બીજરૂચિ :** જીવાદિ કોઈ એક પદાર્થની શ્રદ્ધાથી આગળ વધીને અનેક પદ અને પદાર્થમાં શ્રદ્ધા વિસ્તરતી જાય તે બીજરૂચિ સમ્યક્ત્વ કહેવાય.

પાણીમાં પડેલું એક તૈલબિન્દુ ક્રમશઃ વિસ્તરતું જાય છે તેમ અહીં પણ શ્રદ્ધા વિસ્તરતી જાય છે જે, એક પદ-શ્રદ્ધામાંથી અનેક પદ-અર્થની શ્રદ્ધામાં પર્યવસાન પામે છે.

**૬. અભિગમરૂચિ સમ્યક્ત્વ :** સઘળા ય આગમોનું અર્થ જ્ઞાન જેણે પ્રાપ્ત કર્યું હોય અને તે જ્ઞાનથી જેને સકળ આગમ-

સૂત્રોના અર્થ ઉપર જે રૂચિ થાય તે અભિગમરુચિ સમ્યક્ત્વ કહેવાય. આ આત્મા સકળ આગમોના અર્થનો જ્ઞાતા હોય.

પ્ર. આવી વ્યાખ્યાથી તો સૂત્રરૂચિ અને અભિગમરૂચિ એ બે ય સમ્યક્ત્વ એક રૂપ બની ગયા. વળી જો તમે એમ કહો કે સૂત્રરૂચિમાં કેવળ સૂત્રની (અર્થજ્ઞાન વિના) રુચિ હોય છે. જ્યારે અભિગમ રૂચિમાં અર્થયુક્ત સૂત્રરૂચિ હોય છે. એ રીતે તે બેમાં ભેદ પડે છે તો તે તમારી વાત બરોબર નથી કેમ કે સૂત્ર માત્ર તો મૂંગુ કહ્યું છે. એટલે માત્ર સૂત્રરૂચિ સંભવતી પણ નથી. અર્થજ્ઞાન વિના રૂચિ જાગી શકે નહિ.

અર્થનિરપેક્ષ તે સૂત્ર તો અજ્ઞાનનું જ કારણ બને છે. કહ્યું છે કે, "જેણે સૂત્રનું રહસ્ય જાણ્યું નથી અને નિર્યુક્તિ આદિ અર્થગ્રન્થ સિવાય કેવળ મૂળ સૂત્રોને અનુસરનાર ગમે તેવો આરાધના–ઉદ્યમી પણ અજ્ઞાન તપસ્વી જ (ઉપદેશમાલા ગા. ૪૧૫) કહેવાનો આશય એ છે કે અર્થવિહોણી સૂત્રજનિત પ્રવૃત્તિ વિશેષ સમજણના અભાવે કષ્ટરૂપ જ છે." માટે સૂત્રરૂચિમાં પણ અર્થયુક્તતા માનવી જ જોઈએ. તેમ થતાં સૂત્રરૂચિ અને અભિરૂચિ એ બે એકરૂપ બની જાય છે.

ઉ. તમારી વાત સાચી છે કે સૂત્રરૂચિમાં અને અર્થરૂચિમાં સૂત્રનો, સમાવેશ હોવા છતાં સૂત્ર અધ્યયનથી જે જ્ઞાન થાય અને અર્થ અધ્યયનથી જે જ્ઞાન થાય તે બન્નેમાં ભિન્નતા પડી જાય છે. એમ થતાં બે જ્ઞાનથી ઉત્પન્ન થયેલી રૂચિમાં પણ ભેદ પડી જાય છે. એ રીતે હવે સૂત્રરૂચિ સ.ત્વ અને અભિગમ રૂચિ સમ્યક્ત્વની એકરૂપતાની આપત્તિ ટળી જાય છે.

આ કારણથી જ શાસ્ત્રકાર ભગવંતોએ ફરમાવ્યું છે કે, "સૂત્રના અધ્યયન કરતાં અર્થના અધ્યયનમાં વિશેષ ઉદ્યમ કરવો જોઈએ. કેમ કે અર્થજ્ઞાનથી અર્થ અને સૂત્ર બન્નેયની સિદ્ધિ થાય છે (ઉપ. પદ. ગા. ૮૫૬)."

અથવા ઉપરોક્ત પ્રશ્નનું બીજી રીતે પણ સમાધાન થઈ શકે કે, "સૂત્રરૂપી મૂળાગમની રૂચિને સૂત્રરૂચિ કહેવાય અને નિર્યુક્તિ આદિ

અર્થ ગ્રન્થો (અર્થ જણાવતા ગ્રન્થો)ની રૂચિ તે અર્થરૂચિ (અભિગમ રૂચિ) કહેવાય. આ કારણે જ ઠાણાંગસૂત્રની ટીકામાં નિર્યુક્ત આદિ અર્થજ્ઞાનની રૂચિને અર્થરૂચિરૂપ જણાવીને તેને સૂત્રરૂચિથી ભિન્ન કહેલ છે.

૭. **વિસ્તારરૂચિ :** પ્રત્યક્ષાદિ સર્વ પ્રમાણો-નયો-નિક્ષેપાઓ પૂર્વકનું જે સર્વ-દ્રવ્ય-ગુણપર્યાયનું જ્ઞાન-તેનાથી પ્રગટ થયેલી જે અતિશુદ્ધ શ્રદ્ધા તે વિસ્તારરૂચિ સમ્યક્ત્વ કહેવાય.

૮. **ક્રિયારૂચિ :** પંચાચારને પાળવાની વિનયાદિ અનુષ્ઠાન કરવાની રૂચિ તે ક્રિયારૂચિ.

પ્ર. તો પછી આજ્ઞારૂચિ અને ક્રિયારૂચિમાં ફેર શું પડયો ? કેમ કે બે ય ધર્માનુષ્ઠાનની રૂચિરૂપ જ છે ?

ઉ. આજ્ઞારૂચિમાં રૂચિની મુખ્યતા અનુષ્ઠાન ઉપર નથી કિન્તુ ગુર્વાજ્ઞા છે. જ્યારે અહીં અનુષ્ઠાન ઉપર જ રુચિની મુખ્યતા છે ભલે કદાચ આજ્ઞા ન પણ હોય માટે બેયમાં સ્પષ્ટ ભેદ છે. આથી જ ક્રિયાને આત્મસાત કરી ચૂકેલા ચારિત્રી મુનિઓ કે જેઓ ગુર્વાજ્ઞાદિથી નિરપેક્ષ થયા છે. તેમને ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજાએ ચારિત્ર્ય-કાય (જેમની કાયા ચારિત્ર = ક્રિયામય બની ગઈ છે તેવા) કહ્યા છે.

૯. **સંક્ષેપરૂચિ સમ્યક્ત્વ :** જેને બૌદ્ધાદિ દર્શનમાં કદાગ્રહ નથી, જૈન-ધર્મનું યથાર્થ જ્ઞાન પણ નથી અને છે માત્ર મોક્ષની રૂચિ....આ રૂચિ સંક્ષેપરૂચિ કહેવાય. મહાત્મા ચિલાતી ઉપશમ-સંવર વિવેકાત્મક પદત્રયને સાંભળવા માત્રથી-જૈનધર્મનું કશું જ જ્ઞાન ન હોવા છતાં જે મોક્ષરૂચિ થઇ-તે સંક્ષેપરુચિ કહેવાય. આ જ રીતે જ્ઞાનની વિશેષતા વિના પણ મોક્ષમાત્રની રૂચિ થાય તો તેને સંક્ષેપરૂચિ સમ્યક્ત્વ કહેવાય.

જો અહીં મોક્ષરુચિ પદ દૂર કરીને તેના બે વિશેષણ અન્ય દર્શનમાં અકદાગ્રહ અને જિનદર્શનનું અજ્ઞાન-એટલું જ સંક્ષેપરૂચિનું

લક્ષણ બાંધીએ તો મૂર્છિતદશાવાળા જીવો પણ સંક્ષેપરુચિ સમ્યક્ત્વ-વાળા બની જાય કેમ કે તેમનામાં આ બે ય વિશેષણ છે જ. આ આપત્તિ દૂર કરવા માટે બે ય વિશેષણવાળા જીવની મોક્ષરુચિ તે મોક્ષરુચિ-સમ્યક્ત્વ કહેવું જોઈએ.

**૧૦. ધર્મરૂચિ સમ્યક્ત્વ :** માત્ર 'ધર્મ' શબ્દ સાંભળતાં જ ધર્મ એવા શબ્દમાં પ્રેમ જાગે-અને ધર્મપદથી કહેવાતા યથાર્થ ધર્મમાં જે રૂચિ પ્રગટે તે ધર્મરૂચિ સમ્યક્ત્વ કહેવાય.

જિનેશ્વરદેવે ધર્માસ્તિકાયનો ગતિસહાયકતા ધર્મ, અધર્માસ્તિ-કાયનો સ્થિતિસહાયકતા ધર્મ, આકાશાસ્તિકાયનો અવગાહ દાન-ધર્મ વગેરે તે તે દ્રવ્યોના તે તે ધર્મ કહ્યા છે. વળી દ્વાદશાંગી રૂપ શ્રુતધર્મ, સામાયિકાદિ ચારિત્રધર્મ પણ કહ્યો છે. આ બધાય ધર્મોને શ્રી જિનેશ્વરદેવોએ જે જે રીતે વર્ણવ્યા છે તે તે રીતે એ યથાર્થરૂપે માને તે આત્મા ધર્મરૂચિ સમ્યક્ત્વવાળો કહેવાય.

**પ્ર.** તો તો પછી શું ગ્રામ્યધર્મ કસાઈધર્મ શબ્દથી વાચ્ય છે, જે ગ્રામ્ય કર્તવ્યો કે કસાઇના કર્તવ્યો તે ઉપરની રૂચિ પણ ધર્મરૂચિ સમ્યક્ત્વ કહેવાશે? કેમ કે તમે તો ધર્મપદથી વાચ્ય વસ્તુની રૂચિને ધર્મરૂચિ સમ્યક્ત્વ કહો છો. આ તો ઘણું વિચિત્ર લાગે છે.

**જ.** ના. ધર્મ પદ કોઇ પણ ઉપપદ વિનાનું એટલે કે વિશેષણ વિનાનું જોઈએ. 'ગ્રામ્ય' એવું ઉપપદ પડેલું છે.

**પ્ર.** તેમ કહેવાથી તમે છટકી જઈ શકો તેમ નથી. હવે તો ઊલટી તમારે જ આફત આવી કેમ કે અસ્તિકાયધર્મ, શ્રુતધર્મ, ચારિત્રધર્મ એ બધાય પદોમાં પણ અસ્તિકાય-શ્રુત-ચારિત્ર ઉપપદો ક્યાં નથી? ઉપપદ વિનાના ધર્મપદથી વાચ્ય અર્થની રૂચિ તેને જ ધર્મરૂચિ સ.ત્વ કહેશો તો અસ્તિકાય ધર્માદિ વાચ્ય અર્થોની રૂચિને પણ ધર્મરૂચિ સ.ત્વ નહિ કહેવાય.

**જ.** તમારી વાત સાચી છે. પણ અમારો કહેવાનો આશય નહિ સમજીને માત્ર શબ્દો પકડીને તમે લડી રહ્યા લાગો છો. અમે

કહ્યું કે "ઉપપદ રહિત ધર્મશબ્દના વાચ્ય અર્થની રૂચિ" તેનો અર્થ એ નથી કે ધર્મની પહેલાં કોઈ ઉપપદ જોઈએ જ નહિ, પરંતુ વાસ્તવધર્મમાં જેનો સમાવેશ ન થાય તેવું ધર્મબાધક વિશેષણ ઉપપદ તરીકે ન જોઈએ અર્થાત્ વાસ્તવધર્મમાં સમાવેશ થાય તેવું ધર્મસાધક વિશેષ હોય તો કશો વાંધો નથી. એવું અમારું કહેવું છે. હવે ગ્રામ્યધર્મ એ વાસ્તવધર્મરૂપ નથી. જ્યારે ચારિત્ર્યધર્મ-દાનધર્મ વગેરે વાસ્તવધર્મનાં સાધક અંગો છે માટે અહીં રહેલા ધર્મના ઉપપદનો કશો બાધ નથી.

પ્ર. આ રીતે સમ્યક્ત્વના દશ પ્રકાર પાડવામાં તમારો હેતુ શો છે ?

ઉ. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે અલ્પબુદ્ધિવાળા જીવોને બોધની સરળતા માટે આ રીતે ભેદો પાડવામાં આવ્યા છે. ક્યાંક કોઈ એક ભેદ બીજામાં સમાઈ પણ જાય તો પણ તે દોષરૂપ સમજવો નહિ. યદ્યપિ અમે તો દરેકની ભિન્ન ભિન્ન (સ્વતન્ત્ર) વ્યાખ્યા કરી છે. તથાપિ એમ ન સમજવું કે, "સમ્યક્ત્વ આ દશ પ્રકારમાં જ આવી જાય છે. એના ઓછા-વત્તા પ્રકારો થઈ શકતા જ નથી." કેમ કે જીવની રૂચિના વિષયો અનેક પડી શકે છે માટે અનેક પ્રકારની તે રૂચિરૂપ સમ્યક્ત્વ કહી શકાય. મોક્ષના અસંખ્ય યોગો છે, માટે રૂચિ પણ અસંખ્ય બને એટલે તે બધી રૂચિરૂપ સમ્યક્ત્વ પણ અસંખ્ય પ્રકારના બને.

આ દસેય પ્રકારના સમ્યક્ત્વ રૂચિરૂપ છે એટલે કે પ્રીતિ-રૂપ છે માટે રાગાત્મક છે એથી વીતરાગ-સમ્યક્ત્વનો આમાંના એકે યમાં સમાવેશ થઈ શકે નહિ. ટૂંકમાં, આ લક્ષણ સરાગ-સમ્યક્ત્વનું જ માટે વીતરાગ સમ્યક્ત્વમાં તે ન ઘટે તો તેથી લક્ષણમાં કોઈ દોષ આપી શકાય નહિ.

વળી આ બહિરંગ લક્ષણ છે. લક્ષણ એટલે ચિહ્ન-વસ્તુને ઓળખાવનાર પ્રતીક.

આ પ્રતીક બે જાતનાં હોય છે: અંતરંગ અને બહિરંગ. રાગરૂપ જે સમ્યક્ત્વ કહ્યું તે બહિરંગ લક્ષણ છે. અતરંગ લક્ષણ પદાર્થની સાથે જ રહે તેવો નિયમ છે. પણ બહિરંગ લક્ષણ (લિંગ-ચિહ્ન) પદાર્થની સાથે જ રહે તેવો નિયમ નહિ. અર્થાત્ જ્યાં જ્યાં સમ્યક્ત્વ પદાર્થ હોય ત્યાં તેનું બહિરંગ લક્ષણ રૂચિરૂપ રાગ હોય જ તેવો નિયમ નથી.

અગ્નિ પદાર્થનું ચિહ્ન-ધૂમ એ અગ્નિનું બહિરંગ લક્ષણ (લિંગ) છે માટે અગ્નિ પદાર્થ હોય ત્યાં ધૂમ હોય જ તેવો નિયમ નથી. (તપેલા લોખંડમાં અગ્નિ છે. પણ ધૂમ નથી.) તેમ પ્રસ્તુતમાં પણ સમ્યક્ત્વના બહિરંગ લક્ષણ માટે ય એવો નિયમ નથી કે જ્યાં સમ્યક્ત્વ હોય ત્યાં આ રાગરૂપ (રૂચિરૂપ) સમ્યક્ત્વ હોવું જ જોઈએ. એટલે હવે જ્યાં વીતરાગ સમ્યક્ત્વ છે ત્યાં આ રૂચિરૂપ (રાગાત્મક) બહિરંગ લક્ષણ ન હોય તો પણ કશો વાંધો લઈ શકાય નહિ. (હા, જો આ સમ્યક્ત્વનું અંતરંગ લક્ષણ હોત તો જ્યાં જે કોઈ પણ સમ્યક્ત્વ હોય ત્યાં આ રાગ (રૂચિએ) રહેવું જ જોઈએ, ક્યાંક પણ ન રહેત તો આ લક્ષણ દુષ્ટ બની જાત.

પ્ર. સમ્યક્ત્વનું બહિરંગ લક્ષણ તો તમે જણાવ્યું. પણ અંતરંગ લક્ષણ શું છે કે જે સર્વત્ર સમ્યક્ત્વની સાથે અવશ્ય હોય?

ઉ. મિથ્યાત્વ મોહ. કર્મનો ક્ષયોપશમ ભાવ એ જ સમ્યક્ત્વનું અંતરંગ લક્ષણ છે. અર્થાત્ મિથ્યાત્વનો પરિહાર એ જ સમ્યક્ત્વનું અંતરંગ લક્ષણ છે. જ્યાં સમ્યક્ત્વભાવ હોય ત્યાં અવશ્યમેવ મિથ્યાત્વનો અભાવ હોય. આ અંતરંગ લક્ષણમાં નિસર્ગ અધિગમાદિ ભેદ ભિન્ન સઘળા સમ્યક્ત્વ સમાઈ જાય છે.

શ્રી આવશ્યકનિર્યુક્તિ ગા. ૧૨૫૦-૧૨૫૧માં ત્રિવિધે મિથ્યાત્વનું પ્રતિક્રમણ (પચ્ચક્ખાણ) છે તેનાથી જ સમ્યક્ત્વ પ્રગટે છે.

## મિથ્યાત્વના પ્રકારો

## [૯]

**પ્ર. શું મિથ્યાત્વના પણ પ્રકારો છે?**

ઉ. હા, લૌકિક અને લોકોત્તર એમ બે પ્રકારના મિથ્યાત્વભાવ છે. પ્રત્યેક દેવગત અને ગુરુગત છે. એટલે કે લૌકિક દેવગત, લૌકિક ગુરુગત, લોકોત્તર દેવગત, લોકોત્તર ગુરુગત-એમ ૪ પ્રકારના મિથ્યાત્વ થાય.

**૧. લૌકિક દેવગત મિથ્યાત્વ :** બ્રહ્મા, વિષ્ણુ આદિ દેવોને પૂજા પ્રમાણ આદિ કરવાથી આ મિ.ત્વ લાગે છે.

**૨. લૌકિક ગુરુગત મિથ્યાત્વ :** સંન્યાસી-બ્રાહ્મણ-તાપસ વગેરે લૌકિક ગુરુઓને નમસ્કાર કરવો, તેમને દંડવત્ પ્રણામ આદિ કરવા, નમઃ શિવાય વગેરે બોલવું-વગેરેમાં લૌ.ગુરુગત મિથ્યાત્વ લાગે. મિથ્યાત્વનું 'સુંદર કર્યું' એ રીતે મનથી અનુમોદન કરે નહિ, આ જ રીતે વચનથી, 'હું મિથ્યાત્વ સેવું' એમ બોલે નહિ, બીજાને તેમ કરવાનું કહે નહિ અને વચનથી કોઈએ સેવેલા મિથ્યાત્વની અનુમોદના કરે નહિ. એ જ રીતે કાયાથી મિથ્યાત્વ સેવે નહિ, હાથની સંજ્ઞા વગેરે કરવા દ્વારા બીજા પાસે મિ.ત્વનું સેવન કરાવે નહિ, અને મિથ્યાત્વને સેવનાર માણસની પીઠ થાબડવા વગેરે કાયિક ક્રિયા દ્વારા કાયાથી અનુમોદન કરે નહીં.

**મિથ્યાત્વના પાંચ પ્રકાર :** આભિગ્રહિક, અનાભિગ્રહિક, આભિનિવેશિક, સાંશયિક અને અનાભોગિક.

**(૧) આભિગ્રહિક મિથ્યાત્વ :** અમુક શાસ્ત્રના કદાગ્રહથી વિવેક-શૂન્ય બનેલા જીવો પરદર્શનનો પ્રતિકાર કરવામાં ચતુર હોય છે. તેઓ પોતાના પક્ષના દુરાગ્રહી હોય છે. આ જીવોને આભિગ્રહિક

મિથ્યાત્વવાળા કહેવાય છે. યદ્યપિ જૈનશાસ્ત્રનો અનુયાયી પણ સ્વધર્મમાં ચુસ્ત હોઈને પરદર્શન પ્રતિકાર કરે છે, તથાપિ તેનામાં માધ્યસ્થ્ય-ભાવપૂર્વકની સત્યપક્ષપાતી વૃત્તિ હોય માટે મિથ્યાત્વ કહેવાય નહિ.

પ્ર. દરેક જૈનધર્મી તત્ત્વજ્ઞાનના વિવેકવાળો હોય જ? માષતુષાદિ બુદ્ધિબળ વિનાના મુનિમાં તત્ત્વાતત્ત્વ વિવેક કરતી બુદ્ધિ ક્યાં હતી?

ઉ. વિવેકી ગુરુની નિશ્રાવાળા ગુરુ-પરતન્ત્ર આત્માઓ વિવેકી ન હોવા છતાં વસ્તુતઃ વિવેકી જ છે.

આભિગ્રહિક મિથ્યાત્વ 'આત્મા નથી જ' ઇત્યાદિ વિકલ્પોથી ૬ પ્રકારે છે. આ અંગે સમ્યક્ત્વનાં ષટ્સ્થાન જોઈશું એટલે બધું સમજાઈ જશે. તેથી અહીં તે ભેદોનું વિવેચન નહિ કરીએ.

(૨) અનાભિગ્રહિક મિથ્યાત્વ : જે જીવો સર્વદર્શનને સમાન માને છે, ક્યાંય આગ્રહી નથી, તે જીવોને આ મિથ્યાત્વ હોય છે. આ જીવો યદ્યપિ કદાગ્રહ વિનાના, નિંદક મનોવૃત્તિ વિનાના છે. તથાપિ વસ્તુતઃ તત્ત્વ અને અતત્ત્વને સમાન માનનાર હોવાથી તેવી સોના-પિત્તળની સમાનતા-બુદ્ધિને મિથ્યાત્વ કહેવાય છે.

(૩) આભિનિવેશિક મિથ્યાત્વ : તત્ત્વ અને અતત્ત્વનું વાસ્તવિક સ્વરૂપ જાણ્યા પછી પણ કોઈ વાતમાં કદાગ્રહી બની જઈ ને વિપરીત બુદ્ધિવાળા બની જનારા જીવોને આ મિથ્યાત્વ હોય. ગોષ્ઠામાહિલ અનાદિને આ મિથ્યાત્વ હતું.

અજ્ઞાનથી કે છદ્મસ્થ ગુરુના પારતન્ત્ર્યને લીધે ગુરુથી કહેવાઇ ગયેલ અતત્ત્વને તત્ત્વરૂપે માનનારો જો સતનો આગ્રહી હોય તો તેનામાં મિથ્યાત્વ ન કહેવાય. પરંતુ પોતે જ કોઈ તત્ત્વનો કદાગ્રહી બની જઇને વિપરીત બુદ્ધિવાળો બને તો તે અવશ્ય આભિનિવેશિક મિથ્યાત્વ કહેવાય છે.

પ્ર. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ, સિદ્ધસેન દિવાકરસૂરિજી આદિ આગમ-રહસ્યના જ્ઞાતાઓએ પણ કોઈ તત્ત્વમાં પોતાની માન્યતાથી ભિન્ન શાસ્ત્રીય માન્યતાને શાસ્ત્રબાધિત જણાવી દીધી છે અને પોતાના

મતને જ વળગી રહ્યા છે પણ બીજા મતને સ્વીકાર્યો નથી તો શું તેઓ આભિનિ. મિથ્યાત્વવાળા ન કહેવાય?

ઉ. ના, તેઓની જે માન્યતાઓ હતી તે તેમના ગીતાર્થ ગુરુની અવિચ્છિન્ન પરંપરાથી પ્રાપ્ત થયેલી હતી માટે તેમણે પોતપોતાની તે માન્યતાને સાચી માની છે. માટે તેમને આ મિ.ત્વની આપત્તિ નથી. ગોષ્ઠામાહિલ આદિ તો જે તત્ત્વને ખોટા તરીકે જ જાણતા હતા તેને સાચા તરીકે તેમણે કુત્રાગ્રહથી પકડી રાખ્યું હતું.

એટલે જેઓ પોતાની વ્યાખ્યાને શાસ્ત્રાનુસારી સમજીને તેને સત્ય માને તેટલા માત્રથી તેમને મિથ્યાત્વ ન લાગે. અસત્ય માન્યતા જાણીને સત્ય તરીકે માને તો જરૂર મિથ્યાત્વ લાગે.

બુદ્ધિભ્રમથી જમાલિ મિથ્યાત્વી થયો. ભ્રમિત હોવાથી ગોવિંદ વાચકે મિથ્યાત્વપૂર્વક દીક્ષા લીધી. બૌદ્ધ સાધુના સંસર્ગથી સોરઠનો શ્રાવક બૌદ્ધ થયો અને કદાગ્રહથી ગોષ્ઠામાહિલ મિથ્યાત્વી થયો. (જુઓ વ્યવ. ભાષ્ય)

(૪) **સાંશયિક મિથ્યાત્વઃ** દેવાદિ તત્ત્વત્રયીમાં આ આમ હશે કે કેમ? એવો જેને સંશય થાય તેને સાંશયિક મિ.ત્વ હોય.

**પ્ર.** આવો સંદેહ મંદમતિના કારણે સ.ત્વીને ન જ થાય? જો થાય તો તેનું સ.ત્વ ટકે?

ઉ. સ.ત્વીને પણ તેવો સંદેહ થઈ શકે છે. આ સંદેહ સમ્યક્ત્વનો બાધક છે. પરંતુ સ.ત્વી આત્મામાં 'तमेव सच्चं निःसंकं' એ બુદ્ધિ અવશ્ય છે જે ઉત્તેજકના સ્થાને છે. બાધક હોવા સાથે ઉત્તેજકનું પણ હોવાપણું હોય તો બાધક પોતાનું બળ–બાધકતા– ખોઈ બેસે છે.

અગ્નિના દાહને ચન્દ્રકાન્ત મણિ બાધિત કરી દે છે. છતાં સાથે બીજો સૂર્યકાન્ત મણિ પણ મૂકી દેવામાં આવે તો અગ્નિદાહ ચાલુ થઈ જાય છે કેમ કે એ વખતે બાધક–ચન્દ્રકાન્ત મણિનું બળ હણાઈ

ગયું હોય છે. હા; જેઓમાં તમેવસચ્ચં' રૂપ ઉત્તેજક તત્ત્વ નથી તેઓના સંશય તો સાંશયિક મિ.ત્વ માં પર્યવસાન પામી જ જાય.

સંશય પણ સર્વદર્શનના વિષયમાં, જૈનદર્શનના વિષયમાં, જૈન. દર્શનના કોઈ એકાદ તત્ત્વના વિષયમાં, એક પદ કે એક વાક્યમાં- એમ અનેક રીતે પડે છે માટે તેના અનેક પ્રકારો પડે છે.

**(૫) અનાભોગિક મિથ્યાત્વ :** આ મિથ્યાત્વ જ્ઞાનના અભાવ. રૂપ છે. એટલે નિગોદાદિ જીવો આ મિથ્યાત્વવાળા કહેવાય છે.

આ પાંચ મિથ્યાત્વમાં ૧લું આભિગ્રહિક અને ૩જું આભિનિવેશિક એ બે વિપરીત આગ્રહ=કદાગ્રહરૂપ હોવાથી ભીષણ ભવપરંપરાનું કારણ હોવાથી બહુ ખતરનાક મિથ્યાત્વ છે. જ્યારે બાકીના ૩ તેવા ખતરનાક નથી.

એ ૩ મિથ્યાત્વવાળાને તો ગુર્વાદિ યોગ મળતાં જ માર્ગે આવી જવાનું બની શકે છે. વળી આ ત્રણેયમાં કદાગ્રહ ન હોવાથી તેનાથી. ક્રૂર-ભવ પરંપરા પણ ચાલતી નથી.

આ વિપર્યાસબુદ્ધિ (અ.તત્ત્વમાં તત્ત્વ બુદ્ધિ આદિ રૂપ) જેટલી ખતરનાક છે તેટલા ખતરનાક સંશય કે અનધ્યવસાય (જડતાથી. બોધનો અભાવ) નથી.

અહીં પાંચ પ્રકારના મિથ્યાત્વનું વિવેચન પૂર્ણ થાય છે. આ પાંચે ય પ્રકારમાંથી કોઈ પણ પ્રકારના મિથ્યત્વવાળો જીવ પહેલે ગુણસ્થાને જ હોય છે, તેમ જ પૂર્વે કહ્યા તે લૌકિક દેવ-ગુરુગત મિથ્યા. ત્વવાળો જીવ ૧ લે ગુણસ્થાને જ હોય છે. જ્યારે લોકોત્તર દેવ-ગુરુગત. મિથ્યાત્વવાળો જીવ ૪ થા ગુણસ્થાને પણ હોઈ શકે છે. પરંતુ તેનું તે સમ્યક્ત્વ શુદ્ધ-નિરતિચાર કહેવાતું નથી.

હવે આપણે વ્યવહાર સમ્યક્ત્વ સંબંધિત ૬૭ ભેદો જોઈ લઈએ. આ ૬૭ ભેદોવાળું સમ્યક્ત્વએ જ શુદ્ધ વ્યવહાર સમ્યક્ત્વ કહેવાય છે.

## સડસઠ ભેદ

## [૧૦]

૪ સદ્દહણા, ૩ લિંગ, ૧૦ વિનય, ૩ શુદ્ધિ, ૫ દૂષણ, ૮ પ્રભાવ, ૫ ભૂષણ, ૫ લક્ષણ, ૬ જયણા; ૬ આગાર, ૬ ભાવના, ૬ સ્થાન મળી કુલ ૬૭ ભેદ થાય.

ચાર સદ્દહણા :

૧. પરમાર્થસંસ્તવ : જીવાદિ તત્ત્વના બહુમાનપૂર્વકનો તે તે તત્ત્વનો યથાર્થ બોધ-અભ્યાસ.

૨. પરમાર્થ જ્ઞાતૃ સેવન : તત્ત્વજ્ઞાતા આચાર્ય ભગવંતાદિની સેવા.

૩. વ્યાપન્નવર્જન : જૈનદર્શનથી ભ્રષ્ટ તથા સાધુવેષધારી નિહ્નવાદિના સંસર્ગનો ત્યાગ-તેમને ગુરુ તરીકે માનવા નહિ.

૪. કુદૃષ્ટિવર્જન : બૌદ્ધાદિના સંસર્ગનું વર્જન.

આ ગુણવાળા જીવમાં સમ્યક્ત્વ છે એવી શ્રદ્ધા થાય છે માટે આ ૪ને સદ્દહણા કહેવાય છે.

પ્ર. અંગારમર્દકાચાર્ય આદિ અભવ્યોમાં પણ જીવાદિ તત્ત્વોનો બોધ સદ્દહણા હતા છતાં તે તાત્ત્વિક ન હોવાથી તેમનામાં સમ્યક્ત્વની આપત્તિ આવતી નથી. મિથ્યાત્વી મોહકર્મના વિગમ (ક્ષયોપશમ) વિના તાત્ત્વિક સદ્દહણા પ્રગટતી જ નથી.

ત્રણ લિંગ : સુશ્રુષા-ધર્મરાગ-દેવગુરુ વૈયાવૃત્યની પ્રતિજ્ઞા.

૧. શુશ્રુષા : તાત્ત્વિક બોધ કરાવનારા ધર્મશાસ્ત્રોને વિનયાદિપૂર્વક સાંભળવાની ઇચ્છા.

પૂર્વે કહ્યા મુજબની દૈવી ગીત સાંભળતાં સ્ત્રીઓથી પરિવરેલા સુખી યુવાનની ગીત સાંભળવાની તીવ્ર તાલાવેલીથી પણ અધિક ધર્મશ્રવણની તાલાવેલી હોય.

૨. ધર્મરાગ : શુશ્રૂષા ગુણ શ્રુત ધર્મના રાગરૂપ છે, જ્યારે અહીં ધર્મરાગથી ચારિત્ર્યધર્મનો રાગ સમજવાનો છે.

જંગલમાં ફસાયેલા, ભૂખ્યા, દરિદ્ર માણસને ઘેબર ખાવામાં જેવો રાગ થાય તેનાથી પણ અધિક ચારિત્ર્યધર્મનો રાગ હોય.

૩. દેવ-ગુરુની વૈયાવચ્ચની પ્રતિજ્ઞા : ધર્મોપદેશક વગેરે ગુરુઓની અને અરિહન્તદેવ-જિનમન્દિર વગેરેની પૂજા-ભક્તિ આદિ રૂપે વૈયાવચ્ચ કરવાનો નિયમ કરવો.

આ ત્રણેય લિંગોથી સામી વ્યક્તિમાં સમ્યક્ત્વ છે કે નહિ તેનો નિશ્ચય થાય છે.

પ્ર. જો સમ્યક્ત્વીને વૈયાવચ્ચનો નિયમ હોય તો વૈયાવચ્ચ તો ચારિત્ર્યાંશ છે. માટે તેને દેશ ચારિત્ર્ય આવી જતાં અવિરતિ કેમ કહેવાશે ?

ઉ. ચારિત્ર્યનો એ અતિ અલ્પાંશ હોવાથી તેની શાસ્ત્રકારે તે રૂપે અહીં વિવક્ષા કરી નથી. જેમ સંમૂર્ચ્છિમ જીવોમાં અલ્પ-સંજ્ઞા હોવા છતાં તેમને અસંજ્ઞી કહેવાય છે તેમ.

પ્ર. ઉપશાન્ત મોહ વગેરે ગુણસ્થાને સુશ્રુષાદિ નથી તો ત્યાં સમ્યક્ત્વ શી રીતે ઘટશે ?

ઉ. સુશ્રૂષાદિના કાર્યરૂપ યથાખ્યાત ચારિત્ર્ય જ ત્યાં હોવાથી તેના કારણરૂપ સુશ્રૂષાદિ ત્યાં છે જ એમ માનવું.

દશ વિનય : ૧. અરિહંત-(તીર્થંકર તથા સામાન્ય કેવલિ), ૨. સિદ્ધ ૩. જિનપ્રતિમા (ચૈત્ય) ૪. શ્રુત (દ્વાદશાંગી) ૫. ધર્મ (ક્ષમાદિ ૧૦ યતિધર્મ) ૬. સાધુ (આચાર્ય-ઉપાધ્યાય સિવાયના) ૭. આચાર્ય ૮. ઉપાધ્યાય ૯. પ્રવચન (જીવાદિતત્ત્વો-અથવા તેના આધારભૂત શ્રીસંઘ) ૧૦. દર્શન સમ્યક્ત્વ તથા સમ્યક્ત્વી આત્મા.)

આ દસેયનો ભક્તિ-પૂજા-પ્રશંસા-નિંદાપરિહાર અને આશાતના ત્યાગ એ પાંચે રૂપે વિનય કરવો.

ભક્તિ : આવતાની સામે જવું, આસન આપવું વગેરે બાહ્યસેવા.

પૂજા : વસ્ત્રાદિ આપવા રૂપ સત્કાર.

પ્રશંસા : ગુણ પ્રશંસા–કીર્તિ વધારવી વગેરે.

નિંદાપરિહાર: તેમના છતા–અછતા દોષની નિંદા ન કરવી.

આશાતનાત્યાગ : દેવની ૮૪, ગુરુની ૩૩ આશાતનાનો ત્યાગ.

સમ્યક્ત્વના સદ્ભાવમાં આ વિનય હોય છે માટે તેને સમ્યગ્દર્શનનો વિનય કહેવાય છે.

**ત્રણ શુદ્ધિ** : ૧. જિન ૨. જિનમત (સ્યાદ્વાદમય જીવાદિ તત્ત્વો) ૩. જિનમતરૂપ તત્ત્વારાધક ચતુર્વિધ સંઘ.

"આ ત્રણ સારભૂત બાકીનું આખું જગત દુરાગ્રહથી ફસાયેલું હોવાથી અસાર છે." આવી શ્રદ્ધાથી સત્ત્વની શુદ્ધિ થાય છે. માટે શુદ્ધિના કારણરૂપ આ ૩ પ્રકારની શુદ્ધિ જાણવી.

**પાંચ દૂષણ** : ૧. શંકા ૨. કાંક્ષા ૩. વિચિકિત્સા ૪. અન્ય દર્શની વગેરેની પ્રશંસા ૫. તેમનો સહવાસ–એ પાંચ સમ્યક્ત્વનાં દૂષણો છે.

૧. શંકા દ્વિધા દેશશંકા–સર્વશંકા.

દેશશંકા–ધર્મના એકાદ તત્ત્વાદિમાં શંકા થવી. જીવ છે તે સત્ય છે કે કેમ? છે તો ય સર્વવ્યાપક છે કે દેશવ્યાપક ? જીવને પ્રદેશો હોય કે નહિ? હાલે–ચાલે તે તો જીવ ખરા પણ ન હાલે ચાલે તે વનસ્પતિ આદિમાં જીવ હશે કે નહિ? ઇત્યાદિ દેશશંકા કહેવાય.

સર્વશંકા આખા ધર્મતત્ત્વની શંકા–જિને કહેલો ધર્મ સત્ય છે કે અસત્ય ? ધર્મ જ હશે કે નહિ ?

**૨. કાંક્ષા** : અન્ય ધર્મની ઇચ્છા કરવી તે કાંક્ષા

૧. દેશકાંક્ષા : અન્ય કોઇ એક ધર્મને આરાધવાની ઇચ્છા.

૨. સર્વકાંક્ષા : અન્ય બધા ધર્મોને સેવવાની ઇચ્છા.

ઘણો ધર્મ કરવાની ભાવનાથી સર્વધર્મોને આરાધવાની ઈચ્છા. આવી ઈચ્છા અરિહંત ભગવંતના વચનના અવિશ્વાસને કારણે જ થાય છે માટે તેને સમ્યક્ત્વના દૂષણરૂપ અતિચાર કહ્યો છે.

૩. વિચિકિત્સા ચિત્તનો વિપ્લવ.

ધર્મનું ફળ મળશે કે નહિ? જિને જે ક્રિયાના જે ફળ કહ્યા છે તે સાચા જ છે પણ મારી ક્રિયા તુચ્છ છે માટે મને તેનું કર્મ-નિર્જરારૂપ ફળ મળશે કે પછી માત્ર કાયકષ્ટ રૂપ બનશે? ઈત્યાદિ પ્રકારના સંશયને વિચિકિત્સા કહેવાય છે. આવી વિચિકિત્સા જિન-વચનના અવિશ્વાસને કારણે જ થતી હોય છે માટે તે સમ્યક્ત્વના દૂષણ રૂપ હોઈ ને અતિચાર રૂપ બને છે.

પ્ર. શંકા અને વિચિકિત્સા બેય સંદેહરૂપ છે તો તે બેમાં તફાવત શું?

ઉ. શંકામાં જિનોક્ત તત્ત્વાદિના સ્વરૂપમાં શંકા છે. જ્યારે વિચિકિત્સામાં ધર્માનુષ્ઠાનના ફળ વિષયમાં શંકા છે. બે વચ્ચેનો આ તફાવત છે.

૪. કુદૃષ્ટિ-પ્રશંસા : મિથ્ય-ધર્મને સેવનારા માણસની શ્રીમંતાઈ આદિને લીધે પ્રશંસા કરવી તેને પુણ્યશાળી માનવો-તેનો જન્મ સફળ માનવો વગેરેરૂપ પ્રશંસા કરવી.

આવી પ્રશંસા પ્રગટ રીતે દૂષણરૂપ છે કેમ કે એક સમ્યક્ત્વી આત્મા આ રીતે પ્રશંસા કરે તો તેની પાછળ મૂઢ (ગતાનુગતિક) લોક પણ તે ધર્મની પ્રશંસા કરતો થઈ જાય. આમ મિથ્યાધર્મની પુષ્ટિ થતી જાય.

૫. કુદૃષ્ટિ પરિચય : અન્યધર્મી સાથે ભેગા રહેવાથી, પરસ્પર બોલવાથી તેમની જીવનચર્યા જોવાથી દૃઢ સમ્યક્ત્વીનું મન પણ તેઓના ધર્મવ્યવહારાદિમાં આકર્ષાઈ જવાનો સંભવ છે. તો મંદબુદ્ધિ વાળાનું તો કહેવું જ શું? માટે કુદર્શનીનો પરિચય કરવો એ સમ્યક્ત્વના અતિચાર રૂપ દૂષણ છે.

**આઠ પ્રભાવ :** (૮) પ્રાવચની-ધર્મકથક-વાદી-નૈમિત્તિક-તપસ્વી વિદ્યાવાન્-સિદ્ધ-કવિ.

**૧. પ્રાવચની :** પ્રવચન એટલે દ્વાદશાંગ-જેને ગણિપિટક (આચાર્ય ભગવંતોની ઝવેરાતની પેટી) કહી છે તે વગેરે. જે જે કાળે જેટલું (પ્રવચન) આગમશાસ્ત્ર-વિદ્યમાન હોય, તે તે કાળે તે વિદ્યમાન સર્વ આગમોના મર્મને જાણનારા પ્રાવચીન કહેવાય. (ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજા)

**૨. ધર્મકથક :** આક્ષેપણી-વિક્ષેપણી-સંવેગજનની-નિર્વેદની રૂપ ચાર પ્રકારની ધર્મકથાઓને વ્યાખ્યાન શક્તિથી એવી રીતે સંભળાવે કે જેથી શ્રોતાને આનંદપૂર્વક આક્ષેપાદિ થાય. (શ્રી નંદિ-ષેણજી જેવા ધર્મકવિ કહેવાય.)

**૩. વાદી :** વાદી-પ્રતિવાદી, સભાજનનો અને સભાપતિ-એ ચારે ય જ્યાં હોય તેવી ચતુરંગ સભામાં પરવા દીને અસત્યરૂપે ઠરાવીને સ્વપક્ષને સત્ય તરીકે સિદ્ધ કરવાની શક્તિવાળા-(મલ્લવાદિજી જેવા સમર્થ પુરુષવાદી કહેવાય).

**૪. નૈમિત્તિક :** ભૂત-ભવિષ્યાદિ ભાવને જણાવનારા-અષ્ટાંગ નિમિત્તજ્ઞાતા. (ભદ્રબાહુસ્વામીજી જેવા નૈમિત્તિક પ્રભાવક કહેવાય).

**૫. તપસ્વી :** માત્ર મુક્તિની કામનાથી સમત્વભાવપૂર્વક અટ્ઠમાદિ ક્લિષ્ટ તપ કરનાર નિઃસ્પૃહ મહાત્માને તપસ્વી-પ્રભાવક કહેવાય.

**૬. વિદ્યાવાન્ :** પ્રજ્ઞપ્તિ વગેરે વિદ્યાઓને સાધનારા વિદ્યાસિદ્ધ (શ્રી વજ્રસ્વામિજી) જેવા મહર્ષિ વિદ્યાવાન્ કહેવાય.

**૭. સિદ્ધ :** આંખે અંજન લગાડી, પગે લેપ કરી, કપાળે તિલક કરી, મુખમાં ગોળી રાખીને દુષ્કર કાર્યો સાધવાની શક્તિ તથા ભૂતાદિનું આકર્ષણ કરવાની વૈદિક શરીરાદિ રચવાની શક્તિ વગેરે અને દુઃસાધ્ય કાર્યો કરવાની શક્તિઓને જેમણે સિદ્ધ કરી હોય તે પૂ. કાલિકાચાર્ય મ.સા. જેવા-મહર્ષિને સિદ્ધ પ્રભાવક કહેવાય

૮. કવિ : વિશિષ્ટ પ્રકારનાં કાવ્યો રચવાની શક્તિથી વિભિન્ન ભાષામાં કાવ્યગ્રન્થરચયિતા–પૂ. સિદ્ધસેનસૂરિજી મહારાજા–જેઓ પોતાની કાવ્ય-રચનાથી મહારાજાઓને પ્રભાવિત કરી કઈને ધર્મી બનાવે તેવા પંડિત પુરુષો કવિ પ્રભાવક કહેવાય.

આપણા ગ્રન્થકાર પરમર્ષિએ અન્યત્ર જણાવ્યું છે કે જે કાળમાં આવા પ્રભાવકો ન હોય તે કાળમાં જિનાજ્ઞાપાલન કરનારા પ્રભાવક કહેવાય છે.

"જબ નવિ હોવે પ્રભાવક એહવા, તવ વિધિપૂર્વક અનેક,
યાત્રા પૂજાદિક કરણી કરે, તેહ પ્રભાવક છેક."

**પાંચ ભૂષણ** : ૧ જૈન શાસનમાં કુશળતા ૨. પ્રભાવના ૩. તીર્થસેવા ૪. સ્થિરતા ૫. ભક્તિ.

**૧. જૈનશાસન–કૌશલ્ય** : જિનાગમના વિધિવચનાદિ અનેક પ્રકારના વચન-વાક્યો છે તે તે વચનોને અનુસરી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવપૂર્વક તેવો વ્યવહાર કરવો તેને જૈન પ્રવચનમાં- શાસનમાં નિપુણતા કહી છે.

**૨. પ્રભાવના** : આઠે ય પ્રભાવકોની પ્રભાવના–આ પ્રભાવના સ્વ-પર હિત કરનારી છે તથા જિન–નામકર્મનું કારણ છે માટે સાત્વમાં તેની પ્રધાનતા જણાવવા માટે પાંચ ભૂષણમાં ફરી ગણવામાં આવી છે.

**૩. તીર્થસેવા** : દ્રવ્ય અને ભાવ એ પ્રકારનાં તીર્થો હોય છે. જિનેશ્વરદેવની કલ્યાણક ભૂમિઓ તથા શત્રુંજયાદિ દ્રવ્યતીર્થ કહેવાય. આ તીર્થોની સ્પર્શનાથી સમ્યક્ત્વ સ્થિર થાય છે. તેમ જ જ્ઞાનાદિ રત્નત્રયીના આધારભુત શ્રી શ્રમણસંઘ અથવા પ્રથમ ગણધર તે ભાવતીર્થ કહેવાય.

**૪. સ્થિરતા** : જિન-ધર્મમાં અન્ય આત્માઓને સ્થિર કરવા અથવા અન્યદર્શનીના ચમત્કારાદિ જોવા છતાં જિન–ધર્મથી ચલાયમાન ન થવું તે સ્થિરતા કહી છે.

**૫. ભક્તિ :** ગીતાર્થ ગુરુદેવાદિની ભક્તિ કરવી તે સમ્યક્ત્વનું ભૂષણ છે.

આ પાંચે ય રૂપ સમ્યક્ત્વ શરીરને શોભાવનારા હોવાથી ભૂષણ-રૂપ છે. વસ્ત્રાદિ ભૂષણ વિનાનું શરીર જેમ શોભતું નથી તેમ આ ભૂષણ વિનાનું સમ્યક્ત્વ પણ શોભતું નથી.

**પાંચ લક્ષણ :** સમ્યક્ત્વ એ આત્માના એક શુભ પરિણામ-રૂપ છે આપણને તે સાક્ષાત્ દેખાય તેમ નથી કિન્તુ તેના લિંગોથી તે દેખાય છે.

પાંચ લક્ષણો : શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા અને આસ્તિક્ય.

**પ્રશ્ન :** પહેલા તમે શુશ્રૂષાદિ ૩ પ્રકારના સ.ત્વના લિંગ કહ્યા છે. હવે વળી બીજા ૫ લક્ષણરૂપ લિંગ કહો છો. બે ય. આત્મામાં રહેલાં સમ્યક્ત્વને જણાય છે. આમ કેમ કર્યું?

ઉ. શમાદિ લિંગોથી સ્વાત્માના સ.ત્વનો નિર્ણય થાય છે. જ્યારે પુર્વોક્ત સુશ્રૂષાદિ ૩ લિંગથી પરમાત્માના સમ્યક્ત્વનો નિર્ણય થાય છે.

ધર્મસંગ્રહમાં તો શમાદિ પાંચને પરાત્માના સમ્યક્ત્વનો નિર્ણય કરાવનાર કહ્યા છે.

**૧. શમ :** અનંતાનુબંધી કષાયોનો અનુદયભાવ તે શમભાવ. આવો શમ સ્વાભાવિક (કષાયમંદતાથી) કે કષાયની પરિણતિનાં કડવા ફળોને જોવાથી થાય છે. શમી જીવ અપરાધી ઉપર પણ કદાપિ ક્રોધ કરતો નથી.

અન્યાચાર્યોનું કહેવું છે કે ગુર્વાદિ સેવા કરનાર ક્રોધવૃત્તિ કે વિષયતૃષ્ણાથી ચપળ બની શકતો નથી માટે ક્રોધની ચળ અને વિષય-તૃષ્ણાના શમનને જ શમ કહેવા જોઈએ.

**પ્ર.** અન્યાચાર્યનું આ લક્ષણ શ્રેણિકાદિમાં ઘટશે નહિ. કેમ કે તેઓ તો નિરપરાધી ઉપર પણ ક્રોધ કરનાર હતાં. અને વિષય-તૃષ્ણા

વાળા પણ હતા અને એમ થતાં સમ્યક્ત્વના લક્ષણ વિનાના તેઓ સ.ત્વી પણ કહેવાય ?

ઉ. વસ્તુને ઓળખાવતું ચિહ્ન વસ્તુની સાથે જ રહે એવો નિયમ નથી. અગ્નિનું ચિહ્ન ધૂમ છે. એટલે અગ્નિ સાથે તે સર્વત્ર રહે જ તેવો નિયમ નથી. હા, જ્યાં ચિહ્ન હોય ત્યાં તો વસ્તુ અવશ્ય હોય. જ્યાં ધૂમ હોય ત્યાં અગ્નિ અવશ્ય હોય પણ તપેલા લોઢાના ગોળામાં કે રાખમાં અગ્નિ હોવા છતાં ત્યાં ધૂમ નથી.

એટલે લિંગ હોય ત્યાં અવશ્ય લિંગી હોય અને લિંગી હોય ત્યાં લિંગ ન પણ હોય એટલે લિંગરૂપ શમ વિના લિંગી શ્રેણિકાદિ હોઈ શકે છે. અર્થાત્ સમ્યક્ત્વી બધા શમવાળા જ હોય તેવા નિયમ નથી.

બીજુ સમાધાન એ છે કે ક્રોધવૃત્તિ કે વિષયતૃષ્ણા કૃષ્ણાદિમાં હતા તે અનંતાનુબંધી કષાયજન્ય ન હતા કિન્તુ સંજ્વલન કષાયજન્ય હતા. કેટલાક સંજ્વલન કષાયજન્ય ભાવો પણ અનંતાનુબંધીજન્ય કષાયભાવ જેવા દેખાતા હોય છે. એટલે એ દૃષ્ટિએ તેમનામાં અનંતાનુબંધીના ઘરની ક્રોધવૃત્તિ અને વિષયતૃષ્ણાનું શમન હોવાથી શમ છે જ માટે સમ્યક્ત્વ પણ છે જ.

૨. સંવેગ : મોક્ષની અભિલાષા એ સંવેગ છે. સમ્યક્ત્વ આત્મા દેવેન્દ્ર–નરેન્દ્રોના સુખને દુઃખમિશ્રિત–દુઃખજનક જ માનીને દુઃખરૂપ જ માને. માત્ર મોક્ષસુખને જ સાચું સુખ માને અને તેની જ અભિલાષા કરે. આથી તેઓ ક્યારે ય જિનેશ્વરદેવ પાસે ઐહિક સુખસાધનની અભિલાષા ન કરે.

૩. નિર્વેદ : સંસાર પ્રત્યેના વિરાગભાવને નિર્વેદ કહે છે. દુઃખ દૌર્ભાગ્યાદિ ભરપૂર સંસારમાં અનેક કદર્થનાઓ વેઠવા છતાં તે સંસારથી મુક્ત થવામાં અશક્ત હોવા છતાં સંસાર પ્રત્યેના મમત્વ વિનાનો હોવાથી સંસાર પ્રત્યેના ભારે કંટાળાવાળો હોય છે. "સંસાર-કારાગારમાંથી હું ક્યારે નીકળું ?" એવી તીવ્ર ઝંખના તેને સદા જ હોય છે.

**૪. અનુકંપા :** નિષ્પક્ષપાતપણે દુઃખીના દુઃખ ટાળવાની ઈચ્છા તે અનુકંપા કહેવાય. પક્ષપાતથી તો સિંહ, વાઘ વગેરે ક્રૂર જીવો પણ પોતાનાં બાળ-બચ્ચાંની દયા કરે છે, પણ તે અનુકંપા મનાતી નથી.

અનુકંપા દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારે હોય છે. યથાશક્તિ દુઃખિત દુઃખનિવારણની પ્રવૃત્તિ તે દ્રવ્યાનુકંપા અને દુઃખિતને જોઈને હૃદયનું દ્રવિત થવું તે ભાવાનુકંપા.

અન્યત્ર દ્રવ્યદયા એટલે શારીરિક દુઃખથી દુઃખિતની દયા કહી છે અને પાપાચરણ વગેરે રૂપ દુઃખોવાળા આત્માની દયા તે ભાવ-દયા કહી છે.

**૫. આસ્તિક્ય :** જિનોક્ત જીવાદિ તત્ત્વો સત્ છે જ(નિઃશંક છે), એવી બુદ્ધિવાળો આસ્તિક કહેવાય. તેના તે પરિણામને આસ્તિક્ય કહેવાય.

જિનોક્ત તત્ત્વના એકાદ પણ અંશને અસત્ય માનનારો મિથ્યા-દષ્ટિ કહેવાય છે. એટલે કે સમ્યક્ત્વનું સર્ટિફિકેટ મેળવવા માટેની પરીક્ષામાં ૧૦૦માંથી ૯૯-૯૯‖ કે '૯૯‖‖ 'માર્કસ' પણ નાપાસ ગણાય છે. પૂરા ૧૦૦ માર્કે જ આ સર્ટિફિકેટ મળી શકે છે.

અન્ય આચાર્યો શમ-સંવેગાદિ પાંચ લક્ષણો(લિંગો)નું આ નિર્વચન કરે છે.

**(૧) શમ :** વિશિષ્ટ વક્તાના યુક્તિયુક્ત પદાર્થ નિરૂપણથી બુદ્ધિમાન શ્રોતાને જે તત્ત્વ-પક્ષપાત થાય અને અતત્ત્વના પક્ષપાત રૂપી દુરાગ્રહ ટળી જાય તેને શમ કહેવાય. અહીં તત્ત્વપરીક્ષાપૂર્વકનો કદાગ્રહ ત્યાગ છે. અને સતતત્ત્વનો પક્ષપાત છે. આવું લિંગ જેનામાં દર્શન થાય તે સમ્યક્ત્વી છે એમ કહી શકાય.

**(૨) સંવેગ :** સંવેગ એટલે સંસાર-ભય. જિનાગમને સાંભળવાથી નારકાદિ ચારે ય ગતિનાં કારમાં દુઃખોનું ભાન થાય અને તેથી તેનાથી ભય જાગે. અને પછી તે દુઃખોને દૂર કરનારા ઉપાયભૂત જિન-ધર્મનું

શરણું લે. આ ઉપરથી સંવેગ–લિંગે તે આત્મામાં સમ્યક્ત્વ છે એમ સમજાય.

(૩) **નિર્વેદ:** નિર્વેદ એટલે વિષયાસક્તિનો ત્યાગ. વિષય-ભોગોના પરિણામ રૂપે જ દુઃખો અને દુર્ગતિઓ છે એવું જાણીને જેને વિષયો ઉપરથી આસક્તિ છૂટી ગઈ હોય તે આત્મામાં નિર્વેદ લિંગથી સમ્યક્ત્વની પ્રતીતિ થાય.

(૪) **અનુકંપા:** સર્વ જીવો સુખને ઇચ્છે છે અને દુઃખના દ્વેષી છે માટે મારે તેઓને અલ્પ પણ પીડા કરવી ન જોઈએ. આમ સમજીને જેનામાં જીવો પ્રત્યે કરુણા જાગે તે જીવ સમ્યક્ત્વી કહેવાય.

(૫) **આસ્તિક્ય:** જિનવચનશ્રદ્ધા એટલે આસ્તિક્ય અર્થાત્ શ્રી જિનેશ્વરદેવે બતાવેલ જીવ–પરલોક–કર્મ વગેરે અતીન્દ્રિય પદાર્થો પણ ચોક્કસ છે–એવું માનવાથી, બોલવાથી અને એ માન્યતાને અનુકૂળ પ્રવૃત્તિ કરવાથી જીવમાં સમ્યક્ત્વનું અસ્તિત્વ સમજાય.

**છ જયણા.** ૧. વંદન ૨. નમન ૩. આલાપ. ૪. સંલાપ ૫. દાન ૬. પ્રદાન.

પરિવ્રાજક–ભિક્ષુક–સંન્યાસી વગેરે અન્યદર્શનીઓને, મહાદેવાદિ દેવને તથા દિગંબર–વગેરેએ દેવ રૂપે સ્વીકારેલ અરિહંતાદિ પ્રતિમાદિને કે શિવ-સંપ્રદાય વગેરે કબજે કરેલા અરિહંતાદિના જિનબિંબને ઉપરોક્ત વંદનાદિ છએ ક્રિયા ન કરવી તે સમ્યક્ત્વની ૬ જયણા છે.

**પ્ર.** તેમને વંદનાદિ કરવાથી નુકસાન શું થાય?

**ઉ.** વન્દનાદિ કરવાથી તેમના ભક્તો તેમના માર્ગમાં વધુ સ્થિર થાય, પોતાના તે ધર્મને સાચો માને, જૈનો પણ સમ્યક્ત્વી આત્માની તે વંદનાદિ પ્રવૃત્તિ જોઈને અનુકરણ કરતા થઈ જાય. આમ થતાં મિથ્યાત્વનો પ્રવાહ વધી જાય માટે વન્દનાદિ ન થાય.

**વન્દન:** મસ્તક નમાવીને વન્દન કરવું તે.

**નમન:** સ્તુતિ–ગુણગાન ગાવાપૂર્વક પંચાંગપ્રણિપાત કરવો તે.

**આલાપ** : તેમના બોલાવ્યા વિના જ કોઈ વખત બોલવું.

**સંલાપ** : તેમની સાથે વારંવાર બોલવું.

**દાન** : ઉપરોક્ત અન્યદર્શનીને તથા દિગંબરાદિ (સ્વદર્શનાભાસ)ને પૂજ્ય બુદ્ધિથી દાન આપવું. અનુકંપાબુદ્ધિદાન આપી શકાય છે.)

**પ્રદાન** : તે પરદર્શની વગેરેના દેવ-કબજે કરેલા અરિહંતાદિ દેવ-મંદિરો વગેરેની પૂજા-ભક્તિ નિમિત્તે કેસર-સુખડ-આરસ વગેરે આપવા. (અન્યત્ર પુનઃ પુનઃ દાનને પ્રદાન કહ્યું છે)

આ વન્દનાદિ ૬ના વર્જનથી સમ્યક્ત્વગુણની જયણા-રક્ષા થાય છે. સમ્યક્ત્વ નિર્મળ રહે છે.

**છ આગાર** : ૧. રાજાભિયોગ ૨. ગણાભિયોગ ૩. બલાભિયોગ ૪. દેવાભિયોગ ૫. કાન્તારવૃત્તિ. ૬. ગુરુનિગ્રહ.

અભિયોગ : 'ઇચ્છા વિના બલાત્કારે'.

રાજાભિયોગ : રાજા વગરનો કદાગ્રહ (બલાત્કાર)

ગણાભિયોગ : સ્વજન-સંબંધી, નાગરિકો વગેરેનો કદાગ્રહ.

બલાભિયોગ : હઠ-દ્વારા બલાત્કાર અથવા હઠીલાનો (બળવાનનો) કદાગ્રહ.

દેવાભિયોગ : કુલદેવી વગેરેનો કદાગ્રહ

કાન્તારવૃત્તિ : વન વગેરેમાં પ્રાણાન્તે કષ્ટ આવે અથવા આજીવિકાની પણ મુશ્કેલી ઊભી થાય તેવા વિકટ પ્રસંગને 'કાન્તારવૃત્તિ કહી છે.

ગુરુનિગ્રહ : માતા-પિતા-વિદ્યાગુરુ-તેમના સંબંધીઓ વદ્ધો-ધર્મોપદેશકો ઇત્યાદિ ગુરુવર્ગમાંથી ગમે તેનો કદાગ્રહ.

આ ૬ સમ્યક્ત્વના અપવાદ માર્ગ છે એટલે કે ૬ જયણાના અનુસાર સમ્યક્ત્વી આત્માને અન્યદર્શની આદિને વંદનાદિ કરવાનો

નિષેધ છે છતાં ઉપરોક્ત ૬ કારણે કાયાથી વન્દનાદિ કરવા પડે ત્યારે અપવાદ માર્ગે તે કરી શકે છે. વન્દનાદિ કરતી વખતે પણ અન્તરમાં તે વ્યક્તિ પ્રત્યે ગૌરવ–ભક્તિ પૂજ્યતાનો ભાવ તો ન જ હોય. એ રીતે કેવળ દેખાવ પૂરતું પુષ્ટાલંબને સમ્યક્ત્વીને કરવું પડે તો તેથી તેને દોષ લાગતો નથી.

હા, શક્તિસંપન્ન હોય તો આ આગારોનું સેવન ન પણ કરે અને ઉપરથી શાસન–પ્રભાવના કરે.

કુમારપાળ મહારાજા વગેરેએ આ આગારનું સેવન નથી પણ કર્યું.

છ ભાવના : ૧. મૂલ ૨. દ્વાર ૩. પીઠિકા ૪. આધાર ૫. ભાજન ૬. નિધિ.

પાંચ અણુવ્રત, ૩ ગુણવ્રત અને ૪ શિક્ષાવ્રત એમ ૧૨ વ્રતરૂપ શ્રાવકધર્મ છે (જે આગળ કહેવામાં આવશે.) તે શ્રાવકધર્મના મૂલરૂપ, દ્વારરૂપ, પીઠિકારૂપ, આધારરૂપ, ભાજનરૂપ અને નિધિરૂપ આ સમ્યક્ત્વ છે.

મૂલ : સમ્યક્ત્વએ વિરતાધર્મરૂપી વૃક્ષનું મૂળ છે અને મુક્તિ એ વિરતિ–વૃક્ષનું ફળ છે. જેમ મૂળ વિના વૃક્ષ નથી, ફળ નથી. તેમ સમ્યક્ત્વ વિનાની વિરતિ નથી, મુક્તિ–ફળની તો વાત જ ક્યાં રહી? જેમ મૂલ વિના વૃક્ષ નહિ તેમ સમ્યક્ત્વ વિના કુદર્શનોના પવનોથી ચલાયમાન થતું વિરતિવૃક્ષ ઊભું રહી શકે નહિ. આ સમ્યક્ત્વ એ ધર્મવૃક્ષનું મૂળ છે.

દ્વાર : સુન્દર નગરની ચોમેર કિલ્લો હોય પણ એ કિલ્લાને એકે ય દરવાજો ન હોય તો નગરમાં પ્રવેશ થઈ શકતો નથી. તેમ જ નગરનું સ્વરૂપ સમજાતું નથી તેમ સમ્યક્ત્વના દ્વાર વિના ધર્મનગરમાં પ્રવેશ થઇ શકતો નથી અને ધર્મનું વાસ્તવિક સ્વરૂપ પણ જાણી શકાતું નથી. એટલે ધર્મ–તત્ત્વને જાણવા માટે સમ્યક્ત્વ એ બારણું છે.

પીઠિકા : પીઠિકા એટલે પાયો.

જેમ પાયા વિના મકાન ટકતું નથી તેમ સમ્યક્ત્વ વિના ધર્મ-મહેલ ટકી શકતો નથી માટે સમ્યકત્વ એ ધર્મ રૂપી મહેલનો મજબૂત પાયો છે.

**આધાર :** જેમ જગત પૃથ્વી વિના-નિરાધાર-રહી શકતું નથી તેમ ધર્મજગત પણ સમ્યક્ત્વ વિના-નિરાધાર-રહી શકે નહિ; માટે સમ્યક્ત્વ એ ધર્મજગતનો આધાર છે.

**ભાજન :** ભાજન (પાત્ર) વિના દૂધ વગેરે રહી ન શકે, તેનો સ્વાદ મેળવી ન શકાય તેમ સમ્યક્ત્વ પાત્ર વિના ધર્મ રહી ન શકે, તેની અનુભૂતિ પણ ન કરી શકાય.

**નિધિ :** ભંડાર.

તિજોરી વિના રત્નાદિની સુરક્ષા ન રહે તેમ સમ્યક્ત્વ વિના વિરતિ-રત્ન સુરક્ષિત રહી શકે નહિ, ચોરાઈ જાય; માટે ધર્મ-રત્નની તિજોરી સમું સમ્યક્ત્વ છે.

**છ સ્થાન :** ૧. આત્મા છે. ૨. તે નિત્ય છે. ૩. તે કર્મનો કર્તા છે. ૪. તે કર્મનો ભોક્તા છે. ૫. મોક્ષ છે. ૬. મોક્ષના ઉપાયો છે.

**(૧) આત્મા છે :** આ સ્થાનથી આત્માનું અસ્તિત્વ સાબિત થાય છે. નાસ્તિકો આત્મા જેવી ચીજને માનતા નથી, તેમની માન્યતાનું આ સ્થાનથી ખંડન થઈ જાય છે.

શું આત્મા કોઈ અપેક્ષાએ પણ નથી એમ કહી શકાય?

ઉ. આત્મા સત્ રૂપે છે જ પણ આત્મા અસત્ રૂપે તો નથી જ.

નાસ્તિકો તો આત્માને સત્ રૂપે સ્વીકારતા નથી.

આત્માના અસ્તિત્વને પુરવાર કરવા માટે કેટલીક દલીલો આ રહી.

(૧) જીવને કોઈ વાતનું સ્મરણ થઈ આવે છે, જીવને સંશય વગેરે થાય છે. આ બધા ગુણો છે. ગુણી વિના ગુણ રહી શકતો નથી. શરીરને આ ગુણોનો ગુણી માનીએ તો તે બરોબર નથી કેમ કે શરીરનાં અંગો કપાવા છતાં સ્મરણાદિ થાય છે. માટે શરીરથી અતિરિક્ત એક ગુણી માનવો પડશે, જેમાં સ્મરણાદિ ગુણો રહે એ ગુણી તે આત્મા-જીવ ચેતના.

વળી જો પૃથ્વ્યાદિ પાંચ ભૂતના ગુણો માનીએ તો સ્મરણ-

સંશય આદિ ગુણો દેખાવા જોઇએ. કેમ કે પૃથ્વી આદિના જે ગુણો છે તે કઠિનતા, શીતળતા, ઉષ્ણતા વગેરે દેખાય છે.

(૨) પ્રદેશીરાજાના પ્રસંગમાં શાસ્ત્રમાં આત્માના અસ્તિત્વની સાબિતી આવે છે. તેમાં પ્રદેશી રાજા આત્માનું અસ્તિત્વ નકારી નાખતા જણાવે છે કે એકવાર તેમણે એક ચોરને પકડયો, અને તેના અંગે અંગના ટુકડા કરી નાંખ્યા પણ કયાંય જીવ જેવું દેખાયું નથી. માટે જીવ જેવી કોઇ ચીજ જ નથી.

આના સમાધાનમાં ગુરુભગવંતે સમાધાન આપ્યું કે અરણિ કાષ્ઠના કકડે-કકડા કરી નાખવામાં આવે તો પણ કયાંય અગ્નિ દેખાતો નથી માટે તેમાં અગ્નિ જ નથી, તેમ કેમ કહેવાય? કેમ કે બે અરણિ કાષ્ટને ઘસવાથી તરત તેમાંથી અગ્નિ ઉત્પન્ન થાય છે જ્યારે બીજા કોઇ કાષ્ટના ઘર્ષણથી અગ્નિ ઉત્પન્ન થતો નથી. આ જ રીતે શરીરના અંગેઅંગના કટકા કરી નાંખવાથી જીવ ન દેખાય એટલા માત્રથી 'જીવ નથી' તેવો નિર્ણય ન થાય.

(૩) વળી પ્રદેશીએ પૂછયું કે, "એકવાર મરવા પડેલા ચોરને કાચની મજબૂત છિદ્ર-રહિત બરણીમાં પૂર્યો....થોડી વારમાં તે મરી ગયો. પણ તે વખતે કાચની બરણીમાં કયાંય કાણું ન પડયું. જો જીવ હોત તો શરીરમાંથી નીકળીને કાચને ફોડીને નીકળી જાત ને ? પણ તેમ ન થયું માટે જ મેં નક્કી કર્યું છે કે જીવ જેવું કાંઇ છે જ નહિં.

કેશિ-મુનિએ કહ્યું, " ભાઇ એક માણસને છાણના ગોળ ઓરડામાં બેસાડવામાં આવે અને ચોમેરથી ઓરડો સખત રીતે બંધ કરી દેવામાં આવે અને પછી અંદરથી તે બૂમ પાડે છે તો બહાર ઊભા રહેલા માણસને સંભળાય છે. આ વખતે શબ્દ-રૂપી પુદ્દગલ ઓરડામાંથી બહાર નીકળવા છતાં ઓરડાની દીવાલને કયાંય કાણું ન પડયું. કાનોકાન શબ્દ તો સાંભળ્યો જ છે, આ શબ્દ તો મૂર્ત છે જ્યારે આત્મા અમૂર્ત છે. તેને ચાલી જતાં, કાચમાં છિદ્ર તો શેનું પડે?

આ રીતે અનેક પ્રશ્નો અને પ્રત્યુત્તરો થયા પછી મહારાજા

પ્રદેશીએ આત્માનું અસ્તિત્વ સ્વીકાર્યું. એટલું જ નહિ પરંતુ તેઓ ચુસ્ત જૈન બન્યા.

આત્માના અસ્તિત્વ અંગે વિશેષ વિચારણા આપણે આગળ કરવાના છીએ માટે અહીં આટલેથી જ અટકશું.

(૨) **આત્મા નિત્ય છે:** આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ સ્વીકાર્યા પછી તે નિત્ય છે કે અનિત્ય? નિત્ય હોય તો એકાંતે નિત્ય છે? અર્થાત્ કોઈ પણ અપેક્ષાએ અનિત્ય નથી જ? જો અનિત્ય હોય તો એકાંતે અનિત્ય-ક્ષણિક છે? નિત્ય છે જ નહિ? એમ બે વિકલ્પ ઊભા થાય એના ઉત્તર રૂપે આ સ્થાન છે.

આત્મા નિત્ય છે. શ્રી જિનશાસનનું પ્રત્યેક વચન 'સ્યાત્' (કથંચિત્) પદપૂર્વક જ હોય છે એટલે અહીં પણ એમ સમજવાનું કે આત્મા કથંચિત્ નિત્ય છે. અર્થાત્-આત્મા નિત્ય પણ છે. એટલે કે અનિત્ય પણ છે.

આત્મદ્રવ્યનો કદાપિ નાશ થતો નથી માટે તે દ્રવ્યની અપેક્ષાએ આત્મા નિત્ય છે, જ્યારે આત્માના દેવ-મનુષ્ય-પુરુષ-સ્ત્રી વગેરે પર્યાયો નાશવંત છે માટે એના પર્યાયની અપેક્ષાએ આત્મા અનિત્ય છે.

બૌદ્ધો આત્માનું અસ્તિત્વ સ્વીકારે છે પરંતુ આત્માને એકાન્તે અનિત્ય માને છે. એમના સિદ્ધાંતનું ખંડન આ સ્થાનથી થાય છે. પર્યાયાર્થિક-ઋજુસૂત્રનયથી આત્મા જરૂર ક્ષણિક છે પરંતુ એકાંત ક્ષણિક છે. દ્રવ્યાર્થિકનયથી નિત્ય છે જ નહિ એવું કથન નય-ગર્ભિત શ્રી જિનશાસનનું નથી.

અહીં આપણે પ્રસંગતઃ દ્રવ્ય-ગુણ-પર્યાયની વ્યાખ્યાને આત્માના દૃષ્ટાંતે સમજી લઈએ.

ગુણ અને પર્યાય જેમાં રહે તે દ્રવ્ય કહેવાય.

દ્રવ્યમાં જે ધર્મો રહે તે ગુણ કે પર્યાય કહેવાય.

તેમાં દ્રવ્યની સાથે હંમેશ રહેનારા-કદી ન જનારા ધર્મોને ગુણ કહેવાય, જ્યારે દ્રવ્યમાં ક્રમશઃ નાશ ઉત્પત્તિ પામતાં ધર્મો પર્યાય કહેવાય.

આત્મા દ્રવ્ય છે કેમ કે એ ગુણ અને પર્યાયવાળો છે.

જ્ઞાનાદિ ધર્મો આત્માના ગુણો છે કેમ કે એ હંમેશ આત્માની સાથે રહ્યા છે અને હંમેશ માટે રહેવાના પણ છે.

એટલે આત્મા અને તેના જ્ઞાનાદિ ગુણો નિત્ય છે. જ્યારે મનુષ્યત્વાદિ આત્માના પર્યાયો છે કેમ કે તેઓ ઉત્પત્તિ-નાશ સ્વભાવવાળા છે. તેઓ એક પછી એક ક્રમશઃ પ્રગટે છે અર્થાત્ એકનો નાશ થાય છે ત્યારે બીજાની ઉત્પત્તિ થાય છે. આમ પદાર્થનાં રૂપાન્તરો અનિત્ય હોય છે.

એટલે આમ આત્મા દ્રવ્યથી અને ગુણથી નિત્ય છે જ્યારે પર્યાયથી અનિત્ય છે.

**(૩) આત્મા કર્મનો કર્તા છે:** મિથ્યાત્વ-કષાય વગેરે કર્મબંધના કારણોથી યુક્ત આત્મા તે તે કારણો દ્વારા તે તે કર્મોનો બંધ કરે છે.

જગતમાં દરેક આત્મા સુખ-દુઃખાદિનો પ્રત્યક્ષ અનુભવ કરે છે. આ સુખ-દુઃખની વિચિત્રતાઓ દેખાય છે તો તેનું કારણ પણ વિચિત્ર જ હોવું જોઇએ. જો સુખ-દુઃખનું કોઈ કારણ જ ન હોય તો સર્વ આત્માને સર્વદા સુખ કે સર્વદા દુઃખ હોવું જોઈએ અથવા તો કાંઈ જ ન હોવું જોઈએ. પરંતુ તેમ તો છે નહિ. માટે આત્મા ઉપર એવી કોઈ વિચિત્ર કારણતા માનવી જોઈએ જેને માયા કહો, પ્રકૃતિ કહો, કે કર્મ કહો. શ્રી જિનશાસન એ સુખ-દુઃખના સર્જક વિચિત્ર કારણ તરીકે 'કર્મ' કહે છે. (પાંચ કારણોમાંનું એક.)

આ કર્મનો કર્તા આત્મા છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે જીવના સુખ-દુઃખો પ્રતિ ઈશ્વરેચ્છા કારણ નથી. કિન્તુ જીવ પોતે જ પોતાનાં શુભાશુભ વ્યાપારો દ્વારા કર્મનું કરીને તેના દ્વારા સુખ-દુઃખાદિ પ્રાપ્ત કરે છે.

આ ૩ જું સ્થાન સાંખ્ય મતનું ખંડન કરે છે. તે મત આત્માને કમળપત્ર જેવો નિર્લેપ, આકાશ જેવો શુદ્ધ માને છે. તેને મુક્ત

માને છે, કર્મનો કર્તા માનતો નથી. (આ અંગે આગળ ઉપર વિચારણા આવશે.)

(૪) **આત્મા (કર્મનો) ભોક્તા છે :** આત્મા જે કાંઈ કર્મ બાંધે છે તે બધું ય કર્મ પ્રદેશ દ્વારા તો અવશ્ય ભોગવે છે. રસ દ્વારા ભોગવે અને ન પણ ભોગવે. સામાન્યતઃ કર્મનો ભોગ સુખદુઃખાદિના અનુભવ દ્વારા થાય છે. અન્ય ધર્મમાં પણ કહ્યું છે કે, "કોટિશત કલ્પો જાય તો પણ ભોગવ્યા વિના કર્મ ક્ષય પામતું નથી." (આપણે અહીં પ્રદેશથી ભોગવવાની વાત ધ્યાનમાં રાખીને આ વાત ઘટાવવાની છે.)

(૫) **આત્માનો મોક્ષ થાય છે :** કર્મથી બંધાએલા આત્માનો કર્મથી મોક્ષ (મુક્તિ) થઈ શકે છે. કર્મની વિટંબણાઓથી મુક્ત થઈ શકાય છે તેમ કર્મને જન્મ દેતાં રાગાદિ શુભાશુભ ભાવોથી પણ મુક્ત થઈ શકાય છે.

જો કોઈ આત્મા થોડા પણ અજ્ઞાનથી મુક્ત છે, બીજો આત્મા તેનાથી વધુ અજ્ઞાનથી મુક્ત છે, ત્રીજો આત્મા તે બેયથી વધુ અજ્ઞાનથી મુક્ત હોઈને મહાજ્ઞાની છે, તો જરૂર એક એવી અવસ્થા પણ પ્રાપ્ત થઈ શકે છે. ત્યાં સર્વ અજ્ઞાનથી મુક્ત બની જવાય.

એ જ રીતે અન્ય આત્મગુણો સંબંધમાં સમજવું.

આ સ્થાન બૌદ્ધમતનું ખંડન કરે છે કેમ કે તેઓ માને છે કે જેમ દીવો બુઝાઈ ગયા પછી કશું રહેતું નથી તેમ આત્માનું નિર્વાણ થયા પછી કાંઈ જ રહેતું નથી તેઓના ધર્મગ્રન્થમાં કહ્યું છે કે, "જેમ તેલ ખૂટી જતાં બુઝાઈ ગયેલો દીપક પાતાળમાં, આકાશમાં, દિશા કે વિદિશામાં ક્યાંય જતો નથી માત્ર શાન્ત થઈ જાય છે, તેમ જીવતું નિર્વાણ થવાથી તેની પણ બુઝાયા દીપક સમી અવસ્થા થાય છે."

આ બૌદ્ધોનું દીવાનું દષ્ટાન્ત પણ અહીં સંગત નથી. કેમ કે દીવો બુઝાયા પછી સર્વથા નાશ પામતો જ નથી કિન્તુ દીવાના

(અગ્નિના) તે તેજસ્વી પુદ્ગલો રૂપાન્તર પામીને કાળા થઈ જાય છે માટે જ પ્રકાશને બદલે અંધકાર દેખાય છે. એટલે જેમ શ્યામ થયેલો દીવો તેજને છોડીને અંધકાર પરિણામ પ્રાપ્ત કરે છે તેમ આત્મારૂપી દીવો અરૂપી પરિણામ પ્રાપ્ત કરે છે.

વસ્તુતઃ રોગીનો રોગ શમતાં નિરોગિતા પ્રગટે છે તેમ આત્માના વિકૃત ભાવો નષ્ટ થતાં પરમ-આરોગ્યનું અબાધિત સુખ પ્રગટે છે. કેદી પોતાના બંધનથી છૂટો થતાં નાશ પામી જતો નથી, કિન્તુ મુક્ત થાય છે. તેમ આત્માના રાગાદિ દોષોનો નાશ થતાં અને કર્મનાં બંધનો દૂર થતાં તે મુક્ત થાય છે, પણ પોતે નાશ પામી જતો નથી.

રાગા દિસર્વ રોગમુક્તિમાંથી જન્મતી નિરોગી અવસ્થા તે જ આત્માનો મોક્ષ છે.

**(૬) મોક્ષના ઉપાય છે :** આત્માનો મોક્ષ હોય પણ તેના ઉપાયો ન હોય તો કોઈનો ય મોક્ષ થાય નહિ.

આ સ્થાન મોક્ષના ઉપાયોનું અસ્તિત્વ બતાવે છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષસાધક ઉપાયો છે અર્થાત્ આ ત્રણે ય ભેગા મળીને મોક્ષનો ઉપાય બની શકે છે. આ ત્રણે ય ગુણો પોતાના પ્રતિપક્ષી દોષોના નાશ કરે છે. સમ્યગ્દર્શન મિથ્યાત્વને, અને સમ્યક્ચારિત્ર હિંસાદિ સકળ અસદાચારને દૂર કરે છે. જેમ જેમ આ ત્રણે ય ગુણોનો અભ્યાસ વધતો જાય તેમ તેમ તેના પ્રતિપક્ષી દોષોનો નાશ થતો જાય છે. તેમ થતાં નવો કર્મબંધ અટકે છે. જૂના કર્મો ભોગવાતાં જાય છે, પરિણામે સકળ કર્મમુક્ત આત્માનો મોક્ષભાવ સિદ્ધ થાય છે.

સમ્યક્ત્વનાં આ ૬ સ્થાન કહેવાય છે. કેમ કે સમ્યક્ત્વ આ ૬ માન્યતામાં સ્થિર રહે છે.

અભવ્ય જીવો પહેલાં ૪ સ્થાનને માને તે બને, પરંતુ મોક્ષ-ગર્ભિત છેલ્લાં બે સ્થાનને કદાપિ ન માને. એટલે જ એમ કહી શકાય કે છેલ્લાં બે સ્થાનનો સ્વીકાર કરે તે અવશ્ય ભવ્ય હોય.

અહીં ૬૭ બોલનું વિવેચન પૂર્ણ થાય છે.

આ ૬૭ બોલમાં કેટલાક જ્ઞાનરૂપ છે, કેટલાક શ્રદ્ધારૂપ છે, તો કેટલાક ક્રિયારૂપ છે. માટે ત્રણે ય રૂપે આ બધા બોલ સમ્યક્ત્વને ઉપકારક છે.

સમ્યક્ત્વનો અધિકાર આરંભતાં આપણે અચરમાવર્તકાળથી લઈને જીવની વિકાસ દશા વિચારતાં સમ્યક્ત્વભાવની પ્રાપ્તિ અને ૬૭ બોલ ઉપર વિચાર કર્યો.

હવે પ્રસંગતઃ ૧૪ ગુણસ્થાનનો પણ વિચાર કરી લઇ એ, કેમ કે ૧૪ ગુણસ્થાનનું સ્વરૂપ આપણે જાણી લેવું અત્યન્ત હિતાવહ છે.

યદ્યપિ સમ્યક્ત્વભાવવાળા ૪ થા ગુણસ્થાનને સ્પર્શીને પ્રસંગતઃ ૧ લા ચારે ય ગુણસ્થાનનો કેટલોક વિચાર અહીં જ કર્યો છે અને પૂર્વે પણ ચૌદ ય ગુણસ્થાનનું અતિસંક્ષિપ્ત વિવરણ કર્યું છે.

તથાપિ ચૌદે ય ગુણસ્થાન ઉપર અહીં વિસ્તૃત વિચાર કરીશું.

# ચૌદ ગુણસ્થાન

## [૧૧]

ચૌદ ગુણસ્થાનનાં નામો : ૧. મિથ્યાદષ્ટિ ગુણસ્થાનક ૨. સાસાદન સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક ૩. મિશ્રદષ્ટિ (સમ્યગ્મિથ્યાદષ્ટિ) ગુણસ્થાનક ૪. સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક ૫. દેશવિરતિ ગુણસ્થાનક ૬. પ્રમત્તસંયત સર્વવિરતિ ગુણસ્થાનક ૭ અપ્રમત્તસંયત ગુણસ્થાનક ૮. અપૂર્વકરણ (નિવૃત્તિ બાદર સંપરાય) ગુણસ્થાનક ૯. અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનક ૧૦. સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક ૧૧. ઉપશાન્ત-કષાય-વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનક ૧૨. ક્ષીણકષાય વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનક ૧૩. સયોગી કેવલિ ગુણસ્થાનક ૧૪. અયોગીકેવલિ ગુણસ્થાનક.

પ્ર. ગુણસ્થાનક એટલે શું ?

ઉ. સર્વ જીવના સ્વાભાવિક ગુણો જ્ઞાન-દર્શન-ચારિત્ર્ય છે.

સર્વ સંસારી જીવના આ ગુણો કર્મના આવરણથી ઓછા-વત્તા અંશે ઢંકાએલા છે. છતાં જેટલા અંશમાં એ ગુણોનો ઉઘાડ થયો છે તેટલા અંશમાં તે જ્ઞાનાદિ ગુણના સ્થાન-ભેદ અને સ્વરૂપને ગુણ-સ્થાનક કહેવાય છે.

સૂક્ષ્માતિસૂક્ષ્મ નિગોદના જીવોમાં પણ જ્ઞાનાદિ ગુણનો અત્યલ્પ ઉઘાડ છે માટે તેમને પણ ૧ લા ગુણસ્થાનકે ગણવામાં આવ્યા છે. જો તેમનામાં તેટલો પણ જ્ઞાનાદિ પ્રકાશ ન હોત તો તેઓ જીવ મટીને જડ બની જાત. જીવ-જડની ભેદરેખા જ્ઞાનાદિ ગુણોના સદ્ભાવ-અભાવથી જ અંકાય છે.

જે આત્મા ઉપર જ્ઞાનાદિ ગુણોને આવરી દેતાં (ઢાંકી દેતાં) કર્મ વિપુલ પ્રમાણમાં છે તે બધા આત્મા ૧ લા ગુણસ્થાને ગણાય છે. જેમ જેમ આ આવારક કર્મ ઓછું થતું જાય છે તેમ તેમ આત્મ-

શુદ્ધિ વધતી જાય છે, જ્ઞાનાદિ ગુણો વિશેષ રૂપે પ્રગટ થતા જાય છે અને તેથી તે તે આત્માઓ ઉપર ઉપરના ગુણસ્થાને ગણાય છે.

યદ્યપિ જ્ઞાનાદિ ગુણોના સ્વરૂપોના અસંખ્ય ભેદ પડે છે. તેથી ગુણસ્થાન પણ અસંખ્ય થાય છે તથાપિ તે વિશેષતાઓને ૧૪ વિભાગમાં જ સમાવી લઇને શાસ્ત્રકાર ભગવંતોએ સર્વજીવોને ૧૪ ગુણસ્થાનમાં સમાવી લીધા છે.

**૧. મિથ્યા દૃષ્ટિગુણસ્થાનક :** જીવ-અજીવ તત્ત્વનું જે અનંત ધર્માત્મક નિત્યાનિત્ય, ભિન્નાભિન્ન ઈત્યાદિ સ્યાદ્વાદ ગર્ભિત જે વાસ્તવિક સ્વરૂપ છે તેના સંબંધમાં વિપરીત શ્રદ્ધા, અથવા તો તેવા વિપરીત જ્ઞાનનો અભાવ કે વાસ્તવ જ્ઞાનીની નિશ્રાનો પણ જેનામાં અભાવ છે તે બધા આત્મા આ ૧ લા મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાને કહેવાય.

કામળ દોષવાળાને જેમ ધોળું પણ પીળું દેખાય તેમ મિથ્યાત્વમોહનીય કર્મના ઉદયથી આત્માને જીવાદિ તત્ત્વોના સ્વરૂપની યથાર્થ પ્રતીતિ ન થાય. છતાં આવા આત્મામાં કાંઈક પણ જ્ઞાનાદિ ગુણ છે જ માટે તેના તે જ્ઞાનાદિ ગુણને મિથ્યાદૃષ્ટિ-ગુણસ્થાન કહેવાય. અહીં ઉપરના ગુણસ્થાનથી અપેક્ષાએ અશુદ્ધિ વધુ હોય છે અને શુદ્ધિ અલ્પ હોય છે માટે ગુણ પણ અલ્પ પ્રમાણમાં જ ઉઘાડા થયેલા હોય છે.

**પ્ર.** તમે કહેલા ૧ લા ગુણસ્થાને રહેલા જીવોમાં સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ ગુણ તો છે જ નહિ તેના પ્રત્યે તો વિપરીત શ્રદ્ધા છે પછી તેમને ૧ લા ગુણસ્થાને કેમ કહેવાય ?

**ઉ.** યદ્યપિ તત્ત્વસંબંધી વાસ્તવિક શ્રદ્ધા નથી, જ્ઞાન પણ નથી, તથાપિ આ મનુષ્ય છે ઇત્યાદિ જ્ઞાન કે નિગોદના જીવને પણ ઠંડી-ગરમીનું સ્પર્શનેન્દ્રિય જ્ઞાન તો અવિપરીત રૂપે થવાનું શક્ય છે જ, માટે તે જ્ઞાનની અપેક્ષાએ તે જીવોનું ૧ લું ગુ.સ્થા. કહેવાય.

કહેવાનો આશય એ છે કે પ્રબળ મિથ્યાત્વના ઉદયને લીધે આત્મા વગેરેના સમ્યગ્જ્ઞાનાદિ વિનાના તે જીવો હોવાં છતાં તેમને અતાત્ત્વિક વિષયની વ્યાવહારિક અવિપરીત પ્રતીતિ થાય છે માટે તે

આંશિક ગુણની અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિ હોવા છતાં તેને ગુણસ્થાનનો સંભવ રહે છે.

પ્ર. તો પછી આંશિક પણ અવિપરીત પ્રતીતિવાળા તે જીવોને મિથ્યાત્વી કેમ કહેવાય ? સમ્યગ્દૃષ્ટિ જ કહો ને ?

ઉ. શ્રી જિનોક્ત એક પણ પદની અશ્રદ્ધામાં મિથ્યાત્વ કહ્યું છે તો પછી જીવાદિ તત્ત્વોની આખી ય વિપરીત શ્રદ્ધામાં મિથ્યાત્વ કેમ ન કહેવાય ?

પ્ર. જેને જિનોક્ત એકાદ—બે પદમાં અશ્રદ્ધા છે અને બાકી બધાય પદમાં શ્રદ્ધા છે તો તેને મિથ્યાત્વી કેમ કહેવાય ? મિશ્રદૃષ્ટિ જ કહેવો જોઈએ ને ?

ઉ. ના, જિનોક્ત સર્વ તત્ત્વની યથાર્થરૂપે શ્રદ્ધા કરનાર સમ્યગ્દૃષ્ટિ કહેવાય. અને એકાન્ત શ્રદ્ધા કે અશ્રદ્ધા વિનાનો જીવને મિશ્રદૃષ્ટિ કહેવાય. આ જીવને જીવાદિ તાત્ત્વિક પદાર્થ ઉપર રુચિ નથી હોતી તેમ અરુચિ પણ નથી હોતી.

એટલે જ્યારે એક પણ પદની એકાન્ત અશ્રદ્ધા થાય છે ત્યારે તે જીવ મિશ્રદૃષ્ટિ કહી શકાય નહિ કિન્તુ મિથ્યાત્વી જ કહેવાય.

મિથ્યાત્વના અભિગ્રહિક-અનભિગ્રહિક વગેરે પાંચ પ્રકારો પૂર્વે કહેવાઈ ગયા છે.

**૨. સાસ્વાદન ગુણસ્થાનક :** આય એટલે લાભ અને સાદન એટલે નાશ.

ઉપશમ સમ્યક્ત્વના લાભનો જે નાશ કરે તે 'આયસાદન' કહેવાય. 'પૃષોદરાદયઃ સૂત્રથી 'ય' નો લોપ થતાં 'આસાદન' શબ્દ બને.

આપણે સમ્યક્ત્વ—લાભના વિવેચનમાં જોઈ ગયા કે ઉપશમ-સમ્યક્ત્વના અંતરકરણ કાળમાં વર્તતા કોઈ જીવને જ. થી ૧ સમય કે ઉત્કૃષ્ટથી ૬ આવલિકા એ અંતર્મુહૂર્તની બાકી રહે ત્યારે અનંતાનુબંધી કષાયનો ઉદય થઈ જાય છે અને ત્યાં જ તેનું ઉપશમ સમ્યક્ત્વ નષ્ટ થઈ જાય છે. આથી અનંતાનુબંધી કષાય જ ઉપશમ

સમ્યક્ત્વના લાભનો નાશ કરનાર હોવાથી તે કષાયોને (કષાયોના ઉદયને) 'આસાદન' કહેવામાં આવે છે.

આ અનંતાનુ-કષાયના ઉદય સહિત (આસાદન સહિત = સ) જે વર્તે તે જીવ સાસાદન (સ + આસાદન) કહેવાય છે.

અનંતાનું કષાયના આ (ઉ.થી) ૬ આવલિકા જેટલા કાળમાં પણ જીવમાં સમ્યગ્દર્શન તો છે જ કેમ કે હજી અશુદ્ધ પૂંજનો ઉદય થયો નથી.

એટલે આ જીવ સાસાદન-સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે.

આ જીવનું જે ગુણસ્થાન તે સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન કહેવાય છે. આ ગુણસ્થાનને સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન પણ કહેવામાં આવે છે. ખાધેલું ક્ષીરનું વમન કરતાં જેમ તે ક્ષીરનો કાંઈક આસ્વાદ આવે છે તેમ સમ્યક્ત્વભાવનું વમન કરતાં આ જીવને સમ્યક્ત્વભાવનો આસ્વાદ રહે છે. માટે આસ્વાદ સહિત આ જીવ સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ પણ કહી શકાય.

આ કાળમાં જીવને સમ્યક્ત્વ-ભાવ ઉપર અરુચિ ઉત્પન્ન થાય છે છતાં તેને વમતાં તે આસ્વાદવાળો જરૂર હોય છે. આથી જ આ જીવના તે વખતના જ્ઞાનાદિ ગુણના સ્વરૂપને સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન કહેવાય છે.

અંતરકરણનો જેટલો કાળ (જ.થી ૧ સમય ઉ.થી ૬ આવલિકા = અસંખ્ય સમય) બાકી હોય તેટલો કાળ આ જીવ બીજા ગુણસ્થાને રહે છે પછી તરત જ અશુદ્ધ પૂંજનો ઉદય થઈ જતાં તે જીવ અવશ્યમેવ મિથ્યાત્વભાવ પામીને ૧ લા ગુણસ્થાનકે ઊતરી જાય છે.

આ ગુણસ્થાન ૧ લે ગુણસ્થાનેથી ઉપર ચડતાં કોઈને ય ન હોય અને પડતામાં ઉપશમભાવથી જ પડતાં જીવોને હોય. બીજા કોઈ પણ-ક્ષયોપ. ભાવના સમ્યક્ત્વાદિથી પડતા જીવને વગેરેને ન જ હોય.

### ૩. મિશ્રદૃષ્ટિ (સમ્યગ્-મિથ્યા-દૃષ્ટિ) ગુણસ્થાનક-

આપણે પૂર્વે જોઈ ગયા કે અંતરકરણમાં પ્રવેશ કરતો જીવ

સત્તામાં પડેલા મિથ્યાત્વ મોહનીયના દલિકોને પોતાના અધ્યવસાયના બળથી એવા ઝપાટામાં લે છે કે કેટલાક મિથ્યાત્વ મોહનીય કર્મના દલિકોનો રસ એકદમ મંદ કરીને એક સ્થાનકનો કે મંદ કે બે સ્થાનકનો કરી નાંખે છે. જે પૂંજ ઉદયમાં આવતાં જીવને જિનોક્ત તત્ત્વ ઉપર શ્રદ્ધારૂપ સમ્યક્ત્વભાવ પ્રાપ્ત થાય છે. બીજા કેટલાક મિથ્યાત્વ મોહ. કર્મના સત્તાગત દલિકોનો રસ મધ્યમ બે સ્થાનકનો કરી દે છે જેનો પૂંજ ઉદયમાં આવતા જીવ મિશ્રભાવ પ્રાપ્ત કરે છે, બીજા કેટલાક મિથ્યાત્વ મોહ કર્મના પુદ્‌ગલો તીવ્ર બે સ્થાનક-ત્રણ અને ચાર સ્થાનક રસવાળા રહી જાય છે જેમનો મિથ્યાત્વ મોહ. કર્મનો અશુદ્ધ પૂંજ કહેવાય છે. એ ઉદયમાં આવતાં જીવ મિથ્યાત્વભાવને અનુભવે છે

આમાં જે અર્ધશુદ્ધ (મિશ્ર) પૂંજ કહ્યો તેનો ઉદય થતાં જીવને જિનોક્ત તત્ત્વ પ્રતિ અર્ધશુદ્ધ શ્રદ્ધા થાય છે. અર્થાત્ જિનપ્રણીત તત્ત્વ પ્રત્યે રુચિ કે અરુચિ હોતી નથી. ત્યારે સમ્યગ્‌મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે.

પૂર્વે જણાવ્યા મુજબ આ ગુણસ્થાને પહેલેથી અને ચોથેથી બંને ગુણસ્થાનથી આવે છે. પહેલેથી આપનારને જે જિનોક્ત તત્ત્વ પ્રતિ અરૂચિ હતી તે દૂર થાય છે, રૂચિ તો હતી જ નહિ; ચોથેથી આવનારને જે રુચિ હતી તે દૂર થાય છે, એને અરુચિ તો હતી જ નહિ. એટલે જ ત્રીજે ગુણસ્થાને જિનોક્ત તત્ત્વપ્રતિ એકે ય હોતા નથી તેમ કહ્યું છે.

આ ગુણસ્થાનનો કાળ એક અંતર્મુહૂર્તનો જ છે. ત્યાર પછી તે જીવ પરિણામના અનુસારે પહેલે કે ચોથે ગુણસ્થાને અવશ્ય ચાલી જાય છે.

૪. **અવિરતિ સમ્યગ્દૃષ્ટિ :** સર્વ પાપવ્યાપારથી નિવૃત્ત થનાર સર્વવિરત કહેવાય છે. તેનાથી અંશતઃ પણ નિવૃત્ત થનાર દેશવિરત કહેવાય છે. જ્યારે બિલકુલ નિવૃત્ત ન થનાર આત્મા અવિરત (અવિરતિ) કહેવાય છે.

૫ મું ગુણસ્થાન દેશવિરત આત્માનું છે માટે તેની પૂર્વેના ૧ લા ચારે ય ગુણસ્થાનવર્તી આત્માઓ અવિરત કહેવાય છે. એમાં જે અવિરત આત્મા ક્ષાયિક-ક્ષાયોપશમિક કે ઔપશમિક સમ્યગ્દષ્ટિ છે તે અવિરત-સમ્યગ્દષ્ટિ આત્મા ૪ થા ગુણસ્થાને કહેવાય છે.

આ આત્માઓ જિનોક્ત-તત્ત્વને જ સાચું માને છે અને બાકીનું બધું અતત્ત્વરૂપ માનીને આત્માનું નિકંદન કાઢનારું માને છે. નારકાદિ અતીન્દ્રિય પદાર્થોનું જિનેશ્વરદેવે નિરૂપણ કર્યું છે માટે તેને તે જ રૂપે સર્વથા માને છે છતાં તેઓ સંસારનો ત્યાગ કરી શકતા નથી. કેમ કે ચારિત્ર મોહ. કર્મનું તેમની ઉપર ભાર વજન લદાયેલું રહે છે. ટૂંકમાં આ આત્માઓ મોક્ષ અને તેના ઉપાયભૂત વિરતિને હૃદયથી સ્વીકારવા છતાં વિરતિમાર્ગે ચાલી શકતા નથી. વિરતિધર્મનું પાલન કરી શકતા નથી.

એમના અનંતાનુબંધી ૪ કષાયોનો ક્ષયોપશમ થઈ ગયો હોવાથી તેમને સમ્યક્ત્વ (તત્ત્વ. રુચિ) પ્રાપ્ત થયું પરંતુ જ્યાં સુધી ચારિત્ર-મોહનીયકર્મનો પેટાભેદરૂપ અપ્રત્યાખ્યાનાવરણ ૪ કષાયનો ક્ષયોપશમ થાય નહિ ત્યાં સુધી તેઓ દેશથી (અંશથી) પણ પ્રત્યાખ્યાન (વિરતિ-ધર્મ) આદરી શકે નહિ. આ અપ્ર. કષાયચતુષ્ટય અલ્પ પણ અટકાવી રાખે છે.

આથી જ આ આત્મા વિરતિ-ધર્મને પાળી ન શકે તો ય એટલું પાપ તો કરે જ નહિ છતાં અને જે કાંઈ પાપ-કર્મ કરવું પડે તેને પણ તે કદાપિ સારું માને તો નહિ જ.

શાસ્ત્રકાર ભગવંતોએ જ્ઞાન-સ્વીકાર અને પાલનની અષ્ટભંગી બતાવી છે. વિરતિના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન-વિરતિનો સ્વીકાર.

## વિરતિનું પાલન

| | વિરતિનું યથાર્થ જ્ઞાન છે? | વિરતિનો સ્વીકાર કર્યો છે? પ્રતિજ્ઞા કરી છે. | વિરતિનું યથાર્થ પાલન કરે છે? | કોણ? |
|---|---|---|---|---|
| ૧. | × (ના) | × | × (ના) | સઘળા જીવો. |
| ૨. | × | × | ✓ (હા) | અજ્ઞાન તપસ્વી |
| ૩. | × | ✓ | × | પાસત્થા વિ. કુ. સાધુઓ |
| ૪. | × | ✓ | ✓ | અગીતાર્થ મુનિ |
| ૫. | ✓ | × | × | શ્રેણિકાદિ |
| ૬. | ✓ | × | ✓ | અનુત્તરવાસી દેવ |
| ૭. | ✓ | ✓ | × | સંવિગ્ન પાક્ષિક |
| ૮. | ✓ | ✓ | ✓ | દેશસર્વવિરત આત્મા |

આ આઠ ભંગમાંથી ૧ લા ૪ ભંગે મિથ્યાદૃષ્ટિ છે. કેમ કે તે ચારે ય સમ્યગ્જ્ઞાન રહિત છે. જ્યારે બાકીના ૪ માંથી ૧ લા ૩ (૫–૬–૭) અવિરત સમ્યક્ત્વી છે કેમ કે તે ય સમ્યગ્જ્ઞાન સહિત છે. અને છેલ્લા (૮મા) ભંગવાળા દેશથી કે સર્વથી વિરત શ્રાવક કે સાધુ છે. કેમકે તેઓ સ.જ્ઞાન સહિત વિરતિનો સ્વીકાર અને પાલન કરે છે.

આ ૪થા ગુણસ્થાનવર્તી આત્માઓને પાપનો ભારે પશ્ચાત્તાપ હોય છે અને સુકૃતનો ઉલ્લાસ પણ જોરદાર હોય છે.

નીચેના ૩ ગુણસ્થાનની અપેક્ષાએ અહીં અનન્તગુણ વિશુદ્ધિ હોય છે. જ્યારે ૫ મા ગુણસ્થાનની અપેક્ષાએ અનન્તગુણહીન વિશુદ્ધિ હોય છે.

**૫. દેશવિરતિ ગુણસ્થાન :** અવિરત સમ્યગ્દષ્ટિ આત્માના અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો ક્ષયોપશમ થઈ જતાં અને પ્રત્યાખ્યાનાવરણકષાયનો ઉદય ચાલુ રહેતા તે આત્મા દેશથી (અંશતઃ) પાપ-વ્યાપારથી વિરામ પામે છે.

પ્રત્યાખ્યાનાવરણ કષાયનો સર્વથા પાપવ્યાપારથી વિરતિ થવામાં અંતરાયભૂત બને છે.

અહીં રહેલો આત્મા કોઈ પણ એક–બે યાવત્ બાર વ્રતવિષયક અનુમતિ સિવાયના સાવદ્યયોગનો સ્થૂલથી ત્યાગ કરે છે.

દેશવિરત શ્રાવક દેશવિરતિભાવની અવસ્થામાં ગમે તેટલી ઊંચી કક્ષા પામે તો ય તે સાવદ્યયોગના અનુમતિ વ્યાપારથી સર્વથી મુક્ત થઇ શકતો નથી, માટે જ અહીં અનુમતિ સિવાયના સાવદ્ય-યોગનો ત્યાગ કહ્યો છે.

અનુમતિ ૩ પ્રકારની છે.

૧. પ્રતિસેવનાનુમતિ ૨. પ્રતિશ્રાવણુનુમાત ૩. પ્રતિ સંવાસાનુમતિ.

૧. **પ્રતિસેવનાનુમતિ :** પોતે કે બીજાએ કરેલા પાપકાર્યને જે જે વખાણે તથા સાવદ્યારંભથી તૈયાર કરેલા ભોજનને ખાય ત્યારે તેને પ્રતિસેવનાનુમતિ દોષ લાગે

૨. **પ્રતિશ્રવણાનુમતિ :** પુત્રાદિએ કરેલા હિંસાદિ સાવદ્ય કાર્યને વખાણે, તેને સંમત થાય, નિષેધ ન કરે ત્યારે પ્રતિશ્રવણાનુમતિ દોષ લાગે છે.

૩. **પ્રતિસંવાસાનુમતિ :** હિંસાદિ સાવદ્ય કાર્યમાં પ્રવૃત્ત થયેલા પુત્રાદિમાં મમત્વ રાખે પણ તેના પાપ–કાર્યને સંભાળે નહિ કે વખાણે પણ નહિ ત્યારે પ્રતિસંવાસનુમતિ દોષ લાગે છે.

આમા સંવાસાનુમતિ સિવાયની બે ય અનુમતિ આદિ સર્વપાપ-વ્યાપારોનો જે ત્યાગ કરે તે ઉત્કૃષ્ટ શ્રાવક કહેવાય છે. જ્યારે તે સંવાસાનુમતિનો પણ ત્યાગ કરી દે ત્યારે તે સર્વવિરત સંયત કહેવાય છે.

આ ગુણસ્થાનકે અવિરત સમ્યગ્દષ્ટિની અપેક્ષાએ અનંતગુણ વિશુદ્ધિ હોય છે. સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકથી આરંભીને ઉત્તરોત્તર વધતી વિશુદ્ધિને પ્રાપ્ત કરતો પૂર્વક્રમે વિશુદ્ધિનાં અનેક સ્થાનો પર આરૂઢ થાય છે અને અપ્રત્યાખ્યાનાવરણીય કષાયોનો ક્ષયોપશમ કરે છે, તેથી તેને અલ્પઅલ્પ પાપવ્યાપારનો ત્યાગ કરવાની બુદ્ધિ થાય છે. આ અંગે વિશેષ વિવેચન આગળ કરશું.

**૬. પ્રમત્ત, સંયત ગુણસ્થાનક :** પૂર્વોક્ત સંવાસાનુમતિથી પણ મુક્ત થનાર સર્વપાપવ્યાપારના ત્યાગી આ ગુણસ્થાન પ્રાપ્ત કરે છે. આ ગુણસ્થાન પ્રત્યાખ્યાનાવરણ કષાય ચતુષ્ટયનો ક્ષયોપશમ થઈ જતાં જ પ્રાપ્ત થાય છે. અહીં તથા આગળના કેટલાક ગુણસ્થાને સંજ્વલન કષાય ચતુષ્ટનો ઉદય હોવાથી સરાગ અવસ્થા હોય છે. જ્યારે આ કષાય દૂર થઈ જાય છે ત્યારે ૧૧ મા વગેરે ગુણસ્થાને વીતરાગ અવસ્થાની પ્રાપ્તિ થાય છે.

સર્વવિરતભાવમાં પાંચ પ્રકારના ચારિત્ર્ય છે.

સામાયિક–છેદોપસ્થાપનીય – પરિહારવિશુદ્ધિ – સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ચારિત્ર્ય.

આમાંથી ૧ લા ૩ ચારિત્ર્ય આ ગુણસ્થાને હોય છે. પરિહાર વિશુદ્ધિ ચારિત્ર્ય કોઈક વખત જ હોય છે એટલે તેની વિવક્ષા ન કરીએ તો આ ગુણસ્થાને પાંચમાંથી બે જ ચારિત્ર્ય હોય છે. સૂક્ષ્મ સંપરાય ચારિત્ર્ય ૧૦ મા જ ગુણસ્થાને હોય છે, જ્યારે વીતરાગ ભાવનું યથાખ્યાત ચારિત્ર્ય ૧૧ થી ૧૪ મા ગુણસ્થાન હોય છે.

આ ગુણસ્થાને વર્તતા સર્વવિરતિ આત્મા યદ્યપિ ત્રિકરણયોગે પાપા-વ્યાપારના ત્યાગી હોય છે. તથાપિ મોહનીયાદિ કર્મના ઉદયના સામર્થ્યથી તીવ્ર સંજ્વલન કષાય અને નિદ્રા વગેરે કોઈ પણ પ્રમાદના યોગે ચારિત્ર્યમાં સીદાય–ક્લિષ્ટ પરિણામવાળો થાય છે. માટે જ આ ગુણસ્થાનવર્તી મુનિને પ્રમત્ત (નિદ્રાદિ પ્રમાદવાળા) કહેવાય છે.

અહીં દેશવિરતિ આત્મની અપેક્ષાએ અનંતગુણ વિશુદ્ધિ હોવાથી. વિશુદ્ધિનો પ્રકર્ષ અને અવિશુદ્ધિનો અપકર્ષ છે, અપ્રમત્ત ગુણસ્થાનની અપેક્ષાએ તો અહીં અનંતગુણ હીન વિશુદ્ધિ હોય છે. એટલે વિશુદ્ધિનો અપકર્ષ અને અવિશુદ્ધિનો પ્રકર્ષ હોય છે. અહીં અસંખ્ય સંયમ–સ્થાનકો હોય છે, જેના સ્થૂલથી જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ૩ ભેદ પડે.

**૭. અપ્રમત્ત સંયત ગુણસ્થાનક :** સંજ્વલન કષાયનો ઉદય દસમા ગુણસ્થાનક સુધી રહે છે એટલે અહીં પણ એનો ઉદય તો છે જ પરંતુ અહીં ૬ઠ્ઠા ગુણસ્થાન જેટલી તીવ્રતા નથી કિન્તુ મન્દતા છે માટે નિદ્રા વિકથા આદિ-પ્રમાદ વિનાની અવસ્થા હોય છે. આથી જ અહીં રહેલા મુનિનો અપ્રમત્ત સંયત કહેવાય છે, પ્રમત્ત સંયતની અપેક્ષાએ અહીં અનંતગુણ વિશુદ્ધ હોય છે. અહીં પણ અસંખ્ય લોકાકાશ પ્રદેશની સંખ્યા જેટલાં વિશુદ્ધિસ્થાનકો હોય છે. આમાંના જઘન્યમાં જઘન્ય સ્થાને રહેલો મુનિ પણ અપ્રમત્ત સંયય કહેવાય છે. વિશિષ્ટ તપ, ધર્મધ્યાન આદિના યોગે જેમ જેમ કર્મની નિર્જરા થતી જાય તેમ તેમ ઉપર ઉપરના વિશુદ્ધ-સ્થાને આત્મા ચડતો જાય છે.

અવધિજ્ઞાન-મનઃ પર્યવજ્ઞાનાદિ લબ્ધિઓ અહીં પ્રાપ્ત થાય છે.

આ ગુણસ્થાન એક જ અંતર્મુહૂર્તનું હોય છે. જીવ વારંવાર પ્રમત્ત-અપ્રમત સંયત ગુણસ્થાને હિંચકાની જેમ આવજા કરે છે. મતાંતરે પ્રમત્ત ગુણસ્થાન પણ એક અન્તર્મુહૂર્તનું છે. પરંતુ એનું અન્તર્મુહૂર્ત મોટું છે, જ્યારે અપ્રમત્ત સંયત ગુ.સ્થાનનું અન્તર્મુહૂર્ત નાનું છે. આથી પ્રત્યેક અન્તર્મુહૂર્તે બે ય ગુણસ્થાને દેશોનપૂર્વક્રોડ વર્ષ સુધી આવજા ચાલ્યા કરે તો પણ અપ્રમત્ત ગુ. સ્થાનના બધા અન્તર્મું. કાળનો સરવાળો ૧ મોટું અન્તર્મું. થાય અને એ એક અન્તર્મું. ન્યૂન બાકીનો બધો કાળ પ્રમત્તગુણસ્થાનની સ્પર્શનામાં જાય.

**૮. અપૂર્વકરણ ગુણસ્થાનક :** (નિવૃત્તિ બાદર સંપરાય)

અપૂર્વ એટલે પૂર્વે નહિ થએલો-અથવા નીચેના અન્ય ગુ.સ્થાનો સાથે સરખાવી ન શકાય તેવા જે કરણ-સ્થિતઘાત વગેરે ક્રિયાઓ-અથવા કરણ એટલે પરિણામ જ્યાં થાય છે તે અપૂર્વકરણ ગુણસ્થાન કહેવાય. તાત્પર્ય એ છે કે, પૂર્વે કદી નહિ થયેલા પાંચ અપૂર્વ અહીં થાય જેમનાં નામ આ પ્રમાણે છે.

૧. અપૂર્વસ્થિતિઘાત ૨. અપૂર્વરસઘાત ૩. અપૂર્વગુણશ્રેણિ ૪. અપૂર્વગુણસંક્રમ ૫. અપૂર્વસ્થિતિબંધ.

આ પાંચે ય અપૂર્વ પદાર્થો નીપજાવનારા પરિણામ પણ અપૂર્વ જ હોય એટલે અપૂર્વપરિણામને પણ અપૂર્વકરણરૂપ કહી શકાય.

સમ્યક્ત્વ પ્રાપ્તિ વખતે પણ આવું અપૂર્વકરણ થયું હતું. પરંતુ તેના કરતાં ય અપૂર્વ પદાર્થો અહીં થાય છે માટે આને અપૂર્વકરણ કહેવાય છે. ત્યાં અપૂર્વકરણ એ ગુણસ્થાનરૂપ ન હતું જ્યારે અહીં ૮ મા ગુણસ્થાન રૂપે છે. આને શ્રેણિનું અપૂર્વકરણ કહેવાય છે. કેમ કે અહીંથી જીવ ઉપશમ કે ક્ષપકશ્રેણિ ઉપર ચડે છે.

પૂર્વે જે સામર્થ્યયોગ કહ્યો હતો અને શાસ્ત્રકાર ભગવંતો નિકાચિત કર્મ તપથી તૂટે એમ કહીને 'તપ' એટલે શ્રેણિના અપૂર્વકરણનો આત્મ-પરિણામ કહે છે તે અપૂર્વકરણ એટલે આ જ અપૂર્વકરણ-ગુણસ્થાન સમજવું.

**અપૂર્વસ્થિતિઘાત :** જ્ઞાનાવરણીયાદિ કર્મની દીર્ઘસ્થિતિને અપવર્તના કરણ વડે ઘટાડીને અલ્પ કરવી તે સ્થિતિઘાત.

**અપૂર્વરસઘાત :** સત્તામાં રહેલ જ્ઞાના. આદિ અશુભ પ્રકૃતિના તીવ્ર રસને અપવર્તના કરણથી ઘટાડીને અલ્પ કરવો.

**અપૂર્વગુણશ્રેણિ :** અત્યન્ત વિશુદ્ધ અધ્યવસાય વડે અપવર્તના કરણથી ઉપરની સ્થિતિમાંથી ઉતારેલા દલિકોને શીઘ્ર ખપાવવા માટે ઉદય સમયથી આરંભી અન્તર્મું.ના સમય પ્રમાણ સ્થાનકોની અંદર પૂર્વ પૂર્વ સ્થાનકથી ઉત્તરઉત્તર સ્થાનોમાં અસંખ્ય અસંખ્ય ગુણાકારે દલિકોને જે ગોઠવવા તે ગુણશ્રેણિ. ઉપરની સ્થિતિમાંથી પૂર્વ પૂર્વ સમયથી ઉત્તરોત્તર સમયે અસંખ્ય અસંખ્ય ગુણ દલિકો ઉતારે છે અને તેને ઉદય સમયથી આરંભી અન્તર્મું. પ્રમાણ સ્થાનકોમાં અસંખ્યાતગુણ વૃદ્ધિએ ગોઠવે છે. જેમ કે પહેલે સમયે જે દલિક ઉતાર્યાં તેમાંથી ઉદય સમયમાં થોડા તેનાથી પછીના સ્થિતિ-સ્થાનમાં અસંખ્ય ગુણ, તેની પછીના સ્થિતિસ્થાનમાં વળી અસં. ગુણ એમ

ઉત્તરોત્તર અસં. અસંખ્યગુણ વૃદ્ધિએ ગોઠવે છે. વળી બીજા સમયે પૂર્વ સમયથી અસં.ગુણા વધુ દલિકો ઉતારે અને તેને પણ એ જ ક્રમે અસં. ગુ. વૃદ્ધિએ ગોઠવે.

પૂર્વ ગુ.સ્થા.નોમાં મંદ વિશુદ્ધિ હોવાથી અપવર્તના કરણથી ઉપરનાં સ્થાનોમાંથી જીવ અલ્પ દલિક ઉતારતો હતો. અને તેથી વધારે કાળમાં થોડા દલિક ભોગવાય તે પ્રમાણે રચના કરતો હતો. અહીં તીવ્ર વિશુદ્ધિ હોવાથી અપવર્તના કરણથી ઉપરનાં સ્થાનોમાંથી વધુ પ્રમાણમાં દલિકો ઉતારે છે અને થોડા કાળમાં ઘણા દૂર થાય એમ તેની રચના કરે છે.

**ગુણસંક્રમ** : સત્તામાં રહેલા અબધ્યમાન અશુભ પ્રકૃતિના દલિકોને બધ્યમાન શુભ પ્ર.માં પૂર્વ પૂર્વ સમય કરતાં ઉત્તરોત્તર સમયે અસં.ગુણ વૃદ્ધિએ સંક્રમાવવા તેનું નામ ગુણસંક્રમ.

**અપૂર્વસ્થિતિબંધ** : પૂર્વ અશુદ્ધ પરિણામને લીધે કર્મોની દીર્ઘ સ્થિતિ બંધાતી હતી. હવે આ ગુ.સ્થાને તીવ્ર વિશુદ્ધિ હોવાથી અલ્પ અલ્પ સ્થિતિ બંધાય છે. અને તે પણ પૂર્વ પૂર્વથી પછી પછીનો સ્થિતિબંધ પલ્યોપમના અસંખ્યાતમાં ભાગે ઘટતો જાય છે. અથવા અપૂર્વકરણના ૧ લા સમયનો જે સ્થિતિબંધ થાય છે તેનાથી અનુક્રમે ઘટતા ત્યાર પછીનો સ્થિતિબંધ પલ્યોના અસં.માં ભાગે હીન થાય છે, એ રીતે દરેક સ્થિતિબંધનું સમજવું.

પ્રત્યેક સ્થિતિબંધનો કાળ બે પ્રકારે છે.

અ. અપૂર્વકરણ બે પ્રકારે છે.

ક્ષપક—ઉપશમક

યદ્યપિ આ ૮ મા ગુ.સ્થાને ચારિત્ર મોહનીય કર્મની ક્ષપણા કે ઉપશમનાનું કાર્ય આરંભાઈ જતું નથી, કેમ કે તે કાર્યારંભ તો ૯મા ગુ.સ્થાનથી થાય છે. તથાપિ ભાવિમાં રાજા થવાની લાયકાતવાળા કુમારને જેમ રાજા કહેવાય છે તેમ આ ગુણસ્થાનમાં ચા. મોહ.કર્મની પ્રકૃતિના

ક્ષય કે ઉપશમ કરવાની યોગ્યતા હોવાથી આ ગુણસ્થાનને ક્ષપકનું અને ઉપશમકનું ગુણસ્થાન કહેવાય છે.

કોઇ પણ શ્રેણિમાં મોહની. કર્મ ઉપર જ જીવનો મોટો હલ્લો થાય છે કેમ કે તેનો ક્ષય કે ઉપશમ સર્વ પ્રથમ અનિવાર્ય છે. ક્ષપકશ્રેણિએ ચડતો આત્મા આ મોહ.ની ૨૮ ય પ્રકૃતિનો ક્ષય કરે છે, પછી જ જ્ઞાનાવ. આદિ ૩ ઘાતી કર્મોનો સર્વનાશ શક્ય બને છે.

મોહનીય કર્મની મુખ્ય પેટા પ્રકૃતિ બે છે.

દર્શન મોહ. અને ચારિત્ર્ય મોહનીય.

એમાં દર્શનમોહ.ના ૩ તથા ચારિ.મો.ના ૨૫ ભેદ પડતા મોહ. કર્મના ૨૮ ભેદ થાય છે.

૩ દર્શનમોહ – ૧. મિથ્યાત્વ ૨. મિશ્ર ૩. સમ્યક્ત્વમોહ.

૨૫ ચારિત્ર્યમોહ–૧૬ કષાય +૯ નોકષાય.

૧૬ કષાય : અનંતાનું–અપ્રત્યા–પ્રત્યા– સંજ્વલન કષાય–પ્રત્યેક ક્રોધ–માન–માયા અને લોભ રૂપ

$$૪ \times ૪ = ૧૬,$$

૯ નોકષાય : ૬ હાસ્ય–રતિ–અરતિ–ભય– શોક–જુગુપ્સા (હાસ્યષટ્ક)
૩ પુરુષ–સ્ત્રી–નપુંસકવેદ.
૯

આ ૨૮ પ્રકૃતિમાંથી સ.ત્વ, મિશ્ર અને મિથ્યાત્વ મોહનીય–એ ૩ તથા અનંતાનુબંધી કષાય ચતુષ્ટય એ ૪ = કુલ ૭ પ્રકૃતિનો ક્ષય કે ક્ષયોપશમભાવ થઇ જાય પછી જ બાકીની ૨૧ પ્રકૃતિને શાન્ત કરી દેવારૂપ ઉપશમશ્રેણિ કે ક્ષીણ કરી દેવા રૂપ ક્ષપકશ્રેણિનો આરંભ થાય છે.

જે જીવ ૨૧ પ્રકૃતિને દબાવતો દબાવતો આ ગુણસ્થાનેથી આગળ વધતો જાય છે તે મોહ.નો ઉપશમક કહેવાય છે તે ૮મે–૯મે ગુણસ્થાને જઇને સીધો ૧૧ મે જાય છે. ત્યાં અન્તર્મુ. સુધી ૨૧ ય.

પ્રકૃતિ તદ્દન શાન્ત થયેલી હોવાથી વીતરાગ અવસ્થા અનુભવીને તરત જ તે જીવ અવશ્ય નીચે પડે છે.

અને જે જીવ ૨૧ પ્ર.નો આત્મા ઉપરથી નાશ કરતો કરતો આગળ વધતો જાય છે તે ૮મે-૯મે-૧૦મે ગુણુસ્થાને ચડી જઇને સીધો ૧૨મે ગુ.સ્થાને જાય છે. ત્યાંથી અન્તમું.માં જ ૧૩ મે ગુ.સ્થાને જાય છે. ત્યાં તેને અનંતજ્ઞાનાદિ પ્રાપ્ત થયા હોય છે. આયુષ્યનું એક અન્તમું. બાકી રહે ત્યારે તે કેટલીક ક્રિયા (જે આગળ કહેવાશે) કરે છે અને ૫ હ્રસ્વાક્ષરના (अ, इ, उ, ऋ, लृना) ઉચ્ચાર જેટલા કાળમાં ૧૪ મા ગુ.સ્થાનને સ્પર્શીને મોક્ષ-પદ પામી જાય છે.

આ અપૂર્વકરણ ગુણુસ્થાનના અંતમું.કાળનાં ત્રિકાળવર્તી જીવોએ સ્પર્શેલા-દરેક સમયના-અધ્યવસાય સ્થાનકો અસંખ્ય લોકાકાશના પ્રદેશ પ્રમાણુ છે. અને તે પણ પૂર્વપૂર્વ સમયથી ઉત્તરોત્તર સમયમાં વધતા વધતા હોય છે. જેઓએ ભૂતકાળમાં આ ગુણુસ્થાનના પ્રથમ સમયને પ્રાપ્ત કર્યો હતો, વર્તમાનમાં પ્રાપ્ત કરે છે અને ભવિષ્યમાં પ્રાપ્ત કરશે તે સઘળાય જીવોની અપેક્ષાએ જઘન્યથી આરંભી ઉત્કૃષ્ટ પર્યન્ત અનુક્રમે ચડતા ચડતા અધ્ય.સ્થા. હોય છે. કેમ કે એકીસાથે આ ગુણસ્થાને ચડેલા જીવોના અધ્ય.માં તારતમ્ય હોય છે. આ ગુણુસ્થાનને ત્રિકાળમાં અનંતાજીવો સ્પર્શ્યા છતાં દરેક સમયના અધ્યવ. સ્થા. અનંતા ન હોઇને અસંખ્યતા જ હોય છે કેમ કે ઘણા જીવોનો એકસરખો અધ્યવ. હોઇને તેમનું એક જ અધ્ય.સ્થા. થાય છે. આથી અનંતજીવો છતાં અધ્ય.સ્થા. અસંખ્ય છે. જેમ ૧ લા સમયના અધ્ય.સ્થા. અસંખ્ય લોકાકાશના પ્રદેશ પ્રમાણુ છે તેમ ૨જા-૩જા વગેરે દરેક સમયના અધ્ય.સ્થા. પણુ ઉત્તરોત્તર વધુ ને વધુ અસંખ્ય-લોકાકાશ પ્રદેશ પ્રમાણુ છે. વળી પૂર્વ પૂર્વના સમયના અધ્ય.સ્થા ઉત્તરોત્તર સમયના અધ્ય.સ્થા આવતા નથી કિન્તુ પૂર્વથી અન્ય જ આવે છે. કેમ કે આગળ વધતા જીવની વિશુદ્ધિ વધતી જાય છે. આથી જ ૧ લા સમયના જઘન્ય અધ્યવ. સ્થા.થી એ જ સમયનું ઉત્કૃષ્ટ અધ્ય.સ્થાન અનંતગુણુ વિશુદ્ધિવાળું

કહ્યું છે. ૧ લા સમયના એ ઉ. અધ્ય.સ્થાનથી બીજા સમયનું જ. અ સ્થાન અનંતગુણ-વિશુદ્ધ છે. તેનાથી એ જ બીજા સમયનું ઉ. અ. સ્થાન અનંત-ગુણવિશુદ્ધ છે એમ યાવત્ અપૂર્વકરણ ગુ.સ્થાના ચરમ સમય સુધી કહેવું.

આ ઉપરથી આપણે જોયું કે આ ગુ.સ્થાનના દરેક સમયમાં રહેલા જીવોના અધ્ય. સ્થા. અસં. લોકાકાશ પ્ર. પ્રમાણ છે.

અપૂર્વકરણ ગુણસ્થાનના ૧ લા સમયને એક સાથે સ્પર્શતા જીવોના અધ્યસ્થાનમાં પણ પરસ્પર જે તરતમતા છે તે ૬ પ્રકારની છે. કોઇ એક જીવના અધ્ય.સ્થાનથી એ જ સમયને સ્પર્શતા અન્ય જીવોમાંના કેટલાકના અધ્ય. અનંતભાગવૃદ્ધ કેટલાકના અસંખ્ય ભાગવૃદ્ધ, કેટલાકના સંખ્યાતભાગવૃદ્ધ, કેટલાકના સંખ્યાતગુણવૃદ્ધ, કેટલાકના અનંતગુણવૃદ્ધ અધ્ય. હોય છે. એટલે કે એક જીવની વિશુદ્ધિની અપેક્ષાએ કેટલાક જીવની વિશુદ્ધિ પણ જીવની વિશુદ્ધિથી અનંતમાભાગની જેટલી વધુ, કેટલાકની વિશુદ્ધિ એ જીવની વિશુદ્ધિની અસંખ્યાતભાગ જેટલી વધુ યાવત્ કેટલાક જીવની વિશુદ્ધિ એ જીવની વિશુદ્ધિથી અનંતગુણી વધુ જોવા મળે છે. આ રીતે આ ગુણસ્થાનના કોઇ પણ એક સમયમાં રહેલા અસં. અધ્ય. સ્થા.માં પરસ્પરની જીવ-વિશુદ્ધિ ઉપરોક્ત રીતે ષટ્સ્થાનપતિત હોય છે.

અહીં આ ૬ પ્રકારનું પરસ્પર તારતમ્ય હોવાથી જ આ ગુણસ્થાનને નિવૃત્તિ (તારતમ્ય) ગુણસ્થાન પણ કહેવાય છે.

૯. અનિવૃત્તિ બાદર સંપરાય ગુ.સ્થાનકે : આ ગુ સ્થા.માં એકીસાથે પ્રવેશતા જીવોની વિશુદ્ધિમાં અપૂર્વ ગુ.સ્થા.ની માફક વિશુદ્ધિનું તારતમ્ય નથી હોતું, માટે અનિવૃત્તિગુણસ્થાન કહેવામાં આવે છે. અહીં એક જ સમયના સઘળા જીવોની વિશુદ્ધિ એક સરખી હોવાથી સઘળાય જીવોનું એક જ અધ્ય.સ્થા. થાય છે.

પ્રથમ સમયના સઘળા જીવો બીજા સમયે સ્પર્શે છે ત્યારે તેમની બધાની વિશુદ્ધિ અનંતગુણ થઇ જાય છે. એટલે કે પહેલા

સમયથી બીજા સમયનું અધ્ય. સ્થા. બદલાય છે. પરંતુ ત્યાં ય બધાયની એક સરખી વિશુદ્ધિ છે; માટે પરસ્પરનું અધ્યવ. સ્થા. એક જ રહે છે. એટલે આ ગુ.સ્થાને જેટલા સમય તેટલા અધ્યવસ્થા. થાય છે. ૮ મા અને ૯ મા ગુણસ્થાનમાં આ મોટો તફાવત છે.

વળી આ ગુણસ્થાનને બાદર–સંપરાય ગુણસ્થાન પણ કહેવામાં આવે છે. કેમ કે અહીં બાદર એટલે સ્થૂલ કષાયનો ઉદય હોય છે. આગળ ૧૦મા ગુણસ્થાને લોભ કષાયની સૂક્ષ્મ કિટ્ટીઓ કરવાની છે, એની અપેક્ષાએ અહીં સ્થૂલ કષાયનો ઉદય હોય છે માટે આ ગુણસ્થાનને બાદર (સ્થૂલ) સંપરાય (કષાયોદય) કહેવામાં આવે છે.

જીવોના અધ્યવ.ની તરતમતાનો બે રીતે આપણે વિચાર કર્યો. એક તો એક સમયને સ્પર્શેલા જીવોના પરસ્પરના અધ્ય.ની તરતમતા વિચારી અને બીજું ઉપર ઉપરના સમયને સ્પર્શતા જીવોની પૂર્વપૂર્વ સમયની અધ્ય. વિશુદ્ધિની અપેક્ષાએ તરતમતા વિચારી. આમાંની પહેલી તિર્યગ્મુખી વિશુદ્ધિથી અને બીજી ઊર્ધ્વમુખી વિશુદ્ધિથી વિચારણા છે. ૮ મા ગુણસ્થાને બે ય પ્રકારની વિચારણા થઈ શકે છે, જ્યારે ૯ મા ગુણસ્થાને માત્ર ઊર્ધ્વમુખી વિશુદ્ધિથી વિચારણા થઈ શકે છે.

આ ૯ મા ગુણસ્થાને પણ ૮ મા ગુણસ્થાનની જેમ સ્થિતિઘાતાદિ પાંચે ય પ્રવર્તે છે.

અહીં ઉપશમ શ્રેણિવાળો જીવ મોહ. કર્મની ૨૧ માંથી સંજ્વ. લોભ સિવાયની ૨૦ પ્રકૃતિનો સર્વથા ઉપશમ કરી દે છે જ્યારે ક્ષપક શ્રેણિવાળો આત્મા એ ૨૦ પ્રકૃતિનો સર્વથા ક્ષય કરી દે છે. એટલે હવે માત્ર મોહ. કર્મમાંથી સંજ્વ. લોભનો ઉપશમ કે ક્ષય કરવાનું કાર્ય તેમને બાકી રહે છે.

૧૦. સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક : અહીં સંજ્વલન લોભ કષાયના સૂક્ષ્મ કિટ્ટીરૂપે કરી દીધેલા (સૂક્ષ્મ) અણુઓને જીવ ઉપશમાવી દે છે કે ક્ષીણ કરી દે છે. આ ગુણસ્થાને સૂક્ષ્મ લોભ કષાયનો ઉદય હોય છે. માટે આ ગુ.સ્થા. ને સૂક્ષ્મ સંપરાય (કષાયોદય)

કહેવાય છે. ક્ષપક અહીં શેષ રહેલ સંજ્વલન લોભનો સર્વથા ક્ષય કરે છે જ્યારે ઉપશામક સર્વથા ઉપશાન્ત કરે છે.

૧૧. ઉપશાન્તકષાય-વીતરાગ છદ્મસ્થ-ગુણસ્થાનક : આ ગુણસ્થાને જેણે ૨૧ય મોહનીયકર્મની પ્રકૃતિને ઉપશાન્ત કરી છે તે જ ઉપશમ શ્રેણિવાળા જીવો આવી શકે છે. ક્ષપકશ્રેણિ માંડનારા અહીં ન આવતા ૧૦ મેથી સીધા ૧૨ મે ગુણસ્થાને ચાલી જાય છે.

આત્માના જ્ઞાનાદિ ગુણોનો ઘાત કરનાર જ્ઞાનાવરણીયાદિ કર્મના ઉદયને 'છદ્મ' કહેવાય છે. ઘાતી કર્મના ઉદયવાળા જીવો છદ્મસ્થ કહેવાય છે. ૧૨મા ગુણસ્થાનના અંતિમ સમયે ઘાતી કર્મો નષ્ટ થાય છે, માટે ૧૨ ય ગુણસ્થાનના જીવો છદ્મસ્થ કહેવાય છે. એમાં ૧૦મા ગુણસ્થાન સુધી મોહનીય કર્મનો ઉદય હતો માટે ૧૦ ગુણસ્થાનના છદ્મસ્થ જીવો રાગી કહેવાય છે. ૧૦ માના અંતે મોહ. કર્મનો સર્વથા ઉપશમભાવ કે ક્ષીણભાવ થાય છે એટલે ૧૧મા-૧૨મા ગુણસ્થાને રાગ-દ્વેષનો ઉદયભાવ ન હોવાથી વીતરાગ બને છે. એથી ૧૧ મા ૧૨ મા ગુણસ્થાનના છદ્મસ્થ જીવને 'વીતરાગ છદ્મસ્થ' કહેવાય છે.

આમ આ બે ય ગુણસ્થાનના જીવો વીતરાગ-છદ્મસ્થ કહેવાય છે એટલે તેમનો ભેદ પાડવા ૧૧મા ગુણસ્થાનના વીતરાગ છદ્મસ્થને ઉપશાન્તકષાય વીતરાગ છદ્મસ્થ કહેવાય છે. કેમ કે તેમના આત્મામાં સત્તામાં પડેલા મોહ. કર્મને તેમણે સર્વથા ઉપશાન્ત કરી મૂક્યા છે. જ્યારે ૧૨ મા ગુણ.ના જીવોએ તે મોહ.કર્મના એક પણ કણિયાને સત્તામાં રહેવા જ નથી દીધું માટે તે વીતરાગ. છદ્મસ્થને ક્ષીણકષાય વીતરાગ-છદ્મસ્થ કહેવામાં આવે છે. આ રીતે આ બે ગુણસ્થાનના જીવોના વિશેષણભેદથી ભેદ પડી જાય છે.

આ ગુણસ્થા.ના જીવે સત્તામાં રહેલા સઘળા મોહ કર્મને સર્વથા ઉપશાન્ત કરી દીધું છે. એનો અર્થ એ છે કે એ કર્મ ઉપર સંક્રમણ ઉદ્વર્તનાદિ કરણો, વિપાકોદય કે પ્રદેશોદય કાંઈ પણ પ્રવર્તતું નથી

આ ગુણસ્થાન ઉપશમશ્રેણિએ ચડેલા જીવોને જ પ્રાપ્ત થાય છે, એટલે આ ગુ.સ્થાને સારી રીતે સમજવા માટે છેવટે ઉપ. શ્રેણિનું સંક્ષિપ્ત સ્વરૂપ પણ સમજી લેવું જોઈએ.

ઉપશમશ્રેણિ : ઉપશમ શ્રેણિનો આરંભક ૭મા ગુ.સ્થા.નો અપ્રમત્ત સંયત જ હોય છે. અને ઉપ. શ્રે. થી પડતા જીવો અપ્રમત્ત, પ્રમત્ત, દેશવિરત કે અવિરત પણ થાય છે. એટલે કે પડતા અનુક્રમે ૪થા સુધી જાય છે. અને ૪થે થી ૨ જે ગુ.સ્થાને પણ ચાલી જાય છે.

ઉપશમ શ્રેણિના બે અંશ છે. ઉપશમભાવનું સમ્યક્ત્વ અને ઉપશમભાવનું ચારિત્ર.

ચારિત્ર મોહ. કર્મની ઉપશમના કરતા પહેલા ઉપ. ભાવનું સમ્યક્ત્વ ૭ મે ગુણસ્થાને જ પ્રાપ્ત થાય છે કેમ કે દર્શનસપ્તક (દર્શન મોહની ૩+અનંતાનું ૪)ને ૭ મે જ ગુણસ્થાને ઉપશમાવે છે. આથી જ ઉપ. શ્રેણિનો આરંભક ૭મા ગુણસ્થાનનો અપ્રમત્તમુનિ કહ્યો છે. અન્ય આચાર્યો કહે છે કે, "અવિરતિ સમ્યગ્દૃષ્ટિ, દેશવિરત, પ્રમત્તસંયત કે અપ્રમત્તસંયત ગુ. સ્થાનમાને કોઈ પણ જીવ અનંતાનુ. ૪ કષાય ઉપશમાવી શકે છે અને દર્શનત્રિકને તો સંયમ-ભાવમાં જ ઉપશમાવી છે." આ મતે ૪ થા ગુણસ્થાનથી જ ઉપ. શ્રેણિના આરંભક કહી શકાય.

તેમાં પહેલા અનંતાનુબંધી ઉપશમાવે છે (મતાંતરે અનંતા.ની વિસંયોજન ૪થા થી ૭મા ગુ.સ્થા સુધીમાંનાં ગમે ત્યાં કરે છે) પછી અંતર્મુહૂર્તે દર્શનત્રિકની ઉપશમના કરે છે. આમ દર્શનસપ્તકનો ઉપશમ થઈ ગયા બાદ તે આત્મા પ્રમત્ત (૬ઠ્ઠા) અપ્રમત્ત (૭મા) ગુ. સ્થાને સેંકડો વાર આવજા કરે છે અને પછી અપૂર્વકરણ (૮મા) ગુ.સ્થાને ચડી જાય છે. અપૂર્વકરણની પૂર્વવર્તી (છેલ્લી) અપ્રમત્ત ગુણસ્થાનની તે આત્માની સ્પર્શનાને યથાપ્રવૃત્તકરણ કહેવાય છે.

૮મા અને ૯ મા ગુણસ્થાને એકેક અંતર્મુ. સુધી રહીને તે આત્મા પૂર્વોક્ત સ્થિતિઘાતાદિ પાંચ કાર્યો કરે છે. તેનાથી અશુભ

કર્મોની સ્થિતિ અને રસને ખૂબ ઘટાડી નાંખે છે. ૯માં અનિવૃત્તિ ગુ. સ્થાન સંખ્યાતા ભાગ જાય અને એક ભાગ શેષ રહે ત્યારે ચારિત્ર્ય મોહનીયની ૨૧ પ્ર. (૧૨ કષાય × ૯ નોકષાય)નું અંતકરણ (તે ૨૧ પ્ર.ના દલિકોદય વિનાની શુદ્ધભૂમિ) કરવાનું કાર્ય આરંભી દે છે. પછી ક્રમશઃ નપું. વેદ, સ્ત્રીવેદ, હાસ્યષટ્ક, પુરુષવેદ અપ્રત્યા. પ્રત્ય ક્રોધ, અપ્ર.પ્ર.માન, અપ્ર.પ્ર. માયા, સંજ્વલન માયા, ઉપશમાવે છે, જે સમયે અપ્ર.પ્ર. માયા ઉપશમે તે જ સમયે સંજ્વલન માયાના બંધ ઉદય. ઉદીરણાનો વિચ્છેદ થાય છે. એટલે ત્યાર પછીના સમયથી ૯ મા ગુ.સ્થા. વર્તી જીવ માત્ર સં. લોભનો વેદક થાય છે. અહીંથી લોભના ઉદયનો જેટલો કાળ છે તેના ૩ વિભાગ થાય છે.

૧. અશ્વકર્ણકરણાદ્ધા ૨. કિટ્ટીકરણાદ્ધા : ૩. કિટ્ટીવેદનાદ્ધા

જે કાળમાં સત્તામાં રહેલા રસસ્પર્ધકો ક્રમશઃ ચડતા ચડતા રસવાળા પરમાણુનો ક્રમ તોડયા સિવાય અત્યન્ત ઓછા રસવાળા થાય તે અશ્વકર્ણકરણાદ્ધા (અદ્ધા = કાળ) કહેવાય. આ અશ્વકર્ણકરણ કાળમાં વર્તતો જીવ અપૂર્વસ્પર્ધક કરે છે. પૂર્વે કદી પણ જેવા અલ્પ રસવાળા સ્પર્ધક થયા નથી તેવા અલ્પ રસવાળા સ્પર્ધકો અહીં થવાથી આ જીવ અપૂર્વસ્પર્ધક કરનારો કહેવાય છે.

૯મા ગુણસ્થાનના સંખ્યાતા ભાગ ગયા પછી જે એક અંશ બાકી રહ્યો છે, તેમાં બે કાર્ય થાય છે એક તો અપૂર્વ સ્પર્ધક કરવાનું અને બીજું સંજ્વ. લોભની સૂક્ષ્મ કિટ્ટી કરવાનું આ બે કાર્ય પૂરું થતાં જ ૯મું ગુણસ્થાન પૂર્ણ થાય છે.

અશ્વકર્ણકરણાદ્ધના કાળના અંતર્મુ.માં સમયે સમયે પૂર્વસ્પર્ધકમાની વર્ગણાઓને અનંતગુણહીન રસવાળી કરીને તેના અપૂર્વસ્પર્ધકો કરે છે. અહીં એટલું સમજવું કે સત્તામાં જે પૂર્વસ્પર્ધક રહેલા છે તે બધા અપૂર્વસ્પર્ધકરૂપે પણ રહે છે.

સંજ્વલન માયાના બંધાદિના વિચ્છેદ થયા પછી સમયન્યૂન બે આવલિકાકાળમાં સંજ્વલન માયાને ઉપશાન્ત કરી છે. અહીં અશ્વકર્ણકરણાદ્ધા પૂર્ણ થાય છે.

હવે એ આત્મા કિટ્ટીકરણાદ્ધામાં પ્રવેશ કરે છે. આ કાળમાં તે લોભની કિટ્ટી કરે છે.

કિટ્ટી એટલે વર્ગણાઓની વચ્ચે મોટું ગાબડું (અંતર) પાડી દેવું. અર્થાત્ પૂર્વસ્પર્ધક અને અપૂર્વસ્પર્ધકમાંથી પ્રથમ-દ્વિતીયાદિ વર્ગણાઓ ગ્રહણ કરીને તીવ્રવિશુદ્ધિના બળથી તેમને અનંતગુણહીન. રસવાળી કરીને, તે વર્ગણાઓના એક અધિક, બે અધિક, ત્રણ અધિક ઇત્યાદિ સ્વરૂપ ક્રમશઃ ચડતા ચડતા રસાણુના ક્રમને તોડી નાંખીને વર્ગણા વર્ગણાની વચ્ચે મોટું અંતર પાડી દેવું.

દા. ત., એક વર્ગણામાં અસત્કલ્પનાએ ૧૦૦, ૧૦૧, ૧૦૨ ઇત્યાદિ રસાણું છે તો તેમાંથી વિશુદ્ધિના બળથી રસ ઘટાડીને ૧૦, ૧૫ કે ૨૫ રસાણુ રાખવા તેને કિટ્ટી કહેવાય છે. અપૂર્વસ્પર્દ્ધકકાળે જે રસ હતો તેનાથી પણ અહીં અનંતગુણહીન રસ કરે છે. અને ચડતા ચડતા રસાણુનો ક્રમ તોડે છે. આમ, આ બે વસ્તુ અહીં બને છે

આ કિટ્ટીકરણકાળમાં પૂર્વ-અપૂર્વ-સ્પર્ધકોની અનંતી કિટ્ટીઓ થાય છે છતાં સત્તામાં કેટલાક પૂર્વ-અપૂર્વ સ્પર્ધકો પોતાના રૂપમાં પણ રહે છે. અર્થાત્ બધા પૂર્વ-પૂઅર્વ સ્પર્ધકોની કિટ્ટી થતી નથી.

કિટ્ટીકરણકાળના (૯ મા ગુ.સ્થાનના) ચરમ સમયે એકસાથે અપ્ર. પ્રત્યા. લોભને ઉપશમાવી દે છે. તથા સંજ્વલન લોભનો બંધ. વિચ્છેદ અને બાદર લોભનો ઉદય વિચ્છેદ થાય છે. હવે માત્ર સૂક્ષ્મ સંજ્વ. લોભનો ઉદય વર્તે છે.

તે વખતે આત્મા ૧૦મા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાને જાય છે. અહીં પ્રતિસમય પૂર્વે કરેલી કિટ્ટીમાંથી કેટલીક કિટ્ટીને ઉદય-ઉદીરણાથી ભોગવે છે અને કેટલીક કિટ્ટીને ઉપશમાવે છે, તથા સમયન્યૂન બે આવલિકાના કાળમાં બંધાએલા લોભના દલિકોને તેટલા જ કાળે શાન્ત કરી દે છે. આમ કરતો કરતો તે આત્મા એક અન્તર્મુ.ના ગુ. સ્થા.ના ચરમ સમયે પહોંચે છે. ત્યારે સૂક્ષ્મ સંજ્વ, લોભ સર્વથા શાન્ત થાય છે.

એટલે એ આત્મા ૧૧મા ઉપશાન્તકષાય વીતરાગ-છદ્મસ્થ ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે.

**પ્રશ્ન.** ૧૧મા ગુ.સ્થાની પ્રાપ્તિની સાધનામાં અપ્ર. પ્રત્યા. કષાયના ઉપશમની વાતો તમે કેમ કરી? કેમ કે તેનો ઉપશમ તો અનુક્રમે દેશવિરતિ-સર્વવિરતિપણું પ્રાપ્ત થતાં જ થઇ ગયો છે. કેમ કે તેના ઉપશમ વિના તો ક્રમશઃ દેશસર્વવિરતિ પ્રાપ્ત થઇ શકતી નથી? એટલે ઉપશમનો વળી શ્રેણિમાં ઉપશમ શેનો?

ઉ. દેશ-સર્વવિરતિ ભાવ પ્રાપ્ત થતાં ક્રમશઃ અપ્ર. પ્રત્યા. કષાયનો ક્ષયોપશમ થયો હતો. યદ્યપિ ક્ષયોપશમમાં પણ ઉદયગતનો ક્ષય અને સત્તામાં રહેલાનો ઉપશમ છે, પરન્તુ ત્યાં સર્વથા ઉપશમ નથી કેમ કે પ્રદેશોદય તો ચાલુ જ છે. જ્યારે શ્રેણિમાં એ કષાયોનો સર્વથા ઉપશમ થાય છે અર્થાત્ પ્રદેશોદય પણ રહેતો નથી.

**પ્ર.** જો સમ્યક્ત્વાદિ ભાવો પ્રાપ્ત થતાં અનંતાનું વગેરે કષાયોનો પ્રદેશોદય ચાલુ રહે તો તે સમ્યક્ત્વાદિ ગુણોનો ઘાત થઇ જાય? અનંતાનુ.નો ઉદય થતાં જ ઉપ.સ.ત્વી આત્મા ૪ થા ગુ.સ્થાનેથી પડી જાય છે તેમ પ્રદેશોદય વખતે કેમ ન બને?

ઉ. પ્રદેશોદય અત્યંત મંદ શક્તિવાળો હોવાથી ઉપરોક્ત દોષ સંભવતો નથી. મન્દશક્તિવાળો:-કર્મના પ્રદેશોનો ઉદય પોતાનાથી દાબી શકાય તેવા ગુણોનો ઘાત કરી શકતો નથી. મનઃપર્યવ સુધીના ૪ જ્ઞાનના સ્વામીઓને મતિજ્ઞાનાવરણાદિ કર્મનો વિપાકોદય પણ તેમના જ્ઞાનને દબાવવા સમર્થ બનતો નથી. મતિજ્ઞાનાવ. આદિ પ્રકૃતિ ધ્રુવોદયી છે એટલે ૧૨ મા ગુ.સ્થા.ના ચરમ સમય સુધી તેનો અવશ્ય ઉદય રહ્યા જ કરે. અહીં ઉદય પણ તે કર્મના પ્રદેશના ઉદયની વિવક્ષાથી નથી, કિન્તુ તે કર્મના રસના ઉદયની વિવક્ષાથી જ કહ્યો છે. પરન્તુ આ મતિજ્ઞાનાવરણાદિ કર્મનો રસોદય અતિ મંદ રૂપે હોવાથી તે મતિજ્ઞાનાદિ ગુણનો ઘાત કરી શકતો નથી. હવે મંદરસોદયવાળા કર્મ પણ જો ગુણ-ઘાત કરવા અસમર્થ બને છે તો પ્રદેશોદયથી અનુભવાતા અનંતાનુ. આદિ કર્મો તો ગુણ-ઘાત કરવા સુતરાં અસમર્થ

છે. તે તે પ્રકૃતિનો સ્વ-પરસ્વરૂપે અનુભવ કરવો તે તેનો રસોદય કહેવાય છે.

આ ઉપશાન્ત કષાય વીતરાગ છદ્મસ્થ-ગુણસ્થાને આત્મા ઓછામાં ઓછો ૧ સમય અને વધુમાં વધુ અંતર્મુ. સુધી રહી શકે છે. ત્યાર પછી ત્યાંથી અવશ્ય પડે છે. આ પતન બે રીતે થાય છે:

**૧. ભવક્ષયથી, ૨. કાલક્ષય (અદ્ધક્ષય)થી.**

તે ગુ.સ્થાને જ આયુષ્ય પૂર્ણ થઈ જતાં જે પતન થાય તે ભવક્ષયથી પતન કહેવાય. જેમ કોઈ આત્મા આ ગુ.સ્થાનને ૧ સમય. માત્ર સ્પર્શ્યો અને ત્યાં જ આયુ પૂર્ણ થઇ ગયું. આ આત્મા મૃત્યુ પામીને અનુત્તરવિમાનમાં દેવપણે ઉત્પન્ન થાય છે. ત્યાં એને ૪થું ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. એને મનુષ્યાયુના ચરમ સમય સુધી ૧૧મું અને દેવાયુના પ્રથમ સમયથી ૪થું ગુ.સ્થાન હોય છે.

આ રીતે મૃત્યુ પામનારની અપેક્ષાએ જ આ ગુણસ્થાનો ૧ સમયનો જઘન્યકાળ ઘટી શકે છે. જે તે ગુ.સ્થાનેથી મૃત્યુ દ્વારા પતન પામતો નથી તેનો તો એક અંતર્મુ. નો જ કાળ હોય છે.

જે આ ગુ.સ્થાનને મૃત્યુ ન પામે તે અંતર્મુ. સુધી ઉપશાન્તભાવની વીતરાગ અવસ્થાને ભોગવીને અવશ્ય પતન પામે છે. એ આત્મા જે ક્રમે ચડ્યો હોય છે તે જ ક્રમે પડે છે. પડતા અનુક્રમે ૭ મે-૬ ઠ્ઠે તો બધા આવે છે. જો ત્યાં સ્થિર ન થાય તો કોઈ આત્મા ૫ મે ગુ.સ્થાને પણ આવે અને કોઈ વળી ૪ થે પણ આવે ત્યાંથી કોઈ ૩ જે થઇને ૧ લે પણ જાય અથવા બીજે ગુ.સ્થા.ને થઈને પહેલે જાય.

એક ભવમાં વધુમાં વધુ બેવાર ઉપશમશ્રેણિ પ્રાપ્ત થઇ શકે છે. જે આત્મા એક ભવમાં બેવાર ઉપ શ્રેણિ માંડે છે તે આત્મા તે જ ભવમાં ક્ષપકશ્રેણિ માંડી શકતો નથી. અને એક ભવમાં એક જ વાર ઉપ.શ્રેણિ માંડનાર આત્મા તે જ ભવમાં ક્ષપકશ્રેણિ ઉપર ચઢી શકે છે.

આમ એક ભવમાં ૧ ઉપ.શ્રેણિ અને ૧ ક્ષપકશ્રેણિ અથવા બે ઉપ.શ્રેણિ પ્રાપ્ત થઇ શકે છે એવું કાર્મગ્રન્થિકો માને છે. જ્યારે સૈદ્ધાન્તિકોનું કહેવું છે કે એક ભવમાં એમાંથી ગમે તે એક જ શ્રેણિ પ્રાપ્ત થઈ શકે છે.

સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી પલ્યોપમ પૃથક્ત્વ (બે થી નવ પલ્યો.) જેટલી મોહનીયકર્મની સ્થિતિ ઓછી થાય ત્યારે દેશવ. પ્રાપ્ત થાય, પછી સર્વવ. ઉપ.શ્રેણિ અને ક્ષપકશ્રેણિમાંના દરેકની પ્રાપ્તિ વખતે સંખ્યાતા સંખ્યાતા સાગરોપમની સ્થિતિનો ઘટાડો જરૂરી બને છે.

એટલે જે આત્મા દેવ કે મનુષ્ય ભવમાં સમ્યક્ત્વથી ન પડે તો એમાંથી એક શ્રેણિ વિના યથાયોગ્ય બધુ પ્રાપ્ત કરી શકે છે. અન્યત્ર પણ કહ્યું છે કે, "જે ભવમાં ઉપ.શ્રેણિ માંડી હોય તે ભવમાં ક્ષપકશ્રેણિ માંડી શકાય નહિ.

## ૧૨. ક્ષીણકષાય-વીતરાગછદ્મસ્થ-ગુણસ્થાનક:

સર્વથા જેના કષાયો નષ્ટ થયા છે તે મહાત્મા ક્ષીણકષાય કહેવાય. 'ક્ષીણકષાયવીતરાગ' ગુ.સ્થાન એટલું જ કહે તે તો તેવા તો ૧૩મા ગુ.સ્થાનના કેવલિભગવંત પણ છે. એટલે તેટલું જ ન કહેતાં 'છદ્મસ્થ' શબ્દ ઉમેર્યો. 'ક્ષીણકષાય છદ્મસ્થ' જ કહે તે તો તેવા તો ૯-મા ૧૦-મા ગુ.સ્થાનવાળા પણ છે કેમ કે તે ગુણસ્થાને ક્ષપકશ્રેણિથી આવેલા આત્માઓએ ત્યાં કેટલાક કષાયનો ક્ષય કર્યો છે. આ દોષ દૂર કરવા 'વીતરાગ' શબ્દ મૂક્યો. 'વીતરાગછદ્મસ્થ' જ કહે તો તેવા તો ૧૧મા ગુ.સ્થા.વાળા આત્મા પણ છે માટે ક્ષીણ-કષાય' પદ મૂક્યું.

આ ગુણસ્થાને ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થયેલા આત્મા જ આવી શકે છે. એટલે ક્ષપકશ્રેણિનું સ્વરૂપ જોઈ લઈએ.

**ક્ષપકશ્રેણિ:** ઉત્તરોત્તર વર્ધમાન અધ્યવસાયથી આત્મા દર્શન મોહ. કર્મનો અને પછી ચારિત્ર મોહ.નો સર્વથા ક્ષય કરે તે ક્ષપકશ્રેણિ કહેવાય. તેના બે અંશ છે:

૧. ક્ષાયિકભાવનું સમ્યક્ત્વ, ૨. ક્ષાયિકભાવનું ચારિત્ર.

આ ક્ષપકશ્રેણિનો આરંભ માત્ર મનુષ્ય કરી શકે છે. તે પણ (૧) ૮ વર્ષથી અધિક ઉંમરનો (૨) ૧ લા વજ્રઋષભ નારાચ સંઘયણવાળો (૩) શુદ્ધ ધ્યાનયુક્ત મનવાળો (૪) ૪ થી ૭માંના કોઈ પણ ગુ.સ્થાને વર્તતો (૫) ક્ષયોપ. સમ્યક્ત્વી હોવો જોઈએ.

આ શ્રેણિના આરંભક જો ૭ મા ગુ.સ્થાનવર્તી આત્મા હોય અને જો તે પૂર્વધર હોય તો શુક્લધ્યાનયુક્ત હોય અને પૂર્વધર ન હોય તો ધર્મધ્યાનયુક્ત હોય.

ઉપરોક્ત ૪ થી ૭ માંના કોઈ પણ ગુણસ્થાને વર્તતો આત્મા યથાપ્રવૃત્તકરણ અપૂર્વકરણ – અનિવૃત્તિકરણ – એમ ૩ કરણ વડે પહેલાં અનંતાનુ. ૪ કષાયનો ક્ષય કરે છે. પછી ક્રમશઃ મિથ્યાત્વ, મિશ્ર, સમ્યક્ત્વ – મોહ.નો ક્ષય કરે છે.

ક્ષપકશ્રેણિનો આરંભ કરનારા જીવો બે પ્રકારના હોય છે. શ્રેણિકાદિ જેવા બદ્ધ – આયુવાળા અને બીજા અબદ્ધ આયુવાળા.

તેમાં જો આયુષ્ય કર્મ નિકાચિત કરી દીધા પછી (બદ્ધાયુ) શ્રેણિનો આરંભ કરે તો તે આત્મા અનંતાનું. ૪ કષાયનો ક્ષય કરી દઈને જો મૃત્યુનો સંભવ હોવાથી ત્યાં જ અટકી પડે તો કયારેક મિથ્યાત્વ મોહ. કર્મનો ઉદય થઈ જતાં ફરી અનંતાનુ. કર્મ બાંધે. કેમ કે તેણે અનંતાનુ. કર્મબંધના બીજરૂપ મિથ્યાત્વ મોહનો હજી નાશ કર્યો નથી.

પરંતુ અનંતાનુ.નો ક્ષય કરીને વર્ધમાન પરિણામે જે બદ્ધાયુ જીવ મિથ્યાત્વમોહ.નો પણ ક્ષય કરી નાંખે તેને હવે બીજનાશ થતાં અનંતાનુ.નો ફરી બંધ થવાનો નથી. આમ, જે જીવ અનંતાનુ.નો ક્ષય કરીને અથવા દર્શનસપ્તકનો ક્ષય કરીને અપતિત પરિણામે મરણ પામે તો અવશ્ય વૈમાનિક દેવ થાય અને પતિત પરિણામે તો ચારે ય ગતિમાં જાય. બદ્ધાયુ આત્મા દર્શનસપ્તકનો ક્ષય કરી દીધા પછી જો મૃત્યુ ન પામી જાય તો પણ તે ચારિત્રમોહ.નો ક્ષય કરવાનો ઉદ્યમ કરતો નથી.

પ્રશ્ન. – દર્શનસપ્તકનો ક્ષય કરનાર આત્મા સમ્યક્ત્વી કે અસમ્યક્ત્વી કહેવાય? મિથ્યાત્વમોહ.ના શુદ્ધ પૂંજના ઉદયથી સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. હવે તે પૂંજનો તો ક્ષય થઈ ગયો એટલે સમ્યક્ત્વ પણ નષ્ટ થયું. એટલે તેને સમ્યક્ત્વી કેમ કહેવાય? વળી, મિથ્યાત્વ-મિશ્રમોહ. ભાવનાનો પણ ઉદય નથી કેમ કે તેના બે ય પૂંજનો પણ ક્ષય થઈ ગયો છે માટે તેને અસમ્યક્ત્વી પણ કેમ કહેવાય?

ઉત્તર. કેફે ન ઉત્પન્ન કરે એવા કશાએલા કોદરા જેવા કે જેની અંદરથી મિથ્યાત્વભાવ નષ્ટ થયો છે. એવા મિથ્યાત્વના પુદ્ગલો કે જે પુદ્ગલો તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ જીવનસ્વભાવને આવરતા નહિ હોવાથી ઉપચારથી સમ્યગ્દર્શન કહેવાય છે તેનો જ ક્ષય થાય છે. પરન્તુ તત્ત્વાર્થની શ્રદ્ધારૂપ જે આત્મપરિણામ તે રૂપ જે સમ્યગ્દર્શન તેનો ક્ષય થતો નથી. મનુષ્યની આંખ આડે આવેલ શુદ્ધ અભરખ સમાન સમ્યક્ત્વમોહ.ના પુદ્ગલોનો ક્ષય થવાથી શુદ્ધ સ્વરૂપ પ્રકાશે છે. માટે જ દર્શનમોહ.નો ક્ષય થવાથી આત્મા સમ્યગ્દષ્ટિ કહેવાય છે.

હવે જેણે આવતા ભવનું આયુ. બાંધ્યું નથી તે અબદ્ધાયુ આત્મા ક્ષપકશ્રેણિ માંડે તો તે દર્શનસપ્તકનો ક્ષય કરીને પરિણામથી પતન પામ્યા વિના જ ચારિત્રમોહનીય કર્મ ખપાવવા માટે યત્ન કરે છે. ચા.મોહ.નો ક્ષય કરવા માટે તે અપૂર્વાદિ ૩ કરણ કરે છે. જેમાં અપ્રમત્ત ગુણસ્થાનક યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ ગુણસ્થાન અપૂર્વ-કરણરૂપ અને અનિવૃત્તિગુણસ્થાન અનિવૃત્તિકરણરૂપ બને છે.

અપૂર્વકરણ ગુણસ્થાને સ્થિતિઘાતાદિ વડે અપ્ર.પ્રત્યા. એ આઠેય કષાયનો એવી રીતે ક્ષય કરે કે અનિવૃત્તિકરણના પહેલે સમયે પલ્યો.ના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ સ્થિતિ રહે. અનિવૃત્તિકરણના સંખ્યાતા ભાગ જાય ત્યારે સ્ત્યાનર્ધિત્રિક આદિ ૧૬ પ્રકૃતિને ઉદ્વલના સંક્રમ વડે ખપાવતા ખપાવતા પલ્યો.ના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ સ્થિતિ થાય. ત્યાર પછી તેઓને સમયે સમયે ગુણસંક્રમ વડે બધ્યમાન પ્રકૃતિમાં સંક્રમાવતા સંક્રમાવતા સંપૂર્ણપણે ક્ષય થાય. જો કે અપ્ર.-પ્રત્યા. કષાયાષ્ટકને ક્ષય કરવાની શરૂઆત પહેલાં જ કરી હતી પરન્તુ

હજી તેનો ક્ષય થયો નથી, વચમાં જ પુર્વોક્ત ૧૬ પ્ર.ને ખપાવી નાંખે છે. ત્યાર બાદ અંતર્મુ. કાળે એ કષાયાષ્ટકને ખપાવે છે. (અહીં મતાંતર પણ છે.)

આમ ૮ કષાય અને ૧૬ પ્રકૃતિનો ક્ષય કર્યાં પછી અંતર્મું.માં નવનો કષાય અને સંજ્વલન ચતુષ્ક એ ૧૩ પ્રકૃતિનું અંતરકરણ કરે છે. ત્યાર બાદ દ્વિતીય સ્થિતિમાં રહેલાં નપું. વેદના દલિકને ઉદ્વલના સંક્રમથી એવી રીતે ઉકેલે કે અંતર્મું. કાળે પલ્યો.ના અસંખ્યાતમાં ભાગ પ્રમાણુ સ્થિતિ શેષ રહે, ત્યાર પછી તેનો ગુણસંક્રમ વડે બધ્યમાન પ્રકૃતિમાં સંક્રમાવતા સંક્રમાવતા અંતર્મું. કાળે સંપૂર્ણ ક્ષય થાય.

જો નપું. વેદે શ્રેણિ માંડી હોય તો પ્રથમ સ્થિતિના દલિકને ભોગવીને ક્ષય કરે છે. અને જો નપું. વેદે શ્રેણિ ન માંડી હોય તો આવલિકા માત્ર પ્રથમ સ્થિતિને વેદ્યમાન પ્રકૃતિમાં સ્તિબુકસંક્રમ વડે સંક્રમાવી દૂર કરે છે.

આ રીતે નપું. વેદનો સત્તામાંથી નાશ કરીને આ જ ક્રમે સ્ત્રીવેદને અંતર્મું.માં નષ્ટ કરે છે. ત્યાર બાદ ૬ નોકષાયને એકીસાથે ક્ષીણ કરવાનો આરંભ કરે છે. આની સાથે જ સત્તાગત નોકષાયના દલિકોને પુ. વેદમાં ન સંક્રમાવતા સંજ્વલન ક્રોધમાં સંક્રમાવે છે. ૬ નોકષાયનો પણ પૂર્વોક્ત વિધિએ ક્ષય થતાં થતાં અંતર્મું.કાળે સર્વથા ક્ષય થાય છે. તેનો ક્ષય થતાં જ પુરુષવેદના બંધ–ઉદય–ઉદીરણાનો વિચ્છેદ થાય છે અને સમયન્યૂન બે આવલિકાળમાં બંધાયેલ દલિક છોડી શેષ સંપૂર્ણ દલિકો પણ ક્ષય થાય છે. પુ. વેદનો ઉદય વિચ્છેદ થયા પછી આત્મા અવેદિ થાય છે. આ બધું પુરુષવેદના ઉદયે શ્રેણિ માંડનારને આશ્રયીને સમજવું.

જો નપું. વેદના ઉદયે શ્રેણિ માંડે તો પહેલાં સ્ત્રી. નપું. વેદને એકસાથે ખપાવે. તે બેનો ક્ષય થતાની સાથે જ પુ.વેદનો બંધ વિચ્છેદ થાય, ત્યાર પછી સમયન્યૂન બે આવલિકાકાળે પુરુષવેદ અને હાસ્યષટ્કનો એકસાથે ક્ષય થાય છે.

સ્ત્રીવેદના ઉદયે શ્રેણિ માંડે ત્યારે પ્રથમ નપું. વે.નો, પછી સ્ત્રીવેદનો ક્ષય કરે. તેની સાથે જ પુરુ વેદનો વિચ્છેદ થાય પછી પુરુષ-વેદ અને હાસ્યષટ્કનો એકસાથે ક્ષય થાય. પછી ક્રોધાદિનો ક્ષય કરવાનો યત્ન કરે. (ક્રોધાદિની ક્ષપણા અંગેનું વિવેચન કર્મપ્રકૃતિ સંગ્રહમાંથી જોઈ લેવું. (૧૦મા ગુણસ્થાનના ચરમ સમય પર્યન્ત સંજ્વ. લોભના દલિકોને ઉદયથી ભોગવીને સર્વથા નષ્ટ કરે અને તે ચરમ સમયે જ્ઞાનાવ. ૫, દર્શના. ૪, યશકીર્તિ, ઉચ્ચગોત્ર અંતરાય ૫ – એ ૧૬ કર્મપ્રકૃતિનો બંધ વિચ્છેદ થાય અને મોહનીય કર્મના ઉદયનો અને તેની સત્તાનો સર્વથા વિચ્છેદ થાશે. ત્યાર પછીના સમયે આત્મા ૧૨મા ક્ષીણકષાય વીતરાગ–છદ્મસ્થ ગુ સ્થાને આવે.

આ ગુ.સ્થાનના સંખ્યાતા ભાગ જાય અને એક ભાગ શેષ રહે ત્યારે જ્ઞાનાવ. ૫, દર્શના ૪, અંતરાય ૫, અને નિદ્રાદ્વિક એ ૧૬ પ્ર. ની સત્તાગત સ્થિતિને સર્વાપવર્તના વડે અપવર્ત્તીને, હવે આ ગુ.સ્થાના બાકીના કાળ જેટલી બાકી રાખે. માત્ર નિદ્રાદ્વિકની સ્થિતિ સ્વરૂપની અપેક્ષાએ સમયન્યૂન રાખે છે. સામાન્યથી કર્મસ્વરૂપે તો તુલ્ય છે કેમ કે દ્વિચરમ સમયે તેની સ્વરૂપ સત્તાનો નાશ થાય છે. પરન્તુ જેની અંદર સ્તિબુકસંક્રમથી તે સંક્રમે છે તે રૂપે છેલ્લા સમયે પણ તેની સત્તા હોય છે. હજી આ ગુ.સ્થાનનો કાળ અંતર્મું. બાકી છે. અહીંથી માંડીને પૂર્વોક્ત ઘાતીકર્મની પ્રકૃતિઓમાં સ્થિતિઘાતાદિ થતા નથી, શેષ કર્મમાં થાય છે. નિદ્રાદ્વિક વિનાની તે સોળ કર્મ-પ્રકૃતિને ઉદય ઉદીરણા વડે ભોગવતો ત્યાં સુધી જાય કે તેઓની સમયાધિક આવલિકા માત્ર સ્થિતિ રહે.

ત્યાર પછીના સમયે ઉદીરણા પણ બંધ થાય. માત્ર ઉદયાવલિકા જ શેષ રહે. તેને ઉદય વડે જ અનુભવતો ક્ષીણ મોહ ગુ સ્થાનકના દ્વિચરમ સમયપર્યન્ત જાય, દ્વિચરમ સમયે નિદ્રાદ્વિકનો સ્વરૂપ સત્તાની અપેક્ષાએ ક્ષય થાય અને ૧૪ પ્ર.નો ચરમ સમયે ક્ષય થાય. ત્યાર પછીના સમયે ચારે ઘાતીકર્મનો સર્વથા ક્ષય થયો હોવાથી કેવલી થાય.

**સયોગી કેવલિ ગુણસ્થાનક :** મન–વચન–કાયા વડે જેમની વીર્યપ્રવૃત્તિ થતી હોય તેઓ સયોગી કહેવાય. આ ગુ.સ્થાને ઘાતીકર્મનો સર્વથા ક્ષય થઇ ગયો હોવાથી કેવળજ્ઞાન–કેવળ દર્શનાદિ ગુણ પ્રગટ થાય છે. માટે આ ગુ સ્થા.ના પરમાત્માને 'કેવલિ' કહેવાય છે.

તેમનો કાય–યોગ વિહાર અને નિમષ–ઉન્મેષાદિમાં પ્રવર્તે છે, વાગ્યોગ દેશનાદિમાં અને મનોયોગ અનુત્તરવાસી દેવના સંદેહનું સમાધાન આપવામાં પ્રવર્તે છે. આવા મનાદિયોગવાળા કેવલીભગવંતનું ગુણસ્થાનક તે સયોગી કેવલી ગુ.સ્થાન. કહેવાય છે.

જેને અંતર્મુ.નું આયુષ્ય બાકી હોય તે જ વખતે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય તો તે ૧૩મું ગુ.સ્થાન એક અંતર્મુ. સુધી જ રહે એટલે જઘન્યથી આ ગુ.સ્થાનનો કાળ ૧ અન્તર્મુ.નો ગણાય. અને પૂર્વકોટિ વર્ષના આયુવાળા ગર્ભમાં સાત માસ રહીને ઉત્પન્ન થયા પછી આઠ વરસની ઉંમર થયા બાદ કેવળ–જ્ઞાનદર્શન પ્રગટ કરે તેમને આશ્રયીને દેશોન પૂર્વકોટિનો ઉ.કાળ ગણાય.

પોતાનું જેટલું આયુ અવશેષ છે તેનાથી અધિક સ્થિતિવાળા વેદનીય નામ અને ગોત્ર રૂપ ૩ અઘાતી કર્મની સ્થિતિને આયુષ્યની સ્થિતિ સમાન કરી દેવાનો જે યત્ન તે સમુદ્ઘાત કહેવાય છે. તે સમુદ્ઘાત કરવાની ઇચ્છાવાળા સઘળા કેવલી પહેલા પ્રથમ આયોજિકાકરણ કરે છે.

આ = મર્યાદા, યોજિકા = વ્યાપાર; કરણ = ક્રિયા.

કેવલીની દૃષ્ટિરૂપ મર્યાદાથી અત્યન્ત પ્રશસ્ત એવા મનાદિનો જે વ્યાપાર તે આયોજિકાકરણ કહેવાય. જો કે કેવલી મહારાજનો યોગનો વ્યાપાર પ્રશસ્ત જ હોય છે છતાં અહીં એવી વિશિષ્ટ યોગપ્રવૃત્તિ થાય છે કે જેની પછી સમુદ્ઘાત અથવા યોગના નિરોધરૂપ ક્રિયાઓ થાય છે.

કેટલાક આચાર્યો આયોજિકાકરણને આવર્જિતકરણ કે આવશ્યકરણ પણ કહે છે. સમુદ્ઘાત તો તેઓ જ કરે છે, જેમની આયુકર્મની સ્થિતિથી વેદનીય નામ–ગોત્ર–કર્મની સ્થિતિ વધુ હોય છે, તેમને જ તે સ્થિતિને કાપીને આયુની સ્થિતિ સમાન કરવાની રહે છે. જેમને

એ ચારેય કર્મની સ્થિતિ સમાન જ હોય તેમને તો સમુદ્ઘાત કરવાનો હોતો નથી. પરંતુ આ આયોજિક રહે તો દરેક કેવલીભગવંતો અવશ્ય કરે છે માટે તેને આવશ્યકરણવાળા કેવલી સમુદ્ઘાત કરે છે જ્યારે બીજા કેવલીઓ યોગનિરોધ કરે છે.

આ સમુદ્ઘાત પણ અન્ત.મુ઼ં આયુ શેષ રહે ત્યારે જ કરવામાં આવે છે. મતાંતરે ૬ માસનું આયુ શેષ રહે ત્યારે સમુદ્ઘાત કહ્યો છે પરંતુ તે મતનું યુક્તિઓથી ખંડન કરીને પ્રસ્તુત મતને જ સ્થિર કરવામાં આવ્યો.

પ્ર. શું એવો જ નિયમ છે કે કેવલીને વેદનીયાદિ કર્મોથી આયુષ્યકર્મની સ્થિતિ ઓછી જ હોય? શું એમ ન બને કે ક્યારેક કેવલી-મહારાજને વેદનીયાદિ કર્મોથી આયુષ્ય કર્મની સ્થિતિ વધુ પણ હોય! જો તેમ હોય તો સમુદ્ઘાત કેવી રીતે કરે?

ઉ. નહિ. વેદનીયાદિની સ્થિતિથી આયુની સ્થિતિ તેમને વધારે હોઇ શકે જ, તેમાં જીવસ્વભાવ જ કારણ છે એટલે હવે આયુષ્યની સ્થિતિને કાપવાનો અને તેને વેદનીયાદિની સ્થિતિની સમાન બનાવવાનો પ્રશ્ન જ રહેતો નથી. જેમ આયુષ્યકર્મ સમયે સમયે નથી બંધાતું જ્યારે જ્ઞાનાવ. આદિ ૭ ય કર્મ સામાન્ય પ્રતિસમય બંધાય છે તેમાં જીવસ્વભાવ જ કારણ છે તેમ પ્રસ્તુતમાં પણ સમજવું.

આયોજિકાકરણ કર્યા પછી ઉપરોક્ત કારણે જેમને સમુદ્ઘાત કરવાની જરૂર પડે છે તે તે કેવલી ભગવાન સમુદ્ઘાત કરે છે.

સમુદ્ઘાત : સમ = ફરી વાર ઘાત ન કરવો પડે તેવી રીતે,
ઉત = અધિકતાથી
ઘાતે = વેદનીયાદિ કર્મનો વિનાશ.

જે ક્રિયાવિશેષમાં થાય તે ક્રિયાને સમુદ્ઘાત કહેવામાં આવે છે. આ સમુદ્ઘાતનો કાળ પૂરા ૮ સમયનો હોય છે.

૧ લા સમયે-આત્મા જાડાઈ વડે પોતાના શરીર પ્રમાણ અને લંબાઈમાં ઊર્ધ્વ અધો લોકાન્ત-૧૪ રાજલોક પ્રમાણ લાંબા દંડરૂપ-રૂપે ફેલાઈ જાય છે.

૨ જા સમયે-ફેલાયેલા તે આત્મપ્રદેશોને પૂર્વ-પશ્ચિમ અથવા ઉત્તર-દક્ષિણ દિશામાં ફેલાવી દઈને કપાટ રૂપે બને છે.

૩ જા સમયે બાકી રહેલી બે દિશામાં લોકપર્યન્ત ફેલાઈ જઈને મંથાન (રવૈયા) રૂપે બને છે.

૪ થા સમયે-હવે ખાંચાખૂંચાવાળો લોકનો જે અસંખ્યાતમો ભાગ બાકી રહ્યો છે ત્યાં પણ તે ફેલાઈ જાય છે. આમ એ આંતરા (વિદિશાના) પૂરી દઈને આ ૪ થા સમયે આત્મા ૧૪ રાજલોક વ્યાપી બની જાય છે.

હવે ઊલટી ક્રિયા થતી જાય છે.

૫ મા સમયે-આંતરાના ભાગમાંથી પાછો નીકળી જાય છે અને મંથનરૂપે રહે છે.

૬ ઠ્ઠા સમયે- બે દિશા છોડી દઈને કપાટ રૂપે રહે છે.

૭ મા સમયે- કપાટ સ્વરૂપ ફેલાવો સંહરી લઈને દંડરૂપે રહે છે અને

૮ મા સમયે-દંડસ્વરૂપ ફેલાવો સંહરી લઈને શરીરમાં સ્થિર થઈ જાય છે.

આ રીતે અષ્ટસામયિક સમુદ્ઘાત કરીને કેવલિ ભગવંત આયુષ્યની અંતર્મું. સ્થિતિ પ્રમાણ વેદનીયાદિ ૩ ય કર્મની સ્થિતિ કરી દે છે.

યોગનિરોધ : જે કેવલિ ભગવંતો સમુદ્ઘાત કરે છે કે તેઓ સમુદ્ઘાત કર્યા પછી અને જે કેવલિ ભગવંતોને ૪ અઘાતી કર્મની સ્થિતિ સમાન હોવાથી આયોજિકાકરણ કર્યા પછી સમુદ્ઘાત કરવાનો નથી. તે બધા ય અંતર્મું. આયુ શેષ રહેતાં યોગનિરોધ કરે.

આ યોગનિરોધથી લેશ્યાનો નિરોધ થાય છે અને યોગ નિમિત્તે થતા બંધનો (શાતવેદ. રૂપ) નાશ થાય છે.

૧૩ મા ગુણસ્થાનવર્તી કેવલિભગવંત સલેશ્ય અને સંયોગી કહેવાય છે. યોગનિરોધ થતાં ૧૪ મા ગુ.સ્થાને તેઓ અલેશ્ય અને અયોગી બને છે.

જો પ્રતિસમય યોગ ચાલુ રહે તો યોગનિમિત્તક કર્મબંધ પણ ચાલુ રહે, તેમ થતાં કદાપિ કોઈનો મોક્ષ થાય નહિ માટે યોગનિરોધ અનિવાર્ય છે.

યોગનિરોધની ક્રિયા કરતાં સયોગી કેવલિ પરમાત્મા પહેલા બાદર-કાયયોગના બળથી બાદર-વચનયોગનો નિરોધ કરે છે. તે પછી અંતર્મુ. સુધી તે જ અવસ્થામાં સ્થિર રહીને બા. કાયયોગના બળથી બા. મનોયોગનો નિરોધ કરે છે. આ બેય વચન મનોયોગના નિરોધ માટે બા. કાયયોગ એ અવલંબન લેવા માટે વીર્યવાન આત્માનું ઉત્કૃષ્ટ સાધન (કરણ) મનાયું છે.

હવે બા. મનોયોગનો નિરોધ કર્યા પછી અંતર્મુ. સુધી એ જ સ્થિતિમાં રહીને ઉચ્છ્વાસ-નિઃશ્વાસને અંતર્મુ.માં રોકે છે. ત્યાર બાદ અંતર્મુ. સુધી એજ સ્થિતિમાં રહીને સૂક્ષ્મ કાયયોગના બળથી બા.કા. યોગનો નિરોધ કરે છે. કેમ કે જ્યાં સુધી બાદરયોગ હોય ત્યાં સુધી સૂક્ષ્મયોગનું રૂંધન થઈ શકતું નથી. (કેટલાક બા.કા. યોથી જ બા.કા. યોનું રૂંધન રહે છે.)

ત્યાર બાદ સૂક્ષ્મ કા.યોથી અંતર્મુ.માં સૂ.વ.યો.નો નિરોધ કરે છે. પછી અંતર્મુ. સુધી તે જ અવસ્થામાં રહે છે. ત્યાર બાદ સૂ.કા. યો.થી મૂ.મનોયોગ રૂંધે છે. પછી અંતર્મુ. તદવસ્થ રહે છે. ત્યાર બાદ સુ.કા યો.ને અંતર્મુ.માં રોકે છે. તે સુ.કા.યો.ને રોકવાની ક્રિયાને આત્મા સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી નામના શુક્લધ્યાનના ત્રીજા પાયા ઉપર આરૂઢ થાય છે.

આ ધ્યાનના બળથી શરીરના વદન-ઉદરાદિના પોલાણ ભાગ પુરાઈ જાય છે અને શરીરના એક ભાગમાંથી આત્મ-પ્રદેશો સંકોચાઈ-જઈને શરીરના બે ભાગમાં સ્થિર થાય છે.

સયોગી કેવલિ ગુ.સ્થાનના ચરમ સમયે જે કર્મો સત્તામાં રહ્યા છે તે બધાની સ્થિતિ ૧૪મા અયોગીગુણસ્થાનના કાળ જેટલી જ રહે છે. માત્ર જે પ્રકૃતિનો અયોગીગુણસ્થાને ઉદય નથી તેમની સ્થિતિ સ્વરૂપ સત્તા આશ્રયીને ૧ સમય ન્યૂન રાખે છે. સત્તાકાળ આશ્રયીને સામાન્યતઃ દરેક પ્ર. નો કાળ અયોગી ગુ.સ્થા જેટલો જ હોય છે.

આ ૧૩ મા ગુણસ્થાનના ચરમ સમયે સૂક્ષ્મક્રિયા અપ્રતિઘાતી ધ્યાન, સયળી કિટ્ટી (જેનું વર્ણન શાસ્ત્રગ્રન્થમાંથી જોઈ લેવું.)

શાતાવેદ.નો બંધ, નામ–ગોત્રકર્મની ઉદીરણા, યોગ; શુક્લલેશ્યા, સ્થિતિઘાત, રસઘાત, એ સાતે ય પદાર્થનો એકસાથે નાશ થાય છે. ત્યાર પછીના સમયે આત્મા અયોગી કેવલિ થાય છે, જેને ૧૪મું ગુણસ્થાન કહેવામાં આવે છે.

**૧૪. અયોગીકેવલી ગુણસ્થાનક :** સૂક્ષ્મ કે બાદર કોઈ પણ પ્રકારના મન–વચન કે કાયાના યોગ વિનાના કેવલિ-ભગવતનું જે ગુ.સ્થાનને અયોગીકેવલિ ગુ સ્થાન કહેવાય. આ ગુ.સ્થાને રહેલા આત્મા કર્મોનો ક્ષય કરવા માટે વ્યુપરત–ક્રિયા અનિવૃત્તિ નામના શુક્લધ્યાનના ૪ થા પાયા ઉપર આરૂઢ થાય છે.

સ્થિતિઘાતાદિ કોઈ પણ યત્ન વિનાના આ પરમાત્મા જે કર્મોનો અહીં ઉદય છે. તેમનો ભોગ દ્વારા ક્ષય કરે છે અને જે કર્મોનો અહીં ઉદય નથી તેમને વેદ્યમાન પ્રકૃતિમાં સ્તિબુકસંક્રમ વડે સંક્રમવતા અથવા સ્તિ. સં.વડે વેદ્યમાન પ્રકૃતિરૂપે અનુભવતા ત્યાં સુધી જાય કે અયોગી અવસ્થાનો દ્વિચરમ સમય આવે. તે દ્વિચરમ સમયે દેવદ્વિક આદિ પ્રકૃતિનો સ્વરૂપસત્તાને આશ્રયીને નાશ કરે. કેમ કે ચરમ સમયે અનુભવાતી પ્રકૃતિમાં તે પ્રકૃતિમાંઓ સ્તિ.સં.થી સંક્રમી જાય છે.

જેનો ઉદય છે તે શાતા કે અશાતામાંની એક વેદનીય, મનુ. જાતિ, મનુ. આનુપૂર્વી, મનુષ્યાયુ, પંચેન્દ્રિય જાતિ, ત્રસ, સુભગ, આદેય,

યશ, પર્યાપ્ત, બાદર, જિનનામ, ઉચ્ચગોત્ર એ ૧૩ પ્રકૃતિની સત્તાનો ચરમ સમયે વિચ્છેદ થાય છે. મતાંતરે મનુષ્યાનુપૂર્વીનો ચરમ સમયે ઉદય ન હોવાથી દ્વિચરમસમયે નાશ થાય છે.

તેમનું કહેવું એ છે કે "જે પ્રકૃતિનો ઉદય હોય તેને. સ્તિ.સં. થતો નથી, તેથી તે પ્ર.ના દલિક ચરમ સમયે સ્વરૂપે સત્તામાં દેખાય છે. અને તેથી તે પ્ર.નો ચરમ સમયે વિચ્છેદ થાય તે પણ બરાબર છે. પરન્તુ જે પ્ર. નો ચરમ સમયે ઉદય ન હોય તેના દલિક ચરમ સમયે સ્વરૂપે સત્તામાં કયી રીતે હોઇ શકે? ૪ આનુપૂર્વી ક્ષેત્રવિપાકી પ્ર. હોવાથી વિગ્રહગતિમાં જ તેનો ઉદય હોઈ શકે છે. ભવસ્થને તેના ઉદયનો સંભવ નથી. એટલે અયોગીના દ્વિચરમ સમયે જ તેની સ્વરૂપ સત્તાનો નાશ થાય છે."

આ મતે દ્વિચરમ સમયે ૭૩ પ્રકૃતિઓની અને ચરમ સમયે ૧૨ પ્રકૃતિની ઉદય અને સત્તાનો નાશ થાય છે.

ત્યાર પછી શિંગના બંધમાંથી છૂટા થવા રૂપ સહકારી કારણથી ઉત્પન્ન થયેલ સ્વભાવથી જેમ એરંડી ઊંચે જાય છે તેમ ભગવાન પણ કર્મના સંબંધથી મુક્ત થવા રૂપ સહકારી કારણથી ઉત્પન્ન થયેલ સ્વભાવ વિશેષથી ઊંચે લોકના અંતે જાય છે. ઋજુ (સીધી) શ્રેણિ વડે જતો આત્મા જેટલો આકાશપ્રદેશને અવગાહીને અહીં રહેલો છે, તેટલા જ આકાશપ્રદેશને ઊંચે જતા પણ અવગાહે તો ૧ જ સમયમાં-૧૪ ગુણસ્થાનના ચરમ સમય પછીના જ સમયે લોકના અંતે પહોંચી સ્થિર થઈ જાય છે. આ આત્મા લોકાન્તથી આગળ જઈ શકતો નથી કેમ કે અલોકમાં ગતિસહાયક દ્રવ્ય ધર્માસ્તિકાય નથી.

સિદ્ધશિલાની ઉપરના ભાગમાં ગયેલા તે ભગવાન શાશ્વતકાળ પર્યન્ત એ જ સ્થિતિમાં રહે છે. ફરી ક્યારે પણ સંસારમાં આવતા નથી કે જન્મ-મરણ પામતા નથી, કેમ કે સંસારના બીજભૂત રાગ અને દ્વેષથી જ આત્માનો મોક્ષ-પર્યાય નષ્ટ થઈ શકે પરંતુ આ પરમાત્માએ તો તે રાગ-દ્વેષના બીજને બાળીને ખાખ કરી દીધું

છે. સર્વથા નષ્ટ થયેલા તે રાગાદિ ફરી ઉત્પન્ન થઈ શકતા નથી. કેમ કે રાગ-દ્વેષની ઉત્પત્તિનું કારણ છે મોહનીયકર્મના પુદ્ગલો. આને તો તે પરમાત્માએ આત્માની ઉપર સર્વથા રહેવા દીધા નથી. તેનો પુદ્ગ.નો બંધ ત્યારે જ થાય જ્યારે જીવ સંક્લેશભાવ પામે. સિદ્ધ-ભગવંતો સર્વથા સંક્લેશ મુક્ત બન્યા છે. માટે જ તેઓ અનંતકાળ પર્યન્ત તે જ સ્થિતિમાં રહે છે.

૮ ય કર્મોના આવરણનો નાશ થવાથી તેમનામાં આઠ અક્ષય-ગુણો (પૂર્વે કહ્યા છે તે) ઉત્પન્ન થાય છે. વસ્તુતઃ તે અનંત-ગુણના સ્વામી છે. કેમ કે અનંત દોષોનો તેમણે વિનાશ કર્યો છે.

અચરમાવર્તકાળથી માંડીને ચરમાવર્તકાળની અંતિમ સિદ્ધાવસ્થા સુધીનું વિવેચન અહીં પૂર્ણ થાય છે.

# વિરતિ–ધર્મ

# [૧૨]

આમ ૧૪ ગુણસ્થાનનું સ્વરૂપ વિચારી આપણે સમ્યક્ત્વ-ધર્મના હેતુભૂત માર્ગાનુસારિતાનો ભાવ વગેરે વિચાર્યા તેની સાથે સમ્યક્ત્વનું સ્વરૂપ પણ જોયું. હવે સમ્યક્ત્વના કાર્યરૂપ ધર્મને વિચારશું અને પછી આ વિવેચન પૂર્ણ કરશું.

સમ્યક્ત્વનું કાર્ય વિરતિરૂપ ધર્મ છે. આ ધર્મ બે પ્રકારે છે. દેશવિરતિ અને સર્વવિરતિરૂપ ધર્મ.

વિરતિ-ધર્મ એટલે હિંસાદિ સાવદ્યયોગથી વિરામ પામી જવું એટલું જ નહિ કિંતુ હિંસાદિ સાવદ્યયોગની પ્રતિજ્ઞાપૂર્વક વિરામ પામવું તે છે.

એટલે હિંસા ન કરવી, જૂઠું ન બોલવું, ચોરી ન કરવી વગેરે ધર્મ નથી કિંતુ હિંસા ન કરવાની, જૂઠું ન બોલવાની, ચોરી નહિ કરવાની ઇત્યાદિ પ્રતિજ્ઞા કરવી તે ધર્મ છે. જ્યાં સુધી પાપ-કાર્યની પ્રતિજ્ઞા કરવામાં ન આવે ત્યાં સુધી પાપ-કાર્ય ન કરવામાં આવે તો પણ પાપ-કર્મબંધ થયા જ કરે છે. આથી જ શ્રી જિનશાસનમાં 'કરે તે બાંધે' એટલો જ નિયમ નથી કિન્તુ 'ન કરે તે ય બાંધે' તેવો પણ નિયમ છે.

પ્રતિજ્ઞા વિનાના જીવનને અવિરતિનું જીવન કહેવાય છે. કર્મબાંધ થવામાં મિથ્યાત્વ-અવિરતિ-કષાય અને યોગ એ ૪ કારણો છે. ૧ લા ૩ ગુણસ્થાને આ ૪ ય બારણાં ખુલ્લાં હોવાથી કર્મબંધ ચાલે છે, ૪ થા ગુણસ્થાને મિથ્યાત્વનું બારણું બંધ થતાં બાકીનાં ૩ થી કર્મનો પ્રવાહ ધસ્યો આવે છે.

૫ મા ગુણસ્થાને અવિરતિનું બારણું અડધું બંધ થાય છે. ૬ઠ્ઠા ગુણસ્થાને અવિરતિનું આખું બારણું બંધ થતાં કષાય અને યોગના

ખુલ્લા બારણેથી કર્મો ધસ્યાં આવે છે. ઠેઠ ૧૦ મા ગુણસ્થાન સુધી આ સ્થિતિ ચાલુ રહે છે. ૧૧-૧૨-૧૩ મા ગુણસ્થાને કષાયનું બારણું બંધ હોવાથી માત્ર યોગ પ્રત્યયિક કર્મબંધ થાય છે અને ૧૪ મા ગુણસ્થાને અયોગી ભગવાનને યોગ ન હોવાથી તે બંધ પણ થતો નથી.

૫ મા વગેરે ગુણસ્થાને વિરતિધર્મ પ્રાપ્ત થાય છે. માટે નીચેના ૪ ગુણસ્થાને પાપ ન કરે તો પણ પાપની અપ્રતિજ્ઞારૂપ અવિરતિને અંગે તો જોરદાર કર્મબંધ ચાલુ જ રહે છે.

પ્ર. પ્રતિજ્ઞા ન કરે પણ મનથી પાપ ન કરવાનું નક્કી કરી લે પછી પણ કર્મબંધ ચાલુ રહે ?

ઉ. હા. મનથી જ નક્કી કરવાની તૈયારી હોય તો તે પ્રતિજ્ઞા લેતાં કેમ અચકાય ? તે જ સૂચવે છે કે કસોટીની પળે પાપ સેવવાની તૈયારી છે.

પ્ર. બટાટાની પ્રતિજ્ઞા ન કરે અને ખાય નહિ તો પછી બટાટા ખાધાનું પાપ શી રીતે લાગે ?

ઉ. આ અવિરતિનું પાપ છે. ભલે બટાટા જિંદગીમાં ક્યારે ય ન ખાય છતાં તેની પ્રતિજ્ઞા ન કરનારને એવી સંભાવના તો ઊભી જ છે ને કે ગમે ત્યારે, ગમે ત્યાં, ગમે તે બટાટો તે ખાઈ શકે તો છે જ ! જેને પ્રતિજ્ઞા છે તે તો બેધડક કહેશે કે મારે તેવી કોઈ સંભાવના જ નથી. જ્યારે મનથી નક્કી કરનારો તેવી સંભાવનાનો ઇન્કાર કરી શકતો નથી.

પ્ર. સંભાવના હોય તેથી શું ? ખાતો તો નથી ને ?

ઉ. ન ખાવા છતાં લાખો ટન બટાટામાંના ગમે તે બટાટા ખાવાની સંભાવના છે માટે જ તે પાપ બાંધે છે.

આ વાતને દાખલાઓથી વિચારીએ.

(૧) ભાડાનું ઘર છે. ભાડુઆત ૧ વર્ષ માટે બીજે રહેવા જાય છે. ભાડાના આ ઘરને તાળું વાસી દે છે, કોઈને સોંપતો નથી.

પોતે તેમાં કાયાથી રહેતો નથી, વાણીથી રહેવાનું બોલતો નથી અને મનથી ત્યાં રહેવાનો તે વર્ષ માટે વિચાર પણ કરતો નથી. છતાં તેણે મકાન માલિકને ભાડું ભર્યા કરવું પડે ને? ન રહેવા છતાં રહેવાની સંભાવના ઊભી રાખી છે માટે રહેવાથી જેમ ભાડું ભરવું પડે તેમ ન રહેવાથી પણ ભાડું ભરવું જ પડે.

(૨) તમે ઇલેક્ટ્રિક લાઈટ લીધી. આખા મહિનામાં બિલકુલ વાપરવામાં ન આવે તો પણ અમુક રકમ તમારે ભરવી જ પડે.

(૩) શત્રુંજયની તળેટીએ પાંચ હજાર માણસનો સંઘ ચૈત્યવન્દન કરી રહ્યો છે. એ વખતે પર્વત ઉપરથી એક ચિત્તો છલાંગ મારતો દોડી આવે તો પાંચે પાંચ હજાર માણસ નાસભાગ કરે કે બે-ચાર માણસ? શું ચિત્તો પાંચે પાંચ હજારને ઘાયલ કરવાનો કે મારી નાખવાનો છે? બહુ બહુ તો ૪-૫ માણસને મારશે. છતાં બધા ય કેમ નાસભાગ કરે છે? એનું સમાધાન એ જ છે કે ચિત્તો ૪-૫ ને જ ઘાયલ કરવાનો હોવા છતાં કયા ૪-૫ ને ઘાયલ કરશે તેનું કાંઈ નિશ્ચિત નથી હોતું એટલે દરેકના મનમાં એમ જ થાય છે કે, "સંભવ છે એ ૪-૫ માં જ મારો નંબર લાગી જાય!" આમ સંભાવનાની રૂએ બધા ય નાસી જાય છે.

આજે લોકો સરકાર પાસેથી પ્રાઈઝ-બોન્ડ ખરીદે છે. લાખ માણસમાંથી હજાર-દોઢ હજારની જ લોટરી લાગે છે છતાં લાખ માણસ તે બોન્ડ લે છે તેમાં પોતાની લોટરી લાગી જવાની સંભાવનાની કલ્પના સિવાય બીજું શું કારણ છે?

એટલે જ્યાં સુધી પાપની પ્રતિજ્ઞા નથી ત્યાં સુધી તે પાપની સંભાવના તો ઊભી જ રહે છે અને તેથી જ તે 'અવિરતિ' ને લીધે પાપ કર્મબંધ થયા જ કરે છે.

જો આમ ન હોય તો આપણા કરતાં નિગોદાદિના જીવો પહેલાં જ મોક્ષે ચાલ્યા જવા જોઈએ. એ રીતે આપણે પણ નિગોદમાંથી સીધા જ મોક્ષે ગયા હોત. આ જગતમાં ત્રસ જીવો હોત જ નહિ.

કેમ કે એ નિગોદાદિના જીવો બારે મોટો ધર્મ કરે છે. તેઓ હિંસા, જૂઠ-ચોરી-મૈથુન વગેરે પાપો ક્યાં સેવે છે? 'હિંસા વગેરે પાપ ન કરવાં' એ જ અહિંસા-સત્ય--અસ્તેયાદિ ધર્મ બની જાય. તો તો નિગોદમાંથી જ સીધા મુક્તિપુરીમાં જવાનું સુલભ થઇ જાય. પરંતુ તે જીવો સીધા મુક્તિમાં જતા નથી એ જ વાત બતાવી આપે છે કે, 'હિંસા ન કરવી' એ જ અહિંસા-ધર્મ નથી કિન્તુ હિંસા ન કરવાની પ્રતિજ્ઞા કરવી એ જ અહિંસા-ધર્મ છે. આવો પ્રતિજ્ઞારૂપ ધર્મ તે જીવોને નથી માટે જ તેઓ તે અવિરતિના નિમિત્તે ઘોર પાપ-કર્મનું ઉપાર્જન કરતા રહે છે.

વળી જો હિંસા ન કરવી એ જ ધર્મ હોય તો તો હિંસા કરનાર કસાઈ પણ સ્વર્ગે જશે. કેમ કે ભલે તે રોજ સો જીવોની હિંસા કરતો હોય છતાં વિશ્વમાં રહેલા બાકીના કરોડો જીવોની હિંસા તો નથી જ કરતો ને?

આથી તેને પણ હિંસાનું પાપ રાઈના દાણા જ જેટલું થશે અને હિંસા ન કરવા રૂપ ધર્મ તો પહાડ જેટલો થઇ જશે. પહાડ જેટલો ધર્મ રાઈના દાણા જેટલા પાપને તો ક્યાંય કચડી ન નાંખે? આવા આત્માને પણ સ્વર્ગાદિ મળી જાય તો હિંસા વગેરે કરવામાં પણ નારકાદિનો ભય ક્યાં રહ્યો?

સહુ કોઇ માને છે કે કતલખાનાને રાજીખુશીથી ચલાવનારા એ કસાઈઓ કદી સ્વર્ગે જાય નહિ. આર્યદેશમાં એવા બધા પાપ-ધંધાઓનો જોરશોરથી વિરોધ થતો જ આવ્યો છે.

માટે જ માનવું પડશે કે હિંસાદિ ન કરવા માત્રથી ધર્મ નથી કિન્તુ હિંસાદિ નહિ કરવાની પ્રતિજ્ઞાથી જ ધર્મ છે.

આ ઉપરથી ખ્યાલ આવશે કે આપણા જીવનમાં જેનો કદી પણ ઉપયોગ કરતા નથી તેવી અઢળક વસ્તુઓ નહિ સેવવાની પ્રતિજ્ઞા કરી લેવામાં ન આવે તો તે બધાયની અવિરતિનું પાપ સતત ચાલુ રહે અને તેથી પ્રતિજ્ઞાસમય ઘોર કર્મબંધ પણ ચાલુ જ રહે.

બટાટા નહિ ખાનારે, સિનેમા નહિ જોનારે, રાત્રે નહિ ખાનારે, પરદેશ કદાપિ નહિ જનારે, લીલોતરી નહિ ખાનારે, તેની તેની પ્રતિજ્ઞા ન કરી હોય તો તે બધું ય પાપ ચાલુ જ રહે છે કેમ કે પ્રતિજ્ઞાવિહોણો જીવ તે પાપ ગમે ત્યારે કરવાની છૂટવાળો (સંભાવનાવાળો) છે એ જ એનો ઘોર અપરાધ છે.

આવા વગર મફતના પાપોથી વિરામ પામી જવા માટે દેશાવગાશિક નામનું ૧૦મું શિક્ષાવ્રત (જેને આપણે ૧૪ નિયમ ધારવાનું કહીએ છીએ તે) રોજ આદરવું જ જોઈએ.

વંદિત્તા સૂત્રમાં સર્વસાવદ્ય પાપોના સંક્ષિપ્ત પ્રતિક્રમણ રૂપ 'પડિસિધ્ધાણ કરણે'....ગાથામાં નિષિદ્ધને કરવાનું પાપ કહ્યું છે તેમ વિહિતને નહિ કરવાનું પણ પાપ કહ્યું છે.

પ્ર. પ્રતિજ્ઞાથી લાભ શું ?

ઉ. ઉપર જણાવ્યો તે અવિરતિ દૂર થવાનો મોટો લાભ પ્રતિજ્ઞાથી જ થાય છે. વળી પ્રતિજ્ઞા કરવાથી મન ઉપર બહુ જ સારો કાબૂ સહજ રીતે આવી જાય છે.

જે માણસ પ્રતિજ્ઞા (વિરતિ) સ્વીકારતો નથી અને મનથી નક્કી કરે છે તેને અવસરે મન ઉપર કાબૂ રાખવાનું અતિશય મુશ્કેલ કાર્ય બની જાય છે. બનતાં સુધી તો તે વખતે તે માણસ મન ઉપરથી પોતાનો કાબૂ ખોઈ જ બેસે છે અને પાપ કાર્ય સેવી નાંખે છે. જ્યારે પ્રતિજ્ઞાવાળા માણસને તે પાપ સેવવાનો વિચાર પણ આવતો નથી.

દા. ત., એક માણસ રાત્રે ખાય છે પરન્તુ સદ્ગુરુના ઉપદેશથી તેણે રાત્રિભોજનની પ્રતિજ્ઞા કરી. આ પ્રતિજ્ઞા કરવાથી રાત્રે ખાવાના વિચારો સૂર્યાસ્ત થતાં પહેલાં જ મરવા પડે છે. અને વધુમાં વધુ સૂર્યાસ્ત થતાં સુધીમાં તો એ વિચારો મરી જ પરવારે છે. આખી રાતમાં ગમે ત્યારે તેને ખાવાનો વિચાર જ થતો નથી.

હવે આ પ્રતિજ્ઞા જો અમુક મુદતની હોય તો તે મુદત પૂરી થઇ ગયા પછી તે માણસ ફરી પ્રતિજ્ઞા ન લે અને હવે મનથી નક્કી કરી રાખે કે, 'હવે રાતે ખાવું જ નથી.' તો પણ તે ક્યારેક મન ઉપરનો કાબૂ ગુમાવી જ બેસશે અને રાત્રે ખાઇ જ લેશે.

આ ઉપરથી એક બીજી પણ વાત ફલિત થાય છે તે પ્રતિજ્ઞા દ્વારા જો કાયાને કાબૂમાં લઇ લેવામાં આવે તો મન કાબૂમાં આવી જાય છે.

જેને મન કાબૂમાં લેવું હોય તેણે કાયાને જ કાબૂમાં લેવી પડશે.

કોઇ માણસ મોઢું ન ખોલતો હોય તો તેનું મોં ખોલાવવા નાક બંધ કરવું પડે, પ્રકાશ જોઇતો હોય તો દીવો પકડવો પડે, તેમ મનના નિયંત્રણ માટે કાયાને કાબૂમાં લેવી પડે.

આની ઉપર આપણા રોજિંદા વ્યવહારમાં દેખાતો જ દાખલો લઈએ.

૧ માણસ દર પક્ષે એક ઉપવાસનું વ્રત કરે છે. પણ બીજે દિવસે સવારે થાકી જાય છે, એકદમ નબળો પડી જાય છે. પરન્તુ પર્યુષણના દિવસોમાં જો તે મન મજબૂત કરી લઇને એકસાથે આઠ ઉપવાસનું પચ્ચ. કરી લે છે તો બીજે દિવસે જરાય નબળો થયેલો દેખાતો નથી. અરે ૫-૫ દિવસ સુધી તેના મોં ઉપર ઉગ્ર તપની અસર દેખાતી નથી.

આ જ હકીકત સૂચવે છે કે કાયાના નિયન્ત્રણથી મન ઉપર સજ્જડ નિયન્ત્રણ આવી જાય છે. જેમ જેમ કાયાના નિયન્ત્રણમાંથી છૂટવાની મુદતની નજદીક આવતા જવાય છે તેમ તેમ મન ઉપરની પક્કડ પણ આપોઆપ ઢીલી પડતી જાય છે અને મન ખાવા-પીવાના વિચાર કરવા લાગી જાય છે.

૧ ઉપવાસની પ્રતિજ્ઞા ૧૮ કલાક સુધી મન ઉપર કાબૂ જમાવી શકે છે, પછી તે પક્કડ ઢીલી પડે છે. કેમ કે મન જાણે છે કે હવે ૪ કલાકમાં આ નિયન્ત્રણમાંથી મુક્તિ મળવાની છે અને ૮ ઉપવાસની

પ્રતિજ્ઞાવાળાનું મન ૫-૬ દિવસ સુધી સ્વસ્થ રહી શકે છે, ત્યાર બાદ નિયન્ત્રણ મુક્તિનો કાળ નજદીક આવતાંની જાણ થતાં તે ઢીલું પડવા લાગે છે.

એટલે આપણે એક સિદ્ધાન્ત બાંધી શકીએ કે કાયાની વિરતિમાં મનની વિરતિ બહુ જ સુલભ થઈ જાય છે.

જો કે અહીં એ વાતનો ખ્યાલ રાખવો જ કે વસ્તુને છોડવાની પ્રતિજ્ઞા માત્રથી મુક્તિપદ અફર બની જતું નથી. કિન્તુ જેમ વસ્તુ છોડી તેમ વસ્તુ ઉપરનો રાગ પણ છોડવો જ જોઈએ. વસ્તુ હોય કે ન હોય પરન્તુ જો તેની ઉપર રાગ-ભાવ ન હોય તો અવશ્ય મુક્તિપદ પ્રાપ્ત થાય છે.

પરન્તુ મનનો રાગ-ભાવ છોડવા માટે કાયાથી વસ્તુનો સંગ છોડવો આવશ્યક બની જાય છે. માટે વસ્તુનો રાગ ટાળવા વસ્તુ છોડવાની પ્રતિજ્ઞા કરવી જ રહી. રાગભાવને દૂર કરવા માટે આ જ રાજમાર્ગ છે.

અનંતા આત્માઓ બાહ્ય સંગત્યાગરૂપ વિરતિમાર્ગના આ રાજ-માર્ગેથી પસાર થઇને મુક્તિપદ પામ્યા ત્યારે આંગળીના વેઢે ગણી શકાય તેટલા જૂજ આત્માઓ બાહ્ય સંગ ત્યાગ્યા વિના રાગભાવને ટાળીને મુક્તિપદ પામ્યા અને બાકીના અનંતાનંત બાહ્ય સંગવાળા આત્માઓ મનુષ્યજીવન-ધર્મશ્રવણ પામીને પણ રાગભાવને ટાળી ન શક્યા અને સંસારમાં રવડી ગયા.

કેવલિ ભગવંતોની નજર સામે આ પરિસ્થિતિ હતી, માટે જ તેઓએ મુક્તિનાં માર્ગ તરીકે બાહ્ય સંગત્યાગરૂપ વિરતિમાર્ગને--પ્રતિજ્ઞાપૂર્વકના સાવદ્ય વ્યાપારના ત્યાગને 'ધર્મ' રૂપે કહ્યો.

આજે કેટલાય અજ્ઞાની કહે છે કે, "બાહ્ય સંગ ત્યાગ્યા વિના પણ ભરત વગેરે મુક્તિપદ પામ્યા છે માટે મહાવ્રતપ્રતિજ્ઞા કે અણુવ્રત પ્રતિજ્ઞારૂપ સર્વવિરતિ-દેશવિરતિ જીવનની શી જરૂર છે ? સંસારમાં રહીને પણ જો રાગનાશ થયો છે તો તેમ જ કેમ ન કરવું ?"

અંતરની ભોગ લાલસાઓ જ જીવનોનાં જીવનોને ખતરામાં ઉતારી જ દે તેવા અભિપ્રાયો ઉચ્ચારવામાં આવે છે. અનંતા બાહ્ય-સંગીમાંથી બે-પાંચને મુક્તિ મળી, બાકીના બધા ડૂબી ગયા છતાં એ બે-પાંચનો દાખલો લઈને અનંતા ડૂબી ગયા એ ન જોઈને સંસારમાં રહીને ધર્મ કરવાની વાતો કઈ બુદ્ધિથી કરતા હશે એ જ સમસ્યા છે!

એવાઓને તો અગ્નિમાં ઝંપલાવવામાં ય વાંધો નહિ આવે કેમ કે ભલે અગ્નિમાં અનંતા સળગી ગયા હોય પણ સીતાજી વગેરે સતીઓએ તો મોજ માણી હતી માટે આ સતિયાઓ પણ એમનું જ દૃષ્ટાન્ત લેશે ને?

ભલે અનંતા જીવો ઝેર ખાઈને મર્યા હોય પણ બે-પાંચ તો બચ્યા હશે માટે એમનો જ દાખલો લઈને એ ય ઝેર ખાવા તૈયાર થશે ને?

ભલે નાગાઓને દુનિયા ધિક્કારતી હોય પણ કેટલાય નગ્નને તો દુનિયા પૂજે છે ને? માટે તેમનો જ દાખલો લઈને તેઓ કપડાં ઉતારી જ નાંખશે તેમ લાગે છે.

ભલે લાખો ખુદાબક્ષો વગર પૈસે મુસાફરી કરવાથી પકડાઈ ગયા હોય કે ખૂનીઓ ખૂન કરીને ફાંસીને માંચડે ચડયા હોય પણ કેટલાક તો તેમાંથી ઉગરી પણ ગયા છે. માટે તેમનો જ દાખલો લઈને તેઓ પણ એવું જ તોફાન કરે તો ય નવાઈ નહિ. કેમ કે આ લોકો વ્યવહારને તો માનતા જ નથી. (વસ્તુતઃ તો શુભ વ્યવહારને જ માનતા નથી.)

એટલે ખૂન વગેરે કરવાનો વ્યવહાર નિર્લેપ ભાવે કરે તો તેમને તો મુક્તિપદ જ મળે છે ને? ગમે તેની મા-બેટી ઉપર બળાત્કાર કરે કે પોતાના તેવા સ્વજનો ઉપર બળાત્કાર કરે તો ય નિર્લેપ ભાવે તેઓ કરવાનું કહે એટલે તે અવસ્થામાં ય મુક્તિપદ હથેલીમાં આવીને પડી જાય!

અસ્તુ. એવા પામરોની વાતોથી સર્યું! શ્રી જિનેશ્વરદેવે તો પોતાના કેવળજ્ઞાનના પ્રકાશમાં મન ઉપરના વિરાગ–ભાવને પ્રાપ્ત કરવા મનનું નિયન્ત્રણ અનિવાર્ય જોયું પણ તે માટે કાયાના નિયન્ત્રણ વિના ચાલી નથી શકતું તેવો રાજમાર્ગ જોયો અને આપણને જણાવ્યો.

માટે હવે બહુ જ સારી રીતે નિશ્ચિત થાય છે કે મનની રાગ રોષભાવની વિરતિ વિના મુક્તિ નથી. એની સાથે એ વાત પણ નિશ્ચિત થાય છે કે મનની વિરતિ કાયાની વિરતિ વિના શક્ય નથી.

રાજ્ય–વ્યવહારમાં પણ તે તે પક્ષના પૂરેપૂરા વફાદાર માણસોને ય તે તે હોદ્દો સ્વીકારતી વખતે વફાદારીના સોગંદ લેવા પડે છે. પછી તે સરદાર, મોરારજી કે નહેરુ કાં ન હોય! તે વખતે તે તે અધિકારી પુરુષો જે ધર્મ પાળતા હોય તે ધર્મનું વિશિષ્ટ પુસ્તક હાથમાં રાખવું પડે છે. ખ્રિસ્તી હોય તો હાથમાં બાઈબલ રાખીને, મુસલમાન હોય તો કુરાન રાખીને, હિન્દુ હોય તો ગીતા રાખીને કે જૈન હોય તો કલ્પસૂત્ર રાખીને સોગંદ લે છે. કોર્ટોમાં કે ઈન્કમટેક્ષ ઓફિસોમાં પણ કેટલીક વાર આ રીતે ધર્મગ્રન્થ પકડાવીને, તેની સાથે સઘળા પ્રશ્નોના ઉત્તર આપવાનું જણાવવામાં આવે છે.

આમ દેવ–ગુરુની સાક્ષીએ વિરતિ (પાપવ્યાપાર નિવૃત્તિ)ની સોગંદ (પ્રતિજ્ઞા) વિધિ કરાય ત્યારે જ તે તે વસ્તુની અવિરતિનો માનવજીવનમાંથી અસ્ત થયો ગણાય.

શ્રી જિનશાસનમાં માત્ર મનના રાગ–રોષ વિનાની માનસિક વિરતિને જ જણાવવામાં આવી નથી. કિન્તુ વાણી અને કાયાના અશુભ વ્યાપારોની વિરતિને પણ એટલું જ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આથી જ સર્વ સાવદ્ય યોગાદિની પ્રતિજ્ઞાનું ઉચ્ચારણ કરતાં માત્ર 'मणेणं'' ન કહેતાં તેની સાથે 'वायाए काएणं'' પણ કહ્યું જ છે.

દેશ–પ્રતિજ્ઞા કરનારાઓને પણ મનાદિ ૩ યોગની યથાયોગ્ય પ્રતિજ્ઞા હોય જ છે.

પ્ર. પાંચે ય ઇન્દ્રિય પોતપોતાના જે વિષયોનું ગ્રહણ કરે છે તેમાં જે કર્મસંબંધ થાય છે તેમાં મુખ્ય કારણ તો તે તે વિષયમાં રાગ-દ્વેષ રૂપે પરિણમતું મન જ છે, તો પછી મનથી જ પ્રતિજ્ઞા કેમ ન કરવી ? 'वायाए काएण' કહેવાની શી જરૂર ?

ઉ. પાંચ ઇન્દ્રિય અને મન એ બન્નેને કર્મબંધના પૃથક્ પૃથક્ કારણ તરીકે એટલા માટે જણાવ્યાં છે કે પાંચ ઇન્દ્રિયોના શબ્દાદિ વિષયોમાં ઇન્દ્રિયની પ્રવૃત્તિ વિના વિકલ્પ માત્રથી પણ જીવ કર્મબંધ કરે છે. આ અંગે શાસ્ત્રમાં તન્દુલ-મત્સ્યની વાત આવે છે કે એ મત્સ્ય માત્ર મનના રૌદ્રપરિણામથી જ ૭મી નારકનું આયુ નિકાચિત કરે છે.

જેમ આ રીતે એકલું મન પાપ કરી શકે છે અને તેથી જ મનની શુદ્ધિ વિના કાયાના શુદ્ધ વ્યાપારો પણ નિષ્ફળ કહ્યા છે, તેમ એ પણ સમજી રાખવી કે કાયાની શુદ્ધ-પ્રવૃત્તિ વિના મનની શુદ્ધિ પ્રાયઃ અશક્ય છે. એટલે મન અને વચન-કાયા બધાયની શુદ્ધિ અનિવાર્ય બની રહે છે. માટે એ ૩ ય ના સાવદ્યયોગની પ્રતિજ્ઞા આવશ્યક બની છે.

આજે કેટલાક કહે છે કે 'ખાવા-પીવામાં, કે ભોગ ભોગવવામાં અમને કશું પાપ લાગતું નથી કેમ કે અમારું મન એકદમ શુદ્ધ છે, એને ખાવા-પીવામાં કશો રાગ નથી. દેહ અને આત્માની ભિન્નતાનું વિવેકજ્ઞાન જે મનને થઇ જાય છે તે મન ખાતાં-પીતા જાણે છે કે એ તો કાયા ખાય છે, આત્મા નહિ, ઇત્યાદિ.' આ બધી વાતો છવલેણ ભોગ-લાલસામાંથી જન્મ પામી છે. એકાન્ત નિશ્ચયનું સેવન ભોગ-લાલસા વિના શક્ય જ નથી. એવાને પૂછવું જોઇએ કે, જો તારું મન શુદ્ધ જ હોય તો તારો હાથ ભોજનમાં કેમ પડે છે ? તું સ્ત્રીનો સ્પર્શ કેમ કરે છે ? શરીરને સ્નાન કેમ કરાવે છે ? શુદ્ધ મનથી અશુદ્ધ પ્રવૃત્તિ થાય ખરી ?

શુદ્ધ મન તો વિતરાગ પાસે કાયાને દોડાવે, વિરાગીનાં વચન કાનને સંભળાવે, જિનેશ્વરના વ્યવહાર-માર્ગ તરફ ઝૂકી ઝૂકીને માથું

નમાવડાવે શુદ્ધ મન શુભ-વ્યવહારમાં કાયર બને અને અશુભ-વ્યવહારમાં પ્રવૃત્તિ કરે, છતાં વ્યવહાર માત્રને વાણીથી ઈન્કારે! અને અશુભ વ્યવહારમાં પ્રવૃત્તિ થવામાં ક્રમબદ્ધ પર્યાયનું ઓઠું ધરે!

જિનોક્ત વ્યવહારમાર્ગમાં તો શુભ વ્યવહારનું જોરદાર આચરણ કરીને અશુભ વ્યવહારોને ધક્કો મારવાનો છે, જે અશુભ વ્યવહાર ટાળ્યો ન ટળે તેને માટે ય ભારે અજંપો અનુભવવાનો છે. કાંટાથી કાંટો નીકળે તેમ (શુભ) વ્યવહારથી (અશુભ) વ્યવહાર દૂર થાય. આટલું થયા પછી જ નિશ્ચયની સાધના થાય, જેમાં શુભ વ્યવહાર પણ દૂર થાય.

આ પામરો-નિશ્ચયવાદીઓ-નિશ્ચયમાર્ગમાં તો છે જ નહિ. કિન્તુ વ્યવહારમાર્ગમાં પણ ઊભા રહી શકયા નથી કેમ કે એમના જીવનમાં અશુભ વ્યવહાર ખીચોખીચ ભર્યો પડ્યો છે. જિનોક્ત વ્યવહાર માર્ગવાળા જીવમાં અશુભ વ્યવહાર હોય નહિ અને હોય તો ય જો તેને ભૂંડો-હેય-માનતો હોય તો જ તે આત્મા તેમના શુભ વ્યવહારથી જિનોક્ત વ્યવહારમાર્ગે રહી શકવાને લાયક છે.

શુભ વ્યવહાર એટલે પ્રતિજ્ઞા (વિરતિ)મય જીવન અથવા તેવી જીવનની પૂરી તાલાવેલીપૂર્વકનું ધાર્મિક જીવન.

પ્ર. ૪થા ગુણસ્થાને પણ વ્રત-પચ્ચખ્ખાણ વગેરે હોય છે. તો પણ ત્યાં રહેલા જીવને અવિરતિ કેમ કહ્યો છે?

કૃષ્ણમહારાજાએ પણ ઉપવાસ વગેરે પ્રતિજ્ઞા કરી છે તો તેમને ૫ મા દેશવિરતિ ગુણસ્થાને કેમ ન કહ્યા?

ઉ. શાસ્ત્ર-પરિભાષામાં પ્રાણાતિપાત વિરમણાદિ રૂપ ગુણવ્રતો -ઉત્તરવ્રતો કે મહાવ્રતોમાંના એકનો પણ સ્વીકાર-તેને વિરતિ કહી છે. કૃષ્ણાદિમાં તેમાંનું એક પણ વ્રત સ્થૂલથી પણ ન હતું માટે તેમને ૫ મા ગુણસ્થાનના સ્વામી કહ્યા નથી.

પ્ર. પાપ તો પ્રાણાતિપાતાદિ ૧૮ છે છતાં પ્રતિજ્ઞા ૧ લા પાંચની જ સ્થૂલથી કે સર્વથી કેમ લેવાય છે?

ઉ. ૧ લા પાંચની પ્રતિજ્ઞા થયા પછી બાકીના ૧૩માં આપોઆપ વિવેક આવી જાય છે. ૧૩ ય પાપનું બધું બળ આ પાંચમાં છે. એ પાંચનું બળ તૂટયા પછી બાકીનાં ૧૩ પાપોનું બળ તૂટી પડે છે. માટે ૫ ની વિરતિ લેનાર ૧૮ યની વિરતિ લેનારો કહેવાય.

આત્માના કાતિલ દુશ્મન સમાં ૧ લાં પાંચ પાપ છે. તેમને કાબૂમાં લઇ લીધા પછી બીજા ૧૩ દુશ્મનો તદ્દન કાયર બની જાય છે. તેઓ આપોઆપ કાબૂમાં આવી જાય છે. અથવા તો એ ૧૩ પાપના હથિયાર રૂપ પહેલાં ૫ પાપો છે. એટલે પાંચ પાપોની વિરતિ રૂપે એ હથિયાર ઝૂંટવાઈ જતા નિઃશસ્ત્ર બનેલાં તે ૧૩ પાપ કાંઈ જ કરી શકતાં નથી.

પ્ર. અભવ્યજીવ ચારિત્ર લેતાં પહેલાં પાંચેય પાપનું પચ્ચખ્ખાણ કરે છે. તો ય બાકીનાં ૧૩ પાપો તેમાં ય છેલ્લું મિથ્યાત્વનું પાપ તો જરાય નબળું નથી.

ઉ. પહેલાં પાંચ પાપના અભવ્યને પચ્ચખ્ખાણ એ વસ્તુતઃ પચ્ચખ્ખાણ જ નથી. કેમ કે તેની પાછળ મોક્ષનો–આશય જ નથી. એથી એમનાં એ પચ્ચખ્ખાણ પણ કદાપિ મોક્ષસાધક બની શકતા નથી. આથી દ્રવ્યથી પચ્ચ. લેવા છતાં પણ વસ્તુતઃ તેઓ ૧૮ ય પાપના સેવનારા જ કહેવાય છે. અસ્તુ.

આ ઉપરથી આપણે જોયું કે 'વિરતિ' ભાવનું આ જીવનમાં કેટલું મહત્ત્વ છે? વિરતિ એ જ ધર્મ છે, અવિરતિ એ જ ભયંકર પાપ છે.

વિરતિધરને અનાભોગાદિથી કદાચ હિંસા થઇ જાય તો ય તે અહિંસક છે અને અવિરતિધર હિંસા ન કરે તો ય હિંસક છે.

સમ્યક્ત્વનો ભાવ પ્રાપ્ત થયા પછી આત્મા વ્રત–પચ્ચખ્ખાણાદિ વિરતિના વ્યવહારમાર્ગ તરફ અવશ્ય ઝૂકે છે. કર્મવશાત્ વિરતિ વિનાનું જીવન જીવવું પડે તો ય તે અવિરતિના જીવનમાં પાણી વિના માછલી જેમ તરફડે તેમ તરફડતો રહે છે. અવિરતિની

પાસે રહેવા છતાં અવિરતિની તરફ તેને ભારે ધિક્કાર-સૂગ હોય છે અને વિરતિ દૂર હોવા છતાં તેનો ભારે પ્રેમી હોય છે.

સમ્યક્ત્વભાવના કાર્યરૂપ વિરતિ બે પ્રકારની છે :

(૧) દેશવિરતિ અને (૨) સર્વવિરતિ.

દેશથી વિરતિભાવ પ્રાપ્ત કરનાર સમ્યક્ત્વી ૫ મા ગુણસ્થાનનો સ્વામી બને છે જ્યારે સર્વથી વિરતિભાવ પ્રાપ્ત કરે છે ત્યારે તે અવિરત સમ્યક્ત્વી કે દેશવિરત સમ્યક્ત્વી આત્મા ૬ ઠ્ઠા સર્વવિરતાદિ ગુણસ્થાનનો સ્વામી બની શકે છે.

અહીં આપણે ૪થા, ૫ મા અને ૬ ઠ્ઠા ગુણસ્થાનનો વિચાર કરવો છે. આ ૩ ય ગુણસ્થાનની પૂર્વભૂમિકારૂપ સામાન્યતઃ માર્ગાનુસારી ભાવ છે. યદ્યપિ કેટલીક વાર એવું પણ બની શકે છે કે માર્ગાનુસારિતાનો ભાવ ક્રમશઃ પ્રાપ્ત થયા વિના જ ૪ થા વગેરે ગુણસ્થાનની પ્રાપ્તિ થઈ જાય તથાપિ સામાન્યતઃ ક્રમ પ્રમાણે એમ કહી શકાય કે માર્ગાનુસારિતાના ગુણોની પ્રાપ્તિપૂર્વક સમ્યક્ત્વાદિ ભાવોની પ્રાપ્તિ થાય. પરન્તુ આ હકીકતને નિયમ રૂપ માની લેવી જોઈએ નહિ.

માર્ગાનુ.ભાવના ૩૫ ગુણો આપણે પૂર્વે જોઈ ગયા. આ ૩૫ ગુણોમાં આપણે એવા અનેક ગુણો જોયા જેમાં સાંસારિક વ્યવહાર-કૌટુંબિક-દૃષ્ટિ પણ જણાતી હોય.

હવે આપણે વિરતિધર્મની પૂર્વભૂમિકારૂપ શ્રાવકના ૨૧ ગુણો જોવા છે. આ ૨૧ ય ગુણો વ્યક્તિગત છે અને સાંસારિક વ્યવહારને અનુલક્ષીને નથી.

માર્ગાનુ.ભાવના ૩૫ ગુણો વ્યવહારશુદ્ધિ કરે છે અને શ્રાવકના ૨૧ ગુણ વ્યવહારશુદ્ધિ સાથે વિરતિધર્મના બીજને યોગ્ય આત્માની ભૂમિ તૈયાર કરે છે.

લૌકિક વ્યવહારશુદ્ધિ વિના આત્મશુદ્ધિની લોકોત્તર સાધનાને યોગ્ય ભૂમિ તૈયાર થતી નથી. માટે પ્રથમ માર્ગાનુ.ભાવના ગુણોનું જીવન અને ત્યાર પછી વિરતિધર્મની ભૂમિકારૂપ ૨૧ ગુણોનું જીવન

પ્ર. આ ૨૧ ગુણો કયા ગુણસ્થાને હોય ?

ઉ. આ પ્રશ્નનો ઉત્તર આપવા પૂર્વે એ વાત સમજી લેવી જોઇએ કે આ ૨૧ ગુણો ધર્મની-વિરતિધર્મની યોગ્યતા માટેના છે. દેશવિરતિધર-૫ મા ગુણસ્થાનનો સ્વામી, સર્વવિરતિધર ૬ ઠ્ઠા વગેરે ગુ. સ્થા. નો સ્વામી—આ બે જેમ ધર્મી છે તેમ અવિરત સમ્યગ્દષ્ટિ- ૪થા ગુ.સ્થા.નો સ્વામી પણ બાહ્ય ત્યાગ-તપાદિ કરવાથી ધર્મી છે.

આમાં ૫ મા ગુણસ્થાનનો વિરતિધર્મ એ ગૃહસ્થનો વિશેષધર્મ કહેવાય છે. ૬ ઠ્ઠા ગુ સ્થા. નો સર્વવિરતિધર્મ એ મુનિ-ધર્મ છે, જ્યારે ૪ થા ગુણસ્થાને રહેલા સમ્યગ્દષ્ટિનો જિન-પૂજા, દેશના-શ્રવણ, નવકારશી વગેરે વ્રત-પચ્ચખ્ખાણનો તેનો ધર્મ એ ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે. આમ ૩ પ્રકારના ધર્મ થયા.

અવિરતિ શ્રાવકધર્મ - વિરતિ શ્રાવકધર્મ - સર્વવિરતિ સાધુધર્મ.
ગૃહસ્થનો સામાન્યધર્મ - ગૃહસ્થનો વિશેષધર્મ - સાધુધર્મ
(૪ થું ગુ. સ્થા) (૫ મું ગુ. સ્થા) (૬ ઠું ગુ. સ્થા)

આ ૩ ય પ્રકારના ધર્મની યોગ્યતા માટે ૨૧ ગુણો કહ્યા છે.

જેમ એક જ દીવાલ ઉપર શ્રેષ્ઠ -શ્રેષ્ઠતર-શ્રેષ્ઠતમ ચિત્ર દોરી શકાય છે તેમ ૨૧ ગુણોથી ૩ ય પ્રકારની યોગ્યતાનો પરિપાક થતાં ૩ ય પ્રકારનું જીવન પ્રાપ્ત થઇ શકે છે.

ધર્મસંગ્રહના આ વચન ઉપરથી એમ કહી શકાય કે ૨૧ ગુણો અવિરતશ્રાવક જીવનની પ્રાપ્તિ માટે પણ હોઇ શકે છે એટલે અવિરત સમ્યગ્દષ્ટિના ૪ થા ગુણસ્થાનથી આ ગુણોનો સદ્ભાવ હોય.

પ્ર. ૨૧ ય ગુણોની સિદ્ધિ થાય તો ઉપરોક્ત ૩ માંથી ગમે તે ધર્મ પ્રાપ્ત થઇ શકે કે ઓછા ગુણ પણ ચાલે ?

ઉ. જે આત્મા ૨૧ ય ગુણયુક્ત હોય તે ઉપરોક્ત ધર્મની પ્રાપ્તિ માટે ઉત્તમ ગણાય, ૨૧ માંથી ૧૫-૧૬ ગુણોવાળો (પોણા ભાગના ગુણોવાળો) હોય તો તે ધર્મયોગ્યતામાં મધ્યમપાત્ર ગણાય

અને ૨૧ માંથી ૧૦-૧૧ (અડધા) ગુણવાળો હોય તે જઘન્યપાત્ર ગણાય. જેનામાં ૧૦-૧૧ ગુણ પણ ન હોય તે ધર્મયોગ્ય ગણાય નહિ. આ પ્રમાણે ધર્મરત્ન-પ્રકરણમાં કહ્યું છે.

**શ્રાવકના ૨૧ ગુણો :** (ગુણ ગુણીનો કથંચિત્ અભેદ છે માટે અહીં ગુણોનો નિર્દેશ કર્યો છે.)

૧. અક્ષુદ્ર :- ઉતાવળીયો અને છીછરો નહિ કિન્તુ ઉદાર-ધીર-ગંભીર.

૨. રૂપવાન :- પાંચે ય ઇન્દ્રિયોથી પૂર્ણ-ખોડરહિત પરિપૂર્ણ અંગોપાંગવાળું અને સુન્દર શરીર જેને હોય તે રૂપવાન કહેવાય.

૩. પ્રકૃતિસૌમ્ય :- સ્વભાવથી જ પાપકર્મ નહિ કરનારો.

૪. લોકપ્રિય :- નિંદા, જુગાર, શિકાર વગેરે શાસ્ત્રોક્ત લોકવિરુદ્ધ કાર્યોને નહિ કરનારો—સદાચારી.

૫. અક્રૂર :- પ્રશસ્ત ચિત્તવાળો, કષાયના ક્લેશ વિનાનો પ્રસન્ન ચિત્તવાળો.

૬. ભીરૂ :- આલોક-પરલોકનાં દુઃખો અને અપયશથી ડરનારો.

૭. અશઠ :- વિશ્વાસનું પાત્ર, કોઈને નહિ ઠગનારો, પ્રશંસાને યોગ્ય.

૮. સુદાક્ષિણ્ય :- બીજાની પ્રાર્થનાનો ભંગ નહિ કરતાં સ્વકાર્ય છોડીને પણ તેનું કાર્ય કરનારો.

૯. લજ્જાળુ :- અયોગ્ય કાર્યો કરતાં લજ્જા પામનારો અને અંગીકૃત કાર્યને પૂર્ણ કરનારો.

૧૦. દયાળુ :-દુઃખી, દારિદ્રી વગેરે પ્રાણી પ્રત્યેના દયાના પરિણામવાળો.

૧૧. મધ્યસ્થ-સૌમ્યદૃષ્ટિ :- રાગદ્વેષરહિત હોવાથી યથાસ્થિત વસ્તુતત્ત્વનો વિચાર અર્થાત્ હેય-ઉપાદેયમાં વિવેકવાળો.

૧૨. ગુણરાગી :–ગુણ–ગુણીનો પક્ષપાત કરનાર, નિર્ગુણીની ઉપેક્ષા કરનાર, પ્રાપ્તગુણની રક્ષામાં તથા નવા ગુણની પ્રાપ્તિમાં ઉદ્યમવંત.

૧૩. સત્કથક :–ધર્મકથાની રુચિવાળો અને વિકથામાં અરુચિવાળો.

૧૪. સુપક્ષયુક્ત :– આજ્ઞાંકિત, ધર્મી, સદાચારી અને ધર્મકાર્યોમાં સહાયક પરિવારવાળો.

૧૫. સુદીર્ઘદર્શી :–સૂક્ષ્મવિચારપૂર્વક જેનું પરિણામ સુન્દર જણાય તેવાં કાર્ય કરનારો.

૧૬. વિશેષજ્ઞ :–પક્ષપાત વિના વસ્તુના ગુણદોષને સમજનારો.

૧૭. વૃદ્ધાનુગ :– નાના કે મોટા શુદ્ધ પરિણત બુદ્ધિવાળા હોય તે સાચા વૃદ્ધ કહેવાય. તેવા પુરુષોની સેવા કરનારો અને તેમની શિખામણને અનુસરનારો.

૧૮. વિનીત :– મોક્ષનું મૂળ વિનય છે એમ સમજી અધિક ગુણીનો વિનય કરનારો.

૧૯. કૃતજ્ઞ :- બીજાએ કરેલા ઉપકારને નહિ વિસરતાં પ્રત્યુપકારની ભાવનાવાળો.

૨૦. પરહિતાર્થકારી :– નિઃસ્વાર્થ પરોપકારકરણ સ્વભાવવાળો. (દાક્ષિણ્ય ગુણવાળો પ્રાર્થના કરનાર પ્રત્યે ઉપકાર કરે છે જ્યારે આ પર-પ્રાર્થના વિના સ્વભાવથી જ પરહિતરત હોય છે.)

૨૧. લબ્ધલક્ષ્ય :– ચતુર, ધર્મવ્યવહારને જલદી સમજનારો.

## અવિરત શ્રાવક–ધર્મનો અધિકારી કોણ ?

અવિરત શ્રાવક-ધર્મના અધિકારી જીવ (૪ થા ગુણસ્થાનવાળા) : શ્રાવકધર્મ વિધિપ્રકરણની ૪ થી ૭ મી ગાથામાં ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજાએ અવિરતશ્રાવક (૪ થા ગુ.સ્થાનો શ્રાવક) જીવના અધિકારી જીવનાં ૩ લક્ષણ બતાવ્યાં છે.

૧. અર્થી, ૨. સમર્થ, ૩. શાસ્ત્રઅનિષિદ્ધ.

અર્થી : વિનયવાન, આપમેળે સામે આવેલો, ધર્મજિજ્ઞાસુ.

સમર્થ :- ધર્મધીર, ધર્મનિર્ભય-ધર્મસ્થિર.

શાસ્ત્ર-અનિષિદ્ધ :- ૧. બહુમાન, ૨. વિધિતત્પરતા, ૩.ઔચિત્યવાન

(૧) બહુમાનયુક્ત : ધર્મકથાપ્રિય, નિંદાનું શ્રવણ નહિ કરતો, નિંદકની દયા ચિંતવતો, તત્ત્વમાં મનની એકાગ્રતાવાળો અને તત્ત્વનો તીવ્ર જિજ્ઞાસુ.

(૨) વિધિતત્પર :- ગુરુવિનયકારી, કાલે ક્રિયાકારી, ઉચિત આસનસેવી. યુક્ત સ્વરવાળો અને સૂત્રોપયોગવાળો બધી ધર્મક્રિયામાં આદરવાળો.

(૩) ઔચિત્યવાન :-લોકપ્રિય, અનિંદિત ક્રિયાકારી, આપત્તિમાં ધૈર્ય રાખનારો, યથાશક્તિ ત્યાગવાળો, લબ્ધલક્ષ્ય ઇત્યાદિ ઔચિત્યને જાળવતો.

આવી યોગ્યતાવાળાને તેઓશ્રીએ અવિરતશ્રાવકધર્મનો અધિકારી જણાવ્યો છે.

## વિરત શ્રાવકધર્મની યોગ્યતા :

એ જ ગ્રન્થની બીજી ગાથામાં તેઓશ્રીએ વિરત- શ્રાવકધર્મની યોગ્યતાઓ બતાવી છે. ત્યાં તેઓશ્રીએ કહ્યું છે કે,

(૧) જે આત્માને સમ્યગ્દર્શન આદિ ગુણ પ્રાપ્ત થયા હોય અને જે નિત્ય ગુરુમુખે જિનવાણીનું શ્રવણ કરતો હોય શ્રાવકજીવનની ઉત્તમ સમાચારીને સાંભળતો હોય તે સાચો વિરત શ્રાવક કહેવાય. વળી અતિ તીવ્ર કર્મનો હ્રાસ થતાં જિનવાણીને જે ઉપયોગપૂર્વક સાંભળે તે ઉત્કૃષ્ટ શ્રાવક કહેવાય. ટૂંકમાં શ્રાવક શબ્દને ઘટતા અસાધારણ ગુણો જેનામાં હોય તે જ વિરત શ્રાવકધર્મનો અધિકારી બની શકે છે.

આ જ રીતે સાધુધર્મની યોગ્યતા પણ અન્યત્ર જણાવેલ છે. પરન્તુ આપણે તે વિચાર આગળ ઉપર કરશું.

પ્ર. ૪થા ગુણસ્થાના અવિરત સમ્યગ્દ્રષ્ટિને તમે અવિરત શ્રાવક કેમ કહો છો? શ્રાવક તો દેશવિરત જ હોય. અને તે અવશ્ય પાંચમે ગુણસ્થાને જ હોય. જો જીવ અવિરત છે તો તે શ્રાવક હોઈ શકે જ નહિ, અને જો શ્રાવક હોય તો તેને અવિરત કહેવાય નહિ. છતાં અવિરત-શ્રાવક-ધર્મ એવું ધર્મનું વિરોધાભાસી વિશેષણ કેમ આપ્યું છે?

ઉ. ૫ મા ગુણસ્થાનકની દેશવિરતિ શ્રાવકની કક્ષાને ખેંચી લાવનાર ૪થા ગુણસ્થાનની જિનપૂજા, વ્રત-પચ્ચ. રૂપ દ્રવ્યવિરતિની ક્રિયાઓ બને છે માટે તેવી ક્રિયાઓ કરનાર ૪ થા ગુણસ્થાનના અવિરત સમ્યગ્દ્રષ્ટિને શ્રાવક કહી શકાય. આ હકીકત વ્યવહારનયથી કારણમાં કાર્યોપચાર કરીને સમજવી. આથી જ ધર્મ સંગ્રહકારે કહ્યું છે કે સમ્યકત્વનો અંગીકાર કરનારે શરૂઆતથી જ સમ્યકત્વની શુદ્ધિ માટે અને વિરતિના અભ્યાસ માટે ધર્માનુષ્ઠાનો કરવાં જોઈએ.

શ્રાદ્ધવિધિ ગ્રન્થની ટીકામાં પણ પૂ. રત્નશેખરસૂરિજી મહારાજાએ આ સંબંધમાં કહ્યું છે કે "આત્માર્થીએ (૧) મિથ્યાત્વનાં કાર્યોને ત્યજી દેવાં જોઈએ, (૨) પ્રતિદિન ત્રિકાળ જિનપૂજાદિ-છેવટે એકવાર પણ જિનપૂજાદિ કરવાં અને દેવવંદન-ચૈત્યવંદન કરવું, (૩) જ. થી એકવાર પણ ગુરુ પાસે જઈ ને દ્વાદશાવર્તાદિ વંદન કરવું. ગુરુનો યોગ ન મળે તો પણ તેમનો નામોચ્ચાર કરીને રોજ ભાવવન્દન કરવું. (૪) વળી અષાઢ ચોમાસીમાં રોજ અને શેષકાળમાં પાંચ પર્વતિથિએ-યથાશક્તિ અષ્ટપ્રકારી જિનપૂજા કરવી ઈત્યાદિ....દેવ-ગુરુ-સંબંધિત અનેક ધર્માનુષ્ઠાનો કરવાનું કહ્યું છે. તે સિવાય નવપદજી વગેરે નિમિત્તનો કાઉસગ્ગ, ઓછામાં ઓછા ૩૦૦ શ્લોકનો સ્વાધ્યાય. જ. થી, નમુક્કાર સહિત પચ્ચખ્ખાણ, સાંજે ચૌવિહારાદિનું પચ્ચખ્ખાણ. પ્રતિક્રમણ સામાયિક વગેરે સ્વશક્તિ અનુસાર કરવાનો નિયમ કરવાનું જણાવેલ છે. આ રીતે ૪ થા ગુણસ્થાને અવિરત સમ્યગદ્રષ્ટિ (શ્રાવક)ને વિરતિધર્મનો અભ્યાસ કરવાનું વિધાન કર્યું છે.

પ્ર. વિરતિના પરિણામ વિના જ પચ્ચખ્ખાણ પ્રતિક્રમણ વગેરે વિરતિ-કાર્યો કરવાનું કહેવામાં આવે તો પછી ગુણસ્થાનની મર્યાદા,

ક્યાં રહે ? ૪ થા ગુણસ્થાને જિનપૂજા. જિનવાણીશ્રવણ વગેરે ભલે હોય પણ વિરતિરૂપ પચ્ચક્ખાણ વગેરે ૫ મા ગુણસ્થાનની ક્રિયાઓ કેમ સંભવે? તેમ થતાં તે અવિરતિ ગુ.સ્થા.જ કેમ રહેશે?

વળી ૫ મા વગેરે ગુણસ્થાનના વિરતિના અધ્યવસાય તો તે તે કર્મના ક્ષયા-ક્ષયોપશમાદિથી પ્રગટે છે તે અધ્યવસાય (ભાવ) શું ઔદયિક ભાવની આપણી ક્રિયાઓથી ખેંચાઈ આવવાના છે? એમ કાંઇ ૪ થું ગુ.સ્થાન પમું બની જશે ?

ઉ. શાસ્ત્રકારોએ અવિરતિ ગુ.સ્થાને વિરતિધર્મની ક્રિયાઓના અભ્યાસરૂપે અભાવ કહ્યો નથી. માત્ર વિરતિના યથાર્થ અધ્યવસાયરૂપ ધર્મનો ત્યાં અભાવ કહ્યો છે. વિરતિના પરિણામ ન હોવા છતાં વિધિપૂર્વક શુદ્ધવ્રતાદિનું ગ્રહણ-પાલન કરનારાઓને તે ક્રિયાના અભ્યાસથી જ વિરતિના અધ્યવસાયને પ્રાપ્ત કરી આપે તેવો ક્ષયો-પશમભાવ વગેરે પ્રગટી જાય છે. અને તેથી વિરતિનું પરિણામ પણ પ્રગટે છે. ત્યાર પછી વિરતિ પરિણામપૂર્વક કરાતી ક્રિયાથી એ પરિણામ વધુને વધુ શુદ્ધ થતું જાય છે. આમ શુદ્ધક્રિયાથી પરિણામ શુદ્ધિ અને પરિણામશુદ્ધિથી ક્રિયાશુદ્ધિ વધતી જાય છે. અહીં પરિણામથી પતન થતું નથી.

માટે 'કોરી ઔદયિક ક્રિયા નિષ્ફળ છે' એવું કહીને સમ્ય.ક્રિયામાં પ્રમાદ કરવો ઉચિત નથી. યત્ન કરવાથી ઉપર ઉપરનાં ગુણસ્થાનોની પ્રાપ્તિ પણ સુલભ બની જાય છે.

ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજાએ પણ પંચાશકજી પ્રકરણના પ્રથમ પંચાશકમાં કહ્યું છે કે, "ગુરુની પાસે શ્રુત-ધર્માદિનું ગ્રહણ કરવું. સમ્યક્ત્વ તથા વ્રતાદિનું દ્રવ્યથી ગ્રહણ કર્યા બાદ તેની ક્રિયા-ઓમાં યત્ન કરવાથી સમ્યકત્વાદિ પરિણામ ન પ્રગટ્યા હોય તેને તે પરિણામ વધુ શુદ્ધ થાય છે.

સમ્યક્ત્વભાવને કે વિરતિ-પરિણામને રોકનારું મોહનીયકર્મ સોપક્રમી હોય છે એટલે કે યત્ન કરવાથી નાશ પામે તેવું હોય છે.

જો તેવો ક્રિયાદિનો યત્ન કરવામાં ન આવે તો તે અશુભકર્મોનો ઉદય થઈ જતાં સમ્યક્ત્વાદિ ઉચ્ચારતાં જે શુભ પરિણામ હોય તે ય નષ્ટ થઈ જાય છે.

પ્ર. સમ્યક્ત્વનો કે વિરતિનું પરિણામ પ્રગટ્યા વિના તેનું ગ્રહણ થાય શી રીતે?

ઉ. ગુર્વાદિના યોગે થયેલા શાસ્ત્રશ્રવણાદિ બાહ્ય નિમિત્તોથી જીવ તે તે પરિણામ વિનાનો હોવા છતાં સમ્યક્ત્વ કે વ્રતાદિનું ગ્રહણ કરે છે. આગમમાં પણ કહ્યું છે કે, 'ભવ ચક્રમાં જીવ દ્રવ્યથી અનંતીવાર શ્રાવકાદિપણું પ્રાપ્ત કર્યું છે.' આ ઉપરથી એમ કહેવાય કે પરિણામ વિના પણ તે વ્રતાદિનું ગ્રહણ થઇ શકે છે. પછી વિધિપૂર્વક તે વ્રતાદિનું પાલન કરવામાં આવે તો તે તે આવારક કર્મનો ક્ષયોપશમ થઇ જતાં પરિણામો પ્રગટી જાય છે. આમ ક્રિયા કરવાથી અછતાં પરિણામ પણ પ્રગટી શકે છે અને તે યત્ન ન કરવાથી પ્રાપ્ત પરિણામો પણ નષ્ટ થાય છે માટે ગ્રહણ કરેલા સમ્યક્ત્વ કે અણુવ્રતાદિનું નિત્ય સ્મરણ કરવું જોઇએ. અંગીકૃત સમ્યક્ત્વાદિનું બહુમાન કરવું જોઈએ. તેના પ્રતિપક્ષી મિથ્યાત્વાદિનું હેય રૂપે ચિન્તન કરવું જોઇએ. અને પ્રાપ્ત કરેલા દ્રવ્ય ગુણસ્થાનથી ઉપરના ગુણસ્થાનની પ્રાપ્તિ માટે તલસવું જોઈએ.

ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજાએ પણ સમ્યક્ત્વાદિના પરિણામ ન હોવા છતાં ગુરુ પાસે સમ્યક્ત્વાદિનો સ્વીકાર કરવાનું જણાવ્યું છે.

સઘળી ક્રિયામાં અભ્યાસથી જ કુશળતા પ્રગટે છે.

લૌકિક-વ્યવહારમાં પણ આ બાબત સર્વાનુભાવસિદ્ધ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, 'જીવ આ જન્મમાં ગુણ કે દોષનો જે જે અભ્યાસ કરે છે, તે તે અભ્યાસના યોગે પરલોકમાં તે તેવા તેવા ગુણો કે દોષોને પ્રાપ્ત કરે છે."

આપણે પૂર્વે જોયું કે ૧૨ વ્રતમાંથી એકાદ વ્રતનું પણ પાલન હોય તો જ તે સમ્યક્ત્વી આત્મા દેશવિરત શ્રાવક કહેવાય છે, તેમનામાં

એક પણ વ્રતના પાલન વિનાનો જિનપૂજા નવકારશી, પચ્ચક્ખાણ-પ્રતિક્રમણાદિ કરતો શ્રાવક ૪ થા ગુણસ્થાનનો અવિરત શ્રાવક કહેવાય છે. ઉપદેશરત્નાકર ગ્રન્થમાં પૂ. મુનિસુન્દરસૂરીશ્વરજી મહારાજાએ તો કહ્યું છે કે, "૧૨માંથી ૧ પણ વ્રતના પાલન વિનાનો સમ્યક્ત્વી (કે મંદમિથ્યાત્વી) આત્મા નવકારશી પચ્ચ. વગેરે કરે તો પણ શ્રાવક ન કહેવાય કેમ કે એ તો શ્રાવકાભાસ છે. કેમ કે વસ્તુતઃ તેને શ્રાવકધર્મ હજી પરિણમ્યો નથી."

પ્ર. ધર્મસંગ્રહ ગ્રન્થની ૨૧ મી ગાથાની ટીકામાં કહ્યું છે કે, "સમ્યગ્દર્શનનો પરિણામ થયા વિના વ્રતાદિ ગ્રહણ કરવાથી તેનું સાચું ફળ પ્રાપ્ત થતું નથી, માટે સમ્યક્ત્વ વિના વ્રતો લઈ શકાય નહિ.' વળી ત્યાં જ કહ્યું છે કે, 'પ્રલયકાળના અગ્નિથી ફળવાન વૃક્ષો પણ નમી પડે, બળી જાય અને ભસ્મીભૂત થાય તેમ મિથ્યાત્વ ભાવથી સર્વ પવિત્ર વ્રતાદિ નાશ પામે છે.' આ વાક્યો તો સમ્યક્ત્વના ભાવમાં વિરતિ- ક્રિયાનો અને મિથ્યાત્વભાવમાં સમ્યક્ત્વાદિની બધી ક્રિયાનો નિષેધ નથી કરતા?

ઉ. આ વાક્યો નિશ્ચયનયનાં છે. અર્થાત્ પ્રસ્તુત નિષેધ નિશ્ચયનયથી કરવામાં આવ્યો છે. એ જ ગ્રન્થકારે આગળ ઉપર વ્યવહારનયથી અછતા પરિણામે પણ તે તે ગુ.સ્થા.ની ક્રિયાઓ કરવાનું વિધાન કર્યું જ છે, છતાં તે બે વાતો ભિન્ન ભિન્ન નયથી હોવાથી પરસ્પર વિરોધી બનતી નથી. હા, એ વાત સાચી છે કે તે તે પરિણામ પૂર્વકના તે તે વ્રતાદિ જ સાચું ફળ આપી શકે છે પરન્તુ એ પરિણામ લાવવા માટે અભ્યાસ દશારૂપે તે તે વ્રતોનું પાલન તો કરવું જ રહ્યું. તે અભ્યાસથી પરિણામ પ્રાપ્ત થાય એટલે પરિણામપૂર્વકના તે વ્રતાદિ બની જતાં મુક્તિનું સાચું ફળ આપનારા બને.

### ભાવશ્રાવકનાં લક્ષણો

પ્ર. ૪ થા ગુણસ્થાને રહેલા પ્રતિક્રમણ-પચ્ચક્ખાણ વગેરે કરતા સમ્યક્ત્વીને પણ તમે શ્રાવક કહો છો તો તે દ્રવ્યશ્રાવકરૂપે કે ભાવ-શ્રાવક રૂપે કહો છો ?

ઉ. વ્યવહારનયથી ભાવશ્રાવક રૂપે કેમ કે વ્યવહારનય તો શ્રાવકશબ્દની વ્યુત્પત્તિ જેનામાં ઘટે તેને ભાવશ્રાવક માને છે. 'ગુરુપદેશને સાંભળે તે શ્રાવક' એ વ્યુત્પત્તિએ ૪ થા ગુ.સ્થાનનો સમ્યકત્વી પણ ગુરુપદેશ સાંભળે માટે ભાવ–શ્રાવક જ કહેવાય.

જ્યારે નિશ્ચયનયથી તો સમ્યક્ત્વવાન નિત્ય ગુરુપદેશશ્રવણ કરનાર, અણુવ્રતી ૫ મા ગુ.સ્થાનનો સ્વામી જ ભાવશ્રાવક કહેવાય.

ભાવશ્રાવકના પણ ૩ ભેદ કહ્યા છે.

૧. દર્શનશ્રાવક ૨. ભાવશ્રાવક ૩. ઉત્તરગુણશ્રાવક.

હવે આપણે ૫ મા ગુણસ્થાનના સ્વામી દેશવિરતિધર્મધર ભાવ શ્રાવકનાં લક્ષણો જોઇએ.

શાસ્ત્રકાર ભગવંતોએ ભાવશ્રાવકનાં ૨૩ લક્ષણો બતાવ્યાં છે. જેમા ૬ ક્રિયાગત લક્ષણો છે અને ૧૭ ભાગવત લક્ષણો છે.

ભાવશ્રાવકની ક્રિયાને ઉદ્દેશીને કરાતાં લક્ષણો ક્રિયાગત લક્ષણો કહેવાય, જ્યારે તેના ભાવને ઉદ્દેશીને કરાતાં લક્ષણો ભાવગત લક્ષણો કહેવાય.

આ લક્ષણોનું વિવેચન ધર્મરત્ન પ્રકરણના આધારે આપણે જોઇશું

**ક્રિયાગત છ લક્ષણ :**— ૧. કૃતવ્રતકર્મા, ૨. શીલવંત ૩. ગુણવંત, ૪. ઋજુવ્યવહારી, ૫. ગુરુસુશ્રુષક, ૬. પ્રવચનકુશલ.

**૧. કૃતવ્રતકર્મા :**— આ ક્રિયાગત ૧ લા લક્ષણના ૪ પ્રકારો પડે છે.

(૧) ધર્મશ્રવણોદ્યત–પોતે જેનો અંગીકાર કર્યો છે તે સમ્યક્ત્વવ્રતાદિ ગુણોનું અને જે વ્રતોનો અંગીકાર હવે કરવાનો છે તે વ્રતોનું વર્ણન વિનય બહુમાનપૂર્વક હંમેશ ગીતાર્થ ગુરુ પાસેથી સાંભળે.

(૨) જાણકાર–વ્રતાદિના ભેદ, ભાંગા, અતિચારાદિનો જાણ.

(૩) વ્રતગ્રાહક–તે વ્રતાદિને દેવ-ગુરુ સાખે યાવજ્જીવ માટે કે મર્યાદિત કાળ માટે ઉચ્ચરનારો.

(૪) વ્રતપાલક–રોગાદિના કે દેવાદિ ઉપસર્ગના પ્રસંગે પણ સત્ત્વથી ચલાયમાન ન થઈ સ્થિરતાપૂર્વક વ્રતને સંપૂર્ણપણે પાળનારો.

૨. શીલવંત :–સદાચારી.

આ લક્ષણના ૬ અવાન્તર પ્રકારો પડે છે.

(૧) **આયાતનસેવી**–જ્યાં ધર્મીજનોનો સંબંધ થાય તે ઉપાશ્રયાદિ આયાતન કહેવાય. આવા સ્થાનોમાં વધુ સમય રહેનારો અને આનાથી વિરુદ્ધ અનાયતનને વર્જનારો.

(૨) **નિષ્કારણ પરગૃહ-અગમન :** સુદર્શન શેઠને નિષ્કારણ પરગૃહગમન કરવાથી કલંક લાગ્યું હતું. માટે ભાવશ્રાવક કારણ વિના પરગૃહમાં ન જાય.

(૩) **ઉદ્ભટવેષત્યાગી**–'ધર્મી શાન્ત પ્રકૃતિવાળો હોય તેથી તે ઉદ્ભટવેષ ન પહેરે.' એવો સિદ્ધાન્ત બાંધીને ભાવશ્રાવક પોતાના સ્થાનદેશકુલના આચારને ઉચિત પોષાક પહેરે.

(૪) **અસભ્યવચનત્યાગી**— કામવિકારજનક શબ્દો કે ગાળો વગેરે અસભ્ય શબ્દો તે ન બોલે.

(૫) **બાલક્રીડાવર્જક :** અજ્ઞાનીને ઘટે તેવી જુગાર વગેરે અનર્થદંડના કારણીભૂત બનતી ક્રિયાઓ નહિ કરનારો.

(૬) **મિષ્ટભાષિકાર્યકર**– નોકરો વગેરે પાસેથી મીઠાં વચનોથી કામ લેનારો.

૩. **ગુણવંત :** આ લક્ષણો પાંચ પ્રકારનાં છે.

(૧) સ્વાધ્યાયોદ્યમી :– વૈરાગ્યના કારણભૂત વચનાદિ સ્વાધ્યાયમાં પ્રમાદ નહિ સેવનારો.

(૨) ક્રિયોદ્યમી તપ— નિયમ-વંદનાદિ જિનોક્ત ક્રિયામાં ઉદ્યમી રહેનારો.

(૩) વિનયોદ્યમી ; ગુણિયલનો કે વડીલો વગેરેનો–ઊભા થવું–આસન આપવું, વગેરે વિનય કરનારો.

(૪) સર્વંગ અનભિનિવેશી :– સર્વકાર્યમાં કદાગ્રહ વિનાનો ગુરુ–વચન માન્ય કરનારો, અસત્ય સમજાતાં ઝટ છોડી દઈને સત્યને સ્વીકારનારો.

(૫) જિનવચન રુચિવાળો :– 'ધર્મશ્રવણ વિના સમ્યક્ત્વ નિર્મળ ન થાય.' એવી માન્યતાપૂર્વક હંમેશ ધર્મશ્રવણ કરનારો.

૪. ઋજુ શુદ્ધ વ્યવહારી: ભાવશ્રાવકનાં ક્રિયાગત ૪ લક્ષણના ૪ પ્રકાર છે.

(૧) યથાર્થ બોલનારો – નિષ્કપટભાવે સ્પષ્ટ સત્યવક્તા.

(૨) અવંચક ક્રિયાવાળો – બીજાને ઠગવાના ઉદ્દેશથી કોઈ પણ કામ નહિ કરનારો.

(૩) ભાવિ અપાયનિવેદક – અન્ય યોગ્ય જીવોને સાંસારિક સુખભોગથી નીપજનારાં દુર્ગતિ દુઃખોની સમજણ આપી તેમને તે સુખભોગનો ત્યાગ કરવાના માર્ગે વાળવાનો યત્ન કરનારો.

(૪) નિષ્કપટ મૈત્રીવાળો – યોગ્ય જીવો સાથે નિઃસ્વાર્થભાવે શુદ્ધ મૈત્રી કરનારો.

માયા–અસત્યાદિ સ્વ–પરને અહિત કરનારા હોય છે માટે તેના ત્યાગવાળા આ ૪ ય પ્રકારને ભાવશ્રાવક સેવે છે.

૫. ગુરુશુશ્રૂષક : ગુરુસેવાકારી–આ લક્ષણના પણ ચાર પ્રકાર પડે છે.

(૧) સેવાકારી – ગુરુને જ્ઞાનાર્જનાદિમાં વિઘ્ન ન થાય તેમ, તેમની ઇચ્છાનુસાર અનુકૂળતા જાળવીને સ્વયં સેવા કરનારો.

(૨) સેવાકારક – ગુરુના ઉપકાર આદિના વર્ણન દ્વારા અન્ય જીવોમાં ગુરુ–બહુમાન પેદા કરી તેમના દ્વારા ગુરુની સેવા કરાવનારો.

(૩) ઔષધાદિપ્રાપ્યક – સ્વયં અથવા અન્ય દ્વારા જરૂર પડે ત્યારે ગુરુને ઔષધાદિ આપનારો.

(૪) ઇચ્છાનુસારી – નિત્ય ગુરુબહુમાનપૂર્વક તેમની ઇચ્છાને અનુસરનારો, યદ્યપિ માતા-પિતાદિ પણ ગુરુ કહ્યા છે તથાપિ અહીં ધર્મગુરુનો અધિકાર હોવાથી આચાર્ય ભગવંતાદિ ધર્મગુરુને લીધા છે.

૬. **પ્રવચનકુશલ** સિદ્ધાન્ત સમજવામાં કુશલ. આ લક્ષણના છ પ્રકાર પડે છે.

(૧) સૂત્રકુશલ :- જે કાળે શ્રાવકને ઉચિત જે જે મૂળસૂત્રો ભણવાનો અધિકાર હોય તે સૂત્રોને ગુરુ પાસે વિધિપૂર્વક ભણેલો.

(૨) અર્થકુશલ :- ગીતાર્થ સંવિગ્ન ગુરુ પાસે સૂત્રોનાં વ્યાખ્યાનો સાંભળીને સૂત્રાર્થજ્ઞાનમાં નિપુણ બનેલો.

(૩-૪) ઉત્સર્ગ :- અપવાદ કુશલ – ઉત્સર્ગ એટલે સર્વસામાન્ય મુખ્ય માર્ગ અને અપવાદ એટલે તથાવિધ જીવને ઉદ્દેશીને પુષ્ટાલંબનનો કારણિક માર્ગ. આ બે માર્ગમાં પ્રવીણ હોય તે શ્રાવક કેવળ ઉત્સર્ગ કે અપવાદને નહિ સેવતાં, જ્યારે કારણ ન હોય ત્યારે ઉત્સર્ગમાર્ગે ચાલે અને દ્રવ્ય-ક્ષેત્રાદિ તથાવિધ કારણ ઉપસ્થિત થતાં અપવાદનું આલંબન લઈને પણ પોતાના દાનાદિ ધર્મો કે વ્રતાદિનું પાલન કરે.

દા. ત., સાધુને ઉત્સર્ગમાર્ગે નિર્દોષ આહારાદિ વહોરાવવામાં શ્રાવકને ઘણો લાભ કહ્યો છે માટે તે નિર્દોષ જ વહોરાવે, પણ સાધુને માંદગી હોય કે આહારાદિ દુર્લભ હોય, તેવા પ્રસંગોમાં આધાકર્મી આદિ દોષિત વાપરવાનું પણ વિધાન છે, એમ જાણતો હોવાથી તેવા સમયે દોષિત આહારાદિ પણ વહોરાવે. તે વખતે દોષિત કેમ વહોરાવાય ? એવો વિચાર ન કરે.

(૫) ભાવકુશલ :- વિધિસહ ધર્માનુષ્ઠાન કરવામાં કુશલ સ્વયં વિધિમાં આદરવાળો, વિધિ-અનુષ્ઠાન કરનારનું બહુમાન કરનારો અને સામગ્રીના અભાવે પોતે વિધિપૂર્વક ન કરી શકે તો પણ વિધિપૂર્વક કરવાના મનોરથવાળો. વિધિમાર્ગ (જિનાજ્ઞા)નો પક્ષપાતી.

(૬) વ્યવહારકુશલ : ગીતાર્થપુરુષોએ ચલાવેલા ધર્મવ્યવહારોમાં કુશલ અર્થાત્ દેશકાલાદિની અપેક્ષાએ લાભ-હાનિ કે વધુ લાભ-ઓછું નુકસાન વગેરે ગુરુલાઘવને સમજનારો.

આ રીતે ૬ પ્રકારે પ્રવીણ શ્રાવકને પ્રવચનકુશલ કહ્યો છે.

**ભાવશ્રાવકનાં ભાવગત ૧૭ લક્ષણો :**

ભાવશ્રાવકની ક્રિયાને ઉદ્દેશીને તેનાં (ક્રિયાગત) ૬ લક્ષણ કહ્યાં. હવે ભાવગત ૧૭ લક્ષણો જોઈએ.

**૧. સ્ત્રી-પરાધીનતા મુક્ત :** અનર્થના ઘર સમી, દુર્ગતિના દ્વાર રૂપ સ્ત્રીને જાણતો ભાવશ્રાવક સ્ત્રીને પરાધીન ન હોય.

**૨. ઇન્દ્રિય-પરાધીનતામુક્ત :** સ્વભાવથી જ ઘોડા જેવી ચપલ પાંચ ઇન્દ્રિયો દુર્ગતિના માર્ગે આત્માને તાણી જાય છે એમ સમજતો ભાવશ્રાવક ઇન્દ્રિયોનો ગુલામ ન હોય કિન્તુ જ્ઞાનાદિ બળથી તેનો નિગ્રહ કરનારો હોય.

**૩. ધન-લોભત્યાગી :** 'ધન-કહેવાય છે અર્થ, પણ કરે છે અનર્થ. તેને મેળવવાનો યત્ન એટલે ક્લેશ-કંકાસ અને દુર્ગતિ મેળવવાનો યત્ન. અન્તતઃ અસાર.' આવું સમજતો ભાવશ્રાવક ધન મેળવવાનો લોભ ન કરે, પણ સંતોષી રહે અને પુણ્યયોગે મળેલી લક્ષ્મીને પણ દાનાદિ માર્ગે વાપરે.

**૪. સંસારથી ઉદાસીન :** "સ્વરૂપતઃ દુઃખોની ખાણ સમો સંસાર. જેણે તેનો પક્ષપાત કર્યો તેઓએ અતિ કડવા વિપાકો જોયા."

વિડંબનામય સંસાર જાણીને તેના કાર્યોમાં ભાવશ્રાવક આનંદ ન માણે કિન્તુ ઉદાસ રહે.

**૫. અનાસક્ત :** વિષયોને આપાતમધુર અને વિપાકકટુ જાણે. તેનો ભોક્તા દીર્ઘકાળ સુધી દુઃખી થાય એમ જાણીને ભાવશ્રાવક એ વિષય-ભોગોમાં આશક્ત ન થાય.

**૬. અલ્પારંભી :** જીવનનિર્વાહ ન થાય એટલે આરંભ કરવો પડે તો ય દુભાતા દિલે શક્ય એટલો થોડો જ આરંભ કરે. તીવ્ર

આરંભવાળાં કાર્યો તો ઇચ્છે પણ નહિ. આરંભ-મુક્ત બનેલા બીજા ધર્મી જીવોની પ્રશંસા કરે. તેમ જ સર્વ જીવો તરફ દયાળુ હોવાથી ગૃહસ્થાવાસમાં પણ આરંભોને વહેલામાં વહેલી તકે તજવાની ભાવના સેવે.

૭. **કારાગાર સમો ગૃહસ્થાવાસ** : ચારિત્ર્ય મોહ.કર્મના ઉદયે ઘરવાસ ન છોડે તો પણ તે કર્મોના આવરણને ખસેડવા માટે શુદ્ધશ્રાવકધર્મ પાળે. ગૃહસ્થાવાસને કારાગાર સમો માને. એવા કારાગારમાં પુણ્યોદયે ગમે તેટલું સુખ મળે તો ય કારાગારનું. એ તેને ન ગમે. કર્મરાજની નજરકેદમાં રહીને સુખ ભોગવવાનું તેને જરા ય રુચે નહિ.

૮. **સમ્યક્ત્વી** : જિન-વચનની અવિહડ શ્રદ્ધાવાળો એને જ અર્થ પરમઅર્થ માને. બાકી બધું જુલમગાર માને. જૈન-ધર્મની શોભા વધે તેવી પ્રભાવના કરે, ગુરુ-ભક્તિ કરે. અને નિર્મળ સમ્યક્ત્વનું પાલન કરે, ચિન્તામણિરત્નને પણ આ સમ્યક્ત્વ રત્ન પાસે તુચ્છ માને.

૯. **લોકહેરીત્યાગી** : ગાડરિયા પ્રવાહે ચાલતા ગતાનુગતિક લોકનું સ્વરૂપ સમજે અને તેથી લોકસંજ્ઞાનો ત્યાગ કરી દરેક કાર્યમાં ધૈર્યપૂર્વક સૂક્ષ્મ બુદ્ધિથી વિચારીને જેમ વિશેષ લાભ થાય તેમ વર્તવા ઇચ્છે. (છતાં લોકમાં ધર્મ-હીલના ન થાય તેની કાળજી રાખે.)

૧૦. **જૈનાગમપક્ષપાતી** : પરલોકમાં સુખી કરનાર જિનાગમ સિવાય કોઈ જ નથી એમ માનતો ભાવશ્રાવક દરેક કાર્યમાં જિનાજ્ઞાનું પાલન કરવા પૂર્ણ ભાવના રાખે.

૧૧. **દાનાદિ ધર્મ-સેવી** : આવક-જાવક અને શરીરબળ વગેરેનો વિચાર કરી, શક્તિને ગોપવ્યા વિના જેમ ઉત્તરોત્તર વધુ થઇ શકે તેમ દાનાદિ ધર્મોની આરાધના કરે.

૧૨. **ધર્મક્રિયાકારી** : ચિન્તામણિરત્ન સમાં દુર્લભ અને એકાન્તે હિતકર ધર્માનુષ્ઠાનોને કરવાનો અવસર પામી નિરતિચાર-પણ તે ધર્મોનું આરાધન કરે. અજ્ઞાની માણસો તેની હાંસી કરે તો તેની ઉપેક્ષા કરીને મહાકલ્યાણકારી ધર્માનુષ્ઠાનોનું પુનઃ પુનઃ સેવન કરે.

૧૩. મંદકષાય : શરીરને ટકાવવા પૂરતા જરૂરી ધન–આહાર-સ્વજન–ઘર આદિ સંસારગત પદાર્થોને માનીને તેની ઉપર રાગ–દ્વેષ ન કરે; પુણ્યયોગે બધું સારું મળે તો ય તેમાં આનંદ ન માને અને પાપકર્મયોગે ખરાબ કે ઓછું મળે તો ય મનથી દીન ન બને. અર્થાત્ સુખમાં લીનતા ન પામે, દુઃખમાં દીનતા ન અનુભવે. બેયમાં સમતા સેવે.

૧૪. કદાગ્રહ–ત્યાગી : ઉપશમને જ ધર્મનો સાર માનતો, આત્મહિતાર્થી ભાવશ્રાવક ધર્મવિષયમાં રાગ–દ્વેષથી દુરાગ્રહ ન કરે. પણ સર્વ વિષયમાં તે દુરાગ્રહ છોડે. સત્યનો આગ્રહી બને. મધ્યસ્થ રહે, પણ 'પોતાનું જ સાચું' એમ ન માને.

૧૫. સ્વજનાદિ સંબંધનો સ્વરૂપજ્ઞાતા : સઘળા પદાર્થો ક્ષણ–ભંગુર છે, અનિત્ય છે. એમ સમજતો ધન–સ્વજન વગેરેનો બાહ્ય સંબંધ રાખવા છતાં તેને આત્માથી પર માને.

૧૬. વિષય–ભોગ સ્વરૂપજ્ઞાતા : ભાવશ્રાવક સંસારના વિષયોના ભોગસુખથી વિરક્ત બનેલો હોય છે. "પાંચે ય ઇન્દ્રિયોના ભોગો ગમે તેટલા ભોગવવા છતાં કદી તૃપ્તિ થવાની જ નથી, વાસનાની તૃપ્તિ કરવા દ્વારા વાસનાને શમાવવા, એક વાર પણ વિષય–સંયોગ કરતો આત્મા જીવલેણ ભૂલ કરી દઈને પોતાની જાતને દુર્ગતિના દ્વારે ધકેલી દે છે. કેમ કે વિષય–ભોગથી તૃપ્ત ન થતાં તે વધુ પડતો અતૃપ્ત થતો જાય છે."

આવી દઢ માન્યતાને લીધે ભાવશ્રાવક સ્વેચ્છાથી વિષય–ભોગ કરતો નથી. માત્ર બીજાઓનું દાક્ષિણ્યતાથી ભોગવે તો ય સ્વયં તે ભોગોને અસાર માને, તેમાં આનંદ ન માને, તીવ્ર આસક્તિ ન કરે.

૧૭. નિરસ ગૃહસ્થજીવન : ગૃહસ્થજીવનને 'આજે છોડું કાલે છોડું' એવી સંસારત્યાગની તીવ્ર ભાવનાપૂર્વક જ્યાં સુધી સંસારમાં રહેવું પડે ત્યાં સુધી રહે પણ એ ઘરવાસને પારકી વેઠ રૂપ માની વેશ્યાની માફક હૃદયના પ્રેમ વિના એને સંભાળે.

અહીં ભાવશ્રાવકનાં ભાગવત ૧૭ લક્ષણનું વિવેચન પૂર્ણ થાય છે.

શ્રી યોગશાસ્ત્રના ૩જા પ્રકાશના ૧૯ મા શ્લોકમાં મહાશ્રાવકનું લક્ષણ કરતાં કહ્યું છે કે વ્રતધારી ભક્તિપૂર્વક સાત ક્ષેત્રમાં
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
(જિનમંદિર, મૂર્તિ, જિનાગમ, સાધુ, સાધ્વી, શ્રાવક શ્રાવિકા) તથા દયાથી અતિ દીન–દુ:ખીઓમાં પોતાના ધનને વાપરતો શ્રાવક મહાશ્રાવક કહેવાય છે.

**શ્રાવક અને મહાશ્રાવકનો ભેદ :**

પ્ર. શ્રાવક અને મહાશ્રાવકમાં ફેર શું છે ?

ઉ. શ્રાવકધર્મની કરણી કરતાં અવિરત સમ્યગ્દષ્ટિને પણ શ્રાવક કહેવાય છે તેમ એક–બે–ત્રણ વગેરે વ્રતને ધારણ કરતો દેશવિરત શ્રાવક પણ શ્રાવક કહેવાય છે; જ્યારે નિરતિચારપણે ૧૨ ય વ્રતનું પાલન કરતો શ્રાવક મહાશ્રાવક કહેવાય છે. કહ્યું છે કે, જેને સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત થયાં હોય અને જે સાધુપુરુષોના મુખે શ્રાવકનાં કર્તવ્યો વગેરે રૂપ ઉત્તમ સમાચારીનું નિત્ય શ્રવણ કરે તે શ્રાવક કહેવાય. અથવા નિરુક્ત અર્થ મુજબ પદાર્થોના ચિંતનથી પોતાની શ્રદ્ધાને દૃઢ કરે (શ્રા) હંમેશાં સુપાત્રમાં દાન વાવે (વ) અને ઉત્તમ મુનિની સેવાથી પાપને વિખેરે છે (ક) તેને શ્રાવક કહેવાય છે.

જ્યારે સઘળાં વ્રતોનું નિરતિચાર પાલન કરનારો, ૭ ય ક્ષેત્રમાં નિર્મળ ભક્તિથી ધન ખર્ચવાથી જૈનદર્શનનો પ્રભાવક બનેલો, અને દીન–દુ:ખીઓમાં પણ અત્યન્ત કૃપાવંત હોય–તે મહાશ્રાવક કહેવાય છે.

૫ મા ગુણસ્થાનનું શ્રાવકપણું કે મહાશ્રાવકપણું જે ૧૨ વ્રતોથી પ્રાપ્ત થાય છે તે વ્રતોનું સ્વરૂપ આપણે જોઈ લઈએ.

૧૨ વ્રતોમાં–૫ અણુવ્રત, ૩ ગુણવ્રત, અને ૪ શિક્ષાવ્રત કહેવાય છે.

હિંસા–જૂઠ–ચોરી–અબ્રહ્મ અને પરિગ્રહ એ પાંચ પાપોનો સ્થૂળથી ત્યાગ કરવારૂપ પાંચ અણુવ્રતો છે. અર્થાત્ આ પાંચ પાપો (સાવદ્યો)ની સ્થૂળથી વિરતિ તે પાંચ અણુવ્રતો છે. અર્થાત્ સ્થૂળથી

અહિંસા-સત્ય- અસ્તેય- બ્રહ્મચર્ય અને અપરિગ્રહ નામના પાંચ અણુવ્રત કહ્યા છે.

અણુવ્રત એટલે સાધુના મહાવ્રતની અપેક્ષાએ નાનાં વ્રત અથવા સાધુના મોટા ગુણસ્થાનની અપેક્ષાએ ૫ મું ગુણસ્થાન નાનું છે માટે તેના વ્રતો પણ નાના—વ્રત અણુવ્રત કહેવાય.

અથવા આ અણુ એટલે અનુ.

અનુ = પશ્ચાત્ – પછીથી—ઉપદેશક ગુરુયોગ્ય આત્માને પ્રથમ તો મહાવ્રતો ઉચ્ચારવારૂપ સર્વવિરતિ સાધુજીવનના સ્વીકારનો જ ઉપદેશ આપે. ત્યાર પછી જો ઉપદેશકને એમ લાગે કે, "સર્વવિરતિ સ્વીકારવામાં તે વ્યક્તિ અસમર્થ છે" તો પછી (અનુ) તેને સ્થૂળ-વિરતિરૂપ શ્રાવકધર્મની વાત કરે. આથી જ આ સ્થૂળવિરતિરૂપ વ્રતોને 'અનુવ્રત' ( અનુ = પશ્ચાત્ ) કહેવામાં આવે છે.

સર્વવિરતિધર્મરૂપ મહાવ્રતમાં તો મન-વચન-કાયાથી સાવદ્યયોગ સેવવાનું, સેવડાવવાનું અને સેવતાની અનુમોદના કરવાનું ત્રિવિધ ત્રિવિધ પચ્ચખ્ખાણ હોય છે એટલે મહાવ્રતોનો ત્રિવિધ ત્રિવિધ' એક જ ભાગો ( વિકલ્પ ) હોય છે. જ્યારે અણુવ્રતોમાં તેમ નથી. અહીં તો 'દ્વિવિધ-ત્રિવિધ વગેરે છ ભાંગા થાય છે.

આવશ્યકસૂત્ર નિર્યુક્તિની ૧૫૫૭મી ગાથામાં કહ્યું છે કે સામાન્યતઃ શ્રાવકો બે પ્રકારના હોય છે. એક તો અભિગ્રહવાળા (આનંદ-કામદેવ) જેવા વ્રતધારી) અને બીજો અભિગ્રહ વિનાના (કૃષ્ણ શ્રેણિક વગેરે જેવા વ્રતરહિત.)

આમાં અભિગ્રહવાળા વ્રતધારી શ્રાવક ૭ પ્રકારના થાય છે. જ્યારે અભિગ્રહ વિનાના અવિરતિ શ્રાવક એક જ પ્રકારના છે.

એટલે કુલ ૮ (૭+૧) પ્રકારના શ્રાવકો છે.

પૂર્વે કહ્યા મુજબ છ ભાગમાંથી ગમે તે ભાગે અણુવ્રત ઉચ્ચરી ૬ પ્રકારના વ્રતધારી શ્રાવક થયા. વળી ૩ ગુણવ્રત અને ૪ શિક્ષાવ્રતરૂપ

ઉત્તર ગુણને અંગીકાર કરે તે વ્રતધારી શ્રાવકનો ૭ મો પ્રકાર થાય અને પૂર્વે કહ્યા મુજબ અવિરત શ્રાવકનો ૮ મો પ્રકાર થાય.

૬. ભંગ : કરવું– કરાવવું– અનુમોદન– ત્રિવિધ
મન– વચન – કાયા – ત્રિવિધ.

કરવું, કરાવવું, અનુમોદવું એ ૩ (ક્રિયારૂપ હોવાથી) કરણ કહેવાય. અને તેના સાધનભૂત (યોજક) મન–વચન–કાયાથી હોવાથી એ ૩ ને યોગ કહેવાય.

૧ લો ભંગ : ઉત્તરભંગ = ૧. દ્વિવિધ-ત્રિવિધ.

**હિંસાદિ કરવી નહિ, કરાવવી નહિ—મનથી, વચનથી કાયાથી**
દ્વિવિધ ત્રિવિધ

અહીં હિંસાદિની અનુમોદનાનો ત્યાગ કરાતો નથી. કેમ કે ગૃહસ્થને પુત્રાદિ પરિવાર રૂપ પરિગ્રહ હોય છે. તેના ઉપરની ૩ પ્રકારમાંની છેવટે સંવાસાનુમતિ નામની અનુમોદના પણ હોય જ છે. તે અનુમોદના પણ દૂર થાય ત્યારે તો સર્વવિરત બની જાય છે. (આ અંગે પૂર્વે વિચાર થઇ ગયો છે.)

આમ પુત્રાદિ પરિવાર વગેરે પણ જે પાપવૃત્તિ કરે તેની અનુમોદના પાપના અનિષેધરૂપ, ઉપભોગરૂપે કે સહવાસરૂપે પણ લાગી જ જાય છે. એટલે કે શ્રાવકને હિંસાદિ અનુમોદનાનું પચ્ચ. ન હોવાથી દ્વિવિધ-ત્રિવિધ પચ્ચ. જ હોઇ શકે. કિન્તુ 'ત્રિવિધ– ત્રિવિધ' પચ્ચ. ન હોય. યદ્યપિ શ્રી ભગવતીસૂત્રમાં શ્રાવકને પણ ત્રિવિધ–ત્રિવિધ પચ્ચ કહ્યું છે પરંતુ તે કોઇક જ શ્રાવકને હોવાથી અહીં તેની વિવક્ષા કરવામાં આવી નથી. કોઈ દીક્ષાભિલાષી શ્રાવકને પુત્રાદિના પાલન માટે ઘરવાસની ફરજ પડે ત્યારે તે શ્રાવક ૧૧ પ્રતિમાનો અંગીકાર કરે તો તેને 'ત્રિવિધ-ત્રિવિધ' પચ્ચ. હોઈ શકે છે, અથવા તો કોઇ શ્રાવક સ્વયંભૂરમણ સમુદ્રના માછલાના માંસનું કે હાથીના દાંત કે ચિત્તાના ચામડાનું પચ્ચ. કરે તો તે પચ્ચ. 'ત્રિવિધ–ત્રિવિધ' હોઈ શકે છે. અથવા કોઈ ગૃહસ્થ વિશિષ્ટ નિવૃત્ત અવસ્થામાં સ્થૂલ

હિંસાદિનું પચ્ચખ્ખાણ કરે તે ત્રિવિધ ભાંગો પચ્ચખ્ખાણમાં સંભવે છે. પરંતુ કોઈક શ્રાવકને જ કોઈ અમુક વિષયને અંગે જ હોવાથી અલ્પ પ્રમાણને લીધે તેની વિવક્ષા કરી નથી.

૨ જો ભંગ : દ્વિવિધ-દ્વિવિધ

ઉત્તરભંગ – ૩ હિંસાદિ પાપો કરવાં નહિ, કરાવવાં નહિ.
મનથી અને વચનથી
અથવા મનથી અને કાયાથી
અથવા વચનથી અને કાયાથી.

૩ જો ભંગ : દ્વિવિધ-એકવિધ

ઉત્તરભંગ-૩ હિંસાદિ પાપો કરવાં નહિ, કરાવવાં નહિ
મનથી
અથવા વચનથી
અથવા કાયાથી.

૪ થો ભંગ : એકવિધ-ત્રિવિધ

ઉત્તરભંગ-૨ હિંસાદિ પાપ કરવાં નહિ મન-વચન-કાયાથી
અથવા ,, ,, કરાવવું નહિ. મન-વચન-કાયાથી
અહીં "હિંસાદિ પાપ અનુમોદવું નહિ મન-વચન-કાયાથી

એ ઉત્તરભંગ ન સંભવે કેમ કે શ્રાવક અનુમોદના વિના રહી શકતો નથી.

૫ મો ભંગ : એકવિધ-દ્વિવિધ

ઉત્તરભંગ-૬ હિંસાદિ પાપ કરવું નહિ મનથી-વચનથી
અથવા ,, ,, ,, ,, મનથી-કાયાથી
અથવા ,, ,, ,, ,, વચનથી-કાયાથી
અથવા ,, ,, કરાવવું નહિ મનથી-વચનથી
અથવા ,, ,, ,, ,, મનથી-કાયાથી
અથવા ,, ,, ,, ,, વચનથી-કાયાથી

૬ ઠ્ઠો ભંગ : એકવિધ-એકવિધ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઉત્તરભંગ-૬ | હિંસાદિ | પાપ | કરવું | નહિ | – મનથી |
| અથવા | „ | „ | „ | „ | – વચનથી |
| „ | „ | „ | „ | „ | – કાયાથી |
| „ | „ | „ | કરાવવું | નહિ | – મનથી |
| „ | „ | „ | „ | „ | – વચનથી |
| „ | „ | „ | „ | „ | – કાયાથી |

આમ ૬ મૂળભંગ અને ૨૧ ઉત્તરભંગ થયા.

| મૂળભંગ | | ઉત્તરભંગ |
|---|---|---|
| ૨-૩ (દ્વિવિધ-ત્રિવિધ) | – | ૧ |
| ૨-૩ | – | ૩ |
| ૨-૧ | – | ૩ |
| ૧-૩ | – | ૨ |
| ૧-૨ | – | ૬ |
| ૧-૧ | – | ૬ |
| ૬ મૂળભંગ | | ૨૧ ઉત્તરભંગ |

આમાંના કોઈ પણ ભાંગે પાંચમાંથી કોઈ પણ અણુવ્રત ઉચ્ચરનાર દેશવિરત શ્રાવક કહેવાય છે. આ રીતે ૬ ભાંગાથી ૬ પ્રકારના શ્રાવક થયા.

આ અણુવ્રતોમાં વિશેષ ગુણ ઉત્પન્ન કરનારા ૩ વ્રતોને ગુણવ્રત કહેવાય છે અને પુનઃ પુનઃ અભ્યાસથી (શિક્ષાથી) સિદ્ધ થનારાં ૪ વ્રતોને શિક્ષાવ્રત કહેવાય છે. આ ગુણવ્રત અને શિક્ષાવ્રતને (૭ વ્રતને) ઉત્તરગુણ કહેવાય છે.

આ ૭ય ઉત્તરગુણનો કે ૭માંના એકાદ પણ ઉત્તરગુણનો સ્વીકાર કરનાર -૭મા પ્રકારનો દેશવિરત શ્રાવક કહેવાય છે.

અને જેણે પૂર્વોક્ત પાંચ મૂલગુણ (અણુવ્રત) કે ૭ ઉત્તરગુણ (ગુણવ્રત અને શિક્ષાવ્રત)માંથી એકેયનો સ્વીકાર કર્યો નથી તેવા અવિરત-સમ્યગ્દૃષ્ટિનો ૮મા પ્રકારના શ્રાવક તરીકે ઉલ્લેખ થાય છે.

આ ૮ પ્રકારના ૩ પ્રકાર આ રીતે પડે.

૧ લા ૬ ભંગવાળા ૬ પ્રકારના શ્રાવકો મૂલગુણવ્રતધારી છે. માટે મૂલગુણશ્રાવક કહેવાય.

૭મા પ્રકારના શ્રાવકો ઉત્તરગુણ રૂપ વ્રતધારી છે માટે ઉત્તરગુણશ્રાવક કહેવાય.

અને ૮ મા પ્રકારના અવિરત-સમ્યગ્દર્શની જીવો ઉપરોક્ત વ્રતધારી છતાં ધર્મદેશનાનું શ્રવણ કરે છે માટે તેમને દર્શનશ્રાવક કહેવાય.

આ ૩ ભાવશ્રાવક જ કહેવાય.

જેનામાં સમ્યક્ત્વ નથી તેવા મંદમિથ્યાત્વી જીવો કે જે જિનપૂજાદિ કરે છે તેમને દ્રવ્યશ્રાવક કહેવાય.

આમ દ્રવ્ય-ભાવ ભેદથી શ્રાવકો બે પ્રકારે અથવા અભિગ્રહસહિત, અભિગ્રહરહિત એમ બે પ્રકારે, મૂલ-ઉત્તરગુણ-દર્શનશ્રાવક ભેદથી ત્રણ પ્રકારે, અને

૬ ભંગ + ઉત્તરગુણ + અવિરત = એમ ૮ પ્રકારે પણ શ્રાવકો કહેવાય.

હવે ૫ અણુવ્રત + ૩ ગુણવ્રત + ૪ શિક્ષાવ્રત એમ ૧૨ વ્રતોનું (૧) સંક્ષિપ્ત સ્વરૂપ અને દરેક વ્રતમાં સંભવિત (૨) પાંચ પાંચ અતિચારોનું સ્વરૂપ (૩) વ્રતના પાલન, અપાલનથી થતું હિતાહિત (૪) વ્રત-ભાવના (૫) વ્રતકરણી જોઈએ.

## ૧૨ વ્રતસ્વરૂપ–અને અતિચારો :
## વ્રતપાલનનું ફળ

[૧૩]

નામો :

**પાંચ અણુવ્રત** : સ્થૂલહિંસા–મૃષા–સ્તેય – અબ્રહ્મ પરિગ્રહ વિરમણ વ્રત રૂપ.

સ્થૂલ અહિંસા–સત્ય–અસ્તેય–બ્રહ્મચર્ય અપરિગ્રહ.

**ત્રણ ગુણવ્રત** : દિ + પરિમાણ– ભોગોપભોગ– અનર્થદંડ વિરમણવ્રત.

**ચાર શિક્ષાવ્રત** : સામાયિક – દેશાવગાશિક – પૌષધોપવાસ અતિથિ સંવિભાગ વ્રત.

*** પાંચ અણુવ્રત :**

૧. **સ્થૂલ હિંસાવિરમણવ્રત** : નિરપરાધી–ત્રસ (બે ઇન્દ્રિયાદિ) જીવોને નિરપેક્ષ રીતે (અપેક્ષા વિના) સંકલ્પપૂર્વક હિંસા કરવાના નિષેધરૂપ ૧લું અણુવ્રત છે.

(૧) નિરપરાધી બેઇ. આદિ જીવોના હાડકાં– ચામડાં–દાંત વગેરે માટે.

(૨) હું મારું એવા સંકલ્પપૂર્વક.

(૩) કારણ વિના હિંસા કરવાની વિરતિ અર્થાત્ એ રીતે હિંસા નહિ કરવાનું વ્રત કરવું તે ૧ લું અણુવ્રત કહેવાય છે.

અહીં (૧) નિરપરાધી જીવોની હિંસા તજવાની કહી એથી સ્પષ્ટ થાય છે કે અપરાધી જીવોની હિંસા માટે શ્રાવકને પ્રતિબંધ નથી.

(૪) ત્રસજીવોની હિંસાના નિષેધથી નક્કી થાય છે કે એકેન્દ્રિય સ્થાવર જીવોની હિંસાનો શ્રાવકને નિષેધ થતો નથી. કેમ કે તેવો નિયમ કરવા માટે પોતે અસમર્થ છે.

(૩) સંકલ્પપૂર્વક હિંસા નહિ કરવાના નિયમથી સાબિત થાય છે કે તેને ઇરાદાપૂર્વકની અનુબંધ હિંસાનો ત્યાગ થાય છે પણ આરંભથી થતી હિંસાનો ત્યાગ તેના નિયમમાં આવતો નથી. માત્ર આરંભજન્ય હિંસામાં શ્રાવકે બને તેટલી જયણા સાચવવી એ નિશ્ચિત થયું.

(૪) અને કારણ વિના (અપેક્ષા વિના) હિંસા કરવી નહિ એવા નિયમથી નક્કી થયું કે નિરપરાધી છતાં કામ ન આપે તેવા ઘોડા વગેરે નિરંકુશ-તોફાની પશુઓની કે અવિનીત અસદાચારી પુત્રાદિ પરિવારની વધ બંધનાદિ હિંસા તેમના હિતને અનુલક્ષીને કરવી પડે.' માટે તેનો ત્યાગ શ્રાવકને થઇ શકતો નથી એમ કહ્યું.

આમ હોવાથી જ ઉત્કૃષ્ટ શ્રાવકને પણ ૨૦ માંથી ૧। વસો જેટલી જ જીવદયા પળાય છે. જ્યારે જઘન્ય કોટિનો સાધુ વીરોય વસાની જીવદયા પાળતા હોય છે. આ ઉપરથી સમજી શકાશે કે ઊંચામાં ઊંચી કોટિનો શ્રાવક પણ માત્ર ૧। વસાની જીવદયા પાળી શકે છે, તેથી વધુ તો નહિ જ. આ વાત જેના ખ્યાલમાં આવી જાય તે કદાપિ એમ ન કહે કે સંસારમાં રહીને પણ ઉત્કૃષ્ટ કોટિનું જીવન પાળી શકાય છે. માટે સાધુપણું લેવાથી કાંઈ વિશેષ નથી.

૨૦ વસાની પૂર્ણ જીવદયામાંથી શ્રાવક ૧। વસાની જ જીવદયા કેમ પાળે છે તે જોઇએ.

પૂર્વે આપણે જોયું કે શ્રાવક સ્થાવર જીવની દયા પાળવાની પ્રતિજ્ઞા કરતો નથી.

સાધુ તો ત્રસ અને સ્થાવર બેય જીવોની દયા પાળે છે એટલે તેમને ત્રસની દયાના ૧૦ અને સ્થાવરની દયાના ૧૦ એમ ૨૦ વસા (વસા એટલે આધુનિક ભાષામાં 'માર્કસ'- ટકા હશે ?) મળે છે. જ્યારે શ્રાવકને ત્રસની દયાના ૧૦ વસા પ્રાપ્ત થાય છે.

ત્રસની હિંસા પણ સંકલ્પપૂર્વક થાય છે અને સંકલ્પ વિના આરંભાદિ કરતા થઇ જાય છે. સાધુ તો સંકલ્પથી હિંસા નથી કરતા, અને આરંભાદિથી (સંકલ્પ વિના) પણ નથી કરતા.

જ્યારે શ્રાવક સંકલ્પપૂર્વકની જ હિંસા નથી. કરતો અલ્પ પણ આરંભાદિ વિના તેનો જીવન નિર્વાહ શક્ય નથી. એટલે તેને હિંસાનો સંકલ્પ ન હોય તો પણ આરંભાદિમાં ત્રસની હિંસા થઈ જ જાય છે. આમ શ્રાવક ત્રસ જીવોની પણ સંકલ્પપૂર્વકની હિંસા જ નથી કરતો આરંભમાં તો કરે છે માટે ત્રસના ૧૦ વસામાંથી ૫ દૂર થતાં ૫ વસાની દયા જ રહી.

વળી ત્રસ જીવની સંકલ્પથી હિંસાના ત્યાગરૂપ ૫ વસાની દયા પણ તે પૂરી પાળી શકતો નથી કેમ કે અપરાધી ત્રસ જીવોની તો તે શ્રાવક સંકલ્પપૂર્વક હિંસા કરે છે એટલે અપરાધ અને નિરપરાધ બે પ્રકારના ત્રસ જીવોની સંકલ્પનાપૂર્વક હિંસામાંથી સાપરાધની હિંસા તો તે કરે છે માટે ૫ વસામાંથી રા વસા દૂર થતાં રા વસાની જ દયા રહી. અર્થાત્ શ્રાવક નિરપરાધી ત્રસ જીવોની સંકલ્પપૂર્વક હિંસા નકરવાના રા વસા પ્રાપ્ત કરે છે.

પણ હજુય એ રા વસાના અડધા થઈ જાય છે. નિરપરાધી જીવોની હિંસા પણ સકારણ અને નિષ્કારણ એમ બે પ્રકારે હોય છે. ઘોડા વગેરે નિરપરાધી જીવ તોફાની હોય તો અથવા પુત્ર અસદાચારી હોય તો તેના હિતની દૃષ્ટિએ તે નિરપરાધી છતાં તેવા કોઈ કારણે તેમને મારપીટ કરવા વગેરેની હિંસા કરવી પડે છે.

એટલે નિરઅપરાધી જીવમાં પણ નિષ્કારણ નિરઅપરાધી જીવની તે હિંસા કરતો નથી કિન્તુ સકારણ તો નિરઅપરાધી જીવની પણ હિંસા કરે છે માટે રા વસામાંથી ય અડધા (૧।) વસા દૂર થતાં શ્રાવકની ૧। વસાની જ દયા રહે છે. નિષ્કારણ-સંકલ્પપૂર્વક-નિરપરાધી-ત્રસ-જીવની હિંસા ન કરવારૂપ ૧। વસાની જ દયા ઉત્કૃષ્ટ શ્રાવક પાળી શકે છે (૧। વસાની દયા એટલે રૂપિયામાં એક આના જેટલી દયા.)

જ્યારે સાધુ તો વીસે વીસ વસાની પૂર્ણ અહિંસાના હોય છે. અર્થાત્ તેઓ સકારણ કે નિષ્કારણ, નિરપરાધી કે સાપરાધી, સંકલ્પપૂર્વક કે સંકલ્પ વિના ત્રસ કે સ્થાવર કોઈ પણ જીવની હિંસા કરતા નથી.

**※ પહેલા વ્રતના પાંચ અતિચાર :**

ક્રોધથી (૧) વધ કરવો (મારવું)
(૨) બંધન બાંધવું
(૩) ચામડીનો (ઉપલક્ષણથી અંગોપાંગનો) છેદ કરવો = છવિચ્છેદ.
(૪) અતિ ભાર ઉપડાવવો
(૫) જીવોને ભૂખ્યાતરસ્યા રાખવા.

**૧. વધ :** લાકડી વગેરેથી ક્રોધથી મારવા.

જીવોને હિતશિક્ષા કે વિનયાદિ કરાવવા માટે પણ મારવાનો પ્રસંગ આવે પણ તે સકારણ હોવાથી તેમાં અતિચાર લાગતો નથી. પણ ત્યાં ક્રોધાદિની તીવ્રતા ન હોય. જ્યારે તીવ્ર કષાયોદયથી કષાયવશ થઈને ગાય ભેંસાદિને માર મારવો તે ૧ લા વ્રતનો વધ-અતિચાર ગણાય છે.

**૨. બંધ :** દોરડા વગેરેથી બાંધવું તે બંધ.

અહીં પણ 'વધ' અતિચારના વિવેચન કહ્યા મુજબ સકારણ બંધમાં અતિચાર નથી. કિન્તુ તીવ્રકષાયથી બંધ કરવામાં અતિચાર છે

**૩. છવિચ્છેદ :** છવિ એટલે શરીર અથવા ચામડી.

ક્રોધથી કોઈના કાન– નાક– પૂછડું વગેરે છેદી નાંખવા તે આ વ્રતના અતિચાર રૂપ છે. રોગીના અંગ કાપતા ડૉક્ટરો વગેરેને ક્રોધ નથી કિન્તુ અનુકમ્પા છે માટે તે અતિચાર રૂપ પ્રવૃત્તિ ન કહેવાય.

**૪. અતિ ભારવાહન :**

બળદ વગેરે ખેંચી કે ઉપાડી ન શકે તેટલો વધુ ભાર ઉપડાવવો કે ખેંચાવવો. કોઈ પ્રસંગે નિરૂપાય થઈને આમ કરવું પડે તો તે અતિચાર રૂપ નથી કિન્તુ ક્રોધને વશ થઈ દુઃખિત કરવાની વૃત્તિથી કે લોભવશ થઈને તેમ કરવામાં આવે તો તે અતિચાર રૂપ છે.

આવશ્યકસૂત્રની ચૂર્ણિ વગેરેમાં કહ્યું છે કે શક્ય હોય ત્યાં સુધી શ્રાવકે પોતાના સ્વજનાદિ પરિવારને એવો વિનીત બનાવવો જોઈએ જેથી તેને ક્યારે ય ક્રોધથી વધ-બંધાદિ સકારણ પણ કરવાની જરૂર ન પડે. વળી શક્ય હોય તો ગાડા-ઊંટ-બળદ વગેરે દ્વારા ભાડાં વગેરે કરવાનો ધંધો પણ નહિ કરવો જોઈએ, જેથી એ સંબંધિત અતિચારો લાગે જ નહિ.

**૫. ભક્તપાનવ્યવચ્છેદ :**

ક્રોધ કે લોભને વશ થઈને પશુ આદિને ખાવા-પીવાનું ન આપવું અથવા અતિઅલ્પ આપવું, બીજા આપતો હોય તેને રોકવો. આવો અંતરાય કરવાથી અતિક્ષુધાને લીધે પશુ વગેરે મરી જાય. શ્રાવકનો તો આચાર એવો છે કે પોતે જમવાના અવસરે પોતાનાં નિશ્રાવર્તી સર્વ મનુષ્ય-પશુ આદિના ભોજનની વ્યવસ્થા કરીને ભોજન કરવું જોઈએ.

હા, પશુ આદિના રોગાદિના કારણે તેમને ભૂખ્યાં રાખવાં પડે તો તે અતિચાર રૂપ નથી. અપરાધીને પણ મોંએથી કહે કે, આજે તને ખાવાનું નહિ મળે. પણ છતાં તેને ભૂખ્યો તો ન જ રાખે.

પ્ર. પચ્ચખાણ તો સ્થૂલ હિંસાના ત્યાગનું છે. વધ બંધનના ત્યાગનું પચ્ચ જ નથી પછી વધાદિમાં દોષ કેમ ? જો સ્થૂલ હિંસાના પચ્ચ. થઈ જ જતું હોય તો તે વધાદિ કરવાથી વ્રતનો ભંગ જ થઈ જાય છે. તમે તો વ્રતનો ભંગ ન કહેતાં વ્રતનો અતિચાર રૂપ દોષ (વ્રતની અશુદ્ધિ) જ કહો છો. વળી સ્થૂલ હિંસાદિના પચ્ચખાણમાં દરેક વ્રતના અતિચારોના પણ પચ્ચખ્ખાણ આવી જતા હોય તો તે ૧૨ જ હિંસાદિ વિરમણાદિરૂપ વ્રત ન રહેતાં વધાદિ વિરમણાદિરૂપ અનેક બીજાં વ્રતો પણ થઈ જશે. આમ થતાં ૧૨ વ્રતનો સંખ્યા નિયમ તૂટી જશે. એટલે વધાદિને સ્થૂલ હિંસાદિના વિરમણની પ્રતિજ્ઞામાં ગણી શકાય નહિ અને તેથી પ્રતિજ્ઞા બહારના વધાદિ બનતાં કોઈ વધાદિ કરે તો તેને વ્રતભંગનો દોષ ન લાગવો જોઈએ તેમ અતિચાર પણ ન લાગવા જોઈએ.

ઉ. તમારી વાત સાચી છે. હિંસા પચ્ચ.માં સાક્ષાત્ રીતે વધાદિના પચ્ચ. આવી જતા નથી તો પણ હિંસાના પચ્ચ માં વધ–બંધાદિના પચ્ચ. અર્થાપત્તિથી તો થઈ જાય છે, કેમ કે હિંસામાં કારણ-રૂપ વધ–બંધાદિ છે. માટે હિંસાની પ્રતિજ્ઞા કરનારે તેનાં કારણોનો ખાસ ત્યાગ કરવો જ પડે.

પ્ર. જો અર્થાપત્તિ પણ હિંસાના પચ્ચ.માં વધાદિના પચ્ચ. આવી જાય તો વધાદિ કરનારે વ્રતનો ભંગ જ કર્યો કહેવાય. તમે તો વ્રત-ભંગ ન કહેતાં વ્રતની અશુદ્ધિ થવા રૂપ અતિચાર કહો છો ?

ઉ. વ્રત બે પ્રકારનાં છે એક અંતર્વૃત્તિથી અને બીજું બહિર્વૃત્તિથી.

એ જીવને 'મારી નાંખુ' એવા વિચાર વિના જ માત્ર ક્રોધાદિ આવેશથી જ્યારે વ્રતની નિરપેક્ષ રીતે વધાદિ કરે અને તે જીવ મરી ન જાય તો પણ તે જીવની હિંસા કરી કહેવાય કેમ કે 'આમ મરવાથી તે જીવ મરી જશે તો મારો નિયમ તૂટી જશે' એવો ખ્યાલ નિર્દય-તાને લીધે અહિંસા વ્રતધારીએ રાખ્યો નથી. અર્થાત્ વ્રતનું પાલન કરવાની તેને કાળજી રાખી નથી એટલે અંતર્વૃત્તિથી વ્રતભંગ થયો કહેવાય પરંતુ 'જીવ મરી નથી ગયો' એટલે બહિર્વૃત્તિથી વ્રત અખંડ રહ્યું. આમ એક દેશથી વ્રતનો ભંગ થયો અને એક દેશથી વ્રત અખંડ રહ્યું માટે તે પ્રવૃત્તિને અતિચારરૂપ ગણાય, પણ વ્રતભંગરૂપ ન ગણાય.

જ્યાં વ્રતનો દેશથી ભંગ હોય અને દેશથી પાલન હોય ત્યાંની તે પ્રવૃત્તિને જ્ઞાની પુરુષો 'અતિચાર' કહે છે.

વધાદિની પ્રતિજ્ઞા હિંસાની પ્રતિજ્ઞામાં આવી જાય તેથી બારથી અધિક વ્રત–સંખ્યા થઈ જવાની આપત્તિ ઊભી રહેતી નથી કેમ કે નિરતિચારપણે અહિંસાનું પાલન કરવામાં વધાદિ થતા નથી માટે વધાદિને નિશ્ચયથી સમજવું કે વધાદિ અતિચારો જ છે.

અથવા તો અનાભોગ (અસાવધપણા)થી, સહસાકાર (વગર વિચાર્યે)થી કે અતિક્રમ આદિથી જે થાય તે અતિચાર સમજવા.

(સહસાકારનું દૃષ્ટાન્ત-જીવ ન જોઈને પગ મૂકવા ગયા પણ પગ મૂકતાં જીવ દેખાયો પણ પગ એકદમ મુકાઈ જ ગયો, અટકાવી શકાયો નહિ. આ રીતે જે હિંસા થાય તે સહસાકારથી કહેવાય.)

**અતિક્રમ :** કોઈ માણસ વ્રતભંગ થાય તેવું કાર્ય કરવા વ્રતધારીને નિમંત્રે તે વખતે વ્રતધારી તેનો ઇન્કાર ન કરે તો તેને અતિક્રમ કહેવાય.

**વ્યતિક્રમ :** તે વ્રતધારી જો તે કાર્ય કરવા તૈયાર થાય તો તે વ્યતિક્રમ કહેવાય.

**અતિચાર :** ક્રોધથી વધાદિ કરે અને હિંસા (મૃત્યુ) ન થાય તો તે અતિચાર કહેવાય.

**અનાચાર :** જીવહિંસા થાય તો અનાચાર કહેવાય.

**❀ વ્રતપાલનથી લાભ, અપાલનથી ગેરલાભ :**

શ્રી સંબોધપ્રકરણ, શ્રાવકવ્રતાધિકારની ૧૨ મી ગાથામાં કહ્યું છે કે જીવદયા (૧) નિરોગી શરીર (૨) સર્વમાન્ય કરે તેવું આજ્ઞાનું ઐશ્વર્ય (૩) સુરૂપ (૪) નિષ્કલંક યશ (૫) ન્યાયોપાર્જિત ધન (૬) નિર્વિકાર યૌવન (૭) દીર્ઘાયુ (૮) અપંચક પરિવાર (૯) વિનીત પુત્ર વગેરેનાં ઉત્તમ સુખો પ્રાપ્ત થાય છે.

જીવદયા નહિ પાળનારને (૧) પાંગળાપણું, ઠંડાપણું; કોઢિયાપણું વગેરે મહારોગો (૨) સ્વજનાદિ વિયોગ (૩) શોક (૪) અપૂર્ણ આયુ (અકાળ મૃત્યુ) (૫) દુઃખ (૬) દુર્ભગતા વગેરે મહાદુઃખો પ્રાપ્ત થાય છે.

**વ્રતભાવના :** અહો ! તે વન્દનીય મહાત્માઓને ધન્ય હો, જેમણે મન-વચન અને કાયાના ત્રિકરણયોગથી સર્વજીવોની હિંસાનો ત્યાગ કરી દીધો છે! ક્યારે એ ધન્યાતિધન્ય અવસ્થાને હું પામીશ ! ક્યારે સમગ્ર જીવલોકમાં અમારિ-પટહ બજાવીશ ! (આત્મા-પ્રબોધ ગ્રન્થના શ્લોકોનો ભાવાર્થ)

વ્રત-કરણી : (૧) ધાન્ય, શાકભાજી વગેરેમાં જીવરક્ષાનો ખ્યાલ રાખવો. (૨) ઇયળ વગેરે શાક સુધારતાં નીકળે તો તેને એવા સ્થાને મૂકવી, જ્યાં કોઇ જીવ તેને ઉપદ્રવ ન કરે. (૩) માંકડ વગેરે જીવોની પણ રક્ષા કરવી. (૪) વાસણ વગેરે જોઇને વાપરવા. (૫) ચૂલા વગેરે પૂંજ્યા-પ્રમાર્જ્યા વિના વાપરવા નહિ. (૬) ચોમાસામાં કોલસા ચાળીને વાપરવા. (૭) લીલફૂગ ન થાય તે માટે પહેલેથી જ સાવધાની રાખવી. (૮) ડી.ડી.ટી. વગેરે હિંસક દ્રવ્યોનો કદી ઉપયોગ કરવો નહિ.

(વિશેષ દર્શનરત્નરત્નાકરમાંથી જોઈ લેવું.)

**બીજું, સ્થૂલ મૃષાવાદ વિરમણવ્રત :**

**(૧) વ્રતસ્વરૂપ-પાંચ પ્રકાર :**

૧. કન્યાલીક ૨. ગવાલીક ૩. ભૂમિ અલીક ૪. થાપણ ઓળવવી ૫. ખોટી સાક્ષી પૂરવી.

આ પાંચ પ્રકારનાં અસત્યોથી અટકવું (તેનો ત્યાગ કરવો) તેને બીજું સ્થૂલ મૃષાવાદ વિરમણવ્રત કહ્યું છે.

આ પાંચ પ્રકારનાં અસત્ય વચનો અતિદુષ્ટ અધ્યવસાયથી બોલાય છે, માટે તેને મોટાં-સ્થૂલ અસત્યો કહ્યાં છે.

**૧. કન્યાલીક :** રાગ-દ્વેષાદિથી કન્યાના સંબંધમાં અસત્ય બોલવું. દુરાચારિણી કે સદાચારિણી કે સદાચારિણીને દુરાચારિણી કહેવી. અહીં કન્યા શબ્દના ઉપલક્ષણથી કુમાર-દાસ-દાસી આદિ સંબંધિત અલીક (મૃષા)નું વિરમણ પણ સમજી લેવું.

**૨. ગવાલીક:** રાગ-દ્વેષાદિ દુષ્ટ આશયથી ગાયને અંગે અસત્ય બોલવું. જેમ કે થોડું દૂધ આપતી હોય તો ઘણું દૂધ દેતી કહેવી. તેની ખોટી પ્રશંસા કરવી. અહીં પણ ગાયના ઉપલક્ષણથી બળદાદિ પશુઓ વગેરે સમજી લેવાં.

**૩. ભૂમ્યલીક :** જમીન સંબંધમાં રાગાદિથી અસત્ય બોલવું. ઘર વગેરે બીજાનાં હોય છતાં પોતાનાં કે અન્ય કોઈનાં કહેવાં. ઊખર

ભૂમિને સ્થાળ ભૂમિ કહેવી. અહીં પણ ભૂમિ શબ્દથી દ્વિપદ–ચતુષ્પદ સિવાયની સઘળી અપદ વસ્તુ લઈ લેવી. કહ્યું છે કે, કન્યા શબ્દથી સઘળા દ્વિપદનું, ગાય શબ્દથી સઘળા ચતુષ્પદનું અને ભૂમિ શબ્દથી સઘળા અપદનું ગ્રહણ કરવું.

પ્ર. જો તેમ જ હોય તો દ્વિપદ અલીક–ચતુષ્પદ અલીક–અપદ અલીક જ કેમ ન કહ્યું ?

ઉ. તમારો પ્રશ્ન બરોબર છે છતાં બધા દ્વિપદાદિમાં કન્યા–ગાય અને ભૂમિને અંગે રાગાદિથી અસત્ય બોલવું એ અતિ નિંદનીય ગણાય છે માટે તેના અસત્યને વિશેષે કરીને વર્જવાં જોઇએ એ વાત જણાવવા આમ કર્યું છે.

૪. ન્યાસાપહાર : ન્યાસ એટલે રક્ષા, બીજાએ સોંપેલી વસ્તુ; થાપણ. તેને અંગે અસત્ય બોલવું. જેમ કે મારે ત્યાં તે કોઈ પણ થાપણ મૂકી જ નથી અથવા વધારે મૂકી હોય અને કહે કે "ઓછી મૂકી છે." અમુક વસ્તુ મૂકી હોય ત્યારે તે મૂકયાનું ન કહેતાં બીજી વસ્તુ મૂકયાનું કહે. વસ્તુતઃ તો આ અસત્યનો પ્રકાર નથી કિન્તુ એક જાતની ચોરી છે, છતાં એ ચોરી જૂઠું બોલીને કરાય છે માટે અસત્ય વચનની મુખ્યતાને લીધે મૃષાવાદમાં ગણેલ છે.

૫. કૂટસાક્ષી : લેવડ–દેવડ વગેરેના વ્યવહારમાં બીજાએ એક માણસને પ્રામાણિક માનીને સાક્ષી તરીકે રાખ્યો હોય છતાં પેલો લાંચ આદિને વશ થઈ ને જૂઠી સાક્ષી ભરે તે કૂટસાક્ષી કહેવાય.

આ પાંચે ય પ્રકારનાં અસત્યો ક્રોધાદિ કષાયોથી, કામરાગાદિ રાગોથી કે હાસ્યાદિથી દુષ્ટ આશયપૂર્વક બોલાય છે માટે અસત્ય–વચન છે. એટલું જ નહિ પણ અન્યને નુકસાન કરવા માટે બોલાતું દુષ્ટાશયપૂર્વકનું સત્યવચન પણ અસત્ય કહેવાય છે. જેમ નિર્મળ પણ પાણીમાં ધૂળ પડવાથી તે મલિન કહેવાય છે તેમ સ્વરૂપતઃ સત્ય પણ વચન ક્રોધાદિ દુષ્ટાશયનો મેલ ભળતાં અસત્ય બની જાય છે.

સંતો–સદાચારીઓને હિતકર વચન તે સત્યવચન કહ્યું છે. એટલે બીજાને પીડા કરનારું સત્યવચન સત્યરૂપ કહેવાય જ નહિ. શ્રી

સંબોધ પ્ર. શ્રાદ્ધવ્રતાધિકારની ૧૬ મી ગાથામાં કહ્યું છે કે, "જેમ જૂઠું ન બોલવું જોઈએ તેમ સત્ય પણ કેટલુંક એવું હોય છે કે જે નહિ બોલવું જોઈએ કેમ કે સ્વરૂપે સત્ય છતાં પણ તે બીજાને પીડાકર બને છે માટે સત્ય જ નથી.

સત્ય છે સોનાની પાટ જેવું. પણ ધગધગતી સોનાની પાટ કોઈના હાથમાં ન અપાય. તેમ દુષ્ટાશયવાળું સત્યવચન પણ ન બોલાય.

આ મૃષાવાદ બે પ્રકારે હોય છે: સ્થૂલ મૃષાવાદ અને સૂક્ષ્મ-મૃષાવાદ.

બહુમૂલ્ય વસ્તુઓને અંગે અસત્ય બોલવાથી સ્વ-પરને ઘણું અહિત થાય છે. તેવું અસત્ય અતિદુષ્ટ આશયથી જ બોલાય છે માટે તેને સ્થૂલ (મોટું) અસત્ય કહેવાય છે. તેથી વિપરીત સૂક્ષ્મ અસત્ય કહેવાય છે.

શ્રાવકને બીજા વ્રતની પ્રતિજ્ઞામાં સ્થૂલ (મોટા) જૂઠનો જ નિષેધ હોય છે. સૂક્ષ્મ મૃષાવાદની તેણે યતના કરવાની હોય છે.

* સ્થૂલઅસત્યના ૪ પ્રકાર :

૧. ભૂતનિહ્નવ ૨. અભૂતોદ્ભાવન ૩. અર્થાન્તર ૪. ગર્હા.

**૧. ભૂતનિહ્નવ:** સત્યને છુપાવવા માટે બોલાતું વચન.

દા. ત., આત્મા નથી, પુણ્ય-પાપ નથી, મોક્ષ નથી વગેરે ભૂતનિહ્નવ સ્થૂલ અસત્ય કહેવાય છે.

**૨. અભૂતોદ્ભાવન :** જે ન હોય તેને 'છે' એમ કહેવું અથવા જે હોય તેને બીજા સ્વરૂપે કહેવું.

દા. ત., આત્મા શ્યામક (સામો) નામના ધાન્ય જેવો કે તન્દુલ (તાંદળા) જેવો બારીક (અણુ) છે. અથવા તો વિશ્વવ્યાપી મહાન છે.

૩. **અર્થાન્તર :** હોય કાંઈ અને બોલવું કાંઈ. તે અર્થાન્તર સ્થૂલ અસત્ય કહેવાય.

દા. ત., ગાયને ઘોડો કહેવો, મનુષ્યને ઈશ્વર કહેવો, પુણ્યને પાપ કહેવું ઈત્યાદિ.

૪. ગર્હા : ગર્હા ૩ પ્રકારે છે.

૧. જેનાથી પાપકાર્યની પ્રવૃત્તિ થાય તેવું સાવદ્ય વચન દા. ત., ખેતર ખેડો, સાંઢને બળદ બનાવો.

૨. જેનાથી અપ્રીતિ થાય તેવું અપ્રિય વચન દા. ત., કાણાને કાણો, નિર્ધનને દરિદ્રી કહેવો વગેરે.

૩. ક્રોધથી તિરસ્કાર થાય તેવું વચન. દા. ત., પુત્રને 'હે દુરાચારી ! પાપી' ઈત્યાદિ કહેવું.

*** બીજા વ્રતના પાંચ અતિચારો :**

૧. સહસાકથન ૨. મિથ્યોપદેશ ૩. ગુહ્યભાષણ ૪. કૂટલેખસાક્ષી ૫. ગુપ્તમન્ત્રભેદ.

૧. **સહસાકથન :** વિચાર્યા વિના જ કોઈને એકદમ કહી દેવું : તું ચોર છે. વ્યભિચારી છે. આ રીતે કોઈ ઉપર આળ ચડાવવું તે સહસા અભ્યાખ્યાન કહેવાય છે.

મતાંતરે સ્ત્રીને પતિસંબંધિત કે પતિને તેની સંબંધિત અવળી વાતો કરવી કે તારી સ્ત્રી (અથવા તારો પતિ) મને આમ કહેતો હતો.

બે ય મતથી એટલું તો જરૂર નક્કી થાય છે કે બીજાને આઘાત થાય તેવું વચન જાણતાં-અજાણતાં મશ્કરીમાં બોલાઈ જાય ત્યારે હૃદયમાં ખરાબ કરવાનો ઉદ્દેશ ન હોવા છતાં-એટલે કે, વ્રત પાળવાની બેદરકારી ન હોવાથી વ્રતભંગ ન ગણાય. કિન્તુ બીજી બાજુ તેવા આઘાતજનક વચનથી બીજાને આઘાત થાય માટે વ્રતભંગ ગણાય પણ છે એટલે દેશથી વ્રતભંગ અને દેશથી વ્રતપાલન હોવાથી આવી પ્રવૃત્તિ બીજા વ્રતના અતિચાર રૂપ ગણાય.

૨. મિથ્યોપદેશ : પરપીડાકારી વચન બોલવું તે મિથ્યોપદેશ કહેવાય. દા. ત., શત્રુઓને મારી નાંખો વગેરે અથવા વસ્તુના સ્વરૂપથી વિપરીત રૂપે વસ્તુનો ઉપદેશ કરવો.

દા. ત., કોઈને સંદેહ પડતાં તેણે પૂછયું કે, "આમાં સત્ય શું છે?" આ વખતે તેને સત્ય કહેવામાં નુકસાન જાણવા છતાં યથાર્થ ન કહેવું અથવા તકરારનો નિકાલ લાવવા આવેલને અવળું જ (જૂઠું) બોલવાની સલાહ આપવી.

અહીં યદ્યપિ વ્રતધારી મનમાં એમ સમજે છે કે, "હું તો માત્ર બીજાને અસત્યની સલાહ આપું છું, હું પોતે તો અસત્ય બોલતો નથી માટે મારું વ્રત ભાગતું નથી તથાપિ અતિચાર તો છે જ કેમ કે અનાભોગાદિથી કે અતિક્રમ આદિથી બીજાને અસત્ય બોલવાની પ્રેરણા કરવી તે વ્રતનો અતિચાર જ છે.

અથવા તો વ્રતભંગ-ભયથી સીધા શબ્દોમાં ખોટી સલાહ ન આપતાં 'કોઈએ આવા પ્રસંગે આમ કરેલું' એમ કહેવા વડે સલાહ આપે તો પણ ત્યાં દેશથી વ્રતભંગ અને દેશથી વ્રતપાલન હોવાથી તે અતિચારરૂપ છે.

૩. ગુહ્ય ભાષણ : કોઈની ગુપ્ત વાત બીજા આગળ (અનધિકર છતાં) પ્રગટ કરી દેવી. દા. ત., કોઈએ કોઈ બીજા માણસ સાથે અમુક રાજ્ય-વિરુદ્ધ વિચાર કર્યો. ત્રીજો માણસ તેના મુખાદિ ઉપરના હાવભાવ વગેરે જોઈને અનુમાનથી તેની વાત જાણી લઈને અન્ય માણસને કહી દે કે, "અમુક માણસ રાજાની વિરુદ્ધમાં અમુક કાર્ય કરવાનું વિચારે છે.

અથવા તો ગુહ્ય ભાષણ એટલે ચાડી કરવી. દા. ત., પરસ્પરની પ્રીતિ-મૈત્રીવાળાની પ્રીત તોડવા અન્ય માણસ તેમાંના એકને બીજાની વાત એવી રીતે કરે કે તે પ્રીત તૂટી જાય.

૪. કૂટલેખ સાક્ષી : ખોટું લખાણ કરવું.
બીજાના હસ્તાક્ષર જેવા અક્ષરો લખવા.

આવું કરનારે જો કાયાથી અસત્ય નહિ બોલું તેવા ભાંગે અથવા કાયાથી અસત્ય બોલવું નહિ, બોલાવવું નહિ, તેવા ભાંગે વ્રત લીધું હોય તો તેને તો આમ કરવાથી વ્રતનો ભંગ જ થાય છે તો પણ વગર વિચાર્યે, અજાણતાં, કે અતિક્રમ વગેરેથી લખાઇ જાય છે, ત્યારે તે અતિચારરૂપ બને છે. અથવા તો અસત્ય એટલે જૂઠું બોલવાનો નિયમ છે આ તો લખાણ છે તેથી વ્રતને કશો બાધ નથી એવી સમજણવાળો વ્રતને સાપેક્ષ છે માટે તે પ્રવૃત્તિ વ્રતભંગરૂપ ન બનતાં અતિચારરૂપ બને છે.

**૫. ગુપ્ત મન્ત્રભેદ :** વિશ્વાસુ સ્ત્રી-મિત્રાદિની વિશ્વાસથી જણાવેલી વાત જાહેર કરવી. યદ્યપિ જેવું જેવું કહ્યું તેવું જ જાહેર કરવાથી તે સત્યવચન હોવાથી અતિચાર લાગતો નથી તથાપિ પોતાની ખરાબ વાત પ્રગટ થતાં-લજ્જાદિના યોગે મિત્ર કે સ્ત્રીના આપઘાતનો સંભવ હોવાથી પરપીડાકારી તે સત્યવચન અસત્યરૂપ જ બને છે. આમ અહીં સ્વરૂપે સત્ય અને પરિણામે અસત્ય હોવાથી દેશથી વ્રતભંગ અને દેશથી વ્રતરક્ષા હોવાથી આ પ્રવૃત્તિને બીજા વ્રતના અતિચારરૂપ કહેવાય.

પ્ર. ત્રીજામાં ગુહ્ય ભાષણ કરવું અને પાંચમામાં વિશ્વાસુની ગુપ્ત વાત જાહેર કરવી-આ બે ય અતિચાર એક સ્વરૂપ બનતા નથી?

ઉ. ના, ગુહ્ય ભાષણમાં ઇંગિતાદિ આકાર દ્વારા અનુમાનથી બીજાની વાત જાણી લઇને કહેવાઇ છે. જ્યારે ૫ મા અતિચારમાં સ્ત્રી આદિએ વિશ્વાસ મૂકીને કહેલી વાત બીજાને કહેવાય છે. એટલે ત્રીજો અતિચાર કલંક કે ચાડીરૂપ છે જ્યારે પાંચમો અતિચાર વિશ્વાસઘાતરૂપ છે માટે બે ય જુદા છે.

*** વ્રતથી લાભ-અવ્રતથી ગેરલાભ :**

કન્યાને અકન્યા બોલનારને ભોગાન્તરાય થાય છે, દ્વેષ થાય છે. અગર કન્યા દુષ્ટ હોય તો આપઘાત કરે કે કરાવે, વગેરે અનેક કટુ ફળો આવે છે. આ રીતે બાકીના ૪ ય અસત્યમાં સમજવું (જુઓ પચ્ચ. આવ, સૂ. પા. ૨૮૫)

મૃષાવાદનો ત્યાગ કરવાથી વિશ્વાસ, યશ અને ઇષ્ટસિદ્ધિ વગેરે અનેક લાભો થાય છે, પોતે બોલેલું બીજાને પ્રિય લાગે છે. બીજાઓ સત્યવાદીનું વચન કબૂલ કરે છે. તેનું વચન અમોઘ (અનિષ્ફળ) હોય છે. કહ્યું છે કે, "સત્યથી સર્વમન્ત્રો સર્વયોગો સિદ્ધ થાય છે. ધર્માદિ ૩ ય પુરુષાર્થ સત્યને આધીન છે. અને રોગ-શોકાદિ સત્યથી નાશ પામે છે. વળી યશનું મૂળ, વિશ્વાસનું પરમ કારણ સ્વર્ગનું દ્વાર અને સિદ્ધિનું સોપાન આ સત્ય જ છે."

શ્રી સંબોધ સિત્તરી પ્રક. શ્રાદ્ધવ્રતાધિકારની ૨૩ થી ૨૫મી ગાથામાં મૃષાવાદિતાના ફળ બતાવતાં કહ્યું છે કે, "મૃષાવાદિ જે જે જાતિમાં ઉત્પન્ન થાય ત્યાં ત્યાં અપ્રિયભાષી થાય. બીજાઓ નિષ્કારણ તેનો તિરસ્કારાદિ કરે, તે સારું કરે તો ય તેનો યશવાદ ન થાય, તેને દુર્ગંધીભર્યું શરીર મળે, તેનું બોલેલું કોઈને ન ગમે, ભાષા કડવી કઠોર હોય, તે બુદ્ધિહીન-મૂર્ખ બોબડો-તોતડો હોય. અરે ! આ જન્મમાં પણ અસત્યવાદી જીહ્વા છેદ-જેલ-ફાંસી વગેરે અનેક પીડાઓ પામે, અપયશ મેળવે, નિર્ધન થઈ જાય.

**બીજા વ્રતની ભાવના :** અરે! થોડું પણ જુઠાણું મનથી પણ જેઓ ચિંતવતા નથી! તે ય સમગ્રજીવનની કોઈ પણ પળમાં! સત્યમાં જ જેમનું જીવન ઓતપ્રોત છે, તે સર્વ મહનીય મુનિ-ભગવંતોને પુનઃ પુનઃ વંદના.

**બીજા વ્રતનીકરણી :** (૧) જે બોલવું તે બીજાને હિતકર હોય તે જ બોલવું. (૨) તે પણ સાંભળનારને પ્રિય થાય તે રીતે બોલવું. (૩) અપાત્રને સારી રીતે સમજાવતાં પણ વધુ નુકસાન થતું લાગે તો કાંઈ જ ન કહેવું. (૪) કન્યા વગેરે સંબંધમાં ખોટી સલાહ આપવી નહિ. (૫) કોઇની થાપણ ઓળવવી નહિ. (૬) જૂઠી સાક્ષી ભરવી નહિ. (૭) દેખીતી રીતે સારું લાગે તેવું પણ આત્મવંચના-પૂર્વક બોલવું નહિ, કેમ કે વસ્તુતઃ તે અસત્ય જ છે.

*** ત્રીજું, સ્થૂલ અદત્તાદાન વિરમણવ્રત :**

**વ્રતસ્વરૂપ :** બીજાનું ધન લેવાથી 'આ ચોર છે' એવું આળ ચડે તેવું પરાયુ ધન નહિ લેવાની પ્રતિજ્ઞા કરવા રૂપ આ ૩ જું વ્રત છે.

અદત્ત એટલે તેના માલિકે નહિ આપેલું.

અદત્ત ૪ પ્રકારે છે.

૧. સ્વામી-અદત્ત, ૨. જીવ-અદત્ત, ૩. તીર્થંકર-અદત્ત, ૪. ગુરુ-અદત્ત.

**૧. સ્વામી-અદત્ત :** સુવર્ણ-વસ્ત્ર-પાત્ર આદિના માલિકે (સ્વામીએ) નહિ આપેલી વસ્તુ સ્વામી-અદત્ત કહેવાય છે.

તેનું ગ્રહણ (આદાન) કરવું તે સ્વામી-અદત્તાદાન નામનું પાપ કહેવાય છે. તેનો ત્યાગ કરવો તે સ્વામી-અદત્તાદાન વિરમણવ્રત કહેવાય છે. આ રીતે અન્યત્ર પણ સમજી લેવું.

**૨. જીવ-અદત્ત :** સચિત્ત (જીવ સહિત) ફળ-ફૂલ આદિ પદાર્થોને તે ફળાદિના માલિક કાપે-ખાય ગમે તે કરે પરન્તુ તેમ કરવામાં ફળાદિના શરીરવાળા તે એકેન્દ્રિય જીવની સંમતિ તો મળી નથી જ માટે તે રીતનું ફળાદિ ખાવું તે જીવાદત્તનું આદાન કહેવાય. ભલે વ્યવહારમાં તે ફળ-ફૂલાદિનો માલિક માળી-શેઠ વગેરે કહેવાતો હોય પણ તેમના છેદનાદિ કરવાની ફળાદિના જીવોએ સંમતિ તો આપી નથી જ માટે તે માલિકોને માટે (માલિક નથી તેને તો સુતરાં જીવદત્ત સમજવું) તે ફળાદિ જીવાદત્ત કહેવાય.

**૩. તીર્થંકર-અદત્ત :** સાધુને માટે આધાકર્માદિ અચિત્ત દ્રવ્ય પણ નિષ્કારણ લેવાની તીર્થંકરદેવે અનુજ્ઞા આપી નથી. માટે તેવું આધાકર્માદિ દ્રવ્ય તીર્થંકર-અદત્ત કહેવાય. તેને સ્વીકારનારો તીર્થંકર-અદત્તાદાનના પાપને સેવનારો કહેવાય. આ તો સાધુને આશ્રયી તીર્થંકર-અદત્ત થયું.

ગૃહસ્થને પણ સચિત્ત-અનંતકાય-અભક્ષ્ય વગેરે પદાર્થો વાપરવાની તીર્થંકરદેવે અનુજ્ઞા આપી નથી માટે તે પદાર્થો તેમને માટે તીર્થંકર અદત્ત કહેવાય.

**૪. ગુરુ-અદત્ત :** ઉપરોક્ત બધા દોષોથી રહિત, એવી જે વસ્તુ શુદ્ધ, કલ્પ્ય હોય તો પણ સાધુ જેની નિશ્રામાં હોય તે ગુર્વાદિને નિમન્ત્ર્યા વિના, બતાવ્યા વિના કે તેઓની સંમતિ વિના વાપરે તો તેને ગુરુ-અદત્તના ગ્રહણનો દોષ લાગે.

ઉપરોક્ત ૪ અદત્તાદાનમાંથી શ્રાવકને તો સ્વામિ-અદત્તાદાનનું જ વિરમણ થઇ શકે છે.

આ સ્વામી-અદત્ત બે પ્રકારનું છે : સ્થૂલ અને સૂક્ષ્મ.

**સ્થૂલ :** જે વસ્તુ કહ્યા વિના લેવાથી ચોરીનું કલંક લાગે એમ સમજવા છતાં માલિકની સંમતિ વિના તે વસ્તુને લેવી તે સ્થૂલ (મોટું) સ્વામી-અદત્તાદાન કહેવાય. આ વખતે વસ્તુ લેનારના અધ્યવસાય ઘણા દુષ્ટ હોવાથી તેને સ્થુલ અદત્તાદાન કહેવાય છે. આનાથી વિપરીત એટલે કે ચોરી કરવાની બુદ્ધિ વિના ઘાસ-માટી જેવી તુચ્છ વસ્તુ લેવી તે સૂક્ષ્મ અદત્તાદાન કહેવાય છે.

શ્રાવકને સૂક્ષ્મ સ્વામી અદત્તાદાનનો ત્યાગ હોતો નથી કિન્તુ તેની જયણા જ રાખવાની હોય છે, જ્યારે સ્થૂલ સ્વામીઅદત્તાદાનના ત્યાગ (વિરમણ) રૂપ પ્રતિજ્ઞા કરવાની હોય છે.

**ત્રીજા વ્રતના અતિચારો :** ૧. સ્તેનાહૃતગ્રહ ૨. સ્તેનપ્રયોગ ૩. માનવિપ્લવ ૪. વિરુદ્ધરાજ્યગતિ ૫. પ્રતિરૂપેણ ક્રિયા.

**૧. સ્તેનાહૃતગ્રહ :** ચોરે ચોરી કરીને આણેલ વસ્તુ લેવી.

ચોરીથી આણેલું સોનું વગેરે જાણવા છતાં વેચાણથી કે મફત લેવું. નીતિશાસ્ત્રમાં ૭ પ્રકારના ચોર કહ્યા છે, જેમાં ચોરીની વસ્તુ લેનારને પણ ચોર કહ્યો છે. વસ્તુતઃ આ વ્રતભંગ બને છે. છતાં પોતે ચોરી નથી કરી કિન્તુ વેપાર કર્યો છે એવી વ્રતની સાપેક્ષ સમજણ હોવાથી દેશથી વ્રતપાલન પણ થાય છે માટે દેશભંગ, દેશપાલનરૂપ આ પ્રવૃત્તિ અતિચારરૂપ બને છે.

**૨. સ્તેનપ્રયોગ :** ચોરને ચોરી કરવા પ્રેરવો, ચોરીનાં સાધનો મફત પૂરાં પાડવાં કે તેવાં સાધનોનું વેચાણ કરવું.

અહીં 'ચોરી કરું નહિ-કરાવું નહિ' એવા વ્રતવાળાને તો વ્રતભંગ જ થાય. પણ વ્રતધારી માણસ ચોરને કહે કે, "તમે ઉદ્યમ વિના કેમ બેઠા છો ? દાણા વગેરે ન હોય તો હું આપું. ચોરીનો માલ ખરીદનાર ન હોય તો હું ખરીદું" વગેરે વચન દ્વારા ચોરોને ચોરી કરવામાં પ્રેરે અને પોતાની સ્થૂલમતિથી માને કે, "હું ચોરી કરાવતો નથી કિન્તુ તેમની આજીવિકા માટે પ્રેરણા કરું છું" તો વ્રતસાપેક્ષતા હોવાથી આ પ્રવૃત્તિ અતિચારરૂપ બને છે.

૩. **માનવિપ્લવ** : અનાજ વગેરે જોખવાના માપા અવળા વગેરે કરવા. કુડવાદિ માપા તથા તોલ કરવાના પલ્લા વગેરે તોલાને નાના-મોટા રાખવા કે ભારે-હલકા રાખવા, નાના-હલકાથી વસ્તુ આપવી અને મોટા-ભારે માપાથી વસ્તુ લેવી. આ બધી પ્રવૃત્તિ અતિચારરૂપ કહેવાય.

૪. **વિરુદ્ધ (શત્રુ) રાજ્યગતિ** : શત્રુ રાજાના નિષેધ છતાં તેની હદમાં જવું તે સ્વામીઅદત્તાદાન કહેવાય. આ રીતે જનારો શત્રુરાજથી પકડાય ત્યારે તેને ચોર જેવો જ દંડ થાય છે છતાં આમ કરવાથી વ્રત-ભંગ થયો ન કહેવાય કેમ કે, એ રીતે જનાર એમ માને છે કે, "હું તો વેપાર માટે ત્યાં ગયો હતો, ચોરી કરવા નહિ." વળી લોકમાં પણ એ માણસ ચોર તરીકે કહેવાતો પણ નથી.

૫. **પ્રતિરૂપેણ ક્રિયા** : સરખા વર્ણ. ગંધાદિવાળી હલકી વસ્તુ સારીમાં ભેળવીને આપવી. દા. ત., ઘીમાં ચરબી, તેલમાં મૂત્ર, હિંગમાં ખેર વગેરે લાકડાનો વેર, હિંગાષ્ટકમાં હળદર, કેસરમાં બનાવટી કેસર, સાચા મોતીને બદલે કલ્ચર આપવું વગેરે.

બધું ય તત્પ્રતિરૂપક નામના અતિચારરૂપ બને છે.

અહીં બીજાને ઠગીને ધન લેવાતું હોવાથી સ્પષ્ટ ચોરી દેખાય છે એટલે વ્રત-ભંગ જ થાય છે પણ તેવા ધંધા કરનાર એમ વિચારે કે, "ચોરી તો ખાતર-પાડવું વગેરેને કહેવાય, હું તો તેમ કરતો નથી.' આવી વ્રતસાપેક્ષતા હોવાથી દેશથી વ્રત અખંડ પણ રહે છે માટે તે બધી પ્રવૃત્તિ અતિચારરૂપ કહેવાય અથવા તો

ઉપરોક્ત પાંચેય કાર્ય સ્પષ્ટ ચોરીરૂપ છે છતાં અનાભોગાદિથી હોવાય ત્યારે અતિચારરૂપ બને છે એમ સમજવું.

**વ્રતના પાલન-અપાલથી ગુણ-દોષ** : શ્રી સં. પ્ર. ની ૩૩-૩૪ મી ગાથામાં કહ્યું છે કે ત્રીજા વ્રતના પાલનથી સર્વમનુષ્યોનો વિશ્વાસ, તેમની પ્રશંસા, ધનાદિની વૃદ્ધિ, નિર્ભયતા, ઠકુરાઈ, સદ્‌ગતિ વગેરે ઘણાં ઉત્તમ ફળો પ્રાપ્ત થાય છે. ચોરી વિના નીતિથી મેળવેલું ધન ગમે તેવા સંયોગમાં નાશ પામતું નથી; હરાઈ જતું નથી. આ વ્રતનો પાલક ભાવીમાં રાજાદિના ઉચ્ચ અધિકારો પ્રાપ્ત કરે છે.

ચોરી કરનાર મનુષ્યોને આ જન્મમાં ગધેડા વગેરે ઉપર બેસીને ભારે વિટંબણાઓ વેઠવાનો અવસર આવી જાય છે, શૂળી વગેરેની સજા પણ મળે છે. પરલોકમાં નારકાદિનાં ઘોર દુઃખો વેઠે છે. ત્યાંથી નીકળીને ય માછીમાર, ઠૂંઠા, બહેરા વગેરે થાય છે.

**ત્રીજા વ્રતની ભાવના** : જેમની આંખોને તણખલાં કે મણિમાં કશી વિશેષતા જ દેખાતી નથી, બે ય તુલ્ય દેખાય છે, સ્તેયના સર્વ પ્રકારના પાપથી જેઓ વિરામ પામ્યા છે તે સર્વ શ્રમણોને અંતરના નમસ્કાર.

**ત્રીજા વ્રતની કરણી** : (૧) વ્યવહાર પ્રામાણિક રાખવા. (૨) રસ્તે પડેલી ચીજ લેવી નહિ. (૩) ખોટા તોલા વગેરે રાખવા નહિ. (૪) ચોરીના ધંધાને ઉત્તેજન આપવું નહિ.

### * ચોથું, સ્થૂલ અબ્રહ્મ વિરમણવ્રત :

**વ્રતસ્વરૂપ** : બે પ્રકાર—સ્વસ્ત્રીમાં સંતોષ અથવા પરસ્ત્રી ત્યાગ રૂપ આ વ્રત છે.

સ્વસ્ત્રી એટલે પરિણીત એક કે અનેક સ્ત્રી.

પરસ્ત્રી એટલે અન્ય મનુષ્યોની પરિણીત સ્ત્રી કે રખાત વગેરે મનુષ્ય લોકની સ્ત્રી, દેવલોકની પરિગૃહીતા-અપરિગૃહીતા દેવી, પશુજાતની સ્ત્રી.

અબ્રહ્મ બે પ્રકારે છે: સ્થુલ અને સૂક્ષ્મ.

મન-વચન-કાયાથી ઔદારિક આદિ શરીર દ્વારા વિજાતીયનો સંભોગ કરવો તે સ્થુલ (મોટું) અબ્રહ્મ, અને વેદ. મોહ. કર્મના ઉદય થતાં કામના જોરે ઇન્દ્રિયમાં જે સહેજ વિકાર થાય તે સૂક્ષ્મ અબ્રહ્મ છે. આ બેયના ત્યાગરૂપ બ્રહ્મચર્ય પણ સંપૂર્ણ અને આંશિક બે પ્રકારનું બને છે.

તેમાં સર્વ સ્ત્રીઓ સાથે સર્વ પ્રકારના સંભોગનો મનાદિ ૩ ય યોગથી ત્યાગ કરવો તે સંપૂર્ણ બ્રહ્મચર્ય છે. જેના ૧૮ ભેદ (પ્રકાર) થાય છે.

ઔદા અને વૈ. બન્ને પ્રકારના કામભોગને

મન-વચન-કાયાથી (૨ × ૩ = ૬)

ભોગવવા નહિ, ભોગવાવા નહિ, અનુમોદવા નહિ. (૬ × ૩ = ૧૮)

અમુક અંશે પાળવું તે દેશ (આંશિક) બ્રહ્મચર્ય કહેવાય છે. સર્વથા બ્રહ્મચર્ય પાળવાને અસમર્થ શ્રાવક દેશથી-સ્વદારાસંતોષરૂપ કે પરદારાના ત્યાગરૂપ-બ્રહ્મચર્ય સ્વીકારે. અહીં આ દેશબ્રહ્મચર્યને જ સ્થૂલમૈથુન વિરમણવ્રત તરીકે જાણવું.

જે પુરુષ પરદારાત્યાગરૂપે આ વ્રત લે છે તેને તે બધી સ્ત્રીના સંભોગનો ત્યાગ થાય છે. જે સ્ત્રીઓ અંગે 'આ બીજાની છે-પરસ્ત્રી છે' એવો શબ્દવ્યવહાર થઇ શકતો હોય પણ સર્વસાધારણ કુમારિકા વગેરેનો ત્યાગ થતો નથી.

જ્યારે સ્વદારાસંતોષરૂપે આ વ્રત લેનારને કુમારિકાનો પણ ત્યાગ થાય છે. આ અપેક્ષાએ સ્વદારાસંતોષવ્રત ઉત્તમ ગણાય. (ઉપલક્ષણથી સ્ત્રીએ પુરુષ માટે સમજી લેવું.)

સ્ત્રી માટે સ્વપતિસંતોષરૂપ એક જ પ્રકારે આ વ્રત હોય છે.

**અતિચારો :** (૧) પરવિવાહકરણ (૨) અનાત્ત-ગમન (૩) ઇત્તરાતગમન (૪) અનંગક્રીડા (૫) તીવ્ર રાગ.

**૧. પરવિવાહકરણ :** પોતાના નહિ તેવા પુત્ર-પુત્રી વગેરેના વિવાહ કરાવવા (જેથી મારા પુત્રાદિને તેઓ કન્યા આપે).

આ અતિચાર તેને લાગે કે જેણે, "મારે મારી પોતાની સ્ત્રી સિવાય મૈથુન સેવવું, સેવરાવવું નહિ" એ ભાંગે સ્વદારાસંતોષવ્રત લીધું હોય અથવા પોતાની સ્ત્રી કે વેશ્યા સિવાય મૈથુન સેવવું, સેવરાવવું નહિ એ ભાંગે પરદારાત્યાગરૂપ વ્રત લીધું હોય. અહીં પણ આ વસ્તુત; વ્રતભંગ છતાં વ્રતસાપેક્ષતા હોવાથી અતિચારરૂપ કહેવાય.

સ્વ-પુત્રી આદિના વિવાહમાં પણ પર-પુત્રાદિ વિવાહતુલ્ય દોષ છે. છતાં પોતાની કન્યાને ન પરણાવે તો તે વ્યભિચારિણી બની જાય તેથી ધર્મ-હીલના થાય માટે મોટા દોષના ત્યાગ માટે વ્રતધારીને અલ્પદોષ સેવવો પડે છે. હં, પોતાના સ્વજનાદિ તે ચિંતા-ભાર માથે લઈ જતા હોય તો સ્વપુત્રીઆદિ વિવાહકરણનો ય શ્રાવક ત્યાગ કરી શકે છે.

**૨, ૩. અનાત્તગમન-ઈત્વરગમન :** અનાત્ત એટલે વેશ્યા, પતિવિરહિણી, સ્વચ્છંદચારિણી, કુલવતી વિધવા, કન્યા (કુમારિકા), ટૂંકમાં માલિક વિનાની.

ઇત્વરી એટલે પગારથી અમુક કાળ માટે બાંધેલી રખાત. માલિક વિનાની અથવા અલ્પકાળના માલિકવાળી સ્ત્રી સાથે વિષય-સેવન કરવું તે ૨ જા અને ૩ જા અતિચારરૂપ છે.

માલિક વિનાની (ઉપરોક્ત) સ્ત્રી સાથે અનાભોગાદિથી અતિચાર લાગે, જ્યારે અલ્પકાળના માલિકવાળી રખાત ભોગવતાં વસ્તુતઃ તે પરદારા હોઈને વ્રતખંડન જ થાય પરંતુ તેને ભોગવનાર વ્રતધારી એમ માને કે 'હું તો ભાડું આપીને મારી જ માલિકીની સ્ત્રી બનાવીને ભોગવું છું, માટે આ પરસ્ત્રીભોગ નથી' એમ વ્રતસાપેક્ષ રહે માટે અતિચારરૂપ બને.

આ બે ય અતિચાર 'સ્વદારાસંતોષ' વ્રતવાળાને લાગે છે કિન્તુ પરદારાત્યાગીને નહિ કેમ કે અનાત્ત અને ઇત્વરાત્ત સ્ત્રી પરદારા તરીકે ગણાતી નથી.

મતાંતરે અલ્પકાળની માલિકીવાળી વેશ્યા પરદારા જ ગણાય છે માટે પરદારાત્યાગીને ૩ જો અતિચાર લાગુ પડી શકે છે.

૪. **અનંગક્રીડા :** અનંગ એટલે ભોગવવાની ઇચ્છા અથવા હસ્તમૈથુન વગેરેની ઇચ્છા.

આવી ઇચ્છાના બળે જે ક્રીડા, ચાળા, ચેષ્ટા કરવી તે અનંગક્રીડા કહેવાય.

અથવા તો સ્ત્રી પુરુષના ગુહ્યાંગ (યોનિ–લિંગ)ને છોડીને બીજા અંગો કહેવાય. તે અનંગ દ્વારા જે વિષયસેવનેચ્છાપૂર્વક ક્રીડાઓ કરવી તે ય અનંગક્રીડા કહેવાય.

અન્ય પણ રીતે અનંગક્રીડા કહેવાય છે તે ગ્રન્થાન્તરથી જોઈ લેવું. ટૂંકમાં, તીવ્રવેદોદયથી વિવેકશૂન્ય જે જે પ્રવૃતિ કરવામાં આવે તે સર્વ અનંગક્રીડા અતિચાર સમજવો.

૫. **તીવ્ર કામરાગ :** સંભોગ બાદ પણ તીવ્રરાગપૂર્વક વિજાતીય સાથે ગલીચ ચેષ્ટાઓ કરવી, તેની સાથે મડદાની જેમ પડી રહેવું.... વગેરે પ્રવૃતિ આ અતિચાર રૂપ કહેવાય છે.

શ્રાવક સંપૂર્ણ બ્રહ્મચર્યનો જ અભિલાષી હોવા છતાં વેદોદયને સહી ન શકે ત્યારે કેવળ તેની શાન્તિના ઉદ્દેશથી પોતાની સ્ત્રી સાથે વિષયસેવન કરે અને સર્વ અન્ય સ્ત્રીનો ત્યાગ કરે.

સ્વસ્ત્રી સાથેના સંભોગમાત્રથી વિકાર શાન્તિ થઇ જાય છે માટે તેણે બીજી અનંગક્રીડા તીવ્રરાગ વગેરે કરવા ન જોઇએ. આવો નિષેધ છતાં તે તેમ કરે તો તેને વ્રતખંડન થાય છતાં તેવી ક્રિયાઓ મૈથુન ક્રિયા રૂપ નથી માટે વ્રતખંડન ન પણ થાય એટલે આવી પ્રવૃત્તિ અતિચારરૂપ બને છે.

આ અતિચારોના સ્વરૂપ અંગે અનેક મતાંતરો છે જે ગ્રન્થાન્તરથી જોઈ લેવા.

**વ્રતપાલનથી-અપાલનથી હિતાહિત :**

(૧) કોઇ ક્રોડો સોનૈયાનું દાન કરે અથવા સોનાનું જિનમંદિર બંધાવે તેને પણ તેટલું ફળ પ્રાપ્ત ન થાય જેટલું બ્રહ્મચર્ય-વ્રતની થાય. (૨) દેવાદિ પણ બ્રહ્મચારીને નમે છે કેમ કે બ્રહ્મચર્ય દેવોને વ દુર્લભ છે. (૩) ઉત્તમ ઠકુરાઈ, ઋદ્ધિ-સમૃદ્ધિ, સ્વર્ગાદિ સુખો, નિર્વિકારી બળ, અલ્પકાળમાં મોક્ષ બ્રહ્મચારીને પ્રાપ્ત થાય છે. (૪) કલહ કરાવનાર, મનુષ્યોને મરાવનાર, પાપકાર્યોમાં રક્ત એવા પણ 'નારદ' મોક્ષે ગયા તેમાં તેઓનું બ્રહ્મચર્ય-વ્રત જ કારણ હતું.

પરદારાગમનથી વધ-બંધાદિ પ્રાપ્ત થાય છે. નારકમાં તીક્ષ્ણ કાંટાવાળા શાલ્મલિ-વૃક્ષને ભેટવું પડે છે. દુરાચારી પુરુષોને જન્માન્તરમાં નપુંસક બનવું પડે છે, તેમને ભગંદર આદિ ભયંકર રોગો લાગુ પડે છે. દુરાચારિણી સ્ત્રી-જન્માન્તરમાં વિષકન્યા બને છે, જેને સ્પર્શવા માત્રથી ઝેર ચડી જાય તેવી બને છે.

શાસનપતિ મહાવીરદેવે ગૌત્તમ-ગણધરને કહ્યું છે કે, "હે ! ગૌતમ, દેવદ્રવ્યનું ભક્ષણ કરનારને અને પરદારાનું સેવન કરનારને સાત વાર સાતમી નારકમાં ઉત્પન્ન થવું પડે છે.

સ્વદારાસંતોષ વ્રતનો મહિમા કેવો અદ્ભુત છે, તે તો સુદર્શન શેઠના જીવન ઉપર દૃષ્ટિપાત કરવાથી સહેલાઈથી સમજાય તેવું છે.

મૈથુન-સેવનથી આપણા જેવા જ માનવ બનવાની યોગ્યતા ધરાવતા ૯ થી ૯ લાખ જીવોનો નાશ થાય છે તે સિવાય બીજા પણ બેઇન્દ્રિયાદિ અસંખ્ય જીવો તથા અસંખ્ય સંમૂર્ચ્છિમ જીવો પણ ઉત્પન્ન થઇને મરી જાય છે.

એક જ વારના વિષય-સુખના ક્ષણિક ભોગમાં અસંખ્ય જીવોના જીવનનો કચ્ચરઘાણ !

પચ્ચ. આવ. ચૂર્ણિમાં ૪ થા વ્રતના અધિકારમાં જણાવ્યું છે કે બ્રહ્મચારી ઉભયલોકમાં વિશિષ્ટ સુખો પ્રાપ્ત કરે છે અને અલ્પકાળે

મુક્તિગામી બને છે. આ અંગે ત્યાં વિજય શેઠ અને વિજયા શેઠાણીનું પ્રસિદ્ધ કથાનક મૂક્યું છે.

**વ્રતભાવના :** સમગ્ર પાપના મૂળ સમું આ મૈથુનનું પાપ ! એ પાપના મૂળિયાને જેમણે ઊખેડી નાંખ્યું છે તે સર્વપાપવિરત બનેલા-ત્રિવિધ બ્રહ્મચારીઓનાં ચરણોની પુનઃ પુનઃ સેવા પ્રાપ્ત થજો.

**વ્રત-સાવધાની :** (૧) પરસ્ત્રી સાથે વાત પણ કરવી નહિ. વાત કરવી પડે તો ય હસીને તો ન જ કરવી. (૨) હંમેશ નીચી દૃષ્ટિ રાખીને ચાલવું (૩) સ્થૂલભદ્રજી, વિજય શેઠ-વિજયા શેઠાણી વગેરે બ્રહ્મચારીનાં જીવનો યાદ કરવાં. પરસ્ત્રી સાથે એકાન્તવાસ કદાપિ સેવવો નહિ. વસ્ત્રાદિ સાદાં પહેરવાં.

## * પાંચમું, સ્થૂલ પરિગ્રહપરિમાણ વ્રત :

**વ્રતસ્વરૂપ :** નવે ય પ્રકારના પદાર્થોના અપરિમિત પરિગ્રહનો ત્યાગ કરવાપૂર્વક ઇચ્છાને મર્યાદિત કરવી તે પાંચમું અણુવ્રત કહેવાય

મળેલા કે નહિ મળેલા કોઈ પદાર્થ ઉપર મમત્વ (મૂર્છા) રાખવી તે પરિગ્રહ.

ગૃહસ્થના પરિગ્રહના વિષયમાં આવતા બાહ્ય પદાર્થોની સામાન્યતઃ ૯ પ્રકારોમાં ગણતરી કરવામાં આવી છે.

ધન-ધાન્ય-ક્ષેત્ર-વાસ્તુ-રૌપ્ય-સુવર્ણ-કુપ્ય-દ્વિપદ-ચતુષ્પદ.

દશવૈ. સૂત્રના ૬ઠ્ઠા અધ્યયનની પાંચમી ગાથાની નિર્યુક્તિમાં ગૃહસ્થના પરિગ્રહના ૬ પ્રકાર જણાવ્યા છે.

ધાન્ય-રત્ન-સ્થાવર-દ્વિપદ-ચતુષ્પદ-કુપ્ય.

**ધાન્ય**—જવ, ઘઉં, તુવર વગેરે ૨૪ પ્રકારનાં ધાન્યો છે.

**રત્ન**—જાત્યરત્ન, પ્રવાલ, સોનું, રૂપું, તાંબુ, લોખંડ, સીસું, ચંદન સુતરનાં વસ્ત્ર, ઊનનાં વસ્ત્ર, કાષ્ઠ, દ્રવ્યૌષધિ (સૂંઠ, મરી, પીપર વગેરે) વગેરે ૨૪ પ્રકારનાં રત્નો છે.

**સ્થાવર :** ક્ષેત્ર-ખળાં વગેરે ભૂમિ, ઘર-દુકાન વગેરે મકાન, નાળિયેર-ખજૂરી વગેરે વનજંગલ-એમ ૩ પ્રકારના સ્થાવર છે.

દ્વિપદ : ગાડાં–ગાડી, દાસ–દાસી એમ બે પ્રકારના દ્વિપદ છે.

ચતુષ્પદ : ગાય–ભેંસ વગેરે ૧૦ પ્રકારના ચતુષ્પદ છે.

કુપ્ય : ભિન્ન ભિન્ન જાતની ઘરવખરી એમ ૧ જ ભેદ થાય છે.

કુલ. ૨૪+૨૪+૩+૨+૧૦+૧=૬૪ પ્રકારના પરિગ્રહ થાય ઉપરોક્ત ૯ પ્રકારોનો પ્રસ્તુત ૬ પ્રકારમાં સમાવેશ થઈ જાય છે.

સર્વવસ્તુની સર્વપ્રકારે મૂર્છા છોડવી તે સર્વત્યાગ.

અમુક વસ્તુની અમુક પ્રમાણમાં મૂર્છા છોડવી તે દેશત્યાગ કહેવાય છે.

શ્રાવકને દેશત્યાગ રૂપ આ વ્રત હોય છે.

પ્ર. થોડું ધનાદિ પાસે છતાં વધુ ધનાદિની મર્યાદા બાંધીને વ્રત કરવામાં શું લાભ?

ઉ. જીવને ઇચ્છાની કોઈ મર્યાદા જ નથી છતાં તે અમુક પણ મર્યાદા કરે છે અને તેથી બાકીના ધનાદિની મૂર્છાને ટાળે છે એ જ ઘણો લાભ છે.

પ્ર. આનંદ–કામદેવાદિનું પરિગ્રહ પરિમાણ વાંચતાં અચંબો થાય છે. આટલો બધો પરિગ્રહ રાખવા છતાં તેમને પરમ–શ્રાવક કેમ કહ્યા? તો પછી અમારી પાસે તો તેમનામાંનું કાંઈ જ નથી એમ કહેવાય. તો અમે કેવા શ્રાવક ગણાઈએ?

ઉ. આનંદ–કામદેવાદિના વિપુલ પુણ્યોદયે અઢળક સમૃદ્ધિનો ધસારો ચાલુ જ હતો. તેમાં મહાવીર પરમાત્મા મળી ગયા અને વ્રત લઈને જોરબંધ ધસી આવતી સમૃદ્ધિને એકદમ રોકી દીધી. તે વખતે પણ તેમની પાસે જેટલું હતું તેટલું તેમણે રાખ્યું અને નવું આવતું અટકાવી દીધું.

વળી વસ્તુની સંખ્યા ઉપર પરિગ્રહ–અપરિગ્રહ ગણાતો નથી કિન્તુ મૂર્છા ઉપર ગણાય છે. આનંદ–કામદેવાદિ શ્રાવકો પાસે જે હતું તેની ઉપર પણ ઝાઝી મૂર્છા ન હતી અને તેથી જ તેઓ ધર્મને જીવનમાં શ્રેષ્ઠ–સ્થાન આપી શક્યા હતા.

જ્યારે આજની સ્થિતિ તદ્દન જુદી છે.

મળ્યા ઉપર મૂર્છાનો પાર ન હોય, ન મળ્યાનું ભારે દુઃખ અને દીનતા હોય ત્યાં બે હજાર રૂપિયા હોય તેથી અપરિગ્રહી ન કહેવાય.

આજે પણ જેઓ દિનમાં ઘી ચોપડી રોટલીવાળું બે ટંક ભોજન કરી શકે છે અને સાંધા વિનાનું વસ્ત્ર પહેરી શકે છે તેઓ માટે જરૂરી ગણાતા ધનથી જ સંતોષ માને અને હવે નવું વધુ નહિ મેળવવાનો નિયમ કરે તો વ્રતધારી બની શકે છે. પરંતુ જરૂરિયાતોને વધારી મૂકી, અસંતુષ્ટ બની જઈને અનીતિના પૈસા કમાઈ ને તેમાંય રાજીપો માનીને પરિગ્રહનું ભારે મોટી મર્યાદામાં પરિમાણ કરવું તે વસ્તુતઃ ધર્મ સાથેની વંચનારૂપ છે.

'પરિગ્રહનું પરિમાણ એ વસ્તુતઃ મૂર્છાનું પરિમાણ છે' એ હકીકત લક્ષ્યમાં રાખવી જ રહી. મૂર્છાના પરિમાણ માટે જ બાહ્ય ધનાદિ દ્રવ્યનું પરિમાણ કરવાનું છે એ હકીકત ભુલાઈ જવી જોઈએ નહિ.

**વ્રત અતિચાર :**

ધન-ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ, સોનું, રૂપું, ગાય, મનુષ્ય, કુપ્ય (ઘરવખરી) એ પાંચનું સંખ્યા વગેરેથી જે પ્રમાણ કર્યું હોય તેનું ઉલ્લંઘન કરવું કે કરેલા પ્રમાણથી વધુ ભેગું કરવું તે આ વ્રતના ૫ અતિચારો છે.

**ધન ૪ પ્રકારે છે :**

જાયફળાદિ ગણીને આપી લઈ શકાય તે ગણિમ.

કંકુ, ગોળ વગેરે તોલીને આપી લઈ શકાય છે ધરિમ.

ઘી, તેલ, લૂણ, અનાજ વગેરે માપી લઈ શકાય તે મેય.

રત્ન વસ્ત્રાદિ પરીક્ષા કરીને જેને આપી લઈ શકાય તે પારિચ્છેદ્ય.

ધાન્ય ૨૪ પ્રકારે છે : (પૂર્વોક્ત કહેવાઈ ગયું છે.)
**ક્ષેત્ર** : ધાન્યાદિ પકવવાની ભૂમિ (ખેતર) આ ભૂમિ ૩ પ્રકારની છે.
**સેતુ** : જે ખેતરમાં રેંટ કોશાદિથી પાણી પૂરું પાડીને અનાજ પકાવાય તે ખેતર.

**કેતુ** : જે ખેતરમાં વરસાદના પાણીથી જ ધાન્ય પાકે તે ખેતર.
**સેતુ-કેતુ** : જે ખેતરમાં વરસાદ વખતે વરસાદથી બાકીના સમયમાં રેંટ વગેરેથી અનાજ પકવાય તે ખેતર.

**વાસ્તુ** : ઘર-ગામ-શહેર વગેરે જેમાં વસવાટ થાય તે ભૂમિ.
આમાં ઘર વગેરે મકાનો ૩ પ્રકારે.
જમીનમાં ભોંયરાવાળાં—ખાત.
જમીનમાં ઉપરના ભાગમાં ચણેલાં-ઉચ્છ્રિત
ભોંયરા સાથેની હવેલી—ખાતોચ્છ્રિત.

**રૂપ્ય** : રૂપું કે રૂપાની વસ્તુ.
**સોનું** : સોનું કે સોનાની વસ્તુ.
**ગાય-મનુષ્ય** : સઘળા દ્વિપદ-ચતુષ્પદ.
**કુપ્ય** : વાસણો, ટોપલા, બિછાના વગેરે બધી ઘરવખરી (રાચરચીલું)

**પ્ર.** પરિગ્રહ તો ૯ કે ૬ પ્રકારના છે અને અહીં ૫ જ અતિચાર (એકેક જોડેલા રૂપે) કેમ કહ્યા છે?

ઉ. પરસ્પર સમાન જાતિવાળા ભેદોનો તેમાં તેમાં સમાવેશ કર્યો છે. વળી અન્ય દરેક વ્રતના ૫-૫ અતિચાર કહ્યા છે માટે અહીં પણ શિષ્યની સરળતા માટે ૫ જ અતિચાર કહેવા માટે જોડલા બનાવી દીધા છે. 'વસ્તુતઃ ધન-ધાન્યાદિની જેટલી સંખ્યા હોય તેટલા જ અતિચાર થાય,' આમ ધર્મબિન્દુની ટીકામાં કહ્યું છે.

**પ્ર.** નિશ્ચિત કરેલા પરિમાણથી વધુ રાખનારને તો વ્રતનો ભંગ જ થાય. તમે તેને અતિચાર કેમ કહો છો?

ઉ. હા, ધનાદિના પરિમાણનું સાક્ષાત્ ઉલ્લંઘન કરનારને તો વ્રતખંડન જ થાય પરંતુ જે વ્રતધારી વ્રતસાપેક્ષ રહીને પરિણામ લંઘે તો તેને તે અતિચાર રૂપ બને.

દા. ત., એક માણસે ધનનું પરિણામ કર્યા પછી કોઈ દેવાદાર પોતાનું દેવું આપવા આવ્યો કે કોઈ કશીક ભેટ આપવા આવ્યો. તેને જો તે વ્રતધારી સ્વીકારે તો વ્રતભંગનો તેને ભય લાગે છે માટે તે કહે કે, 'અમુક માસ પછી વ્રત પૂરું થાય છે માટે ત્યાર બાદ લઈશ. અથવા જે રકમ છે તેમાંથી થોડું ઘટી જતાં લઈશ માટે અમુક માસ પછી દેવા આવજો.

અથવા તો તેને લઈને બાંધીને થાપણની જેમ કોઈને ત્યાં મૂકી રાખે. આમાં વ્રતસાપેક્ષતા રહે છે. માટે તેવી પ્રવૃત્તિ અતિચાર રૂપ જ બને. આ રીતે ગ્રન્થાન્તરથી અન્યત્ર પણ અતિચાર ઘટના કરી લેવી.

## વ્રતપાલન-અપાલનથી હિતાહિત :

શ્રીઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે, લોભીને કૈલાસ પર્વત જેવા અસંખ્ય પર્વત જેટલાં સોનાં-રૂપાં મળે તો ય સંતોષ થાય નહિ. કેમ કે ઇચ્છા આકાશની જેમ અનંત છે.

માટે જ ઇચ્છાને મર્યાદિત કરવામાં મોટો લાભ છે. કહ્યું છે કે જેમ જેમ લોભ અલ્પ થાય, જેમ જેમ પરિગ્રહનો આરંભ ઘટે તેમ તેમ સુખાનુભવ થાય, ધર્મ-સિદ્ધિ થવા લાગે.

સર્વસુખનું મૂળ સંતોષ છે. સંતોષી માણસ ઉભયલોકમાં અનેક સુખ પ્રાપ્ત કરે. જ્યારે અસંતોષી દરિદ્રતા, દુર્ભગતા, દાસપણું વગેરે મહાદુઃખો પામે છે.

મહારંભી-મહાપરિગ્રહી જીવો નારકીનું આયુષ્ય બાંધે છે.

વ્રત-ભાવના : અરે ઓ જીવ ! અસાતાને કાં પરવશ બને ? એની પરાધીનતાને લીધે તો તું ધન-ધાન્યાદિના પરિગ્રહમાં ગળાબૂડ ખૂંપી ગયો છે. હજી સંસાર-સાગરના અતળ ઊંડાણે જઈ બેસવું છે

શું ? જેમ પરિગ્રહ ભાર વધશે તેમ નીચે ને નીચે, ઊંડે ને ઊંડે તારો આત્મા ઊતરતો જશે. એ કરૂણ દશાને ખ્યાલમાં રાખજે.

**વ્રતકરણી :** મહારંભ-મહાપરિગ્રહ નરકના સીધા દ્વાર છે એ વાત ખ્યાલમાં રાખીને એવા ધંધા કરવા નહિ. શેર વગેરે ખરીદવામાં પણ મહારંભવાળાં કારખાનાં વગેરેની તીવ્ર અનુમોદના થાય છે માટે તેનાથી તો દૂર જ રહેવું. આજીવિકા પૂરતું મળી જાય કે તરત સંતોષ માનવો. પરિગ્રહ એ ભયંકરમાં ભયંકર પાપ છે. એનાથી મહાનમાં મહાન માનવજીવન બરબાદ ન થઈ જાય એની ખૂબ જ કાળજી રાખવી.

અહીં પાંચ અણુવ્રત, જેને મૂલગુણ કહેવાય છે, તેનું વિવેચન પૂર્ણ થાય છે. હવે ૩ ગુણવ્રત અને ૪ શિક્ષાવ્રત-જેમને ઉત્તરગુણ કહેવાય છે તેમનું સ્વરૂપ સમજી લઈએ.

## * છઠ્ઠું, સ્થૂલ દિક્પરિમાણ વ્રત : (સ્થૂલ દિગ્વિરમણ વ્રત :)

**વ્રત-સ્વરૂપ :** ૪ દિશા ૪ વિદિશા (ખૂણાઓની દિશા) અને ઉપરની તથા નીચેની એમ કુલ ૧૦ દિશા કહેવાય છે.

અમુક અમુક દિશામાં અમુક માઈલથી (મોટરથી) વધુ જવાના ત્યાગરૂપ આ વ્રત છે.

આ વ્રતને ગુણવ્રત કહ્યું છે કેમ કે તે અહિંસાદિ મૂળવ્રતોને ગુણકારક બને છે. ગુણવ્રતોની સહાય વિના એકલા અણુવ્રતોનું વિશુદ્ધ પાલન થવું શક્ય નથી.

દિશા-વિરમણ વ્રતથી મર્યાદિત કરેલી ભૂમિની બહાર રહેલા સર્વ ત્રસ-સ્થાવર સર્વજીવોને અભયદાન દેવાય છે તે ક્ષેત્રનો વેપારો નહિ કરવાથી તેટલા અંશમાં સંતોષ-ધર્મની પ્રાપ્તિ થાય છે.

**પ્ર.** સાધુને આ વ્રત ન હોય ?

**ઉ.** ના, અષ્ટપ્રવચનમાતાના પાલક મુનિનું જીવન નિષ્પાપ હોવાથી કોઈ પણ કાર્યમાં તેમને હિંસાદિનો સંભવ નથી માટે આ વ્રત ન હોય. જેઓ અવિરતિમાં રહેલા હોય તેમને આ વિરતિ આવશ્યક

બને છે પણ સર્વવિરતિને આ વિરતિ પચ્ચ.ની આવશ્યકતા રહેતી નથી. ચારણશ્રમણો ઊર્ધ્વાદિ દિશામાં ગમન કરે છે તેથી સિદ્ધ થાય છે કે તેમને દિક્પરિમાણ વ્રત નથી.

**વ્રતાતિચાર :** ઊર્ધ્વ-અધો-તિર્યગ્ દિશાની ગમનમર્યાદાનું ઉલ્લંઘન કરવું એ ૩ અતિચાર રૂપ બને. અને દિશાની વૃદ્ધિ કરવી તથા વિસ્મરણ થવાથી ભૂલ થવી—એ બીજા બે અતિચાર છે. આમ કુલ પાંચ અતિચાર થયા.

અનાભોગ-અતિક્રમાદિથી ઉક્ત ૩ દિશાની મર્યાદાની બહાર ચાલી જવાથી વ્રતને અતિચાર લાગે. જાણી જોઈને ઉલ્લંઘન કરે તો તો વ્રતભંગ જ થાય.

જે વ્રતધારીએ 'ગમન કરવું નહિ' એ ભાંગે વ્રત લીધું હોય તેને તો સ્વયં જવાથી કે કોઈને મોકલવાથી થતું ઉક્ત ઉલ્લંઘન અતિચાર રૂપ જ બને.

પણ જે વ્રતધારીએ 'સ્વયં ગમન કરવું નહિ' એટલું વ્રત લીધુ હોય તેને બીજાને મોકલવાથી અતિચાર ન લાગે.

**ક્ષેત્રવૃદ્ધિ :** એક દિશા ઓછી કરીને તેના માઈલ બીજી દિશામાં નાંખીને મર્યાદા વધારવી. પૂર્વના ૧૦૦, પશ્ચિમના ૧૦૦ અને હોય તો બેય ભેગા કરીને ૨૦૦ યોજન ગણીને પૂર્વમાં ૧૫૦ અને પશ્ચિમમાં ૫૦ યોજન ગણી લઈને કામ પડતાં પૂર્વમાં ૧૫૦ યોજન સુધી જઈ આવે. પૂર્વમાં ૧૦૦ ને બદલે ૧૫૦ યો. જનાર વસ્તુતઃ વ્રતભંગ જ કરે છે. કિન્તુ બે ય દિશાનો સરવાળો જાળવીને તે વ્રત-સાપેક્ષ રહે છે માટે આ પ્રવૃત્તિ વ્રતના અતિચારરૂપ બને છે. અથવા તો સ્મૃતિભ્રંશથી ૧૦૦ યો.થી આગળ વધી જતાં અતિચાર લાગે, આ હેતુથી જ વ્રત-નિયમનું સ્મરણ કરવાનું કહ્યું છે.

તીર્થયાત્રાદિ નિમિત્તે ઈર્યાસમિતિ આદિના પાલનપૂર્વક અધિક ભૂમિ પણ જઈ શકાય છે. કેમ કે વ્રતમાં ધન ધાન્યાદિ મેળવવાનાં કાર્યો માટે અધિક ભૂમિ ન જવાનો નિયમ હોય છે.

**વ્રતપાલન–અપાલનથી હિતાહિતા :** (૧) પૂર્વે કહ્યા મુજબ સંતોષધર્મની સિદ્ધિ (૨) અવિરતિના વગર મફતના પાપનો ત્યાગ વગેરે લાભો થાય છે. વ્રતના અભાવે તીવ્ર અસંતોષ, અશાંતિ, ક્લેશ (કંકાસ) પ્રાપ્ત થાય છે. સર્વ પાપનું મૂળ લોભ કહ્યો છે, એટલે આ વ્રતના સેવનથી લોભ પણ કાબૂમાં આવે છે. આમ આ ગુણવ્રત વિશેષે કરીને ૧ થી ૫ માં અણુવ્રતને ગુણકારક બને છે.

**વ્રતભાવના :** સદા નિરારંભ એવા મુનિઓને પુનઃ પુનઃ વંદન હો! જેઓ કશાય પ્રતિબંધ વિના ગ્રામાનુગ્રામ પાદવિહાર કરે છે.

**વ્રત–કરણી :** રોજ દિશા સંકોચ કરવો. વગર મફતના પાપના બારણા ખુલ્લા રાખવાથી ઘણો કર્મબંધ થાય છે તે વાત ખ્યાલમાં રાખીને દેશ–સર્વપાપત્યાગીની ભારોભાર અનુમોદના કરવી.

*** સાતમું, સ્થૂલ ભોગોપભોગ વિરમણવ્રત** (બીજું ગુણવ્રત

**વ્રત સ્વરૂપ :** એક વસ્તુ એક જ વાર ઉપભોગમાં આવી શકે (અનાજ, ફૂલ–પાન વગેરે) તે વસ્તુ પુનઃ પુનઃ ઉપયોગમાં આવે (મોતીની કંઠી–પડાં–સ્ત્રી–ઘોડા વગેરે) તે ઉપભોગ પદાર્થ કહેવાય.

આ બે ય ભોગ–ઉપભોગ પદાર્થનું સંખ્યાથી નિયમન (પરિમાણ) કરવું તે આ બીજા ગુણવ્રતનું સ્વરૂપ છે. શ્રી આવશ્યકસૂત્રમાં આને ઉપભોગ–પરિભોગવ્રત કહ્યું છે.

આ વ્રત બે પ્રકારે છે: ભોજનથી અને કર્મથી.

ભોજનથી : આત્મસાધનામાં તત્પર શ્રાવકો નિરવદ્યનિર્જીવ પદાર્થથી આજીવિકાનો નિર્વાહ કરે તેમ ન બને તો અનંતકાયનો તો અવશ્ય ત્યાગ કરી દે.

વળી પર્વાદિ પ્રસંગ વિના આભૂષણાદિનો એવી રીતે ઉપભોગ ન કરે જેથી ચિત્તમાં અતિ આસક્તિ ઉન્માદ થાય કે મનુષ્યોમાં અવર્ણવાદ થાય તેવા ઉદ્‌ભટ વેષાદિ પણ ન પહેરે.

આથી જ શ્રાવકે ભોજન સંબંધી અને વેષાદિ સંબંધી પદાર્થોનું નિયમન કરી દેવું જોઈએ.

કર્મથી : જેનાથી અતિ તીવ્ર કર્મબંધ થાય, લોકનિન્દાનું કારણ અને તેવા અયોગ્ય લેવડ-દેવડ આદિ વ્યવસાયોને ત્યાગવા અને અલ્પ-આરંભવાળાં કર્મોનું પણ પ્રમાણ નક્કી કરવું.

* બાવીશ અભક્ષ્ય :

ભોજનમાં અભક્ષ્ય (વર્જનીય-ન ખાવા જેવી) ૨૨ બાબતો.

૧ થી ૪ - ૪ મહાવિગઈ : (દારૂ-માંસ-મધ-માખણ) દરેકમાં સ્વવર્ણે સમાન વર્ણવાળા અસંખ્ય ત્રસાદિ જીવો જન્મ-મરણ પામ્યા કરે છે.

જીવનો ઘાત થતાં જ તે જ સમયે માંસમાં તે જ વર્ણની અનંત નિગોદ જીવોની ઉત્પત્તિ થઈ જાય છે. આ ઉત્પત્તિ-મરણની પરંપરા ચાલુ જ રહે છે. તે સિવાય ત્રસાદિ જીવો પણ ઉત્પન્ન થાય છે.

૫ થી ૯ ઉદુમ્બર પંચક : ઉદુમ્બર એટલે ૫ પ્રકારનાં વૃક્ષો.

૧. વડ ૨. પીપળો તથા પારસ પીપળો ૩. ઉંબર (ગુલરનું વૃક્ષ) ૪ પ્લક્ષ (પીપળાની જાત) ૫. કાકો દુમ્બરી (કાલુંબર)

આ પાંચે ય પ્રકારનાં વૃક્ષોનાં ફળોમાં મચ્છરના આકારના અતિસૂક્ષ્મ ઘણા ત્રસ જીવો હોય છે માટે તેના ટેટા(ફળ)નું ભક્ષણ કરવું જોઇએ નહીં.

૧૦.બરફ : અસંખ્ય અપકાય રૂપ હોવાથી તથા અતિશીત હોઇને ચિત્ત-વિકારી હોવાથી ત્યાજ્ય છે. (આઇસ્ક્રીમ વગેરે પણ આથી અભક્ષ્ય જાણવા.)

૧૧. વિષ : અફીણ, સોમલ, વચ્છનાગ વગેરે દરેક જાતનાં ઝેર, મારેલાં ઝેર પણ પેટનાં કૃમિ આદિ જન્તુનો ઘાત કરે છે, અફીણાદિનો વ્યસની મરણાદિ કાલે મહાદુઃખી થાય છે માટે ત્યાજ્ય છે.

૧૨. કરા : અસંખ્યાતા અપકાયજીવરૂપ હોવાથી ત્યાજ્ય છે.

પ્ર. તેમ તો સચિત્ત પાણી પણ અભક્ષ્ય બની જશે ને ?

ઉ. હા, પણ તેના સિવાય જીવનનિર્વાહ શક્ય નથી માટે તેને અભક્ષ્ય કહ્યું નથી. છતાં શ્રાવકોએ અને સાધુએ ઘીની જેમ પાણી વાપરવું જોઈએ.

૧૩. **સર્વ પ્રકારની માટી**: દેડકાં વગેરેની યોનિરૂપ માટી છે. ક્યારેક પેટમાં જતાં પેટમાં દેડકાદિની ઉત્પતિ થઇ જતાં મરણ વગેરે અપાયો થવાનો સંભવ રહે છે. માટીના ત્યાગમાં ખડી, ચૂનો પણ માટીરૂપ હોઈને ત્યાજ્ય છે. કેમ કે તે પણ રાગાદિનું કારણ છે. વળી નીમકમાં પણ અસંખ્યાત પૃથ્વીકાય જીવો હોવાથી સચિત્ત નીમક ત્યાજ્ય છે.

નીમકને અચિત બનાવવા માટે અગ્નિ આદિ અતિ બળવાન શસ્ત્રોનો ઉપયોગ કરવો પડે છે. ગમે તેટલું ખાંડવા, દળવાથી પણ મીઠું અચિત્ત થઈ જતું નથી. ભગવતીસૂત્રના ૧૯મા શતકના ૩ જા ઉદ્દેશમાં કહ્યું છે કે, 'વજ્રની ઘંટીમાં અલ્પમાત્ર મીઠું મૂકીને તેને ૨૧ વાર વાટવામાં આવે તો પણ તેમાં કેટલાક જીવો એવા રહી જાય છે જેમને એ વજ્રનો સ્પર્શ સુદ્ધાં થયો હોતો નથી. કુંભારના નીભાડામાં કે સુખડિયાની ભઠ્ઠીમાં મીઠા ભરેલા માટીના ભાજનને સીલ કરીને મૂકી રાખવામાં આવે તો તે અચિત્ત થાય છે અને બે-ચાર વર્ષ સુધી તેવા જ અચિત્ત સ્વરૂપમાં રહે છે. મીઠામાં મીઠા કરતાં બમણું પાણી નાંખીને ઉકાળીને એકરસ બનાવીને પછી ઠારીને, આજે મીઠાને અચિત બનાવવામાં આવે છે પણ આવું મીઠું બે-ચાર માસમાં જ ફરી સચિત્ત થવા સંભવ રહે છે. પાણી વિના જ ભઠ્ઠીમાં સ્વયં એકરસ બનીને ઠરેલું મીઠું જેટલાં દીર્ઘકાળ સુધી અચિત રહે તેટલા કાળ સુધી પાણીપૂર્વક એકરસ કરેલું મીઠું અચિત્ત રહી શકતું નથી. તાવડી વગેરેમાં શેકીને મીઠાને અચિત્ત કરવામાં આવે છે, પણ તે મીઠું શેકાઈને ખૂબ લાલ બની જાય તો જ અચિત્ત સમજવું જોઇએ.

૧૪. **રાત્રિભોજન**: અનેક સૂક્ષ્મ-બાદર જંતુઓ સૂર્ય આથમતાં વાતાવરણમાં ફેલાય છે. તે જન્તુઓ રાત્રે ભોજન કરનારના ભાણામાં પડે છે. ભોજન સાથે પેટમાં જતાં ઘોર હિંસા થાય છે અને સ્વને

પણ કયારેક ભયંકર રોગાદિનું કારણ છે. આ રાત્રિભોજનમાં જિનેશ્વરદેવે અનંતા દોષો કહ્યા છે માટે તેનો અવશ્ય ત્યાગ કરવો જોઇએ. રાત્રિભોજન ત્યાગવાથી અડધી જિંદગીના ઉપવાસ થાય છે.

અન્ય દર્શનોમાં પણ રાત્રિભોજનનો નિષેધ કરવામાં આવ્યો છે. શ્રી યોગશાસ્ત્રમાં સૂર્યોદયથી બે ઘડી પૂર્વનો અને સૂર્યાસ્તની બે ઘડી બાકી રહે ત્યારથી માંડીને બધો કાળ રાત્રિ સમાન સમજીને તેમાં ૪ ચ આહારનો ત્યાગ કરવાનું કહ્યું છે. રાત્રિભોજન સંબંધમાં ઉપાધ્યાયજી મહારાજે તો કહ્યું છે કે ભોજન કરતાં ઊડતા જીવો તેમાં આવી ન પડે તો ય હિંસાદિ પાપની જેમ રાત્રિભોજન સ્વરૂપતઃ જ ત્યાજ્ય છે.

૧૫. **બહુબીજ** : કોઠીંબડા, રીંગણા, ખસખસ, રાજગરો, પટોળા વગેરેમાં વચ્ચે અંતરપટ વિના–ભેગાં–ઘણા બીજ હોય છે, તે દરેક બીજોના જીવોનો નાશ થવાનો સંભવ હોવાથી આવાં ફળો અભક્ષ્ય કહેવાય છે.

પ્ર. દાડમ, ટિન્ડુર વગેરેમાં ઘણાં બીજ છે છતાં તે બહુબીજ ખરા કે નહિ?

ઉ. ના તેમાં બીજ ઘણાં હોવા છતાં આંતરે આંતરે પડ હોય છે તેથી તે બીજ પરસ્પર સ્પર્શરહિત હોય છે માટે બહુબીજ માન્ય નથી.

૧૬. **અજાણ્યાં ફળ** : અજાણ્યાં ફળની જેમ અજાણ્યાં ફૂલ વગેરે પણ અભક્ષ્ય જાણવાં. તે જ રીતે અન્ય દેશની અજાણી મીઠાઈ વગેરે પણ અભક્ષ્ય સમજવાં જોઇએ.

૧૭. **સંધાન** : અનેક ત્રસ જીવોની ઉત્પતિમાં કારણ બનતાં બોળ અથાણાં (લીંબુ, મરચાં, કેરી, કેરાં, ગુંદા, વગેરે) સઘળાં અભક્ષ્ય છે. અથાણાની કેટલીક વસ્તુઓ તો ઘણી રીતે તપાવવામાં આવે છતાં સુકાતી જ નથી અને હવાવાળી રહેવાથી બોળ બની જાય છે. ચોથે દિવસે તો નિયમા બેઇ. આદિ જીવો ઉત્પન્ન થઈ જાય છે. બોળ ન હોય તેવાં પણ અથાણાંને વિવેક રાખ્યા વિના એઠા હાથ, ભીના

ચમચાદિથી કાઢવામાં આવે તો તેમાં પણ સંમૂ. પંચે. મનુષ્યની ઉત્પત્તિ થઈ જાય છે.

૧૮. **અનંતકાયિક** : કંદમૂળ વગેરે અનંતકાયિક પદાર્થોમાં એક શરીરમાં અનંતાનંત જીવો હોય છે.

**અનંતકાય** : (૧) સઘળી જાતના લીલા કન્દ (વૃક્ષના થડની નીચે જમીનમાં રહેલો ભાગ) અનંતકાય હોય છે. મગફળી કંદમૂળ નથી કેમ કે તેનું ફળ જમીનમાં થાય છે. કંદ નહિ. સૂરણકન્દ, લીલી હળદર, આદુ, લીલો કચૂરો, શતાવરી, કુંઆર, થોહરી, ગળો (ગડૂચી), ગાજર, દરેક વનસ્પતિના પ્રૌઢ પાંદડાની પૂર્વાવસ્થાનાં કોમળ પાંદડાં (કિસલય) કે દરેક બીજમાંથી પ્રથમ નીકળતા અંકુરો-અનંતકાય હોય છે. જ્યારે તે રૂઢ બને ત્યારે પણ પ્રત્યેક વનસ્પતિના હોય તો પ્રત્યેક વનસ્પતિકાય ગણાય અન્યથા અનંતકાય જ રહે. થેગની ભાજી (જેનો પોંખ થાય છે) લીલી મોથ, મૂળાનો કંદ (મૂળાના કંદ સિવાયના ડાંડલી, ફૂલ, પત્ર, તેના મોગરા અને દાણા એ બધાં અંગો પ્રત્યેક છતાં અભક્ષ્ય ગણાય છે અને તેનો કંદ તો અનંતકાય હોઈને અભક્ષ્ય છે.) ભૂમિરૂહ (ભૂમિફોડા-બિલાડીનો ટોપ) વિરૂઢ (કઠોળમાંથી નીકળતા અંકુરા) પલ્યંક (પાલખાની ભાજી) કૂણી આંબલી (જેમાં ઠળિયા ન થયા હોય તેવી આંબલીના કાતરા) આલુકંદ જેને રતાળુ (બટાટા) કહેવાય છે. ઇત્યાદિ ૩૨ અનંતકાય અભક્ષ્ય છે.

**અનંતકાયનું લક્ષણ** : જેનાં પાંદડાં વગેરેની નસો (કુંઆરાદિના સાંધા કે શેરડી આદિના) પર્વો ગુપ્ત હોય-અપ્રગટ હોય, વળી ભાંગતાં જેના સરખા ભાગ થાય, તથા જેમાં તાંતણા ન હોય અને છેદવા છતાં ઊગે (કુંઆરાદિની જેમ) એવી વનસ્પતિને અનંતકાય કહેવાય છે.

આ અનંતકાયને અવશ્ય ત્યજવા જોઇએ. કેમ કે કહ્યું છે કે, ૪: નરકદ્વાર છે ૧ લું રાત્રિભોજન ૨. પરસ્ત્રીસંગ, ૩. સંધાન (બોળ-અથાણું) અને અનંતકાય.

ઇતર દર્શનના શિવપુરાણમાં મૂળાનાં પાંચે ય અંગો તજવાનું કહ્યું છે.

સૂંઠ, સૂકી હળદર વગેરે કેટલીક વસ્તુનો સ્વાદ બદલાઇ જવાથી તે વ્યવહારથી કલ્પે છે.

૧૯. વૃન્તાક : વેંગણ નિદ્રાવર્ધક—કામોત્તેજક વગેરે અનેક દોષધાન કરનારું હોવાથી અભક્ષ્ય છે. શિવપુરાણમાં પણ કાલિંગડા મૂળા અને વેંગણના ભક્ષણનો નિષેધ કર્યો છે.

૨૦. ચલિતરસ : જેના વર્ણ, ગન્ધ, સ્વાદ (રસ) ફરી જાય તે બધી વસ્તુઓ ચલિતરસ કહેવાય. વાસી ભાત વગેરે રસોઈ, કાલાતીત પકવાન્ન, બે રાત્રિ વ્યતીત થયા પછીનાં દહીં, છાશ વગેરે ચલિત રસ કહેવાય.

૨૧. તુચ્છ ફળ : તુચ્છ એટલે અસાર. જેને ખાવાથી ભૂખ ભાગે નહિ, શક્તિ આવે નહિ તેવાં જાંબુ વગેરે ફળો, ફૂલો, મૂળ, પાંદડાં, મગની શીંગ વગેરે તુચ્છ છે. આવા પદાર્થો ખાવામાં ખાવાનું થોડું અને ફેંકી દેવાનું ઘણું હોવાથી ઘણા જીવની વિરાધના થાય છે. માટે ત્યાજ્ય છે.

૨૨. કાચાં ગોરસ : કાચાં દૂધ વગેરેમાં દ્વિદલ (કઠોળ) ભળવાથી અતિસૂક્ષ્મ ત્રસ જંતુની ઉત્પત્તિ થાય છે માટે અભક્ષ્ય છે.

પ્ર. દ્વિદલ કોને કહેવાય ?

ઉ. જેની બે ફાડ-દાળ થાય અને જેને પીલતાં તેલ ન નીકળે તે દ્વિદલ કહેવાય, બે ફાડ થવા છતાં તેલ નીકળે તો (દા.ત, મગફળી) તે વસ્તુ દ્વિદળ ન કહેવાય.

અહીં ૨૨ પ્રકારના અભક્ષ્યનું વિવેચન પૂર્ણ થાય છે. શ્રી યોગ-શાસ્ત્રમાં ૧૬ પ્રકારનાં અભક્ષ્ય કહ્યા છે અને બાકીના અભક્ષ્યોને એક સંગહ-ગાથામાં जन्तुमिश्रं फलं पुष्पं સમાવી લીધા છે.

આ વ્રતધારીએ નિત્ય સચિત દ્રવ્ય આદિ ૧૪ નિયમો સવાર-સાંજ લેવા સંક્ષેપવા જોઇએ. તેનું સ્વરૂપ ગ્રન્થાન્તરથી જોઇ લેવું.

**વ્રતાતિચાર :** ૧. સચિત્ત ૨. સચિત્ત પ્રતિબદ્ધ ૩. મિશ્ર ૪. અભિષવ ૫. દુષ્પકવાહાર.

આ પાંચ વસ્તુના ઉપયોગ કરવારૂપે આ વ્રતના પાંચ અતિચાર છે.

૧. સચિત્ત–જીવયુક્ત હોય તે સચિત્ત (ચિત્ત = જીવ).

૨. સચિત્તપ્રતિબદ્ધ : સચિત સાથે જોડાયેલું.

૩. મિશ્ર : કાંઈક અંશે સચિત્ત અને કાંઈક અંશે અચિત્ત-(અડધું ઉકાળેલું પાણી).

૪. અભિષવ : અનેક ચીજોને મેળવવાથી બનેલા આસવ વગેરે.

૫. દુષ્પકવાહાર : પૂરું નહિ પાકેલું.

આવી વસ્તુ નહિ વાપરવાના પચ્ચ. વાળા આ વ્રતધારીને અનાભોગાદિથી, આમાંની કોઈ વસ્તુ વપરાઈ જતાં અતિચાર લાગે. જાણીને વાપરે તો વ્રતભંગ જ થાય. દા.ત., પાંચ સચિત્તની છૂટ રાખતાં ૬–૭ વપરાઈ જાય.

સજીવ વૃક્ષને વળગેલા ગુંદર વગેરે સચિત્ત પ્રતિબદ્ધ અચિત્ત કહેવાય. અચિત્ત થયેલાં પાકી ગયેલાં ફળોને સચિત્ત બીજથી દૂર કરીને ખાનાર વ્રતસાપેક્ષ રહે છે માટે તેને અતિચાર લાગે.

અડધું દળેલું મિશ્ર હોય છતાં દળેલું માનીને અચિત્ત કલ્પીને વાપરે ત્યારે વ્રત–સાપેક્ષ રહે છે એટલે અતિચાર લાગે.

આસવ પણ અનાભોગાદિથી લેવાના અતિચાર લાગે, ઇરાદાપૂર્વક વાપરે તો વ્રતભંગ જ થાય.

અડધો શેકાએલો પોંખ, અડધો રંધાયેલો તાંદળજો વગેરે દુષ્પકવ વસ્તુઓ શરીર–વ્યાધિનું કારણ બને છે. જેટલા અંશમાં સચિત્ત હોય તેટલા અંશમાં પરલોક પણ બગાડે છે. અનાભોગાદિથી ખવાતાં અતિચાર લાગે.

આ રીતે રાત્રિભોજન આદિમાં પણ અનાભોગાદિથી અતિચાર સમજવો. ભોજનને આશ્રયીને ૭ મું વ્રત અને તેના અતિચાર કહ્યા.

કર્મને આશ્રયીને કઠોર કર્મોનો ત્યાગ કરવો એ આ ૭મા વ્રતનું સ્વરૂપ છે. તેના અતિચારરૂપે ૧૫ કર્માદાન છે. તેને પણ ત્યજવા જોઇએ.

ભોગોપભોગના કારણ રૂપ વેપારાદિનાં કર્મોમાં કાર્યનો આરોપ કરતાં તે કર્મોને પણ ભોગોપભોગ વિરમણવ્રતરૂપ કહેવાય છે. કર્મને આશ્રયીને બનતા આ વ્રતના ૧૫ અતિચાર છે.

* પંદર કર્માદાન :

આ પંદરેય કર્મો જીવને તીવ્ર પાપકર્મોનું આદાન (બંધન) કરાવનાર હોવાથી તેમને કર્માદાન કહેવાય છે.

૫ કર્મ + ૫ વાણિજ્ય + ૫ સામાન્ય = ૧૫

૧. અંગારકર્મ: લુહાર–સોનાર–કુંભાર–ભાડભુંજા–હોટલ–વીશી વગેરેના ધંધા.

૨. વનકર્મ : વન કપાવવા, બાગ–બગીચા સમારવા, ઉગાડવા વગેરે ધંધા.

૩. શકટકર્મ : ગાડા–ગાડી–મોટર વગેરે બનાવવાના ધંધા.

૪. ભાટકકર્મ : „ „ „ „ ભાડે ફેરવવાના ધંધા.

૫. સ્ફોટકકર્મ : જમીન–ખાણ વગેરે ફોડવાના ધંધા, તળાવ, કૂવા, રસ્તા વગેરે ખોદવા.

પાંચ વેપારરૂપ પાંચ વાણિજ્ય-કર્મ.

૧. દાંતનો વેપાર : હાથીદાંત, ત્રસ જીવોના શરીરના અવયવો, શંખ, કસ્તુરી વગેરેના ધંધા ઉપલક્ષણથી સમજી લેવા.

૨. લાખનો વેપાર : લાખ અને જેમાં જીવહિંસા અધિક છે તેવા ધાતકી વૃક્ષની છાલ-ફૂલ વગેરે પદાર્થો કે જેમાંથી દારૂ બને છે તે ગળી, મનશીલ, ફટકડી. સાબુ વગેરે ક્ષારોનો વેપાર કરવો તે લાક્ષાવાણિજ્ય નામનો અતિચાર કહે છે.

૩. રસનો વેપાર : મધ–માખણ–ઘી–તેલ–દૂધ–દહીં વગેરે રસનો વેપાર. મધ જીવહિંસાથી જ પ્રાપ્ય છે, છાશથી છૂટાં પડતાંની

સાથે જ માખણમાં અસંખ્ય જીવ ઉત્પન્ન થાય છે. દારૂ ઉન્માદકારક છે, દૂધ વગેરે પ્રવાહી વિગઈઓમાં પડતાં-ઊડતા જીવોનો નાશ થાય છે.

૪. કેશ-વેપાર : કેશ શબ્દના ઉપલક્ષણથી કેશવાળા જીવો પણ સમજવા. તેથી દાસ-દાસી વગેરે મનુષ્યો, ઘોડા, બકરાં વગેરે પશુઓનો વેપાર કરવો.

૫. વિષ-વેપાર : જીવઘાતના કારણભૂત વિષ છે માટે તેનો વેપાર અતિચારરૂપ છે. ઉપલક્ષણથી તરવાર-કુહાડા-હળ વગેરેનો વેપાર પણ અહીં સમજી લેવો. શ્રી યોગશાસ્ત્રમાં તો પાણી ખેંચવાના રેંટના વેપારને પણ વિષ-વેપારમાં ગણ્યો છે.

**પાંચ સામાન્ય કર્માદાન અતિચાર :**

૧. યન્ત્રપીડનકર્મ : યન્ત્રપીલણ, ખાંડણી, ઘંટી, યન્ત્રાદિથી અનાજ, ઔષધો, કપાસ વગેરે ખાંડવા-પીસવા-લોઢાવાના ધંધા.

૨ નિર્લાંછનકર્મ : બળદ-ઘોડા વગેરેના અવયવોને છેદવાનું કામ કરીને આજીવિકા મેળવવી. આવા કર્મથી તે જીવોને ભારે પીડા થાય છે માટે અતિચારરૂપ છે.

૩. દવાગ્નિદાન : ગામ-નગર વગેરેમાં આગ લગાડીએ તો લૂંટફાટ સારી રીતે થાય, જંગલ બાળી નાંખીએ તો સારું નવું ઘાસ ઊગી જાય, ખેતરમાં કાંટાદિ બાળી નાખવાથી અનાજ વગેરે સારું પાકે એવી બુદ્ધિથી દવ સળગાવવો. આવાં કાર્યો અતિનિર્દયતાથી જ થાય છે.

૪. સર-શોષણ : ધાન્યાદિ વાવવા માટે ખેતરમાં ભરાએલા પાણીને નીકો કરી કાઢી નાંખવા-સુકાવી દેવા, નદી-સરોવર-તળાવના પાણી ખાલી કરવા કે સુકાવી દેવાના ધંધા. (ખોદાવ્યા વિનાનું જળાશય તે સરોવર. અને ખોદીને બંધાવેલું હોય તે તળાવ કહેવાય.)

૫. **અસતીપોષણ :** દુરાચારિણી સ્ત્રી, પુરુષ-લિંગવાળા, પોપટ, સુડા, કૂતરા વગેરે હિંસક જીવનું પોષણ કરવું તે અસતી-પોષણ કર્માદાન અતિચાર કહેવાય છે.

**પ્ર.** અન્ય વ્રતોને પાંચ-પાંચ અતિચાર છે. અહીં ૨૦ અતિચાર કેમ?

ઉ. અન્ય વ્રતમાં પણ અનેક અતિચારો છે, માત્ર પાંચ જ છે તેમ માનવું નહિ. 'પાંચ અતિચાર' તો ઉપલક્ષણરૂપ સમજવા. ટૂંકમાં, દરેક વ્રતમાં વ્રતસાપેક્ષભાવથી અથવા અનાભોગાદિથી જે કાંઇ દોષ સેવાય, તે દોષો જેટલી સંખ્યામાં અતિચારો સમજવા.

**વ્રતપાલન-અપાલનથી હિતાહિત:** આ અંગે વ્રતસ્વરૂપાદિના વિવેચનમાં કહેવાઈ ગયું છે, એટલે અહીં વિશેષની આવશ્યકતા જણાતી નથી.

**વ્રત-ભાવના :** તે નિર્ગ્રન્થોને મારા ભાવભીના નમસ્કાર! જેમણે આપાતરમ્ય કામભોગોની પરિણામ-કટુતાને જાણીને અને દુઃખપ્રતિકાર સ્વરૂપ સમજીને ત્રિવિધ ત્યાગી દીધા.

**વ્રત-કરણી :** અણાહારી પદ મેળવવાની ભાવના ભાવવી. રોજ ૧૪ નિયમ ધારવા, પર્વતિથિ આદિએ વિશેષ ધર્મ કરવો. ૨૨ અભક્ષ્ય, ૩૨ અનંતકાયનો ત્યાગ કરવો. શાક, અનાજ, ફળાદિના ભક્ષ્યમાં પણ શક્ય સંકોચ કરવો.

*** ૮ મું, સ્થૂલ અનર્થદંડવિરમણ વ્રત :**

**વ્રતસ્વરૂપ :** શરીરસેવા, કુટુંબ, ઘરબાર આદિનો નિર્વાહ કરવાના પ્રયોજન વિના-નિષ્કારણ જે કાંઇ પાપ કરવામાં આવે તે બધો અનર્થદંડ સમજવો.

ઇન્દ્રિયો શિષ્ટમાન્ય કારણ કે સ્વજનાદિને કારણે કરાતું પાપ તે અર્થદંડ છે, શેષ અનર્થદંડ છે.

આ અનર્થદંડ ૪ પ્રકારે કહ્યો છે.

૧. દુષ્ટધ્યાન ૨. પાપકર્મોપદેશ ૩. હિંસક-વસ્તુ અર્પણ ૪. પ્રમાદાચરણ.

**૧. દુષ્ટધ્યાન** : ખરાબ અધ્યવસાયનું સ્થિરતાપૂર્વક ચિંતન કરવું. આ અપધ્યાન આર્ત અને રૌદ્ર એમ બે પ્રકારે છે. "ઋત" એટલે દુઃખ, તેનાથી જે દુર્ધ્યાન થાય તે આર્તધ્યાન અને બીજાને રોવડાવે તે રૂદ્ર (દુઃખનું કારણ) તેવા રૂદ્રનું જે દુષ્ટધ્યાન તે રૌદ્રધ્યાન.

આ બન્ને ય ધ્યાન એક અંતર્મુ.થી વધારે કાળ સુધી ન કરવા એવી પ્રતિજ્ઞા કરવી એ આ વ્રતનું સ્વરૂપ છે. (મુહૂર્ત સુધી થઈ આવતાં દુર્ધ્યાનમાંથી બચવાનો અભ્યાસ થાય પણ તેને રોકી દેવાનું દુઃશક્ય હોવાથી 'ન કરવાની' પ્રતિજ્ઞા ન કરાય.)

**૨. પાપકર્મોપદેશ** : જેનાથી જીવ નારકાદિ દુર્ગતિમાં જાય તે પાપ કહેવાય. તેના જનક ખેતી વગેરે પાપકર્મ કહેવાય. એવા પાપકર્મની ખેતી કરો, દમન કરો, શત્રુને હણી નાંખો, યન્ત્રો ચાલુ કરો વગેરે સલાહ આપવી તે પાપકર્મોપદેશ કહેવાય.

યોગશાસ્ત્રમાં કહ્યું છે કે આવો પાપોપદેશ દાક્ષિણ્યતા વિના તો કરવો જ નહિ. (શ્રાવકને અપવાદમાર્ગે સ્વજનાદિને દાક્ષિણ્યતાદિના કારણે ક્યારેક તેવો ઉપદેશ કરવો પડે છે.)

**૩. હિંસાકર્પણ** : જીવોની હિંસા કરે તેવા ઘંટી, કેશ, કુહાડા વગેરે શસ્ત્રો (અધિકરણો) તથા અગ્નિ પ્રગટાવવાનાં સાધનો, એવી વસ્તુઓ વગેરે ઉત્સર્ગથી કોઈને ન આપવાં જોઈએ. પૂર્વોક્ત રીતે દાક્ષિણ્યતાથી આપવાં પડે તો શ્રાવક તેની જયણા રાખે.

**૪. પ્રમાદાચરણ** : મદ્ય, વિષય, કષાય, નિદ્રા, વિકથા એ પાંચ પ્રકારના પ્રમાદ કહ્યા છે. આ પાંચના સેવનને પ્રમાદાચરણ કહેવાય છે.

બેદરકારીથી દૂધ વગેરેનાં ભાજનો ખુલ્લાં રાખવાં, જાણીને નિર્જીવ માર્ગ છોડીને વનસ્પતિવાળા માર્ગે ચાલવું, ગમે તેમ પાણી વગેરે બારીએથી ફેંકવું, રસોઈ થઈ ગયા પછી પણ ઇન્ધણ વગેરેને ચાલુ રાખવાં ઇત્યાદિ પ્રકારના અનેક પ્રમાદોને પાપભીરૂ શ્રાવકે અવશ્ય નિવારવા જોઈએ. અનર્થદંડથી કોઈ ઇષ્ટસિદ્ધિ થતી નથી એ વાત ખ્યાલમાં રાખીને તેનાથી વિરામ પામવું જોઈએ.

વ્રતાતિચાર : ૧. કન્દર્પ ૨. કૌત્કુચ્ય ૩. ભોગભૂરિતા ૪. સંયુક્તાધિકરણત્વ ૫. વાચાળતા.

૧. કન્દર્પ : વિષય-વાસના જાગ્રત કરે તેવાં વિકારી વચનો બોલવાં કે વિષયની વાતો કરવી. આવા વચન-વ્યાપારને કન્દર્પ કહેવાય છે. શ્રાવકે આવી વાતો ન કરવી જોઈએ. મુક્ત મોંએ ખડખડાટ હસવું પણ ન જોઈએ.

૨. કૌત્કુચ્ય : ભાંડ-ભવૈયા ફાતડાની જેમ સ્તન, આંખ, મુખ વગેરેથી ખરાબ ચેષ્ટા ચાળા કરવા તે કૌત્કુચ્ય કહેવાય.

આ બન્ને અતિચાર આ ૮ મા વ્રતના ચોથા પ્રમાદાચરણ વિરમણવ્રતને અંગે છે.

૩. ભોગભૂરિતા : ભોગ-ઉપભોગ રૂપ વસ્તુનો વધુ પડતો સંગ્રહ કરવો. આ પણ પ્રમાદાચરણ વિરમણને અંગેનો અતિચાર છે.

સાબુ-પાઉડર-તેલાદિ વધુ રાખવાથી લોલુપતાએ વારંવાર સ્નાનાદિ કરવાનું બને જેથી પુષ્કળ જીવહિંસા થાય.

૪. સયુંક્તાધિકરણત્વ : ખાંડણિયા વગેરે આત્માને દુર્ગતિમાં જવાનો અધિકાર આપે છે માટે તેવાં શસ્ત્રોને અધિકરણ કહેવાય છે. આવાં અધિકરણોને જોડીને તૈયાર રાખવાં એ સંયુક્તાધિકરણત્વ નામનો અતિચાર છે.

દા. ત., ખાંડણિયા જોડે સાંબેલું, હળની સાથે ફાળ (ચકડું) કે કોશ, ગાડાં-ગાડી સાથે ધૂંસરાં વગેરે, ધનુષ્ય સાથે બાણ, બંદૂક સાથે ગોળી ભરીને તૈયાર રાખવા.

આ રીતે શ્રાવકે આ વસ્તુ તૈયાર રાખવી ન જોઈએ. જો તૈયાર હોય તો કોઈ લઈ જાય, માંગે તો આપવી પડે. જુદા જુદા સ્થાને હોય તો તેમ જણાવીને આપવાનો નિષેધ કરી શકાય.

૫. મૌખર્ય (વાચાળતા) : ધીટ્ટાઈ, અસભ્યતાથી અસંબદ્ધ રીતે નિષ્કારણ ઘણું બોલબોલ કરવું. પાપોપદેશ-વિરમણ નામના આ

વ્રતના પ્રકારને આ અતિચાર લાગે છે કેમ કે આવું બોલવામાં ઘણાં પાપ-પ્રેરક વચનો બોલાઈ જાય છે.

આ વ્રતના અપધ્યાનવિરમણુદિ પ્રકારમાં અનાભોગાદિને લીધે અતિચાર જાણવો.

**વ્રત પાલનાપાલનથી હિતાહિત :** ઉક્ત ચારેય પ્રકારનો અનર્થદંડ મહાઅનર્થકારી બને છે, દુર્ધ્યાનથી કોઈને ઇષ્ટસિદ્ધિ તો થતી નથી, ઊલટાં નારકાદિનાં અનિષ્ટ દુઃખો તૂટી પડે છે. તન્દુલ-મત્સ્ય માત્ર મનના દુર્ધ્યાનરૂપ અનર્થદંડના પાપે ૭ મી નારકનો ભોગી બન્યો.

**વ્રતભાવના :** તે પરમર્ષિઓને વંદન હો, જેમણે નિરર્થક પાપોને તો ત્યાગી દીધાં પરન્તુ સાર્થક પાપોને ય સર્વથા ત્યાગીને જેઓ નિષ્પાપ બન્યા !

**વ્રતકરણી :** મન-વચન-કાયાને ધર્મકાર્યોમાં જોડવાં. જરાક પણ સમય મળે કે મહામન્ત્રાદિનું સ્મરણ કરવા લાગી જવું. વૈરાગ્ય-ભરપૂર ગ્રન્થોનું નિત્ય વાચન કરવું.

*** શિક્ષાવ્રતનું સ્વરૂપ :**

અહીં ૩ ગુણવ્રતનું વિવેચન પૂર્ણ થાય છે. હવે ૪ શિક્ષાવ્રતનું સ્વરૂપ જોઈએ.

શિક્ષા એટલે વારંવારનો અભ્યાસ. આવા અભ્યાસ માટેનાં સ્થાનો-સાધનો તેને શિક્ષાપદ કહેવાય છે. આને જ અહીં શિક્ષાવ્રત કહ્યાં છે.

૧. સામાયિક ૨. દેશાવગાશિક ૩. પૌષધોપવાસ. ૪. અતિથિ-સંવિભાગ.

આ ચારે ય વ્રતો અલ્પકાળ માટે હોય છે જ્યારે પૂર્વોક્ત ૩ ગુણવ્રતો પ્રાયઃ યાવજ્જીવ હોય છે માટે એને જુદા ગણવામાં આવ્યા છે. તેમાં પણ સામાયિક અને દેશાવગાશિક તો પ્રતિદિન એકથી વધુ

વાર પણ કરી શકાય છે, જ્યારે પૌષધોપવાસ અને અતિથિસંવિભાગ રોજ કિન્તુ અમુક દિવસે (દિનમાં એક જ વાર) કરી શકાય છે.

* ૯ મું, સામાયિક–વ્રત (૧ લું શિક્ષાવ્રત):

વ્રતસ્વરૂપ : પાપવ્યાપારો અને દુર્ધ્યાનથી રહિત આત્માનો જે બે ઘડી પ્રમાણ (મુહૂર્ત પ્રમાણ) સમતાભાવ તે સામાયિક–વ્રત કહેવાય.

સામયિકમાં પણ જીવને કેટલીક વાર રાગાદિ થઇ જાય છે તે અનાદિ સ્વભાવનું પરિણામ છે. વારંવાર સામાયિકભાવમાં બેસવામાં આવે ત્યારે જ તે શુદ્ધ સામાયિક પ્રાપ્ત થતાં રાગાદિ ભાવો ટળી જાય છે. આથી જ આ વ્રતને શિક્ષાવ્રત કહેવામાં આવ્યું છે. જ્યાં સુધી એવું શુદ્ધ સામાયિક પણ 'જિનોક્તમિતિ સદ્ભક્ત્યા' જિનાજ્ઞા છે કે સામાયિક કરવું જોઈએ એવી ભક્તિથી પણ કરતાં જ રહેવું જોઇએ. આવું અશુદ્ધ–દ્રવ્ય સામાયિક પણ શુદ્ધ–ભાવ સામાયિકનું કારણ બને છે.

સામાયિક કરતાં શ્રાવક સાધુની સમાન બને છે તેવું સામાયિક પારવાના સૂત્રમાં કહ્યું છે.

વ્રતાતિચાર : મનાદિ ૩ યોગોને પાપવ્યાપારમાં જોડવારૂપ ૩ તથા સ્મૃતિભ્રંશ અને અનાદર એ બે–એમ પાંચ અતિચારો છે.

૧, ૨, ૩. યોગોનું દુષ્પ્રણિધાન : હાથ, પગ વગેરેને લાંબા. ટૂંકા કર્યા કરવા તે કાય–યોગ દુષ્પ્રણિધાન.

શબ્દોની યથાયોગ્ય ગોઠવણ વિના જેમતેમ બોલવું તે વાગ્યોગ દુષ્પ્રણિધાન.

મનમાં ક્રોધાદિ કરવા તે મનોયોગ દુષ્પ્રણિધાન.

જોયા કે પ્રમાર્જ્યા વિના ઊઠનાર–બેસનારને જીવ–હિંસા ન થાય તો પણ પ્રમાદરૂપ હિંસા થવાને લીધે તેનું સામાયિક ગણાતું નથી.

૪. સ્મૃતિભ્રંશ : પ્રબળ પ્રમાદાદિ કારણે, "સામાયિક કર્યું કે નહિ?" "મારે ક્યારે સામાયિક કરવાનું છે?" ક્યારે પારવાનું છે?" વગેરે ભૂલી જાય.

દરેક અનુષ્ઠાન મોક્ષાનુષ્ઠાન ત્યારે બને જ્યારે તે ઉપયોગ-સ્મૃતિ એકાગ્રતાપૂર્વકનું હોય.

૫. અનાદર : સામાયિક કરવામાં અનુત્સાહ.

નિયમિત ન કરવું, કરવું તો વેઠ ઉતારવા જેવું કરવું, સમય થતાં પહેલાં પારી દેવું ઇત્યાદિ.

અહીં બધે ય અનાભોગાદિથી કે વ્રતસાપેક્ષતાથી અતિચાર સમજવો અન્યથા તો વ્રતભંગ જ ગણાય.

પ્ર. અવિધિથી સામાયિક કરવા કરતાં ન કરવું શ્રેષ્ઠ નહિ?

ઉ. આવા વચનને ઉત્સૂત્રવચન કહ્યું છે. કેમ કે અવિધિથી કરનારને નાનું પ્રાયશ્ચિત્ત આવે છે, જ્યારે નહિ કરનારને મોટું પ્રાયશ્ચિત્ત આવે છે. કેમ કે નહિ કરનાર જિનાજ્ઞાનો ભંજક બને છે.

શ્રદ્ધાસંપન્ન આત્મા વિધિપૂર્વક સઘળું અનુષ્ઠાન કરે છતાં સામગ્રીના અભાવે તેને અવિધિ અનુષ્ઠાન કરવું પડે તો ય તે વિધિનો કટ્ટર પક્ષપાતી તો હોય જ. માટે કહ્યું છે કે, અનુષ્ઠાનમાં વિધિ-પાલકો ધન્ય છે. વિધિપક્ષપાતી પણ ધન્ય છે. વિધિ-બહુમાનકારકો પણ ધન્ય છે. અરે! વિધિમાર્ગને દૂષિત નહિ કરનારા પણ ધન્ય છે. નિકટમુક્તિગામી જીવોને વિધિનો સતત આદર હોય છે. વિધિ-ત્યાગ અનાદર વગેરે પ્રાયઃ અભવ્ય-દુર્ભવ્યને હોય છે.

અવિધિ દોષ 'મિચ્છામિ દુક્કડં' નામના બીજા પ્રાયશ્ચિત્તથી નિવારી શકાય તેવો સામાન્ય છે માટે અવિધિપૂર્વકની ક્રિયા પણ અભ્યાસકાળમાં ઉપાદેય જ છે.

* વ્રત-પાલનાપાલનથી હિતાહિત :

(૧) લાખ ખાંડી સોનાનું નિત્યદાન કરનાર કરતાં ૧ સામાયિક કરનારો ચડી જાય છે. (૨) બે ઘડીના સામાયિકથી શ્રાવક ૯૨ ક્રોડ, ૫૯ લાખ, ૨૫ હજાર ૯૨૫$\frac{3}{8}$ પલ્યોનું દેવાયુ બાંધે. (દર મિનિટે લગભગ ૨ ક્રોડ પલ્યો. નું) સામાયિકના ફળ અંગે સમતાધિકાર જોઈ લેવા ભલામણ છે.

**વ્રત-ભાવના :** ક્યારે એ મંગળમય દિન પ્રાપ્ત થશે, જ્યારે હું સર્વ-સંગત્યાગી બનીશ ! નિર્ગ્રન્થોની જેમ યાવજ્જીવનું સામાયિક લઈને મુક્તિ-માર્ગનું શ્રેષ્ઠ આરાધન કરીશ !

**વ્રતકરણી :** નિત્ય એક સામાયિક અવશ્ય કરવું.

*** દસમું, દેશાવકાશિક વ્રત (બીજું શિક્ષાવ્રત) :**

**વ્રતસ્વરૂપ :** છઠ્ઠા દિગ્વ્રતમાં નક્કી કરેલા પ્રમાણમાં (અમુક) અલ્પકાળ માટે જે સંક્ષેપ કરવો તે દેશાવકાશિક નામનું વ્રત કહેવાય.

છઠ્ઠા વ્રતમાં યાવજ્જીવ કે એકાદિ વર્ષ કે એકાદિ ચાતુર્માસ માટે દશે ય દિશામાં જવા-આવવા અંગેની મોટી મર્યાદા હોય જ્યારે અહીં તેમાંથી ઘટાડીને બહુ જ ઓછી મર્યાદા પ્રહર-કે દિવસના કાળ પૂરતી રાખવામાં આવે છે.

દેશ = છઠ્ઠા વ્રતની મોટી મર્યાદાનો દેશથી (ટૂંકા ભાગમાં)

અવકાશ રાખવો = છૂટ રાખવી. આવા ટૂંકી મર્યાદા કરતાં વ્રતને દેશાવકાશિક કહેવાય.

અહીં છઠ્ઠા વ્રતના ઉપલક્ષણ ૧ લા વગેરે અણુવ્રતો, ૭માં વગેરે ગુણવ્રતો વગેરે સર્વ વ્રતોમાં નક્કી કરેલી મર્યાદાઓને પણ રોજના માટે ટૂંકાવી દેવાનું સમજી લેવું. યાવજ્જીવ આદિ માટે લીધેલાં વ્રતોમાં છૂટ વધારે રાખી હોય તે સહજ છે. રોજ તેટલી છૂટની જરૂર રહેતી નથી. એટલે તે બધી છૂટમાં પણ રોજના એક દિવસ પૂરતો કે એક રાત્રિ પૂરતો કાપ મૂકી દેવો જોઈએ.

આવા સંક્ષેપીકરણને દેશાવકાશિક વ્રત કહેવાય છે, જેને આજે ૧૪ નિયમ ધારવારૂપ કહેવાય છે. આ માટે રોજ સવાર-સાંજ બે વાર આ વ્રતનું 'દેશાવકાશિક' પચ્ચ. પણ શ્રાવકને લેવાનું હોય છે.

જેમ માન્ત્રિક, શરીરમાં વ્યાપી ગયેલા વિષને મન્ત્રપદોચ્ચારથી ડંખભાગમાં લાવી દે છે તેમ આ વ્રતમન્ત્ર સર્વપાપવ્યાપારોને ટૂંકાવી દઈને મર્યાદામાં લાવી મૂકે છે. આમ થતાં પાપવ્યાપારોની વધુ છૂટથી બંધાતા કર્મોનો પણ સંક્ષેપ થઈ જાય છે.

**વ્રતાતિચાર** : ૧. પ્રેષણ ૨. આનયન ૩. શબ્દાનુપાતન ૪. રૂપાનુપાતન ૫. પુદ્ગલપ્રેરણ.

૧. **પ્રેષણ** : નક્કી કરેલી મર્યાદાની બહાર કાંઈ કામે પોતે તો ન જઈ શકે એટલે બીજાને મોકલે. વસ્તુત: પોતે જવું કે બીજાને મોકલવો એ બેયમાં જીવ-વિરાધના તો થાય જ છે. એ વિરાધનાથી બચવા માટે તો વ્રત લીધું છે. વળી જાતે જવાથી તો ઇર્યાસમિતિનું પાલન થવાથી જીવ-વિરાધના ઓછી પણ થાય. આથી બીજાને મોકલે છે માટે અતિચાર ગણાય છે.

૨. **આનયન** : નિયમિત કરેલી ભૂમિની બહારથી નોકર વગેરે દ્વારા વસ્તુ મંગાવવી. અહીં પણ પૂર્વવત્ અતિચાર જ લાગે કિન્તુ વ્રતખંડન નહિ.

૩. **શબ્દાનુપાતન** : જે મકાનમાં પોતે બેઠો છે તે મકાન કે મકાનના 'કમ્પાઉન્ડ' જેટલે જ જવા-આવવાના નિયમ રાખનાર શ્રાવકને કમ્પાઉન્ડની બહારથી પસાર થતાં માણસનું કામ પડે ત્યારે વ્રતભંગના ભયથી પોતે જાય નહિ તેમ જ તેને બોલાવે નહિ પરન્તુ તે સ્વયં પોતાની તરફ આવી જાય તેવી ઇચ્છાથી અનક્ષર શબ્દરૂપ છીંક ખાય કે ખોંખારો કરે જેથી તે સાંભળતાં પેલા માણસની નજર આ માણસ તરફ જાય અને તે આપમેળે તેની પાસે આવે.

અહીં પણ વ્રતસાપેક્ષતા હોવાથી અતિચાર જ ગણાય.

૪. **રૂપાનુપાતન** : અહીં પૂર્વવત્ સમજવું, ફરક એટલો જ કે અવાજ દ્વારા ન બોલાવતાં પોતાની જાતને બારીએ જઈને પ્રગટ કરતાં ઘરમાં પોતાની હાજરી છે એમ જણાવીને પેલા માણસને તેની આવવાની પ્રેરણારૂપ બને.

૫. **પુદ્ગલપ્રેરણા** : પુદ્ગલ એટલે ઇંટ, કાંકરો વગેરે.

મર્યાદિત ભૂમિની બહાર રહેલા માણસને પોતાની તરફ આવવાની પ્રેરણા કરાવવા તેની પ્રતિ કાંકરો વગેરે ફેંકવો.

આમાંના પહેલા ૨ અતિચાર અનાભોગાદિથી થાય છે. જ્યારે બાકીના ૩ માયાવીપણાથી થાય છે.

પ્ર. આ પાંચેય અતિચાર તો દેશ વ્રત અંગે જ લાગુ પડે તેવા છે. તમે તો આ વ્રતને સર્વવ્રતના સંક્ષેપરૂપ કહ્યું છે તો બીજા બધા વ્રતો અંગેના અતિચાર અહીં કેમ ન કહ્યા ?

ઉ. ઉપલક્ષણથી અહીં પણ વધ-બંધાદિ અતિચારો સમજી લેવા.

**વ્રતપાલનાદિથી લાભાદિ :** નાહકથી અવિરતિમાંથી બચાવ થઈ જવારૂપ આ વ્રત નિત્ય કરતાં નથી તેઓ પાપવ્યાપારોની અવિરતિનાં બારણાં ખુલ્લાં રાખીને પુષ્કળ પાપકર્મબંધ કરે છે.

**વ્રત-ભાવના :** સર્વસંગત્યાગી તે શ્રમણોને નમસ્કાર હો ! જેમણે સર્વપ્રકારના સાવદ્યયોગોને યાવજ્જીવ માટે ત્યાગી દીધા !

**વ્રત-કરણી :** જેમ બને તેમ પાપ-કાર્યોમાં સંકોચ કરતા રહેવો. જેના વિના ન ચાલે તેટલું જ પાપ કરવું પડે તો ય તેમાં ભારે ડંખ અનુભવવો. સગવડિયા જીવનની ઈચ્છા પણ ન કરવી. શોખીન જીવનની તો સ્વપ્ને ય કલ્પના ન કરવી.

**અગિયારમું પૌષધોપવાસ વ્રત** (ત્રીજું શિક્ષાવ્રત) :

**વ્રતસ્વરૂપ :** આ વ્રત ૪ પ્રકારે છે.

૧. આહાર, ૨. શરીરસત્કાર, ૩. મૈથુન અને ૪. સાવદ્યકર્મોના પર્વોમાં ત્યાગ કરવા રૂપ આ વ્રત ૪ પ્રકારે છે.

**આહાર :** અશન-પાન-ખાદિમ-સ્વાદિમ વગેરે ખાવું-પીવું..
**શરીર સત્કાર :** સ્નાન-મર્દન વિલેપનાદિ.

**મૈથુન :** અબ્રહ્મસેવન
**સાવદ્યકર્મ :** ખેતી વગેરે સઘળાં પાપકાર્યો.
૪ પર્વ : અષ્ટમી, ચતુર્દશી, પૂર્ણિમા, અમાવાસ્યા.
પૌષધ = ધર્મની પુષ્ટિને કરે તે પૌષધ.

પૌષધની સાથે આત્માની સમીપ (ઉપ) વસવું (વાસ) તેને પૌષધોપવાસ વ્રત કહેવાય છે.

તાત્પર્ય કે-પર્વદિનોમાં આત્માનો ગુણોની સાથે વાસ તેનું નામ પૌષધોપવાસ.

કહ્યું છે કે, દોષાવૃત આત્માનો ગુણોની સાથેનો વસવાટ તે પૌષધોપવાસ કહેવાય. માત્ર શરીરનું શોષણ પૌષધોપવાસ નથી.

વ્યવહારમાં તો આહાર વગેરે પૂર્વોક્ત ૪ કર્મબંધ-કારણોનો ત્યાગ એ પૌષધોપવાસ વ્રત કહેવાય.

આહાર-શરીરસત્કાર-મૈથુન-સાવદ્યકર્મ એ ૪ નો ત્યાગ કહ્યો. તેમાં આહારાદિ પ્રત્યેક બે પ્રકારે છે: દેશથી અને સર્વથી.

અમુક વિગઈનો ત્યાગ કે એકાશન, આયંબિલ વગેરે દેશથી આહાર-ત્યાગરૂપ છે. જ્યારે ૪ ય પ્રકારના આહારના ત્યાગરૂપ ઉપવાસ સર્વથી આહાર ત્યાગરૂપ છે.

અમુક શરીરસત્કારની છૂટપૂર્વકનો શરીરસત્કાર ત્યાગ દેશથી કહેવાય અને સર્વ શરીરસત્કારનો ત્યાગ એ સર્વથી શરીરસત્કાર ત્યાગ કહેવાય.

મૈથુનનો દિવસે જ ત્યાગ કરવો અથવા રાતે એક યા બેથી વધારે વારના સ્ત્રીભોગનો ત્યાગ કરવો તે દેશથી મૈથુન-ત્યાગ કહેવાય અને પૂર્ણદિન-પૂર્ણરાત સર્વથા મૈથુનત્યાગ કરવો તે સર્વથી મૈથુન-ત્યાગ કહેવાય.

અમુક સાવદ્યકર્મ સિવાયના સાવદ્ય વ્યાપારત્યાગને દેશથી અવ્યાપાર પૌષધ કહેવાય. સર્વ સાવદ્યકર્મના ત્યાગરૂપ સાવદ્ય વ્યાપાર ત્યાગને સર્વથી અવ્યાપાર પૌષધ કહેવાય.

દેશથી અવ્યાપાર પૌષધમાં સામાયિક ઉચ્ચરે અથવા ન પણ ઉચ્ચરે જ્યારે સર્વથી અવ્યાપાર પૌષધ સામાયિક ઉચ્ચરવું જ જોઈએ.

હાલ તો પૌષધ-વ્રતમાં આહારપૌષધ જ એકાશનાદિ કરનારને દેશથી પણ લઈ શકાય છે. બાકીના ૩ પૌષધ તો સર્વથી જ લેવાની પ્રણાલિકા છે.

**વ્રતાતિચાર :** ૧. સંસ્તારક અપ્રત્યુપેક્ષણ-અપ્રમાર્જન ૨. અપ્રત્યુપેક્ષ્ય અપ્રમાર્જ્ય આદાન ૩. અપ્રત્યુપેક્ષ્ય-અપ્રમાર્જ્ય હાન ૪. અનાદર ૫. અસ્મૃતિ.

**૧. સંસ્તારક અપ્રત્યુપેક્ષણ-અપ્રમાર્જન :** નેત્રથી જોવું તે પ્રત્યુપેક્ષણ અને ચરવળા વગેરેથી પૂંજવું તે પ્રમાર્જન સંસ્તારક એટલે પૌષધશાળાને સુવા માટેની ડાભ નામની વનસ્પતિ અથવા ગરમ વસ્ત્ર (સંથારિયું વગેરે)

સંસ્તારક શબ્દથી સંથારો-શય્યા-વસતિ (મકાન) ૩ ય સમજવા (સંથારો ૨।। હાથ લાંબો હોય, શય્યા ૩।। હાથ લાંબી હોય. વસતિને પણ શય્યા કહેવાય છે.)

આ ત્રણેયને આંખેથી જોયા કે ચરવલાદિથી પ્રમાર્જ્યા વિના જ તેમનો ઉપયોગ કરે તો સંસ્તારક અપ્રત્યુપેક્ષણ-અપ્રમાર્જન અતિચાર લાગે. અથવા બેદરકારીથી (ખરાબ રીતે) જુએ, પ્રમાર્જે તો પણ આ અતિચાર લાગે. આગળના અતિચારમાં પણ આ રીતે બેય અર્થ કરવા.

**૨. અપ્રત્યુપેક્ષ્ય-અપ્રમાર્જ્ય આદાન :** આદાન એટલે લેવું અર્થ થાય છે. ઉપલક્ષણથી 'મૂકવું' અર્થ પણ સમજવો.

લાકડી-કુંડી-પાટલો-પુસ્તક વગેરે આંખથી જોયા વિના ચરવળા આદિથી પ્રમાર્જ્યા વિના લેવા મૂકવાથી આ અતિચાર લાગે છે. અથવા જેમ-તેમ જોઈ-પૂંજીને લેવા-મૂકવાથી આ અતિચાર લાગે છે. (અહીં અપ્રત્યુ-અપ્રમા....એ બેયને એક અતિચાર તરીકે ગણાવેલ છે પણ અન્યત્ર બન્નેને જુદા અતિચાર રૂપે કહેલ છે.)

**૩. અપ્રત્યુપેક્ષ્ય-અપ્રમાર્જ્ય હાન :** હાન એટલે સર્વથા ત્યાગ.

સર્વથા ત્યાગ કરવા જેવા ઝાડા-પેશાબ-શ્લેષ્માદિને પરઠવવાની જગાને જોયા-પૂંજ્યા વિના કે જેમ તેમ જોઈ-પૂંજીને પરઠવતાં આ અતિચાર લાગે. પરઠવતાં જમીનના માલિકની રજા લેવા 'अणु जाणह

જસ્સુગ્ગ હો' (જેની માલિકી હોય તે રજા આપો.) એમ કહેવું જોઈએ. પરઠવ્યા બાદ ૩ વાર 'વોસિરે' કહેવું જોઈએ. (મનાદિ ત્રણેય યોગથી ત્યાગવું તે) આમ 'વોસિરે' ન બોલે તો મલાદિમાં પછી થનારી જીવોત્પત્તિ આદિની વિરાધનાનો દોષ લાગે.

૪. **અનાદર**: પૌષધ લેવા-પાળવામાં અનુત્સાહ.

૫. **અસ્મૃતિ**: પૌષધ કરવાનું ભૂલી જવું, અમુક ક્રિયા કરી કે નહિ તેનું વિસ્મરણ થવું વગેરે.

**વ્રતપાલનથી લાભ**: મણિજડિત સુવર્ણના પગથિયાવાળું હજાર સ્તંભવાળું ઊંચું, સોનાના તળિયાવાળું જિનમંદિર કરાવવાથી જે ફળ મળે તેનાથી પણ અધિક ફળ તપપૂર્વક પૌષધ (સંયમ)નું છે.

પૂર્વે બે ઘડીના (એક મુહૂર્તના) સામાયિકના ફળરૂપે અમુક ક્રોડ પલ્યોપમના દેવાયુનો બંધ જણાવેલો તે આંકડાને ૩૦થી ગુણતાં (૩૦ મુહૂર્ત) એક પૌષધવ્રતથી ૨૭૭૭૭૭૭૭૭૭૭ $\frac{7}{9}$ પલ્યોનું આયુષ્ય બંધાય (૨૭ અબજ, ૭૭ ક્રોડ, ૭૭ લાખ, ૭૭હજાર ૭૭૭ $\frac{7}{9}$ પલ્યો.).

**વ્રત-ભાવના**: ઘોર અને ઉગ્ર તપના ધારકો!

સર્વસંગથી નિસ્સંગભાવને પામેલા પરમર્ષિઓ!

શરીરની મૂર્ચ્છાથી પણ મુક્ત મુનિવરો! આપને શ્વાસમાં સો સો વંદન!

**વ્રત-કરણી**: પર્વતિથિએ પૌષધ-વ્રત કરવું.

※ **બારમું, અતિથિસંવિભાગ વ્રત**: (૪થું શિક્ષાવ્રત):

**વ્રતસ્વરૂપ**: ભક્તિબહુમાન ભારપૂર્વક આહાર-વસ્ત્રાદિનું અતિથિને દાન દેવું. તે આ વ્રતનું સ્વરૂપ છે.

તિથિ-પર્વ વગેરે લૌકિક-વ્યવહારના બંધનથી મુક્ત આત્મા અતિથિ કહેવાય છે. બાકીના ભિક્ષુઓ અભ્યાગત કહેવાય છે. અહીં શ્રાવકને અંગે મુખ્યત્વે સાધુ જ અતિથિ સમજવા.

અતિથિ (મુનિને) આધાકર્માદિ દોષમુક્ત એવો સારો (સં.) વિશિષ્ટ રીતિથી (વિ.) પોતાની આવકનો કોઈ (ભાગ) અંશ આપવો તે અતિથિ સંવિભાગ શબ્દનો અર્થ છે.

આજે આ વ્રત કરવા માટેની વૃદ્ધ પરંપરા આ પ્રમાણે છે.

પૌષધોપવાસ (અહીં આહારાદિ ચારેય પૌષધ સર્વથી કરવામાં આવે છે.) કરીને બીજે દિવસે એકાશન કરવું જોઈએ. મુનિને ભિક્ષાર્થે પધારવા વિનંતી કરવી જોઈએ. જ્યારે શ્રાવક વિનંતી કરવા આવે ત્યારે જેમ બને તેમ જલદીથી મુનિએ તૈયાર થવું જોઈએ અન્યથા મુનિને અનેક દોષો લાગે. આ અંગેની વિશેષ વિચારણા ધર્મસંગ્રહમાંથી જોઈ લેવી.

પૂ. ઉમાસ્વાતિજી મહારાજે શ્રાવકને ધર્મપ્રજ્ઞપ્તિમાં અતિથિ તરીકે માત્ર સાધુ-સાધ્વીને ન કહેતાં શ્રાવકા શ્રાવિકાને પણ કહ્યા છે.

**વ્રતાતિચાર** : ૧. સચિત્ત ઉપર સ્થાપન ૨. સચિત્ત સ્થગન ૩. મત્સર ૪. કાલ-લંઘન ૫. અન્યાપદેશ.

**૧. સચિત્ત-સ્થાપન** : સાધુને દેવા યોગ્ય વસ્તુ તેમને નહિ દેવાની બુદ્ધિથી કાચું પાણી, અગ્નિ, ફળાદિ સચિત્ત વસ્તુની ઉપર તે વસ્તુ મૂકે, સચિત્તના સંઘટ્ટાવાળી તે ચીજ બનતાં સુધી વહોરી શકે નહિ.

**૨. સચિત્ત સ્થગન** : ઉપરોક્ત આશયથી કલ્પ્ય વસ્તુને સચિત્તથી ઢાંકે. અથવા સચિત્ત વસ્તુવાળા ઢાંકણાથી ઢાંકે.

**૩. મત્સર** : જો સાધુ કોઈ વસ્તુની માંગણી કરે તો તેની ઉપર ઈર્ષ્યા કરે. અથવા પોતાનાથી સામાન્ય સ્થિતિવાળાએ સાધુની માંગણીથી કાંઈક વહોરાવેલું જોઈને વિચારે, "શું હું આ રંકથી પણ હલકો છું ?" એમ વહોરાવનાર ઉપર-મત્સર કરીને પોતે સાધુને વહોરાવે. (બીજાની સંપત્તિ આદિનો ઉત્કર્ષ સહન ન થતાં તેની ઉપર ક્રોધ કરવો તે મત્સર.)

**૪. કાલ-ઉલ્લંઘન** : ભિક્ષા કાળથી વહેલા કે મોડા વહોરવા પધારવા માટેનું નિમન્ત્રણ કરવું. વહેલા નિમન્ત્રણથી સાધુ જાય નહિ

અને મોડા નિમન્ત્રવાથી પણ ન જાય કેમ કે ગોચરી તો તેના કાળે આવી ગઈ હોય.

'પોતે દેવાની બુદ્ધિવાળો છે!' એવું બીજાના મનમાં ઠસાવવા માટે આ પ્રમાણે કરે. અર્થાત્ દેવાની બુદ્ધિ ન છતાં દેવા માટેની તૈયારી બતાવવી તે આ અતિચારનું સ્વરૂપ છે.

૫. અન્યાપદેશ : સાધુને દેવા યોગ્ય વસ્તુ છતાં ન દેવાની બુદ્ધિથી સાધુ સાંભળે તેમ ઘરના માણસોને કહે. આ આપણું નથી પારકું છે. માટે સાધુને આપશો નહિ– (અપદેશ–બહાનું બતાવવું) અહીં આવું બોલીને સાધુમાં એવો વિશ્વાસ જગાડવાનો યત્ન કરવામાં આવે છે કે, "ભાઈને દેવું તો છે પણ પારકું છે એટલે જ નિષેધ કરે છે!" અથવા તો સાધુ સાંભળે તેમ બોલે કે, "આ ભિક્ષાથી મારી માતા વગેરેને પુણ્ય હોજો." આવું સાંભળીને સાધુ તે વસ્તુને અકલ્પ્ય માનીને ન વહોરે એટલે પેલાનું ધાર્યું થઈ જાય.

ઉપાસકદશાંગ સૂત્રના આધારે આ પાંચ અતિચારોનું સ્વરૂપ જણાવ્યું. આ પાંચે ય પ્રવૃત્તિ સમજીને કરે તો ય અતિચાર જ કહેવાય કિન્તુ વ્રતભંગ ન કહેવાય. (કેમ કે દાનને માટે પ્રયત્ન હોવાથી દેશથી વ્રતરક્ષણ છે અને દાનની ભાવના દૂષિત છે માટે દેશથી જ ભંગ છે.)

જ્યારે ધર્મબિન્દુ ગ્રન્થ–યોગશાસ્ત્ર ગ્રન્થની ટીકા વગેરેમાં તો અનાભોગાદિથી ઉપરોક્ત પ્રવૃત્તિ થાય તો જ તે અતિચાર રૂપ બને અન્યથા વ્રતખંડન જ ગણાય તેમ કહ્યું છે.

**વ્રતપાલનાદિથી હિતાહિત :** દેવભવમાં દૈવીભોગો, સમૃદ્ધિ, સામ્રાજ્ય કે તીર્થંકરપદવીની પ્રાપ્તિ વગેરે આ વ્રતનાં ફળો છે. શાલિભદ્રજી, મૂળદેવ, આદિનાથ ભગવંતનો પ્રથમ ભવ વગેરે દાનનાં આવાં ફળો જણાવે છે. આવા દાનીનો આત્મા પરંપરયા અવશ્ય મુક્તિ–પદ પામે છે.

છતી સામગ્રીએ જેઓ મુનિને દાનાદિ દેતા નથી તેમને દાસપણું, દુર્ગતિ, દુર્ભાગ્ય આદિ માઠાં ફળો પણ ભોગવવાં પડે છે.

**વ્રત-ભાવના :** અતિથિને દાન દઈને હું કૃતાર્થ કેમ બની શકું? મારે તો એ દાનના ફળરૂપે ખપે છે અતિથિનું ધન્ય જીવન! સર્વથા નિરીહ જીવન! એ મહર્ષિ અતિથિના દાનાદિથી મને એ જ અતિથિભાવ પ્રાપ્ત થાઓ.

**વ્રત-કરણી :** વર્ષમાં ઓછામાં ઓછું એકવાર પણ અતિથિ-સંવિભાગ વ્રત કરવું.

અહીં બાર-વ્રતનું વિવેચન પૂર્ણ થાય છે. બારેય વ્રતોનું શુદ્ધ-ભાવથી નિરતિચારપણે શ્રાવકે પાલન કરવું જોઈએ.

અતિચાર એટલે અંગીકાર કરેલા વ્રતનો અમુક અંશે (દેશથી) ભંગ કરાવનાર અશુભ અધ્યવસાય.

સમ્યક્‌ત્વના તથા પ્રત્યેક વ્રતના પાંચ પાંચ અતિચારો આપણે જોઈ ગયા.

**પ્ર.** અતિચાર તો સર્વવિરતિ સાધુધર્મમાં જ હોઈ શકે છે. કેમ કે માત્ર સંજ્વલન કષાયના ઉદયથી જ અતિચાર લાગે છે. શ્રાવકાદિને તો અપ્રત્યાખ્યાનાવરણાદિ કષાયનો પણ ઉદય છે માટે તેને તો તે કષાયના ઉદયથી વ્રતનો ભંગ જ થઈ જાય. આ પ્રમાણે ૧૭ માં પંચાશકજીની ૫૦ મી ગાથામાં કહ્યું છે, તમે અહીં તો સમ્યક્‌ત્વી અને દેશવિરતિ વ્રતોને પણ અતિચારો કહો છો?

દેશવિરતિ ચારિત્ર તો સાવ અલ્પ (નાનું) છે. જેમ કુંથુઆનું શરીર બહુ નાનું છે તો તેમાં ઘા છિદ્રો થઈ શકતા નથી. તેમ નાનકડા દે. વિ. ચારિત્રમાં વળી વિભાગ શી રીતે થઇ શકે કે તેના અમુક અંશમાં ભંગ છે અને અમુક અંશમાં અભંગ છે! એટલે જ્યારે ભંગ થાય ત્યારે નાનકડા એ ચારિત્રનો આખો ય ભંગ જ થઈ જાય.

હા, મહાવ્રત તો મોટા હાથી જેવા છે માટે તેના ઉપર ઘા લાગે તો ય દેશથી ભંગ, દેશથી અભંગ રૂપ અતિચાર ઘટી જાય.

**ઉ.** પંચાશકજીનો પાઠ સર્વવિરતિના અધિકારમાં હોવાથી સર્વ-વિરતને જ લાગુ પડે છે એટલે સર્વવિરતિના જ સંબંધમાં એમ કહ્યું.

છે કે સર્વવિરતને સંજ્વલનના ઉદયથી જ અતિચાર લાગે પરન્તુ તેનો અર્થ એ નથી થતો કે સમ્યક્ત્વ અને દેશવિરતિભાવમાં ભૂલ થાય એટલે ત્યાં અપ્રત્યા. આદિ કષાયનો ઉદય હોવાથી મૂળથી જ વ્રત ખંડન થઇ જાય !

એ શ્લોકનો સમગ્ર અર્થ એ છે કે "સર્વવિરત સાધુને સંજ્વ.ના કષાયોદયથી જે ભૂલ થાય તે મહાવ્રતના અતિચારરૂપ ગણાય. અને બાકીના બાર કષાયના ઉદયથી થતી તેની ભૂલનું તો મૂલછેદ્ય' (વ્રતખંડનનું) પ્રાયશ્ચિત્ત જ આવે. પણ શ્લોકની ટીકામાં એવું તો કહ્યું જ નથી કે સમ્યક્ત્વી આદિને ભૂલ થતાં તેને અતિચાર ન જ લાગે અને સીધું વ્રતખંડન જ થાય. ઊલટું એ ટીકામાં શ્લોકના ઉત્તરાર્ધનો બીજી રીતે અર્થ કરતાં કહ્યું છે કે ૩ જા કષાયના ઉદયે સર્વવિરતને, બીજા કષાયના ઉદયે દે.વિ.ને, અને ૧ લા કષાયના સમ્યક્ત્વીને મૂલછેદ્ય પ્રાયશ્ચિત્ત લાગે છે. આ અર્થથી ફલિત થાય છે કે દેશવિરતિને ૩ જા, ૪ થા કષાયના ઉદયે અને સમ્યક્ત્વીને ૨ જા, ૩જા ૪ થા કષાયના ઉદયે જે ભૂલ થાય તે અતિચારરૂપ કહેવાય.

૩ જા કષાયના ઉદયમાં તો દે.વિ. ગુણની અને ૨ જા કષાયના ઉદયમાં તો સમ્યક્ત્વગુણની પ્રાપ્તિ થાય છે. હવે તે જ કષાયના ઉદયથી તે તો વ્રતનું ખંડન કેમ કહી શકાય ? કેટલો જબ્બર વિરોધાભાસ !

વળી કુંથુઆનું દૃષ્ટાન્ત લઇને તમે જે વાત કરી તે બીજા દૃષ્ટાન્તથી ઊડી જાય છે. કુંથુઆના શરીરમાં ભલે છિદ્ર ન થઇ શકતું હોય તો પણ હાથી કરતાં નાના મનુષ્યાદિના શરીરમાં છિદ્રાદિ થઇ શકે છે.

પ્ર. અનંતાનુ. આદિ ૧૨ કષાયને સર્વઘાતી કહ્યા છે તેથી એમ ન કહેવાય કે તેના ઉદયમાં ગુણનો સર્વથા ઘાત થાય ?

ઉ. ના શતક-કર્મગ્રન્થની ચૂર્ણિમાં તેનું સર્વઘાતીપણું સમ્યક્ત્વ કે દેશવિરતિને અંગે નથી કહ્યું કિન્તુ સર્વવિરતિની અપેક્ષાએ જ કહ્યું છે.

# શ્રાવકની દિનચર્યા

## (ગૃહસ્થનો વિશેષધર્મ)

[૧૪]

**પ્રાતઃકાળે :** નવકાર મન્ત્રના સ્મરણપૂર્વક જાગવું.

જાગ્યા પછી દ્રવ્ય-ક્ષેત્રાદિથી પોતાના આત્માનો વિચાર કરવો. દ્રવ્યથી હું કોણ છું ? મારા ગુરુ કોણ ? વગેરે, વગેરે, ક્ષેત્રથી હું ક્યાં છું ? શહેરમાં કે ગામમાં ? કેટલામા માળે ? કયા ઓરડામાં ? કાળથી અત્યારે રાત્રિ છે કે દિવસ ? રાત્રિએ પણ અત્યારે કયો પ્રહર છે ? કયો સમય છે ? ભાવથી હું કયા કુલનો છું ? મારો ધર્મ કયો ? અથવા મારે કયાં વ્રતો પાળવાનાં છે ? ઇત્યાદિ સ્મરણ કરવું.

બ્રાહ્મમુહૂર્તમાં (સૂર્યોદય પહેલાં ૯૬ મિનિટે લગભગ ૧।। કલાકે) શ્રાવકે જાગી જઈને ઉપરોક્ત વિચારણા કરવી જોઇએ.

નમસ્કાર સ્મરણ કરીને ધર્મચિન્તા કરવી. આમ ધર્મસ્ફૂર્તિ પ્રાપ્ત થયા બાદ સામયિક પ્રતિક્રમણ કરવું. તે શક્ય ન હોય તો વિશ્વનાં તીર્થો, જિનમંદિરો, પ્રતિમાજી વગેરેને સ્થળપૂર્વક યાદ કરીને વંદના કરવી.

વિચરતા ૨૦ વિહરમાન તીર્થંકરોને શત્રુંજય તીર્થાધિરાજને વંદના કરવી. તેમની સ્તુતિ કરવી, મહાન સંતો અને સતીઓને યાદ કરવા, ઉપકારીના સ્મરણ કરવા, મૈત્રી આદિ ભાવના ભાવવી, પછી પચ્ચક્ખાણ ધારી લેવું અથવા આત્મસાક્ષીએ કરી લેવું, શ્રાવકે ઓછામાં ઓછું બે ઘડીનું નવકારશી-મુટ્ઠસીનું પચ્ચક્ખાણ અવશ્ય કરવું.

ત્યાર બાદ જિનમંદિરે જઈને પરમાત્માના દર્શન-પ્રણામ અને સ્તુતિ કરવી. પછી ધૂપ-દીપાદિ પૂજા કરવી, ચૈત્યવંદન-સ્તવના કરીને પચ્ચક્ખાણ લેવું.

પછી ઉપાશ્રયે ગુરુ પાસે આવી વંદના કરવી, સુખશાતા પૂછવી અને એમની પાસેથી પચ્ચક્ખાણ લેવું. અને ભાત-પાણી ઔષધ-વસ્ત્રાદિમાં જે કાંઇ ખપ હોય તેનો લાભ આપવા વિનંતી કરવી.

પછી ઘેર આવીને, જો નવકારશીનું પચ્ચક્ખાણ હોય તો તે કાર્ય પતાવી ફરી ગુરુમહારાજ પાસે આવવું. આત્મહિતકર અમૂલ્ય એવી જિનવાણી સાંભળવી. કોઇક ને કંઇક વ્રત-નિયમાદિ કરવા જેથી સાંભળ્યાનું ફળ પ્રાપ્ત થાય.

* **મધ્યાહ્‌ને :** ત્યાર બાદ જીવજતું ન મરે એની કાળજી રાખી પરિમિત જળથી સ્નાન કરીને પરમાત્માની બીજી વાર પૂજા-ભક્તિ કરવી. પ્રભુપૂજામાં પોતાની શક્તિ ગોપવ્યા વિના ઘરના જ ચન્દન-બરાસ વગેરે દ્રવ્યોનો ઉપયોગ કરવો જોઇએ. શક્ય હોય તો સંઘના ભાઇઓએ જ દેરાસરનું સઘળું કાર્ય કરવું જોઈએ. તેમ ન જ બને તો પોતાનું તે કાર્ય કરવા માટે એક ભદ્રક પ્રકૃતિવાળા સારા માણસને રાખવામાં આવે તો પણ તેનો પગાર દેવદ્રવ્યમાંથી ન જ આપવો જોઈએ કેમ કે પોતાનું કામ જે માણસ કરે તેને પોતાના જ પૈસા પગાર પેટે આપવા જોઈએ. વસ્તુતઃ તો આવા માણસો આશાતનાદિ ટાળવામાં તત્પર હોતા નથી માટે સ્વયં સઘળું કાર્ય કરવું જોઈએ. સ્વદ્રવ્યથી પૂજા કરવાથી ભાવપૂજામાં અનેરો આનંદ આવે તે સહજ છે. જેનામાં સ્વદ્રવ્યથી પૂજા કરવાની શક્તિ ન હોય તેને ગમે તે રીતે પૂજા કરવી જ જોઈએ તેવો નિયમ નથી. તે આત્મા સામાયિકાદિ ધર્મોનું સેવન કરી શકે છે. આ અંગે અલ્પંકર શ્રાવકના બે નોકરોનું દૃષ્ટાન્ત જાણી લેવાથી સઘળી હકીકત સ્પષ્ટરૂપે સમજાઇ જશે.

પ્રભુપૂજામાં પાણી આદિના જન્તુની સ્વરૂપ હિંસા થાય છે. પરન્તુ તે અનુબન્ધથી અહિંસા હોવાને કારણે દોષાધાયક નથી. આ અંગે વિશેષ વિચાર આગળ ઉપર કરવામાં આવશે.

પ્રભુ-પૂજા કરીને શ્રાવક ઘેર આવે અને ભોજનવિધિ કરવા બેસે. ભોજનમાં અભક્ષ્ય-ત્યાગ, દ્રવ્ય-સંકોચ વિગઈ (રસ) ત્યાગાદિના નિયમ હોવા જ જોઈએ.

ભોજન બાદ વામકુક્ષી કરીને પછી થોડો સમય સાંભળેલા ધર્મનું ચિંતન કરીને પછી નમસ્કારમન્ત્ર ગણીને જીવન-નિર્વાહ માટે જરૂરી અર્થચિંતા કરવા જાય.

પ્ર. અર્થચિંતા કરવા જતાં નમસ્કારનું મંગળ કેમ કરવું ?

ઉ. નમસ્કાર એ ધર્મમંગળ છે. બીજા અર્થકામાદિ પુરુષાર્થ કરવા પડે ત્યારે પણ બધાયમાં અગ્રેસર તો ધર્મપુરુષાર્થ જ રહેવો જોઈએ. આ ધર્મમંગળના પ્રતાપે લક્ષ્મી વગેરે મળે તો પણ તેમાં અનીતિ આદિ કરવાનું દિલ ન થાય. લક્ષ્મી મેળવ્યા પછી કૃપણતા, ઉદ્ધઉવૃતિ વગેરે ન આવતા ઉદારતાગુણ પ્રાપ્ત થાય. શ્રાવકે પોતાની કમાણીમાંથી ૮ આની ઘરખર્ચમાં, ૪ આની બચતમાં અને ૪ આની ધાર્મિક કાર્યમાં વાપરવી જોઈએ.

ઉત્સર્ગથી શ્રાવકે એકાશન જ કરવું જોઈએ છતાં તેમ ન કરી શકે તો સાંજનું ભોજન સૂર્યાસ્તની ચાર ઘડી બાકી રહે તે વેળા પતાવી દેવું જોઈએ. ૪ થ પ્રકારના ભોજન ત્યાગ રૂપ ચોવિહારનું પચ્ચ. કરવું જોઈએ. તેમ ન બને તો છેવટે સૂર્યાસ્તની બે ઘડી બાકી રહે ત્યારે વાળુ કરી લેવું જોઈએ.

* **સાંજે-રાત્રે** : પછી જિનમંદિરે જઈ ધૂપ-આરતી, ચૈત્યવંદન કરવા રૂપ ૩ જી વેળાની જિનપૂજા કરે. ત્યારબાદ પ્રતિક્રમણ કરવું. પ્રતિક્રમણ બાદ ગુરુદેવની સેવા-શુશ્રુષા કરવી. ઘેર આવી કુટુંબ એકઠું કરીને ધર્મકથા કરવી. ત્યાર બાદ પોતે નવું જ્ઞાન મેળવવું.

સૂતી વેળા સ્થૂલભદ્રજી, સુદર્શનશેઠ, જંબુકુમાર વગેરે બ્રહ્મચારીઓના જીવન ઉપર વિચાર કરવો. કામ-વાસનાની જુગુપ્સા ચિંતવવી. છેવટે તીર્થયાત્રાનું ચિંતન કરતાં ઊંઘ આવે ત્યારે નવકારમન્ત્રનું સ્મરણ કરી સૂઈ જવું.

* **સંવેગવર્ધક દસ વિચારણાઓ :**

રાત્રે જાગી જવાય તો સંવેગવર્ધક ૧૦ વિચારણા કરવી.

૧. સૂક્ષ્મ પદાર્થ ૨. ભવસ્થિતિ ૩. અધિકરણશમન ૪. આયુષ્યહાનિ ૫. અનુચિત ચેષ્ટા ૬. ક્ષણલાભદીપન ૭. ધર્મગુણો ૮. બાધકદોષ વિપક્ષ ૯. ધર્માચાર્ય ૧૦. ઉદ્યતવિહાર.

૧. **સૂક્ષ્મપદાર્થ** : કર્મ-કર્મના કારણો તથા કર્મવિપાક આત્માનું શુદ્ધાશુદ્ધ સ્વરૂપ, ષડ્-દ્રવ્ય વગેરે સૂક્ષ્મ પદાર્થોની વિચારણા.

૨. **ભવસ્થિતિ** : સંસારસ્વરૂપ ચિન્તન કરવું અને તેના દ્વારા સંસારની અસારતા વિચારવી.

૩. **અધિકરણ** : અધિકરણ એટલે કજિયો અથવા કૃષિકર્મ આદિ તથા પાપસાધનો હું ક્યારે અટકાવીશ ? એ વિચારવું.

૪. **આયુષ્યહાનિ** : "પ્રતિક્ષણ આયુ ક્ષીણ થઈ રહ્યું છે. વીજળીના ઝબૂકા જેટલા સમયમાં એનો અન્ત આવી જશે. હું ક્યાં સુધી પ્રમાદમાં પડ્યો રહીશ ?" ઇત્યાદિ વિચાર કરવો.

૫. **અનુચિત ચેષ્ટા** : જીવહિંસાદિ પાપકાર્યો કેવાં બિભત્સ છે ? એના વિપાકો કેટલા દારૂણ છે ? તેની વિચારણા કરવી.

૬. **ક્ષણલાભદીપન** : અલ્પ પળોનાં શુભાશુભ કાર્યો કેવાં શુભાશુભ કર્મો બાંધીને શુભાશુભ ફળો આપે છે તે વિચારવું જોઈએ, અથવા મોક્ષસાધના માટે મળેલો આ ક્ષણ-લાભ સાર્થક કરવાનો વિચાર કરવો.

૭. **ધર્મગુણ** : શ્રુતધર્મનો ગુણ શમ અને ચારિત્ર્યધર્મનો વિકરાદિ શમન દ્વારા અસાંયોગિક આત્મ-સુખાનુભવ ગુણ ચિંતવવો. અથવા ક્ષમાદિ ધર્મના સ્વરૂપ તથા તેનાં કારણો વિચારવાં.

૮. **બાધકદોષ વિપક્ષ** : જે જે કામરાગાદિ દોષથી જીવ પીડાતો હોય તેના પ્રતિપક્ષી વિચારો કરીને તે દોષને શાન્ત પાડવા યત્ન કરવો.

૯. **ધર્માચાર્ય** : ગુરુની નિઃસ્વાર્થ પરોપકારિતા વિચારવી.

૧૦. ઉદ્યતવિહાર : નિર્દોષ ભિક્ષા, પંચાચારપાલન, ઉગ્રવિહારાદિ કઠોર ચર્યાની વિચારણા કરવી. અને "હું તેવું જીવન ક્યારે પામીશ ?" તે વિચારવું.

અહીં શ્રાવકની દિનચર્યાનું અતિ સંક્ષિપ્ત વિવેચન પૂર્ણ થાય છે.

વિસ્તારથી ગૃહસ્થ-ધર્મના જિજ્ઞાસુએ ધર્મસંગ્રહ શ્રાવક ધર્મવિધિ પ્રકરણ, સંબોધ પ્રકરણ, ધર્મરત્ન પ્રકરણ, ધર્મબિન્દુ ગ્રંથ જોવા એ ગ્રન્થોના આધારે જ પ્રસ્તુત વિવેચન લખવામાં આવ્યું છે.

## યતિધર્મ

[૧૫]

ગૃહસ્થના સામાન્ય-વિશેષ ધર્મનું સ્વરૂપ જોયા પછી હવે યતિધર્મનું સ્વરૂપ પણ પ્રસંગત: જોઈ લઈએ.

સમસ્ત ગૃહસ્થધર્મને ભાવશુદ્ધિપૂર્વક પાળતો ભાવ-શ્રાવક ચારિત્ર-મોહ. કર્મનો ક્ષયોપશમભાવ પ્રાપ્ત કરીને તેનાથી પ્રગટ થયેલી આત્મ-વિશુદ્ધિ દ્વારા યતિધર્મને લાયક બને છે.

યતિ એટલે તે યોગ્ય આત્મા જેણે ગુરુ પાસે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે દીક્ષા લીધી હોય.

ધર્મ એટલે મૂલ અને ઉત્તર ગુણરૂપ આચારો.

આવા યતિધર્મની યોગ્યતા પૂર્વોક્ત ભાવ શ્રાવકને પ્રાપ્ત થાય છે.

આથી જ ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજાએ ૧૨મા ષોડશકની બીજી ગાથામાં 'દીક્ષા' નો નિરૂક્ત અર્થ કરતાં કહ્યું છે કે કલ્યાણનું દાન દેનારી (દી) અને વિઘ્નોનો ક્ષય (ક્ષા) કરનારી દીક્ષાની યોગ્યતા આવા ભાવ-શ્રાવકમાં જ ઘટે છે.

તેઓશ્રીએ ગુરુસેવારક્ત-દઢ સમ્યક્ત્વી અને શ્રાવકના સર્વ આચારોના પરિપાલનથી પ્રગટેલા સંવેગના પરિણામવાળા-આત્મામાં વાસ્તવિક જ્ઞાનીપણું કહ્યું છે. તેવા જ્ઞાનીને જ દીક્ષા યોગ્ય કહ્યો છે.

### યતિધર્મયોગ્ય કોણ? (૧૬ ગુણો) :

૧. આર્યદેશ સમુત્પન્ન ૨. શુદ્ધજાતિ કુલાવન્વિત ૩. ક્ષીણપ્રાય-અશુભકર્મા ૪. તેથી જ વશુદ્ધ બુદ્ધિમાન્ ૫. સંસારની અનિત્યતાદિ વિચારવા દ્વારા તેની અસારતાના જ્ઞાનવાળો ૬. તેવા જ્ઞાનીથી જ સંસારથી વિરાગી બનેલો ૭. મન્દકષાયી ૮. હાસ્યાદિના અલ્પ વિકારવાળો ૯. કૃતજ્ઞ ૧૦. વિનીત ૧૧. રાજા વગેરેને માન્ય

૧૨. સુંદર શરીરવાળો (પાંચ ઇન્દ્રિયપૂર્ણ અંગવાળો) ૧૩. શ્રદ્ધાળુ ૧૪. સ્થૈર્ય ગુણવાળો ૧૫. સમર્પણભાવપૂર્વક દીક્ષા લેવા આવેલો– આવા સદ્‌ગુણવાળો ભવ્યાત્મા શ્રી જિનશાસનમાં દીક્ષાને યોગ્ય છે.

પંચવસ્તુ ગ્રન્થમાં નામ–સ્થાપના–દ્રવ્ય–ભાવ એમ ૪ નિક્ષેપાથી ૪ પ્રકારની દીક્ષા કહી છે. તેમાં દ્રવ્ય દીક્ષા ચરક–પરિવ્રાજક–બૌદ્ધ વગેરેમાં હોય છે જ્યારે ભાવદીક્ષા શ્રી જિનશાસનમાં હોય છે.

*** દીક્ષાની અયોગ્યતા કોનામાં ?** (૪૮ પ્રકાર) :

૧. બાલ (જન્મથી આઠ વર્ષ સુધીનો બાળ કહેવાય છે. આઠ વર્ષથી ઓછી ઉંમરવાળાને તથાવિધ જીવસ્વભાવે જ દેશવિરતિ કે સર્વવિરતિની પ્રાપ્તિનો અને તેના પરિણામનો અભાવ હોય છે. (આ સમજવું.)

અન્ય આચાર્યો તો ગર્ભથી આઠમા વર્ષવાળાને પણ દીક્ષા માન્ય કરે છે. નિશીથચૂર્ણિમાં કહ્યું છે કે “ વિકલ્પે ગર્ભથી આઠમા વર્ષમાં વર્તતાને પણ દીક્ષા હોઇ શકે છે. (જન્મથી ૬ા વર્ષ પૂરા થાય એટલે ગર્ભથી ૭ વર્ષ પૂરા થાય અને ૮મું શરૂ થાય. ગર્ભથી આઠમા વર્ષને દીક્ષા યોગ્ય ગણવામાં આવે તો જન્મથી ૬ા વર્ષ પૂરા કરનાર બાળક દીક્ષા યોગ્ય ગણી શકાય.)

૨. વૃદ્ધ : ૭૦ વર્ષથી વધુ વયવાળો દીક્ષા માટે વૃદ્ધ કહેવાય.

મતાંતરે ઇન્દ્રિયો નિર્બળ થતાં ૬૦ વર્ષની ઉંમરવાળો પણ વૃદ્ધ કહેવાય છે. કહ્યું છે કે વૃદ્ધ ઊંચા આસનની ઇચ્છા રાખે, વિનય ન કરે, ગર્વ કરે માટે વાસુદેવનો દીકરો હોય તો પણ તેને દીક્ષા ન આપવી. (ધર્મબિન્દુવૃત્તિ).


આ આયુષ્યમર્યાદા સો વર્ષના આયુષ્યના કાળની અપેક્ષાએ સમજવી. વસ્તુતઃ તો તે કાળના ઉત્કૃષ્ટ આયુના આઠમાંથી દશમા અંશમાં પહોંચેલો વૃદ્ધ કહેવાય.

૩. નપુંસક : સ્ત્રી અને પુરુષ–ઉભયને ભોગવવાની અભિલાષાવાળો પુરુષાકૃતિ મનુષ્ય નપુંસક કહેવાય.

૪. **ક્લીબ** : સ્ત્રીઓએ ભોગ માટે બોલાવવાથી કે તેના અંગોપાંગાદિ જોવાથી, કોમળ શબ્દો સાંભળવાથી પ્રગટ થયેલી ભોગેચ્છાને રોકવા અસમર્થ-પુરુષાકૃતિ મનુષ્ય ક્લીબ કહેવાય. આવો માણસ સ્ત્રી ઉપર બલાત્કાર કરી દે તે સુશક્ય છે. તેમ થતાં ધર્મની અપભ્રાજના થાય માટે દીક્ષાને અયોગ્ય છે.

૫. **જડ્ડ** : ત્રિધા–૧. ભાષાજડ્ડ, ૨. શરીરજડ્ડ, ૩. ક્રિયાજડ્ડ.
મન્મનમુક

(૧) **ભાષાજડ્ડ** :




જડમૂક :–પાણીમાં બુડેલાની જેમ બુડબુડ અવાજ કરે.

**મન્મનમૂક**–જીભ ખેંચાતી હોય તેમ બોલતી વખતે જેનું વચન વચ્ચે તૂટ્યા કરે.

એલકમૂક–બોકડા (એલક)ની જેમ મૂંગાપણાને લીધે અવ્યક્ત ઉચ્ચાર માત્ર કરે.

(૨) **શરીરજડ્ડ** : સ્થૂલ શરીરને લીધે વિહારાદિમાં, પ્રવચન-પાલનાદિમાં અશક્ત અને અતિજડતાને લીધે તે ક્રિયાને સમજવામાં પણ અસમર્થ.

(૩) **ક્રિયાજડ્ડ** : ક્રિયાને તદ્દન ન સમજી શકે.

આ ૩ ય જીવોમાં જ્ઞાન ક્રિયામાં જડ હોવાથી, અનેક પ્રકારની વિરાધનાઓના ભાગી બનવાથી દીક્ષાને અયોગ્ય છે.

૬. **વ્યાધિત** : મોટા રોગોથી પીડાતો જીવ.

૭. **ચોર** : ચોરીના વ્યસનવાળો.

૮. રાજાપકારી : રાજ્યના ધન-પરિવાર આદિનો દ્રોહ કરનાર એવાને દીક્ષા આપવાથી રાજા રોષાયમાન થઈને સાધુઓને દેશપાર કરે કે માર મરાવે.

૯. ઉન્મત્ત : યક્ષ-વ્યન્તરાદિના ઉપદ્રવાળો અથવા પ્રબળ મોહના ઉદયવાળો.

૧૦. દૃષ્ટિહીન : બાહ્યદૃષ્ટહીન દ્રવ્યઅંધ-આંતરદૃષ્ટિ સમ્યકત્વહીન થિણદ્ધી (સ્ત્યાનર્ધિ) નિદ્રાવાળો ભાવઅન્ધ.

સ્ત્યાનર્ધિ નિદ્રાવાળો દિવસે ચિંતવેલા, શત્રુઘાતાદિ કાર્યોનેઃ રાત્રે ઊંઘમાંને ઊંઘમાં જ કરી નાંખે છે. તે નિદ્રા ઉદયકાળમાં ૧ લા સંઘયણવાળાને વાસુદેવના બળથી અડધું બળ અને ૬ ઠ્ઠા સંઘયણવાળાને દ્વિગુણ-ત્રિગુણબળ પ્રાપ્ત થાય છે. આ જીવ નિયમા મિથ્યાદૃષ્ટિ હોય છે.

૧૧. દાસ : દાસીપુત્ર અથવા ખરીદેલો ગુલામ....
આને દીક્ષા આપવાથી તેનો માલિક ઉપદ્રવ કરે.

૧૨. દુષ્ટ : કષાયદુષ્ટ—ઉત્કટ કોપવાળો.
વિષયદુષ્ટ-પરસ્ત્રીરક્ત.

૧૩. મૂઢ : સ્નેહરાગાદિ કે અજ્ઞાનાદિને લીધે યથાર્થ વસ્તુ સ્વરૂપ સમજવામાં મૂઢતાવાળો.

દીક્ષાની મૂળ યોગ્યતામાં જ્ઞાન-વિવેક છે. તેના અભાવવાળાને દીક્ષા ન અપાય.

૧૪. દેવાદાર : લેણદારને તરફથી પરાભવની શકયતા હોવાને લીધે દેણદારને દીક્ષા ન અપાય.

૧૫. જુંગિત : જાતિ-કર્મ-શરીર વગેરેથી દુષિતને જુંગિત કહેવાય. ચાણ્ડાલ આદિ જાતિજુંગિત, જેઓ અસ્પૃશ્ય મનાય છે.

સ્પૃશ્ય એવા પણ કસાઈ વગેરે કર્મજુંગિત, પાંગળા, બ્હેરા વગેરે શરીરજુંગિત કહેવાય.

આવાઓને દીક્ષા આપવાથી લોકમાં ધર્મ-હીલના થાય.

૧૬. **પરાધીન** : ધનાદિને લીધે જે અમુક કાળાદિ માટે બીજાને પરાધીન હોય તેને દીક્ષા આપવાથી કલહ વગેરે થાય માટે તે દીક્ષાને અયોગ્ય છે.

૧૭. **ચાકર** : પગારદાર નોકર-તેને દીક્ષા આપવાથી શેઠને અપ્રીતિ થાય.

૧૮. **શૈક્ષનિષ્ફેટિકા** : શૈક્ષ એટલે જેને દીક્ષા આપવાની ઇચ્છા હોય તેની નિષ્ફેટિકા એટલે અપહરણ કરવું તે શૈક્ષનિષ્ફેટિકા કહેવાય. માતાપિતાદિની રજા વિના તેનું અપહરણ કરીને દીક્ષા આપવી તે પણ શૈક્ષનિષ્ફેટિકા કહેવાય. આ રીતે અપહરણ કરાયેલી વ્યક્તિ દીક્ષાને અયોગ્ય છે. તે રીતે દીક્ષા આપવાથી તે વ્યક્તિના સ્વજનાદિને કર્મબન્ધ થવાનો સંભવ રહે છે અને દીક્ષાદાતાને ત્રીજા મહાવ્રતનો ભંગ થવાનો પ્રસંગ આવે છે.

આ ૧૮ દોષ પુરુષને અંગે સમજવા. સ્ત્રીઓને આ ૧૮ દોષ ઉપરાન્ત બીજા પણ બે દોષ છે.

(૧) ગર્ભવતી (૨) સબાલવત્સા-(ધાવતા બાળકવાળી સ્ત્રી.)

૧૮ + ૨ = ૨૦ ૨૦ + ૧૯ = ૩૮

દીક્ષા માટે અયોગ્ય નપુંસકોના ૧૦ પ્રકારો છે.

હવે પુરુષના ૧૮ દોષમાં 'નપુંસક' ને ગણાવ્યો છે પુરુષાકૃતિ નપુંસક કહ્યો હતો. જ્યારે આ ૧૦ ય પ્રકારના નપુંસક નપુંસકાકૃતિ નપુંસક સમજવાના છે. (જુઓ નિશીથચૂર્ણિ)

પ્ર. શાસ્ત્રમાં તો ૧૬ પ્રકારના નપુંસક કહ્યા છે. તમે અહીં ૧૦ જ પ્રકારના નપું. કેમ કહો છો ?

ઉ. અહીં દીક્ષાને અયોગ્ય કોણ છે ? તેનું વર્ણન ચાલે છે.

એટલે ૧૬માંથી ૬ દીક્ષા યોગ્ય (કૃત્રિમ) નપું. અહીં ન ગણવામાં આવે તે તદ્દન યોગ્ય છે.

૧. વર્ધિતક–બાલ્યકાળમાં જ છેદ કરીને જેનો અણ્ડકોષ-ગોળીઓ ગાળી નાંખવામાં આવી હોય.

૨. ચિપ્પીટ–જન્મ વખતે જ જેનો અણ્ડકોષ આંગળીઓ વડે મસળીને ગાળી નાખ્યો હોય.

આ બેયને આ રીતે અણ્ડકોષ ગાળી નખવાથી નપુંસકવેદનો ઉદય થાય છે.

૩. સ્ત્રી કે પુરુષને મન્ત્રબળથી ૪. ઔષધિ પ્રયાગથી ૫. તપસ્વીના શાપથી ૬. દેવના શાપથી નપુંસક થઇ જવું પડ્યું હોય (નપું. વેદોદય થઇ ગયો હોય.)

આ ૬ ય પ્રકારે નપુંસક થયેલા સ્ત્રી–પુરુષમાં દીક્ષા યોગ્ય બીજા લક્ષણોના સદ્‌ભાવમાં દીક્ષા આપી શકાય છે. માટે તે ૬ ને છોડીને બાકીના ૧૦ દીક્ષા અયોગ્ય નપુંસકોનું અહીં ગ્રહણ કર્યું છે.

૧૦ નપુંસકો : ૧. પણ્ડક ૨. વાતિક ૩. ક્લીબ ૪. કુમ્ભી ૫. ઈર્ષ્યાલુ ૬. શકુની ૭. તત્કર્મસેવી ૮. પાક્ષિકા–પાક્ષિક ૯. સૌગન્ધિક ૧૦. આસક્ત.

૧. પણ્ડક : (૧) પુરુષાકૃતિ છતાં સ્ત્રી સ્વભાવવાળો (૨) સ્ત્રીની જેમ ચેષ્ટાઓ કરતા (૩) પુરુષ-સભામાં ભયભીત રહે. સ્ત્રીસભામાં નિર્ભય બનીને બેસનારો (૪) રાંધવા દળવાનું કામ કરનારો (૫) તેના સ્વર-વર્ણ શરીરનો ગન્ધ વગેરે સ્ત્રી પુરુષની અપેક્ષાએ વિલક્ષણ (વિપરીત) હોય (૬) પુરુષ ચિહ્ન મોટું હોય. (૭) સ્ત્રીની જેમ મૂત્ર કરતાં અવાજ થાય (૮) મૂત્ર પણ ફીણ વિનાનું હોય વગેરે પંડકનાં લક્ષણો છે.

૨. વાતિ : વાયુ પ્રકૃતિવાળો કામોદયથી અથવા અન્ય કારણે વિકાર થતાં સ્ત્રીને ભોગવ્યા વિના રહી ન શકે.

૩. ક્લીબ : અસમર્થને ક્લીબ કહેવાય.

(૧) દૃષ્ટિક્લીબ : વસ્ત્રવિહોણી સ્ત્રીને જોઇને ક્ષુબ્ધ થઈ જાય.

(૨) શબ્દક્લીબ : સ્ત્રીનો શબ્દ સાંભળવામાત્રથી ક્ષુબ્ધ થાય.

(૩) આશ્લિષ્ટક્લીબ : સ્ત્રીના આલિંગનથી ક્ષુબ્ધ થાય.

(૪) નિમન્ત્રણક્લીબ : સ્ત્રીના ભોગ-નિમન્ત્રણથી ક્ષુબ્ધ થાય.

૪. કુમ્ભી : વેદોદયથી જેને પુરુષ ચિહ્ન કે અણ્ડકોષ કુંભની જેમ સ્તબ્ધ રહે.

૫. ઈર્ષ્યાલુ : સ્ત્રીને ભોગવતા પુરુષને દેખી જેને ઈર્ષ્યા થાય.

૬. શકુની : વેદના અતિ ઉત્કટ ઉદયથી ચકલાની જેમ પુનઃ-પુનઃ સ્ત્રી-ભોગકામી.

૭. તત્કર્મસેવી : મૈથુનથી વીર્યપાત થવા છતાં કૂતરાની જેમ 'જીહ્વાથી ચાટવા' વગેરેમાં સુખ અનુભવનારો.

૮. પાક્ષિકાપાક્ષિક : જેને શુક્લ પક્ષમાં અતીવ અને કૃષ્ણપક્ષમાં અલ્પ વાસના જાગે.

૯. સૌગન્ધક : સુગંધ માનીને સ્વલિંગને સૂંઘે તે.

૧૦. આસક્ત : વીર્યપાત પછી પણ સ્ત્રીને આલિંગીને તેની બગલ ગુહ્યાંગ વગેરે અંગોમાં સ્વ અંગોમાં સ્વ અંગ લગાડી પડ્યો રહે.

## દીક્ષા શબ્દનાં ૮ પર્યાયવાચક નામો :

પ્રવ્રજ્યા પાપમાંથી ખસી શુદ્ધ ચારિત્ર્યના યોગમાં પ્ર વિશેષતયા વ્રજનમ્ = ગમન કરવું.

નિષ્ક્રમણ-દ્રવ્ય અને ભાવ સંયોગથી બહાર નીકળવું (નિષ્ક્રમણ).

સમતા-તે ઇષ્ટા નિષ્ટામાં સર્વત્ર સમભાવ ધારણ કરવો તે.

ત્યાગ-બાહ્ય-અભ્યન્તર પરિગ્રહનો (જડ ભાવોની મુર્છાનો) પરિહાર તે.

વૈરાગ્ય-વિષયોનો રાગ છોડવો તે.

ધર્માચરણ-ક્ષમા વગેરે ૧૦ પ્રકારના ધર્મનું પાલન કરવું તે.

અહિંસા-પ્રાણીઓનો ઘાત વર્જવો તે.

દીક્ષા-સર્વજીવોને અભય આપવા રૂપ ભાવદાનશાળા.

પૂર્વે દીક્ષાની યોગ્યતા જણાવી. હવે ગુરુની યોગ્યતા જોઈએ. કેમ કે યોગ્ય આત્મા યોગ્ય ગુરુ પાસે દીક્ષા લે તો જ શુદ્ધ વ્યવહાર નયથી યતિ કહેવાય છે.

* ગુરુ તરીકેની યોગ્યતા

દીક્ષા લેવાની બધી યોગ્યતાવાળા જેણે (૧) વિધિપૂર્વક દીક્ષા લીધી હોય (૨) ગુરુચરણોની સેવા કરી હોય (૩) જેના વ્રતો અખંડિત્ હોય (૪) વિધિપૂર્વક જેણે નિત્ય સિદ્ધાંતનો અભ્યાસ કર્યો હોય. (૫) એથી અતિનિર્મળ બોધ થવાથી જે તત્ત્વજ્ઞાતા બન્યા હોય (૬) જેમના વિકાર શાન્ત પડ્યા હોય (૭) ચતુર્વિધ સંઘ ઉપરના વાત્સલ્યવાળા હોય (૮) સર્વજીવહિતચિન્તક હોય (૯) આદેય વચનવાળો હોય (૧૦) ભિન્ન પ્રકૃતિવાળા જીવોને અનુસરીને સંભાળી શકે તેવો હોય (૧૧) ગંભીર હોય (૧૨) ઉપસર્ગાદિ પરાભવ પ્રસંગે પણ ખેદ ન કરતો હોય (૧૩) પરના કષાયાદિને શાન્ત કરવાની શક્તિવાળો હોય (૧૪) સૂત્ર તથા અર્થને સમજાવનારો વ્યાખ્યાતા હોય (૧૫) પોતાના ગુરુએ જેને ગુરુપદ આપ્યું હોય.

આ ૧૫ ય ગુણવાળા ઉત્તમ ગુરુ કહેવાય. તેમાંથી ૪-૫ ગુણ (ચતુર્થાંશ) હીન મધ્યમ કહેવાય અને અડધા ગુણ ઓછાવાળો યતિ કે ગુરુ જઘન્ય કોટિના સમજવાં.

પંચવસ્તુ ગ્રન્થમાં કહ્યું છે કે અવસર્પિણીકાળના પ્રભાવે ઉપરના ગુણોમાં એક–બે–ત્રણ ગુણ ઓછા હોય અર્થાત્ ગુણોની બહુમતિ અસ્તિત્વ ધરાવતી હોય તે ગુરુ કે શિષ્ય યોગ્ય સમજવા.

આથી પણ આગળ વધીને વર્તમાનકાળમાં ઉચિત ગુરુનું સ્વરૂપ જણાવતાં ત્યાં કહ્યું છે કે, “જે (૧) ગીતાર્થ હોય (૨) કૃતયોગી (સાધુની કરણીનો જાણ) હોય (૪) ગ્રાહણાકુશળ શિષ્યને અનુષ્ઠાનાદિ શીખવાડવા વગેરેમાં કુશળ) હોય (૫) શિષ્યના સ્વભાવને અનુસરવા પૂર્વક (અનુવર્તક) તેના ચારિત્રની રક્ષા કરતો હોય તે પણ અપવાદમાર્ગે દીક્ષા આપવા માટે યોગ્ય સમજવો.

અપવાદમાર્ગના જઘન્ય ગુણોમાં ય 'અનુવર્તક' ગુણ લેવામાં આવ્યો છે. આ ગુણ અંગે પંચવસ્તુક ગ્રન્થમાં ભગવાન હરિભદ્ર-સૂરિજી મહારાજા કહે છે કે, "દીક્ષાને પાળતા પૂર્વભવોના અભ્યાસથી સ્ખલનાઓ તો કોની ન થાય?

પણ શિષ્યની તે ભૂલોને શાસ્ત્રોક્તવિધિથી જે (ગીતાર્થ) ગુરુ દૂર કરે તેનું ગુરુપણું સફળ છે. તે જ સાચો ભાવ ગુરુ છે. એવાને કોણ સારથિ કહે કે જે સારા-સીધા ઘોડાઓને દમે? હા, વક્ર-તોફાની દુષ્ટ ઘોડાને સરળ અને શાન્ત બનાવે તેને લોક-અશ્વપાલક (સારથિ) કહે તે. વળી જે પહેલાં આદરપૂર્વક દીક્ષા આપીને પાછળથી સૂત્રોક્ત વચનાનુસાર તેનું પાલન કરતો નથી તે ગુરુને શાસન શત્રુ કહ્યો છે. શિષ્યને શાસ્ત્ર-રહસ્યો નહિ સમજાવવાથી શાસ્ત્ર વિરુદ્ધ વર્તન કરનારા શિષ્યો ઉભય લોકમાં જે અનર્થ પામે તે બધા ય ગુરુના નિમિત્તે સમજવા.

દીક્ષાવિધિ-ગુર્વાજ્ઞા મેળવીને દીક્ષા લેવી એ પહેલી શાસ્ત્રીય વિધિ છે. તેમની અનુજ્ઞાપૂર્વક દીક્ષા લેવી જોઈએ પરંતુ અનુજ્ઞા માંગવા છતાં અનુજ્ઞા ન આપે તો શું કરવું? તેનો ઉત્તર આપતાં કહ્યું છે કે માયાનો પ્રયોગ કરવો એ પ્રયોગ એ રીતે કરવો કે બીજા જાણી ન જાય.

માયાના પ્રયોગમાં દુષ્ટ સ્વપ્ન વગેરે કહેવું એટલે કે "હું ગધેડા વગેરે ઉપર બેઠેલો હતો ઇત્યાદિ કહેવું. અથવા પ્રકૃતિ વિપરીત કરવી. અર્થાત્ મરણ સમયે પ્રાપ્ય પ્રકૃતિભેદ થતો હોવાથી તે ઉપરથી સ્વજનો માને કે, "આનું મરણ નજીકમાં છે" આમ માનીને વડીલો અનુજ્ઞા આપે એ ઉદ્દેશથી બહારથી મરણનાં ચિહ્નો દેખાડવાં.

હજુ પણ ન સમજે તો નિમિત્તશાસ્ત્રની વાતો કરીને જોષીઓ દ્વારા કહેવડાવવું કે "આવી ચેષ્ટા ઉપરથી આનું મરણ નજીકમાં લાગે છે."

પ્ર૰ આવી કપટથી દીક્ષા સ્વીકારવામાં લાભ શું થાય?

ઉ. શાસ્ત્રમાં કહ્યું છે કે "ધર્મે માયા ન માયા" ધર્મ-સાધનાના એકમાત્ર શુભાશયથી કરાતી માયા વસ્તુતઃ માયા નથી. કેમ કે આમ કરવામાં ઉભયનું હિત સમાએલું છે. આ રીતે પણ દીક્ષા લેનાર ભાવીમાં પોતાના માતા-પિતાદિને પણ ધર્મરત્ન પ્રાપ્ત કરાવીને તેનું કલ્યાણ કરે છે.

ધર્મબિન્દુગ્રન્થમાં (૪-૩૧) કહ્યું છે કે હૃદયથી માયા વિનાનો છતાં સ્વ-પરનું હિત દેખે ત્યારે કોઈ હિતાર્થી કોઈ પ્રસંગ-વિશેષમાં માયા પણ કરે.

પ્ર. ભલે આ રીતે દીક્ષા લે પરન્તુ માતાપિતાદિની આજીવિકાનો પ્રશ્ન આડે આવતો હોય તો?

ઉ. આજીવિકાનું સાધન કરી આપવું જોઈએ. એ રીતે માતા-પિતાદિ ગુરુવર્ગની ભક્તિ કરવી જોઈએ, એમાં ધર્મની પ્રભાવનાનું બીજ પણ પડ્યું છે.

પ્ર. તેમ કરવા છતાં મોહની પ્રબળતાને લીધે માતાપિતાદિ રજા ન જ આપે તો શું કરવું?

ઉ. ગ્લાનૌષધ ન્યાયે માતાપિતાદિનો ત્યાગ કરવો.

જંગલમાં માતાપિતાદિ વ્યાધિથી પીડાતાં હોય ત્યારે સાથે રહેલો પુત્ર બાજુના ગામમાં ઔષધ લેવા માટે માતાપિતાનો ત્યાગ કરે તેમ અહીં પણ મોહવ્યાધિને દૂર કરવા ધર્મનું ઔષધ લેવા જતો પુત્ર માતાપિતાદિને ત્યાગે.

વસ્તુતઃ આને માતાપિતાદિનો ત્યાગ કહેવાય. જે પુત્ર વ્યાધિગ્રસ્ત માતાપિતાદિથી દૂર થતો નથી અને તેમની પાસે જ બેસી રહે છે તે જ વસ્તુતઃ તેમનો ત્યાગ કહેવાય. કેમ કે તેમની પાસે જ બેસી રહેવાથી તેમનો વ્યાધિ દૂર ન થતાં મૃત્યુ થાય છે, જ્યારે ઔષધ લાવીને તેમનો વ્યાધિ દૂર કરીને જીવન અપાય છે.

સાત્ત્વિક પુરુષો ક્રિયાનું સ્વરૂપ ન જોતાં ફળની વિચારણા કરીને ક્રિયાનું સ્વરૂપ વિચારે છે.

સમ્યકત્વરૂપી ઔષધ આપીને માતાપિતાદિના મહારોગને નિવારતો પુત્ર આ રીતે જ તેમના દુર્વાર્ય ઉપકારનો બદલો વાળી શકે છે. માતાપિતાના ઉપકારનો બદલો વાળવો એ સજ્જનનો ધર્મ છે.

પ્ર. પરમાત્મા મહાવીરદેવે કેમ આ રીતે ગ્લાનૌષધ ન્યાયે માતાપિતાનો ત્યાગ ન કરતાં તેમને અનુકૂળ બનવાનું પસંદ કર્યું?

ઉ. માતાપિતાનો ઉપકાર હોવાથી જ તેમને ક્લેશ ન પમાડવાનો ઉદ્દેશ જાળવીને જ મહાવીરદેવે મર્યાદિત ગૃહસ્થાવાસ સ્વીકારેલો છે અને ગ્લાનૌષધ ન્યાયથી સંયમ લેનાર પણ એ જ ઉદ્દેશ જાળવે છે કેમ કે તે પણ તેમનો ઉપકાર વાળવા માટે જ ધર્મ-ઔષધ લેવા માટે જ જાય છે નહિ કે તેમને તિરસ્કારીને સ્વાત્મહિતમાત્ર કરવા.

હવે પ્રશ્ન એટલો જ રહે છે કે આ ન્યાયથી દૂર જવામાં માતાપિતાદિને ક્લેશ થાય તેનું શું? એનું સમાધાન બહુ સરળ છે. ગુરુદેવને પામીને સંસારની અસારતાનું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી પોતાની જાતને અને માતાપિતાદિને ડૂબતા જોઈને જે મુમુક્ષુ દ્રવિત થઇ જાય છે અને સ્વના હિત સાથે ઉપકારી માતાપિતાને કોઈ પણ ભોગે સંસાર-સાગરમાં ડૂબતા ઉગારી લેવા તલપે છે અને તે વખતે તેમનાથી દૂર થવાનું અનિવાર્ય બનતાં જો માતાપિતાને ક્લેશ થાય તો તે ક્લેશ તેમની મોહમૂઢતા-અજ્ઞાનતાને લીધે જ છે. આવી અજ્ઞાનતાથી મુક્ત થયેલો પુત્ર તેમના એ ક્લેશને ન વિચારીને પ્રવ્રજ્યાના માર્ગે જાય એ જ એ મુમુક્ષુની માતાપિતા ઉપરની વાસ્તવિક કરૂણા છે. એમાં જરાય નિર્દયતા, નિઃશૂકતા નથી. એટલું જ નહિ પરન્તુ ભવિષ્યમાં માતાપિતાને સર્વક્લેશથી મુક્ત કરવાની દૃષ્ટિ હોવાને લીધે મુમુક્ષુ માતાપિતાને ક્લેશદાયી બનતો જ નથી.

દરદીના પેટનો સડો જાણ્યા પછી ડોક્ટર તેનું પેટ ચીરી નાંખે અને દરદ દૂર કરતાં દરદી ચીસાચીસ કરી મૂકે તેટલા માત્રથી ડોક્ટરને કોઇ નિર્દય કહેતું નથી બલકે દયાળુ કહે છે કેમ કે એના અંતરમાં રમે છે દરદીને રોગમુક્ત કરીને સુખી બનાવવાની વાત.

હા, દુશ્મન આવીને કોઈનો વાળ પણ તાણે તો તે જરૂર દુષ્ટ ગણાય છે. એ રીતે માતાપિતાને તરછોડીને નવોઢા સાથે નીકળી જનાર પુત્ર પણ કુલાંગાર ગણાય છે. પરંતુ ભાવીમાં માતાપિતાના એકાન્ત હિતની પ્રત્યુપકારની દૃષ્ટિથી જે પુત્ર તેમને ત્યાગે છે તે પુત્ર અજ્ઞાનતાથી ક્લેશ કરનારા માતાપિતાદિના ક્લેશનો જનક બનતો નથી.

પરમાત્મા મહાવીરદેવે ગ્લાનૌષધ ન્યાયે માતાપિતાનો ત્યાગ ન કર્યો કેમ કે એ ત્યાગ પાછળ ભાવીમાં માતપિતાના પ્રત્યુપકારનો ઉદ્દેશ જળવાતો ન હતો. કેમ કે એ ત્યાગની સાથે જ સોપક્રમ એવું માતપિતાનું આયુ પૂર્ણ થઈ જવાની સંપૂર્ણ શક્યતા તેઓએ જ્ઞાનબળથી જોઈ લીધી હતી.

દરેક કાર્યનો ઉદ્દેશ જાળવવો જોઈએ. ઉદ્દેશ ન જળવાય તો તે કાર્ય અકાર્ય રૂપ બની જાય છે.

દૂધ વગેરે પીવાથી પુષ્ટિ મેળવવી છે. પણ જેને પુષ્ટિનો ઉદ્દેશ ન જળવાતો હોય એવા સંગ્રહણીવાળાને તે દૂધ ત્યાજ્ય જ બની જાય છે. એને પુષ્ટિ પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ બર લાવવા દૂધ છોડી દેવું પડે છે અને દહીં લેવું પણ પડે છે.

મહાવીરદેવના પ્રસંગમાં પણ આમ બન્યું હતું માટે જ પોતે વિરક્ત બની જઈને સંયમમાર્ગે ચાલી જવાનું સાહસ ન કરી બેસે. (તેવું સાહસ ન કરે તો તો ચારિ. મોહ. કર્મ તૂટી પડે. કેમ કે તે કર્મ સોપક્રમ હતું. તેમ થાત તો બીજી બાજુ માતાપિતાનું મૃત્યુ થઇ જાત.) તે માટે તેમને અભિગ્રહ કરવો પડ્યો હતો. માતપિતાના કાળ પછી તેઓ સાધિક બે વર્ષ સંસારમાં રહ્યા ત્યાં પોતે જ્ઞાનબળથી તેટલું નિકાચિત્ ભોગાવલિ કર્મ જોયું હતું; માટે રહ્યા હતા, નહિ કે માત્ર ભાઈના આગ્રહથી.

એટલે વિશિષ્ટ જ્ઞાનબળી જે કરે તે રસ્તે જઈને જ આપણે કાર્ય કરવું તેવો નિયમ ન બંધાય. જ્ઞાની અને અજ્ઞાની બેયના કાર્ય અને કાર્યના રસ્તા સરખા હોઈ શકતા નથી. અજ્ઞાની તો જ્ઞાનીએ કહ્યા મુજબ કરનારો હોય.

તે જ મહાવીરદેવે 'ગ્લાનૌષધાન્યાયે' પ્રવ્રજ્યા લેવાનું જણાવ્યું છે માટે આપણે તેમ જ કરવું જોઈએ.

વળી ઇન્દ્રભૂતિ ગૌતમ આદિને તે જ પરમાત્માએ સ્વજનોની સંમતિ લેવા જવાનું જણાવ્યા વિના પ્રવ્રજ્યા ક્યાં નથી આપી? એટલું જ નહિ પરંતુ નેમનાથકુમારે માતપિતાની કાકલુદીઓને ઠુકરાવીને દીક્ષા લીધી છે તેનું શું? અને આદિનાથ પ્રભુએ દીક્ષાના નિમિત્તે જ માતાને ૧ હજાર વર્ષ લગી રોવડાવ્યાં છે તેનું શું? અભયકુમારની દીક્ષા પાછળ થનારાં ભીષણ યુદ્ધો વગેરેની વાત મહાવીરદેવના જ્ઞાનની બહાર થોડી જ હતી? છતાં તેઓશ્રીએ અભયકુમારને સંયમ આપ્યું તેનું શું? આવા તો ઢગલાબંધ દૃષ્ટાન્તો છે જે ઉપરથી સાબિત થાય છે કે માતાપિતાના પ્રત્યુપકારની દૃષ્ટિપૂર્વકના ગ્લાનૌષધ ન્યાયના પ્રવ્રજ્યા વિધાનમાં કોઈ જ વિરોધાભાસ ક્યાંય પણ છે જ નહિ. દરેક જગાએ સ્વ-પરહિતનું અને બેય હિત જોખમી બનતાં હોય ત્યારે સ્વહિતનું પરિપૂર્ણ લક્ષ રાખીને જ કાર્ય કરવાનું એકમાત્ર વિધાન છે. તેને અનુલક્ષીને જ કરાતી સઘળી પ્રવૃત્તિ ધર્મસ્વરૂપ બની શકે છે. તે લક્ષ ચૂકીને કરાતી સઘળી પ્રવૃત્તિ અધર્મ બને છે.

આ રીતે છેવટે ગ્લાનૌષધ ન્યાયે મુમુક્ષુ દીક્ષા લેવા નીકળે ત્યારે તે મુમુક્ષુ વિધિપૂર્વક દીક્ષા લેવા નીકળ્યો કહેવાય. અર્થાત્ માયા નિમિત્તશાસ્ત્ર-આજીવિકા નિર્વાહ અને ગ્લાનૌષધ ન્યાયના ક્રમમાંથી ક્રમશઃ પસાર થઈને દીક્ષા લેનારની દીક્ષા, વિધિદીક્ષા કહેવાય.

આ રીતે દીક્ષા લેવા આવનાર મુમુક્ષુની ગુરુપદની યોગ્ય સાધુ પરીક્ષા કરે.

ગુરુપરીક્ષા-પૃચ્છા વગેરે વિધિ :

(૧) દીક્ષા લેવા આવનારને પૂછવું, તું કોણ છે? શા માટે દીક્ષા લેવી છે? આનો ઉત્તર આપતાં જો તે કહે કે, "હું બ્રાહ્મણાદિ ઉચ્ચકુલપુત્ર છું. સંસારને સઘળાં પાપો-દુઃખોની ખાણ સમજી તેનાથી મુક્ત થવા માટે દીક્ષા લેવી છે." તો તેને દીક્ષા-યોગ્ય સમજવો.

(૨) ત્યાર પછી તેને માર્ગની કઠોરતા અને મહાનતા સમજાવવી. માર્ગવિરાધક દુર્ગતિનાં કેવાં ફળો પ્રાપ્ત કરે છે તે જણાવવું. માર્ગ-આરાધક મુક્તિ-સુખ મેળવી લે છે તે સમજાવવું. રોગ પ્રતિકાર માટે દીક્ષા શ્રેષ્ઠ ઔષધ ખરું પણ કુપથ્ય કરે તેને માટે તો એ ઔષધ વહેલું મોત લાવનારું બની જાય. ઇત્યાદિ રીતે તે મુમુક્ષુને ખૂબ સારી રીતે સમજાવવો અને ચકાસવો. કેટલીક વાર પાકા દંભીઓ ઝટ પકડાતા નથી માટે દીક્ષાની યોગ્યતા ચકાસવા માટે સામાન્યતઃ ૬ માસ સુધી પરીક્ષા કરવી જોઈએ: યોગ્ય-પાત્રે અલ્પકાળમાં પણ દીક્ષા આપી શકાય. અને અપરિણત પાત્રની અપેક્ષાએ ૬ માસથી પણ વધુ પરીક્ષાકાળ હોઈ શકે છે.

(૩) દીક્ષાર્થી જીવે ઉપધાન ન કર્યાં હોય તો પણ તેને શુભદિને સૂત્રાદિ પ્રદાન કરવું. વાસક્ષેપ કરવો, રજોહરણ આપવું, કાર્યોત્સર્ગ કરાવવો વગેરે દીક્ષાની સઘળી ક્રિયા કરાવવી. આ દીક્ષાવિધિ ધર્મ-સંગ્રહાદિ ગ્રન્થાન્તરથી જોઈ લેવી (જેને આજે કાચી દીક્ષા કહેવામાં આવે છે તેની સઘળી વિધિ કરવાનું જણાવેલ હોવાથી એમ લાગે છે કે આ સામાન્યતા ૬ માસનો મુમુક્ષુનો પરીક્ષાકાળ તે આ કાચી દીક્ષા આપ્યા પછીનો હોવો જોઈએ.)

શ્રી ધર્મબિન્દુ ગ્રન્થમાં (૪-૨૨) કહ્યું છે કે આ પ્રમાણે જે ભવ્યાત્મા શુદ્ધ આચાર વિધિપૂર્વક ગૃહસ્થાવસ્થાનો ત્યાગ કરીને હિંસાદિના ત્યાગરૂપ સંયમ (કાચી દીક્ષારૂપ)માં નિત્ય રક્ત રહે છે તે યતિ કહેવાય છે.

પ્ર. આ તો થોડી જ ભાવદીક્ષા છે? વિરતિના પરિણામ પ્રગટ થઈ ગયા વિનાની મુમુક્ષુની નિષ્ફળ ચૈત્યવન્દનાદિ ક્રિયા અનંતીવાર કરી ચૂક્યા તો ય વિરતિ-પરિણામ જાગ્યો નથી એટલે વિરતિ-પરિણામ જગાવવાની દષ્ટિએ આવી ક્રિયા કરવાનું પણ તમે કહી શકો તેમ નથી.

ઉ. દંડ વિના પણ ક્યારેક હાથથી ચક્ર ભમાવતાં ઘડો બની જાય છે તેથી ઘટ પ્રત્યેની દંડની કારણતા ઊડી નથી જતી તેમ ચૈત્ય

આદિ વિધિ વિના ભરત વગેરેને વિરતિ પરિણામ જાગી જવાથી ચૈત્યની વિરતિ પ્રત્યેની કારણતા ઊડી જતી નથી. વળી ભરતને પણ પૂર્વ-જન્મમાં દીક્ષા સ્વીકારવા રૂપ વિધિ–ક્રિયા હતી જ.

વળી જેમ દંડ વગેરે હોવા છતાં ચક્ર જ ન હોય તો ઘટ ન થાય એટલે ઘટ પ્રત્યેની દંડની કારણતા ઊડી ન જાય તેમ અભવ્યમાં ચૈત્ય–વન્દનાદિ વિધિ–ક્રિયા હોવા છતાં વિરતિ પરિણામરૂપ કાર્ય ન થવાથી વિધિ–ક્રિયાની કારણતા ઊડી ન જાય કેમ કે ત્યાં જીવની યોગ્યતારૂપ એક કારણ જ ગેરહાજર છે.

માટે ચૈત્યવન્દનાદિ દીક્ષાવિધિ જે જણાવ્યો છે તે વ્યવહાર-નયથી ઘટિત જ છે.

પ્ર. વ્યવહારનય તો ઉપચાર માત્ર છે ને? વસ્તુના નિરૂપચરિત સ્વરૂપને કહેતો નિશ્ચયનય જ વાસ્તવિક નથી?

ઉ. બે ય નય પોતપોતાના સ્થાને વાસ્તવિક છે અને પરસ્પરની અપેક્ષાએ તદ્દન જુદા છે. આ અંગે પૂર્વ વિચાર થઈ ગયો છે.

શ્રીપંચવસ્તુગ્રન્થની ૧૭૨મી ગાથામાં કહ્યું છે કે, "જો તમે શ્રીજિનમતને સ્વીકારતા હો તો વ્યવહાર અને નિશ્ચય એમાંથી એકેયને તજશો નહિ. કેમ કે વ્યવહારનો વિચ્છેદ થવાથી શ્રીજિનશાસનનો (તીર્થનો) નાશ અવશ્ય થાય છે."

આથી હવે નક્કી થાય છે કે વ્યવહારથી દીક્ષિત થયેલો પણ વ્યવહારનયથી યતિ જ ગણાય છે. કેમ કે વ્યવહારથી પણ ચૈત્યવન્દનાદિ વિધિ કરનારને તે વિધિથી, "હું દીક્ષિત થયો" વગેરે શુભ પરિણામો પ્રગટે છે, જે પરિણામ તેના ચારિ. મોહ. કર્મની મન્દતા કરે છે અને એ રીતે નિશ્ચયનયને માન્ય વિરતિના શુભ–પરિણામ તેનામાં પ્રગટી જાય છે. આ રીતે વ્યવહાર એ નિશ્ચયનું સાધન હોવાથી સાધ્યરૂપ નિશ્ચય જેટલું જ આવશ્યક બને છે.

વ્યવહાર એ નિશ્ચય દ્વારા મુક્તિસાધક છે. જેમ દંડ એ ચક્ર ભમાવવા દ્વારા ઘટસાધક છે.

પ્ર. વિરતિ પરિણામ વિનાનાને વિરતિ-ક્રિયા કરાવીને કહેવું કે તું વિરતિધર થયો એ શું અસત્યવાદ ન કહેવાય?

ઉ. ના, એ વ્યવહારસત્ય છે, ઊલટું એ વિધિ નહિ કરાવવાથી જ તીર્થોચ્છેદ; જિનાજ્ઞાભંગ વગેરે દોષ કહ્યા છે. આ અંગે પૂર્વે વિચાર થઇ ગયો એટલે અહીં પુનઃ વિચાર નહિ કરીએ.

પ્ર. સાધુ થનારા પાપોદયને લીધે ઘરવાસને છોડે છે કેમ કે પૂર્વે દાનાદિ ન દેવાથી તેમને આ ભવમાં સુન્દર વૈષયિક ભોગોની પ્રાપ્તિ થતી નથી. બહુ મુશ્કેલીએ મેળવેલું નિષ્પુણ્યકનું ધન જેમ વિના ભોગવ્યે નાશ પામે તેમ સાધુ થનારને પણ પુણ્યોદયે મળેલો ઘરવાસ પાપોદયને લીધે વિના ભોગવ્યે નષ્ટ થાય છે. વળી આહારાદિને માટે ભટકતા તેમને તે સંબંધનું દુર્ધ્યાન પણ કેમ ન હોય? શુભધ્યાન વિના ધર્મ શેનો થાય? એટલે ગૃહસ્થાશ્રમનો ભોગી માણસ જ પરહિતની આદરપૂર્વક મધ્યસ્થ ભાવથી ગૃહસ્થ-ધર્મ સાધી શકે.

ઉ. પહેલાં મને કહો કે પાપનું લક્ષણ શું? ચિત્ત સંકલેશને પાપ કહેતા હોય તો ધનાદિની આકાંક્ષાવાળા ગૃહસ્થને જ તે ચિત્ત-સંકલેશરૂપ પાપ હોય છે. કહ્યું કે, "ધન મેળવવામાં, સાચવવામાં, બધેય દુઃખ.

મુનિને ભલે ઘરબાર નથી પણ તે ઘરબાર વગેરેનો રાગ ન હોવાથી તેમને આર્તધ્યાન તો થતું નથી કિન્તુ સંયમી જીવનનો ભરપૂર આનંદ હોય છે. માટે તેમને તો ચિત્તક્લેશરૂપ પાપના ઉદયની શક્યતા જ નથી.

જો એમ કહો કે દુઃખદ ક્રિયાના કષ્ટો કરવાથી મુનિ દુઃખી છે તો તેમાં કાંઇ સાધુ માટે એકાન્ત નથી. સાધુ ભાવીના મહાન લાભને જોઈને સંયમક્રિયાનું કષ્ટ ભોગવે છે તેથી તો તેમના અંતરમાં લાભ-પ્રાપ્તિ અંગેનો ભારે આનંદ હોય છે. મહાત દલ્લો દેતી કષ્ટ-ક્રિયાને કોઇ કષ્ટરૂપ માનતું નથી. ગૃહસ્થો પણ ક્યાં ઓછી કષ્ટ-ક્રિયા કરે છે? અને એના ફળની શંકાને લીધે અધીરા બની જઇને

તેઓ જ દુઃખી બને છે. સાધુ તો ફળમાં કશો સંદેહ રાખ્યા વિના ધીરતાપૂર્વક આગળ વધે છે તેમાં તેમને દુઃખનો લેશ પણ કેવો?

ઈચ્છિત પદાર્થો ન મળવાથી સાધુને દુઃખી કહો તો તે ય બરોબર નથી. કેમકે પહેલાં તો ઇચ્છા જ મહાદુઃખ છે. ઇષ્ટ વિષય મળતાં ઇચ્છાની પૂર્તિનું સુખ તો આભાસમાત્ર છે.

સાધુને તો ઇચ્છાનો નાશ કરવાની જ સાધના કરવાની હોય છે. તેને ઇચ્છા હોય તો માત્ર મુક્તિની પ્રશસ્ત ઇચ્છા છે. અને આ ઇચ્છા જ સર્વ અન્ય ઇચ્છાનો નાશ કરે છે. આ વાત પાતંજલયોગ દર્શનમાં (૧-૨૦) પણ જણાવી છે.

ભગવતીસૂત્રમાં પણ કહ્યું છે કે પ્રતિમાસે મુનિ ઉપર ઉપરના દેવલોકનાં દેવોની તેજોલેશ્યાથી પ્રાપ્ત સુખ-સંવેદનાને ઉલ્લંઘતા જાય છે. યાવત્ ૧૨ માસનો દીક્ષા પર્યાય થતાં તો અનુત્તરવાસી દેવલોકની સુખાસિકાને પણ લંઘી જાય તેવું અનુપમેય સુખ અનુભવે છે.

સંસારી જીવો ઇચ્છાના ગુલામ છે. ગુલામી એ જ મહાદુઃખ છે.

જ્યારે સાધુઓ ઇચ્છાના સ્વામી છે. જડ-ભાવોથી સ્વતન્ત્ર છે. એ સ્વાતન્ત્ર્ય એ જ એમની મસ્તફકીરી છે. તેમનો મહાનંદ છે.

એટલે સાધુને દુઃખી કહેવા કે પાપના ઉદયવાળા કહેવા એ બિલકુલ યોગ્ય નથી. વસ્તુતઃ તેવા તો ગૃહસ્થો જ છે.

**યતિધર્મ પ્રકાર-દ્વિધા.**

સાપેક્ષ યતિધર્મ.
નિરપેક્ષ યતિધર્મ.

**સાપેક્ષ યતિધર્મ**-ગ્રહણશિક્ષા અને આ સેવનાશિક્ષા.

માટે ઉપકારી ગુરુનું શિષ્યપણું યાવજ્જીવ સ્વીકારવું. તેમની સમીપમાં (અન્તે) આત્મયોગોનો આશ્રય કરીને શ્રદ્ધા અને જ્ઞાનપૂર્વક પ્રવૃત્તિ કરતા રહેવું (ગાથ) તેને સાપેક્ષ યતિધર્મ કહેવાય.

ટૂંકમાં શિષ્યભાવે ગુરુકુલવાસમાં શિક્ષાગ્રહણ કરવા માટે રહેવું તે સાપેક્ષ યતિધર્મ કહેવાય.

ગુરુ પાસે પ્રતિદિન સૂત્ર–અર્થ ભણુણારૂપ અભ્યાસ કરવો તે ગ્રહણશિક્ષા.

ગુરુ પાસે પ્રતિદિન સંયમની ક્રિયાઓનો અભ્યાસ કરવો તે આસેવનાશિક્ષા.

શ્રી સૂયગડાંગ સૂત્રમાં (૧૪–૪૧) કહ્યું છે કે, "ગુરુની પાસે જ સન્માર્ગ સેવનરૂપ સમાધિને અને અવસાનને ઇચ્છ તો શિષ્ય યાવજ્જીવ તેમની નિશ્રામાં જ રહે. પોતાની ઇચ્છાનુસાર વર્તન કરનારો જે ગુરુની પાસે ન રહે તે પોતાનાં કર્મોનો અન્ત કરી શકતો નથી તથા ગુરુસેવાથી રહિત હોય તેનું જ્ઞાન પણ હાંસી–પાત્ર બને છે એમ સમજીને તે શિષ્ય સ્વયં ગુરુસેવાદિ શુદ્ધાચાર સેવે અને મુક્તિ યોગ્ય સાધ્વાચારનું પ્રકાશન કરતો તે બુદ્ધિમાન સાધુ ગચ્છને છોડીને બહાર ન નીકળે.

વિશેષાવશ્યકમાં (ગા. ૩૪૫૯) કહ્યું છે કે, "ગુરુકુલવાસમાં રહેનાર સમ્યગ્જ્ઞાનનું ભાજન બને છે તથા દર્શન અને ચારિત્રમાં અતિદૃઢ બને છે. માટે જ ધન્યાત્માઓ ગુરુકુલવાસને છોડતા નથી."

આથી જ શ્રી સુધર્માસ્વામીજી જંબૂસ્વામીજીને જણાવે છે કે "હે આયુષ્મન્ જંબૂ ? ભગવંત મહાવીરે આ પ્રમાણે કહેલું મેં સાંભળ્યું છે" વગેરે વચનો દ્વારા સકળ સદાચારનાં મૂળરૂપ ગુરુકુલવાસને જણાવેલ છે.

ભાવસાધુનું મુખ્યલિંગ પણ ગુરુકુલવાસ જ છે. ઉપદેશપદ (ગા. ૨૦૦)માં કહ્યું છે કે માષતુષાદિ મુનિમાં ગુરુ પ્રત્યેની શ્રદ્ધા તો હોય જ, તદુપરાન્ત ધર્મ–ધનને યોગ્ય એવા તેમને માર્ગાનુસારિતા વગેરે ભાવસાધુનાં લક્ષણો પણ હોય જ. આની નિશાની શું ? એના જવાબમાં કહ્યું છે કે ગુરુની સમક્ષ અને પરોક્ષમાં બે ય વખતે ગુર્વાજ્ઞાના પાલન રૂપે પ્રતિલેખનાદિ સાધુસમાચારીનું તેઓ યથાવિધિ પાલન કરે. આ ગુરુકુલવાસને કારણે જ જ્ઞાનરહિત જણાતા માષતુષાદિ મુનિમાં ગુરુપારતન્ત્ર્યનું જ્ઞાન અને તેના ફળરૂપ ચરિત્રનો સદ્‌ભાવ કહ્યો છે.

શ્રી પંચાશકજી (૧૧-૭)માં કહ્યું છે કે, " ગુરુ પ્રત્યે સમર્પિતભાવ એ જ જ્ઞાન અને શ્રદ્ધા એનામાં જ ઘટે છે. એથી જ અતિજડ એવા માષતુષ મુનિ આદિને રત્નત્રયીનો સદ્ભાવ કહ્યો છે.

અહીં પ્રસંગતઃ ભાવયતિના લિંગો જોઈએ.

શ્રી ધર્મરત્ન પ્રકરણના આધારે આ લિંગો જોઈશું.

ભાવસાધુનાં લિંગો :

૧. પ્રતિલેખનાદિ સઘળી ક્રિયા મોક્ષ-માર્ગાનુસારી હોય.

૨. ધર્મ કરવામાં દઢ શ્રદ્ધાળુ હોય.

૩. વિના યત્ને દુરાગ્રહમાંથી બચાવી લેવાય તેટલા સરળ હોય.

૪. શાસ્ત્રોક્ત ક્રિયામાં અપ્રમાદી હોય.

૫. તપાદિ શક્યાનુષ્ઠાનમાં પ્રવૃત્તિશીલ હોય.

૬. ગુણોના દઢ પક્ષપાતી હોય.

૭. સર્વગુણમાં અગ્રેસર ગુણરૂપ ગુરુ-પારતન્ત્યનું આરાધન કરતા હોય.

(૧) અહીં માર્ગ આગમનને અનુસરતો અથવા બહુસંવિગ્ન-પુરુષોએ આચરેલો આચાર તે માર્ગ કહેવાય. બાકીનાં ૬ લિંગો સુગમ છે.

ઉપરોક્ત ૭ લિંગમાં બીજા લિંગમાં પ્રવર ધર્મ-શ્રદ્ધા જણાવી છે તે પ્રવર-શ્રદ્ધાનાં ૪ લક્ષણો કહ્યાં છે.

શ્રદ્ધા એટલે જ્ઞાન-ક્રિયારૂપ ધર્મમાં સમજપૂર્વકનો આત્મભિલાષ. આ અભિલાષ પ્રવર (પ્રબળ) બને ત્યારે આ ચાર ફળ પ્રાપ્ત થાય.

(૧) વિધિ-સેવા (૨) ધર્મયોગમાં અતૃપ્તિ (૩) સૂત્રાનુસારી શુદ્ધ દેશના-દાન (૪) ભૂલ થાય ત્યાં પ્રાયશ્ચિત્ત દ્વારા શુદ્ધીકરણ.

ગુરુકુલવાસ એ ભાવયતિનું મુખ્ય લિંગ હોવાથી તેના અભાવે દુષ્કર ક્રિયા કરનારાઓને પણ શ્રી પંચાશકજીમાં ગ્રંથિભેદ વિનાના

મિથ્યાદૃષ્ટિ કહ્યા છે. ત્યાં (૧૧-૩૭, ૧૧-૩૮) કહ્યું છે કે જેઓ ઉત્તમ ગુરુકુલવાસથી પરાંગમુખ છે તે સાધુઓ દુષ્ટ સ્વભાવવાળા અને કૃતઘ્ન હોઇને ગુરુ-કુલવાસના લાભને અને એકાકી વિહારના કાળમાં નુકસાનોને યથાર્થ સ્વરૂપમાં સમજતા જ નથી. કહેવાનો આશય એ છે કે ગુરુકુલવાસમાં રહેવાથી સંભવતા આહારાદિના કેટલાક દોષો કે પરસ્પર જન્મતા કલેશાદિને વધુ મહત્ત્વ આપી દઇને એવા ગુરુકુલવાસથી પ્રાપ્ત થતા અનેકાએક લાભોને ગૌણસ્વરૂપ આપીને ગુરુકુલવાસ ત્યાગીને, આહારાદિ દોષોથી મુક્ત જીવનને જ મહત્ત્વ આપીને, તેવું દોષોમુક્ત જીવનને જીવવામાં જ મુક્તિની સાધના લઇને, સ્વચ્છંદાચારી સાધુઓ જીવલેણ ભૂલ કરી બેસે છે. પોતાના જીવનને ભારે ખતરામાં મૂકી દે છે. કેમ કે આવી માન્યતા અને તેવી માન્યતા દર્શાવતું વચન સર્વથા શાસ્ત્રબાધિત છે.

આવા ગુરુકુલવાસથી વિમુખ સાધુ શુદ્ધ-ગોચરી કરે, આતાપના લે, માસક્ષમણની આકરી તપશ્ચર્યાઓ કરે, તો પણ આગમને અનુસરતું અનુષ્ઠાન ન હોવાથી અને એકાકી રહીને આ લોકો શાસનની અપભાજના કરાવનાર છે. વળી આવા સાધુ પોતાનો ઉત્કર્ષ માનીને મહાન ગુરુઓની હીલના કરવા પણ પ્રેરાઇ જાય અને તેથી ઘોર કર્મબંધ કરે તે પણ સ્વભાવિક સુખના ઉપાયો બતાવીને, આધ્યાત્મિક જીવન જીવતા નિરપેક્ષ શ્રમણોના જીવનને 'નિષ્ક્રિય' – 'સ્વાર્થી' ગણાવવાની તક ભોળા ભક્તો પાસે જતી ન કરે તેવી ક્રૂરતાવાળા આ દાંભિક સાધુઓ હોય છે. આમના માટેનો નિઃશંક કહી શકાય કે એમને ભવચક્રમાં કદાપિ ગ્રન્થિભેદ થયો હોય તે આત્મા સમ્યક્ત્વભાવથી પડીને તે મિથ્યાત્વી થાય તો મિથ્યાત્વ અવસ્થામાંય આવું પાપ ન કરે.

પ્ર. ગુરુકુલવાસનો જ ત્યાગ કરીને બાકીની બધી દુષ્કર ક્રિયા કરનારાને તમે અધમાધમ કક્ષાના ભલે કહો પણ અમારો એક પ્રશ્ન છે કે અધમાધમ કક્ષાના જીવો દુષ્કર ક્રિયાઓ કરે ખરા ?

ઉ. આવી ક્રિયાઓ અજ્ઞાનથી (મોહથી) જ થાય છે. ગુરુકુલવાસના એકડા વિના લાખો મીંડારૂપ, આ ક્રિયાઓની લેશ પણ

કિંમત નથી એટલું જ નહિ કિન્તુ ચોરાશીઘોર વિપરીત ફળોની પ્રાપ્તિ છે. આવા સાધુઓ કાગડા જેવા અન્યદર્શનની જેમ જૈન જ નથી. જેમ કાગડો વાવડીનું પવિત્ર પાણી પડતું મૂકીને ગન્દા પાણી તરફ કે મૃગજળ તરફ દોડે છે. તેમ આ એકાકી વિહાર કરના સાધુઓ અજ્ઞાનતાથી શુદ્ધ આરાધનાની કલ્પનામાં ભ્રાન્ત થયેલા, જ્ઞાનની વાવડીસમા ઉત્તમગુરુને ત્યાગી મૃગજળ તુષ્ણાની જેમ એકાકી ભટકે છે.

એ આત્મા ગમે તેટલા કઠોર તપ–જપ કરીને કાયાને શોષે, અનેકોને તારવાની બુદ્ધિથી મોટી સભાઓ ભરે તો પણ તે બધું કાયકષ્ટ રૂપ અને તમાશારૂપ છે. ઉપદેશરહસ્યગ્રન્થમાં કહ્યું છે કે એવી પ્રવૃત્તિથી શાસન-પ્રભાવના થાય છે તેવું કોઇએ માની લેવું નહિ. એવી પ્રવૃત્તિને કોઇ પણ ગીતાર્થ કદાપિ વખાણે નહિ કિન્તુ વખોડે. કેમ કે એમાં ઉન્માર્ગનું જ પોષણ છે.

આ કારણથી જ સ્વ-પર પર્યાયની અપેક્ષાએ એક વસ્તુમાં અનન્ત-ધર્મને જાણનાર અનન્તજ્ઞાની ભગવંતો પણ ગુરુકુલવાસને છોડતા નથી. આ વિષયમાં દશવૈકાલિક સૂત્રમાં (૯ મો અધ્યાય. ૧ લો ઉદ્દેશો. ૨૧મી ગાથા) કહ્યું છે કે, "જેમ અનેક પ્રકારની ઘી વગેરેની આહુતિથી તથા 'સ્વાહા' વગેરે મન્ત્રપદોથી પુજેલા અગ્નિને યાજ્ઞિકો નમસ્કાર કરે છે (પૂજે છે.) તેમ અનન્તજ્ઞાનીએ પણ આચાર્યની (ગુરુની) સેવા કરવી જોઇએ. અર્થાત્ જ્ઞાન પ્રાપ્ત થવા છતાં ગુરુસેવા છોડવી જોઇએ નહિ."

ગુરુ હીલના કરનાર ભયંકર પાપ-કર્મોનો બંધ કરે તે અંગે દશવૈકાલિક સૂત્રમાં (૯.૧) કહ્યું છે કે, "જે ક્ષુદ્ર પ્રકૃતિવાળો નામથી જ સાધુ પોતાના ગુરુમાં ક્ષયોપશમની ન્યૂનતાને લીધે તેમને કહે કે તમે તો શાસ્ત્રાનુસારી આલોચનાદિ કાર્યમાં અસમર્થ છો, અથવા તો અલ્પશ્રુતવાળા ગુરુને જાણીને મશ્કરીમાં તમે તો બહુશ્રુતા છો, બુદ્ધિશાળી છો અથવા તો નિન્દારૂપે બુદ્ધિ વિનાના છો એમ કહે. તે સાધુ અનન્ત આચાર્યોની આશાતના કરે છે. એ નિમિત્તે પોતાના

જ્ઞાનાદિ ગુણોનો નાશ કરે છે" માટે મુમુક્ષુ સાધુએ કોઈ પણ સંયોગમાં ગુરુની આશાતના કદાપિ કરવી જોઈએ નહિ.

જેમ કોઈ મૂર્ખ સર્પને નાનો સમજીને સતાવે તો તેના પરિણામે પોતાનું જ મોત થવાનો પ્રસંગ આવે તેમ કોઈ કારણે લઘુવયસ્ક-અપારશ્રુત એવા પણ સાધુને યોગ્ય જાણીને તેના ગુરુએ આચાર્યપદે સ્થાપ્યા હોય તેમની હીલના કરનારો બેઈન્દ્રિયાદિ ક્ષુદ્ર જાતિઓમાં પરિભ્રમણ કરતો રહે છે.

આ વાતનો સાર એ છે કે મુમુક્ષુએ મૂળગુણયુક્ત એવા ગુરુને ભલે પછી તે બીજા એક બે સામાન્ય ગુણોથી રહિત હોય તો પણ છોડવા જોઈએ નહિ. હરિભદ્રસૂરિજી મહારાજાએ પંચાશકજીમાં કહ્યું છે (૧૧-૩૫) કે, "તે જ ગુરુ ગુણરહિત કહેવાય જે મૂળગુણથી (મહાવ્રતથી) રહિત હોય, સમ્યગ્જ્ઞાન-ક્રિયાથી રહિત હોય. મૂળ ગુણ સિવાયના બીજા વિશિષ્ટ કોટિના ઉપશમભાવ આદિ સામાન્ય ગુણોથી રહિત હોવામાત્રથી તે ગુરુ ગુણરહિત ન કહેવાય. આ વિષયમાં ચણ્ડરુદ્રાચાર્યનું દૃષ્ટાન્ત જાણવું. તેઓ તથાવિધ કષાયમોહના ઉદયવાળા હોઈને ઉપશમ-ગુણયુક્ત ન હતા છતાં મહાવ્રતાદિ ગુણોથી યુક્ત હોવાથી ઘણા સંવિગ્ન અને ગીતાર્થ શિષ્યોએ પણ તેમને છોડ્યા ન હતા.

ઉત્તરગુણના અભાવમાં પણ ગુરુને ગુણ-રહિત કહેવામાં આવે તેમને વર્જ્ય કહેવામાં આવે તો પછી આજે તો ભગવાનના શાસનમાં સર્વગુણસંપન્ન કોઈ ગુરુ જ નહિ મળે કેમ કે વર્તમાન શાસન તો બકુશ-કુશીલ સાધુથી જ ચાલવાનું કહ્યું છે અને બકુશ-કુશીલ ચારિત્રમાં તો આંશિક દોષો નિયમા હોય છે એટલે તેવા દોષોથી ગુરુ વર્જ્ય બની શકે નહિ. આ જ કારણે ગાઢ પ્રમાદી એવા પણ શૈલક ગુરુની સેવા મહામુનિ પન્થકજીએ છોડી ન હતી. ધર્મરત્ન પ્રકરણની ૧૩૧-૧૩૨મી ગાથામાં કહ્યું છે કે, "જે મૂલ ગુણથી યુક્ત હોય તે બીજા અલ્પ દોષને લીધે ત્યાજ્ય બનતો નથી એટલું જ નહિ પણ તેવા ગુરુની પન્થક મુનિજીની જેમ સેવા કરીને તેમને યથોક્ત આરાધનામાં વાળવા માટે જ શિષ્યે યત્નશીલ બનવું જોઈએ. ગુરુનો

અનંત ઉપકાર કદી ન વળી શકે પરંતુ આવા પ્રસંગે જ તે ઉપકારનું ઋણ ફેડવાની તક મળે છે.

પ્ર. શૈલકાચાર્ય મૂલગુણથી અખંડ હતા એમ શાથી કહેવાય?

ઉ. જો તેઓ મૂલગુણથી ખંડિત હોત તો અભ્યુદ્યત વિહારી (જિનાજ્ઞાપાલક) એવા તેમના ગીતાર્થ શિષ્યો તેમની સેવામાં પન્થકજીને રોકત નહિ. એ ઉપરથી નક્કી થાય છે કે તેઓ પ્રમાદી હોવા છતાં મૂલગુણ ભગ્ન ન હતા.

પ્ર. કોઈ નામથી ગુરુ ગણાતો હોય તેની નિશ્રામાં રહેનાર શિષ્ય ગુરુકુલવાસી કહેવાય ખરો?

ઉ. ના. મહાનિશીથ સૂત્રમાં નામ-આચાર્ય, સ્થાપના-આચાર્ય, દ્રવ્ય-આચાર્ય અને ભાવ-આચાર્ય એમ ૪ પ્રકારના આચાર્ય (ગુરુ) કહ્યા છે. તેમાં ભાવાચાર્યને તીર્થંકર તુલ્ય કહ્યા છે. તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કદી ન કરવાનું જણાવીને બાકીના ત્રણ પ્રકારના આચાર્યને ગૌણરૂપ કહ્યા છે.

શ્રી ગચ્છાચાર પયન્નામાં (ગા. ૨૭) પણ કહ્યું છે કે, "જે જિનપ્રવચનના સમ્યગ ઉપદેશક આચાર્ય તીર્થંકર તુલ્ય છે. તેમની આજ્ઞાને ઉલ્લંઘનાર દુષ્ટપુરુષ કહેવાય છે."

તાત્પર્ય એ છે કે, શુદ્ધ ભાવગુરુના નામાદિ ત્રણેય પાપહર છે. તેમનાં ગોત્રાદિનું શ્રવણ પણ કલ્યાણકર કહ્યું છે. અને અશુદ્ધ ભાવગુરુના નામાદિ ત્રણેય નિક્ષેપા પાપકર્મનો બંધ કરાવનારા છે. શ્રી મહાનિશિથ સૂત્રમાં કહ્યું છે કે "હે ગૌતમ! અતીત-અનાગત કાળે કેટલાય એવા આચાર્યો થયા છે અને થશે કે જેમના નામોચ્ચાર માત્રથી નિયમા પાપકર્મબંધ થાય.

માટે ભાવગુરુની જ ઉપાસનારૂપ ગુરુકુલવાસને મુખ્ય યતિધર્મ સમજવો જોઈએ. અને તેમની પાસે રહીને ગ્રહણ-આસેવના નામની બેય શિક્ષા પ્રાપ્ત કરવી જોઈએ.

આ અંગે વિશેષ જિજ્ઞાસુએ ધર્મસંગ્રહ ધર્મરત્ન પ્રકરણ, ધર્મબિન્દુ પંચવસ્તુ પ્રકરણ વગેરે ગ્રન્થો જોઈ લેવા.

**સાપેક્ષ યતિધર્મમાં ૩ પ્રકારની સમાચારી :**

(૧) ઓઘી સમાચારી (૨) દશધાસમાચારી (૩) પદવિભાગ સમાચારી અહીં આપણે દશધા સમાચારી ઉપર વિચાર કરશું. આ સમાચારી (સાધ્વાચાર) ચક્રની જેમ ક્રમશઃ ચાલ્યા કરતી હોવાથી તેને ચક્રવાલ સમાચારી પણ કહેવાય છે.

**દશધા સમાચારી**—૧. ઇચ્છાકાર ૨. મિચ્છાકાર ૩. તથાકાર ૪. આવશ્યિકી ૫. નૈષેધિકી ૬. આપૃચ્છા ૭. પ્રતિપૃચ્છા ૮. છન્દના ૯. નિમન્ત્રણા ૧૦. ઉપસંપદા.

૧. **ઇચ્છાકાર**—ઇચ્છવું તે ઇચ્છા અને કરવું તે કાર. અર્થાત્ બલાત્કાર વિના ઇચ્છાનુસાર કરવું તે તમારી ઈચ્છા હોય તો તમે આ કાર્ય કરો, અથવા તમારી ઇચ્છા હોય તો હું આ તમારું કાર્ય કરી આપું ઇત્યાદિ. સામાની ઇચ્છા અનુસારે આદેશ કરવો કે કાર્ય સ્વીકાર કરવો તે ઇચ્છાકાર કહેવાય છે.

૨. **મિથ્યાકાર**—મિથ્યા એટલે વિપરીત, ખોટું, અસત્ય; વિપરીત વગેરે કરવું તે મિથ્યાકાર.

સંયમયોગમાં કશુંક વિપરીત થઇ ગયા પછી તે બની ગયેલ બાબત ખોટી છે એમ કબૂલવા માટે મુનિ 'મિથ્યાકાર' કરે છે. અર્થાત્ આ મિથ્યા થઇ ગયું એમ જણાવે છે. અને તે પછી તે થઈ ગયેલું દુષ્કૃત 'મિથ્યા થાઓ' એ રૂપે તરત જ 'મિચ્છામિ દુક્કડં' પ્રાયશ્ચિત્ત કરે છે.

૩. **તથાકાર**—તે રીતે જ કરવું તે તથાકાર. ગુરુ પાસે વાચના પૃચ્છ નહિ લેતા કરતાં ગુરુને કહેવું, "આપે જેમ કહ્યું તે તેમ જ છે." આમ સામાને જણાવવા માટે તથાકારનો પ્રયોગ થાય છે.

૪.૫ **આવશ્યિકી નૈષેધિકી**—અવશ્યકરણીય અને અકરણીય કાર્ય અંગે બે સમાચારી છે. તેમાં જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ માટે અવશ્ય

કરણીય અધ્યયનાદિ પ્રવૃત્તિ, અથવા તો તેવી કોઈ અન્ય પ્રવૃત્તિ અંગે ઉપાશ્રય વગેરે સ્થાનેથી બહાર જવાથી ક્રિયાને તથા તેને સૂચવતા શબ્દોચ્ચારને પણ આવશ્યિકી કહેવાય છે. તથા અસંવૃત્ત (અજયણાવાળાં શરીરની ચેષ્ટાઓ રોકવા માટે કરાય તેને અથવા તેવી ચેષ્ઠા રોકવા માટે વસતિમાં પ્રવેશ કરાય) વગેરે પ્રવૃત્તિને અને તેને સૂચવતા શબ્દોચ્ચારને નૈષેધિકી કહેવાય છે.

૬. **આપૃચ્છા** : વિનયપૂર્વક સર્વકાર્યમાં ગુરુને પૂછવું તે આપૃચ્છા સમાચારી કહેવાય.

૭. **પ્રતિપૃચ્છા** : ફરી ફરી પૂછવું તે પ્રતિપૃચ્છા. શિષ્યે ગુરુને પૂછતાં ગુરુએ શિષ્યને કહ્યું કે, "આ કામ અમુક વખતે તારે કરવું.' એ કામ કરવાનો સમય આવે ત્યારે ફરી ગુરુને શિષ્ય પૂછે કે 'આપે કહ્યા મુજબ તે કામ કરું ?' આ પ્રતિપૃચ્છા એટલા માટે જરૂરી છે કે કોઈવાર કોઈ કારણે તે કામ કરવાની જરૂર ન દેખાતી હોય તો ફરી પૂછવા આવતાં શિષ્યને ગુરુ નિષેધ કરી શકે અથવા તો એકવાર પૂછતાં ગુરુ જે કામનો નિષેધ કરી ચૂકયા હોય તે પછી તે કામ કરવાનું જરૂરી લાગતાં પ્રતિપૃચ્છા કરનાર શિષ્યને તે કામ કરવાનો આદેશ કરી શકે.

૮. **છન્દના** : અશન-પાનાદિ લાવ્યા બાદ મુનિ સર્વ સાધુને વિનંતી કરે કે, "હું અશનાદિ લાવ્યો છું, તેમાંથી જેને જે ઉપયોગી હોય તે તેમની ઇચ્છા મુજબ સ્વીકારી મારી ઉપર અનુગ્રહ કરો." આ રીતે અશનાદિ આપવા માટે કરવું તેને છન્દના કહેવાય છે.

૯. **નિમન્ત્રણા** : અશનાદિ લેવા જતાં પહેલાં જ સાધુને વિનંતી કરે કે હું આપના માટે અશનાદિ લાવી શકું છું.

૧૦. **ઉપસંપદા** : જ્ઞાનાદિગુણોની પ્રાપ્તિ માટે પોતાના ગુરુને છોડીને, તેમની અનુમતિપૂર્વક અન્ય ગચ્છીય ગુરુની નિશ્રામાં રહેવું તેને ઉપસંપદા કહેવાય છે.

આ રીતે ૧૦ એ સમાચારીનો સંક્ષિપ્ત અર્થ કર્યો. હવે પ્રત્યેક સમાચારી ઉપર વિશેષ (ટિપ્પણ રૂપે) કેટલુંક વિચારીએ લઇએ.

## ઇચ્છાકારાદિ સામાચારી ઉપર વિશેષ-વિચારણા :

(૧) ઇચ્છાકાર : ઉત્સર્ગ માર્ગે તો સામર્થ્યવાન સાધુએ કોઈ કાર્ય માટે બીજા સાધુને કહેવું જ ન જોઈએ. સામર્થ્યના અભાવે પણ રત્નાધિક (પર્યાય-વડીલ) ને ન કહેતાં નાના સાધુઓને પોતાનું કાર્ય જણાવીને ઇચ્છાકાર કરે. (અર્થાત્ તમારી ઇચ્છા હોય તો આટલું મારું કાર્ય કરી આપશો ?) અથવા કોઈ સાધુ સ્વયં આવીને તેની પાસે કાર્ય માંગે ત્યારે ઇચ્છાકાર કરે. (અર્થાત્ તમારી ઇચ્છા હોય તો આ કામ કરવાનું છે.)

તાત્પર્ય એ છે કે કાર્ય આપનાર ગ્લાનાદિ સાધુ કોઈ નાના સાધુ ઉપર પણ કાર્ય કરવાની બલાત્કારે ફરજ પાડી શકતો નથી. તેમ વૈયાવચ્ચ કરનાર કોઈ સાધુ ગ્લાનની ઇચ્છા વિના બલાત્કારે તેનું કાર્ય કરી શકતો નથી. બેયને ઇચ્છાકાર કરવાનો આવશ્યક છે.

કોઈ સાધુ પોતાના જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ માટે આચાર્યની વૈયાવચ્ચ અથવા વિશ્રામણાદિ કાંઇ પણ કાર્ય ઇચ્છતો હોય તો તેને પણ તે કાર્યમાં જોડતાં પૂર્વે આચાર્યે પણ તે સાધુ પ્રત્યે ઇચ્છાકાર કરવો જોઈએ. (તમારી ઇચ્છા હોય તો તમે વૈયાવચ્ચ કરી શકો છો. તું કર એવી આજ્ઞા ન થાય.)

અપવાદ માર્ગે તો કોઇ અવિનીત સાધુને આજ્ઞા કે બલાત્કાર કરવાનું પણ અનુચિત નથી. યદ્યપિ ઉત્સર્ગ માર્ગે તો તેવા દુર્વિનીતની સાથે રહેવું જ ઉચિત નથી છતાં બહુ સ્વજનોના સંબંધને લીધે તેને છોડી શકાય તેવું ન હોય ત્યારે એવો વિધિ છે કે, પ્રથમ તે દુર્વિનીતને ઇચ્છાકારપૂર્વક કર્તવ્યમાં જોડવો અને એમ ન કરે તો આજ્ઞાથી કાર્ય કરાવવું, તેમ પણ ન કરે તો બલાત્કારે પણ કામ કરાવવું. (આવ. નિ. ૬૭૭) આવો બલાત્કાર કરવો પડે ત્યારે પણ વડીલના હૃદયમાંથી શિષ્ય પ્રતિનો વાત્સલ્યભાવ તૂટવો ન જોઈએ. કેમ કે વાત્સલ્યભાવના પ્રકર્ષથી જ સ્વપરહિત સાધી શકાય છે.

(૨) મિથ્યાકાર : હઠથી કરાતી કે વારંવાર કરાતી ભૂલોની શુદ્ધિ મિથ્યા દુષ્કૃત દેવા છતાં થતી નથી. આવ. નિર્યુક્તિ (૬૮૫)માં

કહ્યું છે કે, "જેણે એક વાર જે ભૂલનું મિથ્યાદુષ્કૃત કર્યું તે પુનઃ તેવી જ ભૂલ વિશિષ્ટ કારણ વિના ન કરે તો તેનું મિથ્યાદુષ્કૃત ત્રિવિધ પ્રતિક્રમણરૂપ ગણાય પરન્તુ કરેલી ભૂલનું મિથ્યા દુષ્કૃત કરીને પુનઃ તે પાપને સેવ્યા કરનારો તો પ્રત્યક્ષ મૃષાવાદી છે એટલું જ નહિ પણ માયાવી અને કપટી છે. આવો આત્મા માત્ર બાહ્યથી 'મિચ્છામિ દુક્કડં' કરીને ગુરુને પ્રસન્ન કરનારો (ઠગનારો) છે.

(૩) **તથાકાર :** જેની સામે તથાકાર (તહત્તિ) કહેવાનું હોય તે મહાપુરુષ ગીતાર્થ અને મૂળ-ઉત્તરગુણોથી વિભૂષિત હોવા જોઈએ. આવા ગુરુ વાચના આપે ત્યારે સૂત્રગ્રહણ કરનારે તથાકાર કરવો. પ્રશ્ન પૂછ્યા પછી આચાર્ય ઉત્તર આપે ત્યારે પણ તથાકાર કરવો.

આ ઉત્સર્ગમાર્ગ થયો. અપવાદમાર્ગે તો વક્તા કલ્પાકલ્પપરિનિષ્ઠિત વગેરે ગુણોથી યુક્ત ન હોય તો પણ તેઓ જ્યારે શુદ્ધ સાધ્વાચારનું પ્રતિપાદન કરે, પોતાના શિથિલાચારની નિન્દા કરે અને ઉત્તમ તપસ્વીઓની આગળ સર્વ રીતે પોતે લઘુ બને ઈત્યાદિ લક્ષણવાળા સંવિગ્ન પાક્ષિક (સુસાધુતાના પક્ષકાર) અથવા ગીતાર્થ સાધુ વાચનાદિ આપતા હોય ત્યારે તેમના યુક્તિસંગત કે યુક્તિરહિત વચનને પણ તહત્તિ કરવું.

અને જે ગીતાર્થ હોય પણ સંવિગ્ન ન હોય અથવા સંવિગ્ન હોય પણ ગીતાર્થ ન હોય અથવા સંવિગ્નકે ગીતાર્થ એકે ય ન હોય તેવા પ્રજ્ઞાપકના યુક્તિસંગત વચનમાં જ 'તહત્તિ' કહેવું પણ યુક્તિરહિત વચનમાં 'તહત્તિ' કહેવું નહિ. (પંચાશક. ૧૨ ગા-૧૬)

જેઓ સુસાધુના તથા શુદ્ધ દેશના દાતાસંવિગ્ન પાક્ષિકના વચનને 'તહત્તિ' કરતા નથી તેઓને પંચાશકજીમાં (૧૨-૧૭) ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજાએ મિથ્યાત્વી કહ્યા છે. તેઓશ્રીએ કહ્યું છે કે ભવભીરૂ આત્મા ઉત્સૂત્ર ભાષણનાં કડવાં ફળોને જાણતો હોવાથી તે ઉત્સૂત્રભાષણ ન કરે માટે તેવા સંવિગ્ન પાક્ષિક ગીતાર્થ વચનમાં 'તહત્તિ' ન કરનાર મિથ્યાત્વી સમજવો જોઈએ.

(૪)-(૫) **આવિશ્યકી-નૈષેધિકી** : વસતિમાં નીકળતો સાધુ 'આવસ્સહિય' કહે અને વસતિમાં પેસતો સાધુ 'નિસીહિય' કહે.

વસતિમાં રહેલા સાધુને ગમનાગમનાદિથી થતા દોષો લાગતા નથી અને સ્વાધ્યાય-ધ્યાનાદિ ગુણોની પ્રાપ્તિ થાય છે. માટે સાધુએ ઉત્સર્ગમાર્ગે વસતિમાં જ રહેવું જોઇએ. પરન્તુ એનો અર્થ એવો નથી કે તેણે વસતિની બહાર નીકળવું જ ન જોઈએ. અપવાદમાર્ગે તો ગ્લાન-ગુરુ વગેરે અન્ય પ્રયોજને અવશ્ય બહાર જવું જોઈએ. આવા પ્રસંગે તો બહાર નહિ જવાથી દોષો થાય છે. આ કથનથી એટલું સમજવું કે નિષ્કારણ વસતિની બહાર જવાથી જરૂર દોષ થાય છે અને સકારણ વસતિની બહાર જવાથી અવશ્ય ગુણ થાય છે. એટલે જ્ઞાનાદિ ગુણની પ્રાપ્તિ માટે આવશ્યક આહારાદિ લેવા માટે બહાર જવું પડે ત્યારે વસતિની બહાર જતાં 'આવસ્સહિય' કહેવું જોઇએ.

પંચાશકજીમાં (૧૨-૧૮) આવશ્યિકીનો અર્થ 'અવશ્ય પ્રયોજને' કર્યો છે. વળી અવશ્ય પ્રયોજન ઉપસ્થિત થતા પણ ગુર્વાજ્ઞાથી જવાનું કહ્યું છે અને ઇર્યાસમિત્યાદિના પાલનરૂપ જિનાજ્ઞા પ્રમાણે જવાનું જણાવ્યું છે. એટલે નિષ્કારણ, સ્વચ્છંદમતિથી અનુપયોગપૂર્વક બહાર જઈ શકાય નહિ તે નિશ્ચિત થયું. સકારણ (જ્ઞાનાદિ ગુણવૃદ્ધિ, ગ્લાનાદિ વૈયાવચ્ચઆદિકારણ) ગુર્વાજ્ઞાથી, ઉપયોગપૂર્વક જનાર સાધુની આવશ્યિકી જ શુદ્ધ કહેવાય.

અહીં પણ એ વાતનો ખ્યાલ રાખવો કે ઉપરોક્ત કારણે વસતિની બહાર નીકળતા સર્વસાધુની આવશ્યિકી શુદ્ધ જ હોય તેવો નિયમ નથી કિન્તુ જે સાધુ વસતિમાં રહીને નિરતિચારપણે ત્રણે ય યોગીની એકાગ્રતાપૂર્વક સાધ્વાચારનું પરિપૂર્ણ પાલન કરતો હોય તે જ સાધુ સકારણ, ગુર્વાજ્ઞાથી વસતિ બહાર જતાં આવશ્યિકી કહે તો તેની તે આવશ્યિકી શુદ્ધ ગણાય છે.

'નિસ્સીહિ'નો વિષય અવગ્રહમાં પ્રવેશ કરવાનો છે.

અવગ્રહ એટલે ઉપાશ્રય (શય્યા), સ્થાન (કાયોત્સર્ગ માટે ઊભા રહેવું.) જિનમન્દિરનો અવગ્રહ (ગુરુનો અવગ્રહ, ગુરુના આસનથી સર્વત્ર સાડા ત્રણ હાથ ભૂમિ.)

શય્યા એટલે સુવાનું સ્થળ અને કાયોત્સર્ગાદિ માટે ઊભા રહેવું. આ કાયોત્સર્ગ જે સ્થાને કરે ત્યાં જ સુવે.

પ્રતિક્રમણાદિ આવશ્યક કાર્યો જેણે કરી લીધાં છે તેવો વિશિષ્ટ સાધુ ગુર્વાજ્ઞાથી–જ્યાં શય્યા કાયોત્સર્ગાદિ કરવાના હોય ત્યાં જ નિસીહિ કહે. બીજે સ્થાને નહિ. કેમ કે શય્યાદિ કરવાની આજ્ઞા હોવાથી તે સિવાયનું અન્ય સર્વ કાર્ય કરવાનો નિષેધ થયો માટે નિષેધાર્થક 'નિસીહિ' શબ્દનો પ્રયોગ ત્યાં જ કરવો જોઈએ.

આ આવસ્સહિ–નિસીહિ બન્નેનો વિષય અર્થાપત્તિએ એક જ હોવાથી વસ્તુતઃ બન્નેનો અર્થ પણ એક જ સમજવો. કેમ કે અવશ્ય કર્તવ્યો કરવા માટે આવસ્સહિ અને અન્ય અકરણીય કાર્યોના નિષેધ માટે નિસીહિ છે. અવશ્ય કરણીયને કરવાની ક્રિયા અને પાપકર્મના નિષેધરૂપ ક્રિયા–બન્ને એક જ હોવાથી વસ્તુતઃ બેયનું એકાર્થિક–પણું છે. એકના વિધાનમાં બીજાનો નિષેધ કે એકના નિષેધમાં બીજાનું વિધાન સૂચિત છે. છતાં શાસ્ત્રોમાં બેનાં નામો ભિન્ન છે. કેમ કે કોઈ સમયે ઊભા રહેવું, કોઈ સમયે ગમન કરવું, એમ ભિન્ન ભિન્ન ક્રિયા કરવાની હોવાથી આ રીતે ભિન્ન ભિન્ન વર્ણન કરવામાં આવ્યું છે. તાત્પર્ય એ છે કે 'નિસીહિ' શબ્દનો પ્રયોગ નિશ્ચયથી કોઈ આવશ્યક કાર્ય કરવા પૂર્વે તેમાં અનુપયોગાદિથી થનારા વિઘ્નોના ત્યાગ માટે છે, આવશ્યક કાર્ય માટે બહાર જતા પહેલાં ઉપાશ્રયમાં વિધિપૂર્વક બેઠેલા સાધુને એવાં વિઘ્નોનો સંભવ નથી કે જેના નિષેધ માટે નિસીહિ કહેવી જોઈએ, માટે આવસ્સહિનાં સમયે નિસીહિ નિરૂપયોગી છે. નિસીહિ કરતી વેળા આવસ્સહિ પણ ઘટતિ નથી, કેમ કે "આવસ્સહિ' તો તે કાળે અવશ્ય કરણીયના વિધાન માટે અને અર્થાપત્તિથી અન્યકાળે કરણીયના (તે કાળ અનાવશ્યક) નિષેધ માટે છે. કેમ કે અન્ય કાળે જે કરણીય હોય તેનો પણ ત્યાગ કર્યા

વિના તત્કાળ અવશ્ય કરણીય કાર્ય થઈ શકે નહિ. એટલે 'આવસ્સહિ'થી અન્યકાલ-કરણીય તથા અકરણીયનો નિષેધ થઈ જાય છે. આ જ રીતે 'નિસીહિ' કહેવાથી તત્કાળ અવશ્ય કરણીયનું વિધાન પણ થઇ જ જાય છે માટે બેયના વિષયમાં એકાર્થતા સમજવી.

પ્ર. શ્રાવકને પણ સાધુની જેમ 'આવસ્સહિ' 'નિસીહિ' કહેવારૂપ આ બે ય સમાચારી હોય ?

ઉ. હા, ઉપાશ્રયમાં કે મંદિરમાં પેસતાં શ્રાવકે સર્વ સાવદ્ય કાર્યનો નિષેધ કરવા રૂપ નિસીહિ કહેવી જોઇએ અને અવશ્ય કરણીયરૂપ જિન-પૂજા, ગુરુ-વંદનાદિ ધર્મકાર્ય માટે ઘરમાંથી બહાર નીકળતાં 'આવસ્સહિ' કહેવી જોઇએ.

પરંતુ સાધુની માફક જિનમંદિર કે ઉપાશ્રયમાંથી બહાર નીકળતાં 'આવસ્સહિ' કહી શકે નહિ કેમ કે મંદિર ઉપાશ્રયમાંથી બહાર નીકળતો શ્રાવક બહુધા આરંભાદિનાં કાર્યો માટે બજારે-ઘરે વગેરે સ્થાને જાય તો તે 'અવશ્ય કરણીય' ધર્મકાર્ય નથી.

૬. **આપૃચ્છા** : પોતાના જ્ઞાનાદિ ગુણને હિતકારી એવું કાર્ય કરવા માટે જ ગુરુને પૂછવું જોઇએ. તે પણ વિનયભાવપૂર્વક પૂછવું જોઇએ. આ પ્રમાણે પૂછીને કાર્ય કરવાથી જ્ઞાની ગુરુ કાર્યનું હિતાહિત સમજાવે. તેમને યોગ્ય લાગે તો તે કાર્યમાં અહિત જણાવતાં પાછા ફેરવે અને હિત જણાતાં ઉત્સાહ આપે.

ગુરુને પૂછીને કાર્ય કરનાર ગુરુની આશિષનું એવું અબાધ્ય બળ મેળવે છે, જેના પરિણામે કાર્યમાં આવતાં સઘળાં વિઘ્નો ભેદાઇ જાય છે અથવા નિર્બળ થઇ જાય.

સિંહગુફાવાસી મુનિની વેશ્યાને ત્યાં ચાતુર્માસ કરવાની આ પૃચ્છા અવજ્ઞાપૂર્વકની હતી માટે જ તેઓ નિષ્ફળ ગયા હતા.

૭. **પ્રતિપૃચ્છા** : કાર્ય કરતી વખતે ફરી પૂછવાથી પણ અનેક લાભો થાય છે. જેમાંના કેટલાક પૂર્વે જણાવાઇ ગયા છે.

૮. **છન્દના** : આ સમાચારી પોતાના લાવેલા આહારાદિ અન્ય સાધુને આપવા માટે છે. તે સર્વ સાધુઓને કરવાની નથી, પરંતુ

લાભાન્તરાય કર્મના ક્ષયોપશમાદિથી લબ્ધિધારી બનેલા કે નિકૃષ્ટ તપ કરવાને લીધે માંડલીથી ભિન્ન રહીને ભોજન કરનારાને આ છન્દના કરવાની હોય છે. આ છન્દના પણ ગુરુસંમતિ મેળવીને જ અન્ય સાધુઓને કરવી જોઈએ.

૯. **નિમન્ત્રણા :** આ સમાચારી સ્વાધ્યાયરક્ત એવા વૈયાવચ્ચ કરવાની ભાવનાવાળા મુનિને માટે છે.

**પ્ર. સ્વાધ્યાયમાં રક્તને વૈયાવચ્ચ કરવાની ભાવના કેમ કહો છો?**

ઉ. સ્વાધ્યાયથી જે આત્મા જિનવચનને ભાવિત કરે છે તેને મોક્ષના સર્વયોગો સાધવાની તાલાવેલી લાગે છે. તપશ્ચર્યાદિ અન્ય યોગો બીજા મુનિઓમાં જોઈને તેમની વૈયાવચ્ચ કરવા માટે તે અવશ્ય તલપે છે. તે આત્મા કોરા સ્વાધ્યાયથી બેચેન હોય છે. તેને અન્ય સર્વમુક્તિયોગો સાધવાની તાલાવેલી અખણ્ડ રહ્યા કરે છે. આથી જ અપ્રમત એવા તે સ્વાધ્યાયરક્ત મુનિ જ વસ્તુતઃ વૈયાવચ્ચ કરવાની તીવ્ર ભાવનાને લીધે આ નિમન્ત્રણા સામાચારીના અધિકારી છે.

૧૦. **ઉપસમ્પદા :** બે પ્રકારે.

(૧) સાધુ ઉપસમ્પદા અને (૨) ગૃહસ્થ ઉપસમ્પદા.

સાધુઉપસમ્પદા–૩ પ્રકારે.

જ્ઞાન–દર્શન–ચારિત્રથી....અર્થાત્

જ્ઞાનવિષયક–દર્શનવિષયક–અને ચારિત્ર વિષયક એમ ૩ પ્રકારની સાધુ ઉપસમ્પદા છે. તેમાં પણ જ્ઞાન અને દર્શનની પ્રત્યેક ઉપસમ્પદા ૩–૩ પ્રકારે છે. જ્યારે ચારિ–ઉપસમ્પદા ૨ પ્રકારે છે.

જ્ઞાનોપસમ્પદા–સૂત્ર–અર્થ અને સૂત્રાર્થ ઉભયની....

આ પ્રત્યેક વર્તના–સન્ધના અને ગ્રહણ એમ ૩–૩ પ્રકારે હોવાથી જ્ઞાનોપસમ્પદાના ૯ પ્રકાર થાય છે.

પૂર્વે ભણેલા અસ્થિર સૂત્રનું, અર્થનું કે તદુભયનું ગુણન (પાઠ) કરવો તે વર્તના.

પૂર્વે ભણેલા સૂત્રના અર્થના કે તદુભયના જે જે અંશનું વિસ્મરણ થયું હોય તેને પુનઃ યાદ કરીને જોડી દેવું તે સન્ધના.

અને પહેલી જ વાર સૂત્ર અર્થ કે તદુભયનો પાઠ લેવો તે ગ્રહણ કહેવાય.

દર્શનોપસમ્પદા-અહીં પણ ઉપરોક્ત રીતે ૯ પ્રકાર પડે છે. ફેર એટલો જ કે અહીં દર્શન પદથી વીતરાગ-સર્વજ્ઞના શાસનની પ્રભાવના કરે તેવા સન્મતિ-તર્ક વગેરે શાસ્ત્રો લેવા. તેના સૂત્ર-અર્થ-તદુભયથી વર્તના-સન્ધના અને ગ્રહણ લેવા.

અહીં (૧) ગુર્વાજ્ઞાપૂર્વક જ્ઞાન-દર્શનની ઉપસમ્પદા લેવી જોઈએ. વળી (૨) ગુરુ જેને કહે કે તમારે અમુકને જ્ઞાનાદિ ઉપસમ્પદા આપવી તેની જ પાસે જઈને ઉપસમ્પદા લેવી જોઈએ.

આ બે પદની ચતુર્ભંગી થાય.

(૧) ગુર્વાજ્ઞા સાથે ગુરુએ આદેશ કરેલ આચાર્ય પાસે ઉપસમ્પદા લેવી
(૨) „ „ „ આદેશ ન કરેલ „ „ „ „
(૩) „ વિના „ „ કરેલ આચાર્ય પાસે „ „

(દા.ત., "ગુરુ શિષ્યને કહે કે હમણાં કેટલોક સમય તારે અમુક આચાર્ય પાસે ઉપસમ્પદા લેવા જવું નહિ" અહીં જેને ગુરુએ ઉપસમ્પદા માટે આજ્ઞા કરી છે તેની પાસે જવાનો સમયલાઉ નિષેધ છે માટે ત્યાં આ ત્રીજો ભંગ લાગુ પડે.)

(૪) ગુર્વાજ્ઞા વિના, ગુરુએ આદેશ ન કરેલ આચાર્યની પાસે ઉપસમ્પદા લેવા જવું.

(દા.ત., અત્યારે ઉપસમ્પદા માટે ન જવું, અમુક આચાર્ય પાસે ન જવું.)

આ ચાર ભંગમાં પહેલો ભંગ શુદ્ધ છે, બાકીના ત્રણ અશુદ્ધ છે.

ઉપસમ્પદા સ્વીકારનારની એ વ્યવસ્થા છે કે સ્વગુરુની પાસે સૂત્ર-અર્થ-તદુભય ગ્રહણ કરી લીધા પછી વિશેષ અધ્યયન માટે અન્ય

સમર્થ પાત્ર આચાર્યની પાસે તેને ગુરુની ભલામણ થાય અને શિષ્યને ત ગુરુ (આચાર્ય) પાસે જવાની આજ્ઞા મળે પછી જ તે શિષ્ય તે આચાર્યની જ્ઞાન–દર્શન ઉપસમ્પદા સ્વીકારી શકે.

તેમાં ય જો શિષ્યના જવાથી સ્વગુરુ પાસે રહેનારો સાધુપરિવાર અપરિણત હોય કે ગુરુ પાસે અન્ય સાધુપરિવાર ન હોય તો, શિષ્યે ઉપસમ્પદાની અનુજ્ઞા માગવી જોઇએ નહિ. છતાં કોઈ શિષ્ય અનુજ્ઞા લઇને જાય તો પણ બીજા આચાર્ય તેને સ્વીકારી શકે નહિ.

વળી ગુરુએ જે આચાર્યની પાસે જવાની આજ્ઞા કરી હોય તે આચાર્યની પાસે ઉપસમ્પદા સ્વીકારતી વેળાએ તે આચાર્યે આગન્તુકની અને આગન્તુકે આચાર્યની પરીક્ષા કરવી જોઇએ.

જેમ કે આગન્તુક સાધુ ત્યાંના સાધુઓ ઉન્માર્ગમાં પ્રવૃત્તિ કરતા હોય તો તેમને સન્માર્ગમાં પ્રેરે, તે વખતે તેઓ 'મિ. દુક્કડં' આપે અને પુનઃ ભૂલ કરે, પુનઃ સમજાવે અને ન માને અથવા ત્રણથી વધુ વાર થતાં ગુરુને કહે. જો ગુરુ તેમના શિષ્યનો પક્ષ લે તો તે ગુરુ (આચાર્ય) પણ શિથિલ (શીતલ) છે એમ માનીને આગન્તુક સાધુ ત્યાં ન રહે અને જો ગુરુ શિષ્યનો પક્ષ ન લઇને તેમને સમજાવવા યત્ન કરે તો આગન્તુક ત્યાં રહે. આ રીતે આચાર્ય પણ કઠોર વચનાદિ કહેવા વડે આગન્તુકની પરીક્ષા કરે. જો આગન્તુક તે વચનો સાંભળીને પણ વિનય–મર્યાદાનો લોપ ન કરે તો આચાર્ય તેને સ્વીકારે.

આ રીતે પરસ્પર બેયની યોગ્યતા જણાયા પછી આચાર્યને શિષ્ય કહે કે, "અમુક શ્રુતથી બાકી રહેલો અભ્યાસ અમુક કાળ સુધીમાં કરવા માટે આપની પાસે આવ્યો છું ઇત્યાદિ."

**આભાવ્ય પ્રકરણ :** આભાવ્ય વ્યવહારનું આગન્તુક શિષ્યે પાલન કરવું જોઈએ. આભાવ્ય વ્યવહાર એટલે શિષ્ય કે વસ્ત્રપાત્રાદિ–સચિત્ત

કે અચિત્ત-વસ્તુની પ્રાપ્તિ થાય તો તે કોની ગણવી ? કોની ન ગણવી ? વગેરે અધિકારની શાસ્ત્રીય વ્યવસ્થા.


આ વ્યવસ્થા એવી છે કે, સ્વગુરુની પાસેથી નીકળેલા અને ઉપસમ્પન્નગુરુ (જેમની ઉપસમ્પદા સ્વીકારવાની છે તે ગુરુ) પાસે પહોંચતા રસ્તામાં જે કાંઈ શિષ્ય-વસ્ત્રાદિ પ્રાપ્ત થાય તે બધું જો નાલબદ્ધવલ્લી ન હોય તો ઉપસમ્પન્ન ગુરુની માલિકીનું ગણાય. તે ગુરુએ પણ તેનો સ્વીકાર કરવો જોઈએ.

શાસ્ત્રમાં ૨૨ નાલબદ્ધ કહ્યા છે. માતા, પિતા, ભાઈ, બહેન, પુત્ર, પુત્રી, મોસાળ પક્ષના દાદા, દાદી, મામા, માસી, પોતાના દાદા, દાદી, કાકા, ફોઈ, ભત્રીજો, ભત્રીજી, ભાણેજ, ભાણેજી, પુત્રના પુત્ર-પુત્રી, પુત્રીના પુત્ર-પુત્રી આ ૨૨માંનો કોઈ પણ માર્ગમાં દીક્ષા લેવા આવે તો તેને સ્વગુરુને સોંપે.

આમ ઉપસમ્પન્ન ગુરુને નાલબદ્ધવલ્લી વ્યતિરિક્ત અને સ્વગુરુને નાલબદ્ધવલ્લી રૂપ શિષ્યાદિ સોંપવાથી ઉપસમ્પન્ન ગુરુ અને સ્વગુરુની પૂજા થાય, પોતે નિઃસંગભાવે રહી શકે તેથી ઉભય ગુરુઓના વાત્સલ્યભાવની પણ વૃદ્ધિ થાય. આમ થતાં શ્રુતજ્ઞાન આત્મસાત્ થાય ચારિત્ર્યધર્મની શુદ્ધિનો પ્રકર્ષ પ્રાપ્ત થાય.

આવા કારણે શિષ્યે આભાવ્યનું (સચિત્ત-અચિત્તનું) ગુરુઓને દાન કરવું જોઈએ અને ગુરુએ પણ શિષ્યને આગન્તુકનો અનુગ્રહ કરવાની બુદ્ધિથી તેનો સ્વીકાર કરવો જોઈએ.

અહીં જ્ઞાન-દર્શન ઉપસમ્પદાનું વિવેચન પૂર્ણ થાય છે હવે ચારિત્ર્ય ઉપસમ્પદાનું સ્વરૂપ જોઈએ.


ઉપસમ્પદા
જ્ઞાન
દર્શન
ચારિત્ર
સૂત્ર
અર્થ
તદુભય
વર્તના
સન્ધના
ગ્રહણ
વર્તના
સન્ધના
ગ્રહણ
વર્તના
સન્ધના
ગ્રહણ
સૂત્ર
અર્થ
તદુભય
(જ્ઞાનઉપસમ્પદા
પ્રમાણે જ ૯ પ્રકાર)
વૈયાવચ્ચ વિષયક
ક્ષપણ (તપ) વિષયક
ઇત્વર
યાવત્કથિક
ઇત્વર
યાવત્કથિક

(i) ચારિત્ર ઉપસમ્પદા : બે પ્રકારે.

૧. વૈયાવચ્ચવિષયક ૨. તપ(ક્ષપણ)વિષયક.

પ્રત્યેક બે બે પ્રકારે : અમુક કાળની-અને યાવજ્જીવની પોતાના ચારિત્રની શુદ્ધિ-વૃદ્ધિ માટે કોઇ સાધુ આચાર્યની વૈયાવચ્ચ સ્વીકારે ત્યારે કાળથી અમુક કાળ માટે સ્વીકારે અથવા યાવજ્જીવ સુધી તે આચાર્યની વૈયાવચ્ચ કરનારો થાય. એ જ રીતે કોઈ તપસ્વી અટ્ઠમાદિ તપ માટે ઉપસમ્પદા સ્વીકારે તે પણ અમુક કાળ માટે કે યાવજ્જીવ માટે સ્વીકારે.

દર્શનાદિ ત્રણ પ્રકારની ઉપસમ્પદાનો વિધિ પંચવસ્તુ, આવશ્યક નિર્યુક્તિ, ધર્મસંગ્રહાદિ ગન્થોથી જોઇ લેવો.

(ii) ગૃહસ્થોપસમ્પદા : સાધુની મર્યાદા છે કે, 'વિહારનો માર્ગ વગેરે કોઇ પણ સ્થળે સાધુને થોડો કાળ વૃક્ષ નીચે રોકાવું પડે તો પણ તેના માલિકની અનુજ્ઞા મેળવીને રહેવું. આવ. નિ. (૭૨૧)માં કહ્યું છે કે, ૩ જા વ્રતના રક્ષણ માટે સ્થાનના માલિકે સ્થાનના જે જે ભાગનો ઉપયોગ કરવાની અનુમતિ સાધુને ન આપી હોય તે ભાગમાં (અવગ્રહમાં) સ્વલ્પકાળ માટે પણ ઊભા રહેવું, બેસવું વગેરે કલ્પે નહિ.'

અહીં ગૃહસ્થની ઉપસંપદા કહેવા સાથે ૧૦ મી ઉપસમ્પદા સામાચારીનું, અને તેની સાથે દશધા સામાચારીનું, વિવેચન પૂર્ણ થાય છે. આ દશધા સામાચારીના પાલનનું ફળ બતાવતાં આવ. નિર્યુક્તિ (૭૨૩)માં કહ્યું છે કે ચરણસિત્તરી અને કરણસિત્તરી (જેનું વર્ણન આગળ આવશે તે) માં ઉદ્યમી સાધુઓ આ સામાચારીનું પાલન કરવાથી અનેક ભવોનું બાંધેલું અનન્તુ કર્મ ખપાવી નાંખે છે.

પ્રવચનસારોદ્ધાર ગન્થમાં આ દશધા (ચક્રવાલ) સામાચારી આ પ્રમાણે કહી છે.

૧. સવાર સાંજનું વસ્ત્ર-પાત્રાદિ પ્રતિલેખન ૨. વસતિ પ્રમાર્જન ૩. ભિક્ષા માટે ફરવું ૪. આવીને ઇર્યાપથિકી પ્રતિક્રમણાદિ કરવું ૫. ભિક્ષા આલોચવી ૬. આહાર વાપરવો ૭. પાત્ર ધોવા ૮. વડીનીતિ

માટે બહાર ભૂમિએ જવું. ૯. સ્થણ્ડિલ પડિલેહવાં (માંડલા કરવાં) ૧૦. પ્રતિક્રમણ કરવું, કાલગ્રહણ કરવું ઇત્યાદિ નિત્ય કરવાની દશવિધ સમાચારી પંચવસ્તુ ગ્રન્થના બીજા દ્વારમાં કહી છે તે વર્ણન ત્યાંથી જોઇ લેવું.

**ત્રીજી,પદવિભાગ સામાચારી :** આ સમાચારીનું માત્ર સ્વરૂપ જ જોઇ લઇશું.

આ સમાચારી બૃહત્કલ્પ, વ્યવહાર વગેરે છેદસૂત્ર રૂપ છે. તેમાં ઉત્સર્ગ અને અપવાદરૂપ બે નો જે વિભાગ છે તેને પદવિભાગ કહેવાય છે. અર્થાત્ ઉત્સર્ગ અને અપવાદરૂપ બે પદોનો (માર્ગોનો) વિભાગ તે પદવિભાગ એવી વ્યુત્પત્તિ સમજવી. આ બે પદોનો વિવેક બૃહત્ કલ્પાદિ ગ્રન્થોમાં છે તે ત્યાંથી જાણી લેવો. અહીં ઉત્સર્ગ અપવાદનો સમ્યગ્ભેદ સમજાવનારી સમાચારી તે પદવિભાગ સમાચારી એટલું જ સમજવું.

આ ૩ પ્રકારની સમાચારીને આરાધતા આત્મામાં ઉપસ્થાપના એટલે કે છેદોપસ્થાપના (વડી-દીક્ષા) નામના બીજા નંબરના ચારિત્રની યોગ્યતા પ્રગટે છે. અર્થાત્ સમાચારીનું અખંડ આરાધન કરતો સાધુ વડી-દીક્ષા માટે યોગ્ય બને છે.

ઉપસ્થાપના એટલે જેના દ્વારા વ્રતોનું આરોપણ કરવામાં આવે. શસ્ત્રપરિજ્ઞા એ આચારાંગ સૂત્રનું પ્રથમ અધ્યયન છે. એ અધ્યયનાદિ (આદિ શબ્દથી દશવૈકાલિક વગેરે લેવા)ને જેણે અર્થથી જાણ્યા હોય, ત્યાગ-શ્રદ્ધા-સંવેગાદિ ગુણોથી જે યુક્ત હોય, ચારિત્રધર્મ જેને પ્રિય હોય અને હિંસાદિ પાપોનો જેને ભય પ્રગટ્યો હોય તે વ્યક્તિ ઉપસ્થાપના માટે યોગ્ય છે.

પ્ર. શસ્ત્રપરિજ્ઞાદિ અધ્યયનને અર્થથી જાણ્યા હોય તેમ શાથી કહ્યું? શું તે અધ્યયન સૂત્રથી ભણવાના નથી?

ઉ. સૂત્ર તો જેને જેટલું ઉચિત હોય તેટલું જ તેને ભણાવી શકાય છે. એટલે અર્થથી જ્ઞાન કહ્યું. તે શાસ્ત્રના અર્થ-જ્ઞાન વિના

તે આત્મા જયણા ધર્મમાં કુશળ બની શકતો નથી. શ્રી દશ વૈ. સૂત્રમાં (૪ થું અધ્ય.) કહ્યું છે કે પ્રથમ જ્ઞાન અને પછી દયા છે. અર્થાત્ પ્રધાન દયા હોવા છતાં તેને સારી રીતે પાળવા માટે પ્રથમ જ્ઞાન જરૂરી છે. અહીં દયા કરતાં જ્ઞાનને વધુ પ્રાધાન્ય આપવામાં આવ્યું નથી. કિન્તુ દયાધર્મની વાસ્તવિક આરાધના માટે જ્ઞાનની પ્રથમ જરૂરિયાત જણાવી છે. જેમ ભૂખ્યા માણસને ભોજન પ્રધાન છતાં પ્રથમ તો ચૂલો સળગાવવાનું જ જરૂરી બને છે, તેમ અહીં સમજવું.

અજ્ઞાની આત્મા દયા પાળી શકતો નથી માટે ષટ્કાયસ્વરૂપ, તેના પ્રકારો, હિંસાના નિમિત્તો, રક્ષાના ઉપાયો, અહિંસાનું ફળ વગેરેને જ્ઞાન પ્રથમતઃ જરૂરી છે. આ પછી જ દયા (સંયમ) ધર્મ પાળી શકાય છે.

જેનામાં ઉપરોક્ત જ્ઞાન નથી તથા ઉક્ત ત્યાગ-શ્રદ્ધાદિ ગુણો નથી તે ઉપસ્થાપનાને (વડી-દીક્ષાને) અયોગ્ય છે.

૧. ઉપસ્થાપના માટે કહેલા દીક્ષાપર્યાયને જે પામ્યો ન હોય ૨. જેને પૃથ્વીકાયાદિ ષટ્કાયજીવોનું, મહાવ્રતોનું તથા તેના અતિચારો વગેરેનું જ્ઞાન આપ્યું ન હોય, ૩. કે જ્ઞાન આપવા છતાં તે તે અર્થને ન સમજ્યો હોય અથવા ૪. સમજવા છતાં જેની પરીક્ષા ન કરી હોય તેવા શિષ્યની ઉપસ્થાપના પાપભીરૂ ગુરુ કરે નહિ. એવા અયોગ્ય સાધુની ઉપસ્થાપના કરનાર ગુરુ આજ્ઞાભંગ અનવસ્થા, વ્રતવિરાધના, મિથ્યાત્વવૃદ્ધિ આદિ દોષોનો ભાગી બને છે.

શિષ્યની ઉપસ્થાપનાની ૩ ભૂમિકા છે.

જઘન્ય-મધ્યમ અને ઉત્કૃષ્ટ

તેમાં જઘન્ય ભૂમિકા ૭ રાત્રિદિવસની, મધ્યમ ૪ માસની અને ઉત્કૃષ્ટ ૬ માસની.

પૂર્વે અન્યગચ્છાદિમાં (ક્ષેત્રમાં) દીક્ષિત થયેલા પુરાણને ષટ્કાયાદિનું જ્ઞાન હોઈ શકે છે એટલે ઇન્દ્રિયવિજય માટે જઘન્ય ભૂમિકા

અને બુદ્ધિહીન, અશ્રદ્ધાળુ શિષ્ય માટે ઉત્કૃષ્ટ ભૂમિકા સમજવી. મધ્યમા પણ બોધ વિનાના અશ્રદ્ધાળુ માટે જ સમજવી. વસ્તુતઃ જઘન્યથી વધુ અને ઉત્કૃષ્ટથી ઓછી એ સઘળી મધ્યમા ભૂમિકા કહેવાય. પરિણુત અને બુદ્ધિમાનને પણ ઇન્દ્રિયવિજય માટે મધ્યમા ભૂમિ જ સમજવી.

* ભૂમિકા પ્રાપ્ત–અપ્રાપ્ત પિતા–પુત્રાદિની ઉપસ્થાપનનો ક્રમ :–

કલ્પભાષ્યના આધારે અહીં પિતા–પુત્ર (ભૂમિકાને પ્રાપ્ત–અપ્રાપ્ત)ની ઉપસ્થાપના વખતે શું કરવું તે સમજીએ.

પિતા–પુત્ર બે ય દીક્ષિત હોય અને બે ય ઉપસ્થાપનાની ભૂમિકાને પ્રાપ્ત થયા હોય તો બન્નેની ઉપસ્થાપના સાથે કરવી. જો નાનો (પુત્રાદિ) સૂત્રાદિ ભણી શક્યો ન હોય (અપ્રાપ્ત) અને સ્થવિર (પિતાદિ) સૂત્રાદિ ભણીને તૈયાર થયા હોય (પ્રાપ્ત) તો સ્થવિરની પહેલી ઉપસ્થાપના કરવી પણ જો નાનો સૂત્રાદિ ભણીને તૈયાર થયો હોય અને સ્થવિર તૈયાર થયા ન હોય તો સ્થવિર તૈયાર થાય તો જ્યાં સુધી ઉપસ્થાપના કરવાનો શુદ્ધ દિવસ ન આવે ત્યાં સુધી પ્રયત્ન પૂર્વક તે સ્થવિરને ભણાવવો, એમ કરતાં સ્થવિર સૂત્રાદિને પ્રાપ્ત કરી લે તો બેયની ઉપસ્થાપના સાથે કરવી. પણ જો તેટલા કાળે પણ સ્થવિર સૂત્રાદિ પ્રાપ્ત ન થઈ જાય તો આ પ્રમાણે વિધિ કરવો.

સ્થવિર (પિતા)ને આચાર્ય ભગવંત દણ્ડિક મન્ત્ર આદિ દષ્ટાન્તથી સમજાવે તેને કહે, “ એક દણ્ડિક રાજા હતો. તે રાજા કોઇ કારણે પદભ્રષ્ટ થયો તેથી તે રાજા પોતાના પુત્ર સાથે અન્ય રાજાની સેવા કરવા લાગ્યો. એકદા માલિક રાજા તેના પુત્ર ઉપર પ્રસન્ન થયો અને સેવક રાજાને કહ્યું કે “ તમારા પુત્રને હું મારા રાજ્યનો અધિકારી બનાવવા માંગું છું.” તો શું તે રાજા પોતાના પુત્રને રાજપદ આપવામાં કદી આનાકાની કરે? ઊલટો ખૂબ આનંદિત થઇને સંમતિ જ આપે. એ જ રીતે હે સ્થવિર! તમારે પણ તમારા પુત્રને મહાવ્રતનું મહારાજ્ય મળે તેમાં તમારી સંમતિ ન હોય તેમ બને? તમે કેમ સંમતિ આપતા નથી?”

આ રીતે સમજાવવાથી જો સ્થવિરની અનુમતિ મળી જાય તો ઉપસ્થાપના આપવી. જો ન માને તો પાંચ દિવસ ઉપસ્થાપના અટકાવવી, પાંચ દિવસ બાદ પુનઃ સમજાવવો, છતાં અનુમતિ ન આપે તો વળી પાંચ દિવસનો વિલમ્બ કરવો. આમ ૩-૩ વાર ૫ દિવસનો વિલમ્બ કરતાં જો સ્થવિર સૂત્રાદિનું અધ્યયન કરી લે તો બંનેને સાથે ઉપસ્થાપના કરવી. અને જો અધ્યયન કરી ન શકે અને પુત્રને ઉપસ્થાપના કરવાની અનુમતિ પણ ન આપે તો પછી પુત્રની ઉપસ્થાપના કરવી. અથવા તો વ્યક્તિના સ્વભાવને જોઈને વર્તવું, અર્થાત્ તે માનદશાવાળો સ્થવિર એમ વિચારે કે હું પુત્રને પ્રણામ કેમ કરું? તો ત્રણ વાર ૫-૫ દિવસનો વિલમ્બ કર્યા પછી પણ પુત્ર (ક્ષુલ્લક)ને ઉપસ્થાપવો નહિ કેમ કે તેમ કરતાં સ્થવિર દીક્ષા છોડી દે, અથવા ગુરુ કે ક્ષુલ્લક પ્રત્યે દ્વેષી થાય માટે ત્યાં સુધી પુત્ર (ક્ષુલ્લક)ને રોકવો જ પડે. જ્યાં સુધી સ્થવિર ભણીને તૈયાર થાય. ટૂંકમાં, પ્રવચન-હીલના ન થાય તે રીતે વર્તન કરવું.

આ રીતે રાજા અને અમાત્ય સાથે દીક્ષિત થયા હોય તેઓને આશ્રીને પણ ઉપર પિતા-પુત્રને માટે જે કહ્યો તે સઘળો વિધિ સમજવો. સાધ્વીમાં પણ માતા-પુત્રી બે અથવા મહારાણી અને મન્ત્રીપત્ની બે, વગેરે સાથે દીક્ષિત થયાં હોય તેઓને અંગે પણ આ જ વિધિ સમજવો.

આ જ રીતે ઐશ્વર્યવાળા બે શેઠિયા, બે અમાત્યો, બે વ્યાપારીઓ, બે ગોષ્ઠીઓ કે બે મોટા કુળવંતો દીક્ષિત થયેલા હોય તે સાથે ઉપસ્થાપનાને યોગ્ય થાય તો તેમને સાથે ઉપસ્થાપવા પણ નાના-મોટા કરવા નહિ.

ષટ્કાય જીવોનું જ્ઞાન કરાવીને ઉપસ્થાપના આપવાનું જણાવ્યું છે, તેમાં ષટ્કાયનું જ્ઞાન-અનુમાનાદિ યુક્તિથી સિદ્ધ કરીને જ્ઞાન આપવું વગેરે બાબતો ગ્રન્થાન્તરથી જોઈ લેવી.

ષટ્કાયજીવોનું જ્ઞાન, વ્રત અને અતિચારનું જ્ઞાન કરાવ્યા પછી જ તે શિષ્યની ગીતાર્થ ગુરુએ પરીક્ષા કરવી. એ વખતે ગુરુ જાણીને

જીવાકુળ વગેરે ભૂમિમાં માત્ર વગેરે શિષ્યના દેખતાં પરઠવે, સચિત્ત જમીન ઉપર ચાલે, નદી વગેરેમાં સ્થણ્ડિલ પરઠવે, પંખો વાપરે, ગોચરી ફરતા પણ દોષિત આહારાદિ વહોરે, એમ કરવાથી જો શિષ્ય પણ તેવી સાવદ્ય પ્રવૃત્તિ કરે તો તેને ઉપસ્થાપના માટે અયોગ્ય જાણવો. અને તેવી પ્રવૃત્તિ ન કરે તો ઉપસ્થાપના માટે યોગ્ય જાણવો.

ઉપસ્થાપનાવિધિ ધર્મસંગ્રહાદિ ગ્રન્થથી જાણવી.

આ ઉપસ્થાપના મહાવ્રતોના આરોપણ રૂપ છે.

સર્વથા (ત્રિવિધ-ત્રિવિધ) હિંસા, મૃષા, અદત્ત, મૈથુન અને પરિગ્રહથી વિરમણરૂપ પાંચ મહાવ્રત, અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મહાવ્રત છે. અને છઠ્ઠું રાત્રિભોજન વિરમણ નામનું વ્રત છે.

સૂક્ષ્મબાદર ત્રસસ્થાવર સર્વ જીવોની હિંસાના ત્યાગરૂપ સર્વ દ્રવ્યોમાં મૃષાવાદના ત્યાગરૂપ સર્વદ્રવ્યોના પરિગ્રહના ત્યાગરૂપ ૧ લું, ૨જુ અને ૫ મું મહાવ્રત સર્વવિષયક છે. જ્યારે શેષ (૩જું, ૪ થું) મહાવ્રતો દ્રવ્યોના અમુક દેશના જ ત્યાગવાળા છે. ૩ જા મહાવ્રતમાં લઇ શકાય-રાખી શકાય તેવા દ્રવ્યોના અદત્તાદાનનો ત્યાગ છે અને ૪ થા મહાવ્રતમાં રૂપ અને રૂપવાળા પદાર્થ-એ બે ના વિષયના અબ્રહ્મનો ત્યાગ છે અને છઠ્ઠું તો મહાવ્રત નથી. રાત્રિ એ અભોજનરૂપ હોવાથી તેને રાત્રિભોજન વિરમણ વ્રત કહેવાય છે.

# મહાવ્રત સ્વરૂપ
## (વિસ્તારથી)
### [૧૬]

હવે વિસ્તારથી મહાવ્રત સ્વરૂપ જોઈએ.

**(પહેલું) સર્વથા હિંસાવિરમણ મહાવ્રત :** પ્રમાદના યોગે સર્વ કોઈ જીવના પ્રાણનો નાશ કરવાનો સર્વથા યાવજ્જીવ સુધી ત્યાગ કરવો તે પહેલા મહાવ્રતનું સ્વરૂપ છે.

૫ ઇન્દ્રિય, ૩ યોગ, શ્વાસોચ્છ્‌વાસ અને આયુષ્ય એ દશ પ્રાણો છે.

જીવનો નાશ કદી થતો નથી માટે આ વ્રતને જીવાતિપાત વિરમણ મહાવ્રત ન કહેતાં પ્રાણાતિપાત વિરમણ મહાવ્રત કહ્યું છે. જીવ બધા ય સરખા હોવા છતાં એકેન્દ્રિયાદિ જીવોને ૪-૫ વગેરે યાવત્ ૧૦ પ્રાણ દેવ-મનુષ્યાદિને હોય છે. જેટલા વધુ પ્રાણની હિંસા તેટલી મોટી ગણાય. આથી જ ઘણા એકેન્દ્રિય જીવનની હિંસા કરતાં એક. બેઇ.ની યાવત્ એક. પંચે.ની હિંસામાં વધુ કર્મબંધ કહ્યો છે.

આ વ્રતને સર્વપ્રથમ મહાવ્રત કહ્યું છે તેનું કારણ એ છે કે અન્ય સર્વ વ્રતોનો આધાર આ અહિંસા મહાવ્રત છે. આ મહાવ્રતની રક્ષા કરતી વાડ રૂપ બાકીનાં સઘળાં મહાવ્રતો અને વ્રતો કહ્યાં છે.

**(બીજું) સર્વથા મૃષાવાદવિરમણ મહાવ્રત :—**

સર્વ અસત્યથી, અપ્રિયથી અને અહિતકર વચનથી પણ સર્વથા નિવૃત્તિની પ્રતિજ્ઞા કરવી તે આ વ્રતનું સ્વરૂપ છે.

પૂર્વે શ્રાવકનાં અણુવ્રતોનું વર્ણન કરતાં જણાવ્યું છે તેમ ક્રોધ-લોભ-ભય કે હાસ્યથી બોલાતું સત્ય પણ અસત્ય સ્વરૂપ છે. અહીં સત્યવ્રતનો અધિકાર છે છતાં માત્ર અસત્યથી જ અટકવારૂપ આ વ્રત ન સમજતાં અપ્રિય અહિતકર એવા કહેવાતા સત્યથી પણ અટકવારૂપ આ વ્રત સમજવું. એનું કારણ એ છે કે વ્યવહારથી

સત્ય હોવા છતાં પરમાર્થથી તે અસત્ય જ છે. માટે જ કાણાને કાણો વગેરે નહિ કહેવાનું શાસ્ત્રમાં જણાવવામાં આવ્યું છે.

આ અંગે ૬ પ્રકારની હિલિતા વગેરે ભાષાઓનું તથા ૪ પ્રકારની સત્ય. અસત્યાદિ ભાષા (૧૦-૧૦ પ્રકારે) વગેરેનું વર્ણન અન્યાન્તરથી જાણવું.

### (ત્રીજું) સર્વથા સ્તેયવિરમણ મહાવ્રત :

સર્વ પ્રકારના અદત્તને જીવ પર્યન્ત સર્વ રીતે લેતા પ્રતિજ્ઞાપૂર્વક અટકવું તે આ મહાવ્રતનું સ્વરૂપ છે.

પૂર્વે સ્વામી અદત્તાદિ ૪ પ્રકરણના અદત્ત કહ્યા તે ચારેયનો ત્રિવિધ-ત્રિવિધ ત્યાગ કરવો. (યાવજ્જીવ) પ્રવ્રજ્યાની ઇચ્છા વિનાના પુત્રાદિને તેના માતાપિતાદિ સાધુને આપે તે પણ જીવઅદત્ત કહેવાય. અન્ય સઘળું શ્રાવકના ૩ જા અણુવ્રત પ્રમાણે સમજી લેવું.

### (ચોથું) સર્વથા મૈથુનવિરમણ મહાવ્રત :

સર્વથા મનુષ્ય અને તિર્યંચ સંબંધી-૩ પ્રકારના મૈથુનોથી ત્રિવિધ-ત્રિવિધ ભાંગે યાવજ્જીવની નિવૃત્તિની પ્રતિજ્ઞા એ આ મહાવ્રતનું સ્વરૂપ છે.

બ્રહ્મચર્યનો અર્થ નિશ્ચયથી બ્રહ્મ એટલે આત્મા, તેના સ્વરૂપમાં રમણતા (ચર્યા) કરવી તે છે અને વ્યવહારથી એ સાધના માટે મૈથુનનો ત્યાગ કરવા દ્વારા વીર્યનું રક્ષણ કરવું તેવો અર્થ થાય છે.

દિવ્ય અને ઔદારિક (ઔદા.માં મનુષ્ય તિર્યંચ બેય આવી ગયા.) એ બેય પ્રકારના કામ (મૈથુન)ને મન-વચન-કાયાથી (૨ × ૩ = ૬) કરવા, કરાવવા અને અનુમોદવા નહિ. (૬ × ૩ = ૧૮) આમ બ્રહ્મચર્યના ૧૮ પ્રકાર થયા.

### (પાંચમું) સર્વથા પરિગ્રહવિરમણ મહાવ્રત :

સર્વ પ્રકારના પરિગ્રહનો સર્વ પ્રકારે ત્યાગ યાવજ્જીવ માટે કરવાની તે પ્રતિજ્ઞા કરવી તે આ મહાવ્રતનું સ્વરૂપ છે.

આ મહાવ્રત પણ કહેવાય છે. જેની પાસે કાંઈ 'અકિંચન' મહાવ્રત પણ (કિંચન) દ્રવ્ય ન હોય તે અકિંચન કહેવાય. વસ્તુત: મૂર્છા એ જ પરિગ્રહ છે. કેમ કે ધન વિનાનાને ય મૂર્છાનો સંક્લેશ થાય છે અને સામગ્રીવાળા સ્થવિરકલ્પી મહામુનિ સર્વથા હીન હોય છે તો (સામગ્રી હોવા છતાં) ચિત્તમાં સંક્લેશ થતો નથી. માટે જ ધર્મોપકરણને રાખવા છતાં મુનિઓને પોતાના શરીરમાં અને ઉપકરણાદિમાં નિર્મમત્વ હોવાથી અપરિગ્રહ કહ્યા છે. એટલે કહેવાનો ભાવ એ છે કે પરિગ્રહને વસ્તુ સાથે એકાન્ત સંબંધ નથી. વસ્તુ પાસે હોય તો પણ મમત્વ ન પણ હોય એટલે પદાર્થ પાસે હોવામાત્રથી પરિગ્રહ કહેવો તે બિલકુલ વાજબી નથી. તેવું કહેનારા દિગંબરો શરીરરૂપી પરિગ્રહને કેમ રાખે છે? તેના હોવાથી તેની ઉપર પણ મૂર્છા ન થઈ જાય? અને જો શરીર ઉપર મૂર્છા ન થાય તો વસ્ત્રાદિ ઉપર પણ ન જ થાય કેમ કે શરીરની મૂર્છાથી જ આહાર–વસ્ત્રાદિ ઉપર મૂર્છા થાય છે. વળી જો તેઓ એમ કહે કે વસ્ત્રની જેમ શરીર ફેંકી દેવાય તેવી વસ્તુ નથી માટે તેનો ત્યાગ અશક્ય છે. તો ભલે. પરન્તુ તેઓ આહાર શા માટે કરે છે? આહાર તો વસ્ત્રની જેમ ત્યાગી શકાય તેવી વસ્તુ છે ને? વળી વસ્ત્ર ત્યાગથી તો લોકોમાં 'નાગા' તરીકેની નિન્દા થાય છે, જ્યારે આહાર, ત્યાગથી તો તપસ્વી તરીકે પૂજા થશે. અહીં જો એમ કહો કે કર્મ-ક્ષયની સાધના માટે શરીર જરૂરી છે અને એને ટકાવવા પૂરતી જ આહારની જરૂર રહે છે માટે મૂર્છા વિનાના પણ આહાર થઈ શકે છે તો ચિરંજીવો, અમે પણ કહીશું કે કર્મક્ષયના નિમિત્તે જ વસ્ત્રાદિ ઉપકરણ રાખવા પડે છે. અહીં પણ મૂર્છા વિના જ વસ્ત્રાદિ રાખી શકાય છે.

જો વસ્ત્રાદિ રાખવામાં ન આવે તો અહિંસાધર્મનું પાલન અને ધર્મધ્યાનાદિ અશક્ય બની જાય છે. રજોહરણ વિના જીવદયા શે' પળાય? પાત્ર વિના વસ્તુમાં આવી ગયેલ જીવો વગેરે શે' દૂર કરાય? ગ્લાનાદિને ઉપાશ્રયમાં ગોચરી શે' લાવી અપાય? વસ્ત્ર વિના લજ્જા શે ઢંકાય? અતિ ઠંડીમાં ધ્રૂજતા શરીરે ધર્મધ્યાન શી રીતે થાય?

પ્ર. જો વસ્ત્ર વિના મન પણ દુર્ધ્યાને ચડતું હોય અને તે દુર્ધ્યાન દૂર કરીને ધર્મધ્યાન માટે વસ્ત્રની જરૂર રહે તો તો અનાદિકાળના વાસના–વિકારોથી મન દુર્ધ્યાન કરે છે માટે દરેક સાધુને એકેકી રૂપવતી સ્ત્રી પણ રાખી લેવાનું જરૂરી બને; કેમકે તેના ભોગથી દુર્ધ્યાન જતું રહેશે એટલે ધર્મધ્યાન સુલભ થશે ?

ઉ. આ તો પથરા ફેંકવા જેવી વાતો છે. વસ્ત્રથી દુર્ધ્યાન ટળી જતાં મન પુનઃ પુનઃ વસ્ત્ર પહેરવાની ચિંતા કરતું નથી અને ધર્મધ્યાનમાં લાગી જાય છે જ્યારે સ્ત્રી–ભોગથી દુર્ધ્યાન વધતું જાય છે કેમ કે વાસનાઓ ભોગવાથી વધુ ભડકે બળે છે માટે સ્ત્રી રાખવાથી દુર્ધ્યાન ટળી જવાને બદલે ઘણું વધી જાય છે. એટલે તમે તે દોષ આપી શકો તેમ નથી.

મુક્તિનો એકાન્ત કામી આત્મા વસ્ત્રાદિ ઉપકરણો જેવી સાધારણ વસ્તુ ઉપર મૂર્ચ્છિત થઈ જાય તે સંભવિત નથી. ત્રિકાળજ્ઞાની ભગવંતે ધર્મની સિદ્ધિના સાધન તરીકે બતાવેલ એ ધર્મોપકરણોને સાધન રૂપે જ માની લઈને તેને સ્વીકારવાં જોઈએ અને મૂર્ચ્છા કરવી જોઈએ નહિ. યદ્યપિ મૂર્ચ્છાનું એ સાધન જરૂરી બની શકે છે તથાપિ તેટલા માત્રથી તેને ત્યાગી ન દેવાય.

કપડામાં જૂ પડે ત્યારે ડાહ્યો માણસ જૂને દૂર મૂકી દે છે, નહિ કે બજાર વચ્ચે બધાં કપડાં ઉતારીને નાગો થઈ જાય.

અને જો આવો જ સિદ્ધાન્ત અપનાવવામાં આવે તો તો કોઈથી કશુંય ખવાશે જ નહિ. કેમ કે ખાવાથી રોગ થવાનો ભય ઊભો રહે છે. અર્થાત્ રોગનું કારણ ભોજન બની શકે છે માટે ભોજનનો જ સર્વથા ત્યાગ કરી દેવો પડશે. વળી, સાધુથી પણ જ્ઞાનાર્જન કરાશે નહિ કેમ કે જ્ઞાનથી અભિમાન ઉત્પન્ન થઈ શકે છે માટે એ ભયથી ભણવાનું જ મૂકી દેવું પડશે. આવું તો કોઈ દુનિયામાં સાંભળ્યું નથી. માટે મૂર્ચ્છાના ભયથી વસ્ત્રને છોડી દેવાની વાતો તદ્દન વાહિયાત છે. વળી જે વસ્ત્રમાં મૂર્ચ્છિત થઈ જવાનો ભય રાખે છે તે વસ્ત્રથી

પણુ અધિક એવા શરીરમાં તો અવશ્યમેવ મૂર્છિત થઈ જ જવાનો. એટલે અત્યાજ્ય શરીર રાખીને તેને તો ભારે આફત જ ઊભી થવાની.

વળી આવું કહેનારાઓ પણુ માત્ર વસ્ત્રાદિ ઉપકરણોના ત્યાગની વાતો કરે છે અને જે વસ્તુનું શાસ્ત્રમાં ક્યાંય વિધાન નથી તેવા મોરપીચ્છ, કમણ્ડલું વગેરેનો પરિગ્રહ તેઓ બેશક કરે છે. શું આ બધાને પરિગ્રહ ન કહેવાય ? આના પરિગ્રહમાં મૂર્ચ્છા વિના રહી શકાતું હોય તો શાસ્ત્રોક્ત વસ્ત્રાદિના પરિગ્રહમાં મૂર્ચ્છા વિના કેમ ન રહી શકાય ? પણુ છતાં કદાગ્રહના પાપે એમને આ વાત સમજવા દીધી નથી ને તેઓ લોકોમાં નિન્દ્ય બન્યા છે, ખાવા-પીવાનું હાથમાં જ કરી લઈને આખા શરીરને એંઠવાડથી ગંદુ બનાવતા તેઓ, લોકોમાં ભારે હાંસીને પાત્ર બન્યાં છે, પરમાત્માના અતિશયી જીવનનું અનુકરણુ અતિશય વિનાના તુચ્છ છદ્મસ્થ જીવો કરે તેની અવદશા ન થાય તો બીજું શું થાય ? આ લોકોએ ચીંદરડી જેટલા વસ્ત્રનો ત્યાગ કરીને કેટલું ખોયું ? આખો સાધ્વી-સંઘ ખોઈને ચતુર્વિધ સંઘ ખોયો, ૪૫ ય આગમને ખોટા કહીને જિનાગમ ખોયું, સ્ત્રીલિંગ સિદ્ધ, ગૃહલિંગ સિદ્ધ અને અન્ય લિંગ સિદ્ધ ખોયા, કેવલી ભક્તિનો નિષેધ કરવો પડ્યો ઇત્યાદિ અનેક ઉત્સૂત્રોની પરંપરાં સર્જાઈ.

શ્વેત અંબર છોડ્યું છતાં ય અંબર (વસ્ત્ર)નો મોહ તો જુઓ કેવો ગાઢ છે કે દિશારૂપી અંબર તો સ્વીકાર્યું જ નામ જ દિગંબર રાખ્યું !

ત્રિકાળજ્ઞાનીના આગમ-વચનને તિરસ્કાર્યાં અને છદ્મસ્થ આત્માનાં વચનોને પ્રમાણભૂત માન્યાં.

તીર્થંકરને આહાર-નિહાર વિનાના અને તેમના માત-પિતાને આહાર કરવા છતાં નિહાર વિનાના માનવા પડ્યા છે એ બધી વિટંબણાના મૂળમાં તો ઉત્સૂત્ર પ્રરૂપણાઓ જ પડી છે ને ?

તેમનું કહેવું છે કે વસ્ત્ર વિના જ સાચા બ્રહ્મચર્યની સિદ્ધિ થાય છે. સારું, જો તેમ જ હોય તો તો જંગલમાં જઈને શા માટે

પડી રહેવું જોઈએ ? વેશ્યાને ત્યાં જ ધામા નાખે એટલે પછી ખબર પડી જાય કે બ્રહ્મચર્ય કેવું સિદ્ધ થાય છે ? કાથો ખાઈને લિંગ-વિકૃતિને ટાળનારા આ લોકો પોતાને બ્રહ્મચારી મનાવે છે !

શિયાળાના દિવસોમાં ભક્તોના પરિગ્રહવાળા આ લોકો તૃણ-છાણના ઢગલાને ચોમેર પથરાવી સળગાવે છે છતાં નથી તેઓ પોતાને પરિગ્રહી માનતા કે નથી અગ્નિકાયના વિરાધક માનતા....અસ્તુ.

આગળ ઉપર આ મત અંગે વિશેષ વિચાર કરવો છે એટલે અહીં આટલેથી જ અટકશું.

## પાંચ મહાવ્રતની ૨૫ ભાવનાઓ.

(યોગશાસ્ત્ર ૧ લા પ્રકાશના આધારે.)

[ ૧૭ ]

✻ પહેલા મહાવ્રતની પાંચ ભાવના :

(૧) મનોગુપ્તિ (૨) એષણા (૩) આદાનસમિત (૪) ઈર્યાસમિતિ તથા (૫) આહારપાણી-જોઈને લેવા. આ પાંચ ભાવનાથી બુદ્ધિમાન મુનિ અહિંસાનું પાલન કરે.

૧. મનોગુપ્તિનું સ્વરૂપ કરણસિત્તરિમાં આગળ કહેવાશે.

૨. એષણાસમિતિ એટલે ૪૨ દોષથી મુક્ત શુદ્ધ-ભિક્ષા-વસ્ત્ર પાત્રાદિને ગ્રહણ કરવા.

૩. પીઠફલક પુસ્તક વગેરે પૂંજી-પ્રમાર્જીને લેવા-મૂકવા તે આદાનસમિતિ.

૪. ગમના ગમન કરતાં જોઈને ચાલવું. ગમનાગમનમાં સંભવતિ જીવહિંસાદિ દોષો લાગવા ન દેવા.

૫. અન્ન-પાન વગેરે જોઈને લેવા-વાપરવા.

અહીં મનોગુપ્તિ ભાવના કહી છે તેનું કારણ એ છે કે હિંસામાં મનના વ્યાપારની મુખ્યતા છે. આ પાંચે ભાવના અહિંસા-મહાવ્રતને ઉપકારક બને છે માટે અહિંસા મહાવ્રતની ભાવના કહેવાય છે.

✻ બીજા મહાવ્રતની પાંચ ભાવના :

હાસ્ય-લોભ-ભય-ક્રોધ એ ચારના ત્યાગની ૪ ભાવના અને વિચારીને બોલવું તે આ વ્રતની પાંચમી ભાવના છે.

હાસી કરનારો, ધનની આકાંક્ષાવાળો, (લોભી), પ્રાણાદિના રક્ષણની ઇચ્છાથી ભયવાળો અને ક્રોધાવિષ્ટ મનવાળો ક્રોધી – આ ચારેયને નિશ્ચયથી જૂઠું બોલી દે છે માટે હાસ્યાદિ ચારેયને તજવા જોઈએ.

અને અસત્ય ન બોલાય તે રીતે મનથી સારી રીતે વિચારીને મોહના સંસ્કારને દૂર કરીને બોલવું જોઈએ.

વસ્તુતઃ અસત્ય બોલવામાં મોહમૂઢતા જ કારણ છે. માટે કહ્યું પણ છે કે રાગ-દ્વેષ કે મોહથી (અજ્ઞાન) જ બોલાય તે અસત્ય જ સમજવું. આ પાંચે ય ભાવનાનું સ્વરૂપ થયું.

* ત્રીજા મહાવ્રતની પાંચ ભાવના :

૧. મનથી વિચારીને અવગ્રહ યાચવો.
૨. માલિકે એકવાર આપવા છતાં અવગ્રહનો નિશ્ચય કરવો.
૩. અમુક પ્રમાણમાં અવગ્રહનો નિશ્ચય કરવો.
૪. સાધર્મિક પાસે અવગ્રહની યાચના કરવી.
૫. ગુર્વાજ્ઞા મળી હોય તે જ આહાર-પાણી વગેરે વાપરવા.

## ૧. મનથી વિચારીને અવગ્રહ યાચવાની પહેલી ભાવના :

અવગ્રહ એટલે રહેવા કે વાપરવા માટે અમુક ભૂમિ-મકાન સ્થળાદિ અવગ્રહ ૫ વ્યક્તિના હોય છે. ૧. ઇન્દ્રનો ૨. રાજાનો ૩. ગૃહપતિનો ૪. મકાનમાલિકનો ૫. સાધર્મિકનો (સાધુનો). એમાં પૂર્વ પૂર્વ પ્રકારને પછીનો પ્રકાર બાધિત કરે છે. અર્થાત્ ઉત્તર વ્યક્તિના અભાવે જ પૂર્વ પૂર્વ વ્યક્તિ પાસે અવગ્રહ યાચવાનો રહે છે. પરગામથી વિહાર કરીને આવતા સાધુ ઉપાશ્રયમાં રહેલા સાધુનો (પાંચમો નંબરનો) અવગ્રહ માગી લે. (ઉપાશ્રયમાં ઊતરવાની રજા માગી લે તો ઇન્દ્ર-રાજા-ગૃહપતિ-મકાનમાલિકનો અવગ્રહ માંગવાની જરૂર રહેતી નથી. આ રીતે ૪ થાનો અવગ્રહ મળતાં ૧ લા ત્રણના અવગ્રહની, ત્રીજાનો અવગ્રહ મળતાં ૧ લા બેના અવગ્રહની જરૂર રહે નહિ.

ઇન્દ્રનો અવગ્રહ : દક્ષિણ દિશાના અડધા લોકના સૌધર્મેન્દ્ર અધિપતિ છે અને ઉત્તર દિશાના લોકના ઇશાનેન્દ્ર અધિપતિ છે. આપણે જે ભરતક્ષેત્રમાં છીએ તે દક્ષિણમાં હોવાથી સૌધર્મેન્દ્રના અવગ્રહમાં ગણાઈએ.

**રાજાનો અવગ્રહ :** રાજા એટલે ચક્રવર્તી અને ભરતાદિના ૬ ખંડ.

**ગૃહપતિનો :** અમુક દેશનો અધિપતિ (રાજા) તે ગૃહપતિ. તેની સત્તામાં જેટલો દેશ હોય તેનો અવગ્રહ.

**શય્યાતર (મકાનમાલિક) :** મકાનમાલિકનું મકાન-ભૂમિ વગેરેનો અવગ્રહ.

**સાધર્મિક :** એટલે સાધુ. તેમને રહેવા માટે ગૃહસ્થે આપેલું જે ઘર તેનો અવગ્રહ.

આ રીતે અવગ્રહોના પ્રકાર સમજીને જેની પાસે જેનો અવગ્રહ માગવાનો હોય તેની પાસે તેનો અવગ્રહ માગીને રહેવું કે તે સ્થાનાદિ વાપરવું. માગ્યા વિના રહેવા વાપરવાથી પરસ્પરને વિરોધ થતાં એકાએક મકાનાદિમાંથી નીકળી જવાનો પ્રસંગ આ જ જન્મમાં આવે અને અદત્તનો પરિભોગ કરવાથી જન્માન્તરમાં પણ દુઃખ ભોગવવું પડે.

પ્રવચનસારોદ્ધારની ૬૮૩ મી ગાથાની ટીકામાં કહ્યું છે કે સાધુને માટે સાધર્મિક તરીકે આચાર્ય-ઉપાધ્યાયાદિ ગણાય. માટે આચાર્યાદિ જે નગરાદિમાં ચાતુર્માસ રહ્યા હોય તે નગરાદિની ચારે બાજુના ૫-૫ ગાઉની દિશામાં તેમને પ્રતિબદ્ધ હોવાથી તે બધો ય તેમનો અવગ્રહ ગણાય. એટલે ત્યાં ક્યાંય પણ રહેવા માટે તેમનો અવગ્રહ લેવો જ પડે. આ તો ક્ષેત્રને આશ્રયીને કહ્યું. કાળથી તો વર્ષાકાળ પૂર્ણ થયા પછી પણ તે ( આચાર્યાદિ ત્યાં જ રહ્યા હોય તો ) ઉપરાંત બે માસ સુધી તેમનો અવગ્રહ સમજવો.

**૨. માલિકે એકવાર આપવા છતાં અવગ્રહ યાચવો :**

પહેલાં અનુમતિ મળવા છતાં બીમારી વગેરે કારણે વાપરતાં આપનારના ચિત્તમાં ક્લેશ ન થાય તે હેતુથી માત્રું વગેરે પરઠવવાનાં, પાત્ર રંગવા-ધોવાનાં કે હાથ-પગ વગેરે ધોવાનાં સ્થાનોની વારંવાર યાચના કરવી.

### ૩. અમુક પ્રમાણમાં અવગ્રહનો નિશ્ચય કરવો :

આ આટલી ભૂમિ વગેરે અમારે જરૂરી છે, અધિક નહિ, એવો નિશ્ચય કરવો તે ૩ જી ભાવના સમજવી. સાધુ અમુક જ ભૂમિ માગીને રહે એટલે દાતારને અવગડ ન થાય. અર્થાત્ દાતાની પ્રસન્નતા જાળવી શકાય. જો યાચના વખતે જ આવો નિર્ણય ન કરે તો પાછળથી ભૂમિ આપનારના ચિત્તમાં વિપરીત પરિણામ (અપ્રીતિરૂપ) જાગી જાય જે સ્વ-પરને નુકસાન કરે.

### ૪. સાધર્મિક પાસે અવગ્રહની યાચના કરવી :

અહીં સાધર્મિક એટલે સમાન-તુલ્ય ધર્મને આચરે તે સાધર્મિક. સાધુને સાધર્મિક સાધુ ગણાય. તેઓ પહેલાં અમુક ક્ષેત્રમાં અવગ્રહ કરીને રહ્યા હોય તે ક્ષેત્રાદિ કાળની અપેક્ષાએ માસ કે ચાતુર્માસ સુધી અને ક્ષેત્રની અપેક્ષાએ પાંચ ગાઉ સુધી વગેરે તેનો અવગ્રહ ગણાય, માટે બીજાથી તેમની અનુજ્ઞાપૂર્વક જ ત્યાં રહેવાય. તેઓ જેટલી અનુજ્ઞા આપે તેટલું જ ક્ષેત્ર વગેરે સઘળું સ્વીકારવું. અન્યથા ચોરી ગણાય.

### ૫. ગુર્વાજ્ઞા મળી હોય તે વાપરવા :

સૂત્રોક્ત વિધિ મુજબ પ્રાસુક અને એષણીય (૪૨ દોષ રહિત) સાધુતામાં કલ્પે તેવા આહારાદિ લાવીને પણ ગુરુની સમક્ષ તેની આલોચના કરે, જે જ્યાંથી, જેવી રીતે અને જેવા ભાવથી લીધું કે સામાએ વહોરાવ્યું હોય તે તે સર્વ ગુરુને પ્રગટ જણાવે, પછી તેમાંથી જેટલું વાપરવાની અનુમતિ મળે તેટલું એકલો કે માંડલીમાં બેસીને તે વાપરે. અહીં ઉપલક્ષણથી જે કાંઈ ઔધિક કે ઔપગ્રહિક સર્વ ઉપકરણરૂપ ધર્મસાધન તે દરેક ગુરુએ અનુમતિ આપેલી હોય તેટલું જ વાપરવું જોઈએ. અન્યથા આ મહાવ્રતનું ખંડન થાય છે.

### * ચોથા મહાવ્રતની પાંચ ભાવના :

૧. બ્રહ્મચર્યના ભંગ-ભયથી સ્ત્રી-પશુ આદિવાળું કે ભીંતના આંતરાવાળું સ્થાન તજવું.

૨. સરાગપણે સ્ત્રી-કથા કરવી નહિ.

૩. પૂર્વક્રીડાનું સ્મરણ કરવું નહિ.

૪. સ્ત્રીનાં અંગોપાંગાદિને રાગાદિથી જોવાં નહિ.

૫. સ્નિગ્ધ આહાર, અતિ આહાર વર્જવો.

૧. સ્ત્રી, નપુંસક અને ભેંસ, ઘોડી વગેરે પશુઓ જ્યાં હોય તેવા સ્થાનમાં વસવું નહિ. તેમનાં આસનોનો ત્યાગ કરવો. તથા ભીંતના આંતરાવાળાં, જ્યાં ગૃહસ્થાશ્રમી વસતા હોય તેવા સ્થાને પણ રહેવું નહિ.

૨. અમુક દેશની સ્ત્રી આવી હોય, તેના પહેરવેશની કે ભાષાની, ગતિની, લટકાની વગેરે વાતો કરવી કે જેનાથી ચિત્તમાં વિકારો પેદા થાય.

૩. સાધુએ પૂર્વે ગૃહસ્થપર્યાયમાં સ્ત્રીની સાથે મૈથુન સેવ્યું હોય તેનું સ્મરણ કરવું નહિ તેમ કરવાથી વિકારો વધુ જાગે છે.

૪. સ્ત્રીનાં અંગોપાંગને આશ્ચર્યવશ થઈ ફાટી આંખે જોવાં નહિ. રાગાદિ વિના માત્ર દૃષ્ટિથી સહસા જોવાઈ જાય તે દુષ્ટ નથી.

૫. સ્નિગ્ધ આહાર તેમ જ લુખો પણ આહાર ગળા સુધી નહિ ખાવો. આમ કરવામાં વીર્યનું અતિ પોષણ થાય છે તેથી પ્રગટતા વિકારોથી પીડાતો મૈથુન સેવવા સુધીનું અધમ પાપ કરી બેસે છે. રૂક્ષ આહારની અતિશયતા પણ શરીરમાં રોગાદિ ઉત્પન્ન કરે છે.

* **પાંચમા મહાવ્રતની પાંચ ભાવના :**

સ્પર્શાદિ ૫ વિષયની ભાવનાઓ કહી છે.

ભોગવવાથી રાગ ઊપજે તેવા મનોહર સ્પર્શ-ગન્ધ-રૂપ અને શબ્દ એ પાંચ ઇન્દ્રિયોના વિષયમાં અતિ આસક્તિ કરવી નહિ. તથા એ પાંચ ઇન્દ્રિયોના વિષય-અનિષ્ટ મળે ત્યારે દ્વેષ પણ કરવો નહિ.

અહીં પાંચ મહાવ્રતની ૨૫ ભાવનાનું વિવેચન પૂર્ણ થાય છે.

૬ ઠ્ઠા વ્રતનું લક્ષણ આ પ્રમાણે કહ્યું છે. ચારે પ્રકારના આહારનો સર્વથા ત્યાગ કરવો એ ૬ ઠું વ્રત છે. આ છ વ્રતોને સાધુતાના મૂલગુણો કહ્યા છે.

પ્ર. સર્વ ઉત્તરગુણમાં રાત્રિભોજનવિરમણની પ્રધાનતા હોવાથી જો તેને ૬ ઠ્ઠા વ્રત તરીકે ગણ્યું હોય તો પ્રશ્ન એ થાય છે કે તેને મહાવ્રત તરીકે જ કેમ ન ગણ્યું ? અર્થાત્ વ્રત તરીકે કેમ કહેવામાં આવે છે?

ઉ. અર્વાચીન આચાર્ય આના અંગે એવું સમાધાન આપે છે કે મહાવ્રતના પેટાવ્રત તરીકેનું એ મહાવ્રત રૂપ બની શકે નહિ. સર્વથા અહિંસાવિરમણ મહાવ્રતના પેટારૂપ પ્રસ્તુત રાત્રિભોજન વિરમણ છે માટે તેને મહાવ્રત ન કહેતાં વ્રત જ કહેવું વાજબી છે. અસ્તુ..

ઉપર જણાવ્યું કે ઉક્ત છયે વ્રત શેષગુણોના આધારભૂત હોવાથી મૂળગુણ કહેવાય છે. અહીં ઉપલક્ષણથી સમ્પૂર્ણ ચરણસિત્તરીને પણ મૂલગુણરૂપ કહેવામાં આવી છે.

અહીં પ્રસંગતઃ ચરણસિત્તરી અને કરણસિત્તરીનું સ્વરૂપ પણ આપણે સમજી લઈએ.

(૧) ૫ વ્રત
(૨) ૧૦ પ્રકારનો સાધુધર્મ
(૩) ૧૭ પ્રકારે સંયમ
(૪) ૧૦ પ્રકારે વૈયાવચ્ચ
(૫) ૯ પ્રકારે બ્રહ્મચર્યની ગુપ્તિ (વાડ)
(૬) ૩ પ્રકારે જ્ઞાનાદિ ગુણો
(૭) ૧૨ પ્રકારે તપ
(૮) ૪ પ્રકારે ક્રોધાદિ કષાય નિગ્રહ

૭૦

આ ૭૦ (સિત્તરી) પ્રકારે ચારિત્રના મૂળગુણો છે. માટે આને ચરણ (ચારિત્ર) સિત્તરી (૭૦ પ્રકારે) કહેવામાં આવે છે.

(૧) **૫ વ્રત** : સર્વથા પ્રાણાતિપાત વિરમણ આદિ. આનું સ્વરૂપ પૂર્વે જણાવાઈ ગયું છે.

(૨) **૧૦ પ્રકારનો યતિધર્મ** ૧. ક્ષમા ૨. માર્દવ ૩. આર્જવ ૪. મુક્તિ (નિર્લોભતા) ૫. તપ ૬. સંયમ ૭. સત્ય ૮. શૌચ ૯. આકિંચન્ય ૧૦. બ્રહ્મચર્ય.

૧. **ક્ષમા** : સશક્ત કે અશક્ત પણ જીવનો સહન કરવાનો અધ્યવસાય (આત્મપરિણામ). અર્થાત્ સર્વ રીતે ક્રોધનો વિવેક કરવો, (તેના ઉદયને) નિષ્ફળ બનાવવો તેને ક્ષમા કહેવાય છે.

૨. **માર્દવ** : અસ્તબ્ધતા. અર્થાત્ અક્કડાઈને, અભાવ, અસ્તબ્ધતાના પરિણામને એટલે ભાવને અને તેનાથી થતી ક્રિયાને પણ માર્દવ કહે છે. અર્થાત્ જીવની નમ્રતા અને નિરભિમાનતા.

૩. **આર્જવ :** 'ઋજુ' એટલે વક્રતારહિત સરળ પરિણામી જીવ. તેના ભાવને અથવા કર્મને આર્જવ કહ્યું છે. ટૂંકમાં જીવનો સરળ આત્મપરિણામ તે આર્જવ કહેવાય.

૪. **મુક્તિ :** છૂટવું કે છોડવું તે મુક્તિ. અર્થાત્ બાહ્ય અનિત્ય પદાર્થોની અને અભ્યન્તર ક્રોધાદિ ભાવોની તૃષ્ણાનો છેદ કરવા રૂપ લોભ-ત્યાગ તે મુક્તિ કહેવાય.

૫. **તપ :** જેનાથી શરીરની ધાતુઓ અથવા જ્ઞાનાવ. આદિ કર્મો તપે તે તપ કહેવાય. જે અનશનાદિ ૬ બાહ્ય અને પ્રાયશ્ચિત્તાદિ ૬ અભ્યન્તર એમ ૧૨ રૂપે કહ્યો છે.

૬. **સંયમ :** આશ્રવની વિરતિ–નવો કર્મબન્ધ અટકાવવો તે.

૭. **સત્ય :** મૃષાવાદના ત્યાગથી ઉત્પન્ન થતો મનાદિનો શુભ યોગ.

૮. **શૌચ :** દ્રવ્યથી સ્થંડિલાદિ જતાં કરવું પડે તે અને ભાવથી સંયમમાં નિર્મળતા (નિરતિચારપણું).

૯. **આકિંચન્ય :** શરીર અને ધર્મોપકરણમાં પણ મમત્વનો અભાવ.

૧૦. **બ્રહ્મચર્ય :** નવ પ્રકારની બ્રહ્મચર્ય–વાડના પાલનપૂર્વકનો સ્પર્શનેન્દ્રિય સંયમ.

આ ૧૦ પ્રકારનો યતિધર્મ કહેવાય છે.

**૧૭. પ્રકારે સંયમ :** મનાદિ ૩ યોગ દ્વારા (સં) આત્મરક્ષાનો યત્ન (યમ) કરવો તે સંયમ.

૫ આશ્રવનિરોધ
૫ ઇન્દ્રિયનિગ્રહ
૪ કષાય-જય
૩ દંડ-વિરતિ
૧૭

**૫ આશ્રવનિરોધ :** પ્રાણાતિપાતાદિ પાંચ આશ્રવો છે. તે પાંચેય કર્મના આશ્રવ-કર્મ આવવાનાં કારણો છે. તેનાથી અટકવું તે પાંચ આશ્રવવિરતિ કહેવાય.

**૫ ઇન્દ્રિનિગ્રહ :** તે તે ઇન્દ્રિયના વિષયની રસ-લંપટતા ત્યાગીને ચારિત્રજીવનના નિર્વાહ પૂરતો જ નીરસ ભાવે ખાવા-પીવા વગેરે રૂપ ભોગ કરવો તે ઇન્દ્રિયનિગ્રહ કહેવાય.

**૪ કષાયજય :** ઉદયમાં આવેલા ક્રોધાદિ ૪ ય કષાયને નિષ્ફળ કરવા અને સત્તામાં પડેલા હોય તેનો ઉદય ન થવા દેવારૂપ પરાભવ કરવો.

**૩ દંડ-વિરતી :** આત્માને કર્મથી બાંધે તેવી મન-દંડ, વચન-દંડ અને કાયા-દંડથી પ્રવૃત્તિને અટકાવવી તે દંડત્રયવિરતિ કહેવાય.

આ વ્યાખ્યા અંગે મતાંતરો પણ છે, તે ધર્મસંગ્રહ ગ્રંથથી જોઈ લેવા.

(૪) **વૈયાવચ્ચ :** ૧. આચાર્ય ૨. ઉપાધ્યાય ૩. તપસ્વી ૪. નવદીક્ષિત (શૈક્ષક) ૫. ગ્લાન ૬ સ્થવિરાદિ અન્ય સાધુ ૭. સમનોજ્ઞ (એક જ સમાચારીવાળા અન્યગચ્છીય) સાધુ, ૮. સંઘ ૯. કુલ ૧૦. ગણ.

આ દશ વૈયાવચ્ચ કરવાના યોગે વૈયાવચ્ચના પણ ૧૦ પ્રકાર થાય છે.

વૈયાવૃત્ય : ધર્મવ્યાપાર કરનાર વ્યાપૃત કહેવાય.

વ્યાપૃતપણું (વ્યાપૃતત્વ) તે વૈયાવૃત્ય કહેવાય.

આચાર્ય : જેની સહાયથી સાધુ જ્ઞાનાચારાદિ પાંચ પ્રકારના આચારોનું આચરણ કરે અથવા સાધુ જેની સેવા કરે તે આચાર્ય કહેવાય.

આચાર્યના પાંચ પ્રકાર કહ્યા છે :

૧. પ્રવ્રાજકાચાર્ય : દીક્ષા આપનાર.

૨. દિગાચાર્ય : સચિત્ત, અચિત્ત કે મિશ્રવસ્તુને સંયમાર્થે લેવાની અનુમતિ આપનાર.

૩. ઉદ્દેશાચાર્ય : જે પ્રથમથી જ શ્રુતનો ઉદ્દેશ કરે.

૪. સમુદ્દેશાનુજ્ઞાચાર્ય : ઉદ્દેશાચાર્યના અભાવે તે જ શ્રુતનો અર્થ ભણાવે અથવા સૂત્રને સ્થિર કરવાનો (સમુદ્દેશ) કરે અને બીજાને ભણાવવાની અનુજ્ઞા આપે તે.

૫. આમ્નાયાર્થવાચક : ઉત્સર્ગ–અપવાદરૂપ અર્થને (આગમ-રહસ્યને) સમજાવનારા ઉપકારી ગુરુયોગ્ય સાધુને સ્થાપનાચાર્ય અને આસનની અનુજ્ઞા આપે તે.

૨. ઉપાધ્યાય : આચાર્યની આજ્ઞાથી જેની પાસે જઈને સાધુઓ જ્ઞાન ભણે તે.

૩. તપસ્વી : અઠ્ઠમ અને તેની ઉપરનો તપ કરનાર મુનિ.

૪. શૈક્ષક : નવદીક્ષિત તાજો સાધુ. સાધુતાની શિક્ષા મેળવે તે શૈક્ષક કહેવાય.

૫. ગ્લાન : જ્વરાદિ રોગવાળો સાધુ.

૬. સ્થવિર : શ્રુતસ્થવિર – ૪ થા સમવાયાંગ સુધી ભણેલા.
પર્યાયસ્થવિર – ૨૦ કે તેથી વધુ વર્ષના પર્યાયવાળા.
વયસ્થવિર – ૭૦ કે તેથી વધુ વર્ષની ઉંમરવાળા.

૭. સમનોજ્ઞ : એક જ સમાચારીનું સમ્યગ્ આચરણ કરનારા અન્ય ગણના સાધુ.

૮. સંઘ : સાધુ સાધ્વી, શ્રાવક, શ્રાવિકા– એ ચારનો સમુદાય.

૯. કુળ : એક જ સમાચારીવાળા ઘણા ગચ્છોનો સમૂહ દા. ત., ચાન્દ્રકુળ.

૧૦ ગણ : એક આચાર્યનો નિશ્રાવર્તી સાધુસમુદાય અર્થાત્ અનેક કુળનો સમુદાય દા. ત., કૌટિક ગણ.

આ દશેયની અન્ન-પાણી-ઔષધ-વસતિ આદિ આપવા દ્વારા સેવા કરવી તે ૧૦ પ્રકારની વૈયાવૃત્ય કહેવાય.

(૫) ૯ પ્રકારે બ્રહ્મચર્ય ગુપ્તિ : ગુપ્તિ એટલે રક્ષાના ઉપાય. તે ૯ છે.

૧. વસહિ : સ્ત્રી પશુ પંડક (નપું) વિના સ્થાને (વસતિમાં) રહેવું.

૨. કથાત્યાગ : કેવળ સ્ત્રીઓને, એકલા સાધુએ ધર્મકથાદિ ન કરવા. તેમનાં રૂપાદિની વાતો ન કરવી.

૩. નિષદ્યા : સ્ત્રી સાથે એક આસને ન બેસવું તથા બેઠેલા આસને બે ઘડી પણ ન બેસવું. સ્ત્રીએ પુરુષના વાપરેલા આસને ૩ પ્રહર સુધી ન બેસવું.

૪. ઇન્દ્રિય : સ્ત્રીની ચક્ષુરાદિ ઇન્દ્રિયો તથા ઉપલક્ષણથી અંગો-પાંગ વગેરેને ન જોવાં.

૫. કુડયન્તર : કુડી એટલે ભીત. સ્ત્રીપુરુષની વિકારી વાત સાંભળી શકાય તેવા ઓરડામાં ભીંતના આંતરે નહિ બેસવું.

૬. પૂર્વક્રીડિત : પૂર્વકૃતભોગોને યાદ ન કરવા.

૭. પ્રણીતભોજન : માદક આહાર ન કરવો.

૮. અતિભોજન : લૂખુ પણ અતિ ન ખાવું.

૯. વિભૂષા : સ્નાન-વિલેપન-કેશ-નખ સમારવા વગેરે વિભૂષા કહેવાય. તે બધું શરીરશોભા માટે ન કરવું કેમ કે તેનાથી પર વિકાર જાગવા સંભવ રહે છે એથી સ્વ-પર ઉભયને નુકસાન થાય છે.

(૬) ૩ પ્રકારે જ્ઞાનાદિ ગુણો : દ્વાદશ અંગ-ઉપાગ વગેરે જિનોક્ત શ્રુત તે જ જ્ઞાન તત્ત્વરૂપ વસ્તુમાં શ્રદ્ધા તે જ દર્શન. અને સાવદ્યવ્યાપારથી નિવૃત્તિ તે જ ચારિત્ર.

(૭) ૧૨ પ્રકારે તપ : (આગળ કહેવાશે)

(૮) ૪ પ્રકારે ક્રોધાદિ નિગ્રહ : ક્રોધ, માન, માયા લોભ એ ચારે ય ઉદયભાવને નિષ્ફળ કરવો.

આ બધા ભેદો ચરણ એટલે ચારિત્રરૂપ હોવાથી અને સંખ્યામાં ૭૦ હોવાથી ચરણસિત્તરીના નામે શાસ્ત્રોમાં ઓળખાય છે.

**પ્ર.** પાંચ વ્રતમાં કહેલા બ્રહ્મચર્યવ્રતમાં બ્રહ્મચર્યની ૯ ગુપ્તિ અન્તર્ગત છે છતાં તેને જુદી કહી ?

**ઉ.** આ વ્રતના પાલનમાં અપવાદ નથી એ વાત સૂચવવા માટે એમ કર્યું છે. રાગ-દ્વેષના મનઃપરિણામ બગડ્યા વિના કાયાથી અબ્રહ્મ સેવાતું નથી. જ્યાં કાયાથી દોષ સેવવા છતાં મન નિર્મળ રહી શકતું હોય ત્યાં જ અપવાદમાર્ગ હોઈ શકે છે. અહીં તો પ્રવૃત્તિ અને પરિણતિ બે ય દૂષિત થાય છે માટે અપવાદ સંભવતો નથી. આ ઉપરથી ખ્યાલ આવશે કે આધાકર્માદિનું સેવન પણ અપવાદમાર્ગ રૂપ ત્યારે જ બને, જ્યારે તેમાં મનના રાગાદિ ભાવોનો પ્રાદુર્ભાવ ન થઈ જાય.

**પ્ર.** પાંચ વ્રતમાં ચારિત્ર આવી જવા છતાં તેને જ્ઞાનાદિ ત્રણમાં જુદું કેમ કહ્યું ?

**ઉ.** પાંચ વ્રતમાં સામાયિક ચારિત્ર સમજવું. બાકીના છેદોપસ્થાપનીયાદિ જ્ઞાનાદિ ત્રણમાં કહેલા ચારિત્ર પદથી લેવા. કેમ કે પાંચ વ્રતમાં વ્રત શબ્દથી પાંચ ચારિત્રના સામાયિક અંશનું જ ગ્રહણ થાય છે. એટલે બાકી રહેલા ૪ ચારિત્રોનું નિરૂપણ કરવા જ્ઞાનાદિત્રયમાં ચારિત્ર લીધું.

**પ્ર.** ૧૨ પ્રકારના તપમાં વૈયાવચ્ચ નામનો તપ આવી જવા છતાં વૈયાવચ્ચને જુદી કેમ કહી ?

**ઉ.** તેમ કરવાથી સાબિત થાય કે વૈયાવચ્ચ સ્વ-પર ઉપકારક હોવાથી તપના અન્ય પ્રકારો કરતાં વિશેષતાવાળી છે.

**પ્ર.** શ્રમણધર્મમાં ક્રોધનિગ્રહ આવી જાય છે છતાં તેને ભિન્ન કેમ કેમ કહ્યો ?

**ઉ.** ઉદયમાં આવેલા ક્રોધાદિનો નિગ્રહ કરવા જુદો કહ્યો. ઉદીરિત ક્રોધાદિના અનુદયરૂપ ક્ષમાદિ શ્રમણધર્મ છે. અથવા ક્ષમાદિ ૧૦ ઉપાદેય અને ક્રોધાદિ ૪ હેય છે માટે બેને જુદા કહ્યા.

આ ચરણસિત્તરીમાં ૭૦ મૂલગુણ કહ્યા. હવે કરણસિત્તરીમાં કહેલા ૭૦ ઉત્તરગુણો જોઈએ. આ ૭૦ ઉત્તરગુણોનું નિરતિચાર પાલન કરવું એ સાપેક્ષ યતિધર્મ છે.

| | | |
|---|---|---|
| કરણસિત્તરી :— | ૪ | પિણ્ડવિશુદ્ધ |
| | ૫ | સમિતિ |
| | ૧૨ | ભાવના |
| | ૧૨ | પ્રતિમા |
| | ૫ | ઇન્દ્રિયનિરોધ |
| | ૨૫ | પ્રતિલેખન |
| | ૩ | ગુપ્તિ |
| | ૪ | અભિગ્રહ |
| | ૭૦ | |

(૧) ૪ પિણ્ડવિશુદ્ધિ-પિણ્ડ એટલે ૧. આહાર, ૨. વસતિ, ૩. વસ્ત્ર, ૪. પાત્ર-આધાકર્માદિ ૪૨ દોષથી શુદ્ધ. આ ચારેયની વિશુદ્ધ તે પિણ્ડવિશુદ્ધિ.

(૨) ૫ સમિતિ-પાંચ પ્રકારની સમ્યક્ ચેષ્ટાને પાંચ સમિતિ કહેવાય છે.

૧. ઇર્યાસમિતિ : પગથી ૪ હાથ પ્રમાણની ભૂમિને જોતા ચાલવા રૂપ.

૨. ભાષાસમિતિ : વાક્યશુદ્ધિ અધ્યયનમાં વર્ણવેલી પાપભાષાના ત્યાગપૂર્વકની સર્વજીવહિતકારી, અસંદિગ્ધ વાણી બોલવા રૂપ.

૩. એષણાસમિતિ : ગવેષણા, ગ્રહણૈષણા અને ગ્રાસૈષણાના (૪૭) દોષોથી નિર્દુષ્ટ એવા અન્ન-પાણી વગેરે તથા નિર્દોષ રજોહરણ, મુહપત્તિ વગેરે ઔધિક ઉપધિ અને શય્યા, પાટ, પાટલા વગેરે ઔપગ્રહિક ઉપધિ એ સર્વને નિર્દોષ લેવા રૂપ.

૪. આદાન-નિક્ષેપસમિતિ : આસનાદિ સઘળાં ઉપકરણોને નેત્રોથી જોઈ ને, ઉપયોગપૂર્વક પ્રમાર્જીને લેવા-મૂકવા રૂપ.

૫. પરિષ્ઠાપનાસમિતિ : સ્થણ્ડિલાદિને નિર્જીવ અને શુદ્ધ ભૂમિમાં ઉપયોગપૂર્વક ત્યજવારૂપ.

આ પાંચ સમિતિ અને આગળ કહેવાતી ૩ ગુપ્તિ એ ૮ને ચારિત્રરૂપ શરીરને માતાની જેમ જન્મ આપનારી, પાલન કરનારી, શુદ્ધ કરનારી, સાધુતાની માતાસમી પ્રવચનમાતા કહી છે.

(૩) ૧૨ ભાવના :

**૧. અનિત્ય ભાવના :** સઘળું નાશવંત છે. (જુઓ યોગશાસ્ત્ર ૪ થો પ્રકાશ શ્લોક ૫૭ થી ૬૦ ટીકાસહ.)

**૨. અશરણભાવના :** કોઈ કોઈનું શરણું બની શકે તેમ નથી.

**૩. સંસારભાવના :** નવનવા વેષ ધારણ કરતા જીવ-નટ ૮૪ લાખ યોનિમાં મહાદુઃખિત થઈને ભટક્યા કરે છે.

**૪. એકત્વભાવના :** કોઈ કોઈનું નથી.

**૫. અન્યત્વભાવના :** જીવ શરીરથી, ધન, સ્વજનાદિથી ભિન્ન છે.

**૬. અશુચિત્વભાવના :** આ શરીર ગંદકી ભરેલું છે.

**૭. આશ્રવભાવના :** મૈત્ર્યાદિ વાસિત ચિત્તાદિ શુભ કર્મનો આશ્રવ કરે છે. ક્રોધાદિ વાસિત ચિત્તાદિ શુભ કર્મનો આશ્રવ કરે છે.

**૮. સંવરભાવના :** સર્વ આશ્રવનિરોધ તે સંવર.

દ્રવ્યથી-કર્મગ્રહણ અટકાવવું.

ભાવથી-કર્મગ્રહણમાં હેતુભૂત ક્રોધાદિ સાંસારિક ક્રિયાને ક્ષમાદિથી અટકાવવી.

**૯. નિર્જરાભાવના :** કર્મનું આત્મા ઉપરથી અંશતઃ ખરવું તે દેશનિર્જરા. સર્વતઃ ખરવું તે સર્વનિર્જરા.

સકામનિર્જરા : મુનિઓને (અમારા કર્મનો ક્ષય થાઓ એવી કામનાપૂર્વકના તપાદિથી થતી નિર્જરા.)

અકામનિર્જરા–શેષ જીવોને (અમારા કર્મનો ક્ષય થાઓ એવી કામના વિના કષ્ટથી થતી નિર્જરા.)

આ અંગે મતાંતર છે તે ગુરુગમથી જાણી લેવો.

**૧૦. લોકસ્વભાવ ભાવના :** બે પગ પહોળા કરીને, કેડે બે હાથ મૂકીને ઊભા રહેલા પુરુષના જેવા આકારના લોકનું સ્વરૂપ વિચારવું. તેમાં રહેલા ષટ્ દ્રવ્યની વિચારણા કરવી. ઊર્ધ્વ–અધો–તિર્યંચ લોકનો ભેદ પાડીને તેમાં વસતી જીવ–સૃષ્ટિ વગેરેનો વિચાર કરવો.

**૧૧. બોધિદુર્લભ ભાવના :** એકેન્દ્રિય–બેઈ તેઈ આદિપણું પ્રાપ્ત કરતાં કરતાં પંચત્વ મળ્યું, મનુષ્યજન્મ મળ્યો, આર્યદેશાદિ મળ્યા, ધર્મશ્રવણ મળ્યું તો ય બોધિ (સમ્યક્ત્વ) રત્નજીવને દુર્લભ બને છે.

**૧૨. ધર્મકથની સુન્દરતા :** જિનોક્ત ધર્મનો આશ્રય લેનાર ભવસમુદ્રમાં કદી ડૂબતો નથી. આ ધર્મ એટલા માટે સુન્દર છે કે તે સંયમાદિ સુંદર ૧૦ પ્રકારનો છે. આ ધર્મશાસ્ત્ર કષ–છેદ–તાપ પરીક્ષાથી શુદ્ધ છે માટે સુન્દર છે. આવી સુંદરતા બીજા કોઈ ધર્મમાં નથી.

**(૪) ૧૨ પ્રતિમા :** ભિન્ન ભિન્ન પ્રકારના અભિગ્રહ રૂપ પ્રતિજ્ઞા તે જ પ્રતિમા.

| | |
|---|---|
| ૧. એક મહિનાની | ૭. સાત મહિનાની |
| ૨. બે ,, | ૮. ૧ લા ૭ અહોરાત્રની |
| ૩. ત્રણ ,, | ૯. ૨ જા ,, |
| ૪. ચાર ,, | ૧૦. ૩ જા ,, |
| ૫. પાંચ ,, | ૧૧. ૧ અહોરાત્રની |
| ૬. છ ,, | ૧૨. ૧ રાત્રિની |

પ્રતિમાને અંગીકાર કરવાની ઇચ્છાવાળો મુનિ પ્રથમ જિનકલ્પિક સાધુની જેમ ગચ્છમાં રહીને જ પ્રતિમાપાલનના સામર્થ્ય માટે પાંચ પ્રકારની તુલના કરે. તે રીતે પ્રતિમાવહન કરવાની યોગ્યતા પ્રગટાવીને પ્રતિમાઓને ક્રમશઃ અંગીકાર કરે.

૧ લા ૩ સંઘયણવાળો, ચિત્તસ્વસ્થતાવાળો અને મહાસાત્ત્વિક સદ્ભાવવાળો એવો મુનિ શાસ્ત્રવિધિ મુજબ ગુર્વાજ્ઞા મેળવીને આ પ્રતિમાને અંગીકાર કરે.

તે ગચ્છમાં રહીને જ પ્રતિમાઓના અભ્યાસ માટે આહાર-ઉપધિ-વગેરેના પરિકર્મમાં પારંગામી થએલો હોય.

પરિકર્મનું પ્રમાણ આ પ્રમાણે છે. માસિકી વગેરે સાત પ્રતિમાનું જેટલું જેટલું કાળમાન કહ્યું તે તે પ્રતિમાનું પરિકર્મ પણ તેટલા કાળ સુધી કરવાનું હોય છે. તેમાં પણ આ પ્રતિમાઓનો સ્વીકાર અને તેનું પરિકર્મ વર્ષાકાળે કરી શકાતું નથી એ રીતે પહેલી બે પ્રતિમા એક જ વર્ષમાં, ત્રીજી-ચોથી પ્રત્યેક એક-એક વર્ષમાં, અને પાંચમી-છઠ્ઠી-સાતમી એ ત્રણે દરેક બે બે વર્ષે (એક વર્ષમાં પરિકર્મ બીજામાં પાલન) પૂર્ણ થાય. આ રીતે ૯ વર્ષમાં પ્રતિમા પૂર્ણ થાય.

પ્રતિમા સ્વીકારનાર ઉત્કૃષ્ટથી દશપૂર્વથી ન્યૂન અને જઘન્યથી નવમા પ્રત્યાખ્યાન પૂર્વની ત્રીજી આચાર વસ્તુ સુધીના શ્રુતજ્ઞાનવાળો હોય. આથી વધુ સંપૂર્ણ દશપૂર્વીનું વચન અમોઘ હોવાથી તેમનાથી સંઘનો વિશિષ્ટ ઉપકાર થાય એથી ન્યૂન જ્ઞાનીને કાળ વગેરેનું જ્ઞાન થઈ શકે નહિ, એથી એ બેયને પ્રતિમાદિ સ્વીકારવાનો નિષેધ કર્યો છે.

પ્રતિમાધારી સાધુ ૭ એષણામાંથી છેલ્લી પાંચમાંથી એક એષણાથી આહાર અને એકથી પાણી લેનારો, તેમાં પણ અલેપકર આહાર લેનારો હોય.

પ્રતિમાવહન કરનાર મહાત્મા ગચ્છમાંથી નીકળીને એક મહિનાની મહાપ્રતિમા સ્વીકારે તેમાં ૧ માસ પૂર્ણ થતાં સુધી પ્રતિદિન આહારની એક એક દત્તિ લે. તે પૂર્ણ થતા પુનઃ ગચ્છમાં આવે. બીજી પ્રતિમાનું પરિકર્મ કરી બીજી મહાપ્રતિમા સ્વીકારે. તેમાં નિત્ય આહાર અને પાણીની બે બે દત્તિ લે. તે પ્રતિમા પૂર્ણ થતાં ગચ્છમાં આવે. આ ક્રમથી ૭ માસિકી પ્રતિમા સ્વીકારે. નિત્ય આહાર અને પાણીની ૭-૭ દત્તિ લે. (સર્વત્ર પ્રતિમા પૂર્ણ થતાં ગચ્છમાં આવે, ઉત્તર પ્રતિમાનું પરિકર્મ કરીને પછી જ તે પ્રતિમાનો સ્વીકાર કરે.)

૭ મી પ્રતિમા વહન કર્યા બાદ ૧ લી ૭ અહોરાત્રની ૮મી પ્રતિમા સ્વીકારે. તેમાં એકાન્તરે નિર્જલ ઉપવાસ કરે. પારણે ઠામ-ચોવિહાર આયંબિલ કરે. આઠમી પ્રતિમામાં દત્તિનો નિયમ નથી. આ પ્રતિમામાં સૂતાં, બેસતાં, કે ઊભા રહીને સર્વપ્રકારના ઉપસ-ર્ગાદિને સહે.

૭ અહોરાત્રની બીજી પ્રતિમા ૧ લી ૭ અહોરાત્રિ તુલ્ય છે. માત્ર વિશેષમાં આ પ્રતિમામાં મસ્ત અને પાનીના જ આધારે (વચ્ચે સાથળ-વાંસાથી અધ્ધર) રહીને અથવા વાંકા લાકડાની જેમ કેવળ પીઠના આધારે (મસ્તક-પગ જમીનને ન સ્પર્શે તેમ) રહીને અથવા દંડની જેમ પગ લાંબા કરીને સૂઈ રહીને ઉપસર્ગાદિ સહન કરે.

ત્રીજી ૭ અહોરાત્રની પ્રતિમા પહેલી બે ૭ અહોરાત્રની પ્રતિમા તુલ્ય છે. માત્ર તેમાં ગોદોહિકા આસને ઊભડક બેસવાનું અથવા વીરા-સનથી (ખુરશી ઉપર બેઠા હોય તેમ-ખુરશી વિના) બેસવાનું હોય છે અથવા કેદીની જેમ વક્ર શરીરે બેસવાનું હોય છે.

ત્યાર પછી ૧ અહોરાત્રિની ૧૧ મી પ્રતિમા આવે છે. તે પણ પૂર્વોક્ત પ્રતિમાતુલ્ય છે. વિશેષ એટલો કે તેમાં બે ઉપવાસ-આગળ-પાછળ એકાશનપૂર્વક કરવાના હોય છે. આ પ્રતિમા એક અહોરાત્ર સુધી પાળીને પછી બે ઉપવાસ કરવાના હોવાથી ત્રણ દિવસે પૂર્ણ થાય. (બે ઉપવાસની આગળ પાછળ ઠામચોવિ. એકા. કરવાનું.) અહીં ગામ કે શહેરની બહાર કાઉસગ્ગ મુદ્રાની જેમ હાથ લાંબા કરીને ઊભા રહેવાનું હોય છે.

એ જ રીતે ૧૨ મી રાત્રિકી પ્રતિમામાં અટ્ઠમનો તપ કરવાનો હોય છે. ગામની બહાર જઈને સિદ્ધશિલાની સામે અનિમેષ દૃષ્ટિ જોડીને ઊભા ઊભા તેનું પાલન કરવાનું હોય છે. અથવા તો નદી વગેરેના કાંઠા વગેરે વિષમ ભૂમિએ ઊભા રહી કોઈ એક પદાર્થ ઉપર ખુલ્લી દૃષ્ટિથી નેત્રો એકદમ સ્થિર કરવાનાં હોય છે. આ બારમી પ્રતિમા વહન કરતાં અવધિ-મનઃપર્યવ કે કેવળજ્ઞાનાદિમાંથી કોઈ પણ એક જ્ઞાન પ્રગટે છે. આ પ્રતિમાનું પાલન રાત્રિએ કરવાનું

હોવાથી અને ત્યાર બાદ ૩ ઉપવાસ કરવાના હોવાથી ૪ દિવસે પૂર્ણ થાય છે.

(૫) **પાંચ ઇન્દ્રિયનિરોધ :** પાંચેય ઇન્દ્રિયને સ્વ-સ્વવિષયથી નિવારવી. ઇષ્ટાનિષ્ટ વિષયમાં રાગ-રોષ ન કરવા.

**૨૫ પ્રતિલેખના :** વસ્ત્ર-પાત્રની ૨૫ પ્રતિલેખના હોય છે. ઓઘનિર્યુક્તિ આદિ ગ્રન્થાન્તરથી તેનું સ્વરૂપ જાણી લેવું.

(૬) **ત્રણ ગુપ્તિ :-** ગુપ્તિ એટલે આત્માનું ગોપાન (રક્ષણ) કરવું.

(i) **મનોગુપ્તિ :** ત્રિધા.

(૧) આર્ત્ત-રૌદ્ર ધ્યાનમાં કારણીભુત મનઃકલ્પનાનો ત્યાગ કરવો.

(૨) ધર્મધ્યાનમાં કારણીભૂત શાસ્ત્રાનુસારિણી, પરલોકહિત-કારિણી મધ્યસ્થપરિણતિ કેળવવી.

(૩) મનના શુભાશુભ સર્વ વિકલ્પોના ત્યાગપૂર્વક ૧૪ મા ગુણસ્થાનની આત્માનંદરૂપ આત્મપરિણતિ.

(ii) **વચનગુપ્તિ :** દ્વિધા.

(૧) ઈશારો, હુંકારો વગેરે સંજ્ઞાઓના ત્યાગપૂર્વક વચનથી મૌન રહેવું.

(૨) વાચનાદિ લેવી વગેરે સંયમના કારણે મુખવસ્ત્રિકા મુખે રાખીને લોક અને શાસ્ત્રથી અવિરુદ્ધ વચન બોલનારના વાણીના સંયમરૂપ.

ટૂંકમાં, બોલવાનો સર્વથા ત્યાગ અને સમ્યગ્ બોલવારૂપ વચનગુપ્તિ છે. ભાષાસમિતિમાં સમ્યગ્બોલવારૂપ એક જ પ્રકારે છે. માટે જ કહ્યું છે કે સમિતિવાળો નિયમા ગુપ્ત હોય છે પણ ગુપ્તિવાળો સમિતિવાળો હોય કે ન પણ હોય, કેમ કે અકુશળ વચનને તજતો હોવાથી વચનગુપ્તિવાળો અને ઉપયોગપૂર્વક બોલતો હોવાથી ભાષાસમિતિવાળો એમ બે ય હોઇ શકે છે. જ્યારે સર્વથા મૌન રહેતો વચન ગુપ્તિવાળો ભાષાસમિતિવાળો ન બની શકે.

(iii) કાયગુપ્તિ : દ્વિધા.

(૧) સર્વથા કાયચેષ્ટાત્યાગ

(૨) આગમાનુસારી ચેષ્ટાનો નિયમ

પરિષહાદિ કે કાયોત્સર્ગાદિ વખતે સર્વથા કાયાને નિશ્ચલ કરવી તે ૧ લા પ્રકારની કાયગુપ્તિ અને ગુર્વાજ્ઞાપૂર્વકની પ્રતિલેખનાદિ શુભકાય ક્રિયાથી સ્વચ્છન્દ કાર્યોનો ત્યાગ કરીને શરીરથી નિયત ચેષ્ટા કરવી તે બીજા પ્રકારની કાયગુપ્તિ કહેવાય.

(૭) ૪ **અભિગ્રહો :** દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને આશ્રયીને ૪ પ્રકારની પ્રતિજ્ઞા.

**પ્ર.** ચરણ-કરણસિત્તરીમાં ફરક શો છે ?

**ઉ.** પ્રસંગે કરાય તે કરણસિત્તરી અને સતત કરાય તે ચરણસિત્તરી કહેવાય. ૧ લી ઉત્તરગુણરૂપ છે જ્યારે બીજી (ચરણસિત્તરી) મૂલગુણરૂપ છે.

*** વ્રતોમાં અતિચારો :**

**૧. અહિંસાવ્રતાતિચાર :** એકેન્દ્રિયાદિ જીવોનો સ્પર્શ કરવો (સંઘટ્ટ), સર્વ રીતે સંતાપ ઉપજાવવો (પરિતાપ) અતિશય પીડા કરવી (ઉપદ્રાવણ) વગેરે આ વ્રતના અતિચારો છે.

**૨. સત્યવ્રતાતિચાર :** દ્વિધા – ૧. સૂક્ષ્મ અને ૨. બાદર.

પ્રચલા વગેરે (બેઠા કે ઊભા ઊંઘવું વગેરે) નિદ્રાને વશ થઈને જે જૂઠું બોલાય-(કેમ ? ઊંઘે છે ? ના રે, હું ઊંઘતો નથી.) તે સૂક્ષ્મ અતિચાર કહેવાય અને ક્રોધાદિને વશ થઈને બોલાતું સત્ય કે અસત્ય તે બાદર અતિચાર સમજવો.

**૩. અસ્તેયવ્રતાતિચાર :** દ્વિધા – ૧. સૂક્ષ્મ, ૨. બાદર.

માલિકની રજા વિના તૃણાદિ અજાણતાં લેવાથી સૂક્ષ્મ અતિચાર લાગે. (જાણીને લેવાથી તો અનાચાર લાગે.)

ક્રોધાદિ કષાયથી કોઈની પણ કોઈ પણ વસ્તુ લેવાનો પરિણામ થવો તે બાદર અતિચાર કહેવાય.

૪. બ્રહ્મચર્યવ્રતાતિચાર : 'હસ્તકર્મ' વગેરે કરવાથી તથા ૯ વાડોનું પાલન નહિ કરવાથી અતિચાર લાગે.

૫. અપરિગ્રહવ્રતાતિચાર : દ્વિધા-૧. સૂક્ષ્મ, ૨. બાદર.

ગૃહસ્થના આહારાદિનું કાગડા, કૂતરા વગેરેથી સાધુએ રક્ષણ કરવું. શય્યાતર (વસતિ સ્વામી) બાળક કે સાધુ વગેરે ઉપર મમત્વ કરવું તે સૂક્ષ્મ અતિચાર કહેવાય અને લોભના પરિણામથી પૈસા વગેરે રાખવા,શાસ્ત્રોક્ત ઉપધિથી વધુ ઉપધિ રાખવી તે બાદર અતિચાર કહેવાય. અહીં એટલો વિવેક સમજવો કે જ્ઞાનાદિના ઉપકરણરૂપ પુસ્તક વગેરે મૂર્છા વિના અધિક રાખવામાં દોષ નથી. (પંચવસ્તુ ૬૬૧)

૬. રાત્રિભોજન વિરમણવ્રતાતિચાર : ચતુર્ભંગી-

૧. આગલા દિવસે લાવી મૂકેલું બીજે દિવસે વાપરવું.
૨. તે જ ,, ,, ,, રાત્રે વાપરવું.
૩. રાત્રે લીધેલું બીજે દિવસે વાપરવું.
૪. રાત્રે ,, રાત્રે વાપરવું.

આ ચારે ય ભાંગાથી પરિણામાનુસાર અતિચાર લાગે. અતિમાત્રાએ આહારાદિ લેવાથી પણ અતિચાર લાગે.

❀ અતિક્રમાદિ ૪ ની ઘટના :

'આધાકર્મ' દોષથી દુષિત વસ્તુને આપવા વિનંતી કરતા દાતારની વિનંતી સાંભળે તે માટે તૈયારી કરતો યાવત્ ઉપયોગનો કાયોત્સર્ગ વગેરે કરીને જવા માટે પગ ન ઉપાડે ત્યાં સુધી અતિક્રમ દોષ, જવા માટે પગલું ભરે ત્યાંથી માંડીને ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે અને પાત્ર ધરે ત્યાં સુધી વ્યતિક્રમ દોષ, વસ્તુ લઈને ઉપાશ્રયે આવી, ગુરુ સમક્ષ આલોચના કરીને વાપરવા બેસે, મુખમાં વસ્તુ નાંખે ત્યાં સુધી અતિચાર દોષ અને ગળેથી ઊતરી જાય એટલે અનાચાર દોષ લાગે.

આ રીતે સઘળા મૂલોત્તર ગુણોમાં અતિક્રમાદિની ઘટના કરવી.

તેમાં મૂલગુણમાં અતિક્રમાદિ ૩ દોષ લાગતાં ચારિત્રની મલિનતા જાણવી. જેની આલોચના-પ્રતિક્રમણાદિ પ્રાયશ્ચિત્ત (તેનું સ્વરૂપ આગળ

કહેવાશે)થી શુદ્ધિ થઈ શકે છે, પણ જો મૂલગુણમાં અનાચાર દોષ લાગે તો એ ગુણથી પુનઃ ઉપસ્થાપના જ કરવી યોગ્ય છે. ઉત્તરગુણમાં તો આ ૪ ય દોષથી ચારિત્રની મલિનતા જ સમજવી તે ચારે ય દોષ આલોચનાદિ પ્રાયશ્ચિત્તથી દૂર કરી શકાય છે.

મૂળગુણોમાં જ આવી જતા જ્ઞાનચાર-દર્શનાચાર-ચારિત્રાચાર અને તપાચાર (આ ચારે ય આચારમાં ફોરવાતું યથાયોગ્ય વીર્ય તે જ વીર્યાચાર છે.)નું સંયમજીવનમાં વિશેષ મહત્ત્વ છે માટે તેમનું સ્વરૂપ પણ જોઈ લઈએ.

પાંચે ય આચારોનું આગમને અનુસારે પાલન કરવું જોઈએ.

**જ્ઞાનાચાર :** કાલે-વિણએ બહુમાણે .... ગાથાથી ૮ પ્રકારનો છે.

**દર્શનાચાર :** નિસ્સંક ....ગાથાથી ૮ પ્રકારનો છે.

**ચારિત્રચાર :** પણિહાણ જોગજુત્તો ગાથાથી ૮ પ્રકારનો છે.

**તપાચાર :** અણસણમુણોદરિયા વગેરે બે ગાથાથી ૧૨ પ્રકારનો છે.

તપના મુખ્ય બે પ્રકાર છે. બાહ્ય અને અભ્યંતર.

પ્રત્યેકના ૬-૬ પ્રકાર હોવાથી કુલ ૧૨ પ્રકારનો તપ થાય છે.

**બાહ્ય તપ :** અનશન, ઉનોદરી (અવમોદરી) વૃત્તિસંક્ષેપ, કાયક્લેશ, સંલીનતા.

**૧. અનશન :** (૧) મર્યાદિત કાળ સુધી આહાર-ત્યાગ. (વર્તમાનમાં નવકારશીથી ૬ માસના ઉપ. સુધીનો.)

(૧) યાવજ્જીવ આહારત્યાગ-પાદપોપગમન, ઈંગિતમરણ, ભક્તપરિજ્ઞા રૂપ અનશન.

**૨. ઉનોદરતા : દ્રવ્યથી** – ઉપકરણને આશ્રીને જિનકલ્પીને હોય) આહારને આશ્રીને-પેટ ભરીને ન ખાઈને થોડું ઓછુ ખાવું. આના પણ અલ્પહારાદિ પાંચ ભેદો કહ્યા છે.

**ભાવથી :** ક્રોધાદિ શત્રુઓનો યથાશક્ય ત્યાગ કરવો.

**૩. વૃત્તિસંક્ષેપ :** વૃત્તિ = આજીવિકા. સાધુને ભિક્ષાથી આજીવિકા થાય. તેનો સંક્ષેપ કરવો. (એક સાથે ગૃહસ્થ જેટલું આપે તેને એક દત્તિ કહેવાય. આવી દત્તિઓનું નિયમન કરવું.

(આજે ૩ થી વધુ દત્તિ ન લેવી) વગેરે અમુક સંખ્યાથી વધુ ઘરો વગેરેમાં ન જવું.

**૪. રસત્યાગ :** મદ્ય, માંસ, માખણ, મદિરા–આ ૪ અભક્ષ્ય મહાવિગઈઓનો તથા દૂધ–દહીં–ઘી–તેલ–ગોળ–પકવાન્ન એ ૬ ભક્ષ્ય વિગઈઓનો ત્યાગ તે રસત્યાગ. (૪ મહા વિ.નો યાવજ્જીવ માટે ત્યાગ કરી દીધો હોય છે. અને ૬ વિગઈનો સંપૂર્ણ ત્યાગ ન બને તો છેવટે ૫–૪–૩–૨ યાવત્ ૧ વિગઈનો પણ નિત્ય ત્યાગ રાખવો જોઈએ.)

**૫. કાયક્લેશ :** વિશિષ્ટ આસનો, શરીર પ્રત્યેની કેટલીક બેદરકારી, કેશલોચ, આતાપના વગેરેથી કાયાને ક્લેશ આપવો.

કાયક્લેશમાં સ્વયં ઊભા કરેલા ક્લેશનો અનુભવ થાય, જ્યારે પરિષહોમાં સ્વયં તથા બીજાએ કરેલા ક્લેશનો અનુભવ થાય છે. આ કાયક્લેશ અને પરિષહોમાં ભેદ છે.

**૬. સંલીનતા :** ઇન્દ્રિયોને-કષાયોને અને યોગોને ગોપવવાથી સંલીનતા (ગોપવવાપણું) પ્રાપ્ત થાય છે.

આ ૬ને બાહ્ય તપ કહેવાય છે. કેમ કે આમાં બાહ્ય વસ્તુઓની અપેક્ષા રહે છે, બીજાઓને આ તપ પ્રત્યક્ષ થાય છે, બાહ્ય શરીરને તપાવે છે અને અન્ય ધર્મીઓ તથા ગૃહસ્થો પણ આ તપ કરે છે.

**અભ્યન્તર તપ : (૧) પ્રાયશ્ચિત્ત–મૂલોત્તર** ગુણમાં લાગેલો નાનો પણ અતિચાર ચિત્તને મલિન કરે છે. તેની શુદ્ધિ માટે પ્રાયશ્ચિત કર્યું છે.

**પ્રાય :** અતિચારથી મલિન ચિત્તનું શોધન કરે તે પ્રાયશ્ચિત અથવા

**પ્રાય :** મુનિલોક (સાધુઓ) અતિચારની વિશુદ્ધિ માટે ચિન્તન સ્મરણ કરે માટે પ્રાયશ્ચિત્ત.

આના ૧૦ પ્રકાર છે. તે આગળ કહેવાશે.

**(૨) વિનય :** જેનાથી આઠ પ્રકારનાં કર્મો દૂર કરાય (વિનીયતે ....) તે વિનય.

જ્ઞાનાદિ વિષયભેદથી ૭ પ્રકારનો છે.

**જ્ઞાનવિનય:** દર્શનવિનય - ચારિત્રવિનય - મનોવિનય- વચન-વિનય-કાયવિનય-ઉપચારવિનય.

૧. પંચધા જ્ઞાનવિનય પાંચેય જ્ઞાનના તે તે સ્વરૂપમાં શ્રદ્ધારૂપ.
૩. જ્ઞાન-જ્ઞાની-જ્ઞાનોપગરણના ભક્તિ.
૩. હૃદયથી તેમનું બહુમાન કરવું.
૪. તેમાં જણાવેલા અર્થોનો સમ્યક્ (અવિપરીત) વિચાર કરવો.
૫. વિધિપૂર્વક જ્ઞાન ભણવું, વારંવાર અભ્યાસ કરવો.

**દ્વિધા દર્શનવિનય:** સુશ્રૂષા અને અનાશાતના રૂપ.

સુશ્રૂષા : દર્શનગુણમાં વધુ નિર્મળ હોય તેઓનો સુશ્રૂષારૂપ વિનય. તેમની સ્તુતિરૂપ સત્કાર, આવે ત્યારે અભ્યુત્થાનાદિ કરવા.

**પંચદશધા અનાશાતના વિનય (૧૫ પ્રકારે):**

૧. તીર્થંકરો ૨. ધર્મ (ચારિત્ર કે ક્ષમાદિ ૧૦) ૩. આચાર્ય ૪. ઉપાધ્યાય ૫. સ્થવિર ૬. કુલ ૭. ગણ ૮. સંઘ ૯. સાંભોગિક સાધુઓ ૧૦. ક્રિયા (અસ્તિત્વવાદ) ૧૧ થી ૧૫-મતિજ્ઞાનાદિ પાંચ જ્ઞાનો અને જ્ઞાનીઓ.

આ ૧૫ ની બાહ્ય સેવારૂપ ભક્તિ-બહુમાન-સ્તુતિ આદિ કરવાં.

**ચારિત્ર્યવિનય:** સામાયિકાદિ પાંચ ચારિત્રની મનથી શ્રદ્ધા કરવી, કાયાથી તેનું પાલન કરવું અને વચનથી તેની પ્રરૂપણા કરવી.

**મન-વચન-કાયવિનય:** આચાર્યાદિ પૂજ્યો પ્રત્યે મનાદિથી અકુશળ વ્યાપાર કરવો નહિ અને કુશળ (શુભ) વ્યાપારમાં પ્રવૃત્ત થવું.

**ઉપચારવિનય :** ઉપચાર = વિનયને પાત્ર વ્યક્તિને સુખકારી ક્રિયાવિશેષ એવી ક્રિયા દ્વારા વિનય કરવો તે ઉપચારવિનય કહેવાય.

આ વિનયના ૭ પ્રકાર છે.

જેમ કે ગુરુદેવ એ વિનયપાત્ર વ્યક્તિ છે.

૧. અભ્ભાસચ્છણ : શ્રુત ભણવા સિવાયના સમયે પણ ગુરુ પાસે બેસવું.

૨. છંદાણુવત્તણ : ઇચ્છા જોઇને વર્તવું.

૩. કયપડિકિઇ : આહારાદિ લાવી આપવા વગેરે પ્રવૃત્તિથી વિશેષ પ્રસન્ન કરવા.

૪. કારતનિમિત્તકારણ : ગુરુએ શ્રુતજ્ઞાન આપ્યું તેનો બદલો વાળવાના ઉદ્દેશથી તેમની સેવા-ભક્તિમાં વિશેષ ઉદ્યમ.

૫. દુઃખાર્તગવેષણ : ગ્લાનાવસ્થામાં ઔષધાદિ દ્વારા ભક્તિ કરવી.

૬. દેશકાલજ્ઞાન : દેશકાળને આશ્રીને તેમની વિશેષ જરૂરિયાતો સમજીને તેની ભક્તિ કરવી.

૭. સર્વાર્થેષ્વનુમતિ : સર્વત્ર તેમને અનુકૂળ વર્તવું.

(૩) **વૈયાવચ્ચ તપ** : ૧૦ પ્રકારની વૈયાવચ્ચ (ચરણસિત્તરીમાં કહેવાઈ ગયેલા છે.)

(૪) **સ્વાધ્યાય તપ** : વાચનાદિ પાંચ પ્રકારનો યથોક્ત કાળે સ્વાધ્યાય કરવો.

(૫) **ધ્યાન** : ધર્મ અને શુક્લધ્યાનમાં યથાયોગ્ય પ્રવર્તવું.

(૬) **ઉત્સર્ગ** : વધારાની ઉપધિ અને અશુદ્ધ આહારના ત્યાગરૂપ બાહ્ય-ઉત્સર્ગ.

અને કષાયોનો તથા મૃત્યુકાલે શરીરનો ત્યાગ કરવો તે અભ્યંતર ઉત્સર્ગ કહેવાય.

આ છ પ્રકારનો તપ 'અભ્યન્તર' કહેવાય છે કેમ કે તે લોકમાં તપ તરીકે પ્રસિદ્ધ નથી, વિધર્મીઓ એને ભાવથી કરતા નથી, મોક્ષ-પ્રાપ્તિમાં તે અન્તરંગ કારણ છે, અભ્યન્તર કર્મોને તપાવે છે.

* **વીર્યાચાર ત્રિધા** :

મન-વચન-કાયાથી પ્રાપ્ત સામર્થ્યને અનુસારે જ્ઞાનાદિ આચાર રૂપ ધર્મકાર્યો કરવાથી ૩ પ્રકારનો વીર્યાચારનું પાલન થાય છે.

# સાપેક્ષ યતિધર્મનાં કેટલાંક આવશ્યક કર્ત્તવ્યો

(અનુષ્ઠાનો)

[૨૦]

(૧) યતિધર્મનું પ્રથમ કર્તવ્ય (ગચ્છવાસ) : ગચ્છમાં રહેવાથી અધિક ગુણી સાધુઓનો વિનય કરી શકાય. પોતે પણ બીજા નવદીક્ષિત વગેરેને વિનયનું કારણ બને, વિધિ વગેરેનું ઉલ્લંઘન કરતા સાધુઓને અવિધિથી રોકી શકાય, અન્યોન્ય સહાયથી તે તે વિનયાદિ યોગોમાં પ્રવૃત્તિ કરતા ગચ્છવાસી સાધુને નિયમા મોક્ષપદનો સાધક કહ્યો છે.

ગચ્છમાં થતી (ક્ષતિઓની) સ્મારણા, વારણા વગેરે ગુણકારક યોગોથી કંટાળીને ગચ્છને છોડી દેનારા સાધુઓને જ્ઞાનાદિ ગુણોની હાનિ થાય છે. શ્રી ઓઘનિર્યુક્તિ (૧૧૬-૧૧૭)માં કહ્યું છે કે "જેમ સંખેચ્ચુ માછલાં સમુદ્રના સંક્ષોભને સહન નહિ કરતાં બહાર નીકળી જાય તો નીકળતાંની સાથે જ વિનાશ પામે તેમ ગચ્છરૂપી સમુદ્રમાંથી સ્મારણાદિથી કંટાળીને નીકળી જતા સાધુઓ એકલા ફરીને નાશ પામે છે.

શ્રીપંચવસ્તુ (૭૦૦)માં કહ્યું છે કે જે ગચ્છમાં (ક્ષતિની) સ્મારણા વગેરે ન થતા હોય તે ગચ્છ પણ હિતાર્થીએ છોડી દેવો જોઇએ. અહિત થવાના કારણે જેમ જ્ઞાતિવર્ગને ત્યજી દેવામાં આવે છે તેમ સ્મારણાદિ વિનાના ગચ્છનો પણ સાધુએ ત્યાગ કરી દેવો જોઈએ. કેમ કે વસ્તુતઃ તે ગચ્છ જ નથી. હા, આવો પણ ગચ્છ ત્યારે જ છોડી દેવો જોઈએ જ્યારે બીજા કોઈ સુવિહિત ગચ્છમાં આશ્રય મળે. અન્યથા તે ગચ્છ છોડીને એકલા વિચરવું નહિ.

શ્રી ઉપદેશપદ (૮૪૧)માં કહ્યું છે કે અગીતાર્થ તથા ગીતાર્થોએ પણ બીજા અગીતાર્થાદિ જ્યાં હોય ત્યાં દુષ્કાળાદિના કારણે રહી

શકાય તેમ ન હોય ત્યારે પાશ્વસ્થ (શિથિલાચારી પાપસાધુ) વગેરે જ્યાં હોય તે ક્ષેત્રમાં જઈને પણ ચારિત્રપરિણામને હાનિ ન પહોંચે તેમ તે પાર્શ્વસ્થાદિને ' વાણીથી નમસ્કાર ' (મત્થએણ વંદામિ–બોલવારૂપ) કરવો....વગેરે ઔચિત્ય સાચવીને તેમના ક્ષેત્રમાં રહેવું. શાસ્ત્રમાં આ રીતે ' કુવૃષ્ટિ ન્યાયે ' રહેવાનું જણાવ્યું છે. (ઉપદેશપદ. ૮૪૩)

પ્ર. ગુરુકુલવાસનું વર્ણન પૂર્વે આવી ગયું છે. તેનાથી ગચ્છવાસ જુદો છે? જેથી તમે અહીં ગચ્છવાસનો વિચાર જુદો કરો છો?

ઉ. ગુરુકુલવાસથી એક ગુરુનો વિનય વગેરે થાય તેમ ગચ્છવાસથી બીજાઓનો પણ વિનય વગેરે થઈ શકે એમ જણાવવા ગચ્છવાસને અહીં જુદો કહ્યો છે. તાત્પર્ય એ છે કે ગુરુકુલવાસ માત્ર એક ગુરુના જ વિનયાદિથી થઇ શકે અને ગચ્છવાસથી બીજાઓના પણ વિનયાદિ થાય–માટે અહીં ગચ્છવાસને જુદો જણાવ્યો.

અન્ય સાધુઓને પણ એકબીજાથી ઉપકાર થાય એ રીતે ગુરુ પાસે રહેવું તેનું નામ ગચ્છવાસ.

ગચ્છમાં રહેવા છતાં જો પોતાના દ્વારા અન્ય સાધુઓને ઉપકાર ન થાય તો તે વસ્તુત: ગચ્છવાસ ન કહેવાય.

(૨) યતિધર્મનું બીજું કર્તવ્ય (કુસંસર્ગત્યાગ) : પાપમિત્ર-તુલ્ય પાર્શ્વસ્થાદિની સાથેનો સમ્બન્ધ તે કુસંસર્ગ કહેવાય. તેમની સાથે રહેવાથી સંયમજીવનમાં શૈથિલ્ય આવી જાય. શ્રી આવ. નિ. (૧૧૧૧-૧૧૧૨)માં કહ્યું છે કે, " જેમ અશુચિ સ્થાનમાં પડેલી ચંપક પુષ્પની માળા પણ મસ્તકે ધારી શકાતી નથી. તેમ પાસત્થાદિના સ્થાનમાં રહેલા સુસાધુ પણ અપૂજ્ય સમજવા. ચંડાળકુળમાં રહેલા ૧૪ વિદ્યાનો પારગામી પણ નિન્દ્ય ગણાય તેમ પાસત્થાદિના સંસર્ગવાળા સુવિહિત સાધુ પણ નિન્દ્ય સમજવા.

પ્ર. એવું ન બને કે સુસાધુના સંગથી પાસત્થાદિ સાધુઓ સારા બની જાય? વળી કાચના ટુકડા સાથે વૈડુર્યમણિને ગમે તેટલા કાળ સાથે રાખવામાં આવે તો ય વૈડુર્યમણિ કદી પોતાની જાતને

ત્યજતો નથી. કહ્યું છે કે, "પુરુષ પોતાની જાતિથી (યોગ્યતાથી) જ સારો-નરસો થાય છે સંગદોષથી નહિ."

સાપને અને તેના મસ્તકસ્થ મણિને જન્મથી અતિરૂઢ સંસર્ગ છતાં મણિ સાપના દોષનો કે સાપ મણિના ગુણોનો કદાપિ સ્પર્શ સુદ્ધાં કરતો નથી.

ઉ. તમારી વાતને તે જ રૂપે એકાન્તે માની શકાય નહિ.

દ્રવ્યો બે પ્રકારનાં હોય છે. ૧. ભાવુક અને ૨. અભાવુક.

વિરુદ્ધ ધર્મવાળાં દ્રવ્યો પોતાના ગુણ-દોષથી બીજાને પોતાના જેવાં બનાવી દે અર્થાત્ બીજાં દ્રવ્યો ઉપર પોતાની અસર પાડે અથવા તો વિરુદ્ધધર્મવાળાં જે જે દ્રવ્યો બીજા દ્રવ્યના સંસર્ગથી તેના જેવાં થાય તે દ્રવ્યો ભાવુક કહેવાય છે.

જીવ એ ભાવુકદ્રવ્ય છે. અનાદિકાળથી પાસત્થા વગેરેએ આચરેલા પ્રમાદભાવથી તેના વિશુદ્ધ સ્વરૂપ ઉપર જબ્બર માઠી અસરો પહોંચી છે. માટે જ કુશીલના સંસર્ગથી સુશીલ પણ કુશીલમય બની જાય છે. વૈડુર્યમણિ વગેરે તો અભાવુક જડ દ્રવ્યો છે માટે ભાવુક દ્રવ્યના વિચારમાં તેનું દૃષ્ટાંત લગાડી શકાય નહિ. જીવોમાં પણ વીતરાગ બનેલા અથવા તો અભવ્યો તો અભાવુક દ્રવ્ય જ છે. અને સરાગી ભવ્યમાં પણ ઉત્કૃષ્ટ સંયમ-ધર્મના પરિણામવાળા ય અભાવુક દ્રવ્ય છે છતાં મધ્યમ દશાના છે તે તો ભાવુક જ હોય છે.

અરે! લોઢું પણ લુણના સંસર્ગે ખવાઈ જાય છે તો જીવ-દ્રવ્ય માટે તો શું કહેવું ?

પાસત્થાદિ સાથે આલાપાદિ પણ નહિ કરવાનો આ ઉત્સર્ગ-માર્ગ, જે કાળે ઘણા સંવિગ્ન સાધુઓ હોય તે કાળને આશ્રયીને સમજવી અપવાદમાર્ગે, જે કાળે સંક્લિષ્ટ જીવો ઘણા હોય તે કાળમાં શુદ્ધ સંવિગ્ન સહાયક ન મળે તો પાસત્થાદિની સાથે પણ રહી શકાય. આ અંગેનો વિશેષ વિચાર પંચકલ્પભાષ્યમાંથી જોઈ લેવો.

પાસત્થાદિને વંદના-વિધિમાં ઉત્સર્ગ-અપવાદ.

પાર્શ્વસ્થ-અવસન્ન-કુશીલ-સંશક્ત-યથાચ્છન્દ (અહાચ્છન્દ)

આ પાંચ પ્રકારનાં પાપશ્રમણોમાંથી યથાચ્છન્દને અભ્યુત્થાન અંજલિબન્ધ નમસ્કાર આદિ કરવાથી ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત આવે.

અને પાસત્થાદિને તથા ગૃહસ્થને વન્દના અને અંજલિ આદિ કરવાથી ચતુર્લઘુ (પૂર્વોક્તાથી નાનું) પ્રાયશ્ચિત્ત આવે એ પાપશ્રમણોની સાથે રહેવાથી આજ્ઞાભંગ અનવસ્થાદિ અનેક દોષો લાગે.

આ જ રીતે પાસત્થાદિને વસ્ત્ર આપવાથી, ભણાવવાથી કે તેમની પાસે ભણવાથી પણ વિવિધ પ્રાયશ્ચિત્તો લાગે છે.

અપવાદમાર્ગે તેમને વન્દનાદિ પણ કરી શકાય.

(બૃહત્કલ્પ ૪૫૪૨) દુષ્કાળાદિ પ્રસંગોમાં કે બીમારીમાં અશનાદિ દ્વારા ગચ્છનું રક્ષણ કરવાની બુદ્ધિથી દુષ્કાળાદિ આવ્યા પૂર્વે જ પાસત્થાદિની સહાય લેવામાં કુશળ મુનિઓ તેમને વન્દનાદિ કર્યા વિના સુખશાતા માત્ર પૂછીને પ્રસન્ન કરે અને તેમની પાસેથી કામ કઢાવી લે. દુષ્કાળાદિની આગાહી થાય ત્યારેથી જ કુશળ મુનિઓ સ્થણ્ડિલાદિ જતાં તેમના સ્થાને જાય, રસ્તે પણ મળે ત્યારે સુખશાતા પૂછે, વળી પોતાના ઉપાશ્રયે આવવાનું આમન્ત્રણ પણ કરે; તેમના ઉપાશ્રયે જાય ત્યારેય બહાર ઊભા રહીને પહેલાં કુશળતા પૂછે, પછી તેઓ આગ્રહ કરે તો ઉપાશ્રયમાં પણ જાય.

આ પાસત્થાદિ સાધુઓ સંયમનાં કષ્ટોથી અને ધર્મહીલનાના ભયથી મુક્ત બનીને મૂલોત્તર ગુણદોષ સેવતા હોય તો તે માત્ર વેષધારી કહેવાય. તેમની પાસેથી કામ લેવું હોય ત્યારે સુખશાતાદિ પૂછવા પડે તે માની હોય તો હાથ જોડીને પણ મત્થએણ-વંદામિ કહેવું પડે; પ્રભાવશાળી હોય તો માથું પણ નમાવવું પડે અને પ્રભાવક હોય તો બહારથી સદ્ભાવ પણ બતાવવો પડે, બહુમાન માટે થોડી વાર ઊભા પણ રહેવું પડે, વિશેષ કારણે તેના ઉપાશ્રયે પણ જવું પડે અને જરૂર જણાય તો થોભવન્દન કે અધિક લાભાર્થે

સમ્પૂર્ણ વન્દન પણ કરવું પડે તો કરવું. શાસ્ત્રમાં તો કહ્યું છે કે વિશેષ કારણે જે સાધુ પાસત્થાદિને વિધિપૂર્વક યથાયોગ્ય વન્દનાદિ કરતો નથી તે પ્રવચનનો આરાધક નથી, ઊલટો શાસનની અભક્તિ કરનારો બને છે. પ્રાયશ્ચિત્તનો ભાગી બને છે. (બૃહત્કલ્પભાષ્ય-૪૫૫૦-૪૫૪૦) ઉત્સર્ગ અપવાદનો સઘળો વિવેક પ્રાપ્ત કરવા માટે ગીતાર્થતાની પરાકાષ્ઠા પ્રાપ્ત કરવી જ પડે છે. ગમે તે સાધુ ઉત્સર્ગના સ્થાન કે અપવાદના સ્થાનને યથાયોગ્ય રીતે સમજી શકતો નથી માટે જ અગીતાર્થે ગીતાર્થની નિશ્રામાં જ હોવાનું જણાવ્યું છે.

* યતિધર્મનું ત્રીજું કર્તવ્ય :

અર્થપદ-ચિન્તન : જે પદ કે વાક્યથી અર્થજ્ઞાન થાય તે અર્થપદ કહેવાય. તેવાં પદ વાક્યોથી તેના અર્થનું સૂક્ષ્મબુદ્ધિથી ચિન્તન કરવું તે અર્થપદ-ચિન્તન કહેવાય.

દા. ત., શાસ્ત્રમાં કહ્યું છે કે બ્રાહ્મી-સુંદરીની જેમ સૂક્ષ્મ પણ અતિચાર સ્ત્રીઅવતાર વગેરેનું કારણ બની જાય છે તો શાસ્ત્રમાં અતિચાર બહુલપ્રમત્ત સાધુપણાને મોક્ષનું કારણ કહ્યું છે તે શી રીતે ઘટે ?

સૂક્ષ્મ ચિન્તાથી આ પ્રશ્નનું સમાધાન મળે છે કે, દીક્ષિત સાધુ સૂક્ષ્મ પણ અતિચાર સેવે તો તેના વિપાક અતિભયંકર જ હોય છે કિન્તુ તે અતિચારના પ્રતિપક્ષી શુદ્ધ અધ્યવસાયો જ પ્રાયઃ તે અતિચાર-જન્ય પાપોનો ક્ષય કરી નાંખે છે. કેવળ પ્રાયશ્ચિત્ત કરવાથી તે પાપ-ક્ષય થતો નથી. બ્રાહ્મી વગેરેએ પ્રતિપક્ષી બળવાન અધ્યવ. વિનાની કેવળ આલોચના જ કરી હતી.

(મતાંતરે આલોચના પણ કરી નથી.)

પ્ર. પ્રતિપક્ષી અધ્યવ.થી જ અતિચારશુદ્ધિ થાય તો પ્રાયશ્ચિત્ત વ્યવહાર નિરર્થક ગણાશે.

ઉ. ના. જ્યાં માત્ર પ્રાયશ્ચિત્ત બળવાન અશુદ્ધિને દૂર કરી ન શકે ત્યાં પ્રતિપક્ષી બળવાન અધ્યવસાયપૂર્વક પ્રાયશ્ચિત્ત કરવું

જોઈએ એટલે પ્રાયશ્ચિત્તની નિરર્થકતા તો રહેતી જ નથી. કર્મજનિત જડતાથી અનેક નિર્બળ અતિચારો લાગે તેને તેટલા જ બળવાળા તુલ્યગુણ–પ્રતિપક્ષી અધ્યવસાયપૂર્વકનું પ્રાયશ્ચિત્ત ટાળી દે અને એક પણ બળવાન (અધિક ગુણ) અધ્યવસાય ઘણા અતિચારોની અશુદ્ધિને પણ ખતમ કરી શકે છે.

પ્ર. માનસિક વિકાર વિશુદ્ધિબળથી ટળી જાય તે વાત માનીએ. પણ કાયિક દુષ્ટ પ્રવૃત્તિ વિશુદ્ધિબળથી કેમ ટળી શકે?

ઉ. સંજ્વલન કષાયના ઉદયથી મુનિને લાગતા અતિચારો પણ માનસિક વિકારરૂપ જ છે અને દ્રવ્યઅતિચાર રૂપ કાયિક દુષ્ટ પ્રવૃત્તિ તો જડ છે તે થોડી જ ભાવશુદ્ધિથી ટળી શકે છે.

આ રીતે અર્થપદ ચિન્તન કરવું જોઈએ, વિશેષાર્થીએ ઉપદેશ-પદાદિ ગ્રન્થો જોઈ લેવા.

* યતિધર્મનું ચોથું (વિશિષ્ટ) કર્તવ્ય :

વિહાર—ગીતાર્થની નિશ્રાપૂર્વક આગમાનુસારે અપ્રતિબદ્ધ વિહાર કરવો.

દ્રવ્ય–ક્ષેત્રાદિ પ્રતિબન્ધ (રાગાદિ) ત્યજીને માસકલ્પાદિના ક્રમથી અન્યાન્ય સ્થાને જવું તે વિહાર કહેવાય છે. દ્રવ્યથી ભક્તિવાળા શ્રાવકોમાં, ક્ષેત્રથી પવન–ઉજાસવાળા ઉપાશ્રયાદિમાં, કાળથી શિશિર આદિ ઋતુમાં, ભાવથી શરીરપુષ્ટિ વગેરેમાં રાગાદિ કરવારૂપ ચાર પ્રકારનો પ્રતિબન્ધ છે. મુનિ આવા પ્રતિબન્ધથી મુક્ત હોય.

ઉક્ત પ્રતિબન્ધથી ઉત્સર્ગ માર્ગે એક સ્થાને એક માસથી અધિક રહી શકાય નહિ અને એવા પ્રતિબન્ધોથી લાંબા વિહારો કરીને પણ બીજા ગામે જઈ શકાય નહિ એ રીતે 'ઉગ્રવિહારી'નો ઇલ્કાબ મેળવવાની ભાવના રાખવી તે મહાપાપ છે.

અપવાદ માર્ગે ન્યૂનાધિક માસકલ્પ પણ કરી શકાય.

દુષ્કાળાદિના ભયે શેષકાળમાં ૧ સ્થાને એક માસથી ન્યૂન કે અધિક રહી શકાય. તેમ ૯ મા ચાતુર્માસ રૂપ માસકલ્પમાં પણ અધ-

વચ્ચે વિહાર કરી જવાય કે કારણે ૬ માસ સુધી (આગળ-પાછળ ૧-૧ માસ વધુ) રહી શકાય.

કારણે માસકલ્પાદિ વિહાર થઈ ન શકે ત્યારે પણ એક શહેરના અન્ય ઉપાશ્રયે જવું, છેવટે તે જ ઉપાશ્રયનો ખૂણો પણ બદલવો. કહ્યું છે કે (ઉપદેશમાળા-૩૯૧) સુવિહિત સંયમી સાધુ કારણે એક જ સ્થળે સો વર્ષ સુધી રહે તો પણ આરાધક છે.

વિહાર કરવાની આજ્ઞા શાસ્ત્રકારે ગીતાર્થને અથવા ગીતાર્થ-નિશ્રાવર્તી સાધુને જ આપી છે. આ બે સિવાયનો ૩ જા કોઈ નો વિહાર હોઈ શકતો નથી. (ઉપદેશમાળા-૧૨૬) કેમ કે ગીતાર્થ જ લાભ-હાનિને જાણીને તે તે સમયે તે તે ઉત્સર્ગ અપવાદાદિ માર્ગનું સેવન કરી શકે. તેની નિશ્રામાં રહેલો અગીતાર્થ ભલે ગીતાર્થની અપેક્ષાએ જ્ઞાનચક્ષુહીન હોઈ અન્ધતુલ્ય છે છતાં દેખતાનો હાથ ઝાલ્યો હોવાથી તે વસ્તુતઃ દેખતો જ કહેવાય. ગીતાર્થ જ કહેવાય. વિહાર અંગેનું વિશેષ સ્વરૂપાદિ બૃહત્કલ્પભાષ્યમાંથી (૧૪૪૭ વિ. ગાથાથી) જોઈ લેવું.

* યતિધર્મનું પાંચમું વિશિષ્ટ કર્તવ્ય :

**મહામુનિઓનાં ચરિત્રોનું શ્રવણ :**

સાધુએ પ્રતિદિન દિનચર્યારૂપ સ્વાધ્યાયાદિ કાર્યો કરવા જોઈએ. જ્યારે સ્વાધ્યાયાદિ કરતાં તે શ્રમિત થઈ જાય ત્યારે સ્થિરાસન વગેરે વિધિપૂર્વક મહર્ષિઓની કથાવાર્તા કરવી કે સાંભળવી.

આ રીતે સ્થૂલભદ્રાદિ મહર્ષિઓની ઉત્તમ કથાઓના કથન-શ્રવણથી સ્વ-પરને ચારિત્રમાં ઉત્સાહાદિ અનેક ગુણો પ્રગટ થાય છે.

* યતિધર્મનું છઠ્ઠું વિશિષ્ટ કર્તવ્ય :

**અતિચાર લોચના :** મૂલોત્તરગુણમાં લાગેલા અતિચારોનું ગુરુ પાસે આલોચન કરવું.

પાંચ પ્રકારના સાધુઓમાંથી મૂલ-ઉત્તરગુણની વિરાધના પુલાક તથા પ્રતિસેવના કુશીલને હોય છે, ઉત્તરગુણની જ વિરાધના બકુશને

હોય છે. બાકીના બેને એકે ય ગુણની વિરાધના હોતી નથી. (પ્રવ. સારોદ્ધાર ૭૨૯) અહીં પ્રસંગત: પાંચ નિર્ગ્રન્થનું સ્વરૂપ જોઈ લઈએ.

※ ૫ નિર્ગ્રન્થ : ગ્રન્થ એટલે બન્ધન.

૧ મિથ્યાત્વ, ૩ વેદ, હાસ્યાદિ ૬, ક્રોધાદિ ૪ = ૧૪

આ ૧૪ ય અભ્યન્તર ગ્રન્થ કહેવાય છે.

૧. ભૂમિ. ૨. મકાન ૩. ધન, ધાન્ય ૪. મિત્રો અને જ્ઞાતિજનો ૫. વાહનો ૬. શયનો ૭. આસનો ૮. દાસ ૯. દાસી ૧૦. કુપ્ય (ઘરવખરી) આ ૧૦ બાહ્ય ગ્રન્થ કહેવાય છે.

બાહ્ય-અભ્યન્તર બે ય ગ્રન્થથી મુક્ત થયેલા સાધુ નિર્ગ્રન્થ કહેવાય છે.

નિર્ગ્રન્થો :- ૧. પુલાક ૨. બકુશ ૩. કુશીલ ૪. નિર્ગ્રન્થ ૫. સ્નાતક દરેક બે બે પ્રકારે છે.

(૧) પુલાક : પુલાક એટલે સત્ત્વ વિનાનું અસાર ધાન્ય. અસાર ચારિત્રવાળો સાધુ પુલાક ધાન્ય જેવો હોઈ પુલાક કહેવાય છે.

તપ અને શ્રુતની આરાધનાથી પ્રગટેલી એવી સંઘાદિના પ્રયોજને, સૈન્યસહિત–ચક્રવર્તીને પણ ચૂરી નાંખવામાં સમર્થ, એવી પોતાની લબ્ધિ (શક્તિ)નો પ્રયોગ કરવા દ્વારા જ્ઞાનાદિ ગુણોમાં અતિચારો લગાડીને જે સાધુ સંયમધર્મના સારને ગાળી નાંખે છે તે અસાર ચારિત્રવાળો સાધુ પુલાક કહેવાય છે. આ નિર્ગ્રન્થ બે ભેદે છે.

લબ્ધિપુલાક અને પ્રતિસેવનાપુલાક.

હમણાં જ ઉપર લબ્ધિપુલાકનું સ્વરૂપ કહ્યું. (અહીં મતાંતર છે તે અન્યત્રથી જોઈ લેવો.)

પ્રતિસેવના પુલાક જ્ઞાન-દર્શન ચરિત્ર-લિંગ અને યથાસૂક્ષ્મ પાંચ ભેદે છે.

જ્ઞાનપુલાક : સૂત્ર પાઠમાં સ્ખલના કરી, ખૂટતા પાઠને જેમ તેમ મેળવી જ્ઞાનની વિરાધના કરતો.

દર્શનપુલાક : મિથ્યાદર્શનની પ્રશંસા વગેરે કરી દર્શનની વિરાધના કરતો.

ચારિત્રપુલાક : મૂલોત્તરગુણની વિરાધના કરતો.

લિંગપુલાક : શાસ્ત્રોક્ત વેષમાં વધારો કરતો, નિષ્કારણ અન્ય સાધુવેષ પહેરતો.

યથાસૂક્ષ્મપુલાક : કંઈક પ્રમાદથી કે માત્ર મનથી અકલ્પ્યને ભોગવતો.

(૨) બકુશ : બકુશ એટલે શબલ, કર્બૂર, વિચિત્ર.

કાંઈક દોષવાળું કાંઈક નિર્દોષ એવું કાબરચીતરું જેને હોય તે બકુશ કહેવાય. આ પણ બે પ્રકારે છે.

(૧) ઉપકરણ બકુશ–અકાળે વસ્ત્રો ધોનારો, પાત્રાદિને રંગનારો વગેરે.

(૨) શરીર બકુશ–ગૃહસ્થના દેખતાં હાથ–પગ ધોનારો, મેલ ઉતારનારો વગેરે.

બન્ને પ્રકારના બકુશના આભોગ–અનાભોગ સંવૃત–અસંવૃત સૂક્ષ્મ એમ ૫–૫ ભેદ છે.

આભોગ : શરીર કે ઉપધિ શોભા અકરણીય જાણવા છતાં તે શોભા કરનારો.

અનાભોગ :– શરીર કે ઉપધિ શોભા અકરણીય જાણવા છતાં સહસા (ઇરાદા વિના) કરનારો.

સંવૃત :– છૂપી ભૂલો કરનારો.

અસંવૃત :– નિર્લજ્જ બનીને ઉઘાડી ભૂલો કરનારો.

સૂક્ષ્મ :– નેત્રમળ દૂર કરવા વગેરે રૂપ સૂક્ષ્મ ભૂલો કરનારો.

આ બધા ય બકુશ વસ્ત્રાદિ ઋદ્ધિની, પ્રશંસાદિ ઇચ્છાવાળા બાહ્યસુખમાં ગૌરવ માનનારા હોય છે માટે દીક્ષાપર્યાયનો છેદ કરવા રૂપ છેદ પ્રાયશ્ચિત્તને યોગ્ય હોય છે. આવાઓનો પરિવાર જંઘાદિને સાફ કરનારો, તૈલાદિથી શરીરને માલિશ કરનારો, કાતરથી કેશ કાપનારો (અવિવિક્ત) હોય છે.

(૩) કુશીલ-મૂલોત્તરગુણ વિરાધવાથી અથવા સંજ્વલન કષાયોદયથી જેનું શીલ (આચાર) કુત્સિત બન્યું હોય તે કુશીલ કહેવાય. આ પણ બે પ્રકારે છે.

આસેવનાકુશીલ :-સંયમથી વિપરીત આચરણ કરનારો.

કષાયકુશીલ :-સંજ્વલનાદિ કષાયવાળો.

પ્રત્યેકના જ્ઞાન-દર્શન-ચરિત્ર-તપ-યથાસૂક્ષ્મ એમ પાંચ ભેદ છે.

આસેવના કુશીલના પાંચ ભેદ :-પોતાના જ્ઞાનાદિથી આજીવિકા મેળવતા કુશીલ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ કુશીલ કહેવાય છે.

પોતાના જ્ઞાનાદિથી જ્ઞાની-તપસ્વી તરીકેની પ્રશંસા સાંભળીને ખુશ થનાર યથાસૂક્ષ્મકુશીલ કહેવાય.

કષાયકુશીલના પાંચ ભેદ :

સંજ્વલનકષાયોદયથી પોતાના જ્ઞાન-દર્શન કે તપથી ક્રોધાદિ કરે તે ક્રમશઃ જ્ઞાનકુશીલ અને તપકુશીલ કહેવાય.

કોઈને પણ શાપ દેનારો ચારિત્રકુશીલ કહેવાય. મનથી માત્ર દ્વેષ કરનારો યથાસૂક્ષ્મકુશીલ કહેવાય.

(૪) નિર્ગ્રન્થ : મોહનીયકર્મરૂપ ગ્રન્થથી પણ છૂટેલો નિર્ગ્રન્થ કહેવાય. તેના બે પ્રકાર છે.

ઉપશાન્તમોહ :-૧૧ મા ગુ.સ્થાનવર્તી

ક્ષીણમોહ :-૧૨ મા વગેરે ગુણસ્થાનવર્તી

પ્રત્યેકના ૫-૫ ભેદ છે.

૧. પ્રથમસમયનિર્ગ્રંન્થ ૩. ચરમસમયનિર્ગ્રંન્થ ૫. યથાસૂક્ષ્મનિર્ગ્રંન્થ
૨. અપ્રથમ ,, ૪. અચરમ ,, ,,

શ્રેણિના અંતર્મુહૂર્તના પહેલા સમયે રહેલો, પહેલા સિવાયના કોઈ પણ સમયમાં વર્તતો અને અંતિમ સમય પહેલાંના કોઈ પણ સમયે વર્તતો-એ ૧ લા ૪ નું સ્વરૂપ ક્રમશઃ જાણવું. અને ૫ મો ભેદ શ્રેણિના કોઈ પણ સમયમાં વર્તતા આત્માનો જાણવો.

(૫) સ્નાતક : શુક્લધ્યાનના જળથી ઘાતીકર્મમળને ધોઈ નાંખનાર મુનિ સ્નાતક કહેવાય છે. તેના બે ભેદ છે.

સયોગી : મન વગેરે યોગના વ્યાપારવાળો-૧૩ મા ગુ.સ્થાનવર્તી
અયોગી : ,, ,, ,, વિનાનો ૧૪ મા ,, ,,

ઉપરોક્ત પાંચ નિગ્રન્થમાંથી પુલાક-નિર્ગ્રંન્થ અને સ્નાતક એ ત્રણનો આર્યજંબુસ્વામીજીના સમયથી વિચ્છેદ થયો છે. ત્યારથી ચરમ-શાસનપતિનું શાસન બકુશ અને કુશીલનિર્ગ્રંન્થથી જ ચલાવાનું કહ્યું છે. (પ્રવ. સારો. ૭૩૦)

યતિધર્મના ૬ ઠ્ઠા વિશિષ્ટ કર્તવ્યના વર્ણનમાં પ્રસંગતઃ પાંચ નિગ્રન્થનું સ્વરૂપ કહેવાઈ ગયું.

* યતિધર્મનું સાતમું વિશિષ્ટ કર્તવ્ય :

**ગુરુદત્ત પ્રાયશ્ચિત્ત વહન કરવું :** લાગેલા અતિચારોનું ગુરુદેવ પાસે આલોચન (કથન) કરતાં તેઓ જે પ્રાયશ્ચિત્ત આપે તેનું વહન કરવું એ સાપેક્ષ યતિધર્મનું વિશિષ્ટ કર્તવ્ય છે.

**દશ પ્રકારનાં પ્રાયશ્ચિત્તનું સ્વરૂપ :**

અહીં પ્રસંગતઃ દશ પ્રકારનાં પ્રાયશ્ચિત્તોનું સ્વરૂપ જોઈ લઈએ.

૧. આલોચના ૨. પ્રતિક્રમણ ૩. મિશ્ર ૪. વિવેક ૫. વ્યુત્સર્ગ ૬. તપ ૭. છેદ ૮. મૂળ ૯ અનવસ્થાપ્ય ૧૦. પારાંચિક

**૧. આલોચના પ્રાયશ્ચિત્ત :** ગુરુની આગળ સ્વ અપરાધોને પ્રગટ કહેવા તે આલોચનારૂપ કથન બે રીતે થાય છે.

(૧) જે ક્રમે અપરાધ સેવ્યા હોય તે ક્રમે કહેવું.

(૨) પ્રથમ નાના અતિચાર કહેવા પછી મોટા–વધુ મોટા કહેવા.

આ આલોચના અપ્રમત્ત સાધુ માટે સમજવી. તેમને ગોચરી વગેરે કાર્યે જતાં–આવતાં સમ્યગ્ ઉપયોગવાળા હોય છે તેથી શુદ્ધ ભાવનાને લીધે જેને અતિચાર ન લાગ્યો હોય તેમને આ પ્રાયશ્ચિત્ત કરવાનું છે કેમ કે અતિચારવાળા પ્રમત્ત મુનિ વગેરેને તો ઉપર ઉપરના પ્રાયશ્ચિત્તનો સંભવ રહે છે. કેવલિ ભગવંતો કૃતકૃત્ય હોવાથી તેમને આલો. પ્રાયઃ હોતું નથી. અપ્રમત્ત મુનિને અતિચાર લાગ્યો ન હોવા છતાં તેમની ક્રિયામાં સૂક્ષ્મ પ્રમાદ નિમિત્તભૂત હોવાથી પણ તેમની ક્રિયા કર્મબન્ધવાળી હોવાથી સંભવ છે માટે તેમને આલોચના–પ્રાયશ્ચિત્ત નિષ્ફળ નથી.

**૨. પ્રતિક્રમણ–પ્રાયશ્ચિત્ત :** અતિચારથી પાછા ફરવું તે પ્રતિક્રમણ. અર્થાત્ પશ્ચાત્તાપથી મિથ્યાદુષ્કૃત દેવપૂર્વક પુનઃ આવો અપરાધ નહિ કરવાનો નિશ્ચય કરવો તેને પ્રતિક્રમણ કહેવાય.

પ્રવચનમાતા વગેરેના પાલનમાં સહસા કે અનુપયોગે પ્રમાદથી ભૂલ થાય ત્યારે ગુરુ સન્મુખ આલોચના (પ્રાયશ્ચિત્ત રૂપ કથન) કર્યા વિના 'મિચ્છામિ દુક્કડં' કહેવા રૂપ આ પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત કરવામાં આવે છે.

**૩. મિશ્ર :** ઉક્ત આલોચના અને પ્રતિક્રમણ–ઉભય જેમાં હોય તે મિશ્ર પ્રાયશ્ચિત્ત કહેવાય. તેમાં પ્રથમ ગુરુની સમક્ષ સૂક્ષ્મ અતિચારની આલોચના કરે પછી ગુરુના આદેશથી 'મિ.દુક્કડં' દે.

આ પ્રાયશ્ચિત્ત ઇષ્ટાનિષ્ટ વિષયમાં રાગાદિ સંશયવાળાને સમજવું. રાગાદિના નિશ્ચયવાળાને તો છઠ્ઠું તપ પ્રાયશ્ચિત્ત આવે.

**૪. વિવેક :** દોષિત આહાર–પાણી–ઉપધિ–વસતિ વગેરેનો ત્યાગ કરવો. તેને વિવેક કહેવાય. ઉપલક્ષણથી ક્ષેત્રાતીત–કાલાતીત આહાર વગેરેનો પણ ત્યાગ સમજવો.

૫. વ્યુત્સર્ગ : ઉક્ત અનેષણીયાદિનો ત્યાગ, ગમનાગમન, સાવદ્ય-સ્વપ્નદર્શન, નદી-ઉત્તરણ, લઘુ-વડીનીતિ પરઠવવાની વગેરે પ્રવૃતિ બાદ યથોક્ત કાયોત્સર્ગ કરવો તેને વ્યુત્સર્ગ-પ્રાયશ્ચિત્ત કહેવાય છે.

૬. તપ : છેદગ્રન્થો અને જીતકલ્પમાં કહ્યા પ્રમાણે જે તપથી જે અતિચારશુદ્ધિ થાય તે તે તપ આલોચકને ગુરુ આપે, આલોચક તે તપ કરી આપે.

આ પ્રાયશ્ચિત્ત સચિત્ત પૃથ્વ્યાદિનો સંઘટ્ટો થાય ત્યારે જઘન્યથી નીવિથી આરંભીને ઉત્કૃષ્ટથી છ માસના ઉપવાસ સુધીનું અપાય છે.

૭. છેદ : તપ પ્રાયશ્ચિત્તથી પણ ન સુધરે તેવા સાધુને ૫ વગેરે અહોરાત્રિના ચારિત્રપર્યાયનો છેદ કરી દેવામાં આવે છે. કેટલાંક તપ કરી શકતા સાધુ તપ-પ્રાયશ્ચિત્ત ગમે તેટલું આવે તો તેને વહી લે છે અને સુધરતા નથી, તેમને અથવા તપમાં અસમર્થ ગ્લાનાદિને અથવા નિષ્કારણ અપવાદમાર્ગ સેવનારાને આ પ્રાયશ્ચિત્ત અપાય છે.

૮. મૂળ : મહાવ્રતો ફરીથી ઉચ્ચરાવવા તે મૂળ પ્રાયશ્ચિત્ત કહેવાય છે.

આ પ્રાયશ્ચિત્ત વારંવાર જાણી સમજીને (આકુટ્ટીથી) પંચે જીવની હત્યા કરે, અહંકારથી મૈથુન સેવે, ઉત્કૃષ્ટ મૃષાવાદ સેવે કે અદત્તાદાન પરિગ્રહ કરે અથવા લઘુ મૃષાવાદાદિને વારંવાર સેવે તેને આપવામાં આવે છે.

૯. અનવસ્થાપ્યતા : પુનઃ વ્રતોચ્ચારણ (અવસ્થાપન) ન કરી શકાય તેવી મોટી વિરાધનાવાળા, અતિદુષ્ટ પરિણામવાળા આલોચક સાધુને આપેલો તપ જ્યાં સુધી તે પૂર્ણ ન કરે ત્યાં સુધી પુનઃ વ્રતો ઉચ્ચરાવવા નહિ. એવું જે પ્રાયશ્ચિત્ત તે અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત કહેવાય. (તે સાધુને પણ અનવસ્થાપ્ય કહેવાય.) એવા સાધુને તપ પણ એવો અપાય કે જેને વહતાં તે તદ્દન અશક્ત થઈ જાય. ઊઠવું, બેસવું પણ ભારે પડી જાય. તે વખતે તે સાધુ બીજા સાધુઓને પ્રાર્થના કરે, "હે સાધુઓ! મારી ઊભા થવાની ઇચ્છા છે." આ

વખતે અન્ય સાધુઓ કશું ન બોલતાં માત્ર તેનું કામ કરી આપે. આ રીતે તપ કર્યા પછી તેને વ્રતોચ્ચારણ કરાવાય.

જે સાધુ લાઠી, મુઠ્ઠી વગેરેથી મારવાનો કે મરવાનો પણ ભય છોડીને નિર્દયતાથી સ્વને કે પરને પ્રહાર કરવારૂપ અતિદુષ્ટ અધ્યવસાયને સેવે તેને આ પ્રાયશ્ચિત્ત અપાય છે.

૧૦. પારાંચિક: જેનાથી હવે કોઈ મોટું પ્રાયશ્ચિત્ત નથી માટે જે સઘળા પ્રાયશ્ચિત્તનો પાર પામેલું છે. તે પારાંચિક પ્રાયશ્ચિત્ત કહેવાય છે.

સાધ્વી કે રાજપત્નીને ભોગવનાર સાધુ, સાધ્વી કે રાજા વગેરે ઉત્તમ મનુષ્યો વધ વગેરે કરવારૂપ મોટો અપરાધ કરનાર સાધુને (આચાર્યને) કુલ–ગણ અને સંઘથી પણ બહાર મૂકવા માટે અપાય છે. તે જઘન્યથી ૬ માસ અને ઉ.થી ૧૨ વર્ષ સુધીનું હોય છે. તેટલા કાળ પછી શુદ્ધ થયેલાને પુનઃ દીક્ષા અપાય અન્યથા નહિ. આ પ્રાયશ્ચિત્ત કેવળ આચાર્યને જ અપાય છે. પ્રાયશ્ચિત્ત વહન કરવાના કાળ દરમિયાન તે અપ્રગટ રૂપે સાધુ વેશ રાખીને, જ્યાં ન વિચર્યાં હોય તેવા અજાણ્યા લોકોના પ્રદેશમાં રહીને અત્યુગ્ર તપ કરે ત્યારે પૂર્ણ થાય છે.

ઉપાધ્યાયને તો દશમા પ્રાયશ્ચિત્તને યોગ્ય અપરાધના બદલામાં પણ ૯ મું અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત જ અપાય અને સામાન્ય સાધુને અમે તેટલા મોટા અપરાધે વધુમાં વધુ આઠમું મૂળ પ્રાયશ્ચિત્ત જ અપાય.

૧. આશાતના અનવ, ૨. પ્રતિસેવા અનવ.

તેમાં પહેલું તીર્થંકર, ગણધરાદિ ઉત્તમોત્તમ પુરુષની અવહીલના કરે તેને જઘન્યથી છ માસ, ઉ.થી એક વર્ષ સુધીનું અપાય છે. બીજું તો હાથેથી માર મારવો, સમાનધર્મી, સાધુઓની કે અન્ય ધર્મીની ચોરી કરવી વગેરે કુકૃત્યો કરનારને જઘન્યથી એક વર્ષ ઉ.થી ૧૨ વર્ષ સુધીનું પ્રાયશ્ચિત્ત અપાય છે.

૯ મું અને ૧૦ મું પ્રાયશ્ચિત્ત ૧૪ પૂર્વી અને પ્રથમસંઘયણી સાધુઓના કાળ સુધી જ હતું. ત્યાર પછી તે બે ય વિચ્છેદ પામ્યા છે. મૂલ પ્રાયશ્ચિત્ત સુધીના આઠ પ્રાયશ્ચિત્ત શાસનપતિના કાળના છેલ્લા આચાર્ય દુપ્પસહસૂરિજીના કાળ સુધી રહેશે.

* યતિધર્મનું આઠમું વિશિષ્ટ કર્તવ્ય :

ઉપસર્ગો સહવા (ઉપસર્ગતિતિક્ષા)

સમીપમાં (ઉપ) આવીને જે થાય (દૂરથી ન થાય) તેને ઉપસર્ગ કહેવાય યોગશાસ્ત્રના ૩ જા પ્રકાશમાં (૧૫૩મી ગાથાની ટીકામાં) આ અંગે જે કહ્યું છે તે જ અહીં વિચારીએ.

દેવથી-મનુષ્યથી-તિર્યંચથી અને-પોતાનાથી એમ ૪ પ્રકારના ઉપસર્ગો છે. હાસ્યથી-દ્વેષથી-રોષથી અને એ ત્રણેયના મિશ્રણથી એમ દેવી ઉપસર્ગ ૪ પ્રકારે થાય છે.

હાસ્યથી-દ્વેષથી-રોષથી-દુરાચારીની સોબતથી મનુષ્યકૃત ઉપ. ૪ પ્રકારે છે.

ભયથી-ક્રોધથી-આહાર મેળવવા અને બચ્ચાના રક્ષણ માટે તિર્યંચ તરફથી ૪ પ્રકારે ઉપસર્ગ થાય.

અને સ્વયં અથડાવું, થંભવું, વળગી પડવું તથા પડતું મૂકવું એ ૪ પ્રકારે સ્વયં ઉપસર્ગ થાય.

અથવા વાત-પિત્ત-કફ અને ત્રિદોષ (સન્નિપાત)થી સ્વકૃત ઉપ. ના ૪ પ્રકાર થાય.

આ ૧૬ પ્રકારના ઉપસર્ગને સમતાથી સહવા એ સાપેક્ષ યતિધર્મ છે.

* સાપેક્ષ યતિધર્મનું નવમું વિશિષ્ટ કર્તવ્ય :

પરિષહજય :

મોક્ષમાર્ગમાં સ્થિર થવા માટે, કર્મનિર્જરા માટે જે પુનઃ પુનઃ સહવામાં આવે તે પરિષહ કહેવાય.

આવા પરિષહના ૨૨ પ્રકાર છે. તેનો જય (એટલે પરાભવ) કરવો તે સાપેક્ષ યતિધર્મ છે.

* ૨૨. પરિષહ :

અહીં સંક્ષેપમાં ૨૨ પરિષહનું સ્વરૂપ જોઈ લઈએ.

૧. ક્ષુધા-ભૂખથી પીડાવા છતાં સાધુ એષણા સમિતિમાં દોષ ન સેવે કિન્તુ દીન બન્યા વિના અપ્રમતપણે નિર્દોષ આહારાદિ માટે ફરે.

૨. તૃષા-વિહારાદિમાં તૃષાર્ત થવા છતાં અદીન બની રહે. સચિત ઠંડા પાણીની ઇચ્છા ન કરે.

૩. શીત-ઠંડીથી પરાભવ પામવા છતાં વૃક્ષની છાલ વગેરેની કે વસ્ત્રોના અભાવમાં અકલ્પ વસ્ત્રની ઇચ્છા ન કરે. મળે તો તેવા અકલ્પ્યનો સ્વીકાર ન કરે અને અગ્નિ સહાય પણ ન લે.

૪. ઉષ્ણ-ગરમીથી પીડાવા છતાં મુનિ તેની નિંદા ન કરે કે પંખો, છાંયડો, પાણી છાંટવા વગેરેની ઇચ્છા પણ ન કરે.

૫. ડાંસ-મચ્છર-જન્તુ કરડવા છતાં તેની ઉપર દ્વેષાદિ ન કરે, ઉડાડે પણ નહિ, પીડા સહે.

૬. નગ્નતા-જીર્ણ-તુચ્છ વસ્ત્ર પહેરવા છતાં, 'મારે વસ્ત્ર નથી,' 'ખરાબ છે' 'સારું છે' ઇત્યાદિ રાગ-રોષ ન કરે. કુવિકલ્પ ન કરે.

૭. અરતિ-ધર્મથી અનુભવાતા આરામમાં આનંદ માનતો મુનિ ચાલવામાં, ઊભા રહેવામાં કે બેસી રહેવામાં કદાપિ ખેદ (અરતિ) ન કરે કિન્તુ સ્વસ્થ રહે.

૮. સ્ત્રી-સ્ત્રીના વિચારમાત્રથી ધર્મનાશને સમજતો મુનિ તેના ભોગનો વિચાર પણ ન કરે.

૯. વિહાર-ક્યાંય સ્થિર ન રહેતાં અભિગ્રહો કરીને મુનિ ફરતો રહે.

૧૦. આસન-સ્ત્રી-પશુ-પંડકરૂપ ભાવ કાંટાથી રહિત, સ્મશાનાદિને આસન માનીને નિર્ભયતાપૂર્વક શરીર મમત્વ રહિત તે મુનિ ત્યાં રહે, બધું સહે.

૧૧. શય્યા (ઉપાશ્રય)–સારા–નરસા ઉપાશ્રયના સુખદુઃખને સહતો તેમાં સમ રહે.

૧૨. આક્રોશ-કોઈ આક્રોશ કરે તો તેની સામે ન થાય, તેનોય ઉપકાર માને.

૧૩. વધ–કોઈ તાડન–તર્જન કરે તો ય સમતાથી સહે, તેની કરુણા જ ચિન્તવે.

૧૪. યાચના–યાચનામાં દુઃખ ન ધરે, પુનઃ ગૃહસ્થ બનવાની ઇચ્છા ન કરે.

૧૫. અલાભ–લાભાન્તરાય કર્મોદયથી વસ્ત્રાદિ ન મળે તો પણ ખેદ ન કરે કર્મક્ષયોપ. થી મળે તો હર્ષ પણ ન ધરે. સમતા જ ધારણ કરે.

૧૬. રોગ–રોગો જાગતાં ખિન્ન ન થાય; ઔષધની ઇચ્છા પણ ન કરે. દેહને આત્માથી ભિન્ન માનીને દીનતા વિના સહે. કદાચ ઔષધ કરે તો ય સંયમના જ ધ્યેયથી કરે.

૧૭. તૃણસ્પર્શ–વસ્ત્રોના અભાવે કે વસ્ત્રોની ઓછાશ વગેરે કારણે તૃણાદિ પાથરીને સૂવે, તેના કર્કશ સ્પર્શને સહે, કોમળ સ્પર્શની ઇચ્છા ન કરે.

૧૮. મલ–પરસેવા વગેરે રૂપ શરીર મેલથી ઉદ્વિગ્ન ન થાય, સ્નાનને ઇચ્છે નહિ, મેલ ઉતારે નહિ, કિન્તુ શરીરની અશુચિતાનું ધ્યાન ધરતો તે બધું સમભાવે સહી લે.

૧૯. સત્કાર–કોઈ મારો સત્કાર વગેરે કરે તેમ ન ઇચ્છે. કોઈ સત્કાર ન કરે તો દીન ન થાય, સત્કાર કરે તો હર્ષ પણ ન પામે.

૨૦. પ્રજ્ઞા–બુદ્ધિમાન મુનિ બુદ્ધિના ઉત્કર્ષથી અહંકાર ન કરે કિન્તુ 'પોતે ઘણો અજ્ઞાન છે' એમ સમજીને અલ્પજ્ઞાની પ્રત્યે વાત્સલ્ય કરે.

૨૧. આજ્ઞાન-ન ભણી શકનાર મુનિ અને છદ્મસ્થભાવના અનંત અજ્ઞાનના અભાવવાળો જ્ઞાની મુનિ-એ બે ખેદ ન પામે. જ્ઞાનની પ્રાપ્તિ ક્રમશઃ થાય છે એમ સમજી જ્ઞાનાર્જનમાં ઉદ્યમી બને.

૨૨. સમ્યક્ત્વ-સમ્યક્ત્વવાન મુનિ, સમ્યક્ત્વ ડગાવવાના કોઈ પણ યત્નથી ચલાયમાન ન થાય.

આ પરિષહો જ્ઞાનય, વેદનીય, મોહનીય અને અન્તરાયકર્મના ઉદયવાળાને સંભવિત છે.

વેદનીયના ઉદયથી-ક્ષુધા-તૃષા-શીત-ઉષ્ણ.

દંસા-ચર્યા-વસતિ.

વધ-રોગ-તૃણસ્પર્શ-મેલ = ૧૧.

જ્ઞાના વ. ના ઉદયથી-પ્રજ્ઞા અને અજ્ઞાનપરિ = ૨

અંતરાય ,, ,,-અલાભ પરિષહ = ૧

આ ૧૪ ઉપસર્ગ છદ્મસ્થાને જ હોય છે.

આમાંના ક્ષુધા-પિપાસા, શીત-ઉષ્ણ, દંશ-વિહાર-વધ-મેલ-શય્યા, રોગ તથા તૃણસ્પર્શ એ ૧૧ વેદનીય કર્મના ઉદયથી થતા હોવાથી છદ્મસ્થ ઉપરાન્ત કેવળીને (જિનને) પણ હોય છે.

ગુણસ્થાનની દૃષ્ટિએ : ૯ મા ગુ.સ્થાન સુધી ૨૨ પરિષહો

૧૦માામાં ૧૪

૧૧, ૧૨ મે. ૧૪ અને કેવલિને

૧૧ પરિષહો હોય છે.

૧૦ મે ગુણસ્થાને અચેલક, અરતિ, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના, સત્કાર અને (દર્શનમોહ. ચારિ. મોહ.જન્ય) ૮ સિવાયના ૧૪ હોય.

૧૧ મે ૧૨ મે પણ એ જ ૧૪ હોય.

૧૩ મે ૧૪ મે વેદનીય કર્મોદયજન્ય ૧૧ હોય.

એક કાળે ઉત્કૃષ્ટથી એક જીવને ૨૦ પરિષહ (શીત-ઉષ્ણ બેમાંથી એક કાળે ગમે તે એક જ હોઈ શકે. વિહાર-વસતિ એ બેમાંથી પણ એક કાળે ગમે તે એક જ હોઈ શકે માટે) હોય.

યતિધર્મના આ ૯ વિશિષ્ટ કર્તવ્યોનું ભાવપૂર્વક નિર્મળ મનથી પાલન કરનારને પ્રાપ્ત થએલા ચારિત્રના અધ્યવસાયોનું રક્ષણ થાય છે, અપ્રાપ્તની પ્રાપ્તિ થાય છે. માટે તેનું યથાવિધ પાલન કરવું જ જોઈએ. જો વ્રતો સ્વીકારવા માત્રથી જ પરિણામ પ્રાપ્તિ-રક્ષા-વૃદ્ધિ થતાં હોય તો દ્રવ્યસંયમી અભવ્યને પણ તેમ થવું જોઈતું હતું. માત્ર સામાયિક ચારિત્રથી પણ મુક્તિ થઈ શકે કિન્તુ તે રાજમાર્ગ નથી. રાજમાર્ગ તો મહાવ્રતો સ્વીકારવા રૂપ છેદોપસ્થાપના નામના બીજા પ્રકારના ચારિત્રને સ્વીકારીને ગુર્વાજ્ઞાપાલનપૂર્વક ગુ. સ્થાનોની વૃદ્ધિ કરવી તે જ છે. તે માટે જ ગચ્છવાસાદિ ૯ વિશિષ્ટ કર્તવ્યોનું પાલન કરવાનું છે.

પ્ર. તમે ચારિત્રધર્મને આટલું બધું મહત્ત્વ કેમ આપો છો ? શાસ્ત્રમાં તો કહ્યું છે કે ચારિત્ર વિના પણ મુક્તિ થાય છે. સમ્યગ્દર્શન વિના કદી મુક્તિ થતી નથી.

ઉ. ત્યાં ચારિત્રથી દ્રવ્યચારિત્ર લેવાનું છે. અર્થાત્ દ્રવ્યચારિત્ર વિના પણ ભરતાદિને જેમ મુક્તિ થઇ શકે છે પરન્તુ સમ્યગ્દર્શન વિના તો કોઇની ય મુક્તિ થતી નથી. પરન્તુ અહીં પણ એમ ન સમજવું કે દ્રવ્ય ચારિત્ર અકિંચિત્કાર છે કેમ કે ભરતાદિને પણ જે ભાવચારિત્ર પ્રાપ્ત થયેલું તેને લાવી આપનાર તો પૂર્વજન્મનું દ્રવ્યચારિત્ર જ હતું. વળી આવું પણ કદાચિત્ બને છે માટે રાજમાર્ગે તો દ્રવ્ય-ચારિત્ર આવશ્યક જ સમજવું. ઉપરોક્ત વચન નિશ્ચયનયની દૃષ્ટિનું છે.

*** સાપેક્ષ યતિધર્મનું ૧૦ મું (અંતિમ) વિશિષ્ટ કર્તવ્ય :**

* **સંલેખના-વિધિપૂર્વક** દેહ-કષાયો વગેરે જેનાથી ઘસાય-ક્ષીણ થાય તેવી વિશિષ્ટ કોટિની તપઃક્રિયાને સંલેખના કહેવાય છે. આ વિશિષ્ટ સંલેખના અંતકાળે કરવી તે સાપેક્ષ યતિધર્મ છે.

ગણિપદ વગેરેને વહન કર્યા પછી ગચ્છના રક્ષણ-પાલનની જવાબદારી પૂર્ણ થતાં સાધુએ કાં તો અભ્યુદ્યતવિહાર (જિનકલ્પ) સ્વીકારવો જોઈએ. અથવા અભ્યુદ્યત મરણ (અનશન) સ્વીકારવું જોઈએ.

અભ્યુદ્યત વિહારનું વર્ણન આગળ નિરપેક્ષ યતિધર્મમાં કરશું. અભ્યુદ્યત મરણ પ્રાયઃ સંલેખનાપૂર્વક હોય છે.

માટે અહીં પ્રથમ સંલેખનાનું સંક્ષિપ્ત સ્વરૂપ જોઈએ (આ સંલેખના ગૃહસ્થો પણ કરી શકે છે.)

* સંલેખના-૩ પ્રકારની—
- ઉત્કૃષ્ટ-૧૨ વર્ષની
- મધ્યમ-૧૨ માસની
- જઘન્ય-૧૨ પખવાડિયાની.

(i) **ઉત્કૃષ્ટ સંલેખન** : ૧ લા ૪ વર્ષ ૧-૨-૩ વગેરે ઉપવાસોથી કરે અને પંચેન્દ્રિયપોષક નિર્દોષ આહારથી પારણું કરે.

૨ જા ૪ વર્ષ તે જ રીતે તપ કરે પરન્તુ પારણે નીવિ કરે.

પછીના ૨ વર્ષ એકાન્તર આયંબિલ કરે. (ઉપ. આયં.) પછીના ૬ માસ ૧ કે ૨ ઉપવાસ કરે. અઠ્ઠમ વગેરે ન કરે.

પારણે ઉનોદરીપૂર્વક આયંબિલ કરે.

ત્યાર પછીના ૬ માસ અઠ્ઠમ વગેરે ઉગ્ર તપ કરે અને વહેલું મરણ ન થાય તે માટે પારણે તૃપ્તિ થાય તેવી રીતે આયંબિલ કરે.

૧૨ મા છેલ્લા વર્ષે નિત્ય આયંબિલ કરે. આ ૧૨ મા વર્ષમાં પ્રતિદિન એકેક કોળિયો આહાર ઘટાડતાં ૧ કોળિયા સુધી પહોંચે. જેમ દીવામાં તેલ અને વાટનો એકસાથે ક્ષય થાય તેમ અહીં શરીર અને આયુનો એકસાથે ક્ષય થવો જોઈએ.

૧૨ મા વર્ષના છેલ્લા ૪ માસમાં એકાન્તરે તેલનો કોગળો ચિરકાળ સુધી મોંમાં ભરીને રાખી મૂકે. પછી શ્લેષ્મ-કુંડીની ભસ્મમાં તે કોગળો થૂંકીને ઉષ્ણ પાણીથી મુખ સાફ કરે. જો આમ ન કરે તો વાયુથી મોં સુકાઈ જતાં જડબાં બંધ થઈ જવા સંભવ છે કે છેલ્લે સમયે નમસ્કાર મન્ત્રનું ઉચ્ચારણ પણ થઈ શકે નહિ.

(ii) **મધ્યમ સંલેખના**-ઉત્કૃષ્ટની જેમ ૧૨ માસ સુધી કરવી.

(iii) **જઘન્ય સંલેખના** :- ઉત્કૃષ્ટની જેમ ૧૨ પખવાડિયા સુધી કરવી. આ રીતે શરીરને સંલેખના કરવામાં ન આવે તો માંસ વગેરે ધાતુઓ એકસાથે ક્ષીણ થતાં મરણ કાલે આર્તધ્યાન થાય માટે સંલેખના કરવી જરૂરી છે.

**પ્ર.** આ સંલેખના આપઘાત ન કહેવાય ?

ઉ. આત્મહત્યાનું લક્ષણ એ છે કે મોહમૂઢતાદિને લીધે કરાતી રાગાદિ દોષોથી પૂર્ણ અને જિનાજ્ઞાવિરુદ્ધ એવી સ્વની હત્યા તે આત્મહત્યા કહેવાય. તેને જ પંચવસ્તુમાં (૧૫૮૬) અતિપાત ક્રિયા કહી છે. પરન્તુ વધના એ લક્ષણો વિનાની, નિયમા શુભ-ભાવને વધારનારી સંલેખનારૂપ ક્રિયા તો વિહિત એવી શુદ્ધક્રિયા જ કહેવાય.

જેમ ઓપરેશનની દુઃખદાયક ક્રિયા ભાવિના હિતની દષ્ટિએ ઉપાદેય ગણાય છે. તેમ સંલેખના પણ અનેક જન્મમરણોના ત્રાસથી મુક્ત થવા રૂપ ભાવિના હિતની દષ્ટિએ હોઇને ઉપાદેય જ છે. અસ્તુ.

આ સંલેખનાના પાંચ અતિચાર કહ્યા છે.

૧. આલોક સુખ વાંછા ૨. પરલોક સુખ વાંછા ૩. જીવવાની વાંછા ૪. મરવાની વાંછા ૫. નિયાણું.

સંલેખના બાદ થતી પૂજા-ભક્તિ જોઇને જીવવાની ઇચ્છા રૂપ ૩ જો

,, ,, ,, પૂજા-ભક્તિ ન જોઇ મરવાની ઇચ્છા રૂપ ૪ થો અતિચાર દુષ્કર તપથી જન્માન્તરમાં ચક્રવર્ત્યાદિ પદની ઇચ્છારૂપ ૫ મો અતિચાર સમજવો.

આ રીતે સંલેખના સ્વીકાર્યા બાદ વિધિપૂર્વક અભ્યુદ્યત મરણનો સ્વીકાર કરવો. આ મરણના ત્રણ પ્રકાર છે.

*** મરણના ૩ પ્રકાર**

૧. પાદપોગમન ૨. ઇંગિની ૩. ભક્તપરિજ્ઞા

(i) **પાદપોગમન**–પાદપ એટલે વૃક્ષ. વૃક્ષની જેમ સર્વ આહાર અને સર્વ ચેષ્ટા ત્યાગીને નિશ્ચલ પડી રહેવું. આ અનશન ૧ લા સંઘયણવાળાને જ હોઈ શકે છે.

આ અનશનના બે પ્રકાર છે.

૧. વ્યાઘાતરહિત :– ઉપર કહ્યું તે પ્રમાણે.

૨. વ્યાઘાતસહિત :– સખત વ્યાધિ વગેરેની પીડાથી, સિંહાદિના આક્રમણથી ઉત્પન્ન થએલી મહાવેદનાથી હવે આયુને ઉપક્રમ લાગશે (લાંબુ નહિ જીવાય) એમ જાણી શકે તેવા ગીતાર્થને જ હોઇ શકે છે.

બે ય પ્રકારના પાદપોપગમન અનશન ૧૪ પૂર્વીની સાથે વિચ્છેદ પામ્યા છે.

(ii) **ઇંગિનીમરણ**–સર્વ આહારના ત્યાગી અને પરિમિત ચેષ્ટાવાળાને આ અનશન હોય છે.

આ અનશનની છાયાથી તાપમાં, તાપથી છાયામાં જવા-આવવાની છૂટ-પૂર્વક નિશ્ચિત કરેલા મર્યાદિત પ્રદેશોમાં ચેષ્ટા કરવા છતાં સમ્યગ્ ધ્યાનમાં લીન બનીને પ્રાણોને તજે છે. તેઓ બીજા પાસે સેવા ન કરાવે કિન્તુ સ્વયં પડખું ફેરવે, લઘુ-વડીનીતિ કરે કે ન પણ કરે, દીર્ઘઅવી પ્રતિલેખનાદિ પણ કરે.

(iii) **ભક્તપરિજ્ઞા** : ચારે ય પ્રકારના અથવા પાણી સિવાયના ૩ પ્રકારના આહારનો સર્વથા ત્યાગ કરવાથી આ અનશન હોય છે. અહીં સ્વયં પરિકર્મ કરે અને બીજા પાસે પણ કરાવી શકે છે.

આ અનશનવાળાને ઉત્કૃષ્ટથી ૪૮ નિર્યામકો (અંતકાળે આરાધના કરાવનાર) હોય છે. એટલા પ્રમાણમાં ન હોય તો છેવટે બે નિર્યામક તો અવશ્ય જોઇએ. જેમાંનો એક અનશનીની પાસે રહે અને બીજો આહારપાણીની ગવેષણા કરવા બહાર ફરે.

સર્વ સાધ્વી, પ્રથમ સંઘયણરહિત સર્વ સાધુ, સર્વદેશવિરતિધરો પણ આ અનશન કરી શકે છે.

આ ૩ ય અનશનોનું ફળ મોક્ષ અથવા વૈમાનિક દેવલોકની પ્રાપ્તિ છે.

* અનશનમાં અવશ્ય-વર્જ્ય દુષ્ટ ભાવનાઓ :

૧. કાન્દર્પી : કન્દર્પ = કામ. કામની મુખ્યતાવાળી મશ્કરી વગેરેમાં આસક્ત કન્દર્પજાતિના દેવોની ભાવના.

૨. કૈલ્બિષિકી : પાપકારી, અસ્પૃશ્ય દેવો કિલ્બિષ કહેવાય છે તેમની ભાવનાઓ.

૩. આભિયોગિક : નોકર તુલ્ય દેવોની જાતિ = આભિયોગિક, તેમની ભાવનાઓ.

૪. આસુરી : ભવનપતિદેવની એક જાતિ આસુરી નામની છે તેમની ભાવનાઓ

૫. સાંમોહી : સંમોહ પામતા દેવો 'સંમોહા' કહેવાય છે. તેમની ભાવનાઓ.

વારંવાર તેવા સ્વભાવવાળું વર્તન કરવાનું અનશનીએ તો વિશેષત: તજી દેવું જોઇએ.

ચારિત્રી પણ જો આવી ભાવના સેવે તો તે ભાવનાવાળી હલકી જાતિમાં ઉત્પન્ન થાય છે.

પ્રત્યેક ભાવનાના પુન: ૫-૫ પ્રકાર છે તેનું વર્ણન પંચવસ્તુ યોગશાસ્ત્રાદિ ગ્રન્થથી જોઈ લેવું.

અનશની કાળધર્મ પામે ત્યાર પછી તેના દેહનો વ્યુત્સર્ગ કરવા માટે મહાપરિષ્ઠાપનિકા વિધિ હોય છે. અહીં ગ્રન્થવિસ્તાર-ભયથી તેનું સ્વરૂપ વર્ણન નહિ કરીએ. ધર્મસંગ્રહ આદિ ગ્રન્થોથી જોઇ લેવું.

આ સાપેક્ષ યતિધર્મના નિરતિચાર સેવનથી મુક્તિ ફળ પ્રાપ્ત થાય છે. જીવનમાં અતિચાર લાગી જાય તે સુસંભવિત છે પરન્તુ પ્રાયશ્ચિત્તથી તેની શુદ્ધિ કરી લેવાથી વિશુદ્ધ બનતો તે યતિધર્મ

અવશ્ય મુક્તિપ્રદ બને છે. આ જ કારણે ૧૨ ય તપમાં સૌથી મહત્ત્વની પ્રાયશ્ચિત્ત નામનો તપ કહેવામાં આવ્યો છે. આ યતિધર્મ તીર્થની અવિચ્છિન્ન પ્રવૃત્તિનું કારણ બને છે, ઉપદેશાદિ પરાર્થ દ્વારા અનેકને ઉપકારક બને છે અને એ રીતે પરોપકારરૂપ પોતાના કર્તવ્યની પણ પૂર્ણાહુતિ થાય છે. આમ સ્વ-પરને ઉપકારક હોવાથી આ ધર્મ અવશ્યમેવ મુક્તિદાયક બને છે.

હવે સંક્ષેપમાં નિરપેક્ષયતિધર્મનું સ્વરૂપ વિચારીને સાધુ ધર્મનું વિવેચન પૂર્ણ કરીશું.

[ ૨૧ ]

ગચ્છવાસના (સાપેક્ષ યતિધર્મના) પૂર્ણ પાલનથી કૃતાર્થ થએલા અતિ સામર્થ્યવાન્ સાધુએ પ્રમાદનો પરિહાર કરવા માટે નિરપેક્ષ યતિધર્મ સ્વીકારવો જોઈએ.

આ યતિધર્મ ૧ લા ૩ સંઘયણવાળાને જ હોઈ શકે છે કેમ કે તેઓ જ અતિ સામર્થ્યવાળા હોય છે.

નિરપેક્ષ યતિધર્મ ૩ પ્રકારે છે.

૧. જિનકલ્પિક ૨. પરિહારવિશુદ્ધિક ૩. યથાલન્દિક.

૧. જિનકલ્પિક : જિનેશ્વરતુલ્ય આચારવાળા ઉગ્રતમ સાધના કરતા આત્માઓનો આચાર તે જિનકલ્પ કહેવાય.

(૨) પરિહારવિશુદ્ધિક : પરિહાર એટલે વિશિષ્ટ જાતિનો તપ; તેને આચારનાર સાધુ પરિહારિક કહેવાય. તેને 'શુદ્ધ' વિશેષણ લગાડતાં શુદ્ધપરિહારિક-કે પરિહારવિશુદ્ધિક કહેવાય.

(૩) યથાલન્દ : યથાલન્દ એટલે એ કલ્પને અનુરૂપ અમુક કાળ. તેટલો કાળ-કલ્પ પ્રમાણે આચરણ કરે તે સાધુ યથાલન્દિક કહેવાય. (૧૨ પ્રતિમાઓનું પાલન કરવું તે પણ નિરપેક્ષ ગણાવચ્છેદક યતિધર્મ છે.)

આ નિર.યતિ. ધર્મના અધિકારી પ્રાય: આચાર્યાદિ પાંચ પદસ્થ-પુરુષો જ છે. ( ગણી-ગચ્છાધિપતિ-ઉપાધ્યાય-પ્રવર્ત્તક-સ્થવર-ગણાવચ્છેદક )

આ કલ્પો સ્વીકારતાં પૂર્વે સ્વ-પરોપકાર પોતાના સુકૃતને વિચારતા મહાત્મા પોતાનું આયુબળ જાણે અને જો અલ્પાયુ હોય

તો ગમે તે એક અનશન (પાદપોપગમનાદિ) સ્વીકારે. આયુ દીર્ઘ હોય અને શક્તિ સારી હોય તો જિનકલ્પક વગેરેમાંથી એક નિરપેક્ષ યતિધર્મ સ્વીકારે અને જંઘાબળ ક્ષીણ થયું હોય તો સ્થિરવાસ સ્વીકારે.

જે મહાત્મા જિનકલ્પાદિ સ્વીકારે તે સ્વગચ્છને અમુક કાળ માટે યોગ્ય આચાર્યની નિશ્રામાં મૂકે અને તેમની લાયકાત જુએ. જો ગચ્છભાર વહવા માટે યોગ્ય જાણે તો પછી તે મહાત્મા પાંચ તુલના વડે પોતાના આત્માનું સામર્થ્ય કેળવે.

૫ તુલના :

૧. **તપથી :** ગમે તેવા સંયોગમાં ૬ માસ સુધી આહાર વિના ચલાવી શકાય તેવો દેહને કેળવે.

૨. **સત્વથી :** ભય અને નિદ્રા ઉપર વિજય મેળવે.

૩. **સૂત્રભાવનાથી :** સૂત્રને પોતાના નામની જેમ અતિપરિચિત કરે. તેના પાઠથી કાળમાન જાણી લે.

૪. **એકત્વભાવનાથી :** સાવ એકાન્તમાં રહી શકાય તેવો યત્નો કરે. શરીર ઉપરનું પણ મમત્વ તોડી નાંખે.

૫. **બળભાવનાથી :** શરીર-મનનું બળ કેળવે. છેવટે ગમે તેવા પરિષહમાં આત્માને તે બાધ ન જ પહોંચવા દે.

આ પાંચ ભાવનાથી ભાવિત થયેલા જિનકલ્પી જેવા બનેલા એ મહાત્મા ગચ્છમાં રહીને જ ઉપધિ અને આહારની પરિકર્મણા કરે. (યોગ્યતા કેળવે)

પછી સકળ સંઘને ભેગો કરી, સહુને ખમાવી, સ્વસ્થાને સ્થાપેલા આચાર્યને હિતશિક્ષા આપી શ્રી તીર્થંકર દેવની હાજરી હોય તો તેમની પાસે અથવા શ્રી ગણધરની પાસે, અથવા ૧૪ પૂર્વી પાસે, તેમના પણ અભાવે ૧૦ પૂર્વી પાસે, છેવટે અશોક વગેરે ઉત્તમ વૃક્ષ નીચે જિનકલ્પ સ્વીકારે.

પૂર્વોક્ત દશધા (ચક્રવાલ) સમાચારીમાંથી એક મતે, આવશ્યિકી, નૈષેધિકી, મિચ્છાકાર, ગૃહસ્થને પૂછવા રૂપ પૃચ્છા અને ગૃહસ્થની ઉપસમ્પદા એ પાંચ જ હોય, અન્ય મતે આવશ્યિકી, નૈષેધિકી અને ગૃહસ્થોપસમ્પદા એ ત્રણ જ હોય. (તેમના મતે સામાન્યતઃ ગૃહસ્થને પૃચ્છા સંભવિત નથી કેમ કે જિનકલ્પી આરામ–ઉદ્યાનમાં જ રહેતા હોય છે.)

સ્થવિરકલ્પી અને જિનકલ્પીના સાધના જીવનના વિવિધ પાસાંનું સ્વરૂપ જણાવતાં ૨૭–૨૭ દ્વારો કહ્યાં છે તેનું વર્ણન ગ્રન્થાન્તરથી જોઈ લેવું.

૨. પરિહારવિશુદ્ધિ : (નિરપેક્ષ યતિધર્મ)

આ ચારિત્રવાળા બે પ્રકારે હોય છે.

૧ નિર્વિશમાન : વિવક્ષિત તપ કરતા સાધુ.

૨. નિર્વિષ્ટકાયિક : વિવક્ષિત કલ્પના અનુસારે અમુક તપ પૂર્ણ કરી ચૂકેલા.

આ કલ્પવાળાઓનો સમુદાય ૯ સાધુનો હોય. તેમાં ૪ તપ કરનારા, ૪ તપસ્વીની વૈયાવચ્ચ કરનાર અને ૧ વાચનાચાર્ય બને. નવે ય શ્રુતના અતિશયવાળા હોવા છતાં આચાર એવો છે કે ૯માંથી ૧ વાચનાચાર્ય બનીને બધાને વાચના આપે.

આ કલ્પ ૧૮ માસનો હોય છે. ૧ લા ૬ માસ સુધી જેમણે તપ કર્યો તેઓ બીજા ૬ માસ વૈયાવચ્ચ કરનારા બને અને જેમણે વૈયાવચ્ચ કરી હતી તેઓ હવે તપસ્વી બને. વાચનાચાર્ય જે હોય તે જ ચાલુ રહે. કુલ બાર માસ પૂર્ણ થતાં જે વાચનાચાર્ય હોય તે આ કલ્પનો ૬ માસિક તપ કરે અને બાકીના આઠમાંથી એકને વાચનાચાર્ય સ્થાપે અને ૭ તપ કરનાર બાકી વાચનાચાર્યની વૈયાવચ્ચ કરે.

અહીં તપ ૩ પ્રકારે છે: જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ.

| | જ.થી | મ.થી. | ઉ.થી | |
|---|---|---|---|---|
| ઉનાળામાં | ૧ | ૨ | ૩ | ઉપવાસ |
| શીતકાળમાં | ૨ | ૩ | ૪ | ,, |
| વર્ષાકાળે | ૩ | ૪ | ૫ | ,, |

કરવાના હોય છે. પારણે ત્રણે ય કાળે આયંબિલ કરવાનું હોય છે. ભિક્ષા-ગ્રહણ ૭ એષણા પૈકી છેલ્લી પાંચમાંથી કોઈ બેનો અભિગ્રહ કરી એકથી આહાર અને બીજાથી પાણી લે. આ તપ કલ્પ કરનારા માટે સમજવો. ૯ માંથી જે પાંચ તપ ન કરી રહ્યા હોય તે વખતે તેમને બધાને નિત્ય આયંબિલ કરે.

આ રીતે ૧૮ માસ પૂર્ણ થતાં પુનઃ તે કલ્પ સ્વીકારે અથવા તો પાછા ગચ્છમાં ભળી જાય.

આ ચારિત્રવાળા બે પ્રકારના હોય (૧) અમુક કાળ સુધી આચારિત્ર પાળનારા (ઇત્વરિક), (૨) યાવજ્જીવ સુધી કલ્પ પાળનારા (યાવત્કથિક) તેમાં કલ્પ પૂર્ણ થતાં (૧૮ માસે) પુનઃ એ જ કલ્પ સ્વીકારે કે ગચ્છમાં આવે તેમને ઇત્વરિક કહેવાય અને ૧૮ માસનો કલ્પ પૂર્ણ થતાં જિનકલ્પ સ્વીકારે તે યાવત્કથિક કહેવાય.

આ કલ્પ તીર્થંકર દેવની સમીપે અથવા જેમણે તીર્થંકર દેવની સમીપ આ કલ્પ સ્વીકાર્યો હોય તેમની સમીપે જ સ્વીકારાય. બીજાની સમીપે નહિ.

આ કલ્પની પ્રરૂપણા માટે ૨૦ દ્વાર કહ્યાં છે તે ધર્મસંગ્રહાદિ ગ્રન્થથી જોઈ લેવા.

૩. યથાલિન્દક-(નિરપેક્ષ યતિધર્મ)

લન્દ એટલે કાળ.

જ.થી-પાણીમાં ભીંજાએલો હાથ સુકાઈ જાય તેટલો.

ઉ.થી-પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ.

મ.થી-જ. અને ઉ.ની વચ્ચેનો બધો કાળ.

અહીં ઉત્કૃષ્ટ યથાલન્દ પાંચ અહોરાત્રિનું થાય છે. કેમ કે આ કલ્પમાં તેનો જ ઉપયોગ કરવાનો છે. એમાં એ કારણ છે કે શાસ્ત્રોક્ત ભિક્ષા વીથિ (ક્રમ) થી ભિક્ષા લેવા માટે તે પાંચ રાત્રિ દિવસ સુધી જ રહે છે. માટે વિવક્ષિત યથાલન્દ કાળ પૂર્ણ થતાં તેઓ યથાલન્દિક બને છે.

આ કલ્પ પાંચ પુરુષોના સમુદાયવાળો હોય છે. કહ્યું છે કે, એક વીથિમાં ૫ અહોરાત્ર ભિક્ષાર્થે ફરતા હોવાથી ઉત્કૃષ્ટ યથાલન્દ ૫ દિવસનો જ થાય અને ૫ પુરુષની જ થાય. યથાલન્દિકોની સર્વ મર્યાદા જિનકલ્પી તુલ્ય જાણવી. માત્ર સૂત્ર-ભિક્ષા અને માસકલ્પમાં જ ભિન્નતા છે.

યથાલન્દિકો બે પ્રકારના હોય છે ગચ્છ-પ્રતિબદ્ધ અને ગચ્છ-અતિબદ્ધ. પ્રત્યેક જિન-સ્થવિર એમ બે બે પ્રકારે હોય છે. યથાલન્દ કલ્પ પછી જિનકલ્પ સ્વીકારે તે જિન અને ગચ્છનો આશ્રય લે તે સ્થવિર જાણવા.

જેને અર્થજ્ઞાન દેશથી બાકી હોય તે, તેને પૂર્ણ કરવા ગચ્છનો આશ્રય લે, બીજા જિનકલ્પિક બને.

અર્થગ્રહણ બાકી રહેલું હોય અને કલ્પ સ્વીકારવા માટેનું શુભ-મુહૂર્ત આવી જતું હોય અને બીજું શુભ મુહૂર્ત જલદી ન આવતું હોય તો સમ્પૂર્ણ સૂત્રાર્થ ગ્રહણ કર્યા વિના પણ તે કલ્પનો સ્વીકાર કરે. અને પછી ગુરુ રહેતા હોય તે ક્ષેત્રની બહાર જઇને રહે, ત્યાં રહીને જ ગુરુ અર્થજ્ઞાન આપે. આ અંગેનો વિસ્તર-વિધિ પ્રવચન વસ્તુ (૧૫૪૨)માંથી જોઈ લેવો. જે ક્ષેત્રમાં આ કલ્પવાળા રહે તે ક્ષેત્રની છ શેરીની કલ્પના કરીને એકેકી શેરીમાં પાંચ પાંચ દિવસ ભિક્ષાર્થે ફરતા ૧ માસ પૂર્ણ કરે. જ્યાંથી ભિક્ષા લે તે જ

શેરીમાં પાંચ દિવસ રહે. બહુ મોટું ગામ ન હોય તો નજીકના ૬ ગામોમાં ૫-૫ દિવસ કરીને માસકલ્પ પૂર્ણ કરે.

ગચ્છપ્રતિબદ્ધ યથાલન્દિક હોય તેને પોતાના સ્થાનથી ૫ કોસ (એક યોજન) સુધી આચાર્યનો અવગ્રહ ગણાય; અર્થાત્ ત્યાંથી મળતી વસ્તુ આચાર્યની ગણાય. જ્યારે ગચ્છ-અપ્રતિબદ્ધને તો જિનકલ્પીની જેમ ક્ષેત્રાવગ્રહ હોય જ નહિ.

અહીં નિરપેક્ષ યતિધર્મનું સંક્ષિપ્ત વર્ણન પૂરું થાય છે.

મૂલ્ય રૂા. ૨૦-૦૦